વેદનું રહસ્ય

ભાગ બીજો

શ્રી અરવિન્દ

શ્રી અરવિંદ સાહિત્ય સંગ્રહ . ગ્રન્થ ૧૦

વેદનું રહસ્ય

ભાગ બીજો

(The Secret of the Veda)

શ્રી અરવિંદ

શ્રી અરવિંદ સોસાયટી . પોંડિચેરી - ૨

૧૯૭૪

અનુવાદક
શાંતિલાલ ઠાકર

પ્રથમ સંસ્કરણ—૧૯૭૪

મૂલ્ય રૂ. ૨૩.૦૦ Price Rs. 23.00

મુખ્ય વિક્રેતા : શ્રી અરવિંદ બુકસ ડિસ્ટ્રિબ્યુશન એજન્સી
શ્રી અરવિંદ આશ્રમ
પોંડિચેરી - ૨

© શ્રી અરવિંદ આશ્રમ ટ્રસ્ટ, પોંડિચેરી-૨—૧૯૭૪

પ્રકાશક : શ્રી અરવિંદ સોસાયટી, પોંડિચેરી - ૨
મુદ્રક : રાજરતન પ્રેસ, રખિયાલ રોડ, અમદાવાદ - ૨૧

અનુક્રમ

અત્રિઓનાં સૂકતો

ભૂમિકા ૩
અગ્નિ, દિવ્ય સંકલ્પ-શકિત ૧૦
પ્રાત:સ્તવન સૂકત ૧૬
દિવ્ય શકિતની નિર્મુકિતનું સૂકત ૨૦
પરમ કલ્યાણનો વિજેતા, દિવ્ય શકિત ૨૪
દિવ્ય સંકલ્પ-શકિત—પુરોહિત, યોદ્ધો, અમારી યાત્રાનો નેતા ૨૮
દેવોના આવાહનનું સૂકત ૩૨
યાત્રાની ભડભડતી જવાળા-શકિતઓ ૩૫
દિવ્ય સંકલ્પ-શકિત—કામના કરનાર, ઉપભોગ કરનાર, પશુથી માંડીને આનંદ તથા જ્ઞાન સુધી વિકાસ સાધનાર ૩૯
વૈશ્વિક પરિપૂર્ણતા લાવનાર, દિવ્ય સંકલ્પ-શકિત ૪૩
પશુમાંથી મનમાં આરોહણ કરતી, દિવ્ય સંકલ્પ-શકિત ૪૬
સિદ્ધિ પામનાર ભવ્ય આત્માઓનું સૂકત ૪૯
દિવ્ય પુરોહિત અને યજ્ઞની જવાળાનું સૂકત ૫૨
મનુષ્યની સત્ય તરફની અભીપ્સાનું સૂકત ૫૪
દિવ્ય સંકલ્પ-શકિતની સ્વીકૃતિ-સ્તુતિ ૫૭
પ્રકાશના તથા ઋતના શોધકની સ્તુતિ ૫૯
દિવ્ય ધારણ કરનારનું અને વિજેતાનું સૂકત ૬૧
સર્વ અભીષ્ટ કલ્યાણને લાવનારની સ્તુતિ ૬૩
વિશાળતા અને આખરી અભીપ્સાનું સૂકત ૬૫
પ્રાચુર્યના સ્વામીઓનું સૂકત ૬૭
આવિષ્કારક કિરણનું અને વિજયી સંકલ્પ-શકિતનું સૂકત ૭૦
કાર્ય તથા સિદ્ધિનું સૂકત ૭૨
માનવતામાં રહેલી દિવ્ય જવાળાનું સૂકત ૭૪
પરિપૂર્ણ આનંદ પ્રત્યે યાત્રાનું સૂકત ૭૬
સમૃદ્ધ અને વિજયશીલ આત્માનું સૂકત ૭૮
મુકિત આપનારનું તથા રક્ષકનું સૂકત ૮૦
પ્રકાશના સ્વામીનું અને દેવત્વને સર્જનારનું સૂકત ૮૧
યજ્ઞમય જવાળાનું અને પુરોહિતનું સૂકત ૮૪
બળ તથા પ્રકાશનું સૂકત ૮૬
ઊર્ધ્વ-પ્રજ્વલિત જવાળાનું અમરતાના સ્વામીનું સૂકત ૮૯

પ્રકાશના રક્ષકો

સૂર્ય, પ્રકાશ અને ઋષિ	૯૧
દિવ્ય ઉષા	૯૮
પૂષા, વૃદ્ધિ કરનાર	૧૦૩
સવિતૃ સ્રષ્ટા	૧૦૬
ચાર સમ્રાટો	૧૦૮
વરુણ	૧૧૭
મિત્ર	૧૨૫
અર્યમા	૧૩૦
ભગ	૧૩૩

પ્રકાશના સ્વામીઓનાં સૂકતો

ઋતના તથા આનંદના, હજાર સ્તંભોવાળા, ઘરના સ્વામીઓ	૧૩૫
વૃષ્ટિને આપનાર દેવો	૧૩૯
આનંદપૂર્ણ ઘર પ્રત્યેના નેતાઓ	૧૪૨
યાત્રાના સ્વામીઓ	૧૪૫
સ્વરાજયના દાતાઓ	૧૪૭
બે ધારણ કરનારાઓ તથા રક્ષકો	૧૪૯
મહાન શકિતઓના સ્વામીઓ	૧૫૧
પ્રકાશયુકત લોકોનું ધારણ કરનાર દેવો	૧૫૩
અસ્તિત્વમાં વૃદ્ધિ કરનાર તથા મુકિતદાતા દેવો	૧૫૫
યજ્ઞ માટે આવાહન	૧૫૭

બીજાં સૂકતો

ઈન્દ્રની સ્તુતિ કરતું સૂકત ૧.૫	૧૬૧
ઈન્દ્ર સૂકત ૧.૭	૧૭૧
ઈન્દ્ર સૂકત ૧.૮	૧૭૩
ઈન્દ્ર સૂકત ૧.૯	૧૭૫
ઈન્દ્ર સૂકત ૧.૧૦	૧૭૭
ઈન્દ્ર સૂકત ૧.૧૧	૧૮૦
ઈન્દ્ર સૂકત ૮.૫૪	૧૫૯
ઈન્દ્ર સૂકત ૧૦.૫૪	૧૮૪
વૈદિક સૂકત ૧.૩	૧૮૬

વૈદિક સૂકત ૧.૧૫ ૧૮૯
બ્રહ્મણસ્પતિને સૂકત ૧.૧૮ ૧૯૧
ઉષાનું સૂકત ૫.૭૯ ૧૯૩
ઉષાનું સૂકત ૫.૮૦ ૧૯૬
સવિતૃનું સૂકત ૫.૮૧ ૧૯૮
વરુણ-સૂકત ૫.૫૮ ૨૦૦
વૈદિક સૂકત ૭.૬૦ ૨૦૫
રહસ્યમય સોમનો દેવ ૯.૪૨ ૨૦૮
વિચાર-દેવોનું સૂકત ૫.૫૨,૫૮ ૨૧૧
વેદનું અર્થ-ઘટન ૨૧૪
આર્ય ભાષાનાં ઉદ્‌ગમ સ્થાનો ૨૧૮

પરિશિષ્ટ

ઋગ્વેદની પ્રથમ ઋચા ૨૪૯
મધુચ્છદસ્‌ની ઋચાઓ ૨૬૭
વામદેવનાં અગ્નિ-સૂકતો ૨૭૨
મંડળ ૪, સૂકત ૭, મંત્રો ૧-૩ ૨૮૭
મહાન દેવ નિર્મુકત થયો છે ૨૯૭
શબ્દ-વ્યુત્પત્તિ ૩૦૯
મધુચ્છંદસ્‌ વૈશ્વામિત્ર ૩૧૧
મેધાતિથિ કણ્વ ૩૧૩
કણ્વ ઘૌર ૩૧૭
નોધસ્‌ ગૌતમ ૩૨૧
પરાશર શકત્ય ૩૨૩
કુત્સ આંગિરસ ૩૩૬
પરચ્છેપ દૈવોદાસિ ૩૪૧
દીર્ઘતમસ્‌ ઔચથ્ય ૩૪૫

વેદનું રહસ્ય

ભાગ બીજો

અત્રિઓનાં સૂક્તો

અગ્નિને ઉદ્દેશીને લખાયેલાં સૂક્તો (૫, ૧-૨૮) પાછળથી શ્રી અરવિંદ ફરી તપાસી ગયા હતા, અને તેમનો સમાવેશ, વેદની મૂળ ઋચાઓ સાથે, બીજા ગ્રંથમાં—ગૂઢ અગ્નિને ઉદ્દેશાયેલાં સૂક્તોમાં કરવામાં આવ્યો છે. અહીં 'આર્ય'માં પ્રગટ થયેલા મૂળ અનુવાદો જ આપવામાં આવ્યા છે, કારણ કે તેની સાથે આપેલી નોંધો બહુ મૂલ્યવાન છે.

ભૂમિકા

વેદનો અનુવાદ કરવો એ અશક્ય કામ હાથ ધરવા સમાન છે. પ્રાચીન ઋષિઓનાં સૂક્તોનો અક્ષરશઃ અનુવાદ કરવાથી તેમનો અર્થ અને આત્મા માર્યો જાય; સૂક્તોના સત્ય વિચારને ઉપલી સપાટી પર લાવવાના હેતુથી મુક્ત વિસ્તૃત સ્પષ્ટીકરણરૂપ અનુવાદ અનુવાદ ન રહે, પણ ભાષ્ય બની જાય. મેં વચલો મધ્યમ માર્ગ અપનાવવા પ્રયત્ન કર્યો છે; મૂળનાં વલણોને અનુસરતું મુક્ત, મુલાયમરૂપ, અને છતાં તેમાં એવી સમજૂતી આપતી પ્રયુક્તિઓ, કે જે વૈદિક સત્યના પ્રકાશને તેના રૂપકમય આવરણમાંથી બહાર આવવા માટે પૂરતી થઈ પડે.

વેદમાં આંતર રહસ્યમય રૂપકો છે, લગભગ આધ્યાત્મિક ફૉર્મ્યુલા છે, કે જેણે યજ્ઞવિધિપરક કાવ્યોનો અંચળો ઓઢયો છે, આંતર અર્થ માનસશાસ્ત્રીય, વૈશ્વિક, બિનઅંગત છે; બાહ્ય અર્થ અને રૂપકો ઉપર ઉપરથી જોનારને અસંસ્કૃત રીતે સ્થૂલ, અતિ નિકટતાપૂર્વક અંગત, શિથિલતાપૂર્વક આકસ્મિક અને ઉલ્લેખપૂર્ણ લાગે, કારણ કે ઋષિઓનો હેતુ દીક્ષિતો આગળ આંતર અર્થ પ્રત્યક્ષ કરવાનો અને અશિક્ષિતો આગળ તેને સંતાડી રાખવાનો હતો. આ શિથિલ બાહ્ય અંચળાને વૈદિક કવિઓ કેટલીક વાર કાળજીપૂર્વક સ્પષ્ટ અને સુસંગત રૂપ આપે છે, કે જે તેમના અર્થના પરિશ્રમ સાધ્ય, આંતર આત્મા કરતાં તદ્દન ભિન્ન છે; ત્યારે તેમની ભાષા ગૂઢ સત્યોને માટે ચતુરાઈપૂર્વક ગૂંથેલો બુરખો બની જાય છે. ઘણી વાર તેઓ તે બુરખાની બાબત બેદરકાર હોય છે, અને જ્યારે તેઓ એ રીતે પોતાના સાધન તરફ ઉપેક્ષા સેવે છે, ત્યારે અક્ષરશઃ બાહ્ય ઢબનો અનુવાદ શૂદ્ર, અસંબદ્ધ વાક્યોની પરંપરારૂપ, અદીક્ષિત બુદ્ધિ માટે અપરિચિત અને દૂરના વિચાર-વાણીના સ્વરૂપવાળો બની જાય. જ્યારે રૂપકો તથા અલંકારોને તેમના ગૂઢ પર્યાયો સૂચવવા માટે સમુચિત અનુવાદ કરવામાં આવે, ત્યારે જ અસ્પષ્ટતામાંથી પારદર્શક અને કડીબદ્ધ, જો કે સુઘટિત અને સૂક્ષ્મ, આધ્યાત્મિક—માનસશાસ્ત્રીય—ધાર્મિક વિચારોનો ક્રમ પ્રગટ કરી શકાય.

અક્ષરશઃ અનુવાદ કરીને, તેમાંના શબ્દોને તથા વિચારના ગૂઢ સંદેશને સમજાવવા માટે ભાષ્યનાં પાને પાનાં પાછળ ઉમેરવાનું શક્ય હતું. પણ એ

રીત બોજારૂપ, માત્ર પંડિતને અને કાળજીવાળા અભ્યાસીને જ ઉપયોગી થાત. અર્થનું એવું કોઈ સ્વરૂપ જરૂરી હતું, કે જેમાં બુદ્ધિને પોતાના વિષય ઉપર અટકાવવાની—વિચારવાની એટલી જ ફરજ પડે, કે જે તે ગૂઢવાદી અલંકારમય કવિતા માટે આવશ્યક હતી. તેવું સ્વરૂપ પ્રગટ કરવા માટે માત્ર સંસ્કૃતનો અંગ્રેજીમાં અનુવાદ થાય એટલું જ બસ હતું, ઘણી વાર, અર્થપૂર્ણ નામ, રૂઢિપ્રાપ્ત અલંકાર, રૂપકમય ઉકિતને સમજી શકાય તેવો છાયાનુવાદ કરવો જરૂરી હતું.

જો વૈદિક ઋષિઓએ વાપરેલાં દૃશ્યો એવાં હોત કે આધુનિક મન તેમને સમજી શકે, જો યજ્ઞનાં રૂપકો આપણને પરિચિત હોત, જો વૈદિક દેવોનાં નામ—જેમ ગ્રીક અથવા લૅટિન દેવો, એફ્રોડાઈટ અથવા એરિસ, વિનસ અથવા મિનર્વા સંસ્કારી યુરોપીય મન વડે સમજી શકાય તેવા અર્થને વ્યકત કરે છે તેમ—તેમના માનસશાસ્ત્રીય અર્થ આપણા મનમાં પ્રગટ કરી શકતાં હોત, તો સમજૂતી આપે તેવો અનુવાદ કરવાની પ્રયુકિતનો ઉપયોગ કરવાની જરૂર ન પડત. પણ ભારતીય સાહિત્યે તથા ધર્મે તદ્દન જુદો જ વળાંક લીધો, કે જે પશ્ચિમની સંસ્કૃતિએ લીધેલા વળાંક કરતાં તદ્દન જુદા પ્રકારનો હતો. વૈદિક દેવોનાં નામોની જગ્યાએ બીજાં જ નામો આવી ગયાં, અથવા તો તે નામોમાં માત્ર બાહ્ય અથવા ન્યૂન અર્થ જ અવશિષ્ટ રહ્યો; વૈદિક યજ્ઞવિધિ લગભગ ભૂંસાઈ ગયો અથવા તો તેનો ગહન રૂપકમય અર્થ ચાલ્યો ગયો, વૈદિક સમયના આર્ય કવિઓનાં આહીરી, યુદ્ધવિષયક અથવા ગ્રામીણ દૃશ્યો અત્યારે દૂર-સુદૂરનાં, અને સ્વાભાવિક તથા મનોહર હોવા છતાં, તેમના અત્યારના વંશજોને, અયુકત, તેમની જૂની ગહનતર અર્થવત્તાથી રહિત ભાસે છે. પ્રાચીન ઉષાનાં ભવ્ય સૂકતો સમક્ષ આપણને આપણામાં જડ અબોધતાનું ભાન થાય છે; અને જ્યાં પ્રાચીન લોકો પોતાના આત્માને સંવાદમાં તથા પ્રકાશમાં સ્નાન કરાવતા હતા, ત્યાં આપણને તે સૂકતોને કુશળ પંડિતો માટે શિકાર રૂપે મૂકી દેવાં પડે છે, અને તેઓ તેમની અસ્પષ્ટતાઓમાંથી તથા અસંગતતામાંથી મારી-મચડીને મનગમતો અર્થ કાઢે તેવી સ્થિતિમાં અટવાવું પડે છે.

તે ખાઈ કેવી રીતે સર્જાઈ અને તે કેવા પ્રકારની છે, તે બતાવવા માટે હું કેટલાક દાખલા આપીશ. જ્યારે આપણે એક રૂઢિગત પણ સર્વસ્વીકૃત ભાષા-પ્રયોગ કરીએ છીએ કે લક્ષ્મી અને સરસ્વતી એક જ ઘરમાં રહેતી નથી, ત્યારે યુરોપીય વાચકને તે વિચારના સીધા સાદા અનુવાદ પાછળ એક ટિપ્પણીની જરૂર પડે કે ધન અને વિદ્યા ભાગ્યે જ એકસાથે નજરે પડે છે; પણ દરેક ભારતીયને તો તે ભાષાપ્રયોગ તદ્દન સુબોધ હોય છે. પણ જો પૌરાણિક અને બ્રાહ્મણીય સંસ્કૃતિ અને ધર્મની જગ્યાએ કોઈ બીજી સંસ્કૃતિ આવી ગઈ હોત,

અને પ્રાચીન પુસ્તકો તથા સંસ્કૃત સાહિત્ય વંચાતાં અને સમજાતાં બંધ થઈ ગયાં હોત, તો આ ભાષાપ્રયોગ યુરોપની પેઠે ભારતમાં પણ અર્થ-વિહીન બની ગયો હોત. કોઈ ચતુર ભાષ્યકાર અથવા કુશળ પંડિત આપણને સંતોષ મળે તે રીતે એવું પણ સાબિત કરત, કે લક્ષ્મી ઉષા છે, અને સરસ્વતી રાત્રિ છે, અથવા તો તે બે પરસ્પરથી વિરુદ્ધ, રાસાયણિક દ્રવ્યો છે, અથવા બીજો પણ કોઈ કલ્પનાનો ગબારો ચઢાવ્યો હોત ! વેદની પ્રાચીન સ્પષ્ટતાઓ બાબતમાં કાંઈક એવું જ બન્યું છે; અર્થ મરી પરવાર્યો છે; અને માત્ર ભુલાઈ ગયેલા, કાવ્યમય સ્વરૂપની અસ્પષ્ટતા અવશિષ્ટ રહી છે. એટલે જ્યારે આપણે વાંચીએ છીએ કે ઋતના માર્ગો સરમા ગાયોને શોધી કાઢે છે, ત્યારે આપણું મન અપરિચિત ભાષાને લીધે ગૂંચવાડામાં પડી જાય છે, અટકી પડે છે; સરસ્વતી—લક્ષ્મીના ભાષાપ્રયોગની પેઠે, યુરોપીય મન માટે, આપણે તેનો વધારે સાદો-સીધો અને રૂપક વગરનો અનુવાદ કરવો પડે છે કે સત્યના માર્ગે આંતર-પ્રેરણાએ ગૂઢ પ્રકાશોને પ્રાપ્ત કર્યા. જો અર્થની ચાવી પ્રાપ્ત ન થાય, તો આપણે ઉષા માટે, સૂર્ય માટે કોઈ કલ્પનામય સંશોધન કરવું પડે, અથવા દેવોની કૂતરી સરમાને કોઈ પુરાણશાસ્ત્રીય મૂર્તિકરણ આપવું પડે કે તે લૂંટાયેલાં પશુઓને પાછાં મેળવવા માટે આર્યોએ દ્રાવિડિયનો પાસે મોકલેલી; પ્રાગૈતિ-હાસિક દૂતી હતી!

સમગ્ર વેદ આવાં રૂપકોથી ભરપૂર છે. પરિણામે આપણી બુદ્ધિ માટે આશ્ચર્યજનક ગૂંચવાડો અને અસ્પષ્ટતા પેદા થાય છે; અને તેથી સૂકતોનો અનુવાદ સમજૂતીયુકત ન હોય, તો તે કેટલો અર્થવિહીન બની જાય, તે સમજી શકાય તેવું છે. એક અર્થસભર ઋચામાં આવે છે કે ઉષા અને રાત્રિ, ભિન્ન ભિન્ન રૂપોવાળી પણ એક મનવાળી બે બહેનો, એક જ દિવ્ય શિશુને ધવરાવે છે. આમાં આપણને કશી જ સમજ પડતી નથી. ઉષા અને રાત્રિ જુદાં જુદાં રૂપોવાળી ખરી, પણ એક જ મનવાળી શા માટે? અને તે શિશુ કોણ છે? જો તે અગ્નિ હોય, તો ઉષા અને રાત્રિ વારાફરતી બાળ અગ્નિને ધવરાવે છે, તેનો શો અર્થ ? પણ વૈદિક ઋષિ ભૌતિક રાત્રિની, ભૌતિક ઉષાની, ભૌતિક અગ્નિની વાત નથી કરતા. તે તો પોતાની આધ્યાત્મિક અનુભૂતિમાં આવતા ભવ્ય સોનેરી પ્રકાશના ગાળા તથા અસ્પષ્ટતાના—સામાન્ય અપ્રકાશિત ચેતનામાં સરી પડવાના ગાળા—એક પછી એક આવે છે અને જાય છે તેની, અને આ બધી કટોકટી-ઓમાંથી પસાર થઈને, તે કટોકટીઓ વડે પ્રાપ્ત થતા બળને લીધે, શિશુના બળની વૃદ્ધિ થાય છે—તેનામાં દિવ્ય જીવન આગળ ધપે છે, તેની વાત કરી રહ્યા છે. કારણ કે તે બંને સ્થિતિઓમાં, પ્રગટ અથવા તો ગૂઢ, એક જ દિવ્ય આશય અને એક જ ઊર્ધ્વમાં જવા મથતો પ્રયાસ કાર્ય કરી રહ્યા છે. આમ વૈદિક

મનને જે રૂપક સ્પષ્ટ, તેજોમય, સૂક્ષ્મ, ગહન, ધ્યાનપાત્ર હતું; તે આપણને અર્થશૂન્ય, અસંગત અર્થવાળું લાગે છે, અને તેથી આપણને લાગે છે કે ઋષિની આ સાહિત્યિક કારીગરી-કસબ દેખાડો કરતો, ફૂલી ગયેલો, ભૂલભરેલો અને અયુકત ભાસે છે.

તે જ રીતે જ્યારે અત્રિકૂળનો ઋષિ અગ્નિને સંબોધે છે કે હે અગ્નિ, આહુતિના પુરોહિત, અમારા પાશોને મુકત કર, ત્યારે તે માત્ર સ્વાભાવિક નહિ, પણ સમૃદ્ધ રૂપકનો પ્રયોગ કરે છે. તે પુરુષના વિશ્વ-યજ્ઞમાં, મન-પ્રાણ-શરીરના ત્રણ પાશો વડે બંધાયેલા, બલિરૂપ આત્માનો વિચાર કરે છે; તે દિવ્ય, પોતાનામાં જાગૃત બનીને કામ કરતી, અગ્નિમય, અપ્રતિઘર્ષ્ય, અગ્નિ દેવની સંકલ્પ શકિતનો વિચાર કરે છે, કે જે તેનામાં રહેલા, ચગદાયેલા દેવત્વને ઊર્ધ્વમાં લઈ જશે, અને બંધનના પાશોને કાપી નાખશે; તે વૃદ્ધિ પામતી આંતરજ્વાળાનો વિચાર કરે છે, કે જે તેને અર્પણ કરવાની બધી વસ્તુઓનો સ્વીકાર કરીને, તેના દૂર દૂરના મુશ્કેલ ઘરમાં લઈ જશે, પરમ ધામવાળા ઋતને, દૂર સુદૂરના, નિગૂઢ, પરમ તત્વને પ્રાપ્ત કરાવશે. તે બધાં અર્થસાહચર્યો આપણે ગુમાવી બેઠા છીએ; આપણાં મન ઉપર યજ્ઞના વિધિએ તથા ભૌતિક પાશોએ પકડ જમાવી છે. આપણે એવી કલ્પના કરીએ છીએ કે કદાચ અત્રિ વંશના તે પુત્રને, કોઈ પ્રાચીન જંગલી યજ્ઞમાં, બલિ આપવા માટે દોરડાં વડે બાંધવામાં આવ્યો હશે, અને શારીરિક મુકિત માટે તે અગ્નિદેવને પોકારી રહ્યો છે.

પછીની ઋચાઓમાં તે ઋષિ વૃદ્ધિ પામતી જ્વાળા માટે ગાય છે કે અગ્નિ વિશાળ પ્રકાશ વડે પ્રજ્વલિત થયો છે; અને પોતાના મહિમા વડે બધી વસ્તુઓને પ્રગટ કરે છે. આનો આપણે શો અર્થ કરીશું ? શું આપણે એમ સમજવું કે ગમે તે પ્રકારે ઋષિને પાશોમાંથી મુકત કરવામાં આવ્યો, અને તે શાન્તિપૂર્વક યજ્ઞના અગ્નિની મહાન જ્વાળાની પ્રશંસા કરે છે કે જ્વાળા તેને ભરખી જવાની હતી, અને તેવા પ્રાથમિક દશાના મનનાં ઝડપી પરિવર્તનોથી આપણે આશ્ચર્યચકિત બનવું ? જ્યારે આપણે શોધી કાઢીશું કે ગૂઢવાદી ઋષિઓની ભાષામાં 'વિશાળ પ્રકાશ' એ નિશ્ચિત શબ્દપ્રયોગ હતો, અને તેનો અર્થ 'મનની પારની, મુકત, પ્રકાશયુકત ચેતના' છે, ત્યારે જ આપણને તે ઋચાનો મર્મ સમજમાં આવશે. ઋષિ પોતાનાં મન-પ્રાણ-શરીરના ત્રિવિધ પાશોમાંથી મુકિત વિષે, તેનામાં ઉદય પામેલાં જ્ઞાન તથા સંકલ્પશકિત વિષે ગાય છે, કે જે તેને એવી ચેતનાની ભૂમિકામાં લઈ જાય છે, કે જ્યાં બધી વસ્તુઓના દેખીતા સત્યની પેલે પારનું, સાચું, સત્ય છેવટે વિશાળ પ્રકાશ રૂપે પ્રગટ થાય છે.

પણ આપણે આ ગહન, સ્વાભાવિક, આંતરિક અર્થને, બીજાઓના મન

સમક્ષ, અનુવાદમાં કેવી રીતે પ્રગટ કરીશું? તે તો સમજૂતી સહિત અનુવાદ કરવાથી જ બની શકે—હે સંકલ્પશકિત, અમારા યજ્ઞના પુરોહિત, અમારા પાશોમાંથી અમને મુકત કર; અને બીજી ઋચાનો અનુવાદ—આ જવાળા ઋતના વિશાળ પ્રકાશથી પ્રકાશે છે અને તેના મહિમા વડે બધી વસ્તુઓને પ્રગટ કરે છે. એમ કરવાથી, વાચક પાશનો, પ્રકાશનો, જવાળાનો આંતરિક—આધ્યાત્મિક અર્થ સમજી શકશે; આ પ્રાચીન ગાનનો અર્થ તથા આત્મા તે કંઈક અંશમાં પકડી શકશે.

આ દાખલાઓ પરથી મેં જે અનુવાદની પદ્ધતિ સ્વીકારી છે, તેનો ખ્યાલ આવશે. મેં કેટલીક વાર રૂપકને જતું કર્યું છે, પણ તે એવી રીતે નહિ કે બાહ્ય રૂપકની સારી રચના પડી ભાગે અથવા અનુવાદ ભાષ્ય બની જાય. વૈદિક વિચારના સમૃદ્ધ રત્નોવાળા ઝભ્ભામાંથી તેનાં ભવ્ય—સુંદર આભૂષણો ઉતારી લેવાં, અથવા તેને બદલે સામાન્ય ભાષાનું ગ્રામ્ય કપડું મૂકી આપવું, એ તો અનિષ્ટ અત્યાચાર ગણાય. પણ તેને સર્વત્ર બને તેટલું પારદર્શક બનાવવા પ્રયત્ન કર્યો છે. મેં દેવોનાં, રાજાઓનાં, ઋષિઓનાં અર્થપૂર્ણ નામોનો ખ્યાલ અર્ધ-નિગૂઢ અર્થો વડે આપવા પ્રયત્ન કર્યો છે; નહિ તો બુરખો અભેદ્ય જ રહેત. જ્યાં રૂપક મહત્ત્વનું ન હતું. ત્યાં મેં તેનો માનસશાસ્ત્રીય પર્યાય મૂકીને તેને જતું કર્યું છે, જ્યાં તે આસપાસના શબ્દોને પોતાને રંગે રંગતું, ત્યાં મેં એવો શબ્દ-પ્રયોગ અનુવાદમાં કર્યો છે કે જેથી અર્થની રૂપમયતા જળવાય અને અર્થની સમગ્ર જટિલતા પ્રગટ કરી શકાય. કેટલીક વાર મેં દ્વિઅર્થી અનુવાદ કર્યો છે. આ રીતે વૈદિક ગો શબ્દ માટે મેં કેટલીક વાર સંયોગો અનુસાર, પ્રકાશ, તેજો, પ્રકાશયુકત ગાયો, ગાયોની માતા પ્રકાશ—એવા અનુવાદો કર્યા છે. વેદના સોમનો—અમૃતત્વના રસનો અનુવાદ મેં આનંદનો રસ અમૃતત્વનો રસ—એમ કર્યો છે.

એકંદરે જોતાં, વૈદિક ભાષા એક બળવાન અને નોંધપાત્ર વાહન છે; તે સ્વલ્પાક્ષરી, ગ્રંથિમય, શકિતશાળી, અર્થ-સઘન છે; તેના વળાંકો મનમાંના વિચારના સ્વાભાવિક ઉડ્ડયનને અનુસરવાની કાળજીવાળા છે, નહિ કે સરલ કાળજીભરી રચનાઓ તથા તર્કયુકત આલંકારિક વાકયરચનાનાં સ્પષ્ટ પરિવર્તનો માટે કાળજી રાખનારા. જો તેનો અંગ્રેજીમાં, ફેરફાર કર્યા સિવાય, અનુવાદ કરવામાં આવે, તો તેવી ભાષા કઠોર, આકસ્મિક, અસ્પષ્ટ, મૃતપ્રાય અને ભારેખમ ગતિવાળી બની જાય, તેમાં પ્રાતઃકાલની શકિત અને મૂળનું બળવાન પદ-ક્રમણ ન રહે. એટલે મેં અનુવાદમાં તેને અંગ્રેજી ભાષાને સ્વાભાવિક અને નમનીય ઘાટ આપ્યો છે; મૂળના વિચારની તર્કસરણિને જાળવી રાખતાં મેં તેને આધુનિક ભાષાને યોગ્ય રચનાઓમાં અને પ્રયુકિતઓમાં ઢાળ્યાં છે. વૈદિક શબ્દના શબ્દકોષમાંથી જડતા કોરાધાકડ પર્યાય-શબ્દને છોડી દેતાં હું ખચકાયો

નથી; જ્યાં જરૂર પડી ત્યાં મેં અંગ્રેજીમાં વિસ્તૃત શબ્દગુચ્છો વાપર્યા છે, જેથી અર્થ તથા સાહચર્યો પૂરેપૂરાં જળવાઈ રહે. મેં બધે જ મારા મૂળ હેતુને દૃષ્ટિ સમક્ષ રાખ્યો છે. અને તે એ કે આજની સંસ્કારી બુદ્ધિ સમક્ષ વેદના આંતર અર્થને ગ્રાહ્ય બનાવવો.

આ બધું કરવા છતાં, કેટલીક નોંધ-ટિપ્પણીની જરૂર તો રહી જ. પણ મેં અનુવાદ પર નોંધ-ટિપ્પણીના અતિભારને લાદવા પ્રયત્ન નથી કર્યો, લાંબાં લાંબાં સમજૂતી-વાકયો નથી આપ્યાં. મેં પાંડિત્ય-પ્રદર્શનને દૂર રાખવા કોશિશ કરી છે. વેદમાં ઘણા શબ્દોના બે અર્થ થાય છે, કેટલાક વાકય-ખંડોનો અર્થ કલ્પના વડે અથવા તત્કાલ પૂરતા જ નિશ્ચિત થઈ શકે તેવા છે, કેટલીક ઋચાઓના બે કે વધારે ભિન્ન ભિન્ન અર્થો નીકળી શકે એમ છે. પણ આ પ્રકારના અનુવાદમાં વિદ્વાનોની મુશ્કેલીઓને તથા સંદિગ્ધતાઓને સ્થાન ન હોઈ શકે. મેં શરૂઆતમાં વેદના મુખ્ય વિચારની રૂપરેખા આપી છે, જેથી વાકય સહેલાઈથી વેદના અર્થને સમજી શકે.

વાચકે વેદનાં સૂકતોના સામાન્ય અર્થ-વળાંકને તથા ઉપર ઉપરનાં સૂચનોને સમજવાની જ માત્ર આશા રાખવી જોઈએ. તેથી વધારે શકય નથી. ગૂઢવાદી સિદ્ધાંતના હૃદયમાં પ્રવેશ કરવા માટે, આપણે તે પ્રાચીન માર્ગો પર ચાલ્યા હોવા જોઈએ, અને વિસ્તૃત થઈ ગયેલી સાધનાને તથા અનુભૂતિને તાજી કરેલી હોવી જોઈએ. અને આપણામાંનો કોણ તે ઊંડાણપૂર્વક અથવા જીવંત શકિતથી કરવાની આશા સેવી શકે તેમ છે? આ કલિયુગમાં આપણા પૂર્વજોના પ્રકાશને ફરી પ્રાપ્ત કરવાનું, અથવા મન-શરીર રૂપી આકાશ-પૃથ્વીના બે મર્યાદા ઊભી કરનારા લોકોથી પાર, અનંત ઋતના પ્રકાશયુકત દ્યુલોકમાં ઉડ્ડયન કરવાનું બળ કોનામાં છે? ઋષિઓએ પોતાના જ્ઞાનને અયોગ્ય વ્યકિતઓથી સંતાડવાનું યોગ્ય માન્યું હતું. તેઓ માનતા કે શ્રેષ્ઠ વસ્તુનું ભ્રષ્ટીકરણ ખરાબમાં ખરાબ પરિણામ લાવી શકે; તેઓ નિર્બલ શિશુને જલદ સોમપાન કરાવતાં ડરતા હતા. તે ઋષિઓના આત્માઓ અત્યારે પણ આપણામાં વિચરે છે; તેઓ શોધી રહ્યા છે કે આ મર્ત્યો સૂર્યની પ્રકાશયુકત ગાયોને ઈન્દ્રિય-જીવનના સ્વામી પણિઓની અંધકારમય ગુફામાં જ સદા પુરાયેલી રાખવામાં સંતોષ માને છે? કે પછી તેઓ પોતાના પ્રકાશમય લોકમાં—મરુતો ઉગ્રતાપૂર્વક બહાર વિચરે, સરમા-સ્વર્ગની કૂતરી ફરી સ્વર્ગની નદીઓમાંથી આપણી પાસે દોડી આવે, સ્વર્ગીય નદીઓનાં જળો નિર્મૂક કરવામાં આવે, પણિઓની ગુફાઓને તોડીફોડી નાખવામાં આવે, અને માનવના શરીરમાં વજ્ર—નિર્ધાતો દ્વારા, અમૃતના સોમરસને વાટીને ફરી કાઢવામાં આવે, તે શુભ સમયની પ્રતીક્ષા કરી રહ્યા છે—એ રહસ્ય તો તે ઋષિઓ જ માત્ર જાણે. આ જમાનામાં બાહ્ય

જીવનની ક્ષણિક સંપત્તિઓના ચળકાટ આપણી આંખો આંજી નાખે છે, અને ભૌતિક તથા યાંત્રિક જ્ઞાનના વિજયી ભેરી નાદો આપણા કાનને બહેરા કરી મૂકે છે, ત્યારે ઘણા લોકો માત્ર બૌદ્ધિક તથા કલ્પનામય કુતૂહલથી કંઈક વધારે નજર તે ઋષિઓની પ્રાચીન સાધનાના રહસ્યમય શબ્દ ઉપર નાખે અથવા તેમની પ્રકાશમય રહસ્યમયતાના હૃદયને વીંધવાનો પ્રયાસ કરે, તેવો સંભવ ઓછો છે. વેદના રહસ્ય પરથી પડદો હટાવી દેવામાં આવશે, ત્યારે પણ તે રહસ્ય જ રહેવાનું.

અગ્નિ, દિવ્ય સંકલ્પશક્તિ

આ જાજવલ્યમાન દેવ અગ્નિનો શબ્દ એવા ધાતુમાંથી બન્યો છે, કે જેનો અર્થ ખૂબ શકિત અથવા ઉત્કટતા બતાવે છે—પછી તે સ્થિતિની, કાર્યની—સંવેદનાની કે ગતિની હોય. તે જલતી પ્રકાશમયતા સૂચવે છે, અને તેના પરથી અગ્નિનું નામ પડયું છે. ખાસ કરીને, તેનો અર્થ વળાંક લેતી, સર્પાકાર ગતિ છે; તેના અર્થો–બલ, શકિત, સૌન્દર્ય, તેજોમયતા, દોરવું તે, પ્રધાનતા છે; તેમાં કેટલાંક ઊર્મિમય મૂલ્યો પણ હતાં–જે સંસ્કૃતમાં લુપ્ત થયાં છે, પણ ગ્રીકમાં રહ્યાં છે–એક બાજુએ ક્રોધમય આવેગ, અને બીજી બાજુએ આનંદ અને પ્રેમ.

વૈદિક અગ્નિદેવ બધી શકિતઓમાં સૌથી પ્રથમ, મુખ્ય દેવ છે, અને તે વિશાળ, ગૂઢ પરમાત્મામાંથી પ્રગટ થયો છે. તે દેવની સચેતન શકિત વડે, લોકોનું સર્જન થયું છે, અને તે આંતરિક કાબૂ-નિયમન કરનાર, ગૂઢ અગ્નિ વડે અંદરથી તેમનું નિયમન થાય છે; અગ્નિ તે પરમ દેવનું રૂપ, શકિતશાળી ઉષ્મા પ્રજ્વલિત જવાળા છે; પ્રજ્વલિત જ્ઞાનની જવાળા તરીકે, તે લોકોનું સર્જન કરવા માટે અવતરે છે; અને અંદર બેઠેલા, નિગૂઢ દેવ તરીકે તે ગતિ તથા કાર્ય કરાવે છે, જેમ ચક્રની નાભિમાં બધી ધરીઓ–લાકડીઓ સમાઈ જાય છે, તેમ આ દિવ્ય સચેતન શકિતમાં બીજા બધા દેવોનો સમાવેશ થાય છે. ક્રિયાની બધી શકિતઓ, અસ્તિત્વનું બળ, રૂપનું સૌન્દર્ય, પ્રકાશની તેજોમયતા, જ્ઞાનનું તેજ, યશ, મહિમા અગ્નિના આવિર્ભાવો છે. જ્યારે જગતની વકતાઓના આવરણ-માંથી આ દેવ નિર્મુકત અને પરિપૂર્ણ થાય છે, ત્યારે આ જવાળાની તથા શકિતનો દેવ પ્રેમના–સંવાદના–પ્રકાશના દેવ તરીકે–સૂર્યરૂપ મિત્ર તરીકે પ્રગટ થાય છે, અને માણસોને ઋત તરફ દોરી જાય છે.

પણ વૈદિક વિશ્વમાં અગ્નિ પ્રથમ એક દિવ્ય શકિતના મુખ તરીકે દૃષ્ટિ-ગોચર થાય છે; તે પ્રકાશ અને ઉષ્માની પ્રજ્વલિત સંઘટ્ટ મૂર્તિરૂપ છે; તે રચના કરે છે, આકમણ કરે છે, પ્રવેશ કરે છે, આવરી લે છે, ભક્ષણ કરી જાય છે, અને

પદાર્થ દ્રવ્યની પુનર્રચના કરે છે. તે સામાન્ય અગ્નિ નથી; તેની જવાળાની શકિત દિવ્ય જ્ઞાનના પ્રકાશથી સભર ભરેલી હોય છે. અગ્નિ વિશ્વમાં દ્રષ્ટા-સંકલ્પ છે; તેનાં કાર્યોમાં તે કદી ભૂલ કરતો નથી. તે જે કાંઈ તેના આવેગમાં શકિત વડે કરે છે, તે બધાની દોરવણી તેની અંદર રહેલા, શાન્ત ઋતનો પ્રકાશ કરે છે. તે ઋતચેતનાથી યુકત આત્મા છે, ઋષિ છે, પુરોહિત છે, માનવમાં અમૃતત્વનું કાર્ય કરનારો કર્તા છે. જેના પર તે કાર્ય કરે છે તેને વિશુદ્ધ બનાવવાનું, પ્રકૃતિમાં સંઘર્ષ કરતા આત્માને અસ્પષ્ટમયતામાંથી પ્રકાશમાં, સંઘર્ષ તથા દુઃખમાંથી પ્રેમ અને આનંદમાં, ગરમી તથા પરિશ્રમમાંથી શાન્તિ અને આનંદમાં લઈ જવાનું, તેનું કાર્ય હોય છે. તે પરમાત્માની સંકલ્પશકિત, જ્ઞાનશકિત છે; પ્રકૃતિનો અને તેનાં રૂપોનો ગૂઢ નિવાસી, માનવનો દૃષ્ટિગોચર વહાલો અતિથિ, તે દેવ જગતનાં દેખીતાં સ્ખલનોમાં તથા ગૂંચવાડાઓમાં વસ્તુઓના ઋતના નિયમનું રક્ષણ કરે છે. બીજા દેવો ઉષાના આગમન સમયે જાગે છે, પણ અગ્નિ રાત્રિમાં પણ જાગે છે; જેમાં ચન્દ્ર કે તારાઓ નથી તેવા અંધકારમાં પણ તેની દિવ્ય દર્શના તેની પાસે રહે છે; દિવ્ય સંકલ્પની તથા જ્ઞાનની જવાળા અચેતન અથવા અર્ધચેતન વસ્તુઓની ગાઢ જડતામાં પણ દૃષ્ટિગોચર થાય છે. જ્યાં આપણને દોરવણી આપતા મનનો સચેતન પ્રકાશ નજરે નથી પડતો, ત્યાં પણ આ ભૂલચૂક વગર કાર્ય કરનાર દેવ હાજર હોય છે.

અગ્નિ સિવાય યજ્ઞ થઈ શકતો નથી. તે એકીસાથે વેદિમાં રહેલી જવાળા તથા આહુતિનો પુરોહિત છે. જ્યારે રાત્રિમાંથી જાગેલો માણસ પોતાની આંતર-બાહ્ય ક્રિયાઓને વધારે સાચા—ઉચ્ચતર અસ્તિત્વના દેવોને સમર્પિત કરવાની ઇચ્છા કરે છે, અને તે રીતે મર્ત્યતામાંથી પોતાના ઇચ્છિત લક્ષ્યરૂપ દૂર-સુદૂરની અમર્ત્યતાને પ્રાપ્ત કરવા માગે છે, ત્યારે તેણે આ અભીપ્સુ શકિતની તથા સંકલ્પની જવાળાને પ્રજ્વલિત કરવી પડે છે; તેણે આ અગ્નિમાં આહુતિઓ આપવી પડે છે. કારણ કે આ દેવ તે આહુતિઓ દેવોને પહોંચાડે છે અને બદલા-માં બધી આધ્યાત્મિક સમૃદ્ધિઓ—દિવ્ય જળો, પ્રકાશ, બળ, દ્યુલોકની વૃષ્ટિ લઈ આવે છે. આ દેવ, દેવોને બોલાવીને યજમાનને ઘેર લઈ જાય છે. માણસ અગ્નિને પોતાના આધ્યાત્મિક પ્રતિનિધિ તરીકે આગળ મૂકે છે (पुरोहित) તે માણસની શકિત કરતાં વધારે અચૂક કાર્ય કરતી મહાન સંકલ્પ શકિત છે, તે માણસના યજ્ઞનાં બધાં કાર્યો તેને માટે કરે છે; હોમદ્રવ્યોને વિશુદ્ધ કરે છે, દિવ્ય યજ્ઞમાં બોલાવેલા દેવોને તે હોમદ્રવ્યો અર્પણ કરે છે, યજ્ઞની યોગ્ય ઋતુને તથા ક્રમને નક્કી કરે છે, યજ્ઞના વિકાસક્રમને દોરવણી આપે છે. પ્રતીકમય યજ્ઞમાં જુદા જુદા પુરોહિતો જુદી જુદી ક્રિયાઓ કરે છે; પણ અગ્નિ તે બધાં કાર્યો કરી લે છે.

અગ્નિ યજ્ઞનો નેતા છે, મહાન યાત્રામાં તે યજ્ઞનું બધી અંધકારની

શકિતઓથી રક્ષણ કરે છે. આ દિવ્ય શકિતનાં જ્ઞાન તથા હેતુ તદ્દન વિશ્વાસ-પાત્ર છે; તે આત્માનો મિત્ર તથા પ્રેમી છે, અને અનિષ્ટ શકિતઓને તેને સોંપી દેવા રૂપ દગો કદી નહિ કરે. રાત્રિમાં દૂર-સુદૂર બેઠેલા, માનવી અજ્ઞાનથી વીંટળાયેલા માણસ માટે પણ આ જવાળા એક એવો પ્રકાશ છે કે જે એક વાર પ્રજ્વલિત થાય, તો તે જેમ જેમ ઊર્ધ્વમાં આરોહણ કરે છે, તેમ તેમ તે ઋતના વિશાળ પ્રકાશમાં વિસ્તૃત બનતો ચાલે છે. દિવ્ય ઉષાને મળવા માટે દ્યુલોકના ઊર્ધ્વમાં ગતિ કરતો, આ જાજ્વલ્યમાન દેવ પ્રાણિક અંતરિક્ષમાંથી તથા માનસિક આકાશમાંથી ઉપર ચઢી જાય છે, અને છેવટે દ્યુલોકના પ્રકાશમાં પ્રવેશ કરે છે, કે જે તેનું પોતાનું ઘર છે, જ્યાં સનાતન આનંદના પાયા રૂપ સનાતન ઋતમાં પ્રકાશયુકત અમરો તેમની સ્વર્ગીય સભામાં આનંદપૂર્વક બેસે છે અને અનંત આનંદના સોમરસનું પાન કરે છે.

એ વાત સાચી છે કે અહીં પ્રકાશ નિગૂઢ છે. બીજા દેવોની પેઠે, અગ્નિને અહીં વૈશ્વિક માતા-પિતાનો શિશુ કહેવામાં આવ્યો છે, આકાશ-પૃથ્વીનો, મન-શરીરનો, પુરુષ-પ્રકૃતિનો શિશુ વર્ણવવામાં આવ્યો છે. આ પૃથ્વી તેને પોતાની પાર્થિવતામાં સંતાડી રાખે છે, પિતાનાં સચેતન કાર્યો માટે તેને નિર્મુકત કરતી નથી. તે તેને પોતાની બધી વૃદ્ધિઓમાં—છોડોમાં, ઔષધિઓમાં, વૃક્ષોમાં, તેની ઉષ્માથી પૂર્ણ રૂપોમાં, આત્મા માટે તેના આનંદોને સાચવી રાખતા પદાર્થોમાં સંતાડી રાખે છે. પણ છેવટે પૃથ્વીએ તે શિશુને સોંપી દેવો જ પડવાનો; તે નીચેની અરણિ છે અને માનસિક અસ્તિત્વ ઉપરની અરણિ છે; ઉપરની અરણિના નીચેની અરણિ પરના દબાણને પરિણામે અગ્નિ જન્મવાનો છે. પણ અગ્નિ એક પ્રકારના દબાણ વડે—મથન વડે પ્રગટ થાય છે. તેથી તેને બળનો પુત્ર કહેવામાં આવ્યો છે.

જ્યારે અગ્નિ પ્રગટ થાય છે, ત્યારે પણ બાહ્ય રીતે તે તેનાં કાર્યોમાં અસ્પષ્ટતામય હોય છે. પ્રથમ તે વિશુદ્ધ સંકલ્પરૂપ નથી હોતો—જો કે વાસ્તવિક રીતે તે હમેશાં વિશુદ્ધ જ હોય છે; પણ પ્રથમ તે પ્રાણિક સંકલ્પ હોય છે, આપણામાં જીવનની કામનારૂપ હોય છે, ધુમાડા વડે રૂંધાયેલી જવાળા હોય છે, આપણી વક્રતાઓનો પુત્ર હોય છે, પોતાના ચરામાં ચરતો પશુ હોય છે, પૃથ્વી-ની વૃદ્ધિઓનું ભક્ષણ કરતી કામનાની શકિતરૂપ હોય છે, તે જે વસ્તુઓનું ભક્ષણ કરે છે તેને ચીરી નાખે છે—છિન્ન ભિન્ન કરી નાખે છે; અને જ્યાં પહેલાં પૃથ્વીનાં વનોનો આનંદ તથા ભવ્યતા હતાં, ત્યાં રાખોડીનો કાળો માર્ગ મૂકી જાય છે. પણ આ બધામાં વિશુદ્ધીકરણની ક્રિયા ચાલતી હોય છે, કે જે ક્રિયા યજ્ઞ કરનાર માણસ માટે સભાન બને છે. અગ્નિ નાશ કરે છે, અને શુદ્ધ બનાવે છે. તેની અનંત ક્ષુધા—કામના ઉચ્ચતર, વૈશ્વિક વ્યવસ્થાની રચના કરે

છે. તેના આવેગનો ધુમાડો બંધ પડે છે, અને આ પ્રાણિક સંકલ્પશકિત જીવન માટેની જલતી કામના—એક એવો અશ્વ બને છે, કે જે આપણને ઉચ્ચતમ ભૂમિકાઓમાં લઈ જાય છે; તે શ્વેત અશ્વ ઉષાઓની આગળ ગતિ કરતો હોય છે.

ધૂમ્રમય ક્રિયાઓમાંથી નિર્મુકત બનેલો, અગ્નિ આપણાં આકાશોમાં ઊર્ધ્વ પ્રજ્વલિત થાય છે, વિશુદ્ધ મનના આકાશથી ઉપર ચઢે છે, અને દ્યુલોકની પીઠ પર આરોહણ કરે છે. તે વિરલ ભૂમિકા પર, તે ભૂમિકાનો દેવ—ત્રિત આપ્ત્ય આ જ્વાળામય શકિતને પોતાના હાથમાં લે છે, અને તેને સર્વ પાપ તથા અજ્ઞાનનો સંહાર કરનાર તીક્ષ્ણ આયુધનો ઘાટ આપે છે. આ ઋષિ—સંકલ્પશકિત જ્ઞાનના પ્રકાશોનો સૂર્યની ગાયોનો રક્ષક બને છે, કે જે ગાયો જીવનનાં ક્ષેત્રોમાં ચારો ચરે છે, જે ભેદના તથા અંધકારના પુત્રોથી તદ્દન સલામત હોય છે, જેનું રક્ષણ જ્ઞાનયુકત સંકલ્પશકિતની યુદ્ધ-તાકાત કરતી હોય છે. તે અમૃતત્વને પ્રાપ્ત કરે છે, માનવ પ્રાણીમાં સત્યના તથા આનંદના નિયમનું —કોઈ પણ ઈજા પામ્યા સિવાય, પાલન કરે છે. છેવટે આપણે અસત્યની તથા સ્ખલનોની બધી વકતાઓને વટાવી જઈએ છીએ; નિમ્ન, ભાંગીતૂટી, વાંકીચૂંકી ભૂમિ પરથી સરલ માર્ગને અને ઉચ્ચ ખુલ્લી ભૂમિકાઓને પ્રાપ્ત કરીએ છીએ. સંકલ્પ અને જ્ઞાન એકરૂપ બની જાય છે; પરિપૂર્ણ બનેલા આત્માનો દરેક આવેગ પોતાના આત્મ-અસ્તિત્વના તાત્ત્વિક સત્યથી સભાન બને છે; દરેક કાર્ય સભાનપણે, આનંદપૂર્વક, વિજયપૂર્વક તેને પરિપૂર્ણ બનાવે છે. યજ્ઞ કરતા આર્યને ઉચ્ચતમ શિખર પર લઈ જનાર, વૈદિક અગ્નિ આ પ્રકારનો દેવ છે. અમર્ત્ય મર્ત્યમાં, તેના યજ્ઞ વડે, આ રીતે વિજય પ્રાપ્ત કરે છે. વિચારક, યુદ્ધ કરનાર, પરિશ્રમ કરનાર માનવ હવે ઋષિ, સ્વરાટ્, પ્રકૃતિનો સમ્રાટ બને છે.

વેદ આ દિવ્ય જ્વાળાને અનેક સુંદર, સમૃદ્ધ રૂપકોમાં ગાય છે. તે યજ્ઞનો આનંદપૂર્ણ પુરોહિત છે, આત્માનંદથી પરિપૂર્ણ, પરમાત્માની સંકલ્પ-શકિત છે. યુવાન ઋષિ છે, નિદ્રા-રહિત (સદા જાગ્રત) દૂત છે, ઘરમાં સદા જાગતી રહેતી જ્વાળા છે, દ્વારોવાળા આપણા નિવાસનો સ્વામી છે, વહાલો અતિથિ છે, પ્રાણીમાં રહેલો સ્વામી છે, જ્વાળામય કેશવાળો ઋષિ છે, દિવ્ય શિશુ છે, વિશુદ્ધ કુમાર છે, અજેય યોદ્ધો છે, માનવોની આગળ ચાલતો—માર્ગનો નેતા છે, મર્ત્યોમાં અમર્ત્ય છે, દેવો વડે માનવમાં મૂકાયેલો કાર્યકર્તા છે, જ્ઞાનમાં તેનો અવરોધ કરી શકાય તેમ નથી, અસ્તિત્વમાં તે અનંત છે, ઋતનો તે વિશાળ જાજ્વલ્યમાન સૂર્ય છે, યજ્ઞને ટકાવી રાખનારો અને તેનાં ક્રમિક પગલાંનો વિવેચક છે, દિવ્ય દર્શના છે, પ્રકાશ છે, દૃઢ પાયો છે. આ બળવાન પ્રકાશમય દેવની સ્તુતિ કરતાં, વેદનાં બધાં સૂકતો કાવ્યમય રંગોમાં સૌથી વધારે સુંદર,

માનસશાસ્ત્રીય સૂચનોમાં સૌથી વધારે ગહન, ગૂઢવાદી મદભરતામાં સૌથી વધારે ભવ્ય છે—જાણે કે અગ્નિની જવાળાએ, અવાજે, પ્રકાશે આ કવિઓની કલ્પના પર પોતાની જાજવલ્યમાન ઉત્કટતાની પકડ ન જમાવી હોય!

આ કાવ્યમય રૂપકોના સમૂહમાંનાં કેટલાંક આ દિવ્ય જવાળાનાં અનેક જન્મોનું વર્ણન કરે છે. તે જન્મોને આશ્ચર્યકાર વૈવિધ્યથી વર્ણવવામાં આવ્યા છે. કેટલીક વાર તેને મનરૂપી પિતાનો-દ્યુલોકનો તથા શરીરરૂપી માતાનો, પૃથ્વીનો પુત્ર કહેવામાં આવ્યો છે; કેટલીક વાર તેને તે જ બે અરણિઓમાંથી પ્રગટ થતો વર્ણવવામાં આવ્યો છે; કેટલીક વાર આકાશ-પૃથ્વીને તેની બે માતાઓ કહેવામાં આવી છે, જ્યારે તે રૂપક વિશુદ્ધ મન-ચૈત્યની ચેતનાને તથા શારીરિક ચેતનાને વધારે સ્પષ્ટતાપૂર્વક સૂચવવા માગે છે ત્યારે તેને સાત માતાઓનો પુત્ર પણ કહેવાનાં આવ્યો છે, કારણ કે જ્યારે આપણા સચેતન અસ્તિત્વનાં સાત તત્ત્વો આવિર્ભાવ પામે છે—ત્રણ અનંતનાં આધ્યાત્મિક તત્ત્વો, ત્રણ સાન્તનાં પાર્થિવ તત્ત્વો, અને એક વચગાળાનું તત્ત્વ, કે જે સાત તત્ત્વો સાત લોકોનો પાયો છે, ત્યારે અગ્નિનો પરિપૂર્ણ જન્મ થાય છે. બીજા દેવોની પેઠે, તેને પણ ઋતમાંથી જન્મતો કહ્યો છે; ઋત એકીસાથે તેનું જન્મસ્થાન તેમ જ ઘર છે. કેટલીક વાર એમ કહેવામાં આવ્યું છે કે સાત પ્રિયાઓએ પોતાના સ્વામી માટે તેને જન્મ આપ્યો; આ રૂપકમાં તેને સૃષ્ટિના મૂળ કારણરૂપ, વિશુદ્ધ આનંદના તત્ત્વરૂપી ઉદ્‌ગમસ્થાનમાંથી પ્રગટતો વર્ણવ્યો છે. તેનું એક રૂપ સૂર્યની પ્રકાશ-જવાળા છે; બીજું મનના સ્વર્ગમાં છે; ત્રીજું નદીઓમાં રહે છે. રાત્રિ અને ઉષા તેને જન્મ આપે છે; આપણા આકાશમાં વારાફરતી આવતાં જ્ઞાન-અજ્ઞાન તે દિવ્ય શિશુને વારાફરતી ધવરાવે છે. પ્રાણના સ્વામી માતરિશ્વાએ તેને, દેવોને માટે, પૃથ્વીની વૃદ્ધિઓમાં, તેનાં ભૂતોમાં, માનવ-પશુ-છોડમાં, મહાન નદીઓનાં ગૂઢ—નિગૂઢ સ્થાપિત કર્યો છે. જ્યારે દેવ—મનરૂપી ઈન્દ્ર આવરણ કરતા વૃત્રનો સંહાર કરે છે, ત્યારે આ પ્રકાશયુકત લોકની સાત નદીઓ સ્વર્ગમાંથી-દ્યુલોકમાંથી અવતરણ કરે છે; તે જળો પ્રકાશથી તથા સ્વર્ગીય પ્રાચુર્યોથી પરિપૂર્ણ, સ્પષ્ટતા તથા મધુરતાથી સભર ભરેલાં, મધુર દૂધ-ઘૃત-મધુથી યુકત બનીને, અવતરણ કરે છે. અગ્નિના બધા પાર્થિવ જન્મોમાં તેનો આ પોષક ગાયોમાંથી—આ પ્રાચુર્યની માતાઓમાંથી થયેલો જન્મ સૌથી મહાન છે. જીવનની વેગયુકત ઘોડીઓ વડે પોષણ કરાયેલો, અગ્નિ એકદમ પોતાની દિવ્ય મહત્તાને પ્રાપ્ત કરે છે, પોતાનાં વિશાળ પ્રકાશમય અંગો વડે તે બધી ભૂમિકાઓને વ્યાપ્ત કરે છે, અને માનવના આત્મામાં દિવ્ય ઋતની પ્રતિકૃતિ રૂપે તેમના પ્રદેશોનું નિર્માણ કરે છે.

કેટલીક વાર તો એક જ સૂકતમાં આ બધાં રૂપકો, એક પછી એક એમ

ઝડપથી, વાપરવામાં આવ્યાં હોય છ. તેમની વિવિધતા અને નમનીય ઉપયોગ સભાન રૂપકમયતાનો એવો સમય બતાવી આપે છે કે જ્યારે તે રૂપક કઠોર, નિશ્ચિત રૂપવાળી, પુરાણકથા બની ગયું ન હતું, પણ હજી સર્જક કલ્પનામાં જીવંત સ્થિતિસ્થાપક અર્થવાળું હતું.

અગ્નિ વિષેની વાસ્તવિક કથાઓ બહુ ઓછી છે, નહિવત્ છે; ઇન્દ્ર તથા અશ્વિનોની બાબતમાં તો અનેક સમૃદ્ધ કથાઓ જોવામાં આવે છે. તે ઇન્દ્રની કાર્ય-કથાઓમાં-વૃત્રના સંહારમાં, ગાયોનાં ધણને પાછાં પ્રાપ્ત કરવામાં, દસ્યુઓને મારવામાં, ભાગ લે છે; તેનું કાર્ય વૈશ્વિક છે; પણ તેની પરમ મહત્તા હોવા છતાં—અથવા તો તેને લીધે જ, તે કોઈ ભિન્ન હેતુ સાધવા માગતો નથી, બીજા દેવો કરતાં શ્રેષ્ઠતાનો અધિકાર ઇચ્છતો નથી. તે માનવ માટે કાર્ય કરવામાં તથા મદદ કરનાર દેવોને મદદ કરવામાં સંતોષ માને છે. તે મહાન આર્ય-કર્મમાં કાર્યકર્તા છે, આકાશ તથા પૃથ્વીની વચ્ચે ભવ્ય મધ્યસ્થી કરનાર છે. સ્વાર્થ-રહિત, નિદ્રા-રહિત, આ અજેય સંકલ્પશકિત, બધાં ભૂતોમાં શકિતના વૈશ્વિક આત્મા તરીકે રહીને, લોકમાં કાર્ય કરે છે; તે રૂપમાં કાર્ય કરતો તે અગ્નિ વૈશ્વાનર બધા દેવો કરતાં સૌથી વધારે મહાન, શકિતશાળી, તેજસ્વી અને બિનઅંગત છે.

સંદર્ભ અનુસાર, અગ્નિ શબ્દનો અનુવાદ મેં અહીં શકિત, બળ, સંકલ્પ, દેવસંકલ્પ અથવા જવાળા શબ્દો વડે કર્યો છે. જરૂર લાગી ત્યાં ઋષિઓનાં નામો, તેમની અર્થવત્તાનું મૂલ્ય આપ્યાં છે : દાખલા તરીકે પ્રથમ સૂકતમાં ગવિષ્ઠિર-પ્રકાશમાં સ્થિર, અથવા તો સામાન્ય અત્રિ-નામ આપ્યું છે. અત્રિનો અર્થ થાય છે ખાનાર અથવા મુસાફરી કરનાર; અગ્નિ પોતે અત્રિ છે, અંગિરસ્ પણ છે; ભક્ષણ કરી જતી કામના-અનુભૂતિ-લોકનાં રૂપોના ઉપભોગમાંથી તે નિર્મુકત ઋતમાં, આત્માના આનંદમાં, અનંત અસ્તિત્વના સ્વામિત્વમાં આગળ વધતો ચાલે છે.

પ્રાતઃસ્તવન સૂક્ત

[ઋષિ ઉષાના આગમન-સમયે, જ્યારે દિવ્ય શકિત રૂપ અગ્નિ સભાન કાર્ય માટે જાગ્રત થાય છે, ત્યારે તેની સ્તુતિ કરે છે. અગ્નિ તેના લક્ષ્ય પ્રત્યે પ્રકાશ-મય દ્યુલોક પ્રત્યે ઊર્ધ્વગતિ કરે છે; યજ્ઞની બક્ષિસો તથા ક્રિયાઓની વહેંચણી કરતી વિવેચના-શકિતનાં કાર્યો વડે તે પુષ્ટિ પામે છે; તે આપણા દિવસોને દોરતી વિશુદ્ધ શકિત બને છે, અને વિશાળતામાં તથા ઋતમાં આરોહણ કરે છે. ઋત વડે તે આપણા બે અવકાશોનું પાર્થિવ તથા માનસિક ચેતનાઓનું નિર્માણ કરે છે. આ આપણાં સ્વર્ગોમાં તેનું સોનેરી સૂક્ત-સ્વીકૃતિનું ગાન છે.]

अबोध्यग्निः समिधा जनानां प्रति धेनुमिवायतीमुषासम् ।
यह्वाइव प्र वयामुज्जिहानाः प्र भानवः सिस्रते नाकमच्छ ।।

(૧) લોકોના પ્રજ્વલિત કરાયાથી, બળ જાગ્રત થયું છે, અને તે પોષક ગાય તરીકે તેના તરફ આવતી ઉષાની સામે જાય છે; પોતાના વિસ્તાર પ્રત્યે ઊર્ધ્વમાં ગતિ કરતી મહત્તાઓની પેઠે, તેનાં તેજ ગતિ કરીને સ્વર્ગની ભૂમિકામાં આરોહણ કરે છે.

अबोधि होता यजथाय देवानूर्ध्वो अग्निः सुमनाः प्रातरस्थात् ।
समिद्धस्य रुशददर्शि पाजो महान् देवस्तमसो निरमोचि ।।

(૨) દેવો માટેના યજ્ઞ ખાતર, અમારી આહુતિનો પુરોહિત જાગ્યો છે; તેનામાં યોગ્ય માનસ સાથે, તે શકિતરૂપ દેવ અમારાં પ્રભાતોમાં ઊર્ધ્વમાં ઊભો છે; તેનો સંપૂર્ણપણે પ્રજ્વલિત થયેલો, રાતા પ્રકાશથી યુકત, સમૂહ દેખાય છે; અંધકારમાંથી એક મહાન દેવ નિર્મુકત થયો છે.

यदीं गणस्य रशनामजीगः शुचिरङ्क्ते शुचिभिर्गोभिरग्निः ।
आद् दक्षिणा युज्यते वाजयन्त्युत्तानामूर्ध्वो अधयज्जुहूभिः ।।

(૩) જ્યારે તે પોતાના ગણોના લાંબા પાશને ઉકેલી નાખે છે, ત્યારે પ્રકાશોના વિશુદ્ધ ધણ વડે તે શકિત વિશુદ્ધ પ્રકાશે છે.[1] કારણ કે વિવેચનાની

---

૧ ઉષાની ગાયો. અહીં દિવ્ય વિવેચનાની દેવી, દક્ષિણાનું પોતાનું એક રૂપ ઉષા છે.

દેવી, પ્રાચુર્યમાં વૃદ્ધિગત થઈ છે, અને તેના કામમાં જોતરાઈ છે; ઊર્ધ્વમાં પહોંચેલો તે અગ્નિ સુંદર રીતે વિસ્તરેલી તે વિવેચનાની-દેવીનું, પોતાની આહુતિની જ્વાળાઓ વડે, ભક્ષણ કરી પુષ્ટ બને છે.

अग्निमच्छा देवयतां मनांसि चक्षूंषीव सूर्ये सं चरन्ति ।
यदीं सुवाते उषसा विरूपे श्वेतो वाजी जायते अग्रे अह्नाम् ।।

(૪) દેવત્વમાં વૃદ્ધિ પામનારા મનુષ્યોનાં મન, જેમ તેમની દૃષ્ટિઓ—તેમનાં દર્શનો પ્રકાશક સૂર્યમાં[1] એકત્રિત થાય છે તેમ, સંકલ્પશકિતની જ્વાળા પ્રત્યે સંપૂર્ણ ગતિ કરે છે. જ્યારે વિરુદ્ધ રૂપોવાળી, બે ઉષાઓ[2] તેને જન્મ આપે છે, ત્યારે દિવસોની આગળ તે શ્વેત અશ્વ રૂપે જન્મે છે.

जनिष्ट हि जेन्यो अग्रे अह्नां हितो हितेष्वरुषो वनेषु ।
दमेदमे सप्त रत्ना दधानोऽग्निर्होता नि षसादा यजीयान् ।।

(૫) તે દિવસોની આગળ વિજયી એવો જન્મ્યો છે; તે રાતા કાર્યકર્તા તરીકે વસ્તુઓના આનંદોમાં પ્રતિષ્ઠિત છે. એક પછી એક ઘરમાં[3] સાત આનંદોને ધારણ કરતા, શકિતરૂપ અગ્નિએ યજ્ઞની મહાન આહુતિના પુરોહિત તરીકે, પોતાનું આસન લીધું છે.

अग्निर्होता न्यसीदद् यजीयानुपस्थे मातुः सुरभा उ लोके ।
युवा कविः पुरुनिष्ठः ऋतावा धर्ता कृष्टीनामुत मध्य इद्धः ।।

(૬) યજ્ઞની મહાન આહુતિના પુરોહિત તરીકે શકિતરૂપ અગ્નિએ માતાના ખોળામાં આસન પ્રાપ્ત કર્યું છે; તે આનંદપૂર્ણ બીજા લોકમાં, [4] યુવાન કવિ, પોતાના ગણો સાથે, ઋતથી યુકત અગ્નિ ઊભો છે; તે કાર્ય કરનારાઓને ધારણ કરે છે, વચ્ચે તેને પ્રજ્વલિત કરવામાં આવ્યો છે.

---

૧. અર્થાત્, બીજા માણસોના વિચારો ફાંફાં મારે છે, જ્યારે તેમનું મન જ્ઞાન રૂપ સંકલ્પશકિતની પ્રકાશમય જ્વાળામાં પલ્ટાઈ જાય છે, અને તેમના બધા વિચારો ઋતના સૂર્યનાં કિરણો-સીધેસીધી દર્શનાના પ્રકાશરૂપ બની જાય છે.

૨. દિવસ અને રાત્રિ. રાત્રિ આપણા ભૌતિક સ્વભાવની અજ્ઞાનમય સ્થિતિ છે, જ્યારે દિવસ દિવ્ય મનના પ્રકાશયુકત જ્ઞાનની સ્થિતિ છે; જે દિવ્ય મનનું આપણું મન એક ફિકકું, અસ્પષ્ટતામય પ્રતિબિંબ છે.

૩. આપણા સ્વભાવના દરેક તત્ત્વને અનુરૂપ એક દિવ્ય આનંદ હોય છે, અને દરેક શરીરમાં-ઘરમાં-ભૂમિકા ઉપર અગ્નિ આ આનંદોને સ્થાપી આપે છે.

૪. માતા તે પૃથ્વી છે, આપણી શારીરિક ચેતના છે; પાર-માનસિક ચેતના તે બીજો લોક છે; પ્રાણિક તથા ઊર્મિમય ચેતના વચલો લોક છે, અગ્નિ તે બધામાં એકીસાથે પ્રગટ થાય છે.

प्र णु त्यं विप्रमध्वरेषु साधुमग्निं होतारमीलते नमोभिः ।
आ यस्ततान रोदसी ऋतेन नित्यं मृजन्ति वाजिनं घृतेन ।।

(૭) અમારા વૃદ્ધિ પામતા યજ્ઞોમાં પરિપૂર્ણતા પ્રાપ્ત કરાવનાર, અમારી આહુતિઓના પુરોહિત, આ પ્રકાશયુકત શકિતને, સમર્પણયુકત નમનો વડે, માણસો શોધે છે, કારણ કે તે ઋતના સામર્થ્ય વડે આપણા અસ્તિત્વનાં બંને આકાશોને ઘાટ આપે છે. જીવનના પ્રાચુર્યના સનાતન અશ્વરૂપ તેને તેઓ સ્પષ્ટતા વડે, પ્રકાશમયતા અર્પે છે.[૧]

मार्जाल्यो मृज्यते स्वे दमूनाः कविप्रशस्तो अतिथिः शिवो नः ।
सहस्रशृङ्गो वृषभस्तदोजा विश्वाँ अग्ने सहसा प्रास्यन्यान् ।।

(૮) પ્રકાશમય, ઘસીને પ્રકાશમય બનાવેલો, ઋષિ વડે અભિવ્યકત થયેલો, પોતાના જ ઘરમાં[૨] વસતો, તે આપણો કલ્યાણકારી અતિથિ છે. હજાર શિંગડાં-વાળો તું વૃષભ છે, કારણ કે તારામાં તે બળ છે;[૩] હે બળરૂપ દેવ, બીજા બધા કરતાં તારી શકિત વડે તું પ્રથમ છે.

प्र सद्यो अग्ने अत्येष्यन्यानाविर्यस्मै चारुतमो बभूथ ।
ईलेन्यो वपुष्यो विभावा प्रियो विशामतिथिर्मानुषीणाम् ।।

(૯) હે શકિત, તું જેનામાં તારા સૌન્દર્યની સંપૂર્ણ કાન્તિમાં પ્રગટ થાય છે, ત્યાં તું બીજા બધા કરતાં ચઢી જાય છે—અધિક છે; તું અભીષ્ટ છે, દેહથી પરિપૂર્ણ છે, પ્રકાશમાં વિસ્તૃત છે, માનવોનો પ્રિય અતિથિ છે.

तुभ्यं भरन्ति क्षितयो यविष्ठ बलिमग्ने अन्तित ओत दूरात् ।
आ भन्दिष्ठस्य सुमतिं चिकिद्धि बृहत् ते अग्ने महि शर्म भद्रम् ।।

(૧૦) હે શકિત, સૌથી વધારે યુવાન બળ, નજીકના તથા દૂરના બધા લોકો તથા તેમાં વસતા માણસો તારે માટે આહુતિઓ લઈ આવે છે. માણસના જ્ઞાનમાં, તેની વધારેમાં વધારે સુખમય સ્થિતિની યોગ્ય મનોમયતા પ્રત્યે જાગ્રત થા. હે શકિત, વિશાળતા તારી મહાન, આનંદપૂર્ણ શાન્તિ છે.

---

૧. પ્રકાશની ગાય વડે અપાતું ઘૃત, જે પ્રકાશયુકત મનની સમૃદ્ધ સ્પષ્ટતાનું રૂપક છે.

૨. ઋતની ભૂમિકા અત્રિનું પોતાનું ઘર છે.

૩. ઋતનું બળ, આ પૂર્ણ જ્ઞાનની પરિપૂર્ણ શકિત.

आद्य रथं भानुमो भानुमन्तमग्ने तिष्ठ यजतेभिः समन्तम् ।
विद्वान् पथीनामुर्वन्तरिक्षमेह देवान् हविरद्याय वक्षि ।।

(૧૧) હે પ્રકાશયુકત સંકલ્પ-શકિત, યજ્ઞના સ્વામીઓ સાથે, તારા પ્રકાશ-યુકત પરિપૂર્ણ રથમાં આજે આરોહણ કર. વિશાળ અંતરિક્ષને[૧] તથા તેના માર્ગોને જાણતો, તું દેવોને અમારાં હોમદ્રવ્યોનું ભક્ષણ કરવા માટે અહીં લઈ આવ.

अवोचाम कवये मेध्याय वचो वन्दारु वृषभाय वृष्णे ।।
गविष्ठिरो नमसा स्तोममग्नौ दिवीव रुक्ममुरुव्यञ्चमश्रेत् ।।

(૧૨) ઋષિની, બુદ્ધિની, ગાયોમાં બીજારોપણ કરનાર, વૃષભની અમે આજે સ્તુતિ કરી છે; ગવિષ્ઠિર (પ્રકાશમાં સ્થિર) પોતાના સમર્પણ વડે, સંકલ્પની જવાળામાં—જાણે તે સ્વર્ગ હોય તેમ, વિશાળતાને પ્રગટ કરતી, સોનેરી સ્વીકૃતિમાં ઊર્ધ્વારોહણ કરે છે.

---

૧. પ્રાણિક-જ્ઞાનતંતુમય ભૂમિકા આપણી ભૌતિક પૃથ્વીની તરત જ ઉપર છે; તેમાં થઈને દેવો માનવ સાથે વ્યવહાર કરવા માટે આવે છે; પણ તે વિશાળતા ગૂંચવાડાઓવાળી છે, તેના માર્ગો અનેક, પણ જટિલ અને ગ્રંથિમય છે.

દિવ્ય શક્તિની નિર્મુક્તિનું સૂક્ત

[પોતાનાં સામાન્ય, મર્યાદિત, ભૌતિક કાર્યોમાં, પ્રકૃતિ દિવ્ય શકિતને તેના ગૂઢ અથવા અવચેતન અસ્તિત્વમાં સંતાડેલી રાખે છે; જ્યારે ચેતના એક અનંત પરમાત્મા પ્રત્યે વિશાળ બને છે, ત્યારે તે પ્રગટ થાય છે, સચેતન મન માટે જન્મે છે. જ્યાં સુધી આ શકિતરૂપ અગ્નિ તેમનું રક્ષણ કરવા પ્રગટતો નથી, ત્યાં સુધી ઉચ્ચતર પ્રકાશની સ્પષ્ટતાઓ સાચવી રાખી શકાતી નથી, કારણ કે વિરોધી શકિતઓ તેમને ખૂંચવી જાય છે અને ફરી તેમની ગૂઢ ગુફાઓમાં તેમને સંતાડી દે છે. માનવમાં પ્રગટ થયેલી, પોતે જાતે નિર્મુકત બનેલી, દિવ્ય સંકલ્પ-શકિત વિશ્વયજ્ઞમાં બલિ તરીકે બંધાયેલા માનવને પાશોમાંથી મુકત કરે છે; આપણે દિવ્ય મનરૂપ ઇન્દ્રના ઉપદેશ વડે તેને પ્રાપ્ત કરીએ છીએ; તે પ્રકાશની અવિરત લીલાનું રક્ષણ કરે છે, અને અસત્યની શકિતઓનો નાશ કરે છે, જેમની મર્યાદાઓ તેની વૃદ્ધિને તથા બહિર્જ્વલનને અંદર પૂરી રાખી શકતી નથી; તે પ્રકાશયુકત સ્વર્ગમાંથી દિવ્ય જળોને લઈ આવે છે, શત્રુનાં આક્રમણોમાંથી નિર્મુકત કરાયેલા ધનને લઈ આવે છે, અને આખરી શાન્તિ તથા પરિપૂર્ણતાને આપે છે.]

कुमारं माता युवतिः समुब्धं गुहा बिभर्ति न ददाति पित्रे ।
अनीकमस्य न मिनज्जनासः पुरः पश्यन्ति निहितमरतौ ।।

(૧) યુવતી માતા[૧] શિશુને પોતાના ગૂઢ અસ્તિત્વમાં છાતી સરસો ચાંપી રાખે છે. અને તેને પિતાને આપતી નથી; પણ તેનું બળ ઘટતું નથી; માણસો વસ્તુઓનાં ઊર્ધ્વ કાર્યોમાં તેને આગળ મુકાયેલા[૨] જુએ છે.

---

૧. માતા-પિતા હમેશાં પ્રકૃતિ અને પુરુષ અથવા પાર્થિવ ચેતના અને શુદ્ધ મનોમય ચેતના છે.

૨. પુરોહિત, કે જે યજ્ઞના કાર્યને દોરવણી આપે છે.

कमेतं त्वं युवते कुमारं पेषी बिभर्षि महिषी जजान ।
पूर्वीर्हि गर्भः शरदो ववर्धापश्यं जातं यदसूत माता ।।

(૨) હે યુવતી માતા, આ શિશુ કોણ છે, કે જેને તું તારા રૂપમાં દબાયેલી ધારણ કરે છે, પણ તારી વિશાળતા જેને જન્મ આપે છે? ઘણી ઋતુઓ સુધી, શિશુ યોનિમાં વૃદ્ધિને પામ્યો; જ્યારે માતાએ તેને જન્મ આપ્યો, ત્યારે મેં તેને દીઠો.

हिरण्यदन्तं शुचिवर्णमारात् क्षेत्रादपश्यमायुधा मिमानम् ।
ददानो अस्मा अमृतं विपृक्वत् किं मामनिन्द्राः कृणवन्ननुक्थाः ।।

(૩) મેં દૂરના ક્ષેત્રમાં એક સોનેરી પ્રકાશનાં દંતૂશળવાળા, વિશુદ્ધ પ્રકાશમાન વર્ણવાળા, યુદ્ધ માટે આયુધોને ઘાટ આપતા, કુમારને જોયો. મારામાં દરેક જુદા જુદા ભાગોમાં[1] રહેલા અમૃતને મેં તેને આપ્યું; જેમની પાસે શબ્દ[2] અને દેવ મન નથી, તેઓ મને શું કરી શકવાના હતા?

क्षेत्रादपश्यं सनुतश्चरन्तं सुमद् यूथं न पुरु शोभमानम् ।
न ता अगृभ्रन्नजनिष्ट हि षः पलिक्नीरिद् युवतयो भवन्ति ।।

(૪) મેં ક્ષેત્રમાં એક સુખમય ગાયોનું ધણ દીઠું, કે જે પ્રકાશયુકત સૌન્દર્યવાળાં અનેક રૂપોમાં સતત વિચરતું હતું. કોઈ તે ગાયોને પકડી શકતું નહિ, કારણ કે તે જન્મ્યો હતો; તેમાંની જીર્ણ ગાયો પણ ફરી યુવાન બની.

के मे मर्यकं वि यवन्त गोभिर्न येषां गोपा अरणश्चिदास ।
य ईं जगृभुरव ते सृजन्त्वाजाति पश्व उप नश्चिकित्वान् ।।

(૫) મારા બળને પ્રકાશની ગાયોથી વિખૂટું પાડનાર કોણ હતા? તેમની સામે કોઈ રક્ષક, યુદ્ધ કરનાર ન હતું. મારી પાસેથી જેઓ તે ગાયોને લઈ ગયા છે, તે મને તેમને પાછી સોંપી જાય; કારણ કે અમારી ગુમ થયેલી, પ્રકાશગાયોને હાંકતો, સચેતન દર્શનાઓથી યુકત આવે છે.

वसां राजानं वसतिं जनानामरातयो नि दधुर्मर्त्येषु ।
ब्रह्माण्यत्रेरव तं सृजन्तु निन्दितारो निन्द्यासो भवन्तु ।।

(૬) પ્રાણીઓમાં રહેતા રાજાને, જેમાં પ્રાણીઓ રહે છે તેને, વિરોધી શકિતઓએ માનવોમાં સંતાડી રાખ્યો હતો; વસ્તુઓનું ભક્ષણ કરનારના (અત્રિના) આત્મવિચારો તેને મુકત કરો; આવરણ કરનારાઓનું જ આવરણ થાઓ.

---

૧. અમૃતનો સોમરસ દેવોને ભાગોમાં અપાય છે—આપણા અસ્તિત્વની ત્રણ મન-પ્રાણ-શરીરની ભૂમિકાઓ પર.

૨. ગૂઢ—અનભિવ્યકત વસ્તુને પ્રગટ કરનાર, અભિવ્યંજક શબ્દ.

शुनश्चिच्छेपं निदितं सहस्राद् यूपादमुञ्चो अशमिष्ट हि षः ।
एवास्मदग्ने वि मुमुग्धि पाशान् होतश्चिकित्व इह तू निषद्य ।।

(૭) શુનઃશેપને (આનંદના શિરને) યજ્ઞના હજારો સ્તંભો સાથે બાંધવામાં આવ્યો હતો; તેને તેં મુકત કર્યો; તેણે પોતાનાં કાર્યો વડે પરિપૂર્ણતા પ્રાપ્ત કરી; તે રીતે, હે સચેતન દ્રષ્ટા એવી જ્વાળા, હે અમારા યજ્ઞના પુરોહિત, તું અમારામાં આસન પર બેસ, અને અમારા પાશોને ખોલી નાખ.

हृणीयमानो अप हि मदेयैः प्र मे देवानां व्रतपा उवाच ।
इन्द्रो विद्वाँ अनु हि त्वा चचक्ष तेनाहमग्ने अनुशिष्ट आगाम् ।।

(૮) તું મારી પર ગુસ્સો કરીને ચાલી ન જા. દેવોના કાર્યના નિયમનું રક્ષણ કરનારે મને તારે વિષે કહ્યું છે; ઇન્દ્ર જાણતો હતો, તેણે શોધ કરીને તને ખોળી કાઢયો; હે જ્વાળા, તેના જ્ઞાન વડે ઉપદેશાયેલો હું તારી પાસે આવ્યો છું.

वि ज्योतिषा बृहता भात्यग्निराविर्विश्वानि कृणुते महित्वा ।
प्रादेवीर्मायाः सहते दुरेवाः शिशीते शृङ्गे रक्षसे विनिक्षे ।।

(૯) આ સંકલ્પની જ્વાળા ઋતના વિશાળ પ્રકાશ વડે પ્રકાશે છે, અને પોતાની મહત્તા વડે બધી વસ્તુઓને પ્રગટ કરે છે, તે અદિવ્ય અને પાપમય ગતિવાળી જ્ઞાનની રચનાઓ[1] પર વિજય મેળવે છે; રાક્ષસને ભેદી નાખવા તે પોતાનાં શિંગડાંને તીક્ષ્ણ બનાવે છે.

उत स्वानासो दिवि षन्त्वग्नेस्तिग्मायधा रक्षसे हन्तवा उ ।
मदे चिदस्य प्र रुजन्ति भामा न वरन्ते परिबाधो अदेवीः ।।

(૧૦) રાક્ષસને હણવા માટે, અમારાં સ્વર્ગોની જ્વાળાના અવાજો તીક્ષ્ણ આયુધોવાળા બનો! પોતાના આનંદમાં, તેનાં ક્રોધપૂર્ણ તેજો તેના વિકાસનો વિરોધ કરનાર બધાંને તોડીફોડી નાખે છે; દરેક બાજુએથી અમને અવરોધ કરનારી, અદિવ્ય શકિતઓ તેને અવરુદ્ધ કરી શકતી નથી.

एतं ते स्तोमं तुविजात विप्रो रथं न धीरः स्वपा अतक्षम् ।
यदीदग्ने प्रति त्वं देव हर्याः स्वर्वतीरप एना जयेम ।।

(૧૧) હે અનેક રૂપોમાં જન્મનાર અગ્નિ, પ્રકાશિત મનવાળા, કુશળ બુદ્ધિવાળા, પરિપૂર્ણ કાર્યોવાળા, મેં તારે માટે રથ સમાન, આ સ્તુતિ રચી છે.

---

૧. માયા. માયા બે પ્રકારની હોય છે—દિવ્ય અને અદિવ્ય, ઋતની રચનાઓ અને અનૃતની રચનાઓ.

હે શકિત, જો તું તેના પ્રત્યે જવાબ રૂપે આનંદ લે, તો તેના વડે અમે સ્વર્લોકના[1] પ્રકાશને વહી લાવનાર જળોને જિતીએ.

तुविग्रीवो वृषभो वावृधानोऽशत्रुर्यः समजाति वेदः ।
इतीममग्निममृता अवोचन् बर्हिष्मते मनवे शर्म यंसद्धविष्मते
मनवे शर्म यंसत् ।।

(૧૨) બળવાન ડોકવાળો[2] વૃષભ અમારામાં વૃદ્ધિ પામ્યો છે; અને શત્રુઓ જેને આપતા ન હતા તે જ્ઞાનના[3] ખજાનાને તે અમારી પાસે હાંકી લાવે છે; તે ધનનો કોઈ નાશ કરી શકે તેમ નથી. કારણ કે અમર્ત્ય શકિતઓએ બળરૂપ અગ્નિને કહ્યું છે કે યજ્ઞના આસનને વિસ્તૃત કરનાર માનવ માટે તારે શાન્તિ પ્રગટ કરવી; આહુતિ આપનાર માનવ માટે તારે શાન્તિ પ્રગટ કરવી.

---

૧. સ્વર્—પ્રકાશયુકત ઋત પ્રત્યે વિશુદ્ધ બનેલું, દિવ્ય મન.

૨. અથવા, અનેક ડોકોવાળો.

૩. પ્રકાશયુકત ગાયો રૂપી ધન.

પરમ કલ્યાણનો વિજેતા, દિવ્ય શક્તિ

[બીજા બધા દેવો દિવ્ય સંકલ્પ-શક્તિનાં રૂપો છે; જેમ જેમ તે અગ્નિ આપણામાં વૃદ્ધિ પામે છે, તેમ તેમ તે પરમ ઋતની આ બધી શક્તિઓને આપણામાં પ્રગટ કરે છે, આ રીતે સચેતન અસ્તિત્વની પરમ સ્થિતિને પ્રાપ્ત કરી શકાય છે, અને તેના વડે આપણા જટિલ અને અનેકવિધ અસ્તિત્વનું પ્રકાશમાં તથા આનંદમાં ધારણ થાય છે. ઋષિ એવી પ્રાર્થના કરે છે કે ફરી તેનામાં પાપ પ્રગટ થવા ન પામે, આપણામાં રહેલો ગૂઢ આત્મા કે જે વસ્તુ-ઓનો પિતા છે, પણ આપણા કાર્યોના તથા ઉત્ક્રાન્તિના શિશુ રૂપે ભાસે છે, વિશાળ ઋત-ચેતના પ્રત્યે ખુલ્લો થાય. આપણામાં સ્ખલનો પેદા કરનાર અને આપણા સ્વર્ગીય ખજાનાને લૂંટી લેનાર, અસત્ય તથા પાપની શક્તિઓનો દિવ્ય જ્વાળા સંહાર કરે છે.]

त्वमग्ने वरुणो जायसे यत् त्वं मित्रो भवसि यत्समिद्धः ।
त्वे विश्वे सहसस्पुत्र देवास्त्वमिन्द्रो दाशुषे मर्त्याय ।।

(૧) હે સંકલ્પ-શક્તિ, તું જન્મે છે ત્યારે વરુણ છે;[૧] જ્યારે તું પરિપૂર્ણ રીતે પ્રજ્વલિત થાય છે ત્યારે તું મિત્ર[૨] છે. હે બળના પુત્ર, તારામાં બધા દેવો સમાયેલા છે; આહુતિ આપનાર મર્ત્ય માટે તું મનોમય શક્તિ છે. (ઇન્દ્ર, આપણા અસ્તિત્વનો સ્વામી, દિવ્ય મનનાં પ્રકાશયુક્ત લોકનો-સ્વર્‌નો સ્વામી.)

त्वमर्यमा भवसि यत् कनीनां नाम स्वधावन् गुह्यं बिभर्षि ।
अञ्जन्ति मित्रं सुधितं न गोभिर्यद् दंपती समनसा कृणोषि ।।

---

૧. અનંત ઋતની આકાશીય વિશુદ્ધિ તથા સમુદ્રની વિશાળતાનો પ્રતિનિધિ દેવ.

૨. ઋતની સર્વને આલિંગતી સંવાદિતા, બધાં ભૂતોનો મિત્ર, અને તેથી પ્રેમનો સ્વામી.

(૨) હે આત્મ-વ્યવસ્થા કરનાર પ્રકૃતિવાળા (સ્વધાવાન), જ્યારે તું[૧] કન્યાઓના ગૂઢ નામને ધારણ કરે છે, ત્યારે તું[૨] અભીપ્સુનું બળ બને છે. તે કન્યાઓ તેને તેમનાં કિરણોના પ્રકાશ[૩] વડે પ્રકાશિત કરે છે—જ્યારે તું ગૃહપતિ અને તેની પત્નીને તેમના ઘરમાં એક મનવાળાં બનાવે છે, ત્યારે તેઓ તેને સંપૂર્ણપણે પ્રેમ રૂપે[૪] પ્રગટ કરે છે.

तव श्रिये मरुतो मर्जयन्त रुद्र यत् ते जनिम चारु चित्रम् ।।
पदं यद् विष्णोरुपमं निधायि तेन पासि गुह्यं नाम गोनाम् ।।

(૩) હે ઉગ્ર, તારા યશ માટે, વિચાર-શકિતઓ, તેમના દબાણ દ્વારા, તારા સમૃદ્ધ તથા સુંદર[૫] જન્મને પ્રકાશિત કરે છે. જ્યારે વિષ્ણુનું ઉચ્ચતમ પદ[૬] અંદર સ્થાપિત થાય છે, ત્યારે તું પ્રકાશની ગાયોના ગૂઢ નામનું તેના વડે રક્ષણ કરે છે. [૭]

तव श्रिया सुदृशो देव देवाः पुरू दधाना अमृतं सपन्त ।
होतारमग्निं मनुषो नि षेदुर्दशस्यन्त उशिजः शंसमायोः ।।

(૪) તારા યશ વડે, હે દેવ, તારી ઋતમય દર્શનાને કારણે, અનેકવિધ અસ્તિત્વને ધારણ કરતા દેવો અમૃતને ચાખે છે, અને માણસો આહુતિ આપનારી અગ્નિરૂપ શકિતમાં પોતાનું સ્થાન લે છે, અને કામના કરતા તે માણસો અસ્તિત્વની આત્માભિવ્યકિતને દેવોમાં વહેંચી આપે છે.

---

૧. ઘણે ભાગે, આ અપરિપકવ પ્રકાશો છે, કે જેમને આપણી અભીપ્સાએ આત્માની ઉચ્ચતર શકિત સાથે સમાગમ માટે તૈયાર કરવાના છે. અર્યમા પાસે તેમનો ગૂઢ અર્થ (નામ, Numen) છે, કે જે જ્યારે અભીપ્સા જ્ઞાનના પ્રકાશને પ્રાપ્ત કરે છે અને મિત્ર પુરુષ પ્રકૃતિમાં સંવાદમયતા સ્થાપે છે, ત્યારે પ્રગટ થાય છે.

૨. અર્યમા, ઋતની અભીપ્સા-શકિત તથા તેને માટેની ક્રિયા.

૩. પુરુષ અને પ્રકૃતિ. માનવ શરીર તેમનું ઘર છે.

૪. મિત્ર.

૫. પ્રકાશનો પરમ લોક. બીજે અગ્નિને પ્રકાશયુકત લોકોમાં ઉચ્ચતમ લોક કહેવામાં આવ્યો છે.

૬. વિષ્ણુનાં ત્રણ પગલાં અથવા ગતિઓ છે—પૃથ્વી, સ્વર્ગ અને પરમલોક, કે જેમના પાયા છે પ્રકાશ, ઋત અને સૂર્ય.

૭. જ્ઞાનના પ્રકાશોનો ઉચ્ચતમ દિવ્ય અર્થ પરમ પ્રકાશના પાર-ચેતન લોકોમાં જડે છે.

न त्वद्धोता पूर्वो अग्ने यजीयान् न काव्यैः परो अस्ति स्वधावः ।
विशश्च यस्या अतिथिर्भवासि स यज्ञेन वनवद् देव मर्तान् ।।

(૫) આહુતિના પુરોહિત તરીકે તારા કરતાં કોઈ આગળ નથી જતો, યજ્ઞ માટે તારા કરતાં બીજો કોઈ વધારે મહાન નથી. હે જ્વાળા, જ્ઞાનની બાબતોમાં પ્રકૃતિની આત્મ-વ્યવસ્થાપક શકિતવાળા (સ્વધાવાન) તારા કરતાં કોઈ અધિક નથી. હે દેવ, તું જેનો અતિથિ બને છે, તે માણસ યજ્ઞ વડે સર્વ મર્ત્યો ઉપર અબાધિત સત્તા ભોગવે છે.

वयमग्ने वनुयाम त्वोता वसूयवो हविषा बुध्यमानाः ।
वयं समर्ये विदथेष्वह्नां वयं राया सहसस्पुत्र मर्तान् ।।

(૬) હે જ્વાળા, તારા વડે વૃદ્ધિ પામેલા, જાગ્રત બનેલા, પદાર્થ દ્રવ્યને શોધતા, અમે આહુતિ વડે મહાન સંઘર્ષમાં વિજય પ્રાપ્ત કરીએ; હે બળના પુત્ર, અમારા દિવસોમાં[1] જ્ઞાન વડે, સુખ વડે, અમે બીજા બધા મર્ત્યો ઉપર વિજય પ્રાપ્ત કરીએ.

यो न आगो अभ्येनो भरात्यधीदधमधशंसे दधात ।
जही चिकित्वो अभिशस्तिमेतामग्ने यो नो मर्चयति द्वयेन ।।

(૭) પાપને પ્રગટ કરનાર જે માણસ અમારામાં પાપ તથા ઉલ્લંઘન લાવવા મથે છે, તેના ઉપર તું તેના પાપને ફેંક; હે સચેતન જ્ઞાતા, જે અમારા પર ભેદમયતા વડે અત્યાચાર કરે છે તેની વિરોધી આત્માભિવ્યકિતનો તું સંહાર કર.

त्वामस्या व्युषि देव पूर्वे दूतं कृण्वाना अयजन्त हव्यैः ।
संस्थे यदग्न ईयसे रयीणां देवो मर्तैर्वसुभिरिध्यमानः ।।

(૮) હે દેવ, આ રાત્રિના ઉષાકાળમાં પ્રાચીનોએ[2] તને તેમનો દૂત બનાવ્યો હતો, અને તારી દ્વારા તેમણે યજ્ઞની આહુતિઓ આપી હતી, કારણ કે આ પદાર્થતત્ત્વમાં રહેનાર મર્ત્યો દેવ એવા તને પ્રજ્વલિત કરે છે, અને તું સર્વ સુખોના મિલન-સ્થાન[3] પ્રત્યે ગતિ કરે છે.

---

૧. આત્મામાં આવતા પ્રકાશના ગાળા.

૨. ગૂઢ જ્ઞાન પ્રાપ્ત કરનાર, પ્રાચીન ઋષિઓ.

૩. ઋતનો તથા આનંદનો પરમ લોક.

अव स्पृधि पितरं योधि विद्वान् पुत्रो यस्ते सहसः सून ऊहे ।
कदा चिकित्वो अभि चक्षसे नोऽग्ने कदाँ ऋतचिद्यातयासे ।।

(૯) હે બળના પુત્ર, પિતાને મુકત કર, અને અમારામાં તારા પુત્ર રૂપે પ્રગટ થનારના પાપને તું તારા જ્ઞાન વડે દૂર કર. હે સચેતન જ્ઞાતા, તું અમને તે દર્શના કયારે આપીશ ? હે ઋતચેતનાની સંકલ્પ-શકિત, તું અમને યાત્રા માટે કયારે આવેગ આપીશ ?

भूरि नाम वन्दमानो दधाति पिता वसो यदि तज्जोषयासे ।
कुविद् देवस्य सहसा चकानः सुम्नमग्निर्वनते वावृधानः ।।

(૧૦) હે પદાર્થતત્ત્વમાં રહેનાર, જયારે તું પિતાને ગૂઢ નામનો સ્વીકાર કરવાની તથા વળગી રહેવાની ફરજ પાડે છે, ત્યારે ખરેખર પિતા પૂજન કરે છે અને વિશાળ નામને[1] ધારણ કરે છે. અમારામાં રહેલી સંકલ્પ-શકિત આનંદની કામના કરે છે, અને[2] દેવની શકિત વડે વૃદ્ધિ પામીને તે તેને સંપૂર્ણપણે જિતે છે.

त्वमङ्ग जरितारं यविष्ठ विश्वान्यग्ने दुरिताति पर्षि ।
स्तेना अदृश्रन् रिपवो जनासोऽज्ञातकेता वृजिना अभूवन् ।।

(૧૧) હે સંકલ્પ-શકિત, હે સૌથી યુવાન શકિત, તારા પૂજકને તું બધાં પાપનાં તથા શોકનાં સ્ખલનોથી સલામત રાખી દોરી જાય છે; કારણ કે તું તે પ્રાણીઓને જુએ છે, જેઓ અમને ઈજા પહોંચાડવા ઇચ્છે છે, જેઓ હૃદયમાં ચોર છે, જેમની દર્શનાઆ જ્ઞાન-વિહોણી છે, અને તેથી જેઓ વકતામાં પતન પામ્યા છે.

इमे यामासस्त्वद्रिगभूवन् वसवे वा तदिदागो अवाचि ।
नाहायमग्निरभिशस्तये नो न रीषते वावृधानः परा दात् ।।

(૧૨) અમારી યાત્રાની બધી ગતિઓએ તેમનું મુખ તારા પ્રત્યે વાળ્યું છે, અમારામાં રહેલા પાપને અમે અમારા અસ્તિત્વમાં રહેનાર દેવ આગળ જાહેર કરી દીધું છે. આ વૃદ્ધિ પામતી સંકલ્પશકિત અમારી આત્માભિવ્યકિતને ઈજા પહોંચાડનાર માણસને અમને સોંપી નહિ દે, અમને છેહ—દગો નહિ કરે; તે અમને શત્રુના હાથમાં નહિ સોંપી દે.

---

૧. ઋતનો લોક. તેને વિશાળતા, વિશાળ અથવા વિશાળ ઋત પણ કહેવામાં આવ્યું છે.

૨. પરમાત્મા, બધા દેવો જેમનાં ભિન્નભિન્ન નામો, તથા રૂપો છે

દિવ્ય સંકલ્પ-શક્તિ-પુરોહિત, યોદ્ધો, અમારા યાત્રાનો નેતા

[ઋષિ દિવ્ય શકિતનું ગાન ગાય છે, કે જે અસ્તિત્વની ભૂમિકાઓ પર આરોહણ કરતા આત્માના સર્વ ક્રમપ્રાપ્ત જન્મોને જાણે છે, જે આગળ વધતી યાત્રારૂપ યજ્ઞના પુરોહિત તરીકે તે માનવને વિશુદ્ધિ, શકિત, જ્ઞાન, વૃદ્ધિ પામતી સમૃદ્ધિ, નવીન રચનાઓ કરવાની તથા આધ્યાત્મિક નિર્માણો કરવાની શકિત આપે છે, કે જેમના વડે મર્ત્ય અમૃતત્વને પ્રાપ્ત કરે છે. તે દિવ્ય શકિત શત્રુનો સંહાર કરે છે, પાપની આક્રમણકારી શકિતઓને હણે છે, શત્રુઓ જે આપવા નથી માગતા તે આધ્યાત્મિક સમૃદ્ધિ આત્માને આપે છે, મન–પ્રાણ—શરીરની ત્રિવિધ શાન્તિ અને સિદ્ધિ આપે છે, અને પાર-માનસિક ઋતના પ્રકાશ વડે પરિશ્રમ કરીને આપણને પાર લઈ જાય છે, આપણામાં અમર્ત્ય આનંદનું સર્જન કરે છે.]

त्वामग्ने वसुपतिं वसूनामभि प्र मन्दे अध्वरेषु राजन् ।
त्वया वाजं वाजयन्तो जयेमाभि ष्याम पृत्सुतीर्मर्त्यानाम् ।।

(૧) હે શકિત, મારા પદાર્થદ્રવ્યના સ્વામીઓના નાથ, મારા યજ્ઞની ગતિમાં હું મારા આનંદોને તમારા પ્રત્યે ગતિ આપું છું. હે રાજા, તારા વડે, તારાં પ્રાચુર્યોમાં વૃદ્ધિ પામતા અમે સમૃદ્ધિને જિતીએ, અને મર્ત્ય શકિતઓને યુદ્ધમાં પરાજિત કરીએ.

हव्यवालग्निरजरः पिता नो विभुर्विभावा सुदृशीको अस्मे ।
सुगार्हपत्याः समिषो दिदीह्यस्मद्र्यक् सं मिमीहि श्रवांसि ।।

(૨) અજર શકિત અમારી આહુતિઓનું વહન કરે છે, તે અમારો પિતા છે, તે અમારા અસ્તિત્વમાં વ્યાપીને રહે છે, તેનો પ્રકાશ વિસ્તૃત છે અને

દર્શના પરિપૂર્ણ છે. અમારા[1] ઘરમાં રહેતા સ્વામી પ્રત્યે, તેની માલિકીના બધા બળના આવેગોને અમારામાં પ્રજ્વલિત કર; જ્ઞાનની સર્વ પ્રેરણાઓનું નિર્માણ કરીને, તેમને અમારા પ્રત્યે મોકલ.

विशां कविं विश्पतिं मानुषीणां शुचिं पावकं घृतपृष्ठमग्निम् ।
नि होतारं विश्वविदं दधिध्वे स देवेषु वनते वार्याणि ।।

(૩) ઋષિ, માનવોના સ્વામી, વિશુદ્ધ, મનની સ્પષ્ટતાઓ વડે વિશુદ્ધ કરનાર, સર્વજ્ઞ, સંકલ્પ-શકિતને તમારી આહુતિઓનો પુરોહિત બનાવો, કારણ કે તે તમારે માટે દેવોનાં વરદાનો મેળવે છે.

जुषस्वाग्न इलया सजोषाः यतमानो रश्मिभिः सूर्यस्य ।
जुषस्व नः समिधं जातवेद आ च देवान् हविरद्याय वक्षि ।।

(૪) ઋત-દર્શનાની દેવી (ઈલા) સાથે એકહૃદય બનીને, સૂર્યના પ્રકાશનાં કિરણો વડે અમારામાં પરિશ્રમ કરતો, હે શકિતરૂપ અગ્નિ, તું પ્રેમપૂર્વક અમને વળગી રહે. હે જન્મોને જાણનાર, અમારામાં હૃદય વડે તું ઈન્ધનને પ્રાપ્ત કર, અને અમારી આહુતિઓને જમનાર દેવોને અહીં લઈ આવ.

जुष्टो दमूना अतिथिर्दुरोण इमं नो यज्ञमुप याहि विद्वान् ।
विश्वा अग्ने अभियुजो विहत्या शत्रूयतामा भरा भोजनानि ।।

(૫) હે અમારા દ્વારોવાળા ઘરમાં વસતા, પ્રિય અને સ્વીકૃત અતિથિ, તારા જ્ઞાન વડે તું અમારા યજ્ઞમાં આવ. અમારા પર આક્રમણ કરતી શકિત-ઓનો સંહાર કર; અમારા શત્રુઓનાં ધનોને લઈ આવ.[2]

वधेन दस्युं प्र हि चातयस्व वयः कृण्वानस्तन्वे स्वायै ।
पिपर्षि यत् सहसस्पुत्र देवान्त्सो अग्ने पाहि नृतम वाजे अस्मान् ।।

(૬) ભેદ પાડનારને તું પ્રહાર કરીને હાંકી કાઢ; તારા શરીર માટે વિશાળ સ્થાનને પ્રાપ્ત કર ! હે મહાન દેવ, શકિત, બળના પુત્ર, તું જ્યારે દેવોને

---

૧. અગ્નિ, પરમ સંકલ્પ-શકિત આપણમાં રહે છે; તે આપણા અસ્તિત્વનો પિતા છે, સ્વામી છે. તેણે આપણામાં, દિવ્ય સંકલ્પ અને જ્ઞાન વડે, પૂર્ણ કાર્ય કરવાનું છે.

૨. વિરોધી શકિતઓ પાસે સમૃદ્ધિઓ હોય છે; માનવીને તેમની જરૂર છે; તે સંપૂર્ણ પ્રાચુર્યોને તેણે તેમની પાસેથી જિતી લેવાનાં છે.

તેમના લક્ષ્ય પ્રત્યે વહન કરે છે,[1] ત્યારે તું અમારી સમૃદ્ધિઓનું રક્ષણ કર.

वयं ते अग्न उक्थैर्विधेम वयं हव्यैः पावक भद्रशोचे ।
अस्मे रयिं विश्ववारं समिन्वास्मे विश्वानि द्रविणानि धेहि ।।

(૭) હે વિશુદ્ધ કરનાર સંકલ્પ-શકિત, હે વિશુદ્ધિની જ્વાળા, અમારા શબ્દો તથા અમારી આહુતિઓ વડે અમે અમારા યજ્ઞને તારે માટે યથા-યોગ્ય વ્યવસ્થિત કરીએ; અમારામાં અભીષ્ટ વરદાનોના આનંદને વ્યાપ્ત કર; અમારામાં સમૃદ્ધિઓને સ્થાપિત કર.

अस्माकमग्ने अध्वरं जुषस्व सहसः सूनो त्रिषधस्थ हव्यम् ।
वयं देवेषु सुकृतः स्याम शर्मणा नस्त्रिवरूथेन पाहि ।।

(૮) હે સંકલ્પ-શકિત, અમારા યજ્ઞના ત્રણ લોકોમાં[2] રહેતા, બળના પુત્ર હૃદય વડે અમારા યજ્ઞને વળગી રહે, અમારી આહુતિનો સ્વીકાર કર. અમે દેવોમાં, અમારાં કાર્યોમાં, પરિપૂર્ણ બનીએ; ત્રણ બખ્તરોવાળી[3] તારી શાન્તિ વડે તું અમારું રક્ષણ કર.

विश्वानि नो दुर्गहा जातवेदः सिन्धुं न नावा दुरिताति पर्षि ।
अग्ने अत्रिवन्नमसा गृणानोऽस्माकं बोध्यविता तनूनाम् ।।

(૯) હે જન્મોને જાણનાર, બધાં મુશ્કેલ સ્થાનોમાંથી—પાપોનાં સ્ખલનોમાંથી, નૌકા જેમ સમુદ્ર પાર લઈ જાય તેમ, તું અમને પાર લઈ જા. હે સંકલ્પ-શકિત, અમારાં નમનો વડે અત્રિ (વસ્તુઓનું ભક્ષણ કરનાર) એવો તું અમારામાં જાગ્રત થા, અમારા દેહોને[4] પુષ્ટ કર.

---

૧. માણસમાં કાર્ય કરતો અગ્નિ આપણામાં રહેલી દિવ્ય શકિતઓને તેમના ઋતના તથા આનંદના લક્ષ્ય પ્રત્યે લઈ જાય છે.

૨. માનસિક, પ્રામાણિક અને શારીરિક—એ બધા નિમ્ન જન્મોને, બધા જન્મોને જાણનાર દિવ્ય સંકલ્પ-શકિત જાણે છે, અને તેમની દ્વારા અગ્નિ યજ્ઞને પાર-માનસિક ભૂમિકામાં લઈ જાય છે.

૩. શરીર પ્રાણ-મનમાં રહેલી શાન્તિ, પૂર્ણ સંતુષ્ટિ અને આનંદ

૪. માત્ર શારીરિક જ નહિ, પણ પ્રાણિક, માનસિક કોશો પણ—આત્માના બધા દેહો અથવા સ્વરૂપો.

यस्त्वा हृदा कीरिणा मन्यमानोऽमर्त्यं मर्त्यो जोहवीमि ।
जातवेदो यशो अस्मासु धेहि प्रजाभिरग्ने अमृतत्वमश्याम् ।।

(૧૦) હે સંકલ્પ-શકિત, જન્મોને જાણનાર, હું કાર્ય કરતા હૃદય વડે તારું ધ્યાન કરું છું, મર્ત્ય એવો હું અમર્ત્ય એવા તને બોલાવું છું, અમને વિજય અપાવ; મારાં કાર્યો રૂપી સંતાનો વડે હું અમૃતત્વને ભોગવું.

यस्मै त्वं सुकृते जातवेद उ लोकमग्ने कृणवः स्योनम् ।
अश्विनं स पुत्रिणं वीरवन्तं गोमन्तं रयिं नशते स्वस्ति ।।

(૧૧) હે જન્મોના જાણનાર, તું જેને માટે બીજો આનંદપૂર્ણ લોક[૧] સર્જે છે તેવો પરિપૂર્ણ કાર્યો કરનારો, માણસ જીવનના આવેગોથી, પ્રકાશની ગાયોથી, આત્માનાં સંતાનોથી, શકિતનાં સૈન્યોથી[૨] પરિપૂર્ણ આનંદને પ્રાપ્ત કરે છે.

---

૧. દિવ્ય સંકલ્પ-શકિત, સતત વિસ્તાર તથા આત્મ-સાધના વડ, આપણામાં પાર-માનસિક લોકની રચના કરે છે.

૨. અશ્વ, ગાય, પુત્ર, વીરનાં આ રૂપકો વેદમાં વારંવાર આવે છે. સંતાનો એટલે નવીન આત્મ-રચનાઓ કે જે આપણામાં દિવ્ય વ્યકિતત્વનું—નવીન જન્મોનું સર્જન કરે છે. વીરો એટલે અજ્ઞાન—ભેદ—પાપ—અસત્યના હુમલાઓનો સામનો કરનાર માનસિક તથા નૈતિક બળો. અશ્વો એટલે પ્રાણિક શકિતઓ—સંચાલક બળો, કે જે આપણને દિવ્ય યાત્રામાં આગળ લઈ જાય છે. ગાયો એટલે પાર-માનસિક ઋતમાંથી, પ્રકાશના સૂર્યમાંથી આપણને પ્રાપ્ત થતાં કિરણો—તેજો.

દેવોના આવાહનનું સૂક્ત

[આ સૂક્તમાં દિવ્ય જ્વાળા મારફતે મુખ્ય દેવોને યજ્ઞમાં બોલાવવામાં આવ્યા છે. દરેક દેવના કાર્યનું, આત્માની પરિપૂર્ણતામાં તથા તેના દિવ્ય વિકાસમાં—સિદ્ધિમાં જે જરૂરી કાર્ય દરેક દેવ કરે છે, તેનું વર્ણન કરવામાં આવ્યું છે.]

सुसमिद्धाय शोचिषे धृतं तीव्रं जुहोतन ।
अग्नये जातवेदसे ।।

(૧) બધા જન્મોને જાણનાર, ઊર્ધ્વ પ્રજ્વલિત કરાયેલી જ્વાળારૂપ, વિશુદ્ધ પ્રકાશયુકત, સંકલ્પ-શકિતને તીક્ષ્ણ સ્પષ્ટતાની (ધૃતની) આહુતિ આપો.

नराशंसः सुषूदतीमं यज्ञमदाभ्यः ।
कविर्हि मधुहस्त्यः ।।

(૨) એ દેવોની શકિતઓને અભિવ્યકત કરે છે, અદમ્ય એવો તે વેગ-પૂર્વક આપણા આ યજ્ઞમાં આવે છે, હાથમાં મધુર સોમરસ લઈને આવનાર તે ઋષિ—દ્રષ્ટા છે.

ईलितो अग्न आ वहेन्द्रं चित्रमिह प्रियम् ।
सुखै रथेभिरूतये ।।

૩ હે શકિત, અમે નમન-સ્તુતિ વડે તારી કામના કરીએ છીએ; અમારી વૃદ્ધિ માટે, તું તેના સુખમય[1] રથોમાં, પ્રકાશયુકત વહાલા[2] દેવ—મનને લઈ આવ.

---

૧. બહુવચન દિવ્ય-મનની અનેકવિધ ગતિઓ સૂચવે છે.

૨. ઇન્દ્ર.

ऊर्णम्रदा वि प्रथस्वाभ्यर्का अनूषत ।
भवा नः शुभ्र सातये ।।

(૪) તું વિશાળતાપૂર્વક[1], મૃદતાથી, ખૂબ સંવૃત બનીને વિસ્તાર; અમારા પ્રકાશના અવાજો તારા પ્રત્યે ગતિ કરે છે, અમે જય પામીએ તેટલા માટે, તું અમારામાં શ્વેત પ્રકાશથી યુકત બન.

देवीर्द्वारो वि श्रयध्वं सुप्रायणा न ऊतये ।
प्रप्र यज्ञं पृणीतन ।।

(૫) હે દિવ્ય દ્વારો,[2] ખૂલી જાઓ; અમારા વિકાસ માટે સુખમય માર્ગ ખુલ્લો કરો. અમારા યજ્ઞને આગળ ને આગળ લઈ જઈ, પૂર્ણ બનાવો.

सुप्रतीके वयोवृधा यह्वी ऋतस्य मातरा ।
दोषामुषासमीमहे ।।

(૬) રાત્રિ અને ઉષાની,[3] ઋતની બે માતાઓની, અમારી સન્મુખ સુંદર રીતે પ્રગટ થનાર, અમારા વિશાળ અસ્તિત્વની વૃદ્ધિ કરનાર તે બેની અમે કામના કરીએ છીએ.

वातस्य पत्मन्नीलिता दैव्या होतारा मनुषः ।
इमं नो यज्ञमा गतम् ।।

(૭) હે અમારી માનવતાનાં બે દિવ્ય પુરોહિતો, પૂજાયેલા બે દેવો, જીવનપ્રાણના માર્ગે તમે અમારા યજ્ઞમાં આવો.

इला सरस्वती मही तिस्रो देवीर्मयोभुवः ।
बर्हिः सीदन्त्वस्रिधः ।।

---

૧. આ ઋચા ઈન્દ્રને ઉદ્દેશાયેલી છે. દિવ્ય મનની તે શકિત વડે આપણે પારમાનસિક ઋતને પ્રાપ્ત કરી શકીએ છીએ. પ્રકાશ આપનાર ઈન્દ્રના આગળ દોડતા રથો વડે આપણે દિવ્ય સમૃદ્ધિઓ જિતી શકીએ છીએ.

૨. માનવનો યજ્ઞ પ્રભુ પ્રત્યેની યાત્રા છે, અભીપ્સા છે. ઊઘડતાં દ્વારોમાં પ્રવેશ કરીને આપણે લક્ષ્ય સ્થાનમાં પહોંચી શકીએ છીએ. તે દ્વારો એટલે ગૂઢ સ્વર્ગીય પ્રદેશો, વિકાસ પામતા આત્મા વડે—એક પછી એક જિતાતા પ્રદેશો.

૩. દિવ્ય અને માનવ-ચેતનાના આપણામાં વારાફરતી આવતા ગાળા. આપણી સામાન્ય ચેતનાની રાત્રિ જે વસ્તુને ધારણ કરે છે—તૈયાર કરે છે, તેને ઉષા આપણા સચેતન અસ્તિત્વમાં પ્રગટ કરે છે.

(૮) જ્ઞાનની દર્શના (ઈલા), પ્રવાહમય પ્રેરણા (સરસ્વતી), વિશાળતા (મહી), ત્રણ દેવીઓ, જે આનંદને જન્મ આપે છે, જે સ્ખલન કરતી નથી (અથવા અજ્ઞાનના અંધકાર વડે જેના પર આક્રમણ થતું નથી), તે અમારા યજ્ઞના બર્હિ ઉપર આસન લો.

शिवस्त्वष्टरिहा गहि विभुः पोष उतत्मना ।
यज्ञेयज्ञे न उदव ।।

(૯) હે વસ્તુઓના રચયિતા (ત્વષ્ટા), કલ્યાણકારી એવો તું અમારી પાસે આવ. તારા અસ્તિત્વમાં સર્વને વ્યાપ્ત કરનાર,[1] તારા વડે તથા તારાં પોષણો વડે, અમારા દરેક યજ્ઞમાં અમારા આરોહણને પરિપુષ્ટ કર.

यत्र वेत्थ वनस्पते देवानां गुह्या नामानि ।
तत्र हव्यानि गामय ।।

(૧૦) હે આનંદના સ્વામી (સોમ), જ્યાં તું દેવોનાં ગૂઢ નામોને જાણે છે તે લક્ષ્ય[2] પ્રત્યે અમારી આહુતિઓને લઈ જા.

स्वाहाग्नये वरुणाय स्वाहेन्द्राय मरुद्भ्यः ।
स्वाहा देवेभ्यो हविः ।।

(૧૧) સંકલ્પ-શકિતને તથા વિશાળતાના સ્વામીને (વરુણને) સ્વાહા. દિવ્યમનને (ઈન્દ્રને) તથા[3] વિચાર-શકિતઓને સ્વાહા. અમારી આહુતિઓનું અન્ન દેવોને સ્વાહા. (અર્થાત્, દિવ્ય જીવનને સમર્પણ કરાયેલું બધું જ આત્મ-પ્રકાશમાં, દિવ્ય પ્રકૃતિની આત્મશકિતમાં રૂપાંતર પામો.)

---

૧. વસ્તુઓના રચયિતા તરીકે, દિવ્ય પરમાત્મા દરેક રચેલી વસ્તુને પોતાની અવ્યય આત્મસત્તા વડે તથા વિકારી ભાવ (બનવું તે) વડે વ્યાપ્ત કરે છે; તેને લઈને જીવ વૃદ્ધિ પામતો, નવાં સ્વરૂપો ધારણ કરતો દેખાય છે. પહેલા રૂપે, તે દરેક ભૂતમાં રહેતો સ્વામી અને સ્રષ્ટા છે, બીજા રૂપમાં તે કાર્યોનું સામગ્રી દ્રવ્ય છે.

૨. દિવ્ય આનંદની સ્થિતિ, જેમાં અહીં આપણામાં ગૂઢ રહેલી અસ્તિત્વની શકિતઓ સંપૂર્ણ દેવત્વમાં પ્રગટ થાય છે.

૩. મરુતો આપણા અસ્તિત્વની પ્રાણિક જ્ઞાનતંતુઓની શકિતઓ છે; તેઓ વિચારમાં સચેતન અભિવ્યકિતને પ્રાપ્ત કરે છે; તેઓ ઈન્દ્રનાં—દિવ્ય મનનાં સૂકતો ગાય છે.

યાત્રાની ભડભડતી જ્વાળા-શક્તિઓ

[દિવ્ય શકિતરૂપ અગ્નિની જ્વાળાઓ, કે જે અગ્નિ આપણી વૃદ્ધિ પામતી, વિકાસ કરતી પ્રાણ-શકિતઓનું ઘર તથા મિલન-સ્થાન છે, તે જ્વાળાઓને પરમ કલ્યાણ પ્રત્યે માનવ-યાત્રામાં ગતિ કરતી વર્ણવવામાં આવી છે. દિવ્ય સંકલ્પ-શકિત આપણામાં આવેગયુકત દિવ્ય બળનું, પ્રકાશયુકત અજર શકિત અને જ્વાળાનું સર્જન કરે છે, જેને પ્રાચુર્ય-યુકત અશ્વ રૂપે વર્ણવવામાં આવી છે. તેની જ્વાળાઓને માર્ગ પરના અશ્વો વર્ણવવામાં આવી છે, જે અશ્વો યજ્ઞ વડે વૃદ્ધિ પામે છે; તેઓ વિક્ષેપ વગર આગળ ધપે છે અને સદા વધારે ને વધારે વેગપૂર્વક દોડે છે; તેઓ ગૂઢ જ્ઞાનના, પુરાયેલા પ્રકાશોને લઈ આવે છે. જ્યારે દિવ્ય શકિતને (અગ્નિને) યજ્ઞની આહુતિઓ વડે પરિપૂર્ણ તથા સંતુષ્ટ કરવામાં આવે છે, ત્યારે તે જ્વાળાઓ (અશ્વો) પૂર્ણ શકિતવાળા તથા વેગ-યુકત બને છે.]

अग्निं तं मन्ये यो वसुरस्तं यं यन्ति धेनवः ।
अस्तमर्वन्त आशवोऽस्तं नित्यासो वाजिन इषं स्तोतृभ्य आ भर ।।

(૧) પદાર્થ-દ્રવ્યમાં રહેનાર શકિતનું હું ધ્યાન કરું છું. અમારી પોષણ કરતી ગાયો તથા અમારા વેગયુકત[૧] યુદ્ધ-અશ્વો, તે તેમનું ઘર હોય તેમ તેની (અગ્નિ) તરફ દોડે છે; અમારી પ્રાચુર્યની શકિતઓ, તે તેમનું ઘર હોય તેમ, તેની તરફ દોડે છે, જેઓ તારી સ્તુતિ કરે છે, તેમને તારું વેગનું બળ આપ.[૨]

---

૧. વેદમાં અશ્વ પ્રાણ-શકિતનું રૂપક છે. તેને अर्वत् (યુદ્ધનો અશ્વ), वाजिन्, યાત્રામાં આધ્યાત્મિક ધનને લાવી આપનાર અશ્વ પણ કહેવામાં આવ્યો છે.

૨. આપણા અસ્તિત્વની રાત્રિમાં પણ દિવ્ય પ્રકાશ પ્રત્યેની આપણી યાત્રાને પરિપૂર્ણ કરાવનાર બળ.

सो अग्निर्यो वसुर्गृणे सं यमायन्ति धेनवः ।
समर्वन्तो रघुद्रुवः सं सुजातासः सूरय इषं स्तोतृभ्य आ भर ।।

(૨) તે પદાર્થ-દ્રવ્યમાં રહેનાર બળ છે. અમારી પોષણ કરતી ગાયો, અમારા વેગપૂર્વક દોડતા યુદ્ધ-અશ્વો, અમારામાં પૂર્ણ જન્મ લેતા પ્રકાશયુક્ત ઋષિઓ જેનામાં એકત્ર મળે છે,[1] તેની હું સ્તુતિ કરું છું. જેઓ તારી સ્તુતિ કરે છે, તેમને તારું વેગનું બળ આપ.

अग्निर्हि वाजिनं विशे ददाति विश्वचर्षणिः ।
अग्नी राये स्वाभुवं स प्रीतो याति वार्यमिषं स्तोतृभ्य आ भर ।।

(૩) વૈશ્વિક પરિક્રામ કરનાર સંકલ્પ-શકિત માણસને પ્રાચુર્યનો અશ્વ આપે છે. સંકલ્પ-શકિત આપણા સમગ્ર અસ્તિત્વમાં આનંદ પ્રગટાવે છે; સંતુષ્ટ થયેલો તે અભીષ્ટ કલ્યાણ પ્રત્યે ગતિ કરે છે. જેઓ તારી સ્તુતિ કરે છે, તેમને તારું વેગનું બળ આપ.

आ ते अग्न इधीमहि द्युमन्तं देवाजरम् ।
यद्ध स्या ते पनीयसी समिद् दीदयति द्यवीषं स्तोतृभ्य आ भर ।।

(૪) હે દેવ, જવાળા, જયારે અમે તારા તે અજર પ્રકાશયુકત અગ્નિને પ્રજ્વલિત કરીએ છીએ, ત્યારે અમારાં સ્વર્ગોમાં તારા પરિક્રામની વધારે અસરકારક શકિત ભભૂકી ઊઠે છે. જેઓ તારી સ્તુતિ કરે છે, તેમને તારું વેગનું બળ આપ.

आ ते अग्न ऋचा हविः शुक्रस्य शोचिषस्पते ।
सुश्चन्द्र दस्म विश्पते हव्यवाट् तुभ्यं हूयत इषं स्तोतृभ्य आ भर ।।

(૫) હે સંકલ્પ-શકિત, શુદ્ધ પ્રકાશમય જવાળાના સ્વામી, પ્રકાશક શબ્દ તને આહુતિ આપે છે. હે આહુતિને લઈ જનાર, પ્રાણીના સ્વામી, કાર્યોને સિદ્ધ કરનાર, પૂર્ણ આનંદ-યુકત, તને આહુતિ અપાય છે. જેઓ તારી સ્તુતિ કરે છે, તેમને તારું વેગનું બળ આપ.

प्रो त्ये अग्नयोऽग्निषु विश्वं पुष्यन्ति वार्यम् ।
ते हिन्विरे त इन्विरे त इषण्यन्त्यानुषगिषं स्तोतृभ्य आ भर ।।

(૬) આ બીજી જવાળાઓમાં રહેલી, તારી જ જવાળાઓ દરેક અભીષ્ટ કલ્યાણને પુષ્ટ કરે છે, આગળ વધારે છે; તેઓ દોડે છે, ભભૂકે છે, અટકયા

---

૧. શકિત તથા જ્ઞાનનાં, આપણાં વૃદ્ધિ પામતાં બળો દિવ્ય જ્ઞાન-શકિતના આવિર્ભાવ પ્રત્યે ગતિ કરે છે, અને તેમાં એકત્રિત, સંવાદમય બને છે.

સિવાય વેગપૂર્ણ તેઓ આગળ ધપ્યે જ જાય છે. જેઓ તારી સ્તુતિ કરે છે, તેમને તારું વેગનું બળ આપ.

तव त्ये अग्ने अर्चयो महि व्राधन्त वाजिनः ।
ये पत्वभिः शफानां व्रजा भुरन्त गोनामिषं स्तोतृभ्य आ भर ।।

(૭) હે સંકલ્પ-શકિત, તારાં અગ્નિમય કિરણો પ્રાચુર્યના યુદ્ધ-અશ્વો છે; તેઓ વિશાળતામાં વૃદ્ધિ પામે છે; દબડક દબડક અવાજ કરતી ખરીઓ સાથે તેઓ પ્રકાશયુકત ગાયોના વાડા[1] લઈ આવે છે. જેઓ તારી સ્તુતિ કરે છે, તેમને તારું વેગનું બળ આપ.

नवा नो अग्न आ भर स्तोतृभ्यः सुक्षितीरिषः ।
ते स्याम य आनृचुस्त्वादूतासो दमेदम इषं स्तोतृभ्य आ भर ।।

(૮) હે સંકલ્પ-શકિત, તારી સ્તુતિ કરનારને પોતાનું યોગ્ય ઘર[2] પ્રાપ્ત કરી શકે તેવા વેગનાં નવીન બળ આપ. અમે તને અમારો દૂત બનાવ્યો છે, એટલે અમે દરેક ઘરમાં તારા પ્રકાશની સ્તુતિ ગાઈએ, એમ કર. જેઓ તારી સ્તુતિ કરે છે, તેમને તારું વેગનું બળ આપ.

उभे सुश्चन्द्र सर्पिषो दर्वी श्रीणीष आसनि ।
उतो न उत्पुपूर्या उक्थेषु शवसस्पत इषं स्तोतृभ्य आ भर ।।

(૯) હે પૂર્ણ આનંદવાળા, તું તારા મુખથી વહેતી સમૃદ્ધિવાળા[3] બંને પાત્રને ચાટે છે. હે પ્રકાશયુકત બળના સ્વામી, અમારા મંત્રોચ્ચાર વડે તું પરિપૂર્ણ થા. જેઓ તારી સ્તુતિ કરે છે, તેમને તારું વેગનું બળ આપ.

---

૧. ઇન્દ્રિય કાર્યના સ્વામીઓએ અવચેતનની ગુફામાં પૂરી રાખેલા, દિવ્ય ઋતના પ્રકાશો.

૨. અર્થાત્, તે આપણને આપણા ઋત-લોકમાંના ઘરમાં લઈ જાય છે, જે પારચેતન ભૂમિકા છે, અગ્નિનું પોતાનું ઘર છે; ત્યાં ગયા પછી આ બધા આવેગોને આરામ, નિવાસ-સ્થાન મળે છે. દિવ્ય પ્રકાશક શબ્દની શકિત, એક ભૂમિકા પરથી બીજી ભૂમિકા પર આરોહણ કરીને, તેને ખોલી નાખે છે, અને ઘરને પહોંચી જાય છે.

૩. કદાચ, દિવ્ય અને માનવ આનંદ.

एवाँ अग्निमजुर्यमुर्गीर्भिर्यज्ञेभिरानुषक् ।
दधदस्मे सुवीर्यमुत त्यदास्वश्व्यमिषं स्तोतृभ्य आ भर ।।

(૧૦) અમારા શબ્દો તથા યજ્ઞો વડે, તેઓ વિક્ષેપ વગર શકિતને ગતિ આપે છે અને નિયમિત કરે છે. તે (અગ્નિ) અમારામાં સંપૂર્ણ શકિતને[૧] તથા વેગપૂર્વક દોડતા બળને[૨] સ્થાપિત કરો. જેઓ તારી સ્તુતિ કરે છે, તેમને તારું વેગનું બળ આપ.

---

૧. યુદ્ધ કરતા આત્માની વીર-શકિત.

૨. आशु अश्व्यम; વેગપૂર્ણ અશ્વ-શકિત. आशु અને अश्व બંને શબ્દો વેગ-સૂચક છે.

દિવ્ય સંકલ્પ શક્તિ–કામના કરનાર, ઉપભોગ કરનાર, પશુથી માંડીને આનંદ તથા જ્ઞાન સુધી વિકાસ સાધનાર

[અગ્નિ આપણા માનવ અસ્તિત્વમાં ઋતના કિરણને તથા આનંદને લાવે છે; આપણા અંધકારની રાત્રિમાં પ્રકાશ લાવે છે; તેવા દિવ્ય શકિતરૂપ અગ્નિની આ સૂકતમાં સ્તુતિ કરવામાં આવી છે, પરિશ્રમ કરતા માનવીઓને તે પોતાની અનંત ભૂમિકાઓ પર લઈ જાય છે; તે પાર્થિવ ઉપભોગની વસ્તુઓને ભોગવે છે અને ચીરી નાખે છે; પણ તેની કામનાઓનો સમૂહ વૈશ્વિકતાની રચના કરવા માટે, માનવના અસ્તિત્વમાં—દિવ્ય ઘરમાં સર્વ-આલિંગક ઉપભોગ કરવા માટે હોય છે. પ્રકૃતિની વિકાસકારક ગતિ વડે ઉપભોકતા તરીકે ગતિ કરતો તે પશુ છે, વનમાં કુહાડી વડે ગતિ કરનાર માણસ પેઠે, તે ધીમે ધીમે સિદ્ધિ તથા આનંદ પ્રત્યે આગેકૂચ કરી રહ્યો છે. માણસ તેના આ આવેગમય, ઊર્મિમય, પશુજીવનને, શાન્તિ તથા આનંદની પ્રાપ્તિ દ્વારા વિશુદ્ધ બનાવવા માટે અગ્નિને સોંપે છે; તેમાં તે દિવ્ય પ્રકાશ, જ્ઞાન તથા આત્માની જાગ્રત સ્થિતિ સ્થાપિત કરે છે.]

सखायः सं वः सम्यञ्चमिषं स्तोमं चाग्नय ।
वर्षिष्ठाय क्षितिनामूर्जो नप्त्रे सहस्वते ।।

(૧) હે સાથીદારો, તમારામાં આવેગની સંપૂર્ણ શકિત, આપણા ઘરના લોકો પર[1] સર્વ પ્રાચુર્યોને વરસાવતા બળની સંપૂર્ણ સ્વીકૃતિ, બળના પુત્ર માટે, શકિતના સ્વામી માટે છે.

कुत्रा चिद् यस्य समृतौ रण्वा नरो नृषदने ।
अर्हन्तश्चिद् यमिन्धते संजनयन्ति जन्तवः ।।

---

૧. અથવા, લોકમાં રહેનાર સર્વ પ્રાણીઓ પર.

(૨) જ્યાં જ્યાં માનવનો આત્મા તેની સાથે સંપૂર્ણ મિલન પામે છે, ત્યાં ત્યાં તે પોતાના ઘરમાં આનંદથી પરિપૂર્ણ બને છે. બળમાં કુશળ લોકો પણ જ્વાળાને પ્રજ્વલિત કરવાનું ચાલુ રાખે છે, અને બધાં જન્મેલાં પ્રાણીઓ તેના પરિપૂર્ણ જન્મને લાવે છે.

सं यदिषो वनामहे सं हव्या मानुषाणाम् ।
उत द्युम्नस्य शवस ऋतस्य रश्मिमा ददे ।।

(૩) જ્યારે અમે આવેગનાં બળો પર સંપૂર્ણ સ્વામિત્વ પ્રાપ્ત કરીને તેમનો આનંદ માણીએ છીએ, માણસો યજ્ઞ તરીકે જે જે અર્પણ કરે છે તેને પામ કરીને તેમનો સંપૂર્ણ આનંદ માણીએ છીએ ત્યારે, પ્રકાશયુકત, જાજ્વલ્યમાન શકિતઓવાળા[1] ઋતના કિરણને હું પ્રાપ્ત કરું છું.

स स्मा कृणोति कतुमा नक्तं चिद् दूर आ सते ।
पावको यद् वनस्पतीन् प्र स्मा मिनात्यजरः ।।

(૪) જ્યારે અજર, વિશુદ્ધિકરણ કરનાર અગ્નિ આનંદનાં વનોના સ્વામીઓને[2] દબાવીને રસ કાઢે છે, ત્યારે રાત્રિમાં દૂર બેઠેલા માણસ માટે પણ તે દર્શનાના પ્રકાશનું સર્જન કરે છે.

अव स्म यस्य वेषणे स्वेदं पथिषु जुह्वति ।
अभीमह स्वजेन्यं भूमा पृष्ठेव रुरुहुः ।।

(૫) જ્યારે તેના વર્તુળમાં, માણસો પોતાના પરિશ્રમના પ્રસ્વેદને,[3] માર્ગ ઉપર આહુતિઓ તરીકે અર્પણ કરે છે, ત્યારે તેઓ વિશાળ ભૂમિકાઓ[4] પર, જ્યાં તે આત્માનંદમાં[5] બેસે છે ત્યાં આરોહણ કરે છે.

---

૧. અથવા, પ્રકાશના, પ્રકાશયુકત શકિતનાં, ઋતના કિરણને.....

૨. वनस्पतीन् ના બે અર્થો છે—એક વૃક્ષો, વનના પતિઓ, આપણા ભૌતિક અસ્તિત્વ રૂપી પૃથ્વીની વૃદ્ધિઓ; અને આનંદના—સોમના સ્વામીઓ, અમૃત બનાવનાર રસના સ્વામીઓ.

૩. તેના બે અર્થો છે—એક પરસેવો; અને બીજો—હોમદ્રવ્યનાં સમૃદ્ધ, ઝરતાં કણો.

૪. આ ઋત પર પ્રતિષ્ઠિત, અસ્તિત્વની વિશાળ, મુકત, અનંત ભૂમિકાઓ છે; આ ખુલ્લી ભૂમિકાઓ ખરબચડી વકતાઓ, કે જે માણસની દર્શનાને મર્યાદિત બનાવે છે. અને તેની યાત્રામાં વિઘ્ન નાખે છે, તેમની વિરોધી છે.

૫. અથવા, આત્મ-વિજયી.

यं मर्त्यः पुरुस्पृहं विदद् विश्वस्य धायसे ।
प्र स्वादनं पितूनामस्ततातिं चिदायवे ।।

(૬) જે મનુષ્યમાં તે અગ્નિ પોતામાં સ્થાપિત થાય એવી સર્વ કામનાઓ છે, તે તેને દેવ તરીકે જાણશે; કારણ કે તે સર્વ ભોજ્યોના મધુર સ્વાદને પ્રાપ્ત કરે છે, અને માનવમાં તે પોતાના ઘરનું[1] નિર્માણ કરે છે.

स हि ष्मा धन्वाक्षितं दाता न दात्या पशुः ।
हिरिश्मश्रुः शुचिदन्नृभुरनिभृष्टतविषिः ।।

(૭) આપણે જેના પર પોતાના ભોજ્યને ફાડી ખાતા પશુની પેઠે નિવાસ કરીએ છીએ, તે રણને (પાર-ચેતન આનંદમાંથી તથા ऋતમાંથી અવતરણ કરતાં ઝરણાં તથા નદીઓ જેને આપ્લાવિત કરતાં નથી, તેવું ભૌતિક અસ્તિત્વ) અગ્નિ છિન્ન-ભિન્ન કરી નાખે છે. આ પશુની દાઢી સોનેરી પ્રકાશમય છે, તેની દાઢ વિશુદ્ધિ છે, તેનામાં રહેલી શકિત તેની ઉષ્માઓથી વેદના પામતી નથી.

शुचिः ष्म यस्मा अत्रिवत् प्र स्वधितीव रीयते ।
सुषूरसूत माता क्राणा यदानशे भगम् ।।

(૮) વસ્તુઓનું ભક્ષણ કરનાર અગ્નિ (અત્રિ) માટે, પ્રકૃતિનો વહેતો વિકાસ[2] કુહાડી વડે કરાયો હોય તેમ વિશુદ્ધ છે. તેની માતાએ, સુખમય પ્રસૂતિ વડે, તેનો જન્મ આપ્યો છે કે જેથી તે માતાનાં કાર્યો કરે અને ઉપભોગને માણે. (અહીં ઉપભોગ તે ભગ દેવ છે, ऋતની ઉપભોકતૃ-શકિત, દિવ્ય ઉપભોગ છે.)

---

૧. માનવના આ ઘરને, ઉચ્ચતર અસ્તિત્વના દિવ્ય લોકને, તેનામાં રહેલા દેવો, યજ્ઞ દ્વારા, તેના અસ્તિત્વમાં રચે છે. આ ઘર તે પરિપૂર્ણ આનંદ છે, જેમાં બધી માનવ કામનાઓએ તથા ઉપભોગોએ પોતાનું રૂપાંતર કરવાનું હોય છે. એટલે વિશુદ્ધિ કરનાર અગ્નિ ભૌતિક અસ્તિત્વનાં બધાં રૂપોનું તથા ઉપભોગનું ભક્ષણ કરે છે, જેથી તે દિવ્ય રૂપાંતર પામે.

૨. અહીં स्वधिति શબ્દના બે અર્થો છે—એક કુહાડી, અને બીજો સ્વધા (પ્રકૃતિની આત્મ વ્યવસ્થાપક શકિત). દિવ્ય શકિત ભૌતિક અસ્તિત્વનાં જંગલોને, કુહાડી વડે હોય તેમ, વિશુદ્ધ કરતી ચાલે છે. પણ તે કુહાડી પ્રકૃતિની આત્મ-વ્યવસ્થાપક વિકાસ-શકિત છે; તે વિકાસ-શકિત (સ્વધા), વિશ્વ શકિતરૂપી માતા-માંથી બળનો પુત્ર, દિવ્ય શકિતરૂપ અગ્નિ જન્મ્યો છે.

आ यस्ते सर्पिरासुतेऽग्ने शमस्ति धायसे ।
ऐषु द्युम्नमुत श्रव आ चित्तं मर्त्येषु धाः ।।

(૯) હે શકિત, હે વહેતી સમૃદ્ધિને અમારા પર દબાણ વડે વરસાવનાર, જ્યારે તને કોઈ તારાં કાર્યોને સ્થાપવા માટે હર્ષપૂર્ણ શાન્તિવાળી[1] વ્યકિત જડે છે, ત્યારે તેનામાં તું પ્રકાશને, પ્રેરણાયુકત જ્ઞાનને અને સચેતન આત્માને સ્થાપી આપે છે.

इति चिन्मन्युमध्रिजस्त्वादातमा पशुं ददे ।
आदग्ने अपृणतोऽत्रिः सासह्याद् दस्यूनिषः सासह्यान्ह्नन

(૧૦) ભૌતિક અસ્તિત્વમાં હું આ હેતુ માટે જન્મ્યો હતો; એવો હું તારી બક્ષિસો રૂપે ઊર્મિમય મન તથા પશુ શરીર[2] મેળવું છું. હે સંકલ્પ-શકિત, વસ્તુઓનું ભક્ષણ કરનાર (અત્રિ) તેની પૂર્ણતા માટે સેવા ન બજાવનાર, ભેદમય શકિતઓને[3] (દસ્યુઓને) પરાજિત કરો; તે અગ્નિ આવેગપૂર્વક આક્રમણ કરનાર જીવોનો પરાજય કરો.

---

૧. વેદમાં शम અને शर्मना અર્થ શાન્તિ તથા આનંદ છે, જે આનંદ યજ્ઞનું કાર્ય પરિપૂર્ણ થવાથી—પરિશ્રમ લેખે લાગવાથી (शमी) જન્મે છે; યુદ્ધની તથા યાત્રાની મહેનતને ત્યારે આરામ મળે છે; ત્યારે સંઘર્ષ અને પરિશ્રમની વેદનાથી મુકત, આનંદનો પાયો પ્રાપ્ત થાય છે.

૨. આવેગયુકત મન તે પશુ છે. પણ વેદમાં ઘણી વાર તે ગાય માટે, પ્રકાશના કિરણ માટે પણ વપરાયો છે. તે અર્થ લઈએ, તો તેનો અર્થ 'ઊર્મિમય મન તથા પ્રકાશયુકત મન' થાય પણ પહેલો અર્થ સૂકતના સંદર્ભ સાથે અને પહેલાં તે વપરાયેલા શબ્દના અર્થ સાથે સુસંગત છે.

૩. દસ્યુઓ આત્માની વૃદ્ધિને તથા એકતાને છેદી નાખે છે, અને તેના દિવ્ય આનંદ, જ્ઞાન, બળ પર આક્રમણ કરી, તેમને હરાવવા માગે છે, તેઓ અંધકારની શકિતઓ છે, ભેદમય અસ્તિત્વના-દિતિના—દનુના પુત્રો છે.

વૈશ્વિક પરિપૂર્ણતા લાવનાર, દિવ્ય સંકલ્પ-શક્તિ

[પ્રાચીન સમયથી ચાલતી આવતી મહાન અભીપ્સા અને ઉચ્ચ પ્રયાસની સ્તુતિ કર્યા પછી, ઋષિ આપણામાં રહેલી, નિકટતમ, યજ્ઞના પુરોહિતરૂપ ઘરના માલિક, દિવ્ય સંકલ્પ-શક્તિરૂપ અગ્નિની સ્તુતિ કરે છે, કે જે દેવ વૈશ્વિક આવેગનાં અનેક રૂપોને પરિપૂર્ણ કરે છે, અને તેને ક્રિયામાં તથા જ્ઞાનમાં પ્રોત્સાહન આપે છે, તેમજ દોરવણી આપે છે.]

त्वामग्न ऋतायवः समीधिरे प्रत्नं प्रत्नास ऊतये सहस्कृत ।
पुरुश्चन्द्रं यजतं विश्वधायसं दमूनसं गृहपतिं वरेण्यम् ।।

(૧) હે સંકલ્પ-શક્તિ, અમારામાં શક્તિ રૂપે સર્જન કરાયેલા હે દેવ, ઋતના પ્રાચીન શોધકોએ પોતાના અસ્તિત્વમાં વૃદ્ધિને પ્રાપ્ત કરવા માટે, મૂળશક્તિ રૂપ તને જ સંપૂર્ણપણે પ્રજ્વલિત કર્યો હતો, તે દેવ યજ્ઞનો સ્વામી છે, આનંદના સમૂહોને તેણે સ્થાપિત કર્યા હોવાને કારણે તે સર્વને સ્થાપિત કરે છે (અથવા, પરિપુષ્ટ કરે છે); તે અમારામાં રહેલો છે, ઘરનો સ્વામી છે, પરમ અભીષ્ટ એવો ઘરનો સહવાસી છે.

त्वामग्ने अतिथिं पूर्व्यं विशः शोचिष्केशं गृहपतिं नि षेदिरे ।
बृहत्केतुं पुरुरूपं धनस्पृतं सुशर्माणं स्ववसं जरद्विषम् ।।

(૨) હે સંકલ્પ-શક્તિ, પરમ અતિથિ, ઘરના માલિક, પ્રકાશયુક્ત કેશાવલિ-વાળા તને લોકો પાયા તરીકે સ્વીકારે છે, કારણ કે તારામાં વિશાળ દર્શના છે, અનેક સ્વરૂપો છે, અમારી સમૃદ્ધિઓ પ્રાપ્ત કરવાની શક્તિ છે, પરિપૂર્ણ શાન્તિ છે. પરિપૂર્ણ અસ્તિત્વ છે, શત્રુઓનો સંહાર કરવાની તાકાત છે. (આ શત્રુઓ માનવી દુશ્મનો નથી; આ વિરોધી શક્તિઓ આપણા અસ્તિત્વની એકતાને તથા પરિપૂર્ણતાને ભાંગી નાખવા પ્રયત્ન કરતી હોય છે; આપણી માલિકીની સમૃદ્ધિઓ આપણે તેમની પાસેથી જિતી લેવાની હોય છે.)

त्वामग्ने मानुषीरीलते विशो होत्राविदं विविचिं रत्नधातमम् ।।
गुहा सन्तं सुभग विश्वदर्शतं तुविष्वणसं सुयजं घृतश्रियम् ।।

(૩) હે સંકલ્પ-શકિત, યજ્ઞની શકિતઓના જ્ઞાનવાળા તને માનવીઓ પૂજન વડે પ્રાપ્ત કરવા ઇચ્છે છે; યોગ્ય વિવેચના-શકિતવાળો તું અમારે માટે પરિપૂર્ણ આનંદને ધારણ કરે છે; હે પરિપૂર્ણ ઉપભોકતા, વૈશ્વિક દૃષ્ટિથી જોતો, તારા અનેક અવાજોને વરસાવતો, યજ્ઞને યોગ્ય વિધિપૂર્વક કરતો, ઘૃત (સ્પષ્ટતા)ના યશ વડે પ્રકાશતો, તું અમારા ગૂઢ અસ્તિત્વમાં બેઠેલો છે.

त्वामग्ने घर्णसि विश्वधा वयं गीर्भिर्गृणन्तो नमसोप सेदिम ।
स नो जुषस्व समिधानो अङ्गिरो देवो मर्तस्य यशसा सुदीतिभिः ।।

(૪) હે બધી વસ્તુઓના નિયમનું વૈશ્વિકતામાં પરિપાલન કરનાર, અમે સમર્પણ અને નમન વડે તારી પાસે આવીએ છીએ, શબ્દો વડે તને અભિવ્યકત કરીએ છીએ. હે શકિતશાળી ઋષિ, મર્ત્યના વિજય (સિદ્ધિ અથવા તેજ વડે) વડે તથા યોગ્ય પ્રકાશો વડે ઊર્ધ્વમાં ઝળહળતો એવો તું દેવ અમને મંજૂરી આપ, અમને વળગી રહે.

त्वमग्ने पुरुरूपो विशेविशे वयो दधासि प्रत्नथा पुरुष्टुत ।
पुरूण्यन्ना सहसा वि राजसि त्विषिः सा ते तित्विषाणस्य नाधृषे ।।

(૫) હે અનેક રીતે સ્તુતિ કરાયેલી સંકલ્પ-શકિત, તું માનવને યોગ્ય હોય તેવાં અનેક રૂપો ધારણ કરે છે; પહેલાંની પેઠે, દરેક માનવ માટે તેના વિશાળ આવિર્ભાવને સ્થાપિત કરે છે; તારી શકિત વડે તું તારાં અનેક ભોજ્યોને પ્રકાશિત કરે છે; તું જ્યારે પ્રજ્વલિત થાય છે, ત્યારે કોઈ તારા પ્રકાશની જ્વાળાને ઇજા કરી શકતું નથી.

त्वामग्ने समिधानं यविष्ठ्य देवा दूतं चक्रिरे हव्यवाहनम् ।
उरुज्त्रयसं घृतयोनिमाहुतं त्वेषं चक्षुर्दधिरे चोदयन्मति ।।

(૬) હે સૌથી યુવાન શકિત, દિવ્ય સંકલ્પ, દેવોએ તને ઊર્ધ્વમાં પ્રજ્વલિત કરીને, માનવ પ્રત્યે તને તેમના દૂત તરીકે મોકલ્યો છે; માનવની આહુતિઓ તું દેવો માટે લઈ જાય છે; તારા વેગો વિશાળ છે, તું સ્પષ્ટતામાંથી (ઘૃતમાંથી) જન્મ્યો છે, તું આહુતિઓને સ્વીકારે છે; દેવોએ માનવમાં તને તેના મનને પ્રેરિત કરતી જાજ્વલ્યમાન તીક્ષ્ણ ચક્ષુ તરીકે સ્થાપ્યો છે.

त्वामग्ने प्रदिव आहुतं घृतैः सुम्नायवः सुषमिधा समीधिरे ।
स वावृधान ओषधीभिरुक्षितोऽभि ज्त्रयांसि पार्थिवा वि तिष्ठसे ।।

(૭) હે સંકલ્પ-શકિત, આનંદને શોધનાર માણસો, તેમની સ્પષ્ટતાઓ (ઘૃત) વડે તને પુષ્ટ કરીને, તને[1] સ્વર્ગની (સિદ્ધિની, તેજની) સન્મુખ ઊર્ધ્વમાં પ્રજ્વલિત કરે છે; તે રીતે વૃદ્ધિ પામતો, તેની ઉષ્માઓને ધારણ કરતી વૃદ્ધિઓ વડે પ્રસરતો, તું વિશાળતાપૂર્વક પાર્થિવ જીવનની વેગમય ગતિઓમાં પ્રવેશ કરે છે.

---

૧. સ્વર્ગ તથા પૃથ્વી, વિશુદ્ધ માનસિક તથા ભૌતિક ચેતના.

પશુમાંથી મનમાં આરોહણ કરતી, દિવ્ય સંકલ્પ-શક્તિ

[ભૌતિક ચેતના પર જેના વડે શુદ્ધ માનસિક ચેતના કાર્ય કરે છે, તે દિવ્ય સંકલ્પ-શકિતના જન્મને ઋષિ આ સૂકતમાં ગાય છે. ભૌતિક ચેતના માણસના સામાન્ય મર્ત્ય જીવનમાં—ઊર્મિઓમાં, જ્ઞાનતંતુઓમાં, આવેગોમાં, વક્ર કાર્યોમાં, વિનાશી ઉપભોગોમાં ગૂંચવાયેલું રહે છે. તે જીવન આપણા અસ્તિત્વની ત્રીજી ભૂમિકા પર આરોહણ કરે છે, જ્યાં મુકિતની તથા આધ્યાત્મિક વિજયની અસર-કારક શકિતઓમાં તેને તીક્ષ્ણ અને સ્પષ્ટ ઘાટ આપવામાં આવે છે. તે દિવ્ય સંકલ્પ-શકિત આપણા અસ્તિત્વના બધા જન્મોને-ભૂમિકાઓને જાણે છે, અને યજ્ઞની સર્વ આહુતિઓને, સતત તથા ક્રમિક ગતિમાં, દિવ્ય લક્ષ્ય પ્રત્યે—પોતાના ઘર પ્રત્યે દોરી જાય છે.]

त्वामग्ने हविष्मन्तो देवं मर्तास ईलते ।
मन्ये त्वा जातवेदसं स हव्या वक्ष्यानुषक् ।।

(૧) હે સંકલ્પ-શકિત, મર્ત્યો આહુતિ વડે દેવ એવા તને પ્રાપ્ત કરવા મથે છે. જન્મો જાણનાર એવા તારું હું ધ્યાન કરું છું; તેથી વિક્ષેપ વગર તું અમારી આહુતિઓને લક્ષ્ય પ્રત્યે લઈ જાય છે.

अग्निर्होता दास्वतः क्षयस्य वृक्तबर्हिषः ।
सं यज्ञासश्चरन्ति यं सं वाजासः श्रवस्यवः ।।

(૨) આહુતિ આપનાર, યજ્ઞના બર્હિના આસનને વિસ્તરનાર માણસની આહુતિઓનો પુરોહિત સંકલ્પ-શકિત છે; તેમ કરવાથી તે માણસ લક્ષ્યને પ્રાપ્ત કરે છે, કારણ કે તે અગ્નિમાં આપણા યજ્ઞનાં કાર્યો એકત્રિત થાય છે; ઋતની પ્રેરણાઓનાં આપણાં પ્રાચુર્યો તેનામાં રહેલાં છે.

उत स्म यं शिशुं यथा नवं जनिष्टारणी ।
धर्तारं मानुषीणां विशामग्निं स्वध्वरम् ।।

(૩) એ વાત સાચી છે કે[1] બે ક્રિયાઓમાંથી તું, એક નવજાત શિશુની પેઠે, જન્મે છે. સંકલ્પ-શકિત માનવોને ધારણ કરે છે, યજ્ઞને યોગ્ય રીતે વહન કરે છે.

उत स्म दुर्गृभीयसे पुत्रो न ह्वार्याणाम् ।
पुरू यो दग्धासि वनाग्ने पशुर्न यवसे ।।

(૪) એ વાત પણ સાચી છે કે જ્યારે તું ચરામાં ચરતા પશુની પેઠે અનેક આનંદની વૃદ્ધિઓનું ભક્ષણ કરે છે, ત્યારે[2] વક્રતાઓના પુત્ર એવા તને પકડવો એ કઠિન કાર્ય છે.

अध स्म यस्यार्चयः सम्यक् संयन्ति धूमिनः ।
यदीमह त्रितो दिव्युप ध्मातेव धमति शिशीते ध्मातरी यथा ।।

(૫) પણ પછી ધૂમ્રમય આવેગોવાળાં, તારાં અગ્નિમય કિરણો સંપૂર્ણ રીતે એકત્રિત બને છે; ત્યારે ત્રીજો આત્મા[3], ભઠ્ઠી પાસે કામ કરતા લુહારની પેઠે, આપણા આકાશમાં તેને ઘાટ આપે છે, તેને તીક્ષ્ણ આયુધની પેઠે ઘસીને ધાર ચઢાવે છે.[4]

तवाहमग्न ऊतिभिर्मित्रस्य च प्रशस्तिभिः ।
द्वेषोयुतो न दुरिता तुर्याम मर्त्यानाम् ।।

---

૧. બે અરણિઓ, જેમના ઘર્ષણથી અગ્નિ પેદા થાય છે; અરણિ શબ્દ અર્ય (अर्, ગતિ કરવી) સાથે સંબંધિત છે; એટલે તેનો અર્થ ક્રિયા પણ થાય. આકાશ-પૃથ્વી તેનાં પિતા તથા માતા છે.

૨. ઘણું કરીને, એ આપણા મર્ત્ય અસ્તિત્વમાં વાંકીચૂંકી વહેતી, સાત નદીઓ અથવા ગતિઓ છે.

૩. ત્રિત આપ્ત્ય, માનસિક ભૂમિકાનો ત્રીજો પુરુષ. પરંપરાગત માન્યતામાં તેને ઋષિ કહેવામાં આવ્યો છે. તેના બે ભાઈઓનાં નામ एक અને द्वित (બીજો) છે; તે ભૌતિક તથા પ્રાણિક ચેતનાના પુરુષો હોવા જોઈએ. વેદમાં ત્રિત આપ્ત્ય લગભગ દેવ મનાયો છે.

૪. મૂળમાં આની શૈલી તથા સૂચન બહુ સંઘટ્ટ અને અર્થગર્ભ છે, વેદમાં આવતી સામાન્ય અર્થગર્ભતા કરતાં પણ વધારે. અનુવાદમાં, તેનો અર્થ સ્પષ્ટ કરવા માટે, જરાક વિસ્તાર કરવામાં આવ્યો છે.

(૬) હે સંકલ્પ-શકિત, તારા વિસ્તારો વડે, મિત્રના સ્વામી તરીકેની તારી અભિવ્યકિતઓ વડે, શત્રુઓએ જેમના પર આક્રમણ કર્યું અને વિસંવાદોએ જેમને ઘેરો ઘાલ્યો છે એવા, મર્ત્યો અમે આ સ્ખલનોને વટાવી જઈને, પાર પહોંચીએ.

तं नो अग्ने अभी नरो रयिं सहस्व आ भर ।
स क्षेपयत् स पोषयद् भुवद् वाजस्य सातय उतैधि पृत्सु नो वृधे ।।

(૭) હે શકિતશાળી સંકલ્પ, મર્ત્ય જીવાત્માઓને તું તે સુખ લાવી આપ. તે અમને અમારા માર્ગમાં આગળ વેગપૂર્વક ગતિ કરાવે; પ્રાચુર્યને જિતવા અમે સમર્થ બનીએ તેટલા માટે, તે અમારું પોષણ કરે, અમારી વૃદ્ધિ કરે. અમારાં યુદ્ધોમાં અમારો સાથીદાર બની આગેકૂચ કર, જેથી અમારી વૃદ્ધિ થાય.

સિદ્ધિ પામનાર ભવ્ય આત્માઓનું સૂક્ત

[શકિત, જ્ઞાન અને આનંદની ત્રિવિધ શકિત વડે પોતાનામાં કાર્ય કરવા માટે, ઋષિ દિવ્ય જવાળાને પ્રાર્થના કરે છે. ઋત અને વિશાળતાને પ્રાપ્ત કરેલા, માનવ-જાતિમાં જ્ઞાનને પ્રાપ્ત કરેલા, ભવ્ય આત્માઓનું તે કથન કરે છે. દિવ્ય સ્વામિત્વને પ્રાપ્ત કરવા માટે ઊર્ધ્વમાં આરોહણ કરતા આપણામાં કાર્ય કરી રહેલી, પરાત્પર ચેતનાશકિતની જવાળાનાં તેઓ જાજવલ્યમાન, વિજયી કિરણો છે. કેટલાક માનવો તેવા આત્માઓ બની ચૂકયા છે; બીજાઓ હજી વિક્ષેપ અનુભવી રહ્યા છે, છતાં તેઓ વૃદ્ધિને પામતા જાય છે. બધા જ સમૃદ્ધ, સર્વ-સમાવેશક વૈશ્વિકતાને પ્રાપ્ત કરી શકે તેટલા માટે, ઋષિ અગ્નિની વૃદ્ધિને પામતી સ્વીકૃતિ-પ્રાર્થના કરે છે.]

अग्न ओजिष्ठमा भर द्युम्नमस्मभ्यमध्रिगो ।
प्र नो राया परीणसा रत्सि वाजाय पन्थाम् ।।

(૧) હે જવાળા, અમારા પરિમિત અસ્તિત્વમાં રહેલા હે કિરણ, પરિપૂર્ણ શકિતવાળા પ્રકાશને તું અમારે માટે લઈ આવ; સર્વ-વ્યાપક સુખ વડે, પ્રાચુર્યને પહોંચાડતા અમારા માર્ગને કાપી-કૂપીને સીધો બનાવ.

त्वं नो अग्ने अद्भुत क्रत्वा दक्षस्य मंहना ।
त्वे असुर्यमारुहत् क्राणा मित्रो न यज्ञियः ।।

(૨) હે પરમ અદ્ભુત જવાળા, તું જ, સંકલ્પ-શકિત વડે, અમારામાં વિવેચના-શકિતની મહત્તા બને છે; તારા વડે સર્વ-સંવાદમય મિત્ર[૧] યજ્ઞના

---

૧. પ્રેમનો સ્વામી, મિત્ર દેવ, જે આપણામાં દિવ્ય પ્રયાસમાં સંવાદમયતાના તત્ત્વને દાખલ કરે છે, અને આપણા યજ્ઞની જુદી જુદી ક્રિયાઓ—વિકાસની રેખાઓને સંગઠિત કરે છે, જેથી આખરે જ્ઞાન-શકિત-આનંદની પરમ એકતામાં આપણું કાર્ય સિદ્ધ થાય છે.

કાર્યને સિદ્ધ કરે છે, અને દિવ્ય સ્વામિત્વ[1] પ્રત્યે આરોહણ કરે છે.

त्वं नो अग्न एषां गयं पुष्टिं च वर्धय ।
ये स्तोमेभिः प्र सूरयो नरो मघान्यानशुः ।।

(૩) હે બળ, આ જ્ઞાનના ભવ્ય જીવાત્માઓ, કે જેઓ તારી સ્વીકૃતિ વડે માનવની પરિપૂર્ણતાઓને પ્રાપ્ત કરે છે, તેમના વિકાસને તથા વૃદ્ધિઓને આગળ ધપાવ.

ये अग्ने चन्द्र ते गिरः शुम्भन्त्यश्वराधसः ।
शुष्मेभिः शुष्मिणो नरो दिवश्चिद् येषां बृहत् सुकीर्तिर्बोधति त्मना ।।

(૪) હે આનંદરૂપ શકિત, આ આત્માઓ પાસે જીવનની વેગપૂર્ણ શકિતઓની સમૃદ્ધિ છે, તેઓ પોતાના વિચારના શબ્દોને સુખમય પ્રકાશમાં પલ્ટી નાખે છે, તેમનામાં વીર-શકિત છે; તેમને માટે સ્વર્લોકમાં[2] પણ વિશાળતા છે; તેમને માટે—તેમના જ્ઞાન માટે, તે લોક પોતે જાતે જ પોતાના પરિપૂર્ણ કાર્યને ખુલ્લું કરે છે.

तव त्ये अग्ने अर्चयो भ्राजन्तो यन्ति धृष्णुया ।
परिज्मानो न विद्युतः स्वानो रथो न वाजयुः ।।

(૫) હે બળ, આ જીવો ઉગ્રતાપૂર્વક પ્રજ્વલિત બનીને વિચરતાં, તારાં પ્રકાશયુકત કિરણો છે; સર્વ દિશાઓમાં ઝબૂકતી વિદ્યુતો છે; પ્રાચુર્ય પ્રત્યે ગતિ કરતો; દિશાઓને ગજાવી મૂકતો રથ છે.

नू नो अग्ने ऊतये सबाधसश्च रातये ।
अस्माकासश्च सूरयो विश्वा आशास्तरीषणि ।।

(૬) હે બલ, વિરોધી શકિતઓ વડે અવરુદ્ધ જીવો પણ હવે વિસ્તારને, આત્માની સમૃદ્ધિને પ્રાપ્ત કરો; આ જ્ઞાનયુકત ભવ્ય જીવાત્માઓ સર્વ પ્રદેશોમાં[3] તથા તેમની પણ પાર ઘૂમી વળો.

---

૧. અસુર્યમ્, દેવની શકિત, પરમાત્માની સર્વ-સમર્થ શકિત.

૨. શુદ્ધ મનની ઊંચાઈઓ પર, કે જ્યાં તેઓ પાર-ચેતનની વિશાળતાને પામે છે.

૩. માનસિક અસ્તિત્વરૂપ સ્વર્ગના પ્રદેશો, જેમને આપણે આપણી ચેતનામાં આલિંગવાના છે અને પછી વટાવી જવાના છે.

त्वं नो अग्ने अङ्गिरः स्तुतः स्तवान आ भर ।
होतर्विम्वासहं रयिं स्तोतृभ्यः स्तवसे च न उतैधि पृत्सु नो वृधे ।।

(૭) હે બળના પુત્ર, હે શકિત, હે આહુતિના પુરોહિત, તારી અમે સ્વીકૃતિ-સ્તુતિ કરી છે; તારી સ્વીકૃતિ-સ્તુતિ કરનાર બધા લોકો માટે, તું સુખ[1] તથા સર્વ-વ્યાપક શકિત લઈ આવ. અમારાં યુદ્ધોમાં અમારો સાથીદાર બની ચાલ, જેથી અમે વૃદ્ધિને પ્રાપ્ત કરીએ.

---

૧. દિવ્ય વસ્તુઓની, આત્માનાં પ્રાચુર્યોની સમૃદ્ધિ, દિવ્ય આનંદનો અનંત ખજાનો, જેના વડે સાધક આગળ વધે છે, અને અસ્તિત્વની વધારે ને વધારે સમૃદ્ધ વિશાળતાને પ્રાપ્ત કરે છે.

દિવ્ય પુરોહિત અને યજ્ઞની જ્વાળાનું સૂક્ત

[ઋષિ જાગૃત અને વિવેચનાયુકત યજ્ઞ—જ્વાળાનું ગાન કરે છે, કે જે જ્વાળા દર્શના છે, સંકલ્પ-શકિત છે, ઋષિ છે કે જેનો આવેગયુકત પ્રયાસ મનના સ્વર્ગમાં દિવ્ય જ્ઞાનમાં પલ્ટાઈ જાય છે. આ ઋષિ-સંકલ્પશકિતને, વિચારના પ્રેરણામય શબ્દોને વૃદ્ધિ પ્રાપ્ત કરવાની હોય છે. તે શકિતનો—બળનો પુત્ર છે; પ્રાચીન, પ્રકાશયુકત શકિતવાળા જીવોએ તેને પૃથ્વીની વૃદ્ધિઓમાં, અહીં આત્મા જે અનુભૂતિઓને માણવા માટે પ્રયત્ન કરે છે તે બધી અનુભૂતિઓમાં, શોધી કાઢયો હતો.]

जनस्य गोपा अजनिष्ट जागृविरग्निः सुदक्षः सुविताय नव्यसे ।
घृतप्रतीको बृहता दिविस्पृशा द्युमद्वि भाति भरतेभ्यः शुचिः ।।

(૧) પ્રાણીનો રક્ષક, જાગૃત અને વિવેચના-શકિતમાં પરિપૂર્ણ જ્વાળા, સુખ પ્રત્યેની આગેકૂચમાં પ્રગટ થઈ છે. તેનું મુખ સ્પષ્ટતાઓથી (ઘૃતથી) યુકત છે; તે પ્રકાશમય રીતે વિશાળ તેજને પાથરે છે, જેથી તેની વિશાળતાને સ્વર્ગનો સ્પર્શ થાય છે; સમૃદ્ધિઓ લાવનાર લોકો માટે તે વિશુદ્ધ છે.

यज्ञस्य केतुं प्रथमं पुरोहितमग्निं नरस्त्रिषधस्थे समीधिरे ।
इन्द्रेण देवैः सरथं स बर्हिषि सीदन्नि होता यजथाय सुक्रतुः ।।

(૨) યજ્ઞના ત્રિવિધ લોકમાં[1] મનુષ્યોએ પરમ જ્વાળાને પ્રગટાવી છે, જેથી તે દર્શના બને, યજ્ઞનો પુરોહિત બને. આહુતિઓનો પુરોહિત, યજ્ઞમાં જરૂરી પરિપૂર્ણ સંકલ્પ-શકિત, તે એક રથમાં, દેવ-મન તથા દિવ્ય શકિતઓ સાથે આવી, યજ્ઞના આસન પર વિરાજે છે.

---

૧. મન-પ્રાણ-શરીર, જેમાં યજ્ઞ કરાય છે અથવા જેમાં આત્માની પરિપૂર્ણતાનું કાર્ય આગળ ધપે છે.

असंमृष्टो जायसे मात्रोः शुचिर्मन्द्रः कविरुदतिष्ठो विवस्वतः ।
घृतेन त्वावर्धयन्नग्न आहुत धूमस्ते केतुरभवद् दिवि श्रितः ।।

(૩) તારી બે માતાઓમાંથી, તું અપ્રતિધર્ષ્ય અને વિશુદ્ધ જન્મ્યો છે; સર્વ પ્રકાશક સૂર્યમાંથી તું આનંદ-યુકત ઋષિ જન્મ્યો છે. હે જ્વાળા, તેમણે સ્પષ્ટતા વડે (ઘૃત વડે) તારી વૃદ્ધિ કરી છે; જ્યારે તારો આવેગ-ધૂમ્ર સ્વર્ગોમાં જઈ નિવાસ કરે છે, ત્યારે તે દર્શના બની જાય છે.

अग्निर्नो यज्ञमुप वेतु साधुयाग्निं नरो वि भरन्ते गृहे गृहे ।
अग्निर्दूतो अभवद्धव्यवाहनोऽग्निं वृणाना वृणते कविक्रतुम् ।।

(૪) જ્વાળા, સિદ્ધિ આપનાર સંકલ્પ-શકિત સાથે, અમારા યજ્ઞમાં આવે; મનુષ્યો જ્વાળાને પોતાના ઘરના દરેક ખંડમાં લઈ જાય છે; જ્વાળા અમારો દૂત, અમારી આહુતિનો વાહક બની છે; જ્યારે મનુષ્યો પોતામાં જ્વાળાને સ્વીકારે છે, ત્યારે તેઓ ઋષિ-સંકલ્પશકિતને સ્વીકારે છે.

तुभ्येदमग्ने मधुमत्तमं वचस्तुभ्यं मनीषा इयमस्तु शं हृदे ।
त्वां गिरः सिन्धुमिवावनीर्महीरा पृणन्ति शवसा वर्धयन्ति च ।।

(૫) હે જ્વાળા, આ[1] મધુ-યુકત શબ્દ તારે માટે છે, આ વિચાર તારે માટે છે; તારા હૃદયમાં તે શાન્તિ અને આનંદરૂપ બનો. જેવી રીતે તે મહાન પોષક નદીઓ[2] સમુદ્રને પરિપૂર્ણ-પુષ્ટ બનાવે છે, તેવી રીતે વિચારના શબ્દો તને સંતુષ્ટ-પુષ્ટ બનાવે છે.

त्वामग्ने अङ्गिरसो गुहा हितमन्वविन्दञ्छिश्रियाणं वनेवने ।
स जायसे मथ्यमानः सहो महत् त्वामाहुः सहसस्पुत्रमङ्गिरः ।।

(૬) હે જ્વાળા, શકિતશાળી આત્માઓએ[3] ગૂઢ સ્થાનમાં[4] સંતાયેલી તને શોધી કાઢી; તું આનંદની દરેક વસ્તુમાં રહે છે. અમારા દબાણ વડે, મહાન શકિતરૂપ તું જન્મે છે. હે શકિત, તેઓ તને બળનો પુત્ર કહે છે.

---

૧. મધુયુકત સોમરસ; વસ્તુઓમાં રહેલા આનંદનું વહેતું તત્ત્વ.

૨. પાર-ચેતનમાંથી અવતીર્ણ થતી, આપણા અસ્તિત્વના સચેતન સમુદ્રને પરિપૂર્ણ કરતી, સાત નદીઓ અથવા ગતિઓ. તેમને માતાઓ, પોષક ગાયો, સ્વર્ગની મહીઓ (મહાન દેવીઓ), જ્ઞાનનાં જળો, ઋતના પ્રવાહો—એમ અનેક રીતે વર્ણવવામાં આવી છે.

૩. સાત પ્રાચીન ઋષિઓ અથવા પિતૃઓ અંગિરસ્ ઋષિઓ, અગ્નિના પુત્રો, ઋષિ-સંકલ્પશકિતની દિવ્ય અથવા માનવી પ્રતિકૃતિઓ.

૪. વસ્તુઓનું અવ-ચેતન હૃદય.

મનુષ્યની સત્ય તરફની અભીપ્સાનું સૂક્ત

[ઋષિ દિવ્ય શકિતની આ જવાળાને, પાર-ચેતન ઋતના વિશાળ સ્વામીને, ઋત-ચેતનાથી યુકત આ એકને પોતામાં વિચારનો તથા શબ્દનો સ્વીકાર કરવા માટે, માનવમાં ઋતથી સચેતન બનવા માટે, અને ઋતના અનેક પ્રવાહોને વહેવા માટે નીકો ખોદી કાઢવા, પ્રાર્થના કરે છે. ઋત ખૂબ પ્રયાસ કર્યાથી તથા દ્વન્દ્વમયતાના નિયમ હેઠળ કાર્ય કર્યાથી, પ્રાપ્ત થતું નથી; પણ તે ઋત વડે જ પ્રાપ્ત થાય છે. પણ માત્ર આ શકિતનાં બળો જ અનૃત સાથે લડયાં નથી, ઋતનું રક્ષણ કરી વિજયને વર્યાં નથી; બીજાં બળોએ પણ તે આગેકૂચમાં અત્યાર સુધી મદદ કરી છે; પણ તે અનૃતના પાયાને વળગી રહેવા માગે છે, કારણ કે તે માનવની વર્તમાન આત્માભિવ્યકિતને વળગી રહેવા માગે છે, આગળ વધવાની ના પાડે છે; તેઓ ઋતના શોધક આગળ સ્વચ્છંદતાપૂર્વક વકતાનો શબ્દ બોલે છે. યજ્ઞ તથા યજ્ઞમાં કરાતા સમર્પણ દ્વારા, નિરંતર આગળ વધતો યાત્રી-માનવ પોતાના વિશાળ, પેલી પાર રહેલા, ઘરને નજીક લાવે છે, ઋતના ધામરૂપ ઘરને પ્રાપ્ત કરે છે.]

प्राग्नये बृहते यज्ञियाय ऋतस्य वृष्णे असुराय मन्म ।
घृतं न यज्ञ आस्ये सुपूतं गिरं भरे वृषभाय प्रतीचीम् ।।

(૧) યજ્ઞના સ્વામી, મહાન, ઋતના વિશાળ સ્વામી અને તેનો વિસ્તાર કરનાર, સંકલ્પ-શકિતને હું મારા વિચારરૂપ આહુતિ આપું છું; તે આહુતિ જવાળાના મુખમાં શુદ્ધ કરાયેલી ઘૃતની આહુતિ છે. હું મારા[1] શબ્દને પ્રગટ

---

૧. શબ્દને તથા વિચારને પાર-ચેતન ઋતના સ્વરૂપમાં તથા અભિવ્યકિતમાં રૂપાંતર પમાડવા તે વૈદિક સાધનાનો કેન્દ્રસ્થ વિચાર છે, તેનાં રહસ્યોનો પાયો છે, તે પાર-ચેતન ઋત માનસિક તથા શારીરિક અસ્તિત્વના ભેદોથી તથા દ્વંદ્વોથી પર, ગૂઢ રહેલું છે.

કરું છું, જે તેના સ્વામીને મળવા માટે ગતિ કરે છે.[1]

ऋतं चिकित्व ऋतमिच्चिकिद्ध्यृतस्य धारा अनु तृन्धि पूर्वीः ।
नाहं यातुम् सहसा न द्वयेन ऋतं सपाम्यरुषस्य वृष्णः ।।

(૨) હે ઋતના સચેતન ઋષિ, મારી ચેતનામાં માત્ર ઋતનું જ દર્શન કર; ઋતના[2] અનેક વહેતા પ્રવાહોને મુકત કર[3]—ગતિમાન બનાવ. માત્ર તાકાત વડે, દ્વન્દ્વમયતા વડે, હું યાત્રાના લક્ષ્યને પામી શકું તેમ નથી, પ્રકાશમય કાર્યકર્તા—બીજારોપણ કરતા પરમાત્માના ઋતને પ્રાપ્ત કરી શકું તેમ નથી.

कया नो अग्न ऋतयन्नृतेन भुवो नवेदा उचथस्य नव्यः ।
वेदा मे देव ऋतुपा ऋतूनां नाहं पतिं सनितुरस्य रायः ।

(૩) હે સંકલ્પ-શકિત, ઋત વડે ઋતને શોધતો તું મારામાં રહેલા કયા વિચાર વડે મારામાં નવીન શબ્દના જ્ઞાનને પ્રગટ કરીશ? ઋતના બધા સમયોને તથા ઋતુઓને[4] જાણતો—તેમનું રક્ષણ કરતો, દેવ મારામાં રહેલા સર્વને જાણે છે, પણ હું તે સર્વસ્વામી આનંદના પ્રભુને જાણતો નથી.

के ते अग्ने रिपवे बन्धनासः के पायवः सनिषन्त द्युमन्तः ।
के धासिमग्ने अनृतस्य पान्ति क आसतो वचसः सन्ति गोपाः ।।

(૪) હે સંકલ્પ-શકિત, શત્રુને બંધનમાં નાખનારી, તારી શકિતઓ કયી છે? કોણ પ્રકાશયુકત રક્ષકો માલિકી તથા વિજયને પ્રાપ્ત કરવા મથે છે? હે સંકલ્પ-શકિત, કોણ અનૃતના પાયાનું રક્ષણ કરે છે? કોણ અનૃતના[5] શબ્દોના રક્ષકો છે?

---

૧. વૃષભ; વિચાર એ પ્રકાશયુકત ગાય છે, તે પરમાત્મા તરફ ગતિ કરે છે, પોતાની જાતનું સમર્પણ કરે છે.

૨. પાર-ચેતનનું આપણા જીવનમાં અવતરણ એ સ્વર્ગમાંથી થતી વૃષ્ટિ રૂપે વર્ણવાયું છે; તે આપણી પાર્થિવ ચેતનામાં વહેતી, સાત, સ્વર્ગીય નદીઓને ઉત્પન્ન કરે છે.

૩. અદ્રિમાં તે પ્રવાહોને વિરોધી શકિતઓ રૂંધી રાખે છે.

૪. યજ્ઞના વિકાસના ગાળા, જેમને કેટલીક વાર વર્ષો કહીને, કેટલીક વાર પ્રતીકમય બાર માસ કહીને વર્ણવવામાં આવ્યા છે.

૫. અથવા 'વર્તમાન શબ્દના'; ગમે તે અર્થ લઈએ, પણ તે જૂના અનૃત તથા ઋતના નવીન શબ્દ વચ્ચે વિરોધ બતાવે છે, કે જે શબ્દને અગ્નિએ જ્ઞાનમાં પ્રગટ કરવાનો છે.

सखायस्ते विषुणा अग्न एते शिवासः सन्तो अशिवा अभूवन् ।
अधूर्षत स्वयमेते वचोभिर्ऋजूयते वृजिनानि ब्रुवन्तः ।।

(૫) હે સંકલ્પ-શકિત, આ ખોટે માર્ગે જનારાઓ પણ તારા સાથીદારો છે; પહેલાં જે કલ્યાણકારી હતા, તે દ્વેષવાળા બની ગયા છે; સરળતાને પ્રાપ્ત કરવા મથનાર માણસને વક્ર શબ્દો કહેનારા તેઓ પોતાનું જ અહિત કરી રહ્યા છે.

यस्ते अग्ने नमसा यज्ञमीट्ट ऋतं स पात्यरुषस्य वृष्णः ।
तस्य क्षयः पृथुरा साधुरेतु प्रसर्त्राणस्य नहुषस्य शेषः ।।

(૬) પણ હે સંકલ્પ-શકિત, નમન દ્વારા તારા યજ્ઞની કામનાવાળો માણસ પ્રકાશમય કાર્યકર્તા, બીજારોપણ કરનાર,[૧] પરમાત્માના ઋતનું પાલન કરે છે. જેમાં બધું પરિપૂર્ણ બને છે તેવો વિશાળ લોક[૨] તેને પ્રાપ્ત થાઓ, માનવ-યાત્રી માટે તેની આગેકૂચ કરતી યાત્રામા હજી જે[૩] અવશિષ્ટ—બાકી છે, તે પણ તેને પ્રાપ્ત થાઓ.

---

૧. પ્રકાશયુકત વૃષભ, પુરુષ, પુરુષ-શબ્દમાં—વરસાવનાર, બીજારોપણ કરનાર, પ્રાચુર્યનું પ્રસારણ કરનાર, બળવાન તથા પ્રચુર પુરુષ-શકિત—એવો અર્થ છે; વૃષભ-શબ્દમાં તે ઉપરાંત 'સક્રિય, ગતિમાન' અર્થ પણ હાજર છે.

૨. પાર-ચેતન ઋતની ભૂમિકા; આપણે જેને માટે અહીં—સ્વર્ગરૂપ માનસિક ભૂમિકા ઉપર તથા પૃથ્વીરૂપ શારીરિક ભૂમિકા ઉપર, પ્રયત્ન કરીએ છીએ તે બધું જેમાં સિદ્ધ થાય છે તેવા, તે બંનેથી પર, સ્વર્લોક.

૩. મન—પ્રાણ—શરીર કે જે આપણા અસ્તિત્વની સામાન્ય સ્થિતિ છે, તેનાથી પર રહેલું, અસ્તિત્વનું અવશિષ્ટ ક્ષેત્ર.

દિવ્ય સંકલ્પશક્તિની સ્વીકૃતિ–સ્તુતિ

[આમાં ઋષિ માનવ માટે સ્વર્ગના સ્પર્શને પ્રાપ્ત કરતી, દિવ્ય સંકલ્પશકિતની સ્તુતિના શબ્દની શકિતને પ્રગટ કરે છે. શબ્દ વડે આપણામાં સ્વીકારાયેલી, તે સંકલ્પ-શકિત આપણા યજ્ઞનો પુરોહિત બને છે, આપણે માટે દિવ્ય સમૃદ્ધિને તથા વિજયશીલ શકિતને જિતી લાવે છે. જેવી રીતે ચક્રની નાભિમાં બધી લાકડીઓ મળે છે, તેવી રીતે આ દેવમાં બીજા બધા દેવો રહે છે, અને તેથી તે આપણે માટે આધ્યાત્મિક આનંદની વિવિધ સમૃદ્ધિને લઈ આવે છે.]

अर्चन्तस्त्वा हवामहेऽर्चन्तः समिधीमहि । अग्ने अर्चन्त ऊतये ।।

(૧) પ્રકાશક શબ્દનું ગાન કરતા અમે તને બોલાવીએ છીએ; પ્રકાશક શબ્દનું ગાન કરતા અમે તને પ્રજ્વલિત કરીએ છીએ. હે સંકલ્પ-શકિત, અમારી વૃદ્ધિ માટે અમે પ્રકાશક શબ્દનું ગાન કરીએ છીઅ.

अग्नेः स्तोमं मनामहे सिध्रमद्य दिविस्पृशः । देवस्य द्रविणस्यवः ।।

(૨) સંકલ્પ-શકિતની અસરકારક સ્તુતિને અમે આજે મન વડે ધારણ કરીએ છીએ, કે જે અગ્નિદેવ અમારે માટે અમારી દિવ્ય સમૃદ્ધિને ખોળી લાવે છે અને સ્વર્ગોનો સ્પર્શ કરે છે.

अग्निर्जुषत नो गिरो होता यो मानुषेष्वा । स यक्षद् दैव्यं जनम् ।।

(૩) માનવોમાં પુરોહિત બનીને રહેલો દેવ—સંકલ્પ-શકિત પ્રેમપૂર્વક અમારા શબ્દોનો સ્વીકાર કરો; અને અમારા યજ્ઞને દેવોને સમર્પિત કરો.

त्वमग्ने सप्रथा असि जुष्टो होता वरेण्यः । त्वया यज्ञं वि तन्वते ।।

(૪) અમારી આહુતિના અભીષ્ટ તથા પ્રિય પુરોહિત, હે સંકલ્પ-શકિત, તું ખૂબ વિશાળ અને વિસ્તૃત છે; તારા વડે માણસો તેમના યજ્ઞના રૂપને વિશાળ વિસ્તાર આપે છે.

त्वामग्ने वाजसातमं विप्रा वर्धन्ति सुष्टुतम् । स नो रास्व सुवीर्यम् ।।

(૫) હે સંકલ્પ-શકિત, એક વાર તારી સ્વીકૃતિ કર્યા પછી, પ્રકાશયુકત મનુષ્યો વૃદ્ધિને પામે છે; અને તેથી તું સંપૂર્ણપણે પ્રાચુર્યને જિતે છે; માટે તું અમને પરિપૂર્ણ વીર-શકિત આપ.

अग्ने नेमिरराँ इव देवाँस्त्वं परिभूरसि । आ राधश्चित्रमृञ्जसे ।।

(૬) હે સંકલ્પ-શકિત, જેવી રીતે ચકની નાભિમાં બધી ધરીઓ સમાવિષ્ટ હોય છે, તેમ તારા અસ્તિત્વમાં બધા દેવો રહેલા છે; તું તે સમૃદ્ધિઆના વિવિધ આનંદને અમારે માટે લઈ આવીશ.

પ્રકાશના તથા ઋતના શોધકની સ્તુતિ

[ઋષિ સ્તુતિ કરે છે કે—અગ્નિ યજ્ઞનો પુરોહિત છે, અંધકારની શકિતઓનો સંહારક છે, ઋતના—સૂર્યના લોકનો, તેની પ્રકાશયુકત ગાયોનો, પ્રકાશયુકત જળોનો શોધક છે; તે આપણામાં રહેલો ઋષિ છે, કે જે સત્ય વિચાર તથા વાણીની સ્પષ્ટતાઓ (ઘૃત) વડે વૃદ્ધિ પામે છે.]

अग्निं स्तोमेन बोधय समिधानो अमर्त्यम् ।
हव्या देवेषु नो दधत् ।।

(૧) સ્વીકૃતિ કરનાર શબ્દ વડે જ્વાળાને જાગૃત કરો, અમર્ત્યને ઊર્ધ્વમાં પ્રજ્વલિત કરો; તે અમારી આહુતિઓને દેવોને પહોંચાડે.

तमध्वरेष्वीलते देवं मर्ता अमर्त्यम् ।
यजिष्ठं मानुषे जने ।।

(૨) મર્ત્ય માનવીઓ દિવ્ય, અમર્ત્ય, માનવ પ્રાણીમાં યજ્ઞ માટે સૌથી વધારે બળવાન, તેની કામના, યાત્રીઓના યજ્ઞમાં કરે છે, તેને પૂજે છે.

तं हि शश्वन्त ईलते स्रुचा देवं घृतश्चुता ।
अग्निं हव्याय वोह्लवे ।।

(૩) માણસોની અવિરત પેઢીઓ તે દેવને, સ્પષ્ટતાઓથી (ઘૃતથી) નીતરતા ચમચાઓ[1] વડે, પૂજે છે; તેઓ સંકલ્પ-શકિતને પૂજે છે, કે જેથી તે તેમની આહુતિઓને વહન કરે.

---

૧. ચમચો એટલે ઋત પ્રત્યે, પરમાત્મા પ્રત્યે મનુષ્યની અભીપ્સાની સતત ઊર્ધ્વમાં જતી ગતિ.

अग्निर्जातो अरोचत घ्नन् दस्यून्ज्योतिषा तमः ।
अविन्दद् गा अपः स्वः ।।

(૪) પ્રજ્વલિત થયેલી જ્વાળા રાક્ષસોને[1] હણતી પ્રકાશે છે; તે અંધકારનો પ્રકાશ વડે સંહાર કરે છે, અને તે પ્રકાશયુકત ગાયોને,[2] જળોને તથા સ્વર્લોકને[3] શોધી કાઢે છે.

अग्निमीलेन्यं कविं घृतपृष्ठं समर्यत ।
वेतु मे शृणवद्धवम् ।।

(૫) આપણી પૂજાના હેતુરૂપ, સ્પષ્ટતાઓ રૂપી (ઘૃત રૂપી) મુખવાળા ઋષિને સંકલ્પ-શકિતને શોધો, તેની સેવા કરો. તે આવે, મારા આવાહનને ધ્યાન-પૂર્વક સાંભળે.

अग्निं घृतेन वावृधुः स्तोमेभिर्विश्वचर्षणिम् ।
स्वाधीभिर्वचस्युभिः ।।

(૬) માણસો તેમની સ્પષ્ટતાઓની (ઘૃતની) આહુતિ વડે સંકલ્પ-શકિતની વૃદ્ધિ કરે છે; તેમનાં સ્વીકૃતિ-સૂકતો દ્વારા—કે જે સૂકતો વિચારને યોગ્ય સ્થાને મૂકી આપે છે અને આવિષ્કારક શબ્દને પ્રગટ કરે છે, તેમની દ્વારા તેઓ તેમનાં કાર્યોના વૈશ્વિક કાર્ય કરનારની વૃદ્ધિ કરે છે.

---

૧. આપણી અસ્તિત્વની એકતામાં તથા પરિપૂર્ણતામાં ભેદ કરનાર દૈત્યો, ભેદમય દિતિ-માતાના પુત્રો, નિમ્ન ગુહાની તથા અંધકારની શકિતઓ.

૨. આ બે વેદનાં મુખ્ય રૂપકો છે. ગાયો તે દિવ્ય સૂર્યનાં કિરણો છે, પ્રકાશમય ચેતનાનાં ધણ છે; જળો તે પાર-માનસિક દિવ્ય અસ્તિત્વની પ્રકાશયુકત ગતિઓ અને આવેગો છે.

૩. દિવ્ય સૂર્ય-પ્રકાશનો લોક, કે જેમાં આપણે આરોહણ કરવાનું છે, અને જે નિમ્ન ગુહામાંથી પ્રકાશયુકત ગાયોને મુકત કરવાથી, અને પરિણામે દિવ્ય સૂર્યના ઉદય પામવાથી પ્રગટ થાય છે.

દિવ્ય ધારણ કરનારનું અને વિજેતાનું સૂક્ત

प्र वेधसे कवये वेद्याय गिरं भरे यशसे पूर्व्याय ।
धृतप्रसत्तो असुरः सुशेवो रायो धर्ता धरुणो वस्वो अग्निः ।।

(૧) જ્ઞાનના હેતુરૂપ, યશસ્વી, વિજયી, પ્રથમ, પરમ, ઋષિને, વિધાતાને હું મારો શબ્દ સમર્પિત કરું છું. તે સ્પષ્ટતાઓમાં (ઘૃત વડે) આગળ વધનાર, આનંદમાં સિદ્ધ થનાર, આનંદને ધારણ કરનાર, સમૃદ્ધિને ધારણ કરનાર બળ છે.

ऋतेन ऋतं धरुणं धारयन्त यज्ञस्य शाके परमे व्योमन् ।
दिवो धर्मन् धरुणे सेदुषो नृञ्जातैरजातॉं अभि ये ननक्षः ।।

(૨) સર્વને ધારણ કરનાર ઋતને તેઓ યજ્ઞની શકિત વડે પરમ આકાશમાં ધારણ કરે છે—તેઓ કે જે તેમનામાં જન્મેલા દેવો વડે અજાત દેવો પ્રત્યે, સ્વર્ગો ને ઊર્ધ્વમાં ધારણ કરનાર નિયમમાં બેઠેલી શકિતઓ પ્રત્યે ગતિ કરે છે.

अंहोयुवस्तन्वस्तन्वते वि वयो महद् दुष्टरं पूर्व्याय ।
स संवतो नवजातस्तुतुर्यात् सिंहं न क्रुद्धमभितः परिष्ठुः ।।

(૩) પોતામાંથી પાપને દૂર કરીને તેઓ આત્માનાં તે વિશાળ વિસ્તારવાળાં રૂપોને તથા મૂર્તિકરણોને સર્જે છે, કે જે રૂપો આ પ્રથમ પરમ દેવનો વિશાળ જન્મ અને અવિનાશી આવિર્ભાવ છે. સંમીલિત થતાં પૂરો જેવાં સૈન્યોનો તે જન્મતાં વેંત વિનાશ કરે છે; જેમ શિકારીઓ ક્રોધપૂર્ણ સિંહને ઘેરી વળે, તેમ તેઓ તેને ઘેરી વળીને ઊભાં રહે છે.

मातेव यद् भरसे पप्रथानो जनंजनं भायसे चक्षसे च ।
बयोवयो जरसे यद् दधानः परि त्मना विषुरूपो जिगासि ।।

(૪) જ્યારે તું તારી વિશાળતામાં, દૃઢ પ્રતિષ્ઠા માટે તથા દર્શના માટે, એક પછી એક એમ અનેક જન્મો, આવિર્ભાવો તારા હાથમાં ધારણ કરે છે,

ત્યારે તું માતા સમાન છે. જ્યારે તું તારામાં એક પછી એક એમ અનેક આવિર્ભાવોને ધારણ કરે છે, તેમનો આનંદ માણે છે, ત્યારે તું અનેક રૂપોમાં તારી જાતે બધે વિચરે છે.

वाजो नु ते शवसस्पात्वन्तमुरुं दोधं धरुणं देव रायः ।
पदं न तायुर्गुहा दधानो महो राये चितयन्नत्रिमस्पः ।।

(૫) હે દેવ, તારું જે બળ તેની વિશાળતામાં અને સર્વ આપનાર પ્રાચુર્યમાં આનંદને ધારણ કરે છે, તે બળના વધારેમાં વધારે ઉપયોગથી પ્રાપ્ત થતું પ્રાચુર્ય અમને મળો. અમે જે ધામ પ્રત્યે ગતિ કરીએ છીએ, તે ગૂઢ ધામને તું નિર્માણ કરે છે અને પોતામાં ધારણ કરે છે; જ્ઞાનમાં જાગૃત કરીને, તું વસ્તુઓના ઉપભોકતાને બચાવે છે અને વિશાળ આનંદ આપે છે.

સર્વ અભીષ્ટ કલ્યાણને લાવનારની સ્તુતિ

[ઋષિ દિવ્ય સંકલ્પ-શકિતની સમર્પણ કરનાર, પ્રતિનિધિ પુરોહિત તરીકે સ્તુતિ કરે છે, કે જે પુરોહિત પ્રકાશને, બળને, પ્રેરણાયુકત જ્ઞાનને અને દરેક અભીષ્ટ કલ્યાણને લાવી આપે છે; કારણ કે કાર્યો વડે અભીપ્સા કરનાર દેવ છે, જેનામાં બધા દેવોની શકિત છે, અને તેમનાં બળોનું પરિપૂર્ણ પ્રાચુર્ય છે.]

बृहद् वयो हि भानवेऽर्चा देवायाग्नये ।
यं मित्रं न प्रशस्तिभिर्मर्तासो दधिरे पुरः ।।

(૧) શબ્દ વડે તું પ્રકાશયુકત તેજ માટે, તેના વિશાળ આવિર્ભાવ માટે સ્તુતિનું ગાન કર. મર્ત્યો તે દિવ્ય સંકલ્પ-શકિતને, તેમના દેવની અભિવ્યકિતઓ વડે,[1] મિત્ર તરીકે આગળ મૂકે છે.

स हि द्युभिर्जनानां होता दक्षस्य बाह्वोः ।
वि हव्यमग्निरानुषग्भगो न वारमृण्वति ।।

(૨) સંકલ્પ માનવોની આહુતિનો પુરોહિત છે; વિવેચનાયુકત મનના પ્રકાશો વડે, અગ્નિદેવ પોતાના બંને હાથમાં આહુતિઓના સતત ક્રમને[2] ધારણ

---

૧. મિત્રદેવ. અગ્નિમાં બધા દેવોનો સમાવેશ થાય છે. મર્ત્યોએ, દિવ્ય સંકલ્પ-શકિતનાં કાર્યો દ્વારા, પ્રકાશને, પ્રેમને, સત્ય જ્ઞાનની સંવાદમયતાને, સત્ય અસ્તિત્વને, મિત્રદેવની શકિતને શોધી કાઢવાનાં છે; અગ્નિને તેમણે, મિત્રદેવના રૂપમાં, માનવચેતનામાં યજ્ઞના પ્રતિનિધ પુરોહિત તરીકે આગળ મૂકવાનો છે.

૨. યજ્ઞમાં પ્રતિનિધિ પુરોહિત તરીકે અને આગેકૂચના અગ્રણી તરીકે, તે આપણી ચેતનામાં આગળ રહે છે, આપણી બધી શકિતઓને દોરવણી આપે છે, આપણા પરમાત્મા—પ્રાપ્તિના કાર્યને આગળ ધપાવે છે, જેથી યજ્ઞના ક્રમમાં વિક્ષેપન આવે, કોઈ ન્યૂનતા ન રહી જાય, દેવો પ્રત્યેના ક્રમો એક પછી યોગ્ય રીતે આવે ઋતની ઋતુઓ તથા સમયો અનુસાર બધાં કાર્યો યોગ્ય રીતે પાર પડે.

કરે છે, અને દિવ્ય ઉપભોકતા[1] તરીકે તે પોતાના કલ્યાણ પ્રત્યે ગતિ કરે છે.

अस्य स्तोमे मघोनः सख्ये वृद्धशोचिषः ।
विश्वा यस्मिन् तुविष्वणि समर्ये शुष्ममादधुः ।

(૩) પ્રાચુર્યના[2] બધા દેવો, તેની સ્વીકૃતિમાં—સ્તુતિમાં, તેના સાહચર્યમાં, જ્યારે તે પોતાની વિશુદ્ધિની જ્વાળાને વૃદ્ધિગત કરે છે ત્યારે આવે છે. કારણ કે બધી વસ્તુઓ તેના અનેકવિધ અવાજોના ધ્વનિ પર, અગ્નિ પર આધાર રાખે છે; તેનાં કાર્યોની અભીપ્સા પર તેઓ પોતાના બળને આધારિત કરે છે.

अधा ह्यग्न एषां सुवीर्यस्य मंहना ।
तमिद् यह्वं न रोदसी परि श्रवो बभूवतुः ।।

(૪) હે સંકલ્પ-શકિત, તેમના પરિપૂર્ણ બળની પરિપૂર્ણતા અત્યારે પ્રગટ થાઓ. આ બળવાન સંકલ્પ-શકિતની આસપાસ પૃથ્વી અને આકાશ એક પ્રેરણાયુકત જ્ઞાન સમાન બની ગયાં છે.[3]

नू न एहि वार्यमग्ने गृणान आ भर ।
य वयं ये च सूरयः स्वस्ति धामहे सचोतैधि पृत्सु नो वृधे ।।

(૫) હે સંકલ્પ-શકિત, અમારા શબ્દો વડે સ્તુતિ કરાયેલી તું હમણાં જ અમારી પાસે આવ, અને અમને અમારું અભીષ્ટ કલ્યાણ લાવી આપ. અહીં રહેલા અમે તથા તે પ્રકાશયુકત જ્ઞાનના સ્વામીઓ, એકઠા મળીને, અમારા અસ્તિત્વની આનંદમય સ્થિતિનો પાયો રચીએ. અમારો સાથીદાર બનીને, અમારાં યુદ્ધોમાં ચાલ, જેથી અમારી વૃદ્ધિ થાય.

---

૧. દિવ્ય સંકલ્પ-શકિત મિત્રનો સાથીદાર, ઉપભોકતા ભગદેવ બને છે, જે અસ્તિત્વના સર્વ આનંદને માણે છે; પણ તે મિત્રની શુદ્ધ વિવેચના-શકિત વડે, તથા દિવ્ય અસ્તિત્વના પ્રકાશ—સત્ય-સંવાદ વડે, તે આનંદોને માણે છે.

૨. દિવ્ય સંકલ્પ-શકિત બધી દિવ્ય શકિતઓને પોતામાં સમાવે છે, તેમનાં કાર્યોને ટેકો આપે છે; તેથી બધા દેવોની શકિત અગ્નિમાં રહેલી છે.

૩. સર્વ શારીરિક તથા માનસિક ચેતના પાર-માનસિક ભૂમિકામાંથી વહી આવતા જ્ઞાન વડે પરિપૂર્ણ બને છે, અને રૂપાંતરના કાર્યને સિદ્ધ કરતા, વિચરતા, અગ્નિની ઋષિ-સંકલ્પની આસપાસ તે બે ચેતનાઓ પારમાનસિક પ્રકાશ-શકિતમાં પલ્ટાઈ જાય છે.

વિશાળતા અને આખરી અભીપ્સાનું સૂક્ત

[એક એવી સ્થિતિ આવે છે, જ્યારે માણસ બુદ્ધિની કેવળ સૂક્ષ્મતાને વટાવી જાય છે, અને આત્માની સમૃદ્ધ અને અનેકવિધ વિશાળતાને પ્રાપ્ત કરે છે. ત્યારે તેને આપણા સાચા પાયારૂપ, અસ્તિત્વનો વિશાળ નિયમ પ્રાપ્ત થાય છે; છતાં તેને દોરવા માટે તેને પોતાના કરતાં એક મહત્તર શકિતની જરૂર રહે છે; કારણ કે આત્મશકિતની વિશાળતા તથા અનેકવિધતા પૂરતી નથી હોતી; વિચારમાં, શબ્દમાં તથા ક્રિયામાં દિવ્ય ઋત હોવું તે જરૂરી છે. કારણ કે આપણે વિશાળ બનેલા માનસિક અસ્તિત્વથી પર રહેલી સ્થિતિના આનંદને પ્રાપ્ત કરવાનો છે. અગ્નિમાં પ્રકાશ અને શકિત છે, શબ્દ અને સત્ય આવેગ છે, આલિંગક જ્ઞાન અને સાધક બળ છે, તે તેના રથમાં દિવ્ય સમૃદ્ધિ લઈ આવશે અને આપણને આનંદમય સ્થિતિ પ્રત્યે તથા પરમ કલ્યાણ પ્રત્યે લઈ જશે.]

आ यज्ञैर्देव मर्त्य इत्था तव्यांसमूतये ।
अग्निं कृते स्वध्वरे पूरुरीलीतावसे ।।

(૧) હે દેવ, મર્ત્ય એવો હું તને બોલાવું છું, કારણ કે તારું બળ મારા બળ કરતાં વધારે મહાન છે, અને તેનાં કાર્યોમાં હમેશાં સત્ય નિષ્ઠ હોય છે. જ્યારે અનેકવિધ પાસાંવાળા આત્માએ પોતાના યજ્ઞને પરિપૂર્ણ બનાવ્યો હોય છે, ત્યારે તેણે પોતાની વૃદ્ધિ માટે સંકલ્પ-શકિતનું પૂજન કરવું જોઈએ.

अस्य हि स्वयशस्तर आसा विधर्मन्मन्यसे ।
तं नाकं चित्रशोचिषं मन्द्रं परो मनीषया ।।

(૨) હે માનવ તેં તારા અસ્તિત્વના વિશાળ નિયમને[1] પ્રાપ્ત કર્યો છે; પણ

---

૧. અસ્તિત્વમાં રહેલી ચેતના તથા શકિતનું વધારે વિશાળ કાર્ય, જેના વડે સામાન્ય મન—પ્રાણ—શરીરની સખત મર્યાદાઓને ભાંગી શકાય છે, અને માણસ પરિપૂર્ણ આંતર જીવનની અનુભૂતિ કરવા સમર્થ બને છે, અને પોતાના તેમ જ વિશ્વના અસ્તિત્વની બધી ભૂમિકાઓ સાથે વ્યવહાર કરવા પોતાને ખુલ્લો બનાવી શકે છે.

આ જવાળાના મુખ વડે તારી સાધના-શકિત વધારે બળવાન બનશે, અને તું તેનાં સૌથી વધારે સમૃદ્ધ પ્રજ્વલનોના સ્વર્ગને માનસિક રૂપ આપી શકીશ, જે આનંદનું સ્વર્ગ મનના વિચારથી[1] પર છે.

अस्य वासा उ अर्चिषा य आयुक्त तुजा गिरा ।
दिवो न यस्य रेतसा बृहच्छोचन्त्यर्चयः ।।

(૩) કારણ કે તેની જવાળાના મુખ તથા પ્રકાશ વડે, તેણે વેગ આપનાર શકિતને તથા શબ્દને જોતર્યા છે; અને તેનાં કિરણોની વિશુદ્ધિ—જાણે કે સ્વર્ગના બીજથી હોય તેમ—વિશાળ રીતે પ્રજ્વલિત થઈ છે.

अस्य क्रत्वा विचेतसो दस्मस्य वसु रथ आ ।
अधा विश्वासु हव्योऽग्निर्विक्षु प्र शस्यते ।।

(૪) કારણ કે તેનાં કાર્યોની શકિત વડે, તેનામાં આલિંગક જ્ઞાન અને સાધક-શકિત હોય છે; તેના રથમાં દિવ્ય સમૃદ્ધિ છે; તેથી બધાં પ્રાણીઓએ તેને તે દેવને અભિવ્યકત કરવો જોઈએ અને મદદ માટે તેનું આવાહન કરવું જોઈએ.

नू न इद्धि वार्यमासा सचन्त सूरयः ।
ऊर्जो नपादभिष्टये पाहि शग्धि स्वस्तय उतैधि पृत्सु नो वृधे ।।

(૫) જવાળાના મુખ વડે, અત્યારે પણ અમારે માટે જ્ઞાનના પ્રકાશયુકત સ્વામીઓ દૃઢ બને, અમને પરમ કલ્યાણ[2] લાવી આપે. હે શકિતના સૂર્ય, અમારું રક્ષણ કરો, જેથી અમે અમારી આનંદમય સ્થિતિને પ્રાપ્ત કરવા—તેમાં પ્રવેશ કરવા સમર્થ બનીએ. અમારાં યુદ્ધોમાં અમારા સાથીદાર તરીકે ચાલ, જેથી અમારી વૃદ્ધિ થાય.

---

૧. આનંદની સ્થિતિ કે જેનો પાયો સ્વર્લોક—અસ્તિત્વની પાર-માનસિક ભૂમિકા છે.

૨. સંકલ્પનાં કાર્યોએ આપણામાં જે પ્રકાશ અને ઋતને પ્રગટ કર્યાં છે, તેની સાથે—આપણામાં રહેલા પ્રકાશયુકત દેવોએ આપણી ચેતનાને દૃઢ રીતે સંયોજિત રાખવી જોઈએ, જેથી આપણે સાચી ગતિથી અને તેના દિવ્ય આનંદથી પતન ન પામીએ—ભ્રષ્ટ ન થઈએ.

પ્રાચુર્યના સ્વામીઓનું સૂક્ત

[આત્માની બીજી અવસ્થા પછી, જ્યારે તે માત્ર શારીરિક અસ્તિત્વને વટાવી ગયો હોય છે, અને પ્રાણિક ભૂમિકાની સર્વ શકિતથી પરિપૂર્ણ બન્યો હોય છે—કારણ કે દેવોએ તેને જીવનના, વેગપૂર્ણ, પચાસ અશ્વો આપ્યા હોય છે, ત્યારે દિવ્ય શકિતઓના આવિર્ભાવને પરિપૂર્ણ કરવા માટે, આ સૂકતમાં ઋષિ દિવ્ય સંકલ્પ-શકિતનું આવાહન કરે છે. અગ્નિ તે ખૂબ વિસ્તૃત બનેલા અસ્તિત્વના પ્રકાશ તથા જવાળા તરીકે હાજર છે; તે અસ્તિત્વમાં ભૌતિક જીવનની બધી મર્યાદાઓ નાશ પામી હોય છે; તે માનવ આ નવીન, સમૃદ્ધ, પાર ભૌતિક જીવનના આનંદોથી સભર ભરેલો હોય છે. હવે ત્રીજી અવસ્થા આવવાની છે; મુકત માનસિક અસ્તિત્વને વિચાર તથા શબ્દની સમૃદ્ધ રીતે વિવિધ અને પ્રકાશયુકત ક્રીડા વડે પરિપૂર્ણ કરવાનું છે; પરિણામે માનસિક પ્રદેશોની ઉચ્ચતમ ભૂમિકાનો આવિર્ભાવ થવાનો છે—મનમાં પાર-માનસિક પ્રકાશની શકિત પ્રગટવાની છે; ત્યાં આંતર-દર્શનામય, આંતર-પ્રેરણાયુકત મનના આવિર્ભાવની શરૂઆત થાય છે. અગ્નિએ તે વિશાળતાનું, પ્રકાશનું, ઋતજ્ઞાનની દિવ્યતાનું સર્જન કરવાનું હોય છે; અને પરિણામે, પ્રાપ્ત થયેલા શકિતના મુકત વેગ ઉપર તથા જીવનના તથા ઉપભોગના વિશાળ ક્ષેત્ર ઉપર, પરિપૂર્ણ બનેલી દેવ-સંયુકત પ્રાણશકિત ઉપર સુવર્ણકળશ ચઢાવવાનો હોય છે.]

प्रातरग्निः पुरुप्रियो विशः स्तवेतातिथिः ।
विश्वानि यो अमर्त्यो हव्या मर्तेषु रण्यति ।।

(૧) સંકલ્પ-શકિતની સ્તુતિ[૧] ઉષા-કાળમાં કરો; અનેક આનંદોથી યુકત, પ્રાણીનો અતિથિ, મર્ત્યોમાં અમર્ત્ય, તે તેમની આહુતિઓમાં આનંદ માણે છે.

---

૧. મનમાં ઊગતી, પરમ જ્ઞાનની દિવ્ય ઉષા.

द्विताय मृक्तवाहसे स्वस्य दक्षस्य मंहना ।
इन्दुं स धत्त आनुषक् स्तोता चित् ते अमर्त्य ।।

(૨) જ્યારે બીજો આત્મા[1] વિશુદ્ધ બુદ્ધિનું વહન કરે છે, ત્યારે તે વિવેચનાયુકત મનનું તે દેવ પ્રાચુર્ય છે; ત્યારે તે બુદ્ધિ હે અમર્ત્ય દેવ, પોતામાં સતત આનંદના સોમરસને ધારણ કરે છે, અને તારી સ્વીકૃતિ કરે છે.

तं वो दीर्घायुशोचिषं गिरा हुवे मघोनाम् ।
अरिष्टो येषां रथो व्यश्वदावन्नीयते ।।

(૩) હે વેગપૂર્ણ અશ્વોને આપનાર, તેવા તને હું બોલાવું છું; તું જેમનો રથ અપ્રતિધર્ષ્ય રીતે વિશાળતાપૂર્વક વિચરે છે[2] તેવા, પ્રાચુર્યના સ્વામીઓ માટે, તું દૂર-સુદૂરમાં વિસ્તરતા અસ્તિત્વની જ્વાળા છે.

चित्रा वा येषु दीधितिरासन्नुक्था पान्ति ये ।
स्तीर्णं बर्हिः स्वर्णरे श्रवांसि दधिरे परि ।।

(૪) તે પ્રાચુર્યના દેવોમાં વિચારનો સમૃદ્ધ પ્રકાશ છે; તેઓ તેમના મુખમાં અમારા ઉચ્ચારેલા શબ્દોને ધારણ કરે છે;[3] આત્માની પરિપૂર્ણતા, પ્રકાશયુકત લોકની શકિતમાં[4], યજ્ઞના આસન તરીકે વિસ્તરેલી છે, અને તેની બધી પ્રેરણાઓ સર્વત્ર હાજર છે.

---

૧. માનવ-આરોહણની બીજી ભૂમિકાનો ઋષિ અથવા તો દેવ, દ્વિત. તે પ્રાણ-શકિતનો, પરિપૂર્ણ થયેલી શકિત-કામના-મુકત પ્રાણિક શકિતનો દેવ છે; ત્યારે તે પ્રાણ-શકિતઓ, કામનાઓ ભૌતિક ઘાટની કડક મર્યાદાઓ વડે મર્યાદિત હોતી નથી; ત્યારે આપણે પ્રાણના વિશાળ પ્રદેશોનું ભાન કરીએ છીએ. જેમને પછીની ઋચામાં 'વિશાળ વિસ્તરેલા અસ્તિત્વ' તરીકે વર્ણવવામાં આવ્યા છે; તે પ્રદેશો આપણી અત્યારની સામાન્ય ચેતના માટે ગૂઢ હોય છે, ત્રીજી ભૂમિકાનો દેવ અથવા ઋષિ ત્રિત છે. તે ભૂમિકામાં ભૌતિક મન વડે અજ્ઞાત, પ્રકાશયુકત, માનસિક પ્રદેશો ઊઘડે છે, ખૂલી જાય છે.

૨. જીવનના આ નવીન લોકોમાં દિવ્ય ગતિ પરિપૂર્ણ બને છે, અને મૃત્યુ તથા અંધકારની હાનિકારક શકિતઓથી ભેદાયા વગર, તે બધે વિચરે છે.

૩. આ ઋચામાં, ગતિનું દ્વિતના પ્રદેશોમાં ત્રિતના પ્રદેશોમાં ઊર્ધ્વ આરોહણનું વર્ણન છે.

૪. સ્વર્ણર, ઘણી વાર તે જાણે પ્રદેશ હોય તેમ વર્ણવાયો છે, તે પાર-ચેતન ભૂમિકાનું સ્વર્ પોતે નથી, પણ તેની શકિત છે, જેનો પ્રકાશ વિશુદ્ધ મનમાં

ये मे पञ्चाशतं ददुरश्वानां सधस्तुति ।
द्युमदग्ने महि श्रवो बृहत् कृधि मघोनां नृवदमृत नृणाम् ।।

(૫) હે અમર જ્વાળા, તે પ્રાચુર્યના સ્વામીઓએ, દિવ્ય આત્માઓએ મને પચાસ વેગયુકત અશ્વો (પ્રાણ-શકિતઓ; ગાય પ્રકાશનું રૂપક છે, જ્યારે અશ્વ પ્રાણશકિતનું રૂપક છે. પચાસ, સો, હજાર સંખ્યાઓ વધતી જતી પરિપૂર્ણતાની દ્યોતક છે.) આપ્યા છે. તેમને માટે તું દેવોથી પરિપૂર્ણ, વિશાળ, પ્રકાશયુકત જ્ઞાનનું સર્જન કર.

અવતરે છે. અહીં તેની પ્રેરણાઓ અને પ્રકાશો ઊતરીને યજ્ઞના આસનની આસપાસ આસન જમાવે છે; બીજી જગ્યાએ તેમને સૂર્યદેવના—વરુણના દૂતો કહેવામાં આવ્યા છે.

આવિષ્કારક કિરણનું અને વિજયી સંકલ્પ-શક્તિનું સૂક્ત

[આત્માના આ ગીતમાં ઉચ્ચતર અવસ્થાઓનાં ભેદાયેલાં આવરણોનું તથા તે અવસ્થાઓ દિવ્ય પ્રકાશ પ્રત્યે ખુલ્લી થાય છે તેનું ગાન કરવામાં આવ્યું છે. પહેલાં ભૌતિકતામાં દેહ ધારણ કરેલા આત્મા માટે, આપણા આ અસ્તિત્વની ત્રીજી ભૂમિકા, એક કિલ્લેબંધીવાળી નગરીની પેઠે, બંધ હતી, તેના દરવાજા બંધ હતા; હવે તે ખૂલી જાય છે. દિવ્ય સંકલ્પ-શકિતના આ નવા કાર્ય વડે, માનસિક તથા શારીરિક ચેતનાઓ, અત્યાર સુધી તેમનાથી વિયુકત રહેલી, ઉચ્ચતર પારમાનસિક ચેતના સાથે સંયુકત બને છે, અને દિવ્ય સૂર્યની ઉષ્મા વડે પોતાનાં કાર્યોમાં જાજ્વલ્યમાન પ્રાણશકિત દિવ્ય જ્ઞાનના સૂર્ય-કિરણની લીલા સાથે સંવાદમય બને છે.]

अभ्यवस्थाः प्र जायन्ते प्र वव्रेर्वव्रिश्चिकेत ।
उपस्थे मातुर्वि चष्टे ।।

(૧) એક પછી એક એમ અવસ્થાઓ પ્રગટતી જાય છે, જ્ઞાનની ચેતના સમક્ષ એક પછી એક આવરણો ખૂલતાં જાય છે, માતાના (અનંત ચેતના, અદિતિના) ખોળામાં આત્મા (પાર-માનસિક અનંત ચેતનાની સર્વ-આલિંગક દર્શના વડે) જોઈ શકે છે.

जुहुरे वि चितयन्तोऽनिमिषं नृम्णं पान्ति ।
आ दृल्हां पुरं विविशुः ।।

(૨) સર્વ-આલિંગક જ્ઞાન પ્રત્યે જાગૃત થયેલા મનુષ્યો તને આહુતિ આપે છે, તેઓ નિદ્રારહિત માનવતાનું રક્ષણ કરે છે; તેઓ કિલ્લેબંધીવાળી નગરીમાં પ્રવેશ કરે છે.

आ श्वैत्रेयस्य जन्तवो द्युमद् वर्धन्त कृष्टयः ।
निष्कग्रीवो बृहदुक्थ एना मध्वा न वाजयुः ।।

(૩) શ્વેત પ્રકાશવાળી માતા (અદિતિ; અંધકારની શકિતઓની માતા દિતિ કૃષ્ણ વર્ણની હોય છે)ના પુત્રની પ્રકાશમય અવસ્થામાં, જગતમાં જન્મેલા અને કાર્ય માટે પરિશ્રમ કરતા મનુષ્યો વૃદ્ધિ કરે છે; તે પુત્ર સોનેરી માળા ધારણ કરે છે (દિવ્ય ઋતના સૂર્યનાં કિરણોની માળા); તે વિશાળ શબ્દનું ઉચ્ચારણ કરે છે; તે શબ્દ તથા આનંદના મધુરસ (સોમ) વડે તે પ્રાચુર્યને શોધી કાઢે છે.

प्रियं दुग्धं न काम्यमजामि जाम्योः सचा ।
धर्मो न वाजजठरोऽदब्धः शश्वतो दभः ।।

(૪) તે માતાનું આનંદપ્રદ અભીષ્ટ દૂધ છે (અદિતિ માતા રૂપી ગાયનું); સાથીદાર[1] વગરનો હોવા છતાં તે બે સાથીદારો સાથે રહે છે; તે પ્રકાશની ઉષ્મા તથા પ્રાચુર્યનું ઉદર છે; બધી વસ્તુઓને પગ તળે કચડતો તે સનાતન અવિજેય છે.

क्रीलन् नो रश्म आ भुवः सं भस्मना वायुना वेविदानः ।
ता अस्य सन् धृषजो न तिग्माः सुसंशिता वक्ष्यो वक्षणेस्थाः ।।

(૫) હે કિરણ, અમારામાં જન્મ ધારણ કર, અને ત્યાં તારા જ્ઞાનને જાજવલ્યમાન પ્રાણ-દેવ (વાયુ) સાથે સુસંવાદિત બનાવીને, ક્રીડા કર. સંકલ્પ-શકિતની આ જવાળાઓ ઉગ્રતાપૂર્વક અમારામાં કાર્યોનું વહન કરો; તે જવાળાઓ તીક્ષ્ણ બનો, પરિપૂર્ણ ઉત્કટતાની ધારવાળી બનો, સર્વ વસ્તુઓને વહન કરનાર દેવમાં દ્રઢ રીતે પ્રતિષ્ઠિત થાઓ.

---

૧. સર્વ-સર્જક, સ્વ-પર્યાપ્ત પાર-મન, કે જે ઊર્ધ્વમાં દૂર-સુદૂર છે, આપણી ચેતનામાં માનસિક તથા શારીરિક ભૂમિકાઓથી વિયુકત છે; અને છતાં કાર્ય-પ્રતિકાર્યમાં તેમની બંનેની પાછળ તે રહેલું છે; માનવની મુકત અવસ્થામાં આ વિયોગ ટળી જાય છે, તે બંને ભૂમિકાઓ પાર-માનસિક ભૂમિકા સાથે એકરૂપ બની જાય છે.

કાર્ય તથા સિદ્ધિનું સૂક્ત

[ઋષિ દિવ્ય કાર્યોથી યુકત, આધ્યાત્મિક સમૃદ્ધિવાળી અવસ્થાની કામના કરે છે, કે જેમાં કોઈ ચીજ ભેદમય તથા વક્ર નહિ રહે, એટલે અમારાં કાર્યો વડે રોજ–રોજ દિવ્ય સંકલ્પ-શકિતની અમારામાં વૃદ્ધિ કરતા, અમે આનંદને તથા ઋતને, પ્રકાશના આનંદને તથા શકિતના આનંદને પ્રાપ્ત કરીશું.]

यमग्ने वाजसातम त्वं चिन्मन्यसे रयिम् ।
तं नो गीर्भिः श्रवाय्यं देवत्रा पनया युजम् ।।

(૧) હે પ્રાચુર્યના વિજેતા, સંકલ્પ-શકિત, જે સુખનો ખ્યાલ માત્ર તું જ મનમાં કરી શકે તેમ છે, તે સુખને તું અમારા શબ્દો વડે પ્રેરણા-પૂર્ણ બનાવ, અને તેને, અમારા સહાયક તરીકે, તું દેવોમાં પરિશ્રમ કરવા સ્થાપી આપ.

ये अग्ने नेरयन्ति ते वृद्धा उग्रस्य शवसः ।
अप द्वेषो अप ह्वरोऽन्यव्रतस्य सश्चिरे ।।

(૨) તારી જ્વાળાની તથા બળની ઉગ્રતામાં વૃદ્ધિ પામેલી શકિતરૂપ તેઓ અમને માર્ગમાં વેગ આપી શકતા નથી; તેઓ ભેદમયતાને વશ થઈ જાય છે, તેઓ તારા નિયમથી ભિન્ન એવા વક્રતાના નિયમને વળગી રહે છે.

होतारं त्वा वृणीमहेऽग्ने दक्षस्य साधनम् ।
यज्ञेषु पूर्व्यं गिरा प्रयस्वन्तो हवामहे ।।

(૩) હે સંકલ્પ-શકિત, અમે તને અમારી આહુતિનો પુરોહિત, વિવેચના-યુકત જ્ઞાનને લાવનાર, બનાવ્યો છે. તારે માટે અમારા બધા આનંદોને ધારણ કરતા, અમે શબ્દો વડે અમારા યજ્ઞમાં પ્રાચીન અને પરમ એવા તારું આવાહન કરીએ છીએ.

इत्था यथा त ऊतये सहसावन् दिवेदिवे ।
राय ऋताय सुक्रतो गोभिः ष्याम सधमादो वीरैः स्याम सधमादः ।।

(૪) હે શકિતશાળી દેવ, હે કાર્યોની પરિપૂર્ણ શકિત, યોગ્યતાપૂર્વક એવું કર કે જેથી અમે રોજ-રોજ વૃદ્ધિ પામીએ, આનંદને પ્રાપ્ત કરી શકીએ, ઋતને પ્રાપ્ત કરી શકીએ, જ્ઞાનનાં કિરણો વડે પરિપૂર્ણ આનંદને મેળવી શકીએ, શકિત-વાળા વીરો વડે પરિપૂર્ણ આનંદને મેળવીએ.

માનવતામાં રહેલી દિવ્ય જ્વાળાનું સૂક્ત

[માનવતામાં રહેલા દિવ્ય માનવ તરીકે પ્રજ્વલિત બનવા માટે, આપણને ઋતનાં તથા આનંદનાં ધામોમાં પરિપૂર્ણ રીતે સ્થાપવા માટે, ઋષિ દિવ્ય જ્વાળાનું આવાહન કરે છે.]

मनुष्वत्त्वा नि धीमहि मनुष्वत् समिधीमहि ।
अग्ने मनुष्वदङ्गिरो देवान् देवयते यज ।।

(૧) અમે તને અમારામાં માનવ[1] તરીકે સ્થાપીએ છીએ, તને માનવ તરીકે પ્રજ્વલિત કરીએ છીએ; હે જ્વાળા, હે ઋષિ-શકિત, દેવોના શોધક માટે, તું માનવ તરીકે દેવોને યજ્ઞની આહુતિ આપ.

त्वं हि मानुषे जनेऽग्ने सुप्रीत इध्यसे ।
स्रुचस्त्वा यन्त्यानुषक्सुजात सर्पिरासुते ।।

(૨) હે જ્વાળા, જ્યારે તું માનવની આહુતિઓ વડે સંતુષ્ટ બને છે, ત્યારે તું માનવ-પ્રાણીમાં પ્રજ્વલિત થાય છે. હે પરિપૂર્ણ જન્મવાળા, હે વહેતી સમૃદ્ધિને દબાણ દ્વારા પ્રગટ કરનારા, માનવના ચમચા અવિરતપણે તારા પ્રત્યે ગતિ કરે છે.

---

૧. માનવમાં અવતરણ કરતા દેવ માનવનું રૂપ ધારણ કરે છે. દેવ સનાતન કાળ માટે પરિપૂર્ણ, અજન્મા, ઋતમાં તથા આનંદમાં પ્રતિષ્ઠિત છે; અવતરણ કરતાં, તે માનવમાં જન્મે છે, વૃદ્ધિ પામે છે, ધીમે ધીમે પોતાની પરિપૂર્ણતા પ્રગટ કરે છે, જાણે કે મહાન યુદ્ધ અને મુશ્કેલ વિકાસ દ્વારા ઋતને તથા આનંદને પ્રાપ્ત કરે છે. માનવ વિચારક છે; દેવ સનાતન ઋષિ છે; પણ પરમાત્મા પોતાના ઋષિત્વને વિચારતાં તથા જીવનનાં રૂપોમાં આવૃત કરે છે, જેથી મર્ત્યને અમર્ત્યમાં વિકસવામાં મદદ મળે.

त्वां विश्वे सजोषसो देवासो दूतमक्रत ।
सपर्यन्तस्त्वा कवे यज्ञेषु देवमीलते ।।

(૩) હે અગ્નિ, બધા દેવોએ હૃદયના પ્રેમપૂર્વક તને પોતાનો દૂત બનાવ્યો છે. હે દ્રષ્ટા, યજ્ઞના દેવ તરીકે મનુષ્યો તારી સેવા કરે છે—ઉપાસના કરે છે.

देवं वो देवयज्ययाग्निमीलीत मर्त्यः ।
समिद्धः शुक्र दीदिह्यृतस्य योनिमासदः ससस्य योनिमासदः ।।

(૪) મર્ત્ય માનવ ભલે દિવ્ય સંકલ્પ-શકિતનું, દિવ્ય શકિતઓ માટે યજ્ઞ કરીને, પૂજન કરે; પણ હે તેજોમયતા, ખૂબ પ્રજ્વલિત બનીને તું પ્રકાશ; ઋતના ઘરમાં પ્રવેશ કર; આનંદના ઘરમાં પ્રવેશ કર.

પરિપૂર્ણ આનંદ પ્રત્યે યાત્રાનું સૂક્ત

[વસ્તુઓનું ભક્ષણ કરનાર (અત્રિ) માનવ પોતાની કામનાઓની સંતુષ્ટિ આનંદની આખરી સમતામાં શોધે છે. એ માટે દિવ્ય જ્વાળાએ તેને વિશુદ્ધ બનાવવાનો છે, પોતામાં સચેતન દર્શનાને તથા સંપૂર્ણ આનંદને ધારણ કરતી ઋષિ-સંકલ્પશકિતએ તેને વિશુદ્ધ બનાવવાનો છે. તે અગ્નિને આપણામાં વૃદ્ધિ પમાડવાથી, આપણે, આપણા વિકાસ કરતા યજ્ઞ દ્વારા, યાત્રામાં આગળ વધીશું, અને દેવો પોતાને પરિપૂર્ણ રીતે પ્રગટ કરશે. આપણે આપણા શારીરિક તથા માનસિક દેહમાં આ દિવ્ય સંકલ્પ-શકિતને, આપણા ઘરના માલિક તરીકે, સ્વીકારવી પડશે, અને તેના ભોજ્ય તરીકે આપણા ઉપભોગના સર્વ પદાર્થો સમર્પિત કરવા પડશે.]

प्र विश्वसामन्नत्रिवदर्चा पावकशोचिषे ।
यो अध्वरेष्वीड्यो होता मन्द्रतमो विशि ।।

(૧) સર્વમાં સમાન પરિપૂર્ણતાને શોધતા હે માનવ, પ્રકાશના શબ્દ વડે, પ્રકાશયુકત વિશુદ્ધ કરતી જ્વાળાની, વસ્તુઓના ઉપભોકતા તરીકે, સ્તુતિ કર. તે જ્વાળા આપણા યજ્ઞોની આગેકૂચમાં આપણો પૂજ્ય દેવ છે, પ્રાણીમાં તે મહાન આનંદથી પૂર્ણ, આહુતિઓનો પુરોહિત છે.

न्यग्निं जातवेदसं दधाता देवमृत्विजम् ।
प्र यज्ञ एत्वानुषगद्या देवव्यचस्तमः ।।

(૨) બધા જન્મોને જાણનાર સંકલ્પ-શકિત તારામાં પ્રતિષ્ઠિત છે; તે ઋતુઓમાં દિવ્ય યજ્ઞોનો કરનારો છે; આજે તારો યજ્ઞ અટકયા વગર આગળ ચાલુ રહે; તારો યજ્ઞ તારી સમક્ષ બધા દેવોને પ્રગટ કરશે.

चिकित्विन्मनसं त्वा देवं मर्तास ऊतये ।
वरेण्यस्य तेऽवस इयानासो अमन्महि ।।

(૩) મર્ત્ય એવા અમે અમારું મન તારી દિવ્યતામાં જોડ્યું છે, કારણ કે તારી પાસે સચેતન દર્શનાવાળું મન છે. અમારી યાત્રામાં અમે તારું ધ્યાન કરીએ છીએ, જેથી અમે વૃદ્ધિ પામીએ અને પરમ અભીષ્ટ એવો તું પણ વૃદ્ધિ પામે.

अग्ने चिकिद्धचस्य न इदं वचः सहस्य ।
तं त्वा सुशिप्र दम्पते स्तोमैर्वर्धन्त्यत्रयो गीर्भिः शुम्भन्त्यत्रयः ।।

(૪) હે સંકલ્પ-શકિત, અમારામાં દર્શના પ્રત્યે તું જાગૃત થા; હે શકિતના સ્વામી, આ અમારો તને કહેવાયેલો શબ્દ છે. હે દૃઢ દ્રષ્ટાવાળા ઉપભોકતા, અમારા ઘરના માલિક, વસ્તુઓનું ભક્ષણ કરનારા (અત્રિઓ) તેમની સ્વીકૃતિઓ —વસ્તુઓ વડે તારી વૃદ્ધિ કરે છે, અને તેમના શબ્દો વડે તે તને પ્રકાશયુકત આનંદની વસ્તુ બનાવે છે.

સમૃદ્ધ અને વિજયશીલ આત્માનું સૂક્ત

[જેની સામે અંધકારનાં સૈન્યો ટકી ન શકે તેવા પ્રકાશની સમૃદ્ધિ મેળવવાની, અગ્નિ મારફત, ઋષિ કામના કરે છે; કારણ અગ્નિ તેના પ્રાચુર્ય તથા શકિત વડે તે સૈન્યોનો પરાભવ કરે છે. આ પરાભવ તે આત્માના પરિશ્રમની બધી ક્રમિક ભૂમિકાઓ પર કરે છે; અને સત્ય પરાત્પર અસ્તિત્વરૂપ આ દિવ્ય શકિત વડે, માનવ દરેક ભૂમિકા પર રહેલા સર્વ ઈચ્છિત પદાર્થોને પ્રાપ્ત કરે છે.]

अग्ने सहन्तमा भर द्युम्नस्य प्रासहा रयिम् ।
विश्वा यश्चर्षणीरभ्यासा वाजेषु सासहत् ।।

(૧) હે ખૂબ શકિત વડે વિજયી બનતા બળ, અમારે માટે પ્રકાશની તે શકિતશાળી સમૃદ્ધિને લઈ આવ, કે જે અમારા પરિશ્રમનાં બધાં ક્ષેત્રોમાં, પ્રાચુર્યોમાં, તારા જવાળામય મુખ વડે, પ્રવેશ કરવાનું બળ અમને આપે.

तमग्ने पृतनाषहं रयिं सहस्व आ भर ।
त्वं हि सत्यो अद्भुतो दाता वाजस्य गोमतः ।।

(૨) હે બળવાન જવાળા, અમને તે સમૃદ્ધ સુખ આપ, કે જે અમારી સામે ઊભાં રહેલાં સૈન્યોનો ઉગ્રતાપૂર્વક પરાભવ કરી શકે, કારણ કે તું અસ્તિત્વમાં સત્ય છે, પરાત્પર છે, અદ્‌ભુત છે, માનવને પ્રકાશયુકત પ્રાચુર્ય આપવાવાળો છે.

विश्वे हि त्वा सजोषसो जनासो वृक्तबर्हिषः ।
होतारं सद्मसु प्रियं व्यन्ति वार्या पुरु ।।

(૩) જેમણે, એક પ્રેમપૂર્ણ હૃદય વડે, યજ્ઞનાં આસનોને સ્પષ્ટ બનાવ્યાં

છે તેવા, આ લોકો પોતાના આત્મ-નિવાસોમાં[1] તને જુએ—તું કે જે યજ્ઞનો પુરોહિત છે, પ્રિય છે; અને તે આત્મ-ધામોમાં તેઓ પોતાના અનેક ઇચ્છિત પદાર્થોને પ્રાપ્ત કરે.

स हि ष्मा विश्वचर्षणिरभिमाति सहो दधे ।
अग्न एषु क्षयेष्वा रेवन्नः शुक्र दीदिहि द्युमत् पावक दीदिहि ।।

(૪) માનવનાં બધાં કાર્યોમાં આ પરિશ્રમ કરનાર દેવ છે; તેનામાં સર્વને ઘેરી લેનારી શકિત છે. હે વિશુદ્ધ—તેજોમય જવાળા, અમને વિશુદ્ધ બનાવનાર દેવ, આનંદપૂર્ણ તથા સમૃદ્ધિમય એવો તું પ્રકાશપૂર્ણ રીતે અમારાં ઘરો પર પ્રકાશ.

---

૧. આત્માનાં ધામો અથવા ઘરો, જ્યાં તે દરેક ભૂમિકા પર વિકાસ સાધતો સાધતો પહોંચી જાય છે, અને દરેક ભૂમિકાને પોતાના વસવાટનું ઘર બનાવે છે. કેટલીક વાર તેમને નગરીઓ કહેવામાં આવી છે. તેવી સાત ભૂમિકાઓ છે; તે દરેકમાં સાત પ્રદેશો હોય છે, અને એક વધારાની ભૂમિકા ઊર્ધ્વમાં છે. મોટે ભાગે આપણે સો નગરીઓની વાત વાંચીએ છીએ; બમણી સંખ્યા, આત્મા, પ્રકૃતિ પર નજર કરે છે તે, તથા આત્મા પ્રત્યે પ્રકૃતિની અભીપ્સુ દૃષ્ટિ—ઊર્ધ્વ દૃષ્ટિને સૂચવે છે.

મુક્તિ આપનારનું તથા રક્ષકનું સૂક્ત

[ઋષિ પાપથી રક્ષણ કરવા માટે, અને દિવ્ય પ્રકાશની તથા સમૃદ્ધિની પરિપૂર્ણતા માટે, દિવ્ય સંકલ્પ-શકિતનું આવાહન કરે છે.]

अग्ने त्वं नो अन्तम उत त्राता शिवो भवा वरूथ्यः ।
वसुरग्निर्वसुश्रवा अच्छा नक्षि द्युमत्तमं रयिं दा ।।

(૧—૨) હે સંકલ્પ-શકિત, અમારો અંતરતમ સાથીદાર—સહવાસી બન, અમને કલ્યાણકારી બન, અમને મુકિત આપનાર બન, અમારા રક્ષણનું બખ્તર બન. સમૃદ્ધિનો સ્વામી તથા તે સમૃદ્ધિના દિવ્ય જ્ઞાનવાળો તું અમારી પાસે આવ, અમને તેની ખૂબ પ્રકાશમય સમૃદ્ધિ આપ.

स नो बोधि श्रुधी हवमुरुष्या णो अधायतः समस्मात् ।
तं त्वा शोचिष्ठ दीदिवः सुम्नाय नूनमीमहे सखिभ्यः ।।

(૩—૪) જાગ, અમારો પોકાર સાંભળ ! અમને અનિષ્ટ—પાપ તરફ વાળનાર સર્વ શકિતઓથી અમને બચાવ. હે પ્રકાશમય, વિશુદ્ધ પ્રકાશની જવાળા, અમારા સાથીદારો માટે અમે તારી કામના કરીએ છીએ, જેથી અત્યારે જ તેમને આનંદ તથા શાન્તિ પ્રાપ્ત થાય.

પ્રકાશના સ્વામીનું અને દેવત્વને સર્જનારનું સૂક્ત

[ઋષિ અગ્નિની ઋષિ-સંકલ્પશકિત તરીકે સ્તુતિ કરે છે, કે જે દેવનું સમગ્ર અસ્તિત્વ પ્રકાશ, ઋત અને દિવ્યતાની સમૃદ્ધિનું પ્રદાન છે. તે ઋષિઓના વિચારને જન્મેલો પુત્ર છે, અને તે પોતાની જાતને માનવમાં જન્મેલા દેવ તરીકે આપી દે છે, જે દિવ્ય ઋત, દિવ્ય શકિત વડે સમૃદ્ધ એવાં આપણાં કર્મોનો પુત્ર છે, યાત્રાનો તથા યુદ્ધનો વિજયી અશ્વ છે, આ ઋષિ-સંકલ્પ-શકિતની સમગ્ર ગતિ ઊર્ધ્વમાં પાર-ચેતનના પ્રકાશ તથા વિશાળતા પ્રત્યે છે; તેનો અવાજ તે સ્વર્ગોનું જાણે ગર્જન-ગીત છે. પોતાની પરિપૂર્ણ ક્રિયા વડે, તે આપણને અંધકારના તથા મર્યાદિતતાના ઘેરાની પેલે પાર લઈ જશે.]

अच्छा वो अग्निमवसे देवं गासि स नो वसुः ।
रासत् पुत्र ऋषूणामृतावा पर्षति द्विषः ।।

(૧) તારી સ્તુતિ સંકલ્પ-શકિત પ્રત્યે, દિવ્ય દેવ પ્રત્યે કર, જેથી તને વૃદ્ધિ પ્રાપ્ત થાય, કારણ કે તે સમૃદ્ધિનો સ્વામી છે અને તેને તે વરસાવે છે; તે જ્ઞાનના શોધકોનો પુત્ર છે; તે ઋતનો રક્ષક છે, જે આપણને સંહારક શત્રુઓના પૂરની પેલે પાર લઈ જાય છે.

स हि सत्यो यं पूर्वे चिद् देवासश्चिद् यमीधिरे ।
होतारं मन्द्रजिह्वमित् सुदीतिभिर्विभावसुम् ।।

(૨) પ્રાચીન ઋષિઓએ સત્ય અસ્તિત્વવાળા તેને પ્રજ્વલિત કર્યો હતો; દેવોએ પણ આનંદયુકત જિહ્વાવાળા, આહુતિના પુરોહિત, દેવને, તેના પ્રકાશની વિશાળ સમૃદ્ધિમાં, પરિપૂર્ણ પ્રજ્વલનો વડે પ્રગટાવ્યો હતો.

स नो धीती वरिष्ठया श्रेष्ठया च सुमत्या ।
अग्ने रायो दिदीहि नः सुवृक्तिभिर्वरेण्य ।।

(૩) હે પરમ અભીષ્ટ જ્વાળા, અમારી પરમ વિચારણા વડે, અમારા ખૂબ ખૂબ પ્રકાશયુકત, પરિપૂર્ણ કરાયેલા, મન વડે, સર્વ પાપના માર્ગને સંપૂર્ણપણે દૂર કરવા વડે, તારો પ્રકાશ અમને આનંદ લાવી આપો.

अग्निर्देवेषु राजत्यग्निर्मर्तेष्वाविशन् ।
अग्निर्नो हव्यवाहनोऽग्निं धीभिः सपर्यत ।।

(૪) સંકલ્પ-શકિત દેવોમાં પ્રકાશે છે, સંકલ્પ-શકિત મર્ત્યોમાં પ્રકાશ વડે પ્રવેશ કરે છે, સંકલ્પ-શકિત અમારી આહુતિઓનું વહન કરે છે; તે સંકલ્પ-શકિતને તમે તમારા સર્વ વિચારોમાં ખોજો.

अग्निस्तुविश्रवस्तमं तुविब्रह्माणमुत्तमम् ।
अतूर्तं श्रावयत्पतिं पुत्रं ददाति दाशुषे ।।

(૫) યજ્ઞ કરનાર માણસને સંકલ્પ-શકિત—તેનાં કાર્યો વડે જન્મેલો, અનેક પ્રેરણાઓ તથા આત્માના અવાજોથી પરિપૂર્ણ, ઉચ્ચતમ, અપ્રતિધર્ષ્ય, આપણા કાનને જ્ઞાન પ્રત્યે ખોલનાર એવા વસ્તુઓના સ્વામીરૂપ, પુત્રને[1] આપે છે.

अग्निर्ददाति सत्पतिं सासाह यो युधा नृभिः ।
अग्निरत्यं रघुष्यदं जेतारमपराजितम् ।।

(૬) સંકલ્પ-શકિત આપણને અસ્તિત્વોના સ્વામીને આપે છે, કે જે પોતાની આત્મ-શકિતઓ વડે યુદ્ધોમાં વિજય પ્રાપ્ત કરે છે; સંકલ્પ-શકિત આપણને વેગપૂર્વક ધાવન કરતો યુદ્ધ-અશ્વ આપે છે, જે બધાને જિતે છે, પણ કોઈથી કદી જિતાતો નથી.

यद् वाहिष्ठं तदग्नये बृहदर्च विभावसो ।
महिषीव त्वद् रयिस्त्वद् वाजा उदीरते ।।

(૭) અમારા સર્વોત્તમ ધારણ-સામર્થ્યને અમે સંકલ્પ-શકિતને સમર્પિત કરીએ છીએ. હે અગ્નિના પ્રકાશરૂપ વિશાળ સમૃદ્ધિવાળા માનવ, વિશાળની

---

૧. વેદમાં યજ્ઞના પુત્રનું રૂપક વારંવાર આવે છે. અહીં અગ્નિદેવ પોતે જ પોતાને માનવના પુત્ર તરીકે આપે છે, જે પુત્ર પોતાના પિતાને મુકત કરે છે. અગ્નિ યુદ્ધનો અશ્વ, યાત્રાનો અશ્વ, શ્વેત અશ્વ, રહસ્યમય—ધાવન કરતો દધિક્રવન્ છે, જે આપણને યુદ્ધમાંથી પસાર કરીને યાત્રાના લક્ષ્ય સ્થાને પહોંચાડે છે.

સ્તુતિ કરો. તારી સમૃદ્ધિ અદિતિ-દેવીની ખુદની વિશાળતા છે. તારાં પ્રાચુર્યો ઊર્ધ્વમાં વેગપૂર્વક ગતિ કરે છે.

तव द्युमन्तो अर्चयो ग्रावेवोच्यते बृहत् ।
उतो ते तन्यतुर्यथा स्वानो अर्त त्मना दिवः ।।

(૮) તારા જાજવલ્યમાન પ્રકાશો તેજયુકત છે; આનંદના—સોમરસના વાટતા પથ્થરના ધ્વનિ પેઠે, તારો અવાજ વિશાળ છે; તારો અવાજ સ્વર્ગોના ગર્જન—ગીતની પેઠે ઊર્ધ્વમાં ચઢે છે.

एवाँ अग्निं वसूयवः सहसानं ववन्दिम ।
स नो विश्वा अति द्विषः पर्षन्नावेव सुक्रतुः ।।

(૯) સમૃદ્ધિની કામના કરતા અમે વિજયી શકિતવાળી સંકલ્પ-શકિતને પૂજીએ છીએ. નૌકા જેમ જળની પાર કરાવે છે, તેમ પરિપૂર્ણ કાર્યો કરવાની શકિતવાળો અગ્નિદેવ અમને અમારો નાશ કરવા માગતી શકિતઓની પેલે પાર લઈ જાવ.

યજ્ઞમય જ્વાળાનું અને પુરોહિતનું સૂક્ત

[ઋષિ અગ્નિને યજમાન તરીકેનાં બધાં વિશેષણો સાથે, પ્રકાશયુકત ઋષિ તરીકે આવાહન કરે છે, કે જેને સ્વર્લોકની દર્શના પ્રાપ્ત છે, જે દેવોને લઈ આવનાર છે, આહુતિનો લઈ જનાર છે, દૂત, વિજેતા, માનવમાં દિવ્ય કાર્યોની વૃદ્ધિ કરનાર, જન્મોનો જાણકાર છે, યજ્ઞની આગેકૂચને દેવોના સમૂહ પ્રત્યે પહોંચાડનાર નેતા છે.]

अग्ने पावक रोचिषा मन्द्रया देव जिह्वया ।
आ देवान् वक्षि यक्षि च ॥

(૧) હે વિશુદ્ધ કરનાર જ્વાળા, તારી આનંદયુકત જિહ્વા વડે, હે દેવ, તું દેવોને લઈ આવ; અને આ યજ્ઞ તેમને સમર્પિત કર.

तं त्वा घृतस्नवीमहे चित्रभानो स्वर्दृशम् ।
देवाँ आ वीतये वह ॥

(૨) હે સ્પષ્ટતાને ઝરનાર, સમૃદ્ધ તથા વિવિધ પ્રકાશમયતાના દેવ, અમે તારી કામના કરીએ છીએ, કારણ કે તારી પાસે ઋતના અમારા લોકની દર્શના છે. તું દેવોને તેમના આવિર્ભાવ માટે (ઋતના પ્રકાશયુકત લોક પ્રત્યે યાત્રા માટે, આહુતિનું ભક્ષણ કરવા માટે) અમારી પાસે લઈ આવ.

वीतिहोत्रं त्वा कवे द्युमन्तं समिधीमहि ।
अग्ने बृहन्तमध्वरे ॥

(૩) હે ઋષિ, અમે યજ્ઞની આગેકૂચ માટે, તારાં પ્રકાશ તથા વિશાળતામાં તને પ્રજ્વલિત કરીએ છીએ; તું આહુતિઓને તેમની યાત્રામાં વહન કરી જાય છે.

अग्ने विश्वेभिरा गहि देवेभिर्हव्यदातये ।
होतारं त्वा वृणीमहे ॥

(૪) હે સંકલ્પ-શકિત, આહુતિ માટે બધા દેવો સાથે આવ; અમે આહુતિના પુરોહિત તરીકે તારો સ્વીકાર કરીએ છીએ.

यजमानाय सुन्वत आग्ने सुवीर्यं वह ।
देवैरा सत्सि बर्हिषि ।।

(૫) હે જ્વાળા, સોમરસ કાઢનાર માટે તું પરિપૂર્ણ શકિતને લઈ આવ. આત્માની પરિપૂર્ણતા ઉપર, દેવોની સાથે આસન સ્વીકાર.

समिधानः सहस्रजिदग्ने घर्माणि पुष्यसि ।
देवानां दूत उक्थ्यः ।।

(૬) હે જ્વાળા, તું ઊર્ધ્વ પ્રજ્વલિત થયો છે, દિવ્ય નિયમોની વૃદ્ધિ કરે છે, અને હજારો સમૃદ્ધિઓનો વિજેતા છે; તું દેવોનો શબ્દયુકત દૂત છે.

न्यग्निं जातवेदसं होत्रवाहं यविष्ठ्यम् ।
दधाता देवमृत्विजम् ।।

(૭) જન્મોના જાણકાર, આહુતિને લઈ જનાર, શકિતમાં સૌથી વધારે યુવાન, ઋતની ઋતુઓમાં દિવ્ય યજ્ઞ કરનાર, જ્વાળાને તમારામાં સ્થાપો.

प्र यज्ञ एत्वानुषगद्या देवव्यचस्तमः ।
स्तृणीत बर्हिरासदे ।।

(૮) આજે તારો યજ્ઞ અટકયા સિવાય આગેકૂચ કરો, કે જે યજ્ઞમાં બધા દેવોનો સમૂહ આવવાનો છે. તારા આત્માનું આસન બિછાવ કે જેથી દેવો તેના પર બેસે.

एदं मरुतो अश्विना मित्रः सीदन्तु वरुणः ।
देवासः सर्वया विशा ।।

(૯) તેના પર પ્રાણશકિતઓ (મરુતો), અશ્વિનો (ઘોડેસ્વારો), પ્રેમનો સ્વામી (મિત્ર), વિશાળતાનો સ્વામી (વરુણ), બધા દેવો તેમના રાષ્ટ્ર સાથે બેસે.

બળ તથા પ્રકાશનું સૂક્ત

[અર્ધ-દેવ ત્રૈવૃષ્ણ ત્યરુણ ત્રસદસ્યુ તથા ઋષિ અશ્વમેધનાં નામોનાં રૂપકો હેઠળ, આ સૂકતનો ઋષિ પ્રકાશયુકત માનવ મનમાં દેવ-મન ઇન્દ્રનું તથા પ્રાણ-શકિતમાં દેવ-સંકલ્પ-શકિત અગ્નિનું સૂચન કરે છે. દૈત્યોનો સંહાર કરનાર, માનવથી જન્મેલા ઇન્દ્ર તરીકે જ્ઞાન પ્રત્યે જાગ્રત થયેલા મન-આત્માએ ઋષિને પોતાની બે પ્રકાશયુકત ગાયો આપી છે, જે તેના ગાડાને ખેંચે છે; પોતાના બે પ્રકાશયુકત અશ્વો આપ્યા છે, જે તેના રથને ખેંચે છે; અને એક-સો વીસ જ્ઞાન-ઉષાની ગાયો આપી છે. જે કામના વડે જીવન—આત્માએ દેવોને પ્રાણ-અશ્વનો યજ્ઞ આપ્યો છે, તે કામનામાં ઇન્દ્રે સંમતિ આપી છે, તેને દૃઢ બનાવી છે. ઋષિ પ્રાર્થના કરે છે કે આ ત્રિવિધ ઉષાનો સ્વામી—મન-આત્મા ઋતને શોધતા, યાત્રા કરતા જીવનને જરૂરી માનસિક બુદ્ધિ અને સ્વામિત્વની શકિત આપે, અને બદલામાં અગ્નિ પાસેથી શાન્તિ તથા આનંદ પ્રાપ્ત કરે. બીજી બાજુએ, જીવન-આત્માએ ઊર્ધ્વ-યાત્રા માટે જરૂરી સો શકિતઓ, પ્રાણિક બળ આપ્યાં છે; ઋષિ પ્રાર્થના કરે છે કે જીવન-આત્મા તે વિશાળ બળને પ્રાપ્ત કરો, કે જે પારચેતન ભૂમિકા પર, ઋતના સૂર્યની શકિત છે.]

अनस्वन्ता सत्पतिर्मामहे मे गावा चेतिष्ठो असुरो मघोनः ।
त्रैवृष्णो अग्ने दशभिः सहस्रैर्वैश्वानर त्र्यरुणश्चिकेत ।।१।।

(૧) હે સંકલ્પ-શકિત, હે વૈશ્વિક શકિત (અથવા દેવ), પરમ દર્શનાવાળા બળવાન દેવે, પોતાના અસ્તિત્વના સ્વામી, પ્રાચુર્યોના પ્રભુએ મને તેની બે પ્રકાશ-યુકત ગાયો આપી છે, જે તેના ગાડાને ખેંચે છે. ત્રિવિધ ઉષાઓવાળો, ત્રિવિધ

વૃષભનો[1] પુત્ર, તેની દશ હજાર[2] સમૃદ્ધિઓ સાથે, જ્ઞાન પ્રત્યે જાગ્રત થયો છે.

यो मे शता च विंशतिं च गोनां हरी च युक्ता सुधुरा ददाति ।
वैश्वानर सुष्टुतो वावृधानोऽग्ने यच्छ त्र्यरुणाय शर्म ।।

(૨) તેણે મને ઉષાની એકસો વીસ[3] ગાયો આપી છે; તેણે બે પ્રકાશ-યુકત અશ્વો[4] રથની ધૂંસરીને યોગ્ય રીતે ખેંચવા માટે આપ્યા છે. હે વૈશ્વિક શકિત, હે સંકલ્પ-શકિત, યોગ્ય રીતે સ્તુતિ કરાયેલી અને વૃદ્ધિ પામેલી તું ત્રિવિધ ઉષાના સ્વામીને શાન્તિ તથા આનંદ આપ.

एवा ते अग्ने सुमतिं चकानो नविष्ठाय नवमं त्रसदस्युः ।
यो मे गिरस्तुविजातस्य पूर्वीर्युक्तेनाभि त्र्यरुणो गृणाति ।।

(૩) કારણ કે તારા મનની કૃપાની કામના કરતા તેણે—તેને માટે નવીન જન્મેલા, નવીન પ્રગટેલા મનની કૃપાની કામના કરતા તેણે, સંહાર કરનાર શત્રુઓનો સંહાર કરનાર,[5] ત્રિવિધ ઉષાનો સ્વામી, જે મારા અનેક જન્મોના[6]

---

૧. ત્રિવિધ વૃષભ તે ઇન્દ્ર છે, દિવ્ય મનરૂપી સ્વર્ના ત્રણ પ્રકાશયુકત પ્રદેશોનો સ્વામી છે. ત્રયરુણ ત્રસદસ્યુ અર્ધ-દેવ છે, ઇન્દ્રરૂપ બનેલો માનવ છે; તેથી તેને ઇન્દ્રને અપાતાં બધાં વિશેષણો લાગુ કરવામાં આવ્યાં છે, જેવાં કે અસુર, સંપત્તિ, મઘવા, ત્રિવિધ ઉષા તે માનવ મન પરના આ ત્રણ પ્રદેશો છે.

૨. હજાર પરિપૂર્ણતા સૂચવે છે, પણ પ્રકાશયુકત મનની દશ સૂક્ષ્મ શકિતઓ છે, જે દરેકને પરિપૂર્ણ પ્રાચુર્ય પ્રાપ્ત થવું જોઈએ.

૩. દિવ્ય જ્ઞાનના પ્રકાશોની રૂપકમય સંખ્યા, જે વર્ષના બાર મહિનાની ઉષાઓ (ગાયો) તથા યજ્ઞના બાર સમયો પરથી લેવામાં આવી છે. પ્રકાશયુકત મનની દશ સૂક્ષ્મ શકિતઓને અનુરૂપ આ સંખ્યા, ૧૦×૧૨=૧૨૦ કહેલી છે.

૪. મોટે ભાગે, આ બે પ્રકાશયુકત અશ્વો તે પ્રથમ ઋચામાં કહેલી બે પ્રકાશ-યુકત ગાયો છે; તે પાર-માનસિક ઋત-ચેતનાની બે દર્શના-શકિતઓ છે—જમણી બાજુની અને ડાબા હાથની, સીધી ઋત-વિવેચના તથા આંતર-દર્શના. જ્ઞાનના પ્રકાશરૂપ તે ગાયો ભૌતિક મન રૂપી ગાડાને ખેંચે છે; જ્ઞાનની શકિતના અશ્વો રૂપે તે નિર્મુકત વિશુદ્ધ મન રૂપી ઇન્દ્રના રથને ખેંચે છે.

૫. ત્રસ્યદસ્યુ; ઇન્દ્રનાં બધાં વિશેષણો તેને લાગુ કરવામાં આવ્યાં છે.

૬. આત્મસિદ્ધિ વડે ઋષિ જાણે કે ઉચ્ચતર ભૂમિકા પર, ચેતનાના અનેક પ્રદેશોમાં જન્મે છે, અને તે દરેક પ્રદેશમાંથી દિવ્ય સંસિદ્ધિને શોધતા આવેગોને વ્યકત કરનાર શબ્દો ઊર્ધ્વમાં આરોહણ કરે છે. મન-આત્મા તેમનો પ્રત્યુત્તર આપે છે, તેમને સંમતિ આપે છે, તે અભિવ્યંજક શબ્દને પ્રત્યુત્તરમાં પ્રકાશક શબ્દ આપે છે, અને ઋતને શોધતા જીવનને બુદ્ધિની શકિત આપે છે, કે જે ઋતને શોધી શકે અને ધારણ કરી શકે.

અનેક શબ્દોનો ધ્યાનયુકત મન વડે પ્રત્યુત્તર વાળે છે.

यो म इति प्रवोचत्यश्वमेधाय सूरये ।
ददृचा सर्नि यते ददन्मेधामृतायते ।।

(૪) મને પ્રત્યુત્તરમાં સંમતિ આપનાર તે દેવ અશ્વમેધના[1] પ્રકાશયુકત કરનારને, પ્રકાશયુકત શબ્દ વડે, તેની યાત્રાનું લક્ષ્ય પ્રદાન કરો; તે ઋતના શોધકને બુદ્ધિની શકિત આપો.

यस्य मा परुषाः शतमुद्धर्षयन्त्युक्षणः ।
अश्वमेघस्य दानाः सोमाइव त्र्याशिरः ।।

(૫) પ્રસારણના સો બળવાન વૃષભો[2] મને આનંદ પ્રત્યે ઊર્ધ્વમાં લઈ જાય છે; અશ્વમેધ કરનારની બક્ષિસો ત્રિવિધ પ્રવાહોવાળા[3] સોમરસનાં વર્ષણો સમાન છે.

इन्द्राग्नी शतदान्न्यश्वमेधे सुवीर्यम् ।
क्षत्रं धारयतं बृहत् दिवि सूर्यमिवाजरम् ।।

(૬) દેવ-મન તથા દેવ-સંકલ્પ અશ્વમેધ કરનારને સો પરિપૂર્ણ શકિતઓ[4] તથા યુદ્ધમાં વિશાળ શકિત આપો, જેમ આકાશમાં પ્રકાશનો અવિનાશી સૂર્ય છે તેમ.

---

૧. અશ્વમેધ એટલે સર્વ આવેગો—કામનાઓ—ઉપભોગો સહિત પ્રાણશકિતનું દિવ્ય અસ્તિત્વને સમર્પણ કરવું તે. પ્રાણાત્મા (દ્વિત) પોતે તે યજ્ઞનો કરનાર છે; જ્યારે અગ્નિની શકિત વડે, તે પોતાની પ્રાણમય ભૂમિકા ઉપર દર્શનાને પ્રાપ્ત કરે છે—સૂકતના શબ્દોમાં કહીએ તો, જ્યારે તે પ્રકાશયુકત અશ્વમેધ ઋષિ બને છે, ત્યારે તે પ્રાણાત્મા તે યજ્ઞ કરવા સમર્થ બને છે.

૨. પ્રાણની પૂરી સો શકિતઓ, જે વૃદ્ધિ પામતા માનવ ઉપર પ્રાણમય ભૂમિકાના સર્વ પ્રાચુર્યને વરસાવે છે. પ્રાણિક શકિતઓ કામના તથા ઉપભોગનાં કારણ છે. એટલે આ પ્રસારણ સોમરસના વર્ષણ જેવું છે, કે જે આત્માને નવીન માદક આનંદોમાં લઈ જાય છે.

૩. અસ્તિત્વમાંથી ખેંચી કાઢેલો આનંદ મધુયુકત સોમરસ છે; તેમાં દૂધ, દહીં તથા (યવનું) અનાજનું સંમિશ્રણ હોય છે; દૂધ પ્રકાશયુકત ગાયોનું હોય છે; દહીં બૌદ્ધિક મનમાં તેની જવાવટ હોય છે; યવ ભૌતિક મનની શકિતમાં પ્રકાશની રચના હોય છે. गो, दधि અને यव શબ્દોનો આ રૂપકમય અર્થ છે.

૪. માનસિક ચેતનામાં જેમ અનંત અને અમર ઋત-પ્રકાશ હોય છે, તેને અનુરૂપ પ્રાણિક ચેતનામાં પરિપૂર્ણ તથા વિશાળ શકિત.

ઊર્ધ્વ-પ્રજ્વલિત જ્વાળાનું અમરતાના સ્વામીનું સૂક્ત

[ઋષિ જ્ઞાનની ઉષામાં ઊર્ધ્વ-પ્રજ્વલિત સંકલ્પ-શકિતની જ્વાળાની અમૃતત્વના રાજા તરીકે, આત્માને આધ્યાત્મિક સમૃદ્ધિ તથા સુખ આપનાર તરીકે, પ્રકૃતિ પર સુ-નિયમિત શાસન આપનાર તરીકે, સ્તુતિ કરે છે. તે આપણી આહુતિને લઈ જનાર છે, આપણા યજ્ઞને તેના દિવ્ય વૈશ્વિક લક્ષ્ય, પ્રત્યે દોરી જનાર પ્રકાશયુકત નેતા છે.]

समिद्धो अग्निर्दिवि शोचिरश्रेत् प्रत्यङ्ङु षसमुर्विया वि भाति ।
एति प्राची विश्ववारा नमोभिर्देवाँ ईलाना हविषा घृताची ।।

(૧) ઊર્ધ્વ—પ્રજ્વલિત સંકલ્પ-શકિતની જ્વાળા મનના સ્વર્ગમાં વિશુદ્ધ પ્રકાશ પ્રત્યે ઉપર ચઢે છે; તે પોતાના પ્રકાશને વિશાળતાપૂર્વક વિસ્તારે છે, અને ઉષાની સન્મુખ જાય છે. તે ઉષા ઊર્ધ્વમાં ગતિ કરતી, સર્વ અભીષ્ટ વસ્તુઓને વહન કરતી, આહુતિ સાથે દેવોને શોધતી, સ્પષ્ટતાથી (ઘૃત વડે) પ્રકાશ-યુકત, એવી આવે છે.

समिध्यमानो अमृतस्य राजसि हविष्कृण्वन्तं सचसे स्वस्तये ।
विश्वं स धत्ते द्रविणं यमिन्वस्यातिथ्यमग्ने नि च धत्त इत् पुरः ।।

(૨) જ્યારે તું ઊર્ધ્વમાં પ્રજ્વલિત બને છે, ત્યારે તું અમૃતત્વનો રાજા છે, અને તું યજ્ઞ કરનારને આનંદપૂર્ણ સ્થિતિ આપે છે, તું જેનો અતિથિ બને છે, તે માણસ સર્વ સમૃદ્ધિને પોતામાં ધારણ કરે છે, અને તે તને પોતામાં પુરોહિત બનાવે છે.

अग्ने शर्धं महते सौभगाय तव द्युम्नान्युत्तमानि सन्तु ।
सं जास्पत्यं सुयममा कृणुष्व शत्रूयतामभि तिष्ठा महांसि ।।

(૩) હે જવાળા, તારા યુદ્ધ-સામર્થ્યને આનંદના વિશાળ ઉપભોગ[1] માટે પ્રગટ કર; તારો ઉચ્ચતમ પ્રકાશ પ્રગટ થાઓ. પ્રભુનું તથા તેમની પ્રિયતમાનું સુ-નિયમિત મિલન (એકતા) સર્જાવ; વિરોધી શકિતઓની મહત્તાને પગ તળે દબાવી દે.

समिद्धस्य प्रमहसोऽग्ने वन्दे तव श्रियम् ।
वृषभो द्युम्नवाँ असि समध्वरेष्विध्यसे ।।

(૪) હે જવાળા, હું તારી ઊર્ધ્વ-પ્રજ્વલિત શકિતનું પૂજન કરું છું. તું પ્રકાશયુકત વૃષભ છે; અમારા યજ્ઞોની આગેકૂચમાં તું પ્રજ્વલિત થાય છે.

समिद्धो अग्न आहुत देवान् यक्षि स्वध्वर ।
त्वं हि हव्यवालसि ।।

(૫) અમારી આહુતિઓને સ્વીકારનાર હે જવાળા, યજ્ઞના પરિપૂર્ણ નેતા, ઊર્ધ્વ-પ્રજ્વલિત એવો તું અમારી આહુતિ દેવોને સમર્પિત કર, કારણ કે તું અમારી આહુતિઓને લઈ જનાર છે.

आ जुहोता दुवस्यताग्निं प्रयत्यध्वरे ।
वृणीध्वं हव्यवाहनम् ।।

(૬) આહુતિ આપો; તમારો યજ્ઞ લક્ષ્ય પ્રત્યે ગતિ કરે, ત્યારે તમારાં કાર્યો વડે સંકલ્પ-શકિતની સેવા કરો. (અથવા, સંકલ્પ-શકિતને તેનાં કાર્યોમાં નિયુકત કરો.) આપણી આહુતિઓને લઈ જનાર અગ્નિનો સ્વીકાર કરો.

[આ સૂકત સાથે ઋગ્વેદના પ્રથમ મંડળનાં, અગ્નિને ઉદ્દેશાયેલાં, પહેલાં અઠ્ઠાવીસ સૂકતો પૂરાં થાય છે.]

---

૧. વૈદિક અમરતા એ વિશાળ આનંદ છે, પુરુષ તથા પ્રકૃતિની સંપૂર્ણ એકતા પર પ્રતિષ્ઠિત, દિવ્ય તથા અનંત અસ્તિત્વનો વિશાળ ઉપભોગ છે. આત્મા સ્વરાટ તથા સમ્રાટ બને છે, બધી ભૂમિકાઓથી સચેતન બને છે, તેમનો પ્રભુ બને છે; ભેદોમાંથી તથા વિસંવાદોમાંથી મુકત બનેલી, અનંત અને પ્રકાશમય સંવાદિતાવાળી, પ્રકૃતિ તેની પ્રિયતમા છે.

પ્રકાશના રક્ષકો

સૂર્ય, પ્રકાશ અને ઋષિ

ઋગ્વેદ માનવના આત્માનું સર્વ-સર્જક ઋત્ અને સર્વ-પ્રકાશક પ્રકાશ પ્રત્યે પ્રાચીન ઉષામાં કરાયેલું, હજાર અવાજોવાળું સ્તોત્ર છે. વૈદિક ઋષિઓને મન, જેમ અંધકાર અને અજ્ઞાન ઋતના તથા પ્રકાશના વિરોધી શબ્દો છે, તેમ ઋત અને પ્રકાશ પર્યાયવાચક શબ્દો છે. વૈદિક દેવો અને દૈત્યો વચ્ચેનું યુદ્ધ દિવસ અને રાત્રિ વચ્ચેના સતત ચાલતા યુદ્ધને સૂચવે છે, કે જે યુદ્ધ સ્વર્ગ—અંતરિક્ષ—પૃથ્વીના ત્રિવિધ લોક પર સ્વામિત્વ સ્થાપવા માટે, માનવ પ્રાણીને મન-પ્રાણ-શરીરનાં બંધનોમાંથી મુકત કરી તેને મર્ત્યતામાંથી અમર્ત્યતામાં લઈ જવા માટે ખેલાય છે. તે યુદ્ધ પરમ ઋતની શકિતઓ અને પરમ પ્રકાશના સ્વામીઓ અંધકારની શકિતઓ સાથે કરે છે, કે જે શકિતઓ આપણે જે અનૃતમાં રહીએ છીએ તેના પાયાને, તથા અજ્ઞાનની સો કિલ્લેબંધીવાળી નગરીઓની લોહ-દીવાલોને ચાલુ રાખવા મથે છે.

પ્રકાશ તથા અંધકાર વચ્ચેના, ઋત તથા અનૃત વચ્ચેના, આ વિરોધનું મૂળ પ્રકાશમય અનંત ચેતનાના તથા અંધકારમય સાન્ત ચેતનાના વિરોધમાં રહેલું છે. અનંત અવિભકત ચેતના—અદિતિ દેવોની માતા છે; ભેદમય વિભાજક ચેતના—દિતિ અથવા દનુ દૈત્યોની અથવા દાનવોની માતા છે. એટલે માનવમાં રહેલા દેવો પ્રકાશ—અનંતતા—એકતા પ્રત્યે ગતિ કરે છે; દૈત્યો તેમની અંધકાર-મય ગુહામાં રહે છે, અને માનવના જ્ઞાનને, સંકલ્પને, બળને, આનંદને, અસ્તિત્વને ખંડિત કરવા, અસંવાદી—ઘાયલ—મર્યાદિત કરવા માટે તેમાંથી બહાર આવે છે. મૂળ મુદ્દે અદિતિ અનંત અસ્તિત્વની વિશુદ્ધ ચેતના છે, તે એક અને સ્વયંપ્રકાશ છે; તે પ્રકાશરૂપ છે; તે સર્વ પ્રાણીઓની માતા છે. અનંત તરીકે તે દિવ્ય મનના વિવેચનાયુકત તથા વહેંચણી કરતા વિચારને—દક્ષને જન્મ આપે છે; અને પોતે દક્ષને ત્યાં વૈશ્વિક અનંત તરીકે—રહસ્યમય ગાય રૂપે જન્મે છે, જેનાં આંચળમાંથી સર્વ લોકોને પોષણ મળે છે.

દક્ષની આ દિવ્ય પુત્રી દેવોની માતા છે. વિશ્વમાં, અદિતિ વસ્તુઓની અવિભકત અનંત એકતા છે, તે દ્વંદ્વથી રહિત (અદ્વય) છે; તેની વૈશ્વિક સૃષ્ટિની પાછલી બાજુ દિતિ—ભેદમય દ્વંદ્વ—સર્જક ચેતના છે, જે તેની બહેન છે, પાછળનાં પુરાણોમાં તેને અદિતિની શોકય કહેવામાં આવી છે. અહીં, નિમ્ન અસ્તિત્વમાં તે પાર્થિવ તત્ત્વ તરીકે પ્રગટ થઈ છે; ત્યારે તેનો પતિ નિમ્ન અકલ્યાણકારી પિતા છે કે જેને તેમનો પુત્ર ઈન્દ્ર—નિમ્ન સૃષ્ટિમાં પ્રગટ થયેલું દિવ્ય મન હણે છે. સૂકતમાં કહેવામાં આવ્યું છે કે—ઈન્દ્ર તેના પગ ખેંચીને, તેના પિતાને હણે છે, અને પોતાની માતાને વિધવા બનાવે છે. બીજા એક પ્રબળ અને અભિવ્યંજક, આપણી આધુનિક રસિકતાની સભ્યતાને અણગમો પેદા કરે તેવા, રૂપકમાં સૂર્યને તેની બહેન ઉષાનો પ્રેમી, તથા તેની માતા અદિતિનો બીજો પતિ કહ્યો છે. બીજા તે જ પ્રકારના રૂપકમાં અદિતિને સર્વ-વ્યાપક વિષ્ણુની પત્ની કહેવામાં આવી છે, જે વિષ્ણુ વૈશ્વિક સૃષ્ટિમાં અદિતિનો એક પુત્ર—ઈન્દ્રનો નાનો ભાઈ કહેવામાં આવ્યો છે, જ્યારે આપણા હાથમાં આ રૂપકોની રહસ્યમય અર્થની ચાવી આવી હોતી નથી, ત્યારે તે રૂપકો સ્થૂલ અને ગૂંચવાડાભરેલાં લાગે છે; પણ ચાવી હાથ લાગે કે તરત તેઓ સ્પષ્ટ બની જાય છે. વિશ્વમાં અનંત ચેતના રૂપે રહેલી અદિતિ મર્યાદિત મન-શરીરમાં કાર્ય કરી રહેલી, નિમ્ન સર્જક શકિતની પત્ની છે; પણ માનવના મનમાં, તેના વડે જન્મ અપાયેલું દિવ્ય અથવા પ્રકાશયુકત મન પોતાની શકિત વડે અદિતિને તે તાબેદારીમાંથી મુકત કરે છે. આ ઈન્દ્ર જ ઋતના પ્રકાશરૂપ સૂર્યનો આકાશમાં ઉદય કરે છે, અને ભેદમય માનસના અંધકારનો, અનૃતોનો, મર્યાદિત દૃષ્ટિનો વિનાશ કરે છે. પછી વિશાળતર, સર્વવ્યાપક અસ્તિત્વરૂપ વિષ્ણુ આપણી મુકત થયેલી, એકતાયુકત ચેતનાનો કબ્જો લે છે; પણ ઈન્દ્ર પોતાના શકિતશાળી અને પ્રકાશમય આવિર્ભાવને પ્રગટ કરે છે, ત્યાર પછી જ વિષ્ણુ જન્મે છે.

આ ઋત સૂર્યનો પ્રકાશ છે, તેનું શરીર છે. તેને सत्यं ऋतं बृहत्—સત્ય, ઋત, વિશાળ કહીને વર્ણવવામાં આવ્યો છે, તેને પ્રકાશમય પાર-માનસિક સ્વર્ કહેવામાં આવ્યો છે કે જે આપણાં આકાશ પૃથ્વીથી નિગૂઢ છે; તે ઋતરૂપ સૂર્ય અંધકારમાં નિગૂઢ બની આપણામાં રહે છે, અવચેતનની ગૂઢ ગુહામાં રહેલો હોવાથી આપણને અપ્રાપ્ત છે. આ નિગૂઢ સત્ય વિશાળ છે, કારણ કે તે પાર-માનસિક ભૂમિકા પર જ મુકત અને પ્રગટ થાય છે, કે જે ભૂમિકામાં અસ્તિત્વ, સંકલ્પ, જ્ઞાન તથા આનંદ અસીમ આનંદયુકત અનંતતામાં વિહરતાં હોય છે, અને આપણા અત્યારના નિમ્ન જીવનની પેઠે, મન-પ્રાણ-શરીરના અનેક દીવાલોવાળા અસ્તિત્વમાં હોય છે તેમ મર્યાદિત અને સંકુચિત નથી હોતાં. ઉચ્ચતર અસ્તિત્વની તે વિશાળતામાં આપણે, આપણાં માનસિક તથા શારીરિક આકાશોની

દીવાલોને તોડીને, આરોહણ કરવાનું છે; તે દિવ્ય અસ્તિત્વ અમર્યાદ, વિશાળ, મુકત હોય છે; તે વિશાળતામાં કોઈ રુકાવટ કે મર્યાદાનો ઘેરો હોતાં નથી; તે સૂર્યનાં પ્રકાશયુકત ધણનો ભયરહિત ચરો હોય છે; તે ઋતનું ધામ છે—ઘર છે; દેવોનું પોતાનું ઘર છે; તે સ્વર્લોક છે, સત્ય પ્રકાશ છે, જયાં આત્મા નિર્ભય હોય છે, તેના અસ્તિત્વના વિશાળ, સમાન આનંદને કોઈ પ્રકારની ઈજા પહોંચતી નથી.

આ પાર-માનસિક વિશાળતા અસ્તિત્વનું પાયાભૂત સત્ય પણ છે, જેમાંથી તેનું ક્રિયાશીલ સત્ય સ્વાભાવિક રીતે, પ્રયત્ન વગર, સંઘર્ષ વિના, પરિપૂર્ણ અને દોષ-રહિત ગતિમાં પ્રગટ થાય છે, કારણ કે તે ઊંચાઈઓ પર ભેદ નથી હોતો, ચેતના તથા શકિત વચ્ચે કોઈ ખાઈ નથી હોતી, જ્ઞાન તથા સંકલ્પ-શકિત વચ્ચે છૂટાછેડા નથી હોતા, અસ્તિત્વ તથા તેની ક્રિયા વચ્ચે વિસંવાદ નથી હોતો; ત્યાં બધું ઋજુ હોય છે, વક્ર નહિ. તેથી આ વિશાળતાની તથા સત્યની પાર-માનસિક ભૂમિકા ઋતમ્ પણ હોય છે—વસ્તુઓની સત્ય ક્રિયા હોય છે; તે ગતિનું, કાર્યનું, આવિર્ભાવનું પરમ ઋત હોય છે; સંકલ્પશકિત-હૃદય-જ્ઞાનનું અસ્ખલિત ઋત હોય છે; વિચાર શબ્દ-લાગણીનું પરિપૂર્ણ ઋત હોય છે; તે સ્વયંભૂ ધર્મ, મુકત નિયમ, વસ્તુઓની મૌલિક દિવ્ય વ્યવસ્થા હોય છે, વિભકત અને ભેદમય ચેતનાનાં અનૃતોનો તેને સ્પર્શ નથી હોતો. તે પાયાભૂત એકતા-માંથી જન્મેલો, વિશાળ, દિવ્ય, સ્વયંપ્રકાશ, સમન્વય હોય છે; આપણું ક્ષુદ્ર અસ્તિત્વ તેનું એક દીનહીન, આંશિક, છિન્નભિન્ન, વિકૃત પૃથક્કરણ માત્ર છે. વૈદિક લોકો તેવા સૂર્યની પૂજા કરતા હતા; આપણા પૂર્વજો પિતૃઓ તે પ્રકાશના સ્વર્ગની, તે લોકની, સૂર્યના શરીરની, અદિતિના પુત્રની અભીપ્સા કરતા હતા.

અદિતિ અનંત પ્રકાશ છે; દિવ્ય લોક તેની રચના છે; અનંત પ્રકાશના પુત્રો, ઋતમાં જન્મેલાં તેનાં સંતાનો, દેવો, તેની ગતિના સક્રિય ઋતમાં પ્રગટ થયેલા દેવો અંધાધૂંધી તથા અજ્ઞાનથી તેનું રક્ષણ કરે છે. તેઓ વિશ્વમાં ઋતનાં અવિજેય કાર્યોને ટકાવી રાખે છે, તેઓ સત્યની પ્રતિકૃતિમાં લોકોનું નિર્માણ કરે છે. પ્રચુર દાન કરનાર તે દેવો માનવ ઉપર તેનાં પૂરોને વહેવરાવે છે; ગૂઢવાદી કવિઓએ તેને અનેકવિધ રૂપકોમાં વર્ણવ્યાં છે—સપ્તવિધ સૂર્યનાં જળો, સ્વર્ગની વૃષ્ટિ, ઋતનાં ઝરણાં, સ્વર્ગની સાત મહાન દેવીઓ (મહી) જ્ઞાનપૂર્ણ જળો; તે જળોનાં પૂર આવરણ કરનાર વૃત્રના કાબૂમાંથી છટકી જઈને આરોહણ કરે છે, મનને આપ્લાવિત કરે છે. આવિષ્કારક ઋષિઓ રૂપ તે દેવો ઋતના પ્રકાશનો, માનવના મનના અંધકારમય આકાશ પર, ઉદય કરાવે છે; તેના પ્રાણિક અસ્તિત્વના વાયુમંડળને, તે ઋતની પ્રકાશયુકત મધુમધુર સંતુષ્ટિઓથી,

સભર ભરી દે છે; તેના શારીરિક અસ્તિત્વની પૃથ્વીનું, સૂર્યની શકિત વડે, ઋતની વિશાળતામાં તથા પ્રાચુર્યમાં રૂપાન્તર કરે છે, અને સર્વત્ર દિવ્ય ઉષાનું સર્જન કરે છે.

ત્યારે માનવમાં ઋતની ઋતુઓ, દિવ્ય કર્મો—આર્ય કર્મો સ્થાપિત થાય છે; ઋતનો નિયમ તેનાં કર્મો પર પકડને પ્રાપ્ત કરી દોરે છે; તેના વિચારોમાં ઋતનો શબ્દ સંભળાય છે, ત્યારે ઋતના સીધાસટ, આડમાર્ગે ન ફંટાતા, માર્ગો, સ્વર્ગનો રસ્તો, જે માર્ગે દેવો અને પિતૃઓ ગતિ કરે છે તે માર્ગ નજરે પડે છે; કારણ કે જ્યાં દિવ્ય કર્મોમાં કોઈ ડખલગીરી કરી શકતું નથી તેવા, ઋજુ, નિષ્કંટક, સુખમય, એક વાર જેના પર આપણા પગ સુસ્થિર થાય અને પ્રગટ થયેલા દેવો આપણું રક્ષણ કરવા લાગે એટલે જેના પર ગતિ કરવી તે સરલ-સગવડભર્યું બની જાય છે તેવા, માર્ગ પર થઈને પ્રકાશયુકત પિતૃઓએ શબ્દની શકિત વડે, સોમરસના સામર્થ્ય વડે, યજ્ઞના બળ વડે, આરોહણ કર્યું હતું; અને નિર્ભય પ્રકાશમાં, પાર-માનસિક અસ્તિત્વની વિશાળ સમતલ ભૂમિકા ઉપર જઈને ઊભા હતા. તેમના વંશજ માનવે પણ, તે જ રીતે, ભેદમય ચેતનાની વક્રતાઓને છોડી દઈને, ઋત-ચેતનાવાળા મનની ઋજુ વસ્તુઓને સ્વીકારવાની છે.

કારણ કે સૂર્યના માર્ગો, દિવ્ય અશ્વદધિક્રવન્‌નાં ધાવનો, દેવોના રથોનાં ચક્રોની ગતિ ઋજુ માર્ગો ઉપર, વિશાળ સમતલ પ્રદેશો ઉપર હોય છે જ્યાં બધું ખુલ્લું હોય છે અને દર્શના મર્યાદિત હોતી નથી; પણ નિમ્ન અસ્તિત્વના માર્ગો વાંકાચૂંકા, ખાડાઓવાળા, સ્ખલનોવાળા હોય છે; તેમની મુલાકાતે દિવ્ય આવેગો આવતા હોતા નથી; તેમની જમીન ખડબચડી અને વિષમ હોય છે, કે જે માણસોને તેમના લક્ષ્યને-માર્ગને-શકય સહાયકોને—તેમની રાહ જોતાં જોખમોને—તેમના લપાઈ રહેલા શત્રુઓને નજરે પડવા દેતી નથી. દેવોની સીધી અને પરિપૂર્ણ દોરવણી હેઠળ, ઋતના માર્ગે ચાલનાર માણસ છેવટે પોતાના મન-શરીરની મર્યાદાઓને વટાવી જાય છે; આપણે ઉચ્ચતર સ્વર્ગના ત્રણ પ્રકાશ-યુકત લોકોનું સ્વામિત્વ પ્રાપ્ત કરીએ છીએ, આનંદમય અમૃતત્વનો ઉપભોગ માણીએ છીએ, દેવોના સમૂહમાં વૃદ્ધિ પામીએ છીએ, અને આપણા માનવ અસ્તિત્વમાં ઉચ્ચતર અથવા દિવ્ય સૃષ્ટિની વૈશ્વિક રચનાઓનું નિર્માણ કરીએ છીએ. ત્યારે માનવ દિવ્ય તેમજ માનવી—બંને જન્મોને પ્રાપ્ત કરે છે; તે બે ગતિઓનો સ્વામી બને છે, અદિતિને તથા દિતિને બંનેને એકીસાથે ધારણ કરે છે, વ્યકિતમાં સમષ્ટિનો સાક્ષાત્કાર કરે છે, સાન્તમાં અનંત બની જાય છે.

સૂર્ય આ ખ્યાલને મૂર્તિમંત કરે છે. તે માનવ ચેતનામાં ઉદય પામતા ઋતનો પ્રકાશ છે, દિવ્ય ઉષાને અનુસરતો—પોતાની પ્રિયતમાની પાછળ-પાછળ જતો તેનો પ્રેમી છે, જે પોતાની પ્રિયાએ દોરેલા માર્ગ ઉપર ગતિ કરે છે.

સ્વર્ગની પુત્રી, અદિતિની શકિત—તેનું મુખ એવી ઉષા એ માનવી પર સતત ઉદય પામતો, દિવ્ય પ્રકાશ છે; તે આધ્યાત્મિક સમૃદ્ધિનું, પ્રકાશનું, શકિતનું, નવીન જન્મનું આગમન છે; તે માનવીના પાર્થિવ અસ્તિત્વમાં સ્વર્ગના સોનેરી ખજાનાને રેલાવે છે. સૂર્ય એટલે પ્રકાશમય; પ્રકાશયુકત વિચારકને પણ સૂરિ કહેવામાં આવે છે. પણ સૂ—ધાતુનો અર્થ—સર્જન કરવું, વિસર્જન કરવું, વેગ આપવો, નિર્મુકત કરવું છે, કારણ કે ભારતીય વિચાર અનુસાર, સૃષ્ટિ એટલે અનિર્મુકત વસ્તુનો વિસર્ગ છે, અનંત અસ્તિત્વમાં ગૂઢ વસ્તુનો આવિર્ભાવ છે. સૂર્યનાં બે કાર્યો છે—પ્રકાશયુકત દર્શના અને પ્રકાશયુકત સર્જના. તે સ્રષ્ટા પણ છે, તેમ જ આવિષ્કારક દર્શના, સર્વ-ઋષિ પણ છે.

તે શેનું સર્જન કરે છે ? પ્રથમ તો લોકો, કારણ કે દરેક વસ્તુનું સર્જન અનંત અસ્તિત્વના પ્રકાશમાંથી તથા ઋતમાંથી થાય છે; પરમાત્માની અનંત આત્મ-દર્શનાના પ્રકાશરૂપ સૂર્યના શરીરમાંથી, ઋષિ-સંકલ્પરૂપ, સર્વજ્ઞ સર્જનાત્મક શકિતરૂપ, આત્મ-દર્શનાની જાજ્વલ્યમાન સર્વશકિતમત્તારૂપ અગ્નિ દરેક વસ્તુનું સર્જન કરે છે. બીજું, માનવની અંધકારમય ચેતનાની રાત્રિમાં, વસ્તુઓનો આ પિતા, ઋતનો ઋષિ પોતાનામાંથી પ્રગટ થઈ અકલ્યાણકારી નિમ્ન સૃષ્ટિની જગ્યા લઈ લે છે; ત્યારે તે આપણામાંથી તે નિમ્ન સૃષ્ટિને દૂર કરે છે, અને આત્મ-સચેતન, પાર-માનસિક ઋત વડે તથા પ્રગટ થયેલા દેવના જીવંત નિયમ વડે નિયમન કરાયેલા, દિવ્ય લોકોની અમર્યાદ સંવાદિતાને તે સ્થાપે છે. છતાં આ સૃષ્ટિનો પ્રશ્ન ચર્ચાય છે, ત્યારે સૂર્યનું નામ ભાગ્યે જ વપરાય છે; ત્યારે અનંત પ્રકાશની શરીરના અને તેના પ્રગટીકરણની નિષ્ક્રિય બાજુઓનો ઉલ્લેખ થાય છે. તેના સક્રિય સ્વરૂપમાં, તેને માટે બીજાં નામો વપરાય છે; ત્યારે તે સવિતૃ કહેવાય છે, જે શબ્દ સૂર્ય-શબ્દની પેઠે સૃષ્ટિ કરનારનો અર્થ ધરાવે છે; અથવા તેને ત્વષ્ટા-વસ્તુઓની રચનાર કરનાર કહેવામાં આવે છે; અથવા તેને પૂષા—પોષણ કરનાર કહેવામાં આવે છે. આ બધાં નામો કેટલીક વાર સૂર્યના પર્યાયો તરીકે વપરાય છે, અને કેટલીક વાર જાણે તે બીજાં રૂપો હોય—આ વૈશ્વિક દેવનાં બીજાં વ્યકિતત્વો હોય તેમ વપરાય છે. સવિતૃ માનવમાં ઋતની રચના રૂપે પોતાને ચાર મહાન સક્રિય દેવો મારફતે પ્રગટ કરે છે; તે ચાર દેવો વરુણ, મિત્ર, ભગ અને અર્યમા છે, જે વિશુદ્ધ વિશાળતાનો સ્વામી, પ્રકાશયુકત સંવાદિતાનો સ્વામી, દિવ્ય ઉપભોગનો સ્વામી, અને ઊર્ધ્વમાં ગતિમાન શકિતનો સ્વામી અનુક્રમે છે.

જો સૂર્ય સ્રષ્ટા હોય, વેદ કહે છે તે પ્રમાણે—સ્થાવર-જંગમ સર્વનો આત્મા હોય, અને જો આ સૂર્ય દિવ્ય, વિશાળતાપૂર્વક પ્રજ્વલિત, સ્વર્ગને ધારણ કરતા નિયમમાં રહેલું, ઋત હોય, તો બધા લોકોએ તે ઋતના નિયમને પ્રગટ કરવો

જોઈએ, અને તે બધા લોકો એટલાં સ્વર્ગો હોવાં જોઈએ. તો પછી આપણા મર્ત્ય અસ્તિત્વનાં આ બધાં અનૃત, પાપ, મૃત્યુ, દુઃખ ક્યાંથી આવે છે? આપણને કહેવામાં આવ્યું છે કે વૈશ્વિક અદિતિના દેહમાંથી આઠ પુત્રો જન્મ્યા છે; તેમાંના સાત વડે અદિતિ દેવો પ્રત્યે ગતિ કરે છે; પણ આઠમો પુત્ર માર્તંડ છે—મર્ત્ય સૃષ્ટિ છે, જેને તે પોતાનાથી દૂર ફેંકી દે છે; સાત પુત્રો વડે તે પરમ જીવન પ્રત્યે, દેવોના મૂલ આયુષ પ્રત્યે ગતિ કરે છે, પણ અવચેતનામાં નાખી દેવાયેલા માર્તંડને, મર્ત્ય જન્મ-મૃત્યુના અધિષ્ઠાતા બનવા માટે, પાછો લાવવામાં આવે છે.

માર્તંડ અથવા આઠમો સૂર્ય કૃષ્ણ વર્ણનો છે, તે ખોવાયેલો, ગૂઢ સૂર્ય છે. દૈત્યોએ તેને લઈ જઈને અંધકારની ગુહામાં સંતાડી દીધો છે, અને દેવોએ તથા ઋષિઓએ, યજ્ઞની શકિત દ્વારા, તેને તેજમાં તથા મુકિતમાં નિર્મુકત કરવાનો છે. ઓછાં રૂપકોવાળી ભાષામાં કહીએ તો, મર્ત્ય જીવનનું નિયમન કચડાયેલું, નિગૂઢ, આવૃત સત્ય કરે છે; જેવી રીતે દિવ્ય સંકલ્પ-શકિતરૂપ અગ્નિ પ્રથમ માનવી આવેગના તથા સ્વચ્છંદના ધુમાડાથી આચ્છાદિત—નિગૂઢ રહીને પૃથ્વી પર કામ કરે છે, તેમ દિવ્ય જ્ઞાનરૂપી સૂર્ય રાત્રિમાં તથા અંધકારમાં નિગૂઢ અને રહે છે, સામાન્ય માનવ-જીવનનાં અજ્ઞાન તથા સ્ખલનોમાં સમાયેલો, નિગૂઢ દુષ્પ્રાપ્ય રહે છે. ઋષિઓ, તેમના વિચારોમાં રહેલા ઋતની શકિત વડે, અંધકારમાં રહેલા આ સૂર્યને શોધી કાઢે છે; તેઓ આ જ્ઞાનને, અવિભકત તથા સર્વ-આલિંગક દર્શનાની આ શકિતને, આપણા અવચેતન અસ્તિત્વમાં નિગૂઢ રહેલી આ દેવોની ચક્ષુને મુકત કરે છે; તેઓ તેના પ્રકાશોને નિર્મુકત કરે છે, તેઓ દિવ્ય ઉષાનું સર્જન કરે છે. દિવ્ય મનની શકિતરૂપ ઈન્દ્ર, ઋષિ-સંકલ્પરૂપ અગ્નિ, પ્રેરણાયુકત શબ્દનો સ્વામી બૃહસ્પતિ, માનવમાં અમર આનંદ રૂપે જન્મેલો સોમ દૈત્યોનાં મજબૂત અદ્રિ-સ્થાનોને, કૃત્રિમ અવરોધોને તોડીફોડી નાખે છે, અને આ સૂર્ય આપણાં સ્વર્ગોમાં પ્રકાશમયતાપૂર્વક ઉડ્ડયન કરે છે. ઉદય પામેલો તે પાર-માનસિક ઋત પ્રત્યે આરોહણ કરે છે. "દેવોએ તેને માટે જે માર્ગ બનાવ્યો છે, તેના પર, પોતાના લક્ષ્ય પ્રત્યે ઊડતા ગીધની પેઠે, તે ગતિ કરે છે;" પોતાના સાત પ્રકાશયુકત અશ્વો સાથે તે ઉચ્ચતર અસ્તિત્વના તદ્દન પ્રકાશમય સમુદ્રમાં આરોહણ કરે છે; ઋષિઓ નૌકામાં બેસાડી તેને ત્યાં દોરી જાય છે. સૂર્ય પોતે જ કદાચ તે સોનેરી નૌકા છે, જેમાં પૂષા—પોષણ કરનાર દેવ માનવોને, પાપ તથા અંધકારથી પાર, ઋત તથા અમૃતત્વ પ્રત્યે દોરી જાય છે.

અજ્ઞાનમાંથી મુકત થયા પછી, માનવ જેને પ્રાપ્ત કરે છે તે ઋતનો પરમ પ્રકાશ સૂર્ય છે— એ તેની પ્રથમ બાજુ છે. "આ અંધકારથી પર, તે ઉચ્ચતર પ્રકાશનાં દર્શન કરતા, અમે તેને અનુસર્યા, અને દિવ્ય સત્‌માં રહેલા

દિવ્ય સૂર્યને—સૌથી પરમ પ્રકાશને અમે પ્રાપ્ત કર્યો" (૧, ૫૦, ૧૦). વેદના આ વિચારને ઉપનિષદોએ વધારે સ્પષ્ટ રીતે વ્યકત કર્યો છે—સૂર્યનું તે સુંદરતમ રૂપ, જેમાં માણસ નિર્મુકત દર્શના વડે એક પુરુષનું દર્શન પ્રાપ્ત કરે છે, તે હું છું. સૂર્યના ઉચ્ચતમ, પ્રકાશ વડે દર્શના આપણા અંધકારની પાર, પાર-ચેતન, ઉચ્ચત્તમ, મહત્તર ઋત-દર્શના પ્રત્યે ગતિ કરે છે, જે પ્રાપ્ત કર્યા પછી મનુષ્ય અનંતના પરમ, સર્વોત્કૃષ્ટ લોકમાં ગતિ કરે છે (૧૦, ૩૭).

માનવની પ્રભુ પ્રત્યે ગતિ કરતી સંકલ્પ-શકિત આ પ્રકાશમય સૂર્યનું નિર્માણ કરે છે; દિવ્ય કર્મો કરનારાઓ તેની પરિપૂર્ણ રચના કરે છે. આ પ્રકાશ ઉચ્ચતમની દર્શના છે, માનવ-યજ્ઞ અથવા પોતાના અસ્તિત્વના યોગ વડે—નિગૂઢ ઋતની શકિતઓને આત્મ-સમર્પણ દ્વારા, મહાન લાંબા પરિશ્રમપૂર્વક, આત્મ-વિકાસની સિદ્ધિ દ્વારા પ્રાપ્ત થયેલી એકતા વડે તે પરમ ઉચ્ચતમને પ્રાપ્ત કરે છે. ઋષિ કહે છે કે—હે સર્વ જોનાર બુદ્ધિ, હે સૂર્ય, જીવતા પ્રાણીઓ એવા અમે તને મહાન પ્રકાશ લઈ આવતો, અમારે માટે આનંદની એક દર્શના ઉપર બીજી—એમ પ્રજ્વલિત કરતો જોઈએ; અમે તારા વિશાળ સામર્થ્ય વડે આનંદમાં આરોહણ કરીએ. (૧૦, ૩૭, ૮). આપણામાં રહેલી પ્રાણશકિતઓ, વિશુદ્ધ બનાવનાર મરુત્-દેવો, જે જ્ઞાન માટે યુદ્ધ ખેડે છે, જેમનું સર્જન દિવ્ય મનરૂપ ઇન્દ્રે કર્યું છે, દિવ્ય વિશુદ્ધિ તથા વિશાળતાના દેવ વરુણે જેમને બોધ કર્યો છે, તેવી તે પ્રાણશકિતઓએ સૂર્યના પ્રકાશ વડે પોતાના આનંદને—ઉપભોગને પ્રાપ્ત કરવાનો છે.

સૂર્યનો પ્રકાશ તે દિવ્ય દૃશ્યનું સ્વરૂપ છે—શરીર છે. તેને ઋતની વિશુદ્ધ દૃષ્ટિગોચર શકિત રૂપે વર્ણવવામાં આવ્યો છે, જે સૂર્ય ઉદય-કાળે સ્વર્ગના સુવર્ણની પેઠે પ્રકાશે છે. તે મહાન દેવ વરુણની તથા મિત્રની દર્શના છે; તે વિશાળતાની તથા સંવાદિતાની અજેય વિશાળ આંખ છે, મિત્ર-વરુણની ચક્ષુ તે સૂર્યની દર્શનાનો મહાન સમુદ્ર છે.

સૂર્યની વિશાળ ઋત-ચેતના હોવાને કારણે, આપણે તે માણસને ઋષિ કહીએ છીએ. વિશાળ દર્શનાવાળો સૂર્ય આ દેવોના તથા તેમના સનાતન જન્મોના ત્રિવિધ જ્ઞાનથી યુકત ઋષિ છે; તે દેવોમાં તથા માનવોમાં રહેલી સર્વ વસ્તુઓને જુએ છે; મર્ત્યોમાં ઋજુ તથા વક્ર વસ્તુઓને જોતો, તે માનવોની ગતિઓ પર નજર રાખે છે. ઇન્દ્રે સૂર્યને આકાશમાં દૂર દર્શના માટે ઉગાડયો છે; તે પ્રકાશની ચક્ષુ વડે ઇન્દ્ર દસ્યુઓમાંથી આર્ય શકિતઓને જુદી પાડી શકે છે, પ્રકાશના પુત્રો તથા અંધકારના પુત્રો વચ્ચેનો તફાવત જાણી શકે છે, જેને પરિણામે તે દસ્યુઓને હણી શકે અને આર્યોને પરિપૂર્ણતા પ્રાપ્ત કરાવી શકે.

પણ ઋષિત્વની માત્ર દૂર-દર્શના જ નથી આવતી, તેની સાથે સાથે

દૂર-શ્રાવણ પણ આવે છે. જેમ ઋષિની આંખો પ્રકાશ પ્રત્યે ખુલ્લી બને છે, તેમ તેના કાન અનંતનાં આકંપનોને સ્વીકારવા માટે ખુલ્લા બને છે. ઋતના બધા પ્રદેશોમાંથી તેનામાં આશ્ચર્ય પૂર્વક શબ્દ આવે છે, જે તેના વિચારોના રૂપને ધારણ કરે છે. જ્યારે 'વિચાર ઋતના ધામમાંથી પ્રગટે છે', ત્યારે સૂર્ય તેનાં કિરણો દ્વારા પ્રકાશની રહસ્યમય ગાયને નિર્મુકત કરે છે. સૂર્ય માત્ર 'સ્વર્ગનો પુત્ર, કે જે દેવોમાંથી જન્મેલા જ્ઞાનની દૂર-દર્શન કરતી આંખ' જ નથી (૧૦, ૩૭, ૧), પણ તે પરમ શબ્દનો ઉચ્ચારનાર, પ્રકાશયુકત તેમ જ પ્રકાશક વિચારને આવેગ આપનાર પણ છે. "હે સૂર્ય, ઉદય પામતો તું જે પાપ-રહિત ઋત આજે મિત્રને તથા વરુણને બોલે છે, તે અમે બોલીએ; અને હે અદિતિ તથા અર્યમા, તમને વહાલા દેવત્વમાં રહીએ" (૭, ૬૦, ૧). પ્રાચીન વૈદિક ધર્મના પસંદ કરેલા ગાયત્રી મંત્રમાં, સૂર્ય સવિતૃના પરમ પ્રકાશને આપણા કામ્ય પદાર્થ તરીકે વર્ણવવામાં આવ્યો છે, કે જે દેવ આપણા સર્વ વિચારોને પ્રકાશયુકત આવેગ આપશે.

સૂર્ય સવિતૃ સ્રષ્ટા છે; કારણ કે માણસની દિવ્ય દર્શનાની આ સ્તુતિમાં ઋષિ અને સ્રષ્ટા બંને સંમીલિત થાય છે. તે દર્શનાનો વિજય, તે પ્રકાશનું ઋતના પોતાના ઘરમાં આરોહણ, અનંત વિશાળતા તથા અનંત સંવાદિતાની ચક્ષુરૂપ સૂર્યની દર્શનાના આ મહાન સમુદ્રમાં પૂરનું આવવું, તે બીજી અથવા દિવ્ય સર્જના જ છે. કારણ કે ત્યારે આપણામાં રહેલો સૂર્ય બધા લોકોને સર્વ-ગ્રાહી દર્શના વડે જોતો હોય છે, બધા જન્મોને દિવ્ય પ્રકાશનાં ધણ તરીકે—અનંત અદિતિનાં શરીરો તરીકે જોતો હોય છે; અને સર્વ વસ્તુઓને આ નવીન દૃષ્ટિથી જોવી તે, વિચાર—કર્મ—લાગણી—સંકલ્પ—ચેતનાને નવા રૂપમાં, ઋત—આનંદ—સત્ય—અનંતતાના સ્વરૂપમાં જોવાં તે નવીન સર્જના જ છે. તેનાથી આપણામાં "મહત્તર અસ્તિત્વ આવે છે, જે આપણા આ ક્ષુદ્ર અસ્તિત્વની પેલે પારનું છે, અને જે અનંતનું સ્વપ્ન હોવાને કારણે પોતામાંથી અનૃતને દૂર કરે છે."

માનવ માટે, પોતાના પ્રકાશ વડે તથા ઊર્ધ્વ આરોહણ વડે, આ નવીન જન્મની, નવીન સર્જનાની તૈયારી કરવી, એ દિવ્ય પ્રકાશ અને ઋષિરૂપ સૂર્યનું કાર્ય છે.

દિવ્ય ઉષા

જેવી રીતે સૂર્ય દિવ્ય ઋતના સોનેરી પ્રકાશનો દેવ છે, તેમ દિવ્ય ઉષા આપણી અજ્ઞાનની રાત્રિ પર ઉદય પામતા પરમ પ્રકાશની દેવી છે. સ્વર્ગની પુત્રી ઉષા અને તેની બહેન રાત્રિ એક જ સનાતન અનંતની છતી અને ઊંધી બે

બાજુઓ છે. જેમાંથી લોકો પ્રગટ થાય છે તે પૂર્ણ રાત્રિ અચેતનતાનું પ્રતીક છે. તે અચેતન સમુદ્ર છે, અંધકાર વડે નિગૂઢ અંધકાર છે, જેમાંથી એક પોતાની શકિતના મહિમા વડે જન્મે છે—પ્રગટ થાય છે. પણ વસ્તુઓના આપણા અંધકારમય મર્ત્ય લોકમાં અજ્ઞાનની નિમ્ન રાત્રિનું શાસન ચાલે છે, કે જે રાત્રિ આકાશ—પૃથ્વી—અંતરિક્ષને, આપણા માનસિક—શારીરિક—પ્રાણિક અસ્તિત્વને આવરી લે છે. અહીં સ્વર્ગની પુત્રી ઉષા, તેનાં ઋતનાં તેજો સાથે, તેનાં આનંદનાં વરદાનો સાથે, ઊંગે છે, કાળા વણેલા ઝભ્ભાની પેઠે અંધકારને ઉતારી નાખતી પ્રકાશના આવરણમાં સજ્જ બનેલી, આનંદના પ્રકાશયુકત સ્વામી સૂર્યની પ્રિયતમાની પેઠે, આ તરુણ યુવતી પોતાના વક્ષઃસ્થળનાં સૌન્દર્યોને પ્રગટ કરે છે, પોતાનાં ઝળહળતાં અંગોને પ્રગટ કરતી, તે સૂર્યને લોકોની ઊર્ધ્વમાં ચઢતી પરંપરા પર આરોહણ કરાવે છે.

આપણા અંધકારની આ રાત્રિ તદ્દન પ્રકાશ-વિહોણી નથી. બીજું કશું ભલે નજરે ન પડતું હોય, ભલે બધે ગાઢ અંધકાર વ્યાપી ગયો હોય, છતાં ઋષિસંકલ્પરૂપ અગ્નિની દિવ્ય જવાળા ગાઢ અંધકારમાં પ્રજ્વલિત હોય છે, તે દૂર બેઠેલી તેની છાયાને પ્રકાશ અર્પે છે; ભલે તે જવાળા યજ્ઞની વેદિ પર હોય છે એટલી પ્રજ્વલિત ન થઈ હોય, છતાં આવેગના તથા કામનાના વ્યાપક ધુમાડામાં પણ તે આપણી પૃથ્વી પર, દેવોમાંના નિકૃષ્ટ તેમ જ ઉત્કૃષ્ટ દેવની પેઠે, ગૂઢ પ્રકાશનાં સંકલ્પને તથા કાર્યોને પરિપૂર્ણ બનાવે છે. અને તારાઓ તથા ચંદ્ર રાત્રિમાં આવે છે, અને અનંત સમ્રાટનાં અજેય કાર્યોને પ્રગટ કરે છે. વળી, રાત્રિ હમેશાં તેના ઉદરમાં તેની પ્રકાશપૂર્ણ બહેનને નિગૂઢ ધારણ કરે છે; આપણા અજ્ઞાનમય જીવનને દેવો તેમનાં ગૂઢ માનવી કાર્યો વડે બોધપાઠ આપતા રહે છે, અને દિવ્ય ઉષાના જન્મની તૈયારી કરતા રહે છે, જેથી વેગ અપાયેલી ઉષા પ્રકાશમય સ્રષ્ટાની પરમ સૃષ્ટિને પ્રગટ કરે. કારણ કે દિવ્ય ઉષા અદિતિનું મુખ છે—શકિત છે; તે દેવોની માતા છે; તે આપણી માનવતામાં દેવોને જન્માવે છે, જેથી તેમનાં સાચાં સ્વરૂપોને આપણી ક્ષુદ્રતાનું તથા આપણી અદર્શનાનું દબાણ ન સહેવું પડે.

પણ આ કાર્ય ઋતના નિયત ક્રમોમાં, તેની નિયત ઋતુઓમાં, યજ્ઞના બાર મહિનાઓમાં, સૂર્ય સવિતૃનાં દિવ્ય વર્ષોમાં, કરવાનું હોય છે. તેથી રાત્રિ તથા ઉષા, અવિરત રીતે, સતત છંદોમયતામાં, વારાફરતી એમ ગાળામાં, આવે છે; પ્રકાશનાં તેજો અને તેમના દેશવટાના ગાળાઓ, આપણા અંધકારના ઉદયો અને તે આપણા પર ફરી એક વાર દોર જમાવે તેવા સમયો આવે છે; પણ છેવટે દિવ્ય જન્મ સિદ્ધ થાય છે, અને તે ફરી તેની મહત્તામાં, જ્ઞાનમાં, પ્રેમમાં, શકિતમાં પરિપૂર્ણ બને છે. આ પાછળથી આવતી રાત્રિઓ પહેલાંના

જેવી તદ્દન અંધકારમય રાત્રિઓ નથી હોતી, કે જેમાં શત્રુઓ છાપો મારે, ભેદમય ભક્ષક દૈત્યો લપાઈ-છુપાઈને રહી શકે; આ રાત્રિઓ સુખમય, દિવ્ય, આશીર્વાદની રાત્રિઓ હોય છે કે જે દિવસોની પેઠે જ આપણી વૃદ્ધિ માટે પરિશ્રમ કરતી હોય છે. એટલે રાત્રિ અને ઉષા ભિન્ન ભિન્ન રૂપની, પણ એક જ મનવાળી હોય છે, તે વારાફરતી તે જ પ્રકાશયુકત શિશુને ધવરાવે છે. ત્યારે વધારે પ્રકાશવાળી દેવીનાં આવિષ્કારક તેજો અંધકારની ગતિઓની આરપાર, સુખમય રાત્રિઓમાં પણ પરખી શકાય છે. તેથી કુત્સ ઋષિ તે બંને બહેનો માટે એક સૂકતમાં કહે છે કે—અમર, એક જ પ્રિયતમ સાથે પ્રેમ કરતી, પરસ્પરને એક સંમતિ આપતી, પ્રકાશના રંગનું નિર્માણ કરતી, તે બંને આકાશ-પૃથ્વી ઉપર ગતિ કરે છે; તે બંને અનંત બહેનો એક જ માર્ગે સંચરે છે; દેવો વડે પ્રબોધાયેલી તે બંને, વારાફરતી, તે માર્ગ ઉપર વિચરે છે; જુદાંજુદાં સ્વરૂપોવાળી હોવા છતાં, તે બંને એક સરખી છે. (૧, ૧૧૩, ૨-૩). કારણ કે એક ગાયોનાં ધણની પ્રકાશયુકત માતા છે, જયારે બીજી કાળી ગાય છે, કાળી અનંતતા છે, જે આપણને સ્વર્ગનું પ્રકાશયુકત દૂધ આપી શકે તેમ છે.

આ પ્રમાણે ઉષાઓ વારાફરતી ગાળાઓમાં આવે છે, ત્રીસની સંખ્યામાં મહિનાના દિવસો જેટલી સંખ્યામાં (જે આપણા માનસની ગૂઢમય સંખ્યા છે), જેના અંતે કોઈક દિવસ આપણને પણ આપણા પૂર્વજોની પેઠે, માનવતાના ખૂબ પહેલાંના યુગની જેમ, એક અદ્‌ભુત અનુભૂતિ થશે, જયારે ઉષાઓ જ સતત આવ્યા કરશે, વચ્ચે રાત્રિનો અંધકાર નહિ આવે, જયારે ઉષાઓ પોતાના પ્રિયતમ સમાન સૂર્યને વીંટવાઈ વળશે, જયારે તે પ્રિયતમ અમુક ગાળાઓ પછી આવતો તેના આનંદમાં તેઓ તેની સન્મુખ અવારનવાર જતી હતી તેમ નહિ. તે ત્યારે બને કે જયારે આપણા માનસમાં પાર-માનસિક ચેતના પરિપૂર્ણ બનીને પ્રકાશે; ત્યારે આપણે, દેવોની પેઠે, સનાતન અદ્રિના શિખર ઉપર, એક વર્ષ લાંબા દિવસને ભોગવી શકીશું. ત્યારે સર્વશ્રેષ્ઠ, ઉચ્ચતમ, સૌથી વધારે પ્રકાશયુકત ઉષા ઊગશે, "જયારે શત્રુને હાંકી કાઢીને, ઋતની રક્ષક, ઋતમાં જન્મેલી, આનંદથી પૂર્ણ, ઉચ્ચતમ સત્યોનું ઉચ્ચારણ કરતી, બધાં વરદાનોમાં પરિપૂર્ણ બનેલી, ઉષા દેવોના જન્મને તથા આવિર્ભાવને લઈ આવશે" (૧, ૧૧૩, ૧૨). તે દરમિયાન, એક ઉષા આવે છે, અને તેની પછી બીજી અનેક ઉષાઓ ઊગશે, અને ચાલી ગયેલી ઉષાઓને માર્ગે તે પણ જશે, તેમના લક્ષ્યને પ્રાપ્ત કરવા તેમને અનુસરશે; દરેક ઉષા જયારે આવે છે, ત્યારે જીવનને ઊર્ધ્વમાં લઈ જાય છે, અને આપણામાં "કોઈક મરી ગયેલાને જાગૃત કરે છે." (૧, ૧૧૩, ૮). "દેવોની માતા, અનંતની શકિત, યજ્ઞમાંથી જાગૃત થતી વિશાળ દર્શના, ઉષા આત્માના વિચાર માટે અભિવ્યકિતને સર્જે છે," અને બધા

જન્મેલામાં આપણને વૈશ્વિક જન્મ આપે છે. (૧, ૧૧૩, ૧૯).

વૈદિક ઋષિઓ પ્રેરણાયુકત કવિઓ હતા; પ્રાકૃતિક સૌંદર્ય તેમની રગેરગમાં પ્રસરી ગયું હતું; તેઓ પાર્થિવ ઉષાના ભવ્ય, સુંદર, આકર્ષક પ્રતીકનો લાભ લેવા ચૂકે તે કદી બને જ નહિ. તેથી જો આપણે બેદરકારીપૂર્વક અથવા તો કાવ્યમય વર્ણનમાં આકૃષ્ટ થઈને, સૂકતો વાંચીએ, તો તેમના ગહનતર અર્થને પામી શકીએ નહિ. પણ આ સુંદર દેવીને ઉદ્દેશીને લખાયેલા દરેક સૂકતમાં તેઓ પ્રકાશક સૂચનો, પ્રકાશક વિશેષણો, ગહન ગૂઢવાદી શબ્દ-ગુચ્છો આપે છે, કે જે આપણને તે પ્રતીકના દિવ્ય અર્થને વારંવાર યાદ કરાવે છે. ખાસ કરીને, તેઓ પ્રકાશયુકત ગાયોનાં ઘણનું રૂપક આપે છે, જે તેમણે અંગિરસ્—ઋષિઓની ગૂઢવાદી કથામાં વણી લીધું છે. ઉષાને આપણા ઉપર એવી રીતે પ્રકાશવા માટે પ્રાર્થના કરવામાં આવી છે, કે જે રીતે તે સાત મુખોવાળા અંગિરસો પર પ્રકાશી હતી; નવ કિરણોવાળા (નવગ્વો) તથા દશ કિરણોવાળા (દશગ્વો) ઋષિઓની એકતા પર પ્રકાશી હતી; જે ઋષિઓએ, આત્માના કેવળ વિચાર દ્વારા, પ્રકાશક શબ્દ દ્વારા, રાત્રિમાં વ્યવહાર કરનાર કંજૂસ પણિઓની અંધકારમય ગુફાઓને તોડી-ફોડીને ઉઘાડી નાખી હતી અને તેમાં પુરાયેલી સૂર્યની પ્રકાશયુકત ગાયોને મુકત કરી હતી. ઉષાનાં કિરણો આ પ્રકાશયુકત ગાયોનાં નિર્મોચનો છે; ઉષાઓ પોતે તે ગાયોના પ્રકાશોની નિર્મુકત ઊર્ધ્વ ગતિઓ છે. વિશુદ્ધ અને વિશુદ્ધ બનાવતી, તે ઉષાઓ વાડાને તોડી-ફોડીને ઉઘાડી નાખે છે. ઉષા ઋતની સ્વામિની, ગાયોની માતા છે; તે પોતે જ પ્રકાશયુકત ગાય છે; તેનું દૂધ સ્વર્ગનું દિવ્ય પ્રકાશયુકત દૂધ છે, જેમાં દેવોનો સોમરસ સંમિશ્રિત થયો છે.

આ ઉષા માત્ર આપણી પૃથ્વીને જ નહિ, પણ બધા લોકોને પ્રકાશિત કરે છે. તે આપણા અસ્તિત્વની બધી ક્રમિક ભૂમિકાઓને અભિવ્યકત કરે છે, જેથી આપણે આપણાં સર્વ, શકય, વિવિધ જીવનો પર નજર નાખી શકીએ. તે સૂર્યની આંખ વડે તેમને પ્રગટ કરે છે, અને પ્રગટતા લોકોની સન્મુખ ઊભી રહીને, તે અમૃતત્વની દર્શનાની પેઠે, તે બધાથી પર ખડી રહે છે. (૩, ૬૧, ૩). તે પોતે જ વિશાળતાથી પ્રકાશતી આંખ છે; અને પોતાના પ્રિયતમ સૂર્યની પેઠે, તે માત્ર દર્શના જ નહિ, પણ શબ્દ પણ આપે છે; "તે દરેક વિચારક માટે વાણીને ખોળી આપે છે," તે આત્મામાં રહેલા વિચાર માટે અભિવ્યકિત સર્જે છે. થોડુંક જ જોઈ શકનાર લોકોને તે વિશાળ દર્શના આપે છે અને તેમને માટે સર્વ લોકોને અભિવ્યકત કરે છે. કારણ કે તે વિચારની દેવી છે, "અનેક વિચારોની યુવાન પ્રાચીન દેવી છે, જે દિવ્ય નિયમ પ્રમાણે ગતિ કરે છે" (૩, ૬૧, ૧). તે વિવેચનાયુકત જ્ઞાનની દેવી છે, જેની પાસે પરિપૂર્ણ

ઋત છે; તે બધા પ્રકાશોનો પરમ પ્રકાશ છે; તે વિવિધ, સર્વ-આલિંગક, સચેતન દર્શના રૂપે જન્મે છે. તે અંધકારમાંથી ઊગતો, જ્ઞાનથી પરિપૂર્ણ, પ્રકાશ છે. ઋષિ કહે છે કે—અમે અંધકારની પેલે પાર પહોંચી ગયા છીએ; ઉષા ઊગે છે અને તે જ્ઞાનના જન્મોનું નિર્માણ કરે છે. (૧, ૯૨, ૬).

ઋતનો વિચાર પ્રકાશયુકત ઉષાદેવી સાથે સતત સંબંધિત છે. સ્વર્ગના પ્રકાશો વડે, તે ઋતથી પરિપૂર્ણ એવી જાગે છે; તે ઋતના શબ્દો ઉચ્ચારતી આવે છે; તેની ઉષાઓ આગમન-કાળે પ્રકાશયુકત હોય છે, કારણ કે તે ઋતમાંથી જન્મતી હોઈ ઋતમય છે; ઉષાઓ ઋતના ધામમાંથી જાગૃત થાય છે. તે પરિપૂર્ણ ઋતોની પ્રકાશયુકત નેત્રી છે; તે વિવિધ પ્રકાશની વસ્તુઓને દર્શનામાં જાગૃત કરે છે, અને દ્વાર ખોલી આપે છે. શકિતશાળી અગ્નિ આપણાં આકાશ-પૃથ્વીની મહાન વિશાળતામાં પ્રવેશ કરે છે, પણ ત્યારે તે ઋતના પાયામાંથી આવેગને પ્રાપ્ત કરે છે, કે જે ઋત ઉષાઓનો પાયો છે. આ ઉષાનો પ્રકાશ "મિત્ર તથા વરુણનું વિશાળ જ્ઞાન છે, અને તે, આનંદપૂર્ણ વસ્તુની પેઠે, અનેક સ્વરૂપોમાં પ્રકાશને સર્વત્ર વ્યવસ્થિત કરે છે." (૩, ૬૧, ૭).

વળી આપણે જેમને શોધીએ છીએ તે સમૃદ્ધિઓને તે આપે છે, અને માનવને દિવ્ય માર્ગ પર દોરે છે. તે સર્વ વરદાનોની રાણી છે; તે જે સમૃદ્ધિને આપે છે, તે ગાયનાં તથા અશ્વનાં ગૂઢવાદી પ્રતીકોમાં અભિવ્યકત કરાઈ છે; તે સમૃદ્ધિ ઉચ્ચતર ભૂમિકાઓનાં પ્રકાશયુકત પ્રાચુર્યો છે. અગ્નિ ઉષા પાસે પ્રાર્થના કરે છે, અને તેના પ્રકાશમય આગમન—કાળે તે ભૂમિકાઓનાં આનંદપૂર્ણ પ્રાચુર્યોને પ્રાપ્ત કરે છે. તે માનવને પ્રેરણાયુકત જ્ઞાન, પ્રાચુર્ય, આવેગમય શકિત તથા વિશાળ બળ આપે છે. તે પોતાના પ્રકાશ વડે માનવ માટે માર્ગનું સર્જન કરે છે; તે માનવો માટે સારા, સુખમય, સુગમ માર્ગોની રચના કરે છે. તે માણસને યાત્રામાં ગતિમાન કરે છે. ઋષિ કહે છે કે, "તું બળ, જ્ઞાન, મહાન આવેગને આપનારી છે; તું અમારી લક્ષ્ય પ્રત્યે ગતિ છે, તું અમને યાત્રામાં ગતિમાન કરે છે." તેનો માર્ગ પ્રકાશપૂર્ણ હોય છે; તેના પર તે ઋત વડે જોતરેલા અશ્વોથી ગતિ કરે છે; તે પોતે ઋત-પૂર્ણ, ઋતથી વિશાળ છે. તે ઋતના માર્ગે અસરકારક રીતે પ્રયાણ કરે છે, અને જાણકારની પેઠે, તે તેની દિશાઓનો નાશ કરતી નથી. સૂકતમાં કહે છે કે, 'માટે હે દિવ્ય ઉષા, અમર એવી તું, તારા આનંદના રથમાં બેઠેલી, ઋતના શબ્દો ઉચ્ચરતી, અમારા પર પ્રકાશ ફેંક, સુ-નિયમિત, સોનેરી વર્ણના, વિશાળ બળવાળા અશ્વો તને અહીં લઈ આવો.' (૩, ૬૧, ૨).

માર્ગના બધા નેતાઓની પેઠે, તે શત્રુઓનો સંહાર કરે છે. જ્યારે ઉષા-કાળમાં આર્ય જાગે છે, ત્યારે જીવનના અને પ્રકાશના કંજૂસો-પણિઓ રાત્રિના હૃદયમાં

ઘોરે છે કે, જ્યાં ઉષાનાં જ્ઞાનનાં વિવિધ કિરણો પડતાં નથી. આયુધયુકત વીરની પેઠે, તે આપણા શત્રુઓને હાંકી કાઢે છે; હુમલો કરતા યુદ્ધ-અશ્વની પેઠે, અંધકારને દૂર કરે છે. સ્વર્ગની પુત્રી પ્રકાશ સાથે આવે છે, શત્રુને હાંકી કાઢતી અને સર્વ અંધકારને મિટાવતી. આ પ્રકાશ સ્વર્લોકનો પ્રકાશ છે, જે પ્રકાશયુકત લોકનું સર્જન આપણે માટે સૂર્ય સવિતૃ કરવાનો છે, જે પ્રકાશમય માર્ગોની દિવ્ય ઉષા છે; ઋતથી વિશાળ છે, પ્રકાશમય લોકને તે આપણે માટે લઈ આવે છે; એટલે પ્રકાશયુકત માનવો પોતાના વિચારો વડે ઉષાનું પૂજન કરે છે. પોતાના આવરણને દૂર કરતી, આનંદના સ્વામીની તે પ્રિયતમા, પોતાનાં પરિપૂર્ણ કાર્યો વડે તથા પોતાના પરિપૂર્ણ ઉપભોગ વડે, સ્વર્નું સર્જન કરે છે, અને આકાશના છેડાઓ પરથી સમગ્ર પૃથ્વી ઉપર, પોતાના યશ-સમેત, પ્રસરી જાય છે. મધુરતાયુકત મધુને સ્થાપતી, તે આકાશમાં ઊર્ધ્વીકૃત બળને પ્રાપ્ત કરે છે; અને તે લોકના ત્રણ પ્રકાશયુકત પ્રદેશો આ મહાન ઉષાની આનંદપ્રદ દર્શના વડે પ્રકાશિત બને છે.

એટલે ઋષિ કહે છે કે, 'ઊઠો, જીવન અને શકિત આપણને પ્રાપ્ત થયાં છે; અંધકાર દૂર થયો છે; પ્રકાશ આવી પહોંચ્યો છે; તેણે સૂર્યની યાત્રા માટે માર્ગને ખાલી કર્યો છે; ચાલો, આપણે ત્યાં જઈએ, જ્યાં દેવો આપણા અસ્તિત્વને આ મર્યાદાઓની પેલે પાર લઈ જશે.' (૧, ૧૧૩, ૧૬).

પૂષા, વૃદ્ધિ કરનાર

દિવ્ય કાર્ય આપણામાં એકદમ સિદ્ધ થઈ જતું નથી, દેવનું સર્જન તરત થઈ જતું નથી; તે તો ક્રમપૂર્વક આવતી ઉષાઓની પરંપરા વડે થતા સતત વિકાસ તથા ઉછેર દ્વારા સિદ્ધ થાય છે, સૂર્યને અનેક ગાળાઓમાં વારંવાર તે માટે આવવું પડે છે; એટલે સૂર્ય-શકિત પૂષા તરીકે, વૃદ્ધિ કરનાર દેવ તરીકે પ્રગટ થાય છે. પુષ્ ધાતુનો અર્થ થાય છે—પોષણ કરવું, વૃદ્ધિ કરવી. ઋષિઓ જે આધ્યાત્મિક સમૃદ્ધિની કામના કરે છે, તે રોજ બ-રોજ વૃદ્ધિ પામે છે, અર્થાત્ સૂર્યના પ્રત્યેક આગમન સાથે પરિપુષ્ટ બને છે; ઋષિઓની પ્રાર્થનાઓનો હેતુ ઘણી વાર આ પુષ્ટિ માટેનો હોય છે. પૂષા સૂર્ય-શકિતની તે બાજુનો પ્રતિનિધિ છે. તે "આપણાં પ્રાચુર્યોનો સ્વામી છે, આપણી પુષ્ટિ-ઓનો પ્રભુ છે, આપણો સાથીદાર છે." પૂષા આપણા યજ્ઞને સમૃદ્ધ કરનાર દેવ છે. વિશાળ પૂષા પોતાની શકિત વડે આપણા રથને આગળ ધપાવે છે; તે આપણાં પ્રાચુર્યોની વૃદ્ધિ માટે પ્રગટ થાય છે. પૂષાનું વર્ણન દિવ્ય સમૃદ્ધિ-ઓના પ્રવાહ તરીકે અને તેના દાન-પ્રચુર સમૂહ તરીકે કરવામાં આવ્યું છે. તે

તેના આનંદના વિશાળ ખજાનાનો સ્વામી છે, આપણા સુખનો સાથી છે.

ક્રમપૂર્વક આવતી ઉષાઓના વચગાળામાં ફરી આવતી અજ્ઞાનની રાત્રિ એટલે સૂર્યની પ્રકાશ-યુકત ગાયોને ગુમાવી બેસવી તે; પણિઓ ઘણી વાર તેમને ઋષિઓ પાસેથી ચોરી જાય છે તે; પણિઓ ઘણી વાર સૂર્યને પોતાને ફરી વાર લઈ જઈ, અવચેતનની અંધકારમય ગુહામાં સંતાડી દે છે તે. ઋતના આ પ્રકાશોને ફરી વાર જેટલા પ્રમાણમાં ઋષિ પ્રાપ્ત કરી શકે છે, તેટલા પ્રમાણમાં પૂષા પુષ્ટિને આપે છે—તેના પર તે પુષ્ટિ આધાર રાખે છે. તેથી પૂષાને દિવ્ય મનરૂપ ઈન્દ્ર સાથે સંબંધિત કરવામાં આવ્યો છે; ઈન્દ્ર તેનો ભાઈ છે, મિત્ર છે, ગાયોને બળપૂર્વક પાછી લાવવા માટે કરવા પડતા યુદ્ધમાં મદદગાર છે. આપણા ગણો ગાયોને શોધી કાઢે, જિતે અને ફરી કબ્જો મેળવે, તે માટે તેમને પૂષા પરિપૂર્ણ બનાવે છે, સિદ્ધ કરે છે. "પૂષા અમારા પ્રકાશયુકત ધણનો પીછો પકડો, પૂષા અમારા અશ્વોનું રક્ષણ કરો; પૂષા અમારે માટે પ્રાચુર્યને જિતી લાવો. હે પૂષા, અમારી ગાયોની પાછળ પાછળ જા...પૂષા અમારી ઉપર તેનો જમણો હાથ મૂકો; અમે જે ગુમાવ્યું છે, તેને તે પાછું લાવી આપો" (૬, ૫૪, ૫—૬—૧૦). તે જ રીતે પૂષા સૂર્યને પણ પાછો લાવે છે. "હે પૂષા, અમારા ચોરાયેલા ધણની પેઠે, તું અમારાં સ્વર્ગોને ધારણ કરતા, વિવિધ જવાળાઓથી પરિપૂર્ણ, દેવને અમારી પાસે પાછો લઈ આવ. પૂષા ગુહામાં સંતાડી રાખેલા, અમને અદૃશ્ય થયેલા, પ્રકાશયુકત રાજાને ખોળી કાઢે છે." (૧, ૨૩, ૧૩—૧૪). આ પ્રકાશયુકત પૂષાના હાથમાં તેજસ્વી અંકુશ હોય છે, જે આત્માના વિચારોને પ્રેરે છે, અને પ્રકાશોના ધણને પાછું લાવવામાં આયુધ-રૂપ છે. પૂષા આપણને જે આપે છે તે સલામત હોય છે. તેની પાસે જ્ઞાન હોવાથી, તે આપણા જન્મોના લોકનો સ્વામી છે, તે ગાયોને ચોરાવા દેતો નથી. તેને આપણા સર્વ લોકોની અનેક પ્રકારે વ્યવસ્થા કરતી, સર્વ-આવરક, પરિ-પૂર્ણ એકતામય, દર્શના હોય છે, અને તેથી તે આપણી પુષ્ટિ કરે છે, વૃદ્ધિ કરે છે. તે આપણા સુખનો સ્વામી છે, તે આપણા જ્ઞાનના કબ્જાને જવા દેતો નથી; જ્યાં સુધી આપણે તેનાં કાર્યોના નિયમનું પાલન કરીશું, ત્યાં સુધી આપણને કોઈ ઈજા કે હાનિ નહિ પહોંચે. તેના વડે અપાયેલી, આત્માની સુખમય અવસ્થા પોતાનામાંથી બધાં પાપોને તથા અનિષ્ટોને દૂર કરે છે, અને આપણા વૈશ્વિક અસ્તિત્વમાં, આજે તેમ જ કાલે, સંપૂર્ણ દેવત્વનું નિર્માણ કરે છે.

સૂર્ય જ્ઞાનનો સ્વામી છે, એટલે પૂષા પણ ખાસ કરીને જ્ઞાનયુકત, વિચારક, ઋષિના પ્રકાશયુકત વિચારોનો રક્ષક; સમગ્ર વિશ્વમાં અંતર્ભૂત, સર્વવ્યાપક વિચારમાં આનંદ પામતાં ગાયોનાં ધણનો ગોવાળ છે; તે સર્જનાત્મક જ્ઞાનનાં

બધાં સ્વરૂપોની વૃદ્ધિ કરે છે. તે પ્રકાશયુકત લોકોનાં મનને સંચાલિત કરે છે, પ્રેરણા આપે છે, તેમના વિચારોને પરિપૂર્ણસિદ્ધ કરવામાં સાધનરૂપ છે, વિચારક માનવમાં બેઠેલો તે ઋષિ છે, તેના પ્રકાશયુકત મનનો સાથી છે, જે તેને માર્ગમાં ગતિમાન કરે છે. ગાયોને, અશ્વને, ધનના પ્રાચુર્યને જિતનાર વિચારને આપણામાં પૂષા પ્રગટ કરે છે. તે દરેક વિચારકનો મિત્ર છે; પ્રિયતમ જેમ પોતાની પ્રિયતમાની દેખભાળ કરે, તેમ તે વિચારની દેખભાળ કરે છે. પરમ સુખને શોધતા વિચારો એવી શકિતઓ છે, કે જેમને પૂષા પોતાના રથમાં જોતરે છે; તેઓ[1] અજો છે, કે જે તેના રથની ધૂંસરીનું વહન કરે છે.

પૂષા સાથે રથ, યાત્રા, માર્ગના વિચારો સતત સંબંધિત હોય છે, કારણ કે તે જે વૃદ્ધિ—પુષ્ટિ આપે છે તે પરમાં રહેતા ઋતની પરિપૂર્ણતા પ્રત્યેની માત્રા છે. વેદમાં કહેવાયેલો માર્ગ તે હમેશાં આ ઋતનો માર્ગ છે. એટલે ઋષિ પૂષાને આપણો ઋતનો સારથિ બનવાની પ્રાર્થના કરે છે; વૈદિક વિચાર અને જ્ઞાનનો ખ્યાલ તથા માર્ગનો ખ્યાલ એકબીજા સાથે વણાઈ ગયેલા માલૂમ પડે છે. આપણે પૂષાને, વિચાર માટે, પ્રાચુર્યની પ્રાપ્તિ માટે, રથની સાથે જોતરીએ છીએ, કારણ કે તે માર્ગનો પતિ છે; તે આપણા માર્ગનો એવી રીતે વિવેક કરે છે કે જેથી વિચારો પરિપૂર્ણ-સિદ્ધ થઈ શકે; તે આપણે બળપૂર્વક જ્ઞાન વડે, તે માર્ગો પર દોરે છે, જાણે કે એમ કહીને કે 'આમની વાત આમ છે,' જેને પરિણામે આપણે જે લક્ષ્ય પ્રત્યે મુસાફરી કરીએ છીએ તે ઘરનો આપણને ખ્યાલ આવી જાય; ઋષિ તરીકે તે આપણા રથના અશ્વોને પ્રેરે છે. ઉષાની પેઠે, તે આપણા માર્ગોને સુગમ બનાવે છે, કારણ કે તે આપણામાં સંકલ્પને તથા બળને મૂકી આપે છે, પોતે યાત્રા કરીને તે આપણને પાપ-મુકત બનાવે છે. તેના રથના ચક્રને કોઈ હાનિ પહોંચતી નથી, તેની ગતિમાં કોઈ મુશ્કેલી કે દુ:ખ આવતાં નથી. બેશક, માર્ગમાં શત્રુઓ તો છે જ; પણ આપણી યાત્રાના અવરોધકોનો તે સંહાર કરશે. "હે પૂષા, અમારા આનંદનો ધ્વંસ કરનાર, અમને પાપ શિખવાડનાર, વરુને તું અમારા માર્ગમાંથી મારી હઠાવ. અમારી યાત્રાના માર્ગ પરથી, વિરોધીને, વિપરીત હૃદયવાળા લૂંટારાને દૂર હાંકી કાઢ. અમારામાં પાપને અભિવ્યકત કરનાર, દ્વંદ્વની દરેક શકિતના દુ:ખદાયી બળને તારા પગ તળે કચડી નાખ." (૧, ૪૨, ૨—૪).

આ રીતે આપણા રથનાં ચક્રોને ચોંટી રહેનાર વિઘ્નોને, માનવ આત્માને

---

૧. અજના બે અર્થો છે—એક બકરો અને બીજો જન્મરહિત. વેદમાં બકરા તથા ઘેટાના વાચક શબ્દોના ગો—શબ્દની પેઠે ગૂઢ અર્થ પણ હોય છે. ઈન્દ્રને ઘેટો તેમ જ વૃષભ—બંને કહેવામાં આવ્યો છે.

પુષ્ટિ આપનાર, દિવ્ય, પ્રકાશયુકત પૂષા દૂર કરે છે; તે સૂર્ય સવિતૃએ સજેલા પ્રકાશ પ્રત્યે તથા આનંદ પ્રત્યે આપણને દોરી જાય છે. "સર્વ જીવનનું જીવન એવા પ્રભુ તારું રક્ષણ કરશે; પૂષા તારા માર્ગમાં આગળ રહી તને બચાવશે; દિવ્ય સવિતૃતને ત્યાં મૂકી આપશે, કે જ્યાં સત્કર્મો કરનાર લોકો બેસે છે, જ્યાં તેમને ધામ મળ્યું છે. પૂષાને બધા પ્રદેશોનું જ્ઞાન છે; તે આપણને ખૂબ જોખમો વગરના માર્ગે દોરી જશે. સુખને આપનાર, સર્વ શકિતઓથી યુકત, પ્રકાશમાન દેવ, પૂષા, તેના જ્ઞાન વડે, અમને સ્થિરતાપૂર્વક આગળ દોરી જાઓ. પૂષા તારી આગેકૂચમાં જન્મ્યો છે, તે તને આકાશ-પૃથ્વીની પાર લઈ જશે, કારણ કે તે આપણે માટે આનંદથી પૂર્ણ બનાવેલા, બંને લોકોને જાણે છે; તે પોતાના જ્ઞાન સહિત અહીં વિચરે છે, અને ઊર્ધ્વમાં સંચરણ કરે છે." (૧૦. ૧૭, ૪-૬).

સવિતૃ સ્રષ્ટા

પ્રકાશયુકત ઉષાઓની પરંપરા, સૂર્યનાં દિવ્ય પ્રત્યાગમનો, પૂષાની વૃદ્ધિઓ, અને માર્ગ પર તેની દોરવણી—એ બધાના પરિણામ રૂપે પ્રકાશમય સ્રષ્ટા સવિતૃનું પ્રાગટય થાય છે. જ્યાં આપણી પહેલાં પ્રાચીન કાર્ય કરનારાઓ ગયા છે તે ધામમાં સવિતૃ દેવ આપણને મૂકી આપે છે; ઋષિએ દિવ્ય સવિતૃના તે વરણ કરવા યોગ્ય તેજનું ધ્યાન કરવાનું છે, જેના પ્રત્યે આ દેવ આપણા વિચારોને પ્રેરે છે; આપણો આત્મા જેમ જેમ તે તેજ પ્રત્યે ગતિ કરે છે, તેમ તેમ તેણે આ સર્જનાત્મક દેવનાં સ્વરૂપોના આનંદનું ધ્યાન કરવાનું છે. તે પરમ સૃષ્ટિમાં અવિભકત, અનંત દેવી પોતાના શબ્દનું ઉચ્ચારણ કરે છે; વરણ—મિત્ર—અર્યમા એ બધા સર્વ-શાસક રાજાઓની શકિત, એકતામય સ્વીકૃતિ સાથે, તે સિદ્ધિને લાવી આપે છે.

તે દિવ્ય શબ્દ ઋતનો શબ્દ છે; કારણ કે ત્યાં પાર-ચેતન ઋત નિગૂઢ છે, તે અનંત અસ્તિત્વનો પાયો છે, કે જે અસ્તિત્વ આપણા આરોહણની તે ઉચ્ચતર ઊંચાઈઓ ઉપર પ્રગટ થાય છે. આપણે અત્યારે જેને જીવન તરીકે સ્વીકારીએ છીએ, તે એક દુ:સ્વપ્ન છે, મૃત્યુ આપણા પર શાસન કરે છે, કારણ કે આપણે અનૃતમય જ્ઞાનમાં, મર્યાદિત ભેદમય અસ્તિત્વમાં જીવીએ છીએ, કે જે દરેક ભક્ષક માટે ખુલ્લું છે. તે સાચું જીવન નથી. જીવન માટે આપણે લાંબા સમય સુધી સૂર્ય ઉપર દષ્ટિ રાખવાની છે; જીવન માટે આપણે પરિપૂર્ણ દર્શનાથી યુકત, જ્ઞાનને તથા શબ્દને આપણા વિચારમાં ધારણ કરવા સમર્થ બનવાનું છે; આપણે ઋતને સમર્પણ તરીકે આગળ લાવવાનું છે, જેથી પ્રકાશયુકત સવિતૃ-દેવ, તેમના પ્રકાશમય સોનેરી હાથ વડે, આપણાં સ્વર્ગોમાં

ઉદય પામે અને આપણા શબ્દને શ્રવણ કરે. આપણે પસંદગી કરીને આપણામાં આ મહાન સવિતૃ-દેવની પરમ વિશાળ અવસ્થાનો સ્વીકાર કરવાનો છે, કે જે દેવ પાસે જ્ઞાનનો વિચાર છે, જે દેવો માટે અમૃતત્વનું તથા ઉચ્ચતમ ઉપભોગનું સર્જન કરે છે; આપણે સવિતૃના પાશને વિસ્તૃત કરવાનો છે, જેને પરિણામે તે આપણને જીવનની ઉચ્ચતર સ્થિતિઓમાં નિર્મુકત કરે, જે સ્થિતિઓને માણસ મેળવી શકે અને પોતાના અસ્તિત્વ સાથે સુંસવાદિત બનાવી શકે. તે સુખને ધારણ કરવા માટે, આપણે, વરુણની વિશાળતામાં તથા વિશુદ્ધિમાં, પાપમાંથી તથા અનિષ્ટમાંથી યુકત થવાનું છે; મિત્રની સર્વ-આલિંગક સંવાદિતામાં, સવિતૃની પરમ સૃષ્ટિમાં પાપમુકત થવાનું છે.

ત્યારે સવિતૃ આપણા દુ:સ્વપ્નનાં દુ:ખને દૂર કરશે. ઋજુતાના શોધક માટે તે તેના અસ્તિત્વની વૃદ્ધિ પામતી વિશાળતાનું નિર્માણ કરશે, જેને પરિણામે આપણા અપૂર્ણ જ્ઞાન વડે પણ આપણે આપણા અંત:કરણમાં દેવો પ્રત્યે વૃદ્ધિ પામીશું. દેવો વડે, તે આપણા જ્ઞાનને પુષ્ટ કરશે, અને આપણે જેને લક્ષ્ય તરીકે પસંદ કર્યું છે, તે અનંત અદિતિની અવિભકત ચેતનામાં, તેમની (દેવોના) વૈશ્વિક રચના પ્રત્યે આપણને દોરી જશે. આપણા અજ્ઞાનમાં, આપણી વિભકત, કચડાયેલી, વસ્તુઓની વિવેચનામાં, આપણી માત્ર મર્ત્ય માનવતામાં, આપણે દેવોની તથા મનુષ્યોની વિરુદ્ધ જે કાંઈ કર્યું હશે, તે સવિતૃ દૂર કરશે અને આપણને પાપ-મુકત બનાવશે. કારણ કે તે સત્યનો સર્જક છે, તે ઋતનું નિર્માણ કરનાર સ્રષ્ટા છે.

આપણા શારીરિક અસ્તિત્વની મહાન વિશાળતામાં તથા શકિતમાં સવિતૃ ઋતનું સર્જન કરશે, આપણા માનસિક અસ્તિત્વની સમૃદ્ધ પ્રચુરતામાં તે ઋતનું સર્જન કરશે; અને તેની ન્યૂન ન કરી શકાય તેવી વિશાળતા વડે, તે આપણા અસ્તિત્વના સર્વ લોકોને ધારણ કરશે. આ પ્રમાણે ઋતનું સર્જન કરતા સવિતૃના કાર્યમાં, મિત્ર—વરુણના કાર્યમાં, દેવો તેના વિવિધ પ્રકાશની સમૃદ્ધિને, તેની શકિતઓનાં તથા પ્રકાશોનાં સુખને, આપણામાં ટકાવી રાખશે; તેના પરિણામ રૂપે આપણું સમગ્ર અસ્તિત્વ—આગળ, પાછળ, ઊંચે, નીચે, સર્વત્ર સવિતૃ—દેવનું બની જશે, આપણે વિસ્તૃત જીવનના માલિક બની શકીશું, આપણા અસ્તિત્વના વૈશ્વિક રૂપનું નિર્માણ કરી શકીશું; જ્યારે સોનેરી પ્રકાશના હાથો વડે, મધુરતાના સોમરસને ચાખતી જીભ વડે, તે સવિતૃ-દેવ ઋતના ઉચ્ચતમ સ્વર્ગનાં ત્રિવિધ જ્ઞાનમાં સંચરે છે, ત્યારે તે વૈશ્વિક રૂપનું નિર્માણ કરે છે, દેવોમાં દિવ્ય છંદોમયતાને પ્રાપ્ત કરે છે—જેનું સર્જન તે પોતાના સિદ્ધ થયેલા નિયમ માટે કરે છે, અને તે પોતાનાં સોનેરી સામર્થ્ય વડે તેમાં નિવાસ કરે છે—તે પ્રકાશનો ઝભ્ભો પહેરેલો ઋષિ, કે જેણે લોકોનું સર્જન કરવા માટે

પ્રથમ પોતાના જ્ઞાન-શકિતના બે હાથ લાંબા કર્યા હતા. વસ્તુઓના રચનાર ત્વષ્ટા તરીકે તેની સેવામાં પુરુષરૂપ દેવો અને તેમની સ્ત્રીરૂપ પ્રકૃતિની શકિતઓ હાજર રહેતાં હતાં, અને તેણે સર્વ વસ્તુઓ સર્જી હતી અને સર્જી રહ્યો છે; હવે તે સવિતૃરૂપે; દેહધારી વિચારક માનવ માટે, ઋતનું તથા અમૃતત્વનું સર્જન કરશે.

ચાર સમ્રાટો

સૂર્ય સવિતૃનું સર્જન દિવ્ય ઉષાના વારંવાર ઉદય થવાથી શરૂ થાય છે, અને આપણામાં સૂર્ય પૂષાના કાર્ય દ્વારા, ઉષાની આધ્યાત્મિક સમૃદ્ધિઓની તથા પદાર્થોની સતત વૃદ્ધિ વડે તે વૃદ્ધિ પામે છે. પણ તેનું વાસ્તવિક નિર્માણ, પરિપૂર્ણ સિદ્ધિ આપણામાં અદિતિના પુત્રો, બધા દેવો—વિશ્વેદેવોની—ખાસ કરીને ચાર પ્રકાશયુકત સમ્રાટો—વરુણ, મિત્ર, ભગ અને અર્યમાની વૃદ્ધિ પર આધાર રાખે છે. મરુતો તથા ઋભુઓ સાથે ઈન્દ્ર, વાયુ, અગ્નિ, સોમ અને અશ્વિનો સાથે જ તેમાં મુખ્ય ભાગ ભજવે છે; ભવિષ્યનાં પુરાણોની મહાન ત્રિમૂર્તિ—વિષ્ણુ, રુદ્ર અને બ્રહ્મણસ્પતિ તેની અનિવાર્ય શરતોના—પરિસ્થિતિઓના અધિષ્ઠાતાઓ છે: કારણ કે એક દેવ આંતર લોકોના વિશાળ ચોકઠાને પગલાંથી માપે છે, જેમાં આપણા આત્મકાર્ય બનતું હોય છે; બીજા દેવે, તેનાં ક્રોધ—બળ—ઉગ્ર કરુણામયતા વડે, મહાન ઉત્ક્રાંતિને વેગ આપે છે, અને વિરોધીને તથા પાપીને હણે છે; ત્રીજા દેવે પોતાના આત્માનાં ઊંડાણોમાંથી સર્જક શબ્દ-નું હમેશાં બીજ રોપે છે. તે જ પ્રમાણે આકાશ—પૃથ્વી, દિવ્ય જળો, મહાન દેવી, વસ્તુઓની રચના કરનાર ત્વષ્ટા—જેના તે બધા પરિચારકો હોય છે, તેઓ કાં તો ક્ષેત્ર પૂરું પાડે છે અથવા સામગ્રીને લાવીને તેને ઘાટ આપે છે; પણ સૂર્ય—દેવો વરુણ, મિત્ર, અર્યમા અને ભગ તેમની દિવ્ય દૃષ્ટિનાં યશ—રક્ષણને તેની સંપૂર્ણ સર્જના ઉપર, તેના વિશાળ પરિપૂર્ણ અવકાશ અને વિશુદ્ધ પોત ઉપર, તેનાં પગલાંની મધુર તથા વ્યવસ્થિત સંવાદમયતા ઉપર, તેની સિદ્ધિનાં પ્રકાશયુકત બળ તથા શકિત ઉપર, તેના સમૃદ્ધ—વિશુદ્ધ—પ્રચુર ઉપભોગ તથા આનંદ ઉપર નાખે છે.

જે પવિત્ર કાવ્યોમાં વિશ્વેદેવો અને અદિતિના પુત્રો આદિત્યોનું, અર્યમા મિત્ર—વરુણનું વર્ણન કરવામાં આવ્યું છે—માત્ર યજ્ઞમાં આવાહન કરવાનાં રૂઢિગત સૂકતો નહિ—તે માણસની કલ્પનાએ સર્જેલાં સૌથી વધારે સુંદર, ભવ્ય, ગહન સૂકતોમાં ગણાય તેવાં છે. આદિત્યોનું વર્ણન અનુપમ ભવ્યતા તથા સુંદરતા વડે કરવામાં આવ્યું છે. આ વાદળ—સૂર્ય—વૃષ્ટિરૂપ જંગલી પૌરાણિક

દેવો નથી, આ આશ્ચર્યચકિત બનેલા જંગલી લોકો વડે રચાયેલાં ગૂંચવાડા-ભરેલાં સૂકતો નથી, પણ ખૂબ વધારે આંતરિક સંસ્કૃતિવાળા અને આપણા કરતાં આત્મ-જ્ઞાનમાં વધારે ગહનતાવાળા લોકો વડે પૂજાયેલા દેવોનાં સૂકતો છે. તેમણે પોતાના રથોને વીજળી નહિ જોતરી હોય, તેમણે સૂર્યને અથવા તારાને નહિ તોળ્યા હોય, તેમણે કત્લેઆમ કરવામાં અને બીજાઓ પર સત્તા જમાવવામાં મદદ કરે તેવી, પ્રકૃતિની વિનાશક શકિતઓનો ભૌતિક ઉપયોગ નહિ કર્યો હોય, પણ તેમણે આપણી અંદર રહેલાં આકાશોનાં તથા પૃથ્વીઓનાં ઊંડાણો માપ્યાં હતાં, તેમણે તેમનો માપદંડ અવચેતનમાં—અચેતનમાં—પારચેતનમાં રોપ્યો હતો, તેમણે મૃત્યુનો કોયડો ઉકેલ્યો હતો અને અમૃતત્વનું રહસ્ય શોધ્યું હતું; તેમણે એક તત્ત્વને શોધ્યું હતું, ખોળી કાઢયું હતું, જાણ્યું હતું, અને વિશુદ્ધિમાં, તેના પ્રકાશમાં, તેના જ્ઞાનમાં, તેની શકિતમાં તેને પૂજ્યું હતું. આ તેમના દેવો હતા, ઈજિપ્તના લોકોના આધ્યાત્મિક સિદ્ધાંતમાં આપણને જોવા મળે છે તે મહાન ગહન ખ્યાલો કરતાં તેમના ખ્યાલો કોઈ રીતે ઊતરતા ન હતા, ઑર્ફિયસના ગૂઢવાદી વિધિઓને અથવા એલ્યુસિસની રહસ્યમય દીક્ષાને સ્થાપનારા, વધારે પ્રાચીન, પ્રાથમિક યુગના ગ્રીસના, પ્રેરણાયુકત માનવો કરતાં, જ્ઞાનના પિતૃઓ કરતાં વેદના ઋષિઓ કોઈ રીતે ઊતરતા ન હતા. પણ તેમનું વિશિષ્ટ તત્ત્વ એ હતું કે આ બધા ઉપર આર્ય પ્રકાશ હતો, એક પ્રકારનો વિશ્વાસ, આનંદ, દેવો સાથે સુખમય સમાન મૈત્રીભાવ હતો, કે જે આર્યો તેમની સાથે આ લોકમાં લઈ આવ્યા હતા; જૂની જાતિઓ સાથે—પૃથ્વીના ઊંડા-વિચારમાં મગ્ન પુત્રો સાથેના સંબંધને લીધે ઈજિપ્ત ઉપર જે ઘેરા—ગંભીર પડછાયા પડયા હતા, તેનાથી તે આર્યોનો મૈત્રીભાવ તદ્દન મુકત હતો. તેઓ આકાશ પર પિતા તરીકેનો હક્ક કરતા; તેમના ઋષિઓએ સૂર્યને આપણા ભૌતિક અંધકારમાંથી મુકત કર્યો હતો.

આર્ય મનવાળા લોકોનું ધ્યેય છે સ્વયંપ્રકાશ એક; એટલે ઋષિઓ તેને સૂર્યના પ્રતીકમાં પૂજતા. ઋષિઓએ તે એક સત્‌ને ઈન્દ્ર, અગ્નિ, યમ માતરિશ્વા—એમ અનેક નામો આપ્યાં હતાં, તદેકમ્, તત્સત્યમ્ તે એક, તે સત્ય (કે જેનો ભાષ્યકારોએ એ ખોટો અર્થ કર્યો છે)—વેદમાં વારંવાર એક શ્રેષ્ઠ સત્ માટે વપરાયું છે, તેનાં કાર્યોનું આ લોકમાં પ્રતીક સૂર્ય છે. એક ભવ્ય ગૂઢવાદી સૂકતમાં તે પંકિત વારંવાર આવે છે—તે એક, દેવોનું વિશાળ સામર્થ્ય (૩, ૫૫, ૧) ઋતના માર્ગે કરાતી, સૂર્યની યાત્રાનું તે લક્ષ્ય છે; પ્રકાશયુકત જાગ્રત આત્માની યાત્રાનું લક્ષ્ય પણ તે જ છે. "આ સત્ય વડે તમારું—મિત્ર—વરુણનું સત્ય નિગૂઢ છે, જ્યાં તે બે જણ સૂર્યના ઘોડાઓને ધૂંસરીમાંથી મુકત કરે છે. ત્યાં એક હજાર એકઠા મળે છે; તે દેહધારી દેવોના પરમ દેવને, તે એક સત્‌ને

મેં જોયું છે." (૫, ૬૨, ૧). પણ તે એક સત્ કાલાતીત છે, જ્યારે આપણાં મન-અસ્તિત્વતો કાળમાં રહેલાં છે. "તે આજ પણ નથી, કાલે પણ નથી; જ્યા તે પરાત્પરને કોણ જાણી શકે? જ્યારે આપણે તેની પાસે જઈએ છીએ, ત્યારે તે અદૃશ્ય થઈ જાય છે." (૧, ૧૭૦, ૧). તેથી આપણામાં દેવોને જન્માવીને (देवताति, देवविति), તેમનાં બળવાન પ્રકાશયુકત સ્વરૂપોની વૃદ્ધિ કરીને, તેમનાં દિવ્ય શરીરોનું નિર્માણ કરીને, આપણે તે એક સત્ પ્રત્યે વધવાનું છે; આ નવીન જન્મ અને આત્મ-રચનાની ક્રિયા એ જ યજ્ઞનું સાચું તત્ત્વ છે, કે જે યજ્ઞ દ્વારા આપણી ચેતના અમૃતત્વ પ્રત્યે જાગ્રત થાય છે—अमृतस्य केतनम् । (૧, ૧૭૦, ૪).

અનંતતાના પુત્રોના બે જન્મો થાય છે. તેઓ દિવ્ય ઋતમાં, ઊર્ધ્વમાં લોકોના સ્રષ્ટાઓ તરીકે, દિવ્ય નિયમના રક્ષકો તરીકે જન્મે છે; અહીં—વિશ્વમાં તેમ જ માનવમાં, તેઓ દિવ્ય પ્રભુની વૈશ્વિક તેમ જ માનવી શકિતઓ તરીકે જન્મે છે. દૃશ્યમાન વિશ્વમાં તેઓ વિશ્વની પુરુષ-શકિતઓ તથા સ્ત્રી-શકિતઓ છે; આ બાહ્ય બાજુમાં તેઓ સૂર્ય, અગ્નિ, વાયુ, જળો, પૃથ્વી, આકાશ વગેરે દેવો છે, ભૌતિક અસ્તિત્વમાં સદા હાજર રહેલી સચેતન શકિતઓ છે, જેમાંથી આપણને આર્ય લોકોની પૂજાની માનસ-ભૌતિક બાજુ અથવા બાહ્ય બાજુ જોવા મળે છે. આ વિશ્વ માત્ર ભૌતિક નથી, પણ માનસ-ભૌતિક છે—એ પ્રાચીન ખ્યાલ-મંત્રની અસરકારકતાના તથા માનવના બાહ્ય જીવનમાં દેવો સાથેના સંબંધના પ્રાચીન વિચારોના પાયામાં રહેલો છે; તેથી જ ભૌતિક હેતુઓ માટે પ્રાર્થના, પૂજા, યજ્ઞ વગેરે કરવામાં આવે છે; તેથી જ તેમનો દુન્યવી જીવન માટે ઉપયોગ કરવામાં આવે છે; અને કહેવાતા જાદુઈ પ્રયોગો કરાય છે, જેમનું વર્ણન અથર્વ-વેદમાં તથા બ્રાહ્મણોની[1] રૂપકમયતા પાછળ, ધ્યાન ખેંચે તે રીતે, કરવામાં આવ્યું છે. પણ માનવમાં દેવો સચેતન, માનસશાસ્ત્રીય શકિતઓ છે. "સંકલ્પ-શકિતઓ સંકલ્પનાં કાર્યો કરે છે; તે આપણા હૃદયની વિચારણાઓ છે; તેઓ આનંદ માણતા, આનંદના સ્વામીઓ છે; તેઓ વિચારની બધી દિશાઓમાં મુસાફરી કરે છે." તેમના સિવાય માનવનો આત્મા જમણા-ડાબાનો, આગળ-પાછળનો, મૂર્ખતાવાળી તથા જ્ઞાન-યુકત વસ્તુઓનો ભેદ પારખી શકે નહિ; તેઓ માનવ-આત્માને દોરે, તો જ તે "ભયરહિત પ્રકાશને" પ્રાપ્ત કરી શકે, તેનો આનંદ માણી શકે. આ કારણને

---

૧. વેદના બાહ્ય અર્થનું આ વાસ્તવિક રહસ્ય છે; આધુનિક વિદ્વાનો માત્ર તેને જ અપૂર્ણ રીતે સમજી શકયા છે. બાહ્ય ધર્મ પણ માત્ર પ્રકૃતિ-પૂજા કરતાં ઘણી વધારે મહાન વસ્તુ હતી.

લીધે ઉષાને 'હે માનવ તેમ જ દિવ્ય' કહીને સંબોધવામાં આવી છે, અને દેવોને સતત 'માનવો' અથવા માનવશકિતઓ (मानुषाः नराः) કહીને વર્ણવવામાં આવ્યા છે; તેઓ આપણા 'પ્રકાશયુકત ઋષિઓ', 'આપણા વીરો', 'આપણા પ્રાચુર્યના સ્વામીઓ' છે. માનવો તરીકે (मनुष्वत्), તેઓ આપણા યજ્ઞને દોરે છે, અને તેમના ઉચ્ચ દિવ્ય અસ્તિત્વમાં તેનો ભાગ પણ સ્વીકારે છે. અગ્નિ-આહુતિનો પુરોહિત છે, બ્રહ્મણસ્પતિ શબ્દનો પુરોહિત છે. આ અર્થમાં અગ્નિને માનવના હૃદયમાંથી જન્મતો વર્ણવ્યો છે. આ રીતે બધા દેવો યજ્ઞ વડે જન્મે છે, વૃદ્ધિ પામે છે, અને તેમના માનવી કાર્ય દ્વારા દિવ્ય શરીરોને પ્રાપ્ત કરે છે. વિશ્વ-આનંદનો સોમરસ તેની વિશુદ્ધીકરણની ગળણીમાંથી 'પ્રકાશયુકત, ખૂબ વિસ્તૃત' ગળણીમાંથી—મનમાંથી રેલાય છે, અને દશ બહેનો વડે ત્યાં વિશુદ્ધ બનાવાયેલો તે દેવોને જન્મ આપે છે.

પણ આ આંતરિક શકિતઓનો સ્વભાવ હમેશાં દિવ્ય હોય છે, અને તેથી તેમનું વલણ ઊર્ધ્વ તરફ—પ્રકાશ, અમૃતત્વ અને અનંતતા તરફ હોય છે. તેઓ "અનંતના પુત્રો છે, તેમના સંકલ્પમાં તથા કાર્યમાં એક છે, વિશુદ્ધ છે, પ્રવાહોમાં વિશુદ્ધ બનેલા છે, વક્રતાઓથી મુકત છે, દોષ-રહિત, ઈજા વગરના અસ્તિત્વવાળા છે. તેઓ વિશાળ, ગહન, અપરાજિત, વિજયી, દર્શનાનાં અનેક અંગોવાળા છે; તેઓ અંદરની વક્ર તેમ જ પરિપૂર્ણ વસ્તુઓને જુએ છે. તે રાજાઓ—સમ્રાટો સમક્ષ ઉચ્ચતમ વસ્તુઓ પણ પાસે હોય છે. અનંતના પુત્રો હોવાથી, તેઓ વિશ્વની ગતિમાં વસે છે, તેને ધારણ કરે છે; દેવો હોવાથી તેઓ વિશ્વ રૂપે પ્રગટ થતા સર્વના રક્ષકો છે; દૂર પહોંચતા વિચારવાળા, ઋતથી પરિપૂર્ણ, તેઓ મહાનનું રક્ષણ કરે છે" (૨, ૨૭, ૨—૪). તેઓ વિશ્વના, માનવના, વિશ્વનાં બધાં વાસીઓના રાજાઓ છે (नृपति, विश्पति), તેઓ સ્વરાટ છે, સમ્રાટ છે—અનૃત અને ભેદમયતા વડે દૈત્યો બનવા મથે છે તેમ નહિ, પણ તેઓ ઋતના રાજાઓ છે, તે કારણે. કારણ કે તેમની માતા અદિતિ છે, જેનામાં દ્વૈતમયતા નથી, 'જે પ્રકાશમય અને અવિભકત હોઈ, પ્રકાશના લોકના દિવ્ય ધામને ધારણ કરે છે,' અને સદા જાગ્રત રહીને પોતાના પુત્રોને ચીટકી રહે છે. તેઓ તેમના અસ્તિત્વમાં ખૂબખૂબ ઋજુ છે, તેમના સંકલ્પમાં, વિચારમાં, આનંદમાં, કાર્યમાં, ગતિમાં તેઓ ખૂબ સરળ છે; "જેના સ્વભાવનો નિયમ ઋતનો નિયમ છે એવા ઋતના તેઓ વિચારકો છે;" તેઓ "ઋતના દ્રષ્ટા અને શ્રોતા છે" તેઓ "ઋતના સારથિઓ છે, જેનું ધામ તેનાં સદનોમાં છે; તેઓ વિશુદ્ધ વિવેચનાવાળા, અજેય, વિશાળ દર્શનાવાળા માનવો છે". તેઓ "ઋતના જ્ઞાનવાળા અમરો" છે. આમ અનૃતથી તથા વક્રતાથી મુકત એવા આ આંતરિક દેવો આપણામાં તેમની સ્વાભાવિક ભૂમિકા પર,

પોતાના ઘર પ્રત્યે, પોતાના લોકમાં ઊર્ધ્વ ગતિ કરે છે. "બે જન્મોના તેઓ સત્ય અસ્તિત્વવાળા છે, ઋતને પકડી રાખે છે, તેઓ પ્રકાશમાં ખૂબ વિશાળ અને એકરૂપ છે, તેઓ ઋતના પ્રકાશમય લોકના માલિક છે."

આ ઊર્ધ્વ ગતિમાં તેઓ આપણાં અનિષ્ટને તથા અજ્ઞાનને દૂર કરે છે. તેઓ "નિષ્પાપતામાં અને અભેદમય અસ્તિત્વમાં પાર જતા રહે છે." તેથી તેઓ "મુકત કરનાર દેવો" છે. શત્રુ માટે, આક્રમણ કરનાર માટે, હાનિ કરનાર માટે, તેમનું જ્ઞાન વિસ્તરેલી જાળ જેવું છે, કારણ કે તેમને માટે પ્રકાશ અંધતાનું કારણ બને છે, શુભ માટેની દિવ્ય ગતિ પાપનો પ્રસંગ અને સ્ખલનરૂપ છે; પણ આર્ય દ્રષ્ટાનો આત્મા, રથને વેગપૂર્વક ખેંચી જતી ઘોડીની પેઠે, આ બધાં જોખમોને વટાવી જાય છે. દેવોની દોરવણીને લીધે, તે બધાં પાપમય સ્ખલનોને, ખાડાઓની પેઠે, દૂર રાખે છે. આ વિશાળ એકતા પ્રત્યે, વિશુદ્ધિ પ્રત્યે, સંવાદમયતા પ્રત્યે તેણે જે જે પાપો કર્યાં હોય છે, તેની અદિતિ, મિત્ર અને વરુણ ક્ષમા આપે છે, જેને પરિણામે તે વિશાળ અને ભયરહિત પ્રકાશને માણવાની આશા રાખી શકે છે, અને લાંબી રાત્રિઓ તેને માટે આવતી નથી. વૈદિક દેવો માત્ર ભૌતિક પ્રકૃતિની શકિતઓ નથી, પણ તેમની પીઠમાં રહેલી, સર્વ વૈશ્વિક વસ્તુઓની અંદર રહેલી, ચૈત્યમય સચેતન શકિતઓ છે—એ વાત તેમના વૈશ્વિક ચરિત્ર અને આ પાપ તથા અનૃતમાંથી મુકિત વચ્ચેના સંબંધથી તદ્દન સ્પષ્ટ થાય છે. "જ્ઞાનયુકત મનની શકિત વડે, તમે લોક ઉપર શાસન કરો છો; તેથી હે દેવો, તમે અમે સુખ પ્રત્યે જે પાપ કર્યું હોય અને ન કર્યું હોય, તેનાથી અમને પેલે પાર લઈ જાઓ" (૧૦, ૬૩, ૮).

હમેશાં માર્ગ અને યાત્રાનું રૂપક વાપરવામાં આવ્યું છે; ઋતના માર્ગ ઉપર દેવો આપણને આગળ દોરી જાય છે. "હે અનંતતાના પુત્રો, અમારે માટે ભય-રહિત શાન્તિ લઈ આવો, અમારે માટે સુખના સુગમ માર્ગોની રચના કરો." (૧૦, ૬૩, ૭). "હે વરુણ, હે અર્યમા, હે મિત્ર, તમારો માર્ગ સુગમ છે, નિષ્કંટક છે, પરિપૂર્ણ છે." (૨, ૨૭, ૬). "અનંતતાના પુત્રો જેમને સારી રીતે દોરવણી આપે છે, તેઓ પાપ તથા અનિષ્ટને વટાવી જઈને સુખને પ્રાપ્ત કરે છે." (૧૦, ૬૩, ૧૩). હમેશાં તે લક્ષ્ય સુખ છે, વિશાળ આનંદ અને શાન્તિ છે, અભંગ પ્રકાશ છે, વિશાળ ઋત છે, અમૃતત્વ છે. "હે દેવો, વિરોધી શકિતને દૂર ભગાડી મૂકો; અમને સુખ માટે વિશાળ શાન્તિ આપો." (૧૦, ૬૩, ૧૨). "અનંતતાના પુત્રો અમને અવિનાશી પ્રકાશ આપે છે." "અમારા યજ્ઞના જ્ઞાનથી યુકત હે મનો, પ્રકાશનું સર્જન કરો." "હે અનંતતાના પુત્રો, હે અર્યમા, આજે અમે તમારા વૃદ્ધિ પામતા તે જન્મને જાણીએ, કે જે આ ભયપૂર્ણ લોકમાં આનંદનું સર્જન કરે છે." કારણ કે તે સર્જન કરાયેલો પ્રકાશ

ભય-રહિત છે, જેમાં મૃત્યુનું—પાપનું—દુઃખનું—અજ્ઞાનનું કોઈ જોખમ નથી; તે અવિભક્ત, અનંત, અમર, આનંદપૂર્ણ આત્માનો પ્રકાશ છે. કારણ કે "આ અર્યમા, મિત્ર, સર્વ-વ્યાપક વરુણ અમૃતત્વના આનંદપૂર્ણ સ્વામીઓ છે."

પણ સ્વર્‌ને—દિવ્ય ઋતના લોકને સ્પષ્ટ રીતે લક્ષ્ય તરીકે વર્ણવવામાં આવ્યો છે. ઋષિઓની અભીપ્સા છે કે અમે સ્વર્‌ના પ્રકાશને પ્રાપ્ત કરીએ, કે જે પ્રકાશને કોઈ વિદારી શકે તેમ નથી. સ્વર્ મિત્રનો, વરુણનો, અર્યમાનો અજેય જન્મ છે, કે જે આત્માનાં પ્રકાશયુક્ત સ્વર્ગોમાં સમાયેલો છે. સર્વ-શાસક રાજાઓ પરિપૂર્ણ વૃદ્ધિવાળા હોય છે, તેમનામાં કોઈ પણ પ્રકારની વક્રતા હોતી નથી; તેથી તેઓ આપણા સ્વર્ગધામને ધારણ કરે છે. તે ત્રિવિધ લોક છે, જેમાં માનવની ઊર્ધ્વીકૃત ચેતના અસ્તિત્વનાં ત્રણ દિવ્ય તત્ત્વોને—અનંત સત્‌ને, અનંત સચેતન શક્તિને, તથા અનંત આનંદને (त्रिधातु) પ્રતિબિંબત કરે છે. "તેઓ અંદર ત્રણ પૃથ્વીઓને, ત્રણ સ્વર્ગોને, જ્ઞાનમાં દેવો વડે કરાતાં કાર્યોને ધારણ કરે છે; હે અનંતતાના પુત્રો, હે અર્યમા, હે મિત્ર, વરુણ, તમારી વિશાળતા મહાન તેમ જ સુંદર છે. સુવર્ણ પેઠે જાજ્વલ્ય-માન, વિશુદ્ધ, પ્રવાહોમાં વિશુદ્ધ બનેલા, દેવો પ્રકાશના ત્રણ સ્વર્ગીય લોકોને ધારણ કરે છે; નિદ્રા-રહિત, અજેય તેઓ પોતાનાં પોપચાં બીડતા નથી; ઋજુ મર્ત્ય માનવી આગળ તેઓ પોતાની વિશાળતાને વ્યક્ત કરે છે" (૨, ૨૭, ૮—૯). સર્વને વિશુદ્ધ કરતા પ્રવાહો ઋતના સ્વર્ગની વૃષ્ટિ છે, પ્રાચુર્ય છે, નદીઓ છે. "તેઓ પ્રકાશના રથમાં બેઠા છે, જ્ઞાન વડે તેઓ આક્રમણ કરે છે, તેઓ નિષ્પાપ છે, સુખ માટે તેઓ સ્વર્ગની વૃષ્ટિથી, પ્રાચુર્યથી આવૃત બને છે." (૧૦, ૬૩, ૪). એ પ્રાચુર્યને વરસાવીને, તેઓ આપણા આત્માને તેમના મૂળ પ્રત્યે, જેમાંથી પ્રકાશયુક્ત જળો અવતીર્ણ થાય છે તે ઊર્ધ્વ સમુદ્રમાં આરોહણ કરવા માટે તૈયાર કરે છે.

એ જોઈ શકાશે કે અનંત માતાના પુત્રો વિશ્વેદેવોને ઉદ્દેશીને લખાયેલાં સૂક્તોમાં આ મહાન ત્રિપુટી—વરુણ, મિત્ર અને અર્યમા કેટલો મહત્ત્વનો ભાગ ભજવે છે. ચોથા શિખરરૂપ ભગ દેવની સાથે, તેઓ પરિપૂર્ણ ઋત અને અનંતતાના સમૂહ તથા શિખરને પહોંચવાની અભીપ્સામાં, ઋષિઓના વિચારો પર કેટલી બધી સત્તા જમાવે છે. તેમની આ મહત્તા તેમના ખાસ ચરિત્રને તથા કાર્યને આભારી છે, કે જેમને ખૂબ મુખ્ય તરીકે વર્ણવવામાં નથી આવ્યાં, પણ તેમની સાધારણ ક્રિયાની પીઠમાં, તેમના પ્રકાશના સંયુક્ત સ્વભાવમાં, તેમની સર્વ-સાધારણ સિદ્ધિમાં દેખાઈ આવે છે. કારણ કે તેમની પાસે એક જ પ્રકાશ છે, એક જ પ્રકારનું કાર્ય છે, તેઓ આપણામાં એક અવિભાજ્ય ઋતને પરિપૂર્ણ કરે છે; આ આદિત્ય—સૂક્તોમાં વૈદિક વિચારનો હેતુ આ જ છે,

અને તે આપણી સ્વીકાર કરતી વૈશ્વિકતામાં સર્વ દેવોની એકતા. છતાં તે એકતા તેમની શકિતઓના સંયોગીકરણમાંથી આવે છે, અને તેથી તેમાંના દરેક દેવનો પોતાનો સ્વભાવ અને પોતાનું કાર્ય તેમાં ભાગ ભજવે છે. તે ચારેય દેવોને, ચાર મૂળભૂત તત્ત્વોના સ્વાભાવિક કાર્ય-પ્રતિકાર્ય દ્વારા, આપણામાં સમગ્ર પરિપૂર્ણ દિવ્ય અવસ્થાનું નિર્માણ કરવાનું છે. દિવ્ય પરમાત્મા સર્વ-આલિંગક સત્ છે, અનંત અને વિશુદ્ધ છે; વરુણ દિવ્ય આત્માના અનંત, સમુદ્ર જેટલા વિશાળ, અવકાશને તથા તેની આકાશીય તાત્ત્વિક વિશુદ્ધિને આપણે માટે લઈ આવે છે. દિવ્ય પરમાત્મા જ્ઞાનમાં પરિપૂર્ણ, વિશુદ્ધ, અસીમ ચેતના છે; અને તેથી તે વસ્તુઓની વિવેચનામાં પ્રકાશમય રીતે સાચી હોય છે, પરિપૂર્ણ રીતે સંવાદમય હોય છે, તેમના નિયમ તથા સ્વભાવ સાથે સુખમય રીતે સુસંગત હોય છે; મિત્ર આ પ્રકાશને તથા સંવાદમયતાને, આ યોગ્ય ભેદના જ્ઞાનને, પરસ્પર સંબંધને, મૈત્રીભર્યા સુસંવાદને, પોતાના સર્વ સમૃદ્ધ વિચારોમાં, પ્રકાશયુકત ક્રિયામાં અને સહસ્રવિધ ઉપભોગમાં, પોતાની સાથે તેમ જ ઋતની સાથે સુસંગત, મુકત આત્માના સુખમય નિયમોને લઈ આવે છે. દિવ્ય પોતાના અસ્તિત્વમાં એક વિશુદ્ધ અને પરિપૂર્ણ શકિત છે; આપણામાં તથા વસ્તુઓમાં તે પોતાના મૂળ પ્રત્યે—ઋત પ્રત્યે ઊર્ધ્વમાં જવાના સનાતન વલણરૂપ હોય છે; અર્યમા આપણામાં આ મહાન બળને તથા પરિપૂર્ણ દોરવણીવાળા સુખમય આંતરિક આવેગને લઈ આવે છે. દિવ્ય વિશુદ્ધ, દોષરહિત, સર્વ-આલિંગક, અવિક્ષિપ્ત આનંદરૂપ છે, કે જે પોતાના અનંત અસ્તિત્વનો તથા પોતાનામાં પોતે સર્જેલી બધી વસ્તુઓનો સમાન રીતે ઉપભોગ કરે છે; ભગ આપણને મુકત આત્માના આનંદને ભરપટ્ટે આપે છે, પોતા પર તેમ જ લોક પર મુકત, પતન-રહિત સ્વામિત્વ આપે છે.

આ ચાર દેવો પાછળથી સચ્ચિદાનંદની ત્રિપુટી બની—સત્, ચિત્ અને આનંદ—આત્મજ્ઞાન અને આત્મશકિત, ચિત્ અને તપસ્, તે ચેતનાની દ્વિપુટીને ત્રિપુટી બનાવાઈ છે; પણ અહીં તેને માટે વૈશ્વિક પર્યાયો—પારિભાષિક શબ્દો યોજવામાં આવ્યા છે. વરુણ રાજા સત્‌ની સર્વવ્યાપક વિશુદ્ધિમાં પ્રતિષ્ઠિત છે; દેવોમાં સૌથી વધારે પ્રિય, સુખમય, મહાન મિત્રદેવ ચિત્‌ના સર્વ-સંયોજક પ્રકાશમાં પ્રતિષ્ઠિત છે. અનેક રથોવાળો અર્યમા તપસની સર્વ-વિવેચક શકિત-ગતિમાં પ્રતિષ્ઠિત છે; ભગ સર્વ-આલિંગક આનંદમાં પ્રતિષ્ઠિત છે. પણ આ બધી વસ્તુઓ સાક્ષાત્કૃત દેવમાં એક બની જાય છે, તે ત્રિપુટીના દરેક તત્ત્વમાં બીજાં બે હાજર હોય છે, તેમાંનું કોઈ પણ એક તત્ત્વ બીજાં બેથી સ્વતંત્ર રહી શકતું નથી; તેથી તે ચાર દેવોમાંના પ્રત્યેકમાં, પોતાના તાત્ત્વિક ગુણની શકિતને પરિણામે, તેના બીજા ભાઈઓનાં સામાન્ય વિશેષણો વિદ્યમાન હોય જ છે. આ કારણને

લીધે, જો આપણે વેદ જે કાળજીપૂર્વક લખાયો હતો, તેટલી કાળજીપૂર્વક તેનું અધ્યયન ન કરીએ, તો આપણે દરેકની ખાસિયતને પરખી નહિ શકીએ, આપણને આ ચાર પ્રકાશયુકત રાજાઓમાં એક જ પ્રકારનાં, ભિન્ન ભિન્ન પરખી ન શકાય તેવાં, કાર્યો તથા લક્ષણો દેખાશે. વેદનાં બધાં સૂકતોમાં, બધા દેવોમાં—તેમના ભેદોમાં એકતા પ્રતિપાદિત થયેલી છે, અને તેથી માનસશાસ્ત્રીય સત્યની સૂક્ષ્મતાઓથી નહિ ટેવાયેલા મન માટે વૈદિક દેવોમાં સાધારણ, એક-બીજા સાથે અદલાબદલી થઈ શકે તેવાં, વિશેષણોનો ગૂંચવાડાભર્યો સમૂહ નજરે પડે છે. તે જ રીતે આ ચાર દેવો માટે પણ બનશે. પણ તે ચાર દેવોનાં કાર્યોમાં, સ્વભાવમાં ભેદો છે, તેઓ ગ્રીક અને ઇજિપ્તની રૂપકમયતાના ભેદો જેટલા જ બળવાન અને અગત્યના છે. દરેક દેવ બીજા ત્રણનો પોતામાં સમાવેશ કરે છે, પણ છતાં યે પોતાના વિશિષ્ટ કાર્યમાં બીજાઓ કરતાં તદ્દન નિરાળો છે.

તે ચાર દેવોના ભેદનો આ સ્વભાવ વેદમાં તેમને અપાયેલી ભિન્ન ભિન્ન મુખ્યતા સમજાવે છે. તે બધાયમાં વરુણ પ્રથમ અને સૌથી વધારે ગણનાપાત્ર છે, કારણ કે વૈદિક ખ્યાલ મુજબની પરિપૂર્ણતાનો પાયો અનંત અસ્તિત્વનો સાક્ષાત્કાર છે; એક વાર દિવ્ય અસ્તિત્વની વિશાળતા તથા વિશુદ્ધિ પ્રાપ્ત થાય, એટલે બીજી બધી વસ્તુઓ—માલિકી, શકિત, વિશેષણ રૂપે આપો-આપ અનિવાર્ય રીતે આવે છે. મિત્રની હમેશાં વરુણ સાથે જ સ્તુતિ કરવામાં આવી છે, અથવા તો તે બીજા દેવોને—ખાસ કરીને વૈશ્વિક કાર્ય કરનાર અગ્નિને તેનું નામ તથા રૂપ આપવામાં આવ્યું હોય તે રીતે દેખા દે છે; જ્યારે તે દેવો સંવાદમયતાનું અને પ્રકાશનું કાર્ય કરતા હોય છે, ત્યારે તેઓ દિવ્ય મિત્રને પોતાનામાં પ્રગટ કરે છે. મિત્ર-વરુણને, તે બે પ્રકાશયુકત દેવોને અનેક સંયુકત સૂકતોમાં ઉલ્લેખવામાં આવ્યા છે, તેમની ભેગી સ્તુતિ કરવામાં આવી છે. વરુણને એકલાને માટે કેટલાંક સૂકતો લખાયાં છે, કેટલાંક વરુણ-ઇન્દ્ર માટે લખાયાં છે. મિત્ર માટે એક સૂકત, ભગ માટે બે કે ત્રણ સૂકતો લખાયાં છે; અર્યમા માટે એક પણ સ્વતંત્ર સૂકત લખાયું નથી. કારણ કે અનંત વિશાળતા તથા વિશુદ્ધિનો પાયો રચાય, એટલે આધ્યાત્મિક ભૂમિકાથી માંડીને તે ભૌતિક ભૂમિકા સુધીની બધી ભૂમિકાઓના ખાસ-ખાસ નિયમો વડે, બીજા દેવોનાં કાર્યોની પ્રકાશયુકત સુસંવાદિતાનો તે સર્વ-સમાવેશક પાયા ઉપર, સાક્ષાત્કાર કરવાનો હોય છે; અને એ જ મિત્ર-વરુણનું સંયોગીકરણ છે. અર્યમાની શકિતને એક સ્વતંત્ર તત્ત્વ તરીકે ભાગ્યે જ લેખવામાં આવી છે; કારણ કે વિશ્વમાં શકિત એ અસ્તિત્વનો આવિર્ભાવ છે, ગતિ છે, સક્રિય ગુણવત્તા છે, કાર્ય-પરંપરાનું પ્રગટીકરણ છે, ચેતનાની-જ્ઞાનની-અંતર્ભૂત ઋતની અસરકારકતામાં

નિર્મુકિત છે; આત્મ-શોધના અને આત્મ-ગ્રહણની ગતિ છે કે જેના વડે સત્ અને ચિત્ પોતાનો આનંદ રૂપે સાક્ષાત્કાર કરે છે. તેથી હમેશાં અર્યમાનું આવાહન અદિતિ સાથે, અથવા વરુણ સાથે, અથવા મિત્ર સાથે, અથવા મહાન સાક્ષાત્કારક ત્રિપુટી સાથે, અથવા સાક્ષાત્કૃત ચારેય દેવો સાથે, અથવા આદિત્યો તથા વિશ્વેદેવો સાથે, કરવામાં આવ્યું છે.

તેથી ઊલટું, આપણા અસ્તિત્વના, નિગૂઢ, દિવ્ય, ઋતને પ્રાપ્ત કરવાની ગતિમાં, ભગ એ ગતિનું શિખર છે, મુગુટ-મણિ છે, કારણ કે તે ઋતનું મૂળ-ભૂત તત્ત્વ, તેનો સાર છે આનંદ—ભગ સવિતૃ પોતે છે; પોતાની સૃષ્ટિના દિવ્ય હેતુમાં પરિપૂર્ણ બનેલો સ્રષ્ટા સર્વ-ઉપભોકતા બને છે. તેથી ભગ કારક શકિત નહિ, પણ પરિણામરૂપ છે; અથવા તો તે છેલ્લી કારક શકિત છે; તે આપણા આધ્યાત્મિક પ્રાચુર્યના દાતા કરતાં વધારે પ્રમાણમાં સ્વામી છે.

* * *

ઋષિ વામદેવનું, વિશ્વેદેવોને ઉદ્દેશીને લખાયેલું સૂકત બહુ સ્પષ્ટ રીતે ઉચ્ચ અભીપ્સાવાળી આશાને વ્યકત કરે છે, જે આશાને અનુગૃહીત કરવા માટે, સુખમય સિદ્ધિના રૂપમાં પરિણત કરવા માટે, આ વૈદિક દેવોનું આવાહન કરવામાં આવતું હતું.

"તમારામાંનો કોણ અમારો મુકિતદાતા છે ? કોણ અમારો રક્ષક છે ? હે ભેદમયતાથી મુકત આકાશ-પૃથ્વી, તમે અમને મુકત કરો. હે મિત્ર તથા વરુણ, અમારે માટે ખૂબ બળવાન એવી મર્ત્યતામાંથી અમને બચાવો. હે દેવો, તમારા-માંનો કયો દેવ અમારા યજ્ઞની આગેકૂચમાં અમારા પર પરમ કલ્યાણને વરસાવશે, તેને સ્થિર કરશે ? તે દેવો અમારાં મૂળ ધામોને પ્રકાશિત કરે છે, અમર્યાદ જ્ઞાનવાળા તેઓ અમારા અંધકારને દૂર કરે છે; અવિનાશી અને સર્વની વ્યવસ્થા કરનાર તેઓ અમારે માટે તેમની વ્યવસ્થા કરે છે; ઋતના વિચારક એવા તેઓ અમારી સિદ્ધિને લઈ આવે છે, પ્રકાશ વડે, પ્રકાશે છે. મારા મિત્ર માટે—સાથીદાર માટે, હું પ્રકાશક શબ્દો વડે; દિવ્ય સુખવાળી વહેતી નદીરૂપ અદિતિની ખોજ કરું છું. હે અજેય રાત્રિ તથા ઉષા, બંને દિવસો અમારું પૂર્ણ રક્ષણ કરે, તેવું કરો. હે અર્યમા, હે વરુણ, હે આવેગના સ્વામી અગ્નિ, અમારા સુખમય લક્ષ્યના માર્ગને પ્રગટ કરો. હે ઇન્દ્ર અને વિષ્ણુ, સ્તુતિ કરાયેલા તમે અમને પૂર્ણપણે તે શાંતિ આપો, જે શાંતિમાં શકિતઓ—બળવાન રક્ષણ રહેલાં છે. હું પર્વતની, મરુતોની અમારા પરમ મુકિતદાતા ભગની વૃદ્ધિઓને આલિંગું છું. વસ્તુઓનો પ્રભુ અમને પૃથ્વીના પાપથી બચાવો, મિત્ર

અમને મિત્ર સામેના પાપથી બચાવો. હવે અમે સર્વ અભીષ્ટ વસ્તુઓના પાયામાં રહેલા સર્વ સાથે, આકાશ-પૃથ્વી દેવીઓની સ્તુતિ કરીશું, જેથી અમને સિદ્ધિ પ્રાપ્ત થાય. પોતાની વિશાળ ગતિ વડે જાણે તે સમુદ્રને પ્રાપ્ત કરવા માગતાં હોય તેમ, તેમણે જાજવલ્યમાન પ્રકાશ વડે અવાજો કરતી નદીઓને શોધી કાઢી છે. દેવો સાથે, અદિતિ દેવી અમારું રક્ષણ કરો; દિવ્ય અડોલ મુકિત-દાતા અમારું રક્ષણ કરો; અમે મિત્રના, વરુણના, અગ્નિની ઉચ્ચ ભૂમિકાના પાયાને ન્યૂન ન બનાવીએ. અગ્નિ વિશાળ સમુદ્ધિનો તથા પરિપૂર્ણ ઉપભોગનો સ્વામી છે; તે અમારા પર તે પ્રાચુર્યોને મુકત હસ્તે વેરે છે. હે ઋતના અવાજ-વાળી પ્રાચુર્યની રાણી, અનેક પ્રકારની સમૃદ્ધિઓથી યુકત, ઉષા, તું અમારે માટે અનેક અભીષ્ટ વરદાનો લઈ આવ. સવિતૃ, ભગ, વરુણ, મિત્ર, અર્યમા, ઇંદ્ર–સર્વ દેવો અમારા સુખની સમૃદ્ધિઓ સાથે અમારે માટે યોગ્ય ગતિ કરો." (૪, ૫૫).

વરુણ

વરુણ શબ્દ वृ ધાતુમાંથી બન્યો છે, જેનો અર્થ થાય છે—વીંટળાઈને રહેવું, વ્યાપી જવું. આ અર્થો પરથી, પ્રાચીન ગૂઢવાદીઓની કાવ્યમય આંખ આગળ અનંતતાનો સ્થૂળ ખ્યાલ પ્રગટ થયો. તેમણે પરમાત્માને ઉચ્ચતમ, આવરી રહેતા, આકાશ તરીકે પ્રત્યક્ષ કર્યો; દિવ્ય અસ્તિત્વને આવરી લેતા સમુદ્ર તરીકે દીઠો; જાણે તે વિશુદ્ધ વ્યાપક અવકાશ હોય તેમ તેની નિ:સીમ હાજરીને અનુભવી. વરુણ આ ઉચ્ચતમ આકાશ છે, આત્માને વીંટળાઈને રહેતો સમુદ્ર છે, આ અવકાશની અનંત વ્યાપ્તિ છે.

તે જ वृ ધાતુમાંથી ઋષિઓને શત્રુરૂપ વૃત્રનું—કૃષ્ણ આવરણ કરનારનું નામ મળ્યું હતું; કારણ કે અવરોધ કરવો, પ્રતીકાર કરવો, સંતાડી રાખવું, ઘેરો ઘાલવો, પૂરી રાખવું—એ બધા અર્થો તેમાંથી નીકળે છે. પણ કાળો વૃત્ર સઘન મેઘ છે, વીંટળાઈ વળતી છાયા છે. કારણ કે તેનું જ્ઞાન—તેને પણ જ્ઞાન (માયા) હોય છે—મર્યાદિત અસ્તિત્વનું જ્ઞાન છે; જે આપણને પ્રાપ્ત થવી જોઈએ તે સમૃદ્ધ તથા વિશાળ અસ્તિત્વની બધી વસ્તુઓને તે અવચેતનાની રાત્રિમાં આપણાથી સંતાડી રાખે છે; આ નિષેધાત્મક, સર્જનાત્મક જ્ઞાનની વિરોધી શકિત વડે, તે દેવો સામે અક્કડ બનીને ઊભો રહે છે; પરમાત્મા તથા માનવના દિવ્ય અધિકારની સામે તે અદિવ્ય હક્કનો દાવો કરે છે. વરુણ પોતાના વિશાળ અસ્તિત્વ તથા વિસ્તૃત દર્શના વડે, આ મર્યાદાઓને હટાવી દે છે; આપણને પ્રકાશ વડે આવરી લઈને, વૃત્રે જે સંતાડી રાખ્યું હતું તેને તે પ્રગટ કરે છે.

તે દેવનું સ્વરૂપ તે સર્વ-આલિંગક પ્રકાશક અનંતતાનું આધ્યાત્મિક પ્રતીક છે.

આ કારણથી વરુણની શારીરિક આકૃતિ જાજવલ્યમાન અગ્નિ કરતાં, અથવા પ્રકાશમય સૂર્ય કરતાં, અથવા પ્રકાશયુકત ઉષા કરતાં, ઘણી વધારે ઓછી સ્પષ્ટ અને નિશ્ચિત છે. જૂના ભાષ્યકારોએ વિચિત્ર રીતે તેને રાત્રિનો દેવ ગણ્યો છે. પુરાણોમાં તેને સમુદ્રનો—જળોનો પાશયુકત દેવ ગણ્યો છે, કે જે પાશ વેદમાં માત્ર એક માનસશાસ્ત્રીય રૂપક છે, પણ તે પાછળથી સમુદ્રના દેવનો ઉગ્ર પાશ બની ગયો છે. યુરોપીય વિદ્વાનોએ તેનું તાદાત્મ્ય ગ્રીક યુરેનસ સાથે કર્યું છે; અને તેના મૂળના આકાશીય સ્વરૂપનો ખ્યાલ રાખીને, તેમણે ઉપરના ભૂરા સમુદ્રરૂપ આકાશમાંથી તેને નીચેના ભૂરા જળમય સમુદ્રમાં સંક્રાન્ત કર્યો છે, ઇન્દ્ર આકાશનો તથા દેવોનો સ્વામી બની જાય છે, અને મૂળના રાજા વરુણને જળ-પ્રદેશ પરના સ્વામિત્વથી સંતોષ માનવો પડયો છે. જો આપણે ગૂઢવાદી ઋષિઓની રૂપકમય રીતને સમજીએ, તો આપણને જણાશે કે, આવી કલ્પનાઓ કરવી તે જરૂરી નથી. તેમની રીત વિવિધ વિચારોને અને આકૃતિ-ઓને સંયુકત કરીને એક એવો સામાન્ય ખ્યાલ ઉત્પન્ન કરવાની હતી, કે જે બધી કડીઓને આપી શકે. એટલે વેદનો વરુણ કેવળ આકાશનો રાજા નહિ કારણ કે આકાશનો રાજા દ્યૌષ્પિતા છે, તેમ જ પ્રકાશમય સ્વર્ગોનો રાજા પણ નહિ, કારણ કે તે તો ઇન્દ્ર છે, પણ સર્વ આવરણ કરનાર હવાનો તથા સર્વ સમુદ્રોનો પણ રાજા છે. બધા વિસ્તારો વરુણના છે; દરેક અનંતતા પર તેની માલિકી છે, તે તેની મિલકત છે.

આ ગૂઢવાદી ખ્યાલમાં આકાશ અને સમુદ્ર સંમીલિત બનીને એકરૂપ થાય છે; આ એકરૂપતાના મૂળને શોધવું તે અઘરું નથી. પ્રાચીનોનો સૃષ્ટિનો ખ્યાલ એવો હતો કે હિમાલયથી માંડીને ઍન્ડીસ સુધીના સર્વ લોકની વસ્તુ-ઓની રચના-સામગ્રી જળોનો એક આકાર-હીન વિસ્તાર હતો; શરૂઆતમાં તે અંધકાર વડે આચ્છાદિત હતો, જેમાંથી દિવસ તથા રાત્રિ, આકાશ તથા પૃથ્વી, સર્વ લોકો પ્રગટ થયા હતા. હિબ્રુ લોકોની ઉત્પત્તિ-કથા કહે છે કે સમુદ્રના પટ પર અંધકાર છવાયેલો હતો, અને પરમાત્માના ઉચ્છ્વાસે જળો પર સંચાર કર્યો. શબ્દ વડે તેણે જળોને, સ્વર્ગને, આકાશને વિભકત કર્યાં. જેને પરિણામે અત્યારે બે જળસમૂહો છે—એક પૃથ્વી પરનો, નીચેનો સમુદ્ર, અને બીજો ઉપરનો આકાશીય સમુદ્ર. ગૂઢવાદી ઋષિઓએ આ વૈશ્વિક માન્યતાને આ વૈશ્વિક રૂપકને સ્વીકારી લીધું, અને તેમાં પોતાનાં સમૃદ્ધ, માનસશાસ્ત્રીય મૂલ્યોને ભર્યાં. એક આકાશને બદલે, તેમની નજરે બે આકાશો પડતાં—એક પૃથ્વી પરનું અને બીજું સ્વર્ગીય; બે સમુદ્રોને બદલે તેમની અમુદ્રિત દર્શના સમક્ષ ત્રણ સમુદ્રો વિસ્તર્યા.

માણસ જ્યારે પ્રકૃતિની તથા લોકની ભૌતિક દર્શનાને ચૈત્યમય દર્શનામાં

પરિવર્તિત કરે છે, ત્યારે તે જે જુએ છે, તે ઋષિઓએ જોયું. નીચે તેમણે અમાપ ઊંડાણવાળી રાત્રિ અને ઉભરાતી અસ્પષ્ટમયતા દીઠી, કે જે અંધકારમાં છુપાયેલા અંધકાર રૂપ હતી; જે અચેતન જળો હતાં જેમાંથી એક પરમાત્માની બળવાન શકિત વડે તેમનું અસ્તિત્વ ઉદય પામ્યું હતું. ઉપર તેમણે દૂર-સુદૂરમાં પ્રકાશનો તથા મધુરતાનો સમુદ્ર દીઠો, ઉચ્ચતમ આકાશ, સર્વ—આનંદમય વિષ્ણુનું ત્રીજું પરમ પગલું દીઠું, કે જેમાં તેમના આકર્ષાયેલા અસ્તિત્વે આરોહણ કરવાનું હતું. તેમાંનો એક સમુદ્ર ગાઢ કાળું આકાશ હતું; રચના-રહિત, ભૌતિક, અચેતન, અસત્ હતું, બીજો સમુદ્ર આકાશીય, સર્વ-ચેતન, સત્ હતું. આ બે એક તત્ત્વના જ વિસ્તારો હતા—એક કાળો અને બીજો પ્રકાશમય.

આ બે અજ્ઞાત અનંતતાઓમાં, એક અનંત શકયતાઓવાળું શૂન્ય હતું; બીજી અનંત, પરિપૂર્ણ, અવિજ્ઞાત તત્ હતી. તે બંનેની આસપાસ પોતાની આંખો સમક્ષ તે ઋષિઓએ, ઉપર તથા નીચે, એક ત્રીજો, સદા વિકસતો, સચેતન અસ્તિત્વનો સમુદ્ર દીઠો, અસીમ મોજાંઓવાળો સમુદ્ર દીઠો, જેનું વર્ણન તેમણે એક બળવાન રૂપક દ્વારા, આરોહણ કરવા રૂપે આકાશથી પાર પરમ સમુદ્રોમાં ઊર્ધ્વ ગતિ દ્વારા વહેવા રૂપે કર્યાં. આપણે આ જોખમભરેલા સમુદ્રને પાર કરવાનો છે. શકિતપૂર્ણ ત્વરાવાળા તુગ્ર રાજાના પુત્ર ભુજ્યુને (ઉપભોગના શોધકને) તેના જુઠ્ઠા મિત્રોએ—પાપમય ગતિવાળા આત્માઓએ તે સમુદ્રમાં નાખ્યો હતો. તે ડૂબવાની અણી પર હતો; પણ અશ્વિનોનો અદ્‌ભુત રથ તેની મદદે આવ્યો. જો આપણે આવાં જોખમોમાંથી બચી જવું હોય, તો વરુણે આપણાં મર્યાદિત સંકલ્પ-શકિતને તથા નિર્ણય-શકિતને, તેના વિશાળ સત્ય તથા ઋત દ્વારા, બોધપાઠ શિક્ષા આપવાં જોઈએ; આપણે માનવી-નૌકામાં ન બેસવું જોઈએ, પણ આપણે "દિવ્ય, દોષ-રહિત, સુંદર હલેસાંવાળી, ન ડૂબે તેવી, પાપો તથા અનિષ્ટોને પાર કરાવે તેવી નૌકામાં આરોહણ કરવું જોઈએ." આ વચગાળાના, આપણી પૃથ્વીથી ઉપરના, સમુદ્રમાં આપણે અચેતન ગુફા-માંથી ઊગતા જ્ઞાનના સૂર્યને જોયો છે, અને ઋષિઓ આપણી તે યાત્રામાં દોરવણી આપે છે. કારણ કે આ પણ સમુદ્રીય આકાશ છે; અથવા આકાશોની નીસરણી છે. વૈદિક રૂપક અનુસાર, આપણે એક સમુદ્ર પર બીજો એમ—સમુદ્રોની પરંપરા કલ્પવી જોઈએ. આ વિશ્વ ઊંચાઈઓની પરંપરા છે, કે જે નીચેનાં ઊંડાણો પણ છે; વિશાળતાનું પરસ્પર સંકુચન અને વિસ્તરણ—અંતર્-ક્રાન્તિ તથા ઉત્ક્રાન્તિ છે, કે જેને કોઈ અંત નથી. નીચેનું આકાશ સદા વધારે પ્રકાશ-યુકત આકાશમાં ઊર્ધ્વમાં આરોહણ કરે છે; ચેતનાનું દરેક સ્તર નીચેનાં અનેક સ્તરો પર પ્રતિષ્ઠિત છે, અને બીજાં અનેક ઉચ્ચતર સ્તરો પ્રત્યે અભીપ્સા સેવે છે.

પણ આપણા દૂરતમ આકાશોની પેલે પાર, પ્રકાશના પરમ સમુદ્રમાં

ઉચ્ચતમ પાર-ચેતનના આકાશમાં, ન્યૂનતમ ઋત વડે નિગૂઢ ઋતમાં આપણું સ્વર્ગ આપણી રાહ જુએ છે—જેવી રીતે અચેતન રાત્રિમાં, વધારે મહાન અંધકાર વડે નિગૂઢ અંધકાર પડેલો છે તેમ. તે વરુણ રાજાનું ઋત છે. પ્રકાશ-યુકત ઉષાઓ ત્યાં ઉદય પામે છે, નદીઓ ત્યાં ગતિ કરે છે, સૂર્ય ત્યાં પોતાના રથના અશ્વો છોડે છે. વરુણ, પોતાના અમર્યાદ જ્ઞાન વડે પોતાના વિશાળ અસ્તિત્વમાં, તે સર્વને સમાવિષ્ટ કરે છે, જુએ છે, તેનું નિયમન કરે છે. આ બધા સમુદ્રો વરુણના છે; એક, સનાતન, વિશાળ, સુખમય પ્રકાશના તથા ઋતના સૂર્યનાં વિસ્તૃત તેજો—કે જે વરુણનો સ્વભાવ છે, તેનાથી વિરુદ્ધ દેખાતી અચેતન રાત્રિનો સમુદ્ર પણ વરુણનો જ છે. તેની અનંતતામાં દિવસ અને રાત્રિ, પ્રકાશ અને અધકાર પ્રતીકો છે. "પ્રકાશમય વરુણે રાત્રિઓને આલિંગન આપ્યું છે; પોતાના સર્જનાત્મક જ્ઞાન વડે તે ઉષાઓને ધારણ કરે છે; દર્શનાયુકત વરુણ દરેક પદાર્થની આસપાસ રહેલો છે."

સ્વાભાવિક રીતે જ, આ સમુદ્રોના ખ્યાલમાંથી વૈદિક નદીઓનો માનસ-શાસ્ત્રીય ખ્યાલ ઉદ્‌ભવ પામ્યો. આ નદીઓ સર્વત્ર છે. તે જળો અદ્રિમાંથી નીચે વહે છે; વૃત્રની અંધકારમય અવચેતન ગુહાનાં રહસ્યોને પ્રકાશિત કરતાં, તે મનમાં વિચરે છે, તે મહાન દેવીઓને (मही) ઇન્દ્ર નીચે પૃથ્વી પર લઈ આવે છે; તેઓ ઋતના પ્રવાહો છે; તેનાં પ્રકાશમય સ્વર્ગોની તે વૃષ્ટિઓ છે; તેઓ સાત, સનાતન, સાથીદાર બહેનો છે; તે જ્ઞાનયુકત, દિવ્ય જળો છે. તે પૃથ્વી પર અવતીર્ણ થાય છે; તે સમુદ્રમાંથી પ્રગટે છે; તે સમુદ્ર પ્રત્યે વહે છે; તેઓ પણિઓનાં દ્વારોને તોડી-ફોડી નાખીને વહે છે, તે પરમ સમુદ્રોમાં આરોહણ કરે છે.

સમુદ્રનો રાજા વરુણ આ જળોનો સ્વામી છે. વેદમાં કહ્યું છે કે, "નદીઓના ઉદયમાં, તે સાત બહેનોનો ભાઈ છે, તેમનો તે વચટ ભાઈ છે." (૮, ૪૧, ૨) બીજા ઋષિએ ગાયું છે કે, "પોતાના સામ્રાજ્યમાં પરિપૂર્ણ સંકલ્પ-શકિતવાળો વરુણ, પોતાનાં કાર્યોના નિયમને ધારણ કરતો, નદીઓમાં બેઠેલો છે" (૧, ૨૫, ૧૦). વસિષ્ઠ તેમને વિષે વધારે સ્પષ્ટતાપૂર્વક, માનસ-શાસ્ત્રીય રૂપકોનો ખૂબ ઉપયોગ કરતાં, કહે છે કે, "તે દિવ્ય જળો વિશુદ્ધ છે, વિશુદ્ધ કરનારાં છે, મધુ-વરસતાં છે; તેમની મધ્યમાં બેઠેલો, રાજા વરુણ, પ્રાણીઓનાં ઋત તથા અનૃત પર નજર રાખતો, ગતિ કરે છે." (૭, ૪૯, ૩). ઇન્દ્ર સાથે વરુણ વારંવાર સંબંધિત છે; ઇન્દ્રની પેઠે, તે પણ જળોને નિર્મુકત કરે છે; તેના બળવાન હાથોમાંથી વેગપૂર્વક ગતિ કરતાં તે જળો, તેની પેઠે, સર્વ-વ્યાપક બની જાય છે, અને અસીમ લક્ષ્ય પ્રત્યે વહે છે. "વિશાળતાપૂર્વક ધારણ કરનાર, અનંતતાના પુત્રે તેમને સર્વત્ર વહેવરાવ્યાં છે; નદીઓ વરુણના

ઋત પ્રત્યે ગતિ કરે છે." (૨, ૨૮, ૪).

માત્ર લક્ષ્ય જ નહિ, આગેકૂચ પણ વરુણના હાથમાં છે. "શકિતશાળી હજાર-વિધ દર્શનાવાળો, વરુણ આ નદીઓના લક્ષ્યને જુએ છે; તે રાજયોનો રાજા છે; તે નદીઓનું સ્વરૂપ છે; તેનું બળ પરમ અને વૈશ્વિક હોય છે." તેની સમુદ્રીય ગતિ અસ્તિત્વના બધા પ્રદેશોને આવરી લે છે, અને સ્વર્ગોના પરમ સ્વર્ગમાં આરોહણ કરે છે. વેદમાં કહ્યું છે કે, "તે નિગૂઢ સમુદ્ર છે; સ્વર્ગથી પર—તે તેમાં આરોહણ કરે છે; જયારે તે આ ઉષાઓમાં યજ્ઞના શબ્દને મૂકે છે, ત્યારે તે પોતાના પ્રકાશમય પગ તળે બધી ભ્રાન્તિઓને કચડી નાખે છે અને સ્વર્ગમાં આરોહણ કરે છે." (૮, ૪૧, ૮) આપણે જોઈ શકીએ છીએ કે ઊર્ધ્વમાં આરોહણ કરતો, ક્રમે ક્રમે પ્રગટ થતો, સમુદ્રીય ઊભરા રૂપ વરુણ પરમાત્મા વડે મુકત કરાયેલા ઋષિના આત્મામાં, પોતાની અનંત વિશાળતામાં તથા આનંદમાં આરોહણ કરે છે.

જે ભ્રાન્તિઓને તે પોતાના પગ તળે કચડી નાખે છે, તે પાપના સ્વામીઓની જુઠ્ઠી રચનાઓ છે. દિવ્ય ઋતનું આકાશ હોવાને કારણે, દિવ્ય અસ્તિત્વનો સમુદ્ર હોવાને કારણે, વરુણ ભૌતિક સમુદ્ર કે આકાશ નથી; તે પાપને હણતો, અનિષ્ટમાંથી મુકિત આપતો, વિશુદ્ધ તથા ભવ્ય રાજા છે. પાપ એ દિવ્ય સત્ય તથા ઋતની વિશુદ્ધિનો ભંગ છે; તેનું પ્રતિકાર્ય છે વિશુદ્ધ અને શકિતશાળી વરુણનો કોપ. દિવ્ય નિયમનો રાજા વરુણ સ્વચ્છંદ અને અજ્ઞાનની, અંધકારના પુત્રોની પેઠે, સેવા કરતા માણસો ઉપર પોતાનાં આયુધો ચલાવે છે; તેમના ઉપર વરુણનો પાશ ઊતરે છે; તેઓ વરુણની જાળમાં ફસાય છે. પણ યજ્ઞ વડે ઋતની શોધ કરનાર માણસોને તે, દોરડામાંથી છોડેલા વાછરડાની પેઠે, વધસ્તંભમાંથી છોડાયેલા બલિ-પુરુષની પેઠે, પાપના બંધનમાંથી મુકત કરે છે. ઋષિઓ ઘણી વાર વરુણ વડે કરાતા પાપીઓના દંડનો ભય વ્યકત કરે છે, અને પાપમાંથી તથા તેની શિક્ષામાંથી—મૃત્યુમાંથી પોતાને મુકત કરવા તેઓ વરુણને પ્રાર્થના કરે છે. તેઓ પ્રાર્થના કરે છે કે, "અમારામાંથી વિનાશને દૂર હાંકી કાઢ; અમે કરેલા પાપમાંથી અમને મુકત કર;" અથવા પાશને મનમાં રાખીને, તેઓ કહે છે કે, "રજજુની પેઠે અમારાં પાપોને કાપી નાખ."

આ ગહન વિચારકો તથા સૂક્ષ્મ માનસશાસ્ત્રીઓના વિચારમાં 'સ્વાભાવિક દુષ્ટતામાંથી પરિણમે છે' એવો ગ્રામીણ ખ્યાલ બિલકુલ ન હતો. તેમને તો અજ્ઞાનની મહાન, આગ્રહી, શકિત જ પાપના મૂળ રૂપે દેખાતી. તે માનતા કે પાપનાં કારણો આ હોઈ શકે : મનમાં સત્ય અને ઋતની અદર્શના, અથવા સંકલ્પમાં તેમનું અગ્રહણ, અથવા પ્રાણિક વૃત્તિઓની તથા કામનાઓની ઋતને અનુસરવાની અશકિત, અથવા દિવ્ય નિયમના મહિમાને પહોંચવાની—

ભૌતિક અસ્તિત્વની કેવળ અશકિત—દુર્બળતા. વસિષ્ઠ મહાન વરુણને એક આવેગપૂર્ણ પ્રાર્થનામાં કહે છે કે, "હે વિશુદ્ધ અને શકિતશાળી વરુણ, સંકલ્પ-બળની દરિદ્રતાને લીધે અમે તારી વિરુદ્ધ આચરણ કર્યું છે; અમારા પર કૃપા કર, કરુણા કર. જળોમાં ઊભા રહેલા તારા પૂજારીને તરસ સતાવી રહી છે. હે શકિતશાળી દેવ, કૃપા કર, કરુણા કર. હે દેવ, અજ્ઞાનને લીધે અમે-મર્ત્ય માનવીઓએ તારા દિવ્ય જન્મ વિરુદ્ધ ગમે તેવું આચરણ કર્યું હોય, તારા નિયમોનો ભંગ કર્યો હોય, પણ તું અમારા પર તે પાપો માટે પ્રહાર ન કરીશ." (૭, ૮૯, ૩—૫).

પાપની માતા અજ્ઞાન વાસ્તવિક રીતે ત્રિવિધ પ્રકારે કાર્ય કરે છે—મર્યાદિત મન, બિન-અસરકારક પ્રાણ, અસ્પષ્ટતામય ભૌતિક પશુતા, કથાનકના ઋષિ શુનઃશેપને બલિ તરીકે યજ્ઞસ્તંભ સાથે આ ત્રણ પાશોથી બાંધવામાં આવ્યો હતો. તેનું સમગ્ર પરિણામ આવે છે અસ્તિત્વના લથડિયાં ખાતા, જડ, દારિદ્યમાં, તેમાં મર્ત્ય નિરાનંદની ક્ષુદ્રતા છે, અસ્તિત્વની અપર્યાપ્તતા છે, કે જે હર ક્ષણે મૃત્યુ પ્રત્યે લથડી પડે છે. જ્યારે બળવાન વરુણ આવીને આ ત્રણ પાશોને કાપી નાખે છે, ત્યારે આપણે સમૃદ્ધિ અને અમૃતત્વ પ્રાપ્ત કરવા માટે મુકત બનીએ છીએ. પછી તે ઊર્ધ્વીકૃત, સાચો માનવ, અવિભકત અસ્તિત્વમાં, પોતાની વાસ્તવિક પરિપૂર્ણતાને પ્રાપ્ત કરે છે. ઉપલો પાશ ઊર્ધ્વમાં ઊડી જાય છે, અને આત્માની પાંખોને પાર-ચેતન ઊંચાઈઓમાં ઉડ્યન કરવા નિર્મુકત કરે છે; વચલો પાશ બંને બાજુએ—બધી બાજુએ ઊડી જાય છે, અને કચડાયેલી પ્રાણશકિતને અસ્તિત્વના સુખમય વિસ્તારમાં નિર્મુકત કરે છે; નીચલો પાશ નીચે પડી ભાગે છે અને આપણા શારીરિક અસ્તિત્વના કચરાને અચેતનમાં ઓગળી જવા માટે નીચે નિર્મુકત કરે છે. શુનઃશેપની કથાનો તથા તેણે રચેલાં વરુણનાં બે સૂકતોનો મર્મ આ નિર્મુકિત છે.

અસ્તિત્વમાં રહેલું અજ્ઞાન અથવા અનૃત—વેદ મોટે ભાગે ઓછા ભાવ-વાચક શબ્દ 'અજ્ઞાન'નો ઉપયોગ કરવાનું પસંદ કરે છે—અસત્યનું અને દુઃખનું કારણ છે; એટલે જ્ઞાન અથવા ઋત વિશુદ્ધ કરનાર અને મુકિત આપનાર કારક તત્ત્વ છે. વરુણ પ્રકાશમય રૂપકમય સૂર્યરૂપી આંખ વડે જુએ છે. અને તેથી તે વિશુદ્ધ કરનાર છે. જ્યાં સુધી તે સંકલ્પ-શકિતનું નિયમન કરતો નથી; દિવ્ય વિચારને શીખતી વખતે, જ્યાં સુધી તે નિર્ણયશકિતને બોધપાઠ આપતો નથી, ત્યાં સુધી આપણે દેવોની નૌકામાં આરોહણ કરી શકતા નથી, કે જે નૌકા આપણને જીવન-સમુદ્રમાં બધાં સ્ખલનોથી તથા પાપોથી પાર લઈ જાય છે. આપણામાં જ્ઞાનયુકત વિચારક રૂપે રહેતો વરુણ આપણાં કરેલાં બધાં પાપોનો નાશ કરે છે; પોતાના પરિપૂર્ણ અધિકારની રૂઈએ તે આપણાં અજ્ઞાનનાં દેવાં

રદ કરે છે. અથવા વેદે વાપરેલા બીજા રૂપકમાં કહીએ તો, આ રાજાની સેવામાં હજાર વૈદ્યો હાજર રહે છે; તેઓ આપણી માનસિક તથા નૈતિક નિર્બળતાઓને દવા કરીને મટાડી દે છે; અને તેને પરિણામે આપણે વરુણની વિશાળ અને ગહન સત્ય—માનસિકતામાં દૃઢ અને સલામત પાયો પ્રાપ્ત કરીએ છીએ. (૧, ૨૪, ૯)

મહાન વરુણની પરિપૂર્ણતા સમગ્ર અસ્તિત્વ ઉપર અમર્યાદ સામ્રાજ્ય ધરાવે છે. તે શકિતશાળી સમ્રાટ છે. તેનાં વર્ણનો તથા વિશેષણો એવાં છે, કે જેમને ધાર્મિક તથા તત્ત્વચિંતક મનવાળા પુરુષો, જરા પણ ફેરફાર કર્યા સિવાય, પરમ તથા વૈશ્વિક પરમાત્મા માટે વાપરી શકે. તે વિશાળતા અને અનેકતા છે; તેમને મોટે ભાગે આ વિશેષણો આપવામાં આવ્યાં છે—વિશાળ વરુણ, પાચુર્ય-યુકત વરુણ, વિશાળતારૂપી ધરવાળા વરુણ, અનેક જન્મોવાળા વરુણ (વિશ્વાયુ ૪, ૪૨, ૧). પણ વરુણનું બળશાળી અસ્તિત્વ માત્ર વૈશ્વિક વિશાળતા જ નથી; તે વૈશ્વિક શકિત તથા બળ પણ છે. વેદ બાહ્ય તેમ જ આંતર અર્થવાળા શબ્દોમાં, વરુણ વિષે કહે છે કે, "ઊડતાં પક્ષીઓ, સદા જાગ્રત રહી વહેતાં જળો, વાયુની મહાનતાને મર્યાદિત કરતાં તત્ત્વો પણ તારી શકિતને, બળને, તેમ જ આવેગને પ્રાપ્ત કરી શકે તેમ નથી." (૧, ૨૪, ૬). તે વૈશ્વિક અસ્તિત્વની શકિત છે, કે જે દરેક જીવતી વસ્તુમાં તથા તેની આસપાસ સક્રિય રહે છે. આ શકિતની તથા અસ્તિત્વની વિશાળ વૈશ્વિકતાની પીઠમાં જ્ઞાનની વિશાળ વૈશ્વિકતા નજર રાખે છે અને તેમાં કાર્ય કરી રહી છે. 'રાજા' વિશેષણની સાથે 'ઋષિ' વિશેષણ સતત જોડાયેલું રહે છે—સ્થૂલ અર્થમાં નહિ, પણ શકિત-શાળી, અર્થગર્ભ, પ્રાચીન શૈલીમાં. વરુણની શકિત અનેક પ્રકારની હોય છે—વીરની, વિશાળ અભિવ્યકિતની; વિચારકની; તે યશસ્વી શકિતના દેવ તરીકે આપણી સન્મુખ આવે છે, અને તેની તે જ ગતિમાં આપણે તેનામાં વિશાળ દર્શનાના આત્માને પણ જોઈએ છીએ.

આ વિશેષણોના સતત સંયોગીકરણનો પરિપૂર્ણ અર્થ તેની પરિપૂર્ણતાના દ્વિવિધ સ્વરૂપમાં આપણે જોઈ શકીએ છીએ; તે સ્વરાટ તેમ જ સમ્રાટ છે. તે આર્ય પરિપૂર્ણતાની બે બાજુઓ છે. માનવમાં તે વિચારની, ક્રિયાની, જ્ઞાનના પ્રાચુર્યની, સંકલ્પની પરિપૂર્ણતા છે—રાજર્ષિ, વીર-વિચારક. દેવ તરીકે વરુણ 'સર્વશકિતમાન, સર્વજ્ઞ, સહસ્ર દર્શનાઓથી યુકત છે, તેનું સ્વરૂપ ઋત છે;' તેઓ આપણને પરમ વૈશ્વિક તત્ત્વમાં ઊર્ધ્વમાં લઈ જાય છે; આપણી આગળ દિવ્ય સનાતન ભવ્યતા, ચેતનાનું પ્રાચુર્ય, શકિતનું પ્રાચુર્ય, સર્વશકિતમાન જ્ઞાન, સર્વજ્ઞ શકિત પ્રગટ થતાં જોઈએ છીએ; આપણે નિયમની જરૂરતના કારણને જોઈ શકીએ છીએ, ઋતને પરિપૂર્ણ બનેલું જોઈ શકીએ છીએ.

વૈદિક ખ્યાલવાળા ભવ્ય વરુણને સુંદર રીતે 'વિશાળ વિચારક અને ઋતના રક્ષક' તરીકે વર્ણવવામાં આવ્યો છે. એમ કહેવામાં આવ્યું છે કે વરુણમાં, ચક્રની નાભિમાં રહેલી ધરીઓની પેઠે, બધાં જ્ઞાનો એકત્રિત થઈને રહેલાં છે; એ દિવ્ય ઋષિ માનવમાં રહેલાં ઋષિ-જ્ઞાનોની વૃદ્ધિ કરે છે, જાણે આકાશ પોતાનાં સ્વરૂપોની વૃદ્ધિ ન કરતું હોય. અહીં આપણને પ્રકાશયુકત ગાયોના રૂપકની ચાવી પ્રાપ્ત થાય છે. એમ કહેવામાં આવ્યું છે કે લોકોને ધારણ કરતો વરુણ આ પ્રકાશયુકત ગાયોનાં ગૂઢ નામોને જાણે છે; અને ઋષિઓના વિચારો, ગાયો જેમ ચરામાં જાય તેમ વિશાળ દર્શનાવાળા વરુણની કામના કરે છે, પારમાં જાય છે. એમ પણ કહેવામાં આવ્યું છે કે જ્ઞાન વડે મહાન બનેલો વરુણ, ગાયોનાં ધણની પેઠે, મરુતો માટે માનવોના વિચારોનું રક્ષણ કરે છે.

આ વિચારની બાજુ છે; ક્રિયાની બાજુ માટે પણ આવાં સમાન્તર વર્ણનો મળે છે. મહાન વરુણ લોકની ઊર્ધ્વીકૃત શકિતઓને, ઉદય પામતા વિચારોની માફક જ, પોતામાં સમાવે છે અને તેમની નાભિરૂપ છે. ઋતમાંથી ચ્યુત ન થતી, અપરાજિત ક્રિયાઓ, જાણે અદ્રિ પર હોય, તેમ વરુણમાં પ્રતિષ્ઠિત છે. પરાત્પર વસ્તુઓને જાણતો હોવાથી, તે આપણા અસ્તિત્વ ઉપર તેની રાજવી ભવ્ય નજર નાખવા સમર્થ છે, અને 'કરાયેલી તેમ જ ન કરાયેલી વસ્તુઓને' તે જુએ છે. (૧, ૨૫, ૧૧). કરવાની તેમ જ જાણવાની બાકી રહેલી વસ્તુઓ પણ. વરુણનું જ્ઞાન આપણામાં દિવ્ય શબ્દને ઘાટ આપે છે, જે પ્રેરણાયુકત, આંતર-દર્શનાયુકત છે, નવીન જ્ઞાનનાં દ્વાર ખોલી આપે છે. ઋષિ કહે છે કે, 'અમે વરુણની માર્ગદર્શક તરીકે કામના કરીએ છીએ, કારણ કે તે હૃદય વડે વિચારને અનાવૃત કરે છે; નવીન સત્ય ભલે જન્મો.' કારણ કે આ રાજા માત્ર જડ અને મૂર્ખ ચક્રને ઘુમાવનારો જ નથી; તેના નિયમનાં આવર્તનો નિરર્થક અને વંધ્ય નથી. ત્યાં એક માર્ગ છે, સતત વિકાસ છે; ત્યાં એક લક્ષ્ય છે.

વરુણ આ માર્ગનો નેતા છે. શુનઃશેપ કહે છે કે, "સંકલ્પ-શકિતમાં પરિપૂર્ણ, અનંતતાનો પુત્ર અમારે માટે સુગમ માર્ગની રચના કરો, અમારા જીવનને આગળ ધપાવો, વરુણ તેજોમય સોનરી ઝભ્ભો ધારણ કરે છે; તેના જાસૂસો બધે વિચરે છે." (૧, ૨૫, ૧૨—૧૩). તે જાસૂસો સંતાઈ ગયેલા, પ્રકાશ-શત્રુઓને ખોળી કાઢે છે, કે જે શત્રુઓ આપણાં હૃદયોને વીંધે છે—જે હૃદયમાં પ્રગટ થતા ઋત-વિચારને અટકાવે છે—આવૃત કરે છે. આપણે જે આ યાત્રાને જળોના આગે-સ્રવણ રૂપે જોઈ, તે સૂર્યની પણ યાત્રા છે—જેમાં સર્વજ્ઞ સર્વશકિતમાન વરુણ સૂર્યનો માર્ગદર્શક બને છે. પાયારહિત વિશાળમાં વરુણે યજ્ઞના ઈન્ધનનો પર્વત રચ્યો છે, કે જે જાજવલ્યમાન સૂર્ય માટે બાળવાની સામગ્રી બનવાની છે. "તેનાં કિરણો નીચે પ્રસરે છે, તેમની પ્રતિષ્ઠા (પાયો)

ઊર્ધ્વમાં છે; તેમની જ્ઞાનયુકત દર્શનાઓ અમારી અંદર પ્રતિષ્ઠિત થાઓ. વરુણ રાજાએ સૂર્યને અનુસરવા માટે વિશાળ માર્ગ બનાવ્યો છે; જ્યાં પગ મૂકવાનું સ્થાન ન હતું, ત્યાં વરુણે પગ મૂકવાનાં સ્થાનો રચ્યાં છે. તે હૃદયને વીંધનારી શકિતઓને ખુલ્લી પાડશે." (૧, ૨૪, ૭—૮). તેની વિશુદ્ધિ આત્માને હાનિ કરનાર તત્ત્વોનું પ્રબળ ભક્ષણ કરે છે.

માર્ગ એટલે નવીન ઋતનું, નવી શકિતઓનું, ઉચ્ચતર સાક્ષાત્કારોનું, નવા લોકોનું સતત નિર્માણ કરવું તે. આપણા ભૌતિક અસ્તિત્વના પાયામાંથી આપણે જે ઊંચાઈઓ પર આરોહણ કરવાનું છે, તેમને પૃથ્વી પર રહેલા અદ્રિનાં શિખરોનું રૂપક આપવામાં આવ્યું છે; વરુણ દર્શનાયુકત હોઈ, તે બધાં શિખરોનું પોતામાં ધારણ કરે છે. મહાન અદ્રિની એક પછી બીજી એવી ભૂમિકાઓની પેઠે, એક પછી બીજો લોક પ્રાપ્ત થાય છે; વરુણની દોરવણી હેઠળ આગેકૂચ કરતો યાત્રી બધાં સ્તરોમાં જન્મેલી બધી વસ્તુઓનું ગ્રહણ કરે છે. પણ તેનું આખરી લક્ષ્ય હોવું જોઈએ દેવનો ઉચ્ચતમ ત્રિવિધ લોક. "તેનાં કાર્યોના નિયમ અનુસાર, ત્રણ આનંદપ્રદ ઉષાઓ વૃદ્ધિ પામે છે. સર્વ-દર્શી જ્ઞાનયુકત તે વરુણ ત્રણ શ્વેત પ્રકાશયુકત પૃથ્વીઓમાં રહે છે; પોતાના ત્રણ ઉચ્ચતર લોકોમાંથી તે સાત અને સાતના સંવાદોનું શાસન કરે છે. તે મૂળ ધામનો રચયિતા છે, જે વરુણનું 'तत्सत्यम्'—તે સત્ય છે; તે તેનો રક્ષક અને ચાલક છે." (૮, ૪૧, ૯-૧૦)

ટૂંકમાં, વરુણ વિશાળ અસ્તિત્વનો, વિશાળ જ્ઞાનનો, વિશાળ શકિતનો, આકાશીય, સમુદ્રીય, અનંત રાજા છે; એક પરમાત્માની સક્રિય સર્વજ્ઞતા તથા સર્વ શકિતમત્તાનો આવિર્ભાવ છે, ઋતનો બળવાન રક્ષક છે, દંડ દેનાર અને સાજા કરનાર છે, પાશનો સ્વામી તેમ જ પાશમાંથી મુકત કરનાર છે, કે જે દૂર-સુદૂર ઊર્ધ્વમાં રહેલા ઋતની વિશાળ શકિત પ્રત્યે—પ્રકાશ પ્રત્યે વિચારને તથા ક્રિયાને દોરી જાય છે. વરુણ બધા રાજયોનો, સર્વ દિવ્ય તેમ જ મર્ત્ય અસ્તિત્વોનો રાજા છે; પૃથ્વી, આકાશ અને પ્રત્યેક લોક તેના પ્રદેશો છે.

મિત્ર

જો વરુણનાં વિશુદ્ધિ, અનંતતા, બળવાન બાદશાહત દિવ્ય અસ્તિત્વનું ભવ્ય ચોકઠું અને ભવ્ય પદાર્થ-સામગ્રી છે, તો મિત્ર તેનું સૌન્દર્ય અને પરિપૂર્ણતા છે. અનંત, વિશુદ્ધ, સ્વરાટ તથા સમ્રાટ હોવું તે દિવ્ય માનવીનો સ્વભાવ છે, કારણ કે તે રીતે જ તે પ્રભુના સ્વભાવમાં ભાગીદાર બની શકે છે. પણ વૈદિક ખ્યાલ માત્ર દિવ્ય જીવનની વિશાળ, પણ અપરિપૂર્ણ રહેતી

યોજનાથી સંતોષ નથી માનતો. આ વિશાળ સમાવેશક યોજનામાં ઉદાર અને સમૃદ્ધ તત્ત્વો હોવાં જોઈએ. વરુણમાં સમાવિષ્ટ, આપણા અસ્તિત્વના અનેક ખંડોવાળા મકાનને મિત્રે, સાચી સંવાદમયતામાં, ઉપયોગિતામાં તથા સાધન-સામગ્રીમાં વ્યવસ્થિત બનાવવાનું રહે છે.

કારણ કે દેવ પ્રાચુર્ય તેમ જ અનંતતા છે; વરુણ સમુદ્ર પણ છે અને આકાશીય સ્વર્ગ પણ છે. આકાશ પેઠે વિશુદ્ધ અને સૂક્ષ્મ, તેનો બળવાન પદાર્થ ખાલી ભવ્ય શૂન્ય નથી, અથવા નિષ્ક્રિય શાન્તિવાળી સરલ અનિશ્ચિતતા નથી; પણ આપણે જોયું છે તેમ, તે વિચારની તથા ક્રિયાની ઊભરાતી આગેકૂચ છે; તે એકત્રિત થયેલાં સર્વ જ્ઞાનોની નાભિ છે; જેના પર મૌલિક, અપતિત, દેવકાર્યો ટકી રહ્યાં છે એવો અદ્રિ છે. વરુણ રાજા ઊંઘતો નથી, પણ સદા જાગ્રત છે, શકિતશાળી છે; તે સનાતન કાળ માટે અસરકારક શકિત છે, ઋત તથા સત્ય માટે કાર્ય કરનારો છે. છતાં તે ઋતનો રક્ષક છે—ઋતરૂપ વહિ; અથવા તો તેની વિશાળતાનો તથા ઉભરાતા બળનો લાભ લેતા બીજા દેવોના કાર્ય વડે તે ઋત–રૂપ છે. તે પ્રકાશયુકત ગાયોને રાખે છે, હાંકે છે, પણ તેમને ચરામાં એકત્રિત કરતો નથી; તે આપણી શકિતઓનો ધારણ કરનાર છે, શત્રુઓને તથા વિઘ્નોને દૂર કરનાર છે, પણ આપણા ભાગોની રચના કરનાર તેટલા પ્રમાણમાં નથી.

તો પછી આ નાભિમાં જ્ઞાનને એકત્રિત કરનાર, આ કાર્યોને ટકાવી રાખનારમાં દિવ્ય કાર્યને કડી વડે જોડનાર, કયો દેવ છે? મિત્ર સંવાદોનો રચયિતા છે, રચના કરનાર છે, સંઘટક પ્રકાશ છે; મિત્ર, વરુણ જેની વસ્તુ-સામગ્રી છે તથા અનંત રીતે વિસ્તરતું વર્તુળ છે, તેમાં સાચી એકતા લાવનાર છે. તેમના સ્વભાવમાં તથા દિવ્ય કર્મોમાં, આ બે રાજાઓ પરસ્પર-પૂરક છે. તેમનામાં આપણને વિશાળતા મળે છે, કે જેમાં આપણે તેમના વડે સંવાદમયતાને પ્રાપ્ત કરી શકીએ. આપણે તે દેવ પ્રત્યે જોઈએ છીએ, અને આપણામાં ન્યૂનતા વગરની વિશુદ્ધિને સ્થાપીએ છીએ, જ્ઞાનના પાયા પર દોષ-રહિત પ્રેમને પાયો બનાવીએ છીએ. એટલે આ બે દેવો આત્મ-પરિપૂર્ણતા કરનાર પ્રભુની બે મહાન શકિતઓ છે; અને વૈદિક શબ્દ તે બંનેને, સાથે-સાથે, વધારે ને વધારે વિશાળ બનતા યજ્ઞમાં બોલાવે છે, અને તે યજ્ઞમાં વૃદ્ધિ પામતા ઋતના અવિયોજ્ય રચયિતાઓ તરીકે, તે બંને આવે છે. મધુચ્છંદસ્ ઋષિ તેમની સંયુકત દિવ્યતાની ચાવી આપણને આપે છે. "હું વિશુદ્ધ નિર્ણયવાળા મિત્રનું તથા શત્રુઓનું ભક્ષણ કરનાર વરુણનું આવાહન કરું છું. હે ઋતમાં વૃદ્ધિ કરનાર, ઋતનો સ્પર્શ કરનાર, મિત્ર તથા વરુણ, ઋત વડે તમે સંકલ્પ-શકિતની વિશાળ ક્રિયાને પ્રાપ્ત કરો છો. ઋષિઓ, વિશાળતામાં રહેનાર, અનેક જન્મોવાળા,

તે બંને કાર્ય કરતી નિર્ણય-શકિતને ધારણ કરે છે" (૧,૨,૭—૯).

મિત્ર શબ્દ મિથ્ ધાતુમાંથી આવ્યો છે, જેનો અર્થ થાય છે—દબાણ-પૂર્વક સમાવવું, આલિંગન કરવું. વેદનો પ્રાચીન, આનંદવાચક, મયસ્ શબ્દ પણ તે ધાતુમાંથી બન્યો છે. મિત્ર શબ્દનો પ્રયોગ વેદના ઋષિઓ સૂર્ય-દેવના માનસશાસ્ત્રીય કર્મવાળા, મિત્રકાર્યને બતાવવા માટે વારંવાર કરે છે. જ્યારે બીજા દેવો—ખાસ કરીને જાજ્વલ્યમાન, અગ્નિ, માનવ યજમાનના મદદગાર મિત્રનું કામ કરે છે, ત્યારે તેમને 'મિત્ર' નામથી વર્ણવવામાં આવ્યા છે, અરે તેઓ 'મિત્ર' બની જાય છે; આપણે સામાન્ય અત્યારની ભાષામાં કહીએ તો, તે દિવ્ય સંકલ્પ-શકિત અથવા બીજો કોઈ દેવ દિવ્ય પ્રેમ રૂપે પ્રગટ થાય છે. એટલે આપણે એમ માનવું રહ્યું કે આ ગૂઢવાદી ઋષિઓને મન મિત્ર તાત્ત્વિક રીતે પ્રેમનો સ્વામી, દિવ્ય મિત્ર, માનવોનો તથા દેવોનો-અમરોનો માયળુ મદદગાર હતો. વેદ તેને સર્વ દેવોમાં સૌથી વધારે વહાલો દેવ કહીને વર્ણવે છે.

વૈદિક ઋષિઓ પ્રેમને ઊર્ધ્વ દૃષ્ટિથી જોતા, તેના મૂળમાં જોતા, અને તેને, પોતાની માનવતામાં વહી આવતા દિવ્ય આનંદ તરીકે, સ્વીકારતા. આ દેવના આધ્યાત્મિક તથા વૈશ્વિક આનંદને—વૈદિક મયસને, વેદાન્તના આનંદને વર્ણવતાં તૈત્તિરીય ઉપનિષદ્ કહે છે કે પ્રેમ તેનું શીર્ષ છે. પણ તેમાં પ્રેમને માટે 'પ્રિય' શબ્દ વાપર્યો છે; તેનો અર્થ થાય છે—આત્માનાં આંતર સુખ—સંતુષ્ટિને લાવી આપતા પદાર્થોની સુખકારિતા. વૈદિક ગાયકોએ પણ તે જ માનસશાસ્ત્રનો ઉપયોગ કર્યો છે. તેઓ મયસ્ના તથા પ્રયસ્નો સાથે સાથે પ્રયોગ કરે છે; મયસ્ એ બાહ્ય સર્વ પદાર્થોથી નિરપેક્ષ, આંતર સુખનું તત્ત્વ છે; પ્રયસ્ એ આત્માને પદાર્થોમાં તથા વ્યકિતઓમાં પ્રાપ્ત થતા આનંદનું—સુખનું 'બહાર વહેવું તે' છે, વૈદિક સુખ આ દિવ્ય સુખ છે, કે જે પોતાની સાથે ઋત અને સત્યના અચૂક સ્પર્શના પાયા પર પ્રતિષ્ઠિત, વિશાળ વૈશ્વિક-તાની મુકિતમાં, પ્રાપ્ત થતા, સર્વ વસ્તુઓમાંથી નિષ્પાપ સુખ રૂપે અને વિશુદ્ધ સ્વામિત્વ રૂપે પ્રગટતા વરદાનને લઈ આવે છે.

મિત્ર સર્વ દેવોમાં સૌથી વહાલો છે, કારણ કે તે આપણને આ દિવ્ય ઉપભોગ પ્રાપ્ત કરાવે છે, અને આપણને આ પરિપૂર્ણ સુખ પ્રત્યે દોરી જાય છે. વરુણ સીધી રીતે બળને આપે છે; આપણને તેના વડે વિશાળ વિશુદ્ધિયુકત શકિત તથા સંકલ્પ મળે છે; વરુણની અનંતતાથી આપણને તેના પ્રચુર બળ સાથે, અભીપ્સુ અર્થમા પ્રાપ્ત થાય છે; વરુણની વૈશ્વિકતાની શકિત વડે, તે તેનાં વિશાળ કાર્યો કરે છે અને તેની મહાન ગતિ સિદ્ધ કરે છે. મિત્ર સીધી રીતે આનંદને લઈ આવે છે; મિત્રની સર્વ-સમન્વય-સાધક સંવાદમયતા વડે, સત્ય નિર્ણયના

વિશુદ્ધ કરતા પ્રકાશ વડે, સુસ્થિર પાયો રચતા તેના નિયમ વડે, ઉપભોકતા ભગ નિર્દોષ સ્વામિત્વમાં અને દિવ્ય ઉપભોગમાં પ્રતિષ્ઠિત થાય છે. તેટલા માટે મિત્ર વિષે એમ કહેવામાં આવ્યું છે કે બધા પરિપૂર્ણ બનેલા આત્માઓ "આ પ્રિય, જેનામાં કોઈ હાનિનો સંભવ નથી એવા દેવના આનંદને" વળગી રહે છે અથવા તેમાં સુસ્થિર રીતે પ્રતિષ્ઠિત થાય છે, કારણ કે ભગમાં કોઈ પાપ નથી, દ્યા નથી, પતન નથી. દરેક મર્ત્ય આનંદને તેનું પોતાનું મર્ત્ય જોખમ હોય છે; પણ અમર્ત્ય પ્રકાશ તથા નિયમ, માનવ આત્મા માટે, નિર્ભય સલામત આનંદને લઈ આવે છે. વિશ્વામિત્ર ૩, ૫૯, ૨ માં કહે છે અનંતતાના પુત્ર મિત્રના નિયમનો, બોધપાઠ લેનાર માણસને પ્રયસ્ મળે છે—આત્માને પદાર્થો વડે પ્રાપ્ત થતી સંતુષ્ટિ મળે છે; તેવા આત્માને કોઈ હણી શકતું નથી, કોઈ તેનો પરાજય કરી શકતું નથી, પાસેનું કે દૂરનું કોઈ પાપ તેના પર કબ્જો મેળવી શકતું નથી. કારણ કે મિત્ર માણસોમાં તથા દેવોમાં એવા આવેગોની રચના કરે છે, કે જેનાં કાર્યો સ્વાભાવિક રીતે જ આત્માની બધી ખોજોને પરિપૂર્ણ કરે છે.

સર્વ-સ્વામિત્વની તે સુખમય મુકિત આપણને આ દેવની વૈશ્વિકતામાંથી અને સર્વ વસ્તુઓને અપાતા, તેમના સમન્વયકારી, પ્રકાશયુકત આલિંગનમાંથી પ્રાપ્ત થાય છે; મિત્રના સંવાદિતાના તત્ત્વ વડે ઋતનાં અનેકવિધ કાર્યો પરસ્પર, પરિપૂર્ણ એકતાના ગ્રંથિમાં, જોડાય છે. મિથ્ ધાતુના અર્થો છે—આલિંગક, સમાવેશ કરવો, રચના કરવી—સમગ્રના ભાગોને એકબીજા સાથે સંયોજિત કરવા. પૂજ્ય મિત્ર આપણામાં વસ્તુઓના આનંદપૂર્ણ વિધાતા તરીકે, બળયુકત રાજા તરીકે પ્રગટ થાય છે. મિત્ર આકાશ-પૃથ્વીને ધારણ કરે છે; નિદ્રા લીધા વગર લોકો તથા પ્રાણિઓ ઉપર નજર રાખે છે; તેનાં સાવધાન અને પરિપૂર્ણ વિધાનો આપણામાં મનની તથા લાગણીની સુખમય સત્યતા પેદા કરે છે,—સુમતિ પેદા કરે છે, એ પ્રકારની સુંદર સુઘડ સ્થિતિ પેદા કરે છે, કે જે આપણે માટે હાનિ વગરનું નિવાસ-સ્થાન બની જાય છે. એક વૈદિક સૂકતમાં કહ્યું છે કે—"દુ:ખમયતાથી મુકત, શબ્દની દેવીમાં આનંદને માણતા, પૃથ્વીની વિશાળતામાં ઘૂંટણિયે પડી નમન કરતા, અમે અનંતતાના પુત્ર મિત્રનાં કાર્યોના નિયમમાં નિવાસ-સ્થાન પ્રાપ્ત કરીએ, તેની કૃપામાં રહીએ." (૩, ૫૯, ૩). જ્યારે અગ્નિ મિત્ર બને છે, દિવ્ય સંકલ્પ-શકિત દિવ્ય પ્રેમ બને છે, ત્યારે ઘરમાં ગૃહપતિ અને તેની પત્ની સુખપૂર્વક જીવે છે.

ઋતની સંવાદમય સુખી સ્થિતિ મિત્રના કાર્યનો નિયમ છે, કારણ કે આ સંવાદમયતા અને પરિપૂર્ણ સ્વભાવ ઋત ઉપર તથા દિવ્ય જ્ઞાનના પાયા ઉપર સ્થપાય છે; મિત્ર તથા વરુણની માયા તેમનું નિર્માણ કરે છે, તેમને સલામત રાખે છે, તેમનું રક્ષણ કરે છે. માયા શબ્દ પણ તે જ ધાતુમાંથી બન્યો છે,

જેમાંથી મિત્ર શબ્દ બન્યો છે. માયા સમજયુકત, માપ લેતું, રચના કરતું, જ્ઞાન છે, જે દિવ્ય હોય કે અદિવ્ય—અદિતિના અવિભકત અસ્તિત્વમાં સલામત હોય કે દિતિના વિભકત અસ્તિત્વમાં પરિશ્રામ કરતું હોય, પણ તે આપણા અસ્તિત્વના સમગ્ર દૃશ્યને, પરિસ્થિતિને સર્જે છે, તેની સ્થિતિને, નિયમને, કર્મને નિશ્ચિત કરે છે. માયા સક્રિય, મૂલનું, નિશ્ચિત કરતું દૃષ્ટિબિંદુ છે, કે જે દરેક પ્રાણી માટે, તેની પોતાની ચેતના અનુસાર, તેના પોતાના લોકનું નિર્માણ કરે છે. પણ મિત્ર પ્રકાશનો સ્વામી છે, અનંતતાનો પુત્ર છે, ઋતનો રક્ષક છે; અનંત, પરમ, દોષ-રહિત, સર્જનાત્મક જ્ઞાનનો માયા-અંશ છે. તે પ્રકાશયુકત સંવાદ-મયતામાં, આપણી અનેક ભૂમિકાઓની, ક્રમિક પગલાંની, આપણા અસ્તિત્વનાં ક્રમિક ધામોની રચના કરે છે, તેમનું સંયોગીકરણ કરે છે. અર્યમા પોતાના માર્ગ પર જે વસ્તુની અભીપ્સા કરે છે, તે મિત્રનાં ધારણો વડે અથવા નિયમો વડે સિદ્ધ થાય છે, અથવા મિત્રના પાયાઓ વડે, સ્તરો વડે, ધારણો વડે સિદ્ધ થાય છે—मित्रस्य धर्मभिः, मित्रस्य धामभिः । ધર્મ એટલે વસ્તુઓને ધારણ કરનાર નિયમ, કે જેને આપણે ધારણ કરીએ છીએ; ધામ એટલે નિયમને પ્રતિષ્ઠિત સંવાદમયતામાં મૂકવો તે, જે આપણા જીવનની ભૂમિકા સર્જે છે, આપણી ચેતનાનો પ્રકાર, કાર્ય તથા વિચારને સર્જે છે.

અદિતિના બીજા પુત્રોની પેઠે, મિત્ર જ્ઞાનનો સ્વામી છે. તે વિવિધ પ્રેરણાઓથી યુકત પ્રકાશનો સ્વામી છે; વેદની ભાષામાં કહીએ તો, તે જ્ઞાનની સમૃદ્ધિપૂર્ણ રીતે વિવિધ શ્રુતિઓનો સ્વામી છે. વરુણ અને તે બંને અસ્તિત્વની વિશાળતાને માણે છે; તે વિશાળતામાં મિત્ર, ઋતના અસ્તિત્વની મહત્તા વડે, સ્વર્ગનું સ્વામિત્વ પ્રાપ્ત કરે છે; અને જ્ઞાનની આ પ્રેરણાઓ અથવા શ્રુતિઓ વડે, તે પૃથ્વી ઉપર વિજયી પ્રભુત્વનો વિસ્તાર કરે છે. એટલે પાંચેય આર્ય જાતિઓ આ પ્રકાશયુકત સુંદર મિત્રને મેળવવા પ્રયત્ન કરે છે; તે મિત્ર તેમનામાં પોતાની પ્રકાશયુકત શકિત સાથે આવે છે, અને પોતાની વિશાળતામાં સર્વ દેવોને ધારણ કરે છે. તે મહાન આનંદપૂર્ણ દેવ છે, કે જે લોકમાં જન્મેલાં પ્રાણીઓને તેમના માર્ગમાં મૂકી આપે છે અને દોરવણી આપે છે. એક ઋચામાં એવો ભેદ વર્ણવવામાં આવ્યો છે કે વરુણ આત્માના પરમ ધામ પ્રત્યે ગતિ કરતો, પ્રભુત્વપૂર્ણ યાત્રી છે; મિત્ર માણસોને તે માર્ગે આગળ ધપાવનાર દેવ છે.

મિત્ર માત્ર વરુણની વિશુદ્ધિમાં તથા વિશાળતામાં જ પોતાની સંવાદિતાનું સ્થાપન કરી શકે છે; તેથી મિત્રનું આવાહન, મહાન વરુણદેવની સાથે જ, સતત કરવામાં આવ્યું છે. આત્માની પરમ ભૂમિકાઓ પર તેમનો અધિકાર છે; આપણામાં મિત્રના તથા વરુણના આનંદની વૃદ્ધિ થવી જોઈએ. તેમના નિયમ

વડે, આપણી ચેતનાની વિશાળ ભૂમિકા આપણા પર પ્રકાશે છે, અને આકાશ તથા પૃથ્વી તેમની યાત્રાના બે માર્ગો છે, કારણ કે તેમની માતા, ઋત-યુકત અદિતિ તેમને સર્વજ્ઞ અને સર્વશકિતમાન રૂપે જન્મ આપ્યો છે; તેઓ રોજ રોજ જાગ્રત રહીને, અવિભકત અસ્તિત્વરૂપ, પ્રકાશયુકત, અદિતિને વળગી રહે છે; અદિતિ આપણે માટે તે પ્રકાશપૂર્ણ લોકમાં નિવાસ-સ્થાનોને (ધામોને) ધારણ કરે છે; અને તેઓ તેની પ્રકાશયુકત શકિતને પ્રાપ્ત કરે છે. જન્મથી જ પરિપૂર્ણ એવા તે બે પુત્રો આપણા કાર્યના નિયમને ટેકવી રાખે છે; તેઓ વિશાળ પ્રકાશમય શકિતનાં સંતાનો છે; તે વિવેક-યુકત દિવ્ય વિચારનાં સંતાનો છે, તે પરિપૂર્ણ સંકલ્પ-શકિતવાળા છે, તે ઋતના રક્ષકો છે. પરમ આકાશમાં તેઓ ઋતના નિયમના સ્વામી છે. સ્વર્ તેમનું સુવર્ણમય ઘર અને જન્મસ્થાન છે.

મિત્ર અને વરુણની દર્શના અપ્રતિહત છે; તે આપણા કરતાં માર્ગના વધારે સારા જાણકાર છે; કારણ કે જ્ઞાન વડે તેઓ સ્વર્ના ઋષિઓ છે. માર્ગ જે ઋતમાં લઈ જાય છે, તેમાં લપાઈ રહેલાં અનૃતને તે વિવેકયુકત વિચાર વડે પકડી પાડે છે. તે પોતામાં રહેલા ઋતની ઘોષણા કરે છે. તેઓ ઋતવાળા છે, અને તેના વડે તે અસરકારક સંકલ્પ-શકિતવાળા છે; તેથી તો સમ્રાટો છે અને બળના સ્વામીઓ તરીકે આપણા કાર્યને ધારણ કરે છે. તેઓ ઋત વડે ઋતને પ્રાપ્ત કરે છે; તેમની વસ્તુઓ પરની પરિપૂર્ણતા વડે તેઓ આપણા વિચારોની વૃદ્ધિ કરે છે, અને તેમની વિશુદ્ધ નિર્ણય-શકિત વડે તેઓ માણસોની વિવેકશકિત ખુલ્લી કરે છે, અને તેમની ચેતનાની આંખને જ્ઞાન પ્રત્યે ઉઘાડી આપે છે. સર્વદર્શી અને સર્વજ્ઞ તેઓ પોતાના નિયમ વડે, પ્રભુની માયાશકિત વડે, આપણાં કાર્યોનું રક્ષણ કરે છે. જેમ તેઓ ઋતની શકિત વડે સમગ્ર લોકનું નિયમન--શાસન કરે છે તેમ, તે માયા સ્વર્ગોમાં પ્રતિષ્ઠિત છે, ત્યાં તે પ્રકાશમય સૂર્ય રૂપે સંચરે છે; તે તેમનું સમૃદ્ધ અને અદ્‌ભુત આયુધ છે. તેમની પાસે દૂરશ્રાવણની શકિત છે, તેઓ સત્ય અસ્તિત્વના સ્વામીઓ છે; દરેક માનવમાં તેઓ ઋતની વૃદ્ધિ કરે છે, કારણ કે તેઓ પોતે ઋતમય છે. તેઓ પ્રકાશ-યુકત ગાયોના ધણનું પાલન--પોષણ કરે છે, અને સ્વર્ગના પ્રાચુર્યને વરસાવે છે; તેઓ શકિતશાળી પ્રભુની માયા વડે સ્વર્ગમાંથી વૃષ્ટિ કરાવે છે. તે સ્વર્ગીય વૃષ્ટિ આધ્યાત્મિક સુખની સમૃદ્ધિ છે, જેની ઋષિઓ કામના કરે છે; તે અમૃતત્વ છે—वृष्टिं वां राधो अमृतत्वमीमहे। (૫, ૬૩, ૨)

અર્યમા

ચાર સૂર્ય-દેવોમાંના ત્રીજા દેવ અર્યમાનું આવાહન ઋષિઓએ ઓછામાં ઓછું કર્યું છે, તે ચારેયમાં વધારેમાં વધારે ગૌણ છે. તેને માટે એક પણ સ્વતંત્ર

સૂકત રચાયું નથી; ઘણી વાર છૂટાં-છવાયાં સૂકતોમાં તેના નામનો ઉલ્લેખ થયેલો જોવામાં આવે છે; એટલી સંખ્યામાં ઋચાઓ નથી, કે જેમાંથી આપણે તેનાં કાર્યોનો સ્પષ્ટ ખ્યાલ બાંધી શકીએ અથવા તેના સ્વરૂપની નવ-રચના કરી શકીએ. ઘણી વાર તો માત્ર તેના નામનો ઉલ્લેખ જ મિત્ર તથા વરુણ સાથે અથવા અદિતિના અનેક પુત્રો સાથે કરવામાં આવ્યો છે, અને તે પણ મોટે ભાગે બીજા સંબંધિત દેવોનાં નામોની સાથે. છતાં આશરે છ ઋચાઓમાંથી તેનું મુખ્ય અને લાક્ષણિક કાર્ય પ્રગટ થાય છે; બીજા દેવોની પેઠે, તેને ઋતનો સ્વામી કહ્યો છે; તેને જ્ઞાન-આનંદ-અનંતતા--શકિતવાચક વિશેષણો આપવામાં આવ્યાં છે.

પાછળની પરંપરામાં અર્યમાને પિતૃઓમાં પ્રથમ ગણવામાં આવ્યો છે, પિતૃઓ સાથે તેને પિંડ આપવામાં આવે છે, પુરાણોમાં જેનું વર્ણન ઔર્ધ્વ-દેહિક ક્રિયામાં કરવામાં આવ્યું છે. પુરાણોમાં પિતૃઓના બે પ્રકારો વર્ણવાયા છે—દેવપિતૃઓ અને માનવ-પિતૃઆ; માનવ-પિતૃઓને પૂર્વજો કહેવામાં આવ્યા છે. સ્વર્ગમાં ગયેલા જીવાત્માઓ, અમૃતત્વને પ્રાપ્ત થયેલા જીવાત્માઓ પિતૃઓ ગણાય છે, અને અર્યમાનો સંબંધ તેમની સાથે છે એમ આપણે માનવું રહ્યું. ગીતામાં વિભૂતિ-યોગમાં પોતાની વિભૂતિઓનું વર્ણન કરતાં, કૃષ્ણ કહે છે કે, 'કવિઓમાં હું ઉશના છું, ઋષિઓમાં હું ભૃગુ છું, મુનિઓમાં હું વ્યાસ છું, આદિત્યોમાં હું વિષ્ણુ છું, પિતૃઓમાં હું અર્યમા છું.' વેદમાં પ્રાચીન, પ્રકાશને પામેલા જીવોને, જેમણે જ્ઞાનને શોધી કાઢયું, માર્ગનું સર્જન કર્યું અને તેનું અનુસરણ કર્યું, ઋતને પ્રાપ્ત કર્યું, અમૃતત્વનો જય કર્યો, તેમને પિતૃઓ કહેવામાં આવ્યા છે; જે ઋચાઓમાં અર્યમાનું આગવું વ્યકિતત્વ વર્ણવવામાં આવ્યું છે, તેમાંથી તેની સ્તુતિ માર્ગના દેવ તરીકે કરવામાં આવી છે.

અર્યમા શબ્દ, શબ્દવ્યુત્પત્તિ શાસ્ત્રની દૃષ્ટિએ, अर्य, आर्य, अरि શબ્દો સાથે સંબંધિત છે. તેનો અર્થ થાય છે—વૈદિક સંસ્કૃતિને અનુસરનારા માણસો, અને તેમને યુદ્ધોમાં તથા અભીપ્સાઓમાં મદદ કરનારા દેવો. આર્ય માર્ગનો યાત્રી છે, દિવ્ય યજ્ઞ વડે અમૃતત્વનો અભીપ્સુ છે, પ્રકાશના તેજયુકત પુત્રોમાંનો એક છે, ઋતના સ્વામીઓનો પૂજારી છે; માનવ-યાત્રામાં અવરોધ કરનારી, અંધકારની શકિતઓ સામે યુદ્ધ કરનાર છે. અર્યમા તે દેવ છે, કે જેની દિવ્ય શકિતમાં આર્યતા પ્રતિષ્ઠિત બની છે; તે યજ્ઞની, અભીપ્સાની, યુદ્ધની, પૂર્ણતા-પ્રકાશ-દિવ્ય આનંદ પ્રત્યેની યાત્રાની શકિત છે, જેના વડે માર્ગનું સર્જન થયું છે, માર્ગની યાત્રા શકય બને છે, બધા વિરોધો અને અવરોધોનો સામનો કરી શકાય છે, અને પ્રકાશમય સુખમય લક્ષ્યની પ્રાપ્તિ થાય છે.

પરિણામે, અર્યમાના કાર્યને મિત્ર તથા વરુણનાં વિશેષણો આપવામાં

આવ્યાં છે — જેવાં કે માર્ગનો નેતા. આ શકિત પ્રકાશના તથા સંવાદમયતાના સુખમય આવેગોને, અનંત જ્ઞાનની તથા વિશુદ્ધ વિશાળતાની અનંત શકિતની ગતિને પરિપૂર્ણ બનાવે છે. મિત્ર તથા વરુણની પેઠે, તે માણસોને માર્ગ પર મુસાફરી કરાવે છે; તે મિત્રના પરિપૂર્ણ સુખથી યુકત છે; તે સંકલ્પ-શકિતમાં તથા યજ્ઞનાં કાર્યોમાં પરિપૂર્ણ છે; તે અને વરુણ મર્ત્યો માટે માર્ગને શોધી કાઢે છે. વરુણની માફક તેને અનેક જન્મો છે; વરુણની પેઠે, તે માણસોને ઈજા પહોંચાડનાર શકિતઓના કોપને દબાવી દે છે. અર્યમાના મહાન માર્ગનું અનુસરણ કરવાથી આપણે માર્ગને રૂંધનાર, પાપમય કે અસત્ય વિચારવાળી શકિતઓને વટાવી જઈ શકીશું. રાજાઓની (સમ્રાટોની) માતા અદિતિ તથા અર્યમા આપણને વિરોધી શકિતઓથી પાર, સુખમય માર્ગ પર મુસ'ફરી કરાવી, લક્ષ્યને પ્રાપ્ત કરાવશે. મિત્રનાં તથા વરુણનાં કાર્યોની ઋજુતાને શોધતો માણસ, શબ્દની શકિત વડે તથા સ્તુતિ વડે, હૃદયપૂર્વક તેમના નિયમને આલિંગશે, અને અર્યમા તેવા માણસનું, તેના વિકાસમાં, રક્ષણ કરે છે.

અર્યમાનું વિશિષ્ટ કાર્ય એક ઋચામાં આ પ્રમાણે વર્ણવાયું છે: "અભંગ માર્ગવાળો, અનેક રથોવાળો, અર્યમા વિવિધ સ્વરૂપોના જન્મોમાં, સપ્તવિધ યજ્ઞના કરનાર તરીકે રહે છે." (૧૦, ૬૪, ૫). તે માનવ-યાત્રાને અપ્રતિઘર્ષ્ય વિકાસમાં આગળ ધપાવનાર દેવ છે; શત્રુનાં આક્રમણો તેનો પરાભવ કરી શકતાં નથી; જ્યાં સુધી આ દિવ્ય શકિત આપણી નેતા છે, ત્યાં સુધી તે આપણા કાર્યમાં રુકાવટ ઊભી કરી શકતાં નથી. તે યાત્રા, આપણા વિકાસની–ઉત્ક્રાંતિની અનેકવિધ ગતિઓ વડે (અર્યમાના અનેક રથો વડે), સિદ્ધ થાય છે. માનવ-યજ્ઞની તે યાત્રાના કાર્યને સપ્તવિધ શકિત હોય છે, કારણ કે આપણા અસ્તિત્વમાં રહેલા, સપ્તવિધ તત્ત્વને પરિપૂર્ણ સમગ્રતામાં પરિપૂર્ણ કરવાનું હોય છે. અર્યમા તે યજ્ઞકાર્યનો સ્વામી છે, જે દિવ્ય જન્મના દેવોને આ સપ્તવિધ આહુતિ અર્પણ કરે છે. અર્યમા આપણામાં અસ્તિત્વની આરોહણ કરતી ભૂમિકાઓ પર, જન્મનાં અનેકવિધ સ્વરૂપોનો વિકાસ કરે છે; પિતૃઓએ તે ભૂમિકાઓને માર્ગે આરોહણ કર્યું હતું; આર્ય આત્માની અભીપ્સા પણ તે જ માર્ગે અમૃતત્વના ઉચ્ચતમ શિખર પર આરોહણ કરવાની હોવી જોઈએ.

આ રીતે અર્યમા માનવની સતત આત્મવિકાસ માટેની દિવ્ય પરિપૂર્ણતાની પ્રાપ્તિ માટેની, સમગ્ર અભીપ્સા તથા ગતિનો પ્રતિનિધિ છે. અભંગ માર્ગ ઉપર તેની સતત ગતિ વડે, મિત્ર, વરુણ અને અદિતિના પુત્રો માનવ-જન્મમાં પોતાને પરિપૂર્ણ કરે છે.

ભગ

માર્ગનું લક્ષ્ય છે દિવ્ય આનંદ, ઋતનો અમર્યાદ આનંદ, આપણા અસ્તિત્વની અનંતતાનો આનંદ, ભગ દેવ માનવ-ચેતનામાં આ આનંદને તથા પરમ સુખને લાવી આપે છે, તે માનવમાં રહેલો દિવ્ય ઉપભોકતા છે. સમગ્ર અસ્તિત્વનો હેતુ આ દિવ્ય આનંદનો ઉપભોગ છે—પછી તે જ્ઞાન વડે કે અજ્ઞાન દ્વારા તેને શોધતું હોય, દિવ્ય બળ દ્વારા કે હજી સુધી અવિકસિત શકિતઓની નિર્બળતા વડે તેને શોધતું હોય. "બળવાન લોકો વૃદ્ધિ માટે ભગનું આવાહન કરે છે; નિર્બળ લોકો પણ તેનું જ આવાહન કરે છે; તે રીતે જ તેઓ આનંદ પ્રત્યે ગતિ કરે છે" (૭, ૩૮, ૬). "ઉષા-કાળમાં આપણે બળવાન, વિજયી, અદિતિના પુત્ર, વિશાળતાને ધારણ કરનાર, જેનું ધ્યાન દુઃખી લોકો, યોદ્ધો અને રાજા કરે છે તેવા, ભગને બોલાવીએ. તે બધા જ ઉપભોકતા ભગને પ્રાર્થના કરે છે કે અમને ઉપભોગ આપો." (૭, ૪૧, ૨). "ઉપભોગથી યુકત ભગ વડે આપણે ઉપભોગના સ્વામી બનીએ. હે ભગ, દરેક માનવી તારું આવાહન કરે છે. હે ઉપભોકતા ભગ, તું અમારી યાત્રાનો નેતા બન" (૭, ૪૧, ૫). દિવ્ય સમૃદ્ધિઓની વૃદ્ધિમાં આનંદ માણતા આત્માનું વૃદ્ધિ પામતું વિજયી સુખ, જે આપણને વિઘ્નોનો પરાજય કરીને આગળ વધવાનું બળ આપે છે, અને છેવટે અનંત આનંદની પરિપૂર્ણતાના લક્ષ્યને પહોંચવા સમર્થ બનાવે છે—આ માનવમાં ભગના જન્મનું ચિહ્ન છે, તેના દિવ્ય કાર્યનું ચિહ્ન છે.

દરેક ઉપભોગ ખરેખર ભગ સવિતૃમાંથી આવે છે—પછી તે મર્ત્ય હોય કે દિવ્ય ભગ. "વિશાળ અને પુષ્કળ શકિતનું સર્જન કરતો, તે માનવો માટે મર્ત્ય ઉપભોગ લઈ આવે છે". પણ વૈદિક આદર્શ સમગ્ર જીવનને તથા આનંદને આવરી લે છે—પછી તે દિવ્ય હોય કે માનવ, તે પૃથ્વીની વિશાળતાને તથા સમૃદ્ધિને, અને સ્વર્ગની વિશાળતાને તથા પ્રાચુર્યને આવરી લે છે; તે અનંત દિવ્ય ઋતનાં રૂપોમાં પરિપૂર્ણ બનાવાયેલાં, ઊર્ધ્વીકૃત, વિશુદ્ધ, માનસિક-પ્રાણિક-શારીરિક અસ્તિત્વના ખજાનાઓનો સમાવેશ કરે છે. આ સર્વ—સમાવેશક સુખ એ ભગની દેણ છે. માણસોએ ઉપભોકતાનું આવાહન કરવું જોઈએ, કારણ કે તેની પાસે અનેક સમૃદ્ધિઓ છે, અને તે બધા આનંદોની પરિપૂર્ણ વ્યવસ્થા કરે છે—તેની માતા અદિતિના અસ્તિત્વમાં તે એકવીસ આનંદોને ધારણ કરે છે, જ્યારે આપણામાં વિશાળ, વિસ્તૃત શકિતનું સર્જન થાય છે, જ્યારે પરમાત્મા ભગ-પૂષા-અનંત અવિભકત અદિતિ રૂપે અનંત ચેતનાનાં તેજોને ઝભ્ભાની પેઠે ધારણ કરે છે, અને ભેદ-બુદ્ધિ વગર સર્વ અભીષ્ટ વરદાનોને વહેંચી આપે છે, ત્યારે આપણને સંપૂર્ણ દિવ્ય સુખ પ્રાપ્ત થાય છે. ત્યારે ભગ માનવ-પ્રાણીને તે

શ્રેષ્ઠ આનંદનો પૂર્ણ ઉપભોગ આપે છે. તેથી ૭, ૪૧, ૩માં વસિષ્ઠ ઋષિ ભગને કહે છે—"હે અમારા નેતા, ઋતની સમૃદ્ધિવાળા, ભગ, અમારામાં આ વિચાર પ્રગટ કર, તેની વૃદ્ધિ કર–તે વિચાર, કે જેના વડે ઋતની પ્રાપ્તિ થાય છે."

ભગ સવિતૃ સ્રષ્ટા છે, જે અપ્રગટ દિવ્યમાંથી દિવ્ય વિશ્વના ઋતને લઈ આવે છે; આપણે જે નિમ્ન ચેતનાના દુ:સ્વપ્નમાં ઋત તથા અનૃતના, બળ તથા નિર્બળતાના, હર્ષ તથા દુ:ખના ગૂંચવાડામાં અટવાઈએ છીએ, તેને ભગ દૂર કરે છે. સીમિત કરતી મર્યાદાઓમાંથી અનંત સત્‌ની મુકિત; અનંત જ્ઞાન તથા બળ, જે દિવ્ય ઋતનો વિચારમાં સ્વીકાર કરે છે અને તેને સંકલ્પ-શકિત વડે પ્રગટ કરવા મથે છે તે; પાપ—દોષ—ભેદ વગર, સર્વને સ્વીકારતો અને ઉપભોગ કરતો, અનંત આનંદ—આ ભગ સવિતૃનું સર્જન છે, આ તેનો પરમ આનંદ છે. "દેવી અદિતિ, સમ્રાટ વરુણ—મિત્ર—અર્યમા, એક મન વડે તથા એક હૃદય વડે, દિવ્ય સ્રષ્ટાની આ સૃષ્ટિ વિષે અમારા આગળ કથન કરે છે." ઉપભોકતા, ચારેય દેવોમાં સૌથી નાના અને છતાં સૌથી મહાન, ભગ વડે માનવમાં લવાયેલી, આ આનંદપૂર્ણ પરિપૂર્ણતા વડે, આ ચારેય સમ્રાટો તથા તેમની અનંત માતા અદિતિ પોતાને પરિપૂર્ણ બનેલા જુએ છે. ચતુર્વિધ સવિતૃની આ દિવ્ય સૃષ્ટિના પાયામાં વરુણ છે, મિત્ર તેને સંયોજિત કરી દોર-વણી આપે છે, અર્યમા તેને સિદ્ધ કરે છે, અને ભગ તેને ભોગવે છે; અનંત માતા અદિતિ પોતાના યશસ્વી પુત્રોનાં કાર્યો તથા જન્મો વડે, માનવ અસ્તિત્વમાં પોતાનો સાક્ષાત્કાર કરે છે.

પ્રકાશના સ્વામીઓનાં સૂક્તો

મિત્રાવરુણનું સૂકત ૧

૫, ૬૨

ઋતના તથા આનંદના, હજાર સ્તંભોવાળા, ઘરના સ્વામીઓ

[વિકારી વસ્તુઓમાં સત્ય જેનું આવરણ છે, તે અવિકારી સનાતન સત્યની ઋષિ સ્તુતિ કરે છે; તે દિવ્ય જ્ઞાન રૂપે પ્રગટ થયેલો સૂર્ય યાત્રાનું લક્ષ્ય છે; બધી વસ્તુઓની તે સનાતન એકતા છે; તે પરમ પરમાત્મા છે, દેવો જેનાં અનેકવિધ સ્વરૂપો છે. યજ્ઞ વડે પ્રાપ્ત થતાં અસ્તિત્વ—જ્ઞાન-શકિતની સર્વ સમૃદ્ધિઓ તેનામાં એકરૂપ બને છે. તે વરુણની વિશાળ વિશુદ્ધિઓની તથા મિત્રની પ્રકાશયુકત સંવાદિતાઓની મહાન વિશાળતા છે. જ્ઞાનના દિવ્ય પ્રકાશોની, સનાતન કાળ માટે સ્થિર ગાયોનાં ધણ તેમાં રહે છે; કારણ કે તે સુખમય ક્ષેત્ર પ્રત્યે તે ગાયો અહીં ગતિ કરી રહી છે. વૈશ્વિક ગતિ અને યાત્રાનો પ્રેરક આપણામાં, આંતર પ્રકાશની ઉષાઓ વડે, તે ગાયોના દૂધ રૂપ જ્ઞાનને રેલાવે છે; અને અમર્ત્ય અસ્તિત્વના પ્રવાહો ત્યાં અવતીર્ણ થાય છે; પ્રકાશ અને વિશુદ્ધિ, સંવાદ અને અનંતતા રૂપ મિત્રા-વરુણની એક અને પરિપૂર્ણ ગતિ તે પ્રવાહોનું અનુસરણ કરે છે. ભૌતિક અસ્તિત્વનાં ફળોને તથા સ્વર્ગીય અસ્તિત્વની ગાયોના પ્રકાશોને ધારણ કરતા એ બે દેવો તે સ્વર્ગની વૃષ્ટિને વરસાવે છે. આ રીતે તેઓ માનવમાં દિવ્ય જ્ઞાન વડે પૂર્ણ શકિતનું તથા વિશાળ અસ્તિત્વનું સર્જન કરે છે, જેમને તે દેવો રક્ષે છે, જેમની તેઓ વૃદ્ધિ કરે છે, યજ્ઞ માટે બર્હિરૂપ આસન વિસ્તરે છે; આ હજાર સ્તંભોવાળા જ્ઞાન-યુકત બળને તેઓ પોતાનું ઘર બનાવે છે; અને શબ્દના આવિષ્કારોમાં, તે ઘરમાં નિવાસ કરે છે. તે ઘરનું સ્વરૂપ પ્રકાશમય છે; તેના જીવનના સ્તંભોમાં લોખંડી બળ તથા સ્થિરતા હોય છે. ઉષા-કાળમાં, જ્ઞાનસૂર્યના ઉદય-કાળે, તેઓ તેમાં

આરોહણ કરે છે; અને પોતાની દિવ્ય દર્શનાની આંખ વડે, અનંત તથા સાન્ત અસ્તિત્વને, વસ્તુઓની અવિભાજ્ય એકતાને તથા તેમની અનેકતાને જુએ છે. તે ઘર વિશાળ છે, પરમ અભંગ શાન્તિ તથા આનંદ વડે પરિપૂર્ણ છે, જેમને આપણે, તેમના પોષક વર્ધક રક્ષણ દ્વારા, શોધવાનો તથા પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ.]

ऋतेन ऋतमपिहितं ध्रुवं वां सूर्यस्य यत्र विमुचन्त्यश्वान् ।
दश शता सह तस्थुस्तदेकं देवानां श्रेष्ठं वपुषामपस्यम् ।।१।।

(૧) તમારું સ્થિર ઋત[૧] ઋત વડે ઢંકાયેલું છે; જ્યાં તેઓ સૂર્યના[૨] ઘોડાને છોડે છે; ત્યાં હજાર[૩] એક સાથે ઊભા રહે છે; સર્વ દેવોમાં,[૪] શ્રેષ્ઠ તે એકને મેં જોયું છે.

तस्तु वां मित्रावरुणा महित्वमीर्मा तस्थुषीरहभिर्दुदुह्रे ।
विश्वाः पिन्वथः स्वसरस्य धेना अनु वामेकः पविरा ववर्त ।।२।।

(૨) હે મિત્ર તથા વરુણ, તે તમારી પરિપૂર્ણ વિશાળતા છે; ત્યાં ગતિનો સ્વામી તેના વાડાની પ્રકાશયુકત ગાયોમાંથી, દિવસો વડે, દૂધ દોહે છે. તે એક આનંદપૂર્ણના પ્રવાહોને તમે વૃદ્ધિ અર્પો છો; તમારું એક ચક્ર[૫] તેમના માર્ગમાં સંચરે છે.

अधारयतं पृथिवीमुत द्यां मित्रराजाना वरुणा महोभिः ।
वर्धयतमोषधीः पिन्वतं गा अव वृष्टिं सृजतं जीरदानू ।।३।।

---

૧. દેશ-કાળની વિકારિતામાં તથા વિભાજ્યતામાં પ્રસરેલી અને વ્યવસ્થિત ગોઠવાયેલી, સર્વ વસ્તુઓનું વૈશ્વિક સક્રિય ઋત સનાતન અને અવિકારી ઋતને આચ્છાદિત કરે છે, કે જે સનાતન ઋતનું તે પોતે એક પ્રગટીકરણ છે.

૨. સનાતન ઋત દિવ્ય પ્રકાશનું લક્ષ્ય છે; તે પ્રકાશ આપણામાં ઊગે છે, અને પ્રકાશયુકત ઊર્ધ્વ સમુદ્રની પાર, ઉચ્ચતર સ્વર્ગોમાં યાત્રા-ગતિ કરે છે.

૩. દિવ્ય સમૃદ્ધિનાં, જ્ઞાન-શકિત-આનંદમાં રેલાતાં, સમગ્ર પ્રાચુર્યો.

૪. દિવ્ય સૂર્યના રૂપમાં આચ્છાદિત થયેલો, એક પરમાત્મા : ઈશોપનિષદ્‌ને સરખાવો : 'હે સૂર્ય, તારા સુભગ સ્વરૂપમય, તે તેજનાં હું દર્શન કરું, તેમાં રહેલો પુરુષ તે હું છું.'

૫. જ્યારે સૂર્યનું નીચેનું ચક્ર દૂર કરવામાં આવે છે, ત્યારે પરિણમતી એકત્વવાળી ગતિ; અત્યારે નિમ્ન ઋતની ગતિ ઉચ્ચતર ઋતથી ભિન્ન દેખાય છે; પણ ત્યારે નિમ્ન ઋત સનાતન ઋતમાં એક બની જાય છે; તેમાં મળી જાય છે.

(૩) હે મિત્ર રાજા તથા વરુણ રાજા, તમારા મહિમા વડે તમે પૃથ્વીને તથા દ્યુલોકને ધારણ કરો છો; તમે પૃથ્વીની વૃદ્ધિઓને (ઓષધિઓને) વૃદ્ધિ આપો છો; તમે સ્વર્ગની પ્રકાશયુકત ગાયોને પુષ્ટિ આપો છો; હે વેગપૂર્ણ બળવાળા, તમે સ્વર્ગની વૃષ્ટિઓને વરસાવો છો.

आ वामश्वासः सुयुजो वहन्तु यतरश्मय उप यन्त्वर्वाक्।
घृतस्य निर्णिगनु वर्तते वामुप सिन्धवः प्रदिवि क्षरन्ति ।।४।।

(૪) સારી રીતે જોતરેલા, સુ-નિયમિત પ્રકાશયુકત લગામોવાળા, ઘોડા તમને અહીં લઈ આવો; તમારા આગમનની પાછળ પાછળ સ્પષ્ટતાનાં રૂપો (ઘૃત) આવે છે; સ્વર્ગની આગળ નદીઓ વહે છે.

अनु श्रुताममतिं वर्धदुर्वीं बर्हिरिव यजुषा रक्षमाणा ।
नमस्वन्ता धृतदक्षाधि गर्ते मित्रासाथे वरुणेलास्वन्तः ।।५।।

(૫) અમારા જ્ઞાન-કર્ણ પાસે આવતા બળમાં વૃદ્ધિ કરતા, યજ્ઞમય શબ્દ[૧] વડે તમારા વિશાળ રાજ્યની[૨]—જાણે તે યજ્ઞનું આસન હોય તેમ, રક્ષા કરતા, નમનોને લાવતા, નિર્ણયને દૃઢતાપૂર્વક વળગી રહેતા, હે મિત્ર તથા વરુણ, તમે જ્ઞાનનાં આવિષ્કરણોમાં, તમારા ઘરમાં આસન જમાવો છો.

अक्रविहस्ता सुकृते परस्पा यं त्रासाथे वरुणेलास्वन्तः ।
राजाना क्षत्रमहृणीयमाना सहस्रस्थूणं बिभृथः सह द्वौ ।।६।।

(૬) ન બચાવનારા હસ્તવાળા, પરિપૂર્ણ કર્મો કરનારનું ઊર્ધ્વમાં રક્ષણ કરનારા અને તેને જ્ઞાનનાં આવિષ્કરણોમાં વાસ આપનારા, સંવેગ-રહિત રાજાઓ, તમે બંને એકઠા મળીને હજાર સ્તંભોવાળા બળને ધારણ કરો છો.

हिरण्यनिर्णिगयो अस्य स्थूणा वि भ्राजते दिव्यश्वाजनीव ।
भद्रे क्षेत्रे निमिता तिल्विले वा सनेम मध्वो अधिगर्त्यस्य ।।७।।

(૭) તે બળનું સ્વરૂપ સોનેરી પ્રકાશનું છે, લોહ તેનો થાંભલો છે, તે આકાશમાં વેગયુકત[૩] વીજળી પેઠે પ્રકાશે છે; સુખમય ક્ષેત્રમાં[૪] અથવા પ્રકાશ-

---

૧. ઋક્ પ્રકાશને લઈ આવતો શબ્દ છે; યજુસ્ ઋક્ અનુસાર યજ્ઞની ક્રિયાને દોરવણી આપતો શબ્દ છે.

૨. અથવા—વિશાળ બળમાં વૃદ્ધિ કરતા અને તેનું રક્ષણ કરતા.

૩. અથવા—ઘોડી, પ્રાણરૂપી અશ્વની શકિત.

૪. આનંદ-લોકમાં.

યુકત ક્ષેત્રમાં[1] તેનો ઘાટ ઘડવામાં આવ્યો છે. તે ઘરમાં રહેલા[2] મીઠા મધને અમે પ્રાપ્ત કરીએ.

हिरण्यरूपमुषसो व्युष्टावयः स्थूणमुदिता सूर्यस्य ।
आ रोहथो वरुण मित्र गर्तमतश्चक्षाथे अदितिं दितिं च ।।८।।

(૮) હે મિત્ર તથા વરુણ, ઉષા ઊગે ત્યારે, સૂર્યોદય-સમયે, તમે બંને તે સોનેરી રૂપવાળા, લોહમય સ્તંભોવાળા, ઘરમાં આરોહણ કરો છો, અને ત્યાંથી તમે અનંતને તથા સાન્તને જુઓ છો. (અદિતિને તથા દિતિને).

यद् बंहिष्ठं नातिविधे सुदानू अच्छिद्रं शर्म भुवनस्य गोपा ।
तेन नो मित्रावरुणावविष्टं सिषासन्तो जिगीवांसः स्याम ।।९।।

(૯) હે મિત્ર તથા વરુણ, હે વિશ્વના બળવાન રક્ષકો, તમારા તે ખૂબ વિશાળ, પરિપૂર્ણ, છિદ્ર વગરના આનંદને અમને આપો, જેને કોઈ વીંધીને પાર જઈ શકતું નથી. તે શાન્તિના માલિક બનેલા અમે વિજયી બનીએ.

---

૧. ઉષાના પ્રકાશમય ક્ષેત્રમાં, પ્રકાશ-લોકમાં

૨. મધુ, સોમરસ.

૫, ૬૩

વૃષ્ટિને આપનાર દેવો

[મિત્ર અને વરુણ, તેમની સંયુકત વૈશ્વિકતા તથા સંવાદમયતા વડે, દિવ્ય ઋતના રક્ષકો છે; આપણા પરમ અસ્તિત્વના આકાશમાં સનાતન કાળ માટે પરિપૂર્ણ એવા દિવ્ય નિયમના રક્ષકો છે; ત્યાંથી તેઓ પોતાના કૃપાપાત્ર જીવાત્મા પર સ્વર્ગોનાં પ્રાચુર્યોને તથા આનંદને વરસાવે છે. માનવમાં ઋતના લોકના દ્રષ્ટા તેઓ છે. તેના નિયમના તે રક્ષકો છે, આ સમગ્ર સૃષ્ટિના તેઓ શાસકો છે, એટલે તેઓ આપણને આધ્યાત્મિક સમૃદ્ધિની તથા અમૃતત્વની વૃષ્ટિ વરસાવે છે. ઋત-શોધક વિચારના અવાજ સાથે, પ્રાણ-શકિતઓ આકાશ-પૃથ્વીમાં વિચરે છે; અને તેમનો અવાજ સાંભળીને એ બે સમ્રાટો, સર્જક જળોથી પૂર્ણ પ્રકાશયુકત વાદળો સાથે, તેમની પાસે આવી પહોંચે છે. પ્રભુની દિવ્ય ઋતજ્ઞાનરૂપ માયા વડે, તેઓ સ્વર્ગની વૃષ્ટિ કરે છે; દિવ્ય જ્ઞાન સૂર્ય છે, પ્રકાશ છે, અજ્ઞાનનો નાશ કરવા સર્વત્ર વિચરતા મિત્રાવરુણનું આયુધ છે. શરૂઆતમાં ઋતના દેહરૂપ સૂર્ય તેનાં વર્ષણોના તુફાનમાં નિગૂઢ હોય છે, માત્ર તેમનાં વર્ષણોની મધુરતા જ સૃષ્ટિમાં અનુભવાય છે; પણ મરુતો—પ્રાણશકિતઓ તથા વિચારશકિતઓ આપણા અસ્તિત્વના સર્વ લોકોમાં નિગૂઢ જ્ઞાનનાં પ્રકાશ-યુકત કિરણોને શોધીને, તેજસ્વી સમૃદ્ધિ તરીકે તેમને એકત્રિત કરવા માટે બધે સંચરતી હોય છે; વૃષ્ટિના અવાજમાં પ્રકાશના ચમકારા અને દિવ્ય જળોની ગતિ નજરે પડે છે; તેનાં વાદળ પ્રાણશકિતઓના ઝભ્ભા બની જાય છે. ઋતના શકિતશાળી સ્વામીના રચનાત્મક જ્ઞાન વડે, ઋતના નિયમ વડે, તે સર્વ ઘટનાઓમાં, મિત્રાવરુણ રાજાઓ આપણામાં દિવ્ય કાર્યોને ટકાવી રાખે છે, ઋત વડે આપણા સમગ્ર અસ્તિત્વનું શાસન કરે છે, અને છેવટે તેના આકાશમાં સૂર્યને—જ્ઞાનનાં વિવિધ તેજોવાળા સમૃદ્ધ રથ તરીકે મૂકી આપે છે, કે જે રથ ઉચ્ચતમ સ્વર્ગો પ્રત્યેની આત્માની યાત્રાનો રથ છે.]

ऋतस्य गोपावधि तिष्ठथो रथं सत्यधर्माणा परमे व्योमनि ।
यमत्र मित्रावरुणावथो युवं तस्मै वृष्टिर्मधुमत् पिन्वते दिवः ।।१।।

(૧) ઋતના રક્ષકો તમે રથમાં આરોહણ કરો છો, પરમ આકાશમાં[1] ઋતનો નિયમ તમારો છે. હે વિશાળતાના તથા સંવાદના દેવો, મિત્ર તથા વરુણ, તમે જેનું અહીં રક્ષણ કરો છો, તેને માટે સ્વર્ગની મધુપૂર્ણ વૃષ્ટિ વૃદ્ધિ પામે છે.

सम्राजावस्य भुवनस्य राजथो मित्रावरुणा विदथे स्वर्दृशा ।
वृष्टिं वां राधो अमृतत्वमीमहे द्यावापृथिवी वि चरन्ति तन्यवः ।।२।।

(૨) આ ભુવનના સમ્રાટો[2] તમે અમારી પૃથ્વી ઉપર શાસન કરો છો; હે મિત્ર તથા વરુણ, જ્ઞાનપ્રાપ્તિ માટે તમે પ્રકાશના દ્રષ્ટાઓ છો; અમે તમારી પાસેથી વૃષ્ટિની, સુખમય સમૃદ્ધિની, અમૃતત્વની કામના કરીએ છીએ; ગર્જના કરનાર મરુતો[3] આકાશ-પૃથ્વીમાં વિચરે છે.

सम्राजा उग्रा वृषभा दिवस्पती पृथिव्या मित्रावरुणा विचर्षणी ।
चित्रेभिरभ्रैरुप तिष्ठथो रवं द्यां वर्षयथो असुरस्य मायया ।।३।।

(૩) સમ્રાટો, સમૃદ્ધિના બળવાન વૃષભો, આકાશ-પથ્વીના સ્વામીઓ, હે મિત્ર તથા વરુણ, તમારાં કાર્યોમાં વૈશ્વિક એવા તમે, વિવિધ પ્રકાશયુકત વાદળો સાથે, તેમના અવાજ પાસે આવો છો, અને શકિતશાળી પ્રભુના[4] જ્ઞાનની[5] શકિત વડે તમે સ્વર્ગમાંથી વૃષ્ટિને વરસાવો છો.

---

૧. પારચેતન અસ્તિત્વની અનંતતા.

૨. વિષયગત તથા વિષયીગત અસ્તિત્વ પર સંપૂર્ણ પ્રભુત્વવાળા.

૩. પ્રાણશકિતઓ તથા વિચારશકિતઓ, જે અમારી બધી ક્રિયાઓ માટે ઋતના પ્રકાશને શોધી કાઢે છે. तन्यु શબ્દનો અર્થ—'રચના કરનાર' પણ થાય.

૪. असुर, અવેસ્તામાં વપરાયેલા અહુર્મઝ્દ (असुरो महान) શબ્દની પેઠે, તે વેદમાં પ્રભુ પરમાત્મા માટે વપરાયો છે. પણ તે પરમાત્માના આવિર્ભાવો રૂપ દેવો માટે પણ વપરાય છે. કેટલાંક સૂકતોમાં તે શબ્દ અંધકારમય દૈત્યો માટે પણ વપરાય છે, પણ ત્યારે તેની બીજી કલ્પનામય વ્યુત્પત્તિ થાય છે, अ-सुर પ્રકાશ-રહિત, અદેવો.

૫. माया, દેવની સર્જનાત્મક જ્ઞાન-સંકલ્પની શકિત.

माया वां मित्रावरुणा दिवि श्रिता सूर्यो ज्योतिश्चरति चित्रमायुधम् ।
तमभ्रेण वृष्टया गूहथो दिवि पर्जन्य द्रप्सा मधुमन्त ईरते ।।४।।

(૪) હે મિત્ર તથા વરુણ, તમારું આ જ્ઞાન દ્યુલોકમાં રહેલું છે; તે સૂર્ય છે, પ્રકાશ છે; તે તમારા સમૃદ્ધ વિવિધ આયુધ તરીકે બધે વિચરે છે. તમે તેને દ્યુલોકમાં વાદળ વડે તથા વૃષ્ટિ વડે સંતાડી રાખો છો. હે વૃષ્ટિ, તારાં મધુયુકત વર્ષણોને રેલાવ.

रथं युञ्जते मरुतः शुभे सुखं शूरो न मित्रावरुणा गविष्टिषु ।
रजांसि चित्रा वि चरन्ति तन्यवो दिवः सम्राजा पयसा न उक्षतम् ।।५।।

(૫) હે મિત્ર તથા વરુણ, જેમ વીર પ્રકાશની ગાયો માટે યુદ્ધ કરવા રથમાં બેસે તેમ, પ્રાણશકિતઓ સુખ માટે સુખમય રથને જોતરે છે. ગર્જના કરતી તે પ્રાણશકિતઓ અનેક લોકોમાં વિચરે છે, અને સમ્રાટ એવા તમે સ્વર્ગનાં (દ્યુલોકનાં) જળોને અમારા ઉપર વરસાવો છો.

वाचं सु मित्रावरुणाविरावतीं पर्जन्यश्चित्रां वदति त्विषीमतीम् ।
अभ्रा वसत मरुतः सु मायया द्यां वर्षयतमरुणामरेपसम् ।।६।।

(૬) હે મિત્ર તથા વરુણ, વૃષ્ટિ સમૃદ્ધ, વિવિધ, પ્રકાશ તથા ગતિથી પૂર્ણ, વાણી[1] બોલે છે; પ્રાણશકિતઓએ તમારાં વાદળના ઝભ્ભા પહેર્યા છે. તમે જ્ઞાન વડે, દ્યુલોકની સુવર્ણ વર્ણની, પાપ-રહિત, વૃષ્ટિને વરસાવો છો.

धर्मणा मित्रावरुणा विपश्चिता व्रता रक्षेथे असुरस्य मायया ।
ऋतेन विश्वं भुवनं वि राजथः सूर्यमा धत्थो दिवि चित्र्यं रथम् ।।७।।

(૭) હે પ્રકાશયુકત ચેતનાવાળા, મિત્ર તથા વરુણ, તમે ધર્મ (નિયમ) વડે, શકિતશાળી પરમાત્માના જ્ઞાન વડે, વ્રતોનું[2] રક્ષણ કરો છો; તમે ઋત વડે અમારા અસ્તિત્વના સમગ્ર વિશ્વનું વિશાળતાપૂર્વક શાસન કરો છો; તમે દ્યુલોકમાં વિવિધ તેજોવાળા રથ સમાન સૂર્યને સ્થાપો છો.

---

૧. અહીં તુફાનના રૂપકમાં, આપણને ગર્જનાનો વિષયીગત અર્થ પ્રાપ્ત થાય છે; તે ઋતનો પ્રગટ થતો, ગર્જન કરતો, શબ્દ છે, અને વીજળી તેના અર્થને ચમકાવે છે.

૨. વ્રતો, આર્ય અથવા દિવ્ય કર્મો; માનવમાં પ્રગટ કરવાનાં, ઋતના દિવ્ય નિયમનાં કર્મો. અનાર્ય દસ્યુ—પછી તે દેવ હોય કે માનવ, આ દિવ્ય કર્મોને —વ્રતોને કરતો નથી, તેની અંધકારમય ચેતનામાં તે વ્રતોનો વિરોધ કરે છે, અને સૃષ્ટિમાં તેમનો નાશ કરવા પ્રયત્ન કરે છે. તેથી અંધકારની શકિતઓને દસ્યુ-વિનાશ કરનાર કહેવામાં આવી છે.

૫, ૬૪

આનંદપૂર્ણ ધર પ્રત્યેના નેતાઓ

[ઋષિ અનંત વિશાળતાના તથા સંવાદના સ્વામીઓનું આવાહન કરે છે, જેમના હાથ આત્માની, ઋત તથા આનંદની, ઉચ્ચતમ ભૂમિકાને આલિંગે છે, જાગ્રત થયેલી ચેતના તથા જ્ઞાનના હાથ લંબાવે છે, જેથી તે આત્માને સર્વ-આલિંગક આનંદ પ્રાપ્ત થાય. ઋષિ, મિત્રના માર્ગ દ્વારા, તેની સંવાદમયતાઓના આનંદની અભીપ્સા કરે છે, જેને કોઈ પ્રકારની હાનિ કે ઈજા નથી પહોંચતી; પ્રકાશક શબ્દની શકિત વડે ઉચ્ચતમ પ્રભુનો ખ્યાલ કરતો, તેને ધારણ કરતો, તે દેવોના ઘરરૂપ તે ભૂમિકાની વૃદ્ધિ માટે અભીપ્સા કરે છે. બે મહાન દેવો તેના અસ્તિત્વમાં, તેમના દિવ્ય બળ તથા વિશાળતાથી યુકત, વિસ્તૃત લોકનું સર્જન કરે; દિવ્ય પ્રકાશના તથા દિવ્ય શકિતના ઉષાકાલમાં, તે બે દેવો તેને પ્રાચુર્ય તથા સુખ લઈ આવે.]

वरुणं वो रिशादसमुचा मित्रं हवामहे ।
परि व्रजेव बाहूवोर्जगन्वांसा स्वर्णरम् ।।१।।

(૧) શત્રુઓનો નાશ કરનાર વરુણનું તથા મિત્રનું અમે, પ્રકાશયુકત શબ્દ વડે, આવાહન કરીએ છીએ. તેમના હાથો પ્રકાશ-શકિતના લોકોને[1] આવરી લે છે, જાણે કે તે પ્રકાશયુકત ગાયોના વાડાઓને ન વીંટળાતા હોય.

ता बाहवा सुचेतुना प्र यन्तमस्मा अर्चते ।
शेवं हि जार्यं वां विश्वासु क्षासु जोगुवे ।।२।।

(૨) જ્યારે માનવ તેના પ્રકાશયુકત શબ્દ વડે તમારી સ્તુતિ કરે છે,

---

૧. स्वर्णर, સ્વર્ ઋતનો સૂર્યલોક છે, ગાયો સૂર્યપ્રકાશનાં કિરણો છે; તેથી તેની સરખામણી પ્રકાશયુકત વૈદિક ગાયોના વાડાઓ સાથે કરવામાં આવી છે.

ત્યારે જાગ્રત થયેલા જ્ઞાનવાળા[1], તમારા હાથ તેના પ્રત્યે લંબાવો; સ્તુતિ કરવા યોગ્ય, તમારો આનંદ અમારી સર્વ પૃથ્વીઓમાં[2] પહોંચી જશે.

यन्नूनमश्यां गतिं मित्रस्य यायां पथा ।
अस्य प्रियस्य शर्मण्यहिंसानस्य सश्चिरे ।।३।।

(૩) હું મિત્રના[3] માર્ગે જાઉં, જેથી હમણાં હું મારી યાત્રાના માર્ગે લક્ષ્યને[4] પ્રાપ્ત કરું; મનુષ્યો આ પ્રિય, હાનિ ન કરનાર, દેવના કલ્યાણને દૃઢતાપૂર્વક વળગી રહે છે.

युवाभ्यां मित्रावरुणोपमं धेयामृचा ।
यद्ध क्षये मघोनां स्तोतॄणां च स्पूर्धसे ।।४।।

(૪) હે મિત્ર તથા વરુણ, પ્રકાશક શબ્દ વડે, મારો વિચાર તમારી માલિકીના શ્રેષ્ઠને ધારણ કરો, જેથી તે પ્રાચુર્યોના સ્વામીઓ માટે તેમ જ તમારી સ્તુતિ કરનારાઓ માટે, તે સ્વામીઓના ઘર પ્રત્યે અભીપ્સા[5] સેવે.

आ नो मित्र सुदीतिभिर्वरुणश्च सधस्थ आ ।
स्वे क्षये मघोनां सखीनां च वृधसे ।।५।।

૫. હે મિત્ર, તારાં પરિપૂર્ણ દાનો સાથે તું અમારી પાસે આવ; વરુણ પણ અમારા સત્રમાં આવે, પ્રાચુર્યોના સ્વામીઓની[6] તથા તમારા સાથીદારોની વૃદ્ધિ માટે મિત્રાવરુણ પોતાના ઘરમાં આવે.

---

૧. આ વિશેષણ સ્પષ્ટ બતાવી આપે છે કે વેદના દેવોનાં શરીર, તેમનાં અંગો, આયુધો, રથો, અશ્વો વગેરેનો અર્થ કેટલોક રૂપકમય છે.

૨. અમારા અસ્તિત્વની બધી ભૂમિકાઓમાં.

૩. જે આપણા ઉચ્ચતર દિવ્ય અસ્તિત્વના પરિપૂર્ણ, હાનિ વગરના, સંવાદોને સર્જે છે.

૪. ગતિ. એ શબ્દ હજી પૃથ્વી પર કરેલા માણસના આચરણ દ્વારા, પ્રયત્ન દ્વારા પ્રાપ્ત થતી આધ્યાત્મિક અથવા પાર-પાર્થિવ ભૂમિકા માટે વપરાય છે. પણ તેનો અર્થ-લક્ષ્ય પ્રત્યે ગતિ અથવા માર્ગ પણ થાય. 'હું હમણાં માર્ગને પ્રાપ્ત કરું, મિત્રના માર્ગે જાઉં.'

૫. અર્થાત્, માનવોમાં પ્રગટ થઈને, તે તેમને પોતાના ઘર પ્રત્યે, ઋત-ભૂમિકા પ્રત્યે ઊર્ધ્વમાં લઈ જવા પ્રયત્ન કરશે.

૬. અર્થાત્ દેવો. સ્વર્ દેવોનું પોતાનું ઘર છે.

युवं नो येषु वरुण क्षत्रं बृहच्च बिभृथः ।
उरु णो वाजसातये कृतं राये स्वस्तये ।।६।।

(૬) હે વરુણ, તમે બંને તેમનામાં (દેવોમાં) અમારે માટે બળ[1] તથા વિશાળતા લાવો છો; પ્રાચુર્યોની પ્રાપ્તિ માટે, આનંદ માટે, અમારા આત્માના સુખ માટે, અમારામાં વિશાળ લોકનું નિર્માણ કરો.

उच्छन्त्यां मे यजता देवक्षत्रे रुशद्गवि ।
सुतं सोमं न हस्तिभिरा पद्भिर्धावतं नरा बिभ्रतावर्चनानसम् ।।७।।

(૭) હે યજ્ઞના સ્વામીઓ, ઉષાકાલે, કિરણ પ્રગટે ત્યારે, દેવોના બળમાં, હાથો વડે હોય તેમ,[2] માણસો વડે જ્યારે સોમરસ કાઢીને તૈયાર કરવામાં આવ્યો છે ત્યારે તેને માટે, તમે પ્રકાશના[3] યાત્રી પ્રત્યે, દડબડ દડબડ દોડતા અશ્વો વડે આવો.

---

૧. ઋત-ચેતનાયુકત અસ્તિત્વનું દિવ્ય બળ, જેને પછીની ઋચામાં 'દેવોની શકિત' કહેવામાં આવી છે. વિશાળ લોક અથવા ભૂમિકાને बृहत् શબ્દ વડે—'વિશાળ' શબ્દ વડે વારંવાર વર્ણવવામાં આવી છે—सत्यं ऋतं बृहत् ।

૨. એ પ્રયોગ બતાવે છે કે સોમ અને તેને પીસવાની ક્રિયા રૂપકમય છે.

૩. अर्चनानस्, શબ્દ વડે સર્જાયેલા પ્રકાશ પ્રત્યે યાત્રા કરનાર. તે આ સૂકતના રચયિતા ઋષિનું અર્થગર્ભ નામ છે; તે ઋષિ અત્રિવંશના છે.

૫, ૬૫

યાત્રાના સ્વામીઓ

[ઋષિ આપણા અસ્તિત્વમાં ઋતની વૃદ્ધિ કરનાર બે મહાન દેવોનું આવાહન કરે છે, કે જેથી તેઓ આપણી યાત્રામાં આપણને પ્રાચુર્યો પ્રત્યે, આપણા સત્ય અસ્તિત્વની વિશાળતા પ્રત્યે લઈ જાય, કે જેમનો વિજય તેઓ, આપણે માટે, આપણા અત્યારના સંકુચિત મર્યાદાઓવાળા, અપૂર્ણ માનસમાંથી મુકત કરીને કરે છે.]

यश्चिकेत स सुक्रतुर्देवत्रा स ब्रवीतु नः ।
वरुणो यस्य दर्शतो मित्रो वा वनते गिरः ।।१।।

(૧) જે જ્ઞાન પ્રત્યે જાગ્રત થાય છે, તે સંકલ્પ-શકિતમાં પરિપૂર્ણ બને છે; તે અમારે માટે દેવોમાં કથન કરે; દર્શનાયુકત વરુણ તથા મિત્ર તેના શબ્દોમાં-આનંદને પ્રાપ્ત કરો;

ता हि श्रेष्ठवर्चसा राजाना दीर्घश्रुत्तमा ।
ता सत्पती ऋतावृध ऋतावाना जने जने ।।२।।

(૨) તે રાજાઓ પ્રકાશમાં શ્રેષ્ઠ છે, તેમની શ્રાવણ-શકિત[1] દીર્ઘ છે; તેઓ દરેક પ્રાણીમાં અસ્તિત્વના સ્વામીઓ છે, આપણામાં ઋતની વૃદ્ધિ કરનારા છે, કારણ કે તેઓ ઋતથી યુકત છે.

ता वामियानोऽवसे पूर्वा उप ब्रुवे सचा ।
स्वश्वासः सु चेतुना वाजाँ अभि प्र दावने ।।३।।

(૩) પ્રાચીન, સાથે રહેનાર, તે બંનેને માર્ગ પર મુસાફરી કરતો હું

---

૧. તેમની પાસે દિવ્ય દૃષ્ટિ તથા દિવ્ય શ્રુતિ છે—પ્રકાશ તથા શબ્દ છે.

રક્ષણ માટે બોલાવું છું પરિપૂર્ણ અશ્વો[1] વડે મુસાફરી કરતા અમે પરિપૂર્ણ જ્ઞાનવાળા તેમને પ્રાચુર્યોનું દાન કરવા માટે બોલાવીએ છીએ.

मित्रो अंहोश्चिदादुरु क्षयाय गातुं वनते ।
मित्रस्य हि प्रतूर्वतः सुमतिरस्ति विधतः ।।४।।

(૪) અમારા સંકુચિત અસ્તિત્વમાંથી પણ મિત્ર અમારે માટે વિશાળતાને જિતે છે, ઘર જવાનો માર્ગ જિતે છે; કારણ કે જ્યારે મિત્ર સર્વનો સંવાદ રચે છે અને લક્ષ્ય તરફ ત્વરાપૂર્વક ગતિ કરે છે, ત્યારે તેનું મન[2] પરિપૂર્ણ હોય છે.

वयं मित्रस्यावसि स्याम सप्रथस्तमे ।
अनेहसस्त्वोतयः सत्रा वरुणशेषसः ।।५।।

(૫) અમને પરિપૂર્ણ વિસ્તાર, આપનાર, મિત્રની વૃદ્ધિમાં અમે વસીએ; ત્યારે અમે પાપમાંથી અને હાનિમાંથી બચી જઈએ છીએ, તારી વડે રક્ષણ-પોષણ કરાયેલા, વરુણના (વિશાળતાના સ્વામીના) પુત્રો બનીએ છીએ.

युवं मित्रेमं जनं यतथः सं च नयथः ।
मा मघोनः परि ख्यतं मो अस्माकमृषीणां गोपीथे न उरुष्यतम् ।।६।।

(૬) હે મિત્ર, તમે બંને આ મનુષ્યને—તમારે માગે મુસાફરી કરતા માનવને સ્થિર કરો અને સંપૂર્ણપણે દોરો. અમારાં પ્રાચુર્યોના સ્વામીઓને તથા અમારા ઋતના ઋષિઓને મર્યાદિત ન બનાવો.[3] પ્રકાશનું પાન કરવામાં અમારી રક્ષા કરો.

---

૧. અશ્વો, સક્રિય પ્રાણશકિતઓનું રૂપક છે, જેમના વડે આપણી સંકલ્પ-શકિત અને અભીપ્સા આગળ વધે છે.

૨. अहः, દુઃખની તથા પાપની ક્ષંકુચિતતા, આપણા મનની મર્યાદિત, અપ્રકાશમય સ્થિતિ; મિત્રની કૃપા વડે પ્રાપ્ત થતી પરિપૂર્ણ (सुमति) મન આપણને વિશાળતામાં પ્રવેશ કરાવે છે.

૩. गो, ગાય, પ્રકાશ, પ્રકાશ રૂપી ગાયમાંથી નીકળતું દૂધ.

૫, ૬૬

સ્વરાજ્યના દાતાઓ

[ઋષિ ઋતના વિશાળ સ્વરૂપ વરુણનું તથા સંવાદમયતાઓના અને આનંદના, વહાલા દેવ મિત્રનું આવાહન કરે છે, જે દેવો આપણે માટે આપણા સત્ય તથા અનંત અસ્તિત્વની પરિપૂર્ણ શકિતનો વિજય કરે છે, જેથી આપણો અપૂર્ણ માનવ સ્વભાવ દિવ્ય કાર્યોની આકૃતિમાં રૂપાંતર પામે. પછી આપણામાં ઋતના સૂર્યનો દ્યુલોક પ્રગટ થાય છે; તેના પ્રકાશોની ગાયોનો ચરો આપણા રથોની યાત્રા માટે ક્ષેત્રરૂપ બને છે; ઋષિઓના ઉચ્ચ વિચારો, તેમની વિશુદ્ધ વિવેચના-શકિત, તેમની વેગપૂર્ણ પ્રેરણાઓ આપણને પ્રાપ્ત થાય છે; આપણી પૃથ્વી તે વિશાળ ઋતનો લોક બની જાય છે, કારણ કે ત્યારે પરિપૂર્ણ ગતિ પ્રગટે છે, પાપ અને દુઃખના અંધકારમાંથી આપણે ઊર્ધ્વમાં ચાલ્યા જઈએ છીએ. આપણને સ્વરાજ્ય—આપણા અનંત અસ્તિત્વ પર સમૃદ્ધ, પૂર્ણ અને વિસ્તૃત સ્વામિત્વ પ્રાપ્ત થાય છે.]

आ चिकितान सुक्रतू देवौ मर्त रिशादसा ।
वरुणाय ऋतपेशसे दधीत प्रयसे महे ॥१॥

(૧) હે જ્ઞાન પ્રત્યે જાગ્રત થયેલા મર્ત્ય, સંકલ્પ-શકિતમાં પરિપૂર્ણ તારા શત્રુનો વિનાશ કરનાર, બે દેવોનું આવાહન કર; ઋત રૂપી સ્વરૂપવાળા વરુણ પ્રત્યે, તથા મહાન[1] આનંદ રૂપી મિત્ર પ્રત્યે, તારા વિચારોને એકાગ્ર કર.

ता हि क्षत्रमविहृतं सम्यगसुर्यमाशाते ।
अध व्रतेव मानुषं स्वर्ण धायि दर्शतम् ॥२॥

---

૧. ઋત-ભૂમિકાના વિશાળ આનંદને સ્થાપનાર, મિત્ર વડે અપાતી સંતુષ્ટિ. અનંતતા-યુકત વરુણ વિશાળ રૂપ આપે છે; સંવાદમયતાઓનો દેવ મિત્ર ઋતની શકિતઓનો પરિપૂર્ણ આનંદ, તેના સંપૂર્ણ સામર્થ્યને આપે છે.

(૨) કારણ કે તે બંને અવિકૃત સામર્થ્યને તથા સંપૂર્ણ શકિતને પ્રાપ્ત કરે છે, ત્યારે તારી માનવતા આ દેવોનાં કાર્યરૂપ બનશે; ત્યારે પ્રકાશનો દૃષ્ટિગોચર દ્યુલોક[1] જાણે કે તારામાં પ્રતિષ્ઠિત થશે.

ता वामेषे रथानामुर्वीं गव्यूतिमेषाम् ।
रातहव्यस्य सुष्टुतिं दधृक् स्तोमैर्मनामहे ।।३।।

(૩) હે દેવો, તેથી હું, આ રથોની ગતિ માટે, તમારી ગાયોના વિશાળ ચરાને ઇચ્છું છું. જ્યારે દેવ અમારી સુંદર સ્તુતિનો સ્વીકાર કરે છે, ત્યારે, અમારાં સૂકતો વડે, અમારું મન બળપૂર્વક પરિપૂર્ણ સ્વીકૃતિ પર પકડ જમાવે છે.

अधा हि काव्या युवं दक्षस्य पूर्भिरद्भुता ।
नि केतुना जनानां चिकेथे पूतदक्षसा ।।४।।

(૪) હે પરાત્પર દેવો, ત્યારે તમે પ્રકાશયુકત વિવેચનાનાં પરિપૂર્ણ વહનો વડે, ઋષિનાં જ્ઞાનોને જિતી લો છો; પવિત્ર નિર્ણય-શકિતવાળી દર્શના વડે, તમે આ માનવ-પ્રાણીઓ માટે જ્ઞાનને જુઓ છો.

तदृतं पृथिवि बृहच्छ्रवएष ऋषीणाम् ।
ज्रयसानावरं पृथ्वति क्षरन्ति यामभिः ।।५।।

(૫) હે વિશાળ પૃથ્વી, ઋષિઓના પ્રેરણાયુકત જ્ઞાનની ગતિ માટે, તે વિશાળ ઋત છે! તે બંને જણ પૂર્ણ શકિતથી વિશાળતાપૂર્વક ગતિ કરે છે; અમારા રથો તેમની યાત્રામાં વેગપૂર્વક પર-ભોમકામાં[2] વહન કરે છે.

आ यद् वामीयचक्षसा मित्र वयं च सूरयः ।
व्यचिष्ठे बहुपाय्ये यतेमहि स्वराज्ये ।।६।।

(૬) હે મિત્ર, જ્યારે તારી પાસે દૂર યાત્રા કરતી દર્શના છે, અને અમે પ્રકાશયુકત કવિઓ છીએ, ત્યારે અમે અમારી યાત્રાના પ્રયત્ન વડે, ખૂબ વિસ્તારવાળા, તેનાં સમૂહોનું નિયમન કરનાર સ્વરાજ્યને[3] પ્રાપ્ત કરીએ.

---

૧. 'દર્શનાનું સ્વર્'; જેમાં ઋતનું પરિપૂર્ણ દર્શન છે તેનો પ્રકાશ-લોક.

૨. અંધકારથી, શત્રુઓથી, નિમ્ન અસ્તિત્વનાં દુઃખો તથા પાપોથી પર.

૩. સ્વરાજ્ય અને સામ્રાજ્ય—અંદર તેમ જ બહાર પરિપૂર્ણ રાજ્યશાસન, આંતર અસ્તિત્વ પર કાબૂ અને બહારના સંયોગો તથા પરિસ્થિતિ પર પ્રભુત્વ, એ વૈદિક ઋષિઓનો આદર્શ હતો; તે આપણા મર્ત્ય માનસથી પર આરોહણ કરીને, આપણા અસ્તિત્વના પ્રકાશમય ઋતને પ્રાપ્ત કરવાથી, આપણા અસ્તિત્વની આધ્યાત્મિક ભૂમિકા ઉપર પાર-માનસિક અનંતતાઓને પ્રાપ્ત કરવાથી, મળતું હતું.

૫, ૬૭

બે ધારણ કરનારાઓ તથા રક્ષકો

[મિત્ર તથા વરુણ પાર-ચેતન અસ્તિત્વની વિશાળતાને પરિપૂર્ણ કરે છે, જે યજ્ઞનો હેતુ છે; તેમની પાસે તેની શકિતનું સંપૂર્ણ પ્રાચુર્ય છે, જ્યારે તેઓ તે પ્રકાશમય ઉદ્‌ગમ-સ્થાને, પોતાના ઘરને પહોંચે છે, ત્યારે તેઓ યજ્ઞમય કાર્યમાં પરિશ્રમ કરનાર લોકોને તેની શાન્તિને તથા આનંદને આપે છે. માર્ગમાં તેઓ માનવનું તેના આધ્યાત્મિક શત્રુઓથી રક્ષણ કરે છે, કે જે શત્રુઓ તેના અમૃતત્વની આડે આવે છે; કારણ કે તે બે દેવો પોતાનાં ઉચ્ચતર કાર્યોને દૃઢતાપૂર્વક વળગી રહે છે, તે કાર્યો જેનાં છે તે ઉચ્ચતર ચેતનાનાં ધામોને તેઓ ચીટકી રહે છે, કે જ્યાં માનવ-આરોહણ કરવા માગે છે. વૈશ્વિક અને સર્વજ્ઞ એવા તેઓ આ અહંતાની શકિતઓ રૂપ, મર્યાદા મૂકનાર અજ્ઞાનરૂપ શત્રુઓનો વિનાશ કરે છે. પોતાના અસ્તિત્વમાં સત્યરૂપ તેઓ દરેક વ્યકિતમાં રહેલા ઋતનો સ્પર્શ કરનારી તથા સ્વામિત્વ સ્થાપનારી શકિતઓ છે. તેઓ યાત્રાના તથા યુદ્ધના નેતા છે; તેઓ આપણી સંકુચિત અને દુ:ખપૂર્ણ મર્ત્યતામાંથી પણ તે ઉચ્ચતર ચેતનાની વિશાળતાનું સર્જન કરે છે. અત્રિઓનો વિચાર તે શ્રેષ્ઠ પદની કામના કરે છે, અને મિત્ર–વરુણ–અર્યમાની સ્વીકૃતિ વડે, માનવ આત્મા જેમાં રહેલો છે તેવાં "શરીરોમાં" તે પદને પામે છે.]

बलित्था देव निष्कृतमादित्या यजतं बृहत् ।
वरुण मित्रार्यमन् वर्षिष्ठं क्षत्रमाशाथे ।।१।।

(૧) હે અનંત માતાના બે પુત્રો, દેવો, અમે જે વિશાળતા માટે યજ્ઞ કરીએ છીએ, તેને તમે સત્ય રીતે પરિપૂર્ણ કરો છો. હે વરુણ, મિત્ર તથા અર્યમા, તમારી પાસે તેની ખૂબ પ્રચુર શકિત છે.

आ यद् योनिं हिरण्ययं वरुण मित्र सदथः ।
धर्तारा चर्षणीनां यन्तं सुम्नं रिशादसा ।।२।।

(૨) હે પરિશ્રમમાં મનુષ્યોને ધારણ કરનાર વરુણ તથા મિત્ર, જ્યારે તમે સોનેરી પ્રકાશના, તમારા મૂળ ઘરમાં પ્રવેશ કરો છો, ત્યારે શત્રુઓનો નાશ કરનાર તમે તેમને માટે આનંદને મેળવી આપો છો.

विश्वे हि विश्ववेदसो वरुणो मित्रो अर्यमा ।
व्रता पदेव सश्चिरे पान्ति मर्त्यं रिषः ।।३।।

(૩) વરુણ, મિત્ર અને અર્યમા વૈશ્વિક અને સર્વજ્ઞ છે; તેઓ જે ધામોને તે પ્રાપ્ત કરે છે તેમને તથા તેમનાં કાર્યોના નિયમને દૃઢતાપૂર્વક રક્ષે છે, અને મર્ત્ય માનવીનું શત્રુઓથી રક્ષણ કરે છે.

ते हि सत्या ऋतस्पृश ऋतावानो जने जने ।
सुनीथासः सुदानवोंऽहोश्चिदुरुचक्रयः ।।४।।

(૪) તેઓ તેમના અસ્તિત્વમાં સત્ય હોવાને કારણે, પ્રત્યેક પ્રાણીમાં ઋતુનો સ્પર્શ કરે છે અને ઋતને ધારણ કરે છે; યાત્રાના પરિપૂર્ણ નેતા, યુદ્ધ માટે પરિપૂર્ણ શકિતવાળા, તેઓ આ સંકુચિત અસ્તિત્વમાંથી પણ વિશાળતાનું સર્જન કરે છે.

को नु वां मित्रास्तुतो वरुणो वा तनूनाम् ।
तत् सु वामेषते मतिरत्रिभ्य एषते मतिः ।।५।।

(૫) હે મિત્ર તથા વરુણ, અમારાં શરીરોમાં[1] તમારામાંથી કોની સ્વીકૃતિ નથી થઈ? અમારો વિચાર તમારામાંથી તેની જ ખોજ કરે છે; અમારો વિચાર ઉપભોકતાઓ[2] માટે 'તે'ની જે કામના કરે છે.

---

૧. માત્ર સ્થૂળ શરીર નહિ; જીવ અહીં પાંચ કોશોમાં રહે છે.

૨. અત્રિઓ, ભક્ષણ કરનારાઓ; તે શબ્દનો અર્થ—મુસાફરી કરનારાઓ, યાત્રીઓ પણ થઈ શકે.

૫, ૬૮

મહાન શક્તિઓના સ્વામીઓ

[મિત્ર તથા વરુણ પાસે ઋતની મહાન યુદ્ધ-શકિત છે; એટલે તેઓ આપણને તે ઋતની વિશાળતા પ્રત્યે દોરી જાય છે. તે શકિત વડે તેઓ સર્વ ઉપર સામ્રાજ્ય ચલાવે છે, ઋતની સ્પષ્ટતાઓને પોતાનામાં સમાવે છે, અને તેમની શકિતઓ બધા દેવોમાં પ્રગટ થાય છે, એટલે માનવ તે મહાન સુખને તથા ઋતની સમૃદ્ધિને આકાશમાં તથા પૃથ્વીમાં પ્રાપ્ત કરે, તેટલા માટે તેમણે તેમની શકિતઓને દેવોમાં મૂકી આપવી જોઈએ. તેઓ ઋત વડે ઋતને પ્રાપ્ત કરે છે; કારણ કે જ્ઞાન પ્રત્યે સીધા જનાર આવેગથી પૂર્ણ વિવેચનાશકિત તેમનામાં છે; તેથી તેઓ અજ્ઞાનવડે ઈજા પામ્યા સિવાય, દિવ્ય રીતે વૃદ્ધિને પામે છે. તે શકિતશાળી આવેગના સ્વામીઓ તરીકે, તેઓ મર્ત્ય માનવી ઉપર દ્યુલોકમાંથી પ્રકાશયુકત વૃષ્ટિ વરસાવે છે, અને વિશાળનો ઘર તરીકે કબજો મેળવે છે.]

प्र वो मित्राय गायत वरुणाय विपा गिरा ।
महिक्षत्रावृतं बृहत् ।।१।।

(૧) તમે પ્રકાશક શબ્દ વડે મિત્રની તથા વરુણની સ્તુતિ કરો; ઋત તેમનું છે, વિશાળ તેમનું છે, કારણ કે તેમની પાસે મહાન શકિત છે.

सम्राजा या धृतयोनी मित्रश्चोभा वरुणश्च ।
देवा देवेषु प्रशस्ता ।।२।।

(૨) મિત્ર તથા વરુણ બંને સમ્રાટો છે; તેઓ સ્પષ્ટતાના (ધૃતના) ઘર રૂપ દેવો છે; શબ્દ વડે તેઓ દેવોમાં પ્રગટ થયા છે.

ता नः शक्तं पार्थिवस्य महो रायो दिव्यस्य ।
महि वां क्षत्रं देवेषु ।।३।।

(૩) તેથી દિવ્ય તેમ જ પાર્થિવ[1] સુખ માટે તમે અમારામાં બળ મૂકો, કારણ કે દેવોમાં તમારું બળ મહાન છે.

ऋतमृतेन सपन्तेषिरं दक्षमाशाते ।
अद्रुहा देवौ वर्धेते ।।४।।

(૪) તમે ઋત વડે ઋતને પ્રાપ્ત કરો છો, તમે[2] વેગપૂર્ણ શકિતવાળી નિર્ણયશકિતને ધરાવો છો; હે દેવો, તમે વૃદ્ધિ પામો છો, કદી ઈજા પામતા નથી.

वृष्टिद्यावा रीत्यापेषस्पती दानुमत्याः ।
बृहन्तं गर्तमाशाते ।।५।।

(૫) દ્યુલોકની વૃષ્ટિ વરસાવતા, વહેતી ગતિનો જય કરતા, તે વેગપૂર્ણ આવેગના સ્વામી, તમે બંને તમારા વિશાળ ઘરનો કબજો પ્રાપ્ત કરો છો.

---

૧. વિશાળ ઋત-ચેતનાની સુખમય સમૃદ્ધિ, કે જે માત્ર આપણી ઉચ્ચતર માનસિક ભૂમિકાઓ પર જ નહિ, પણ આપણા શારીરિક અસ્તિત્વમાં પણ પ્રગટ થાય છે.

૨. દેવો પાસે હોય છે તેવો સીધો આવેગ. અજ્ઞાનમાંથી અજ્ઞાન વડે ઋત પ્રત્યે ગતિ કરતા માનવીનો માર્ગ વાંકોચૂંકો, અસ્થિરતાથી પૂર્ણ હોય છે; તેની નિર્ણય-શકિત અનૃતથી પીડાતી હોય છે; પોતાના વિકાસમાં તે સતત સ્ખલનો, પાપો કરતો હોય છે અને તેથી દુઃખી થતો હોય છે. તેનામાં દેવોની વૃદ્ધિ વડે, તે સ્ખલન તથા દુઃખ વગર, સત્યમાંથી વધારે મહાન સત્ય પ્રત્યે સીધી રીતે, સુખપૂર્વક ગતિ કરવા સમર્થ બને છે.

૫, ૬૯

પ્રકાશયુક્ત લોકોનું ધારણ કરનાર દેવો

[ઋષિ મિત્રનું તથા વરુણનું અસ્તિત્વની ભૂમિકાઓનું—લોકોનું ધારણ કરનારાઓ તરીકે આવાહન કરે છે—ખાસ કરીને ત્રણ પ્રકાશયુકત લોકોનું જેમાં ત્રણ માનસિક, ત્રણ પ્રાણિક, ત્રણ શારીરિક ભૂમિકાઓ તેમના ઋતના પ્રકાશને તથા તેમની શકિતઓના દિવ્ય નિયમને પ્રાપ્ત કરે છે. આર્ય યોદ્ધાનું બળ તેમના વડે વૃદ્ધિ પામે છે, અને તે અવિનાશી નિયમ વડે રક્ષાય છે. પ્રકાશયુકત લોકોમાંથી ઋતની નદીઓ અવતરણ કરે છે, અને આનંદને લઈ આવે છે. તે દરેક ભૂમિકા પર, એક પ્રકાશમય પુરુષ ઋતની ત્રિવિધ વિચાર-ચેતનાના રૂપને ફળદ્રૂપ કરે છે—બીજારોપણ કરે છે; આત્માના પ્રકાશયુકત દિવસનું સર્જન કરતી, તે ભૂમિકાઓ માનવમાં દિવ્ય અને અનંત ચેતનાનો પાયો રચે છે, અને તેમાં દિવ્ય શાન્તિ અને ક્રિયા આવે છે, જે આપણા અસ્તિત્વની વિસ્તૃત વૈશ્વિકતામાં સમૃદ્ધ સુખનું તથા દેવોનું સર્જન કરે છે. સામાન્ય પ્રાણિક તથા શારીરિક જીવનમાં દેવો દિવ્ય કર્મોને બગાડી મૂકે છે—મર્યાદિત કરે છે, પણ જ્યારે મિત્ર તથા વરુણ આપણામાં પ્રકાશયુકત લોકોને ધારણ કરે છે, કે જેમાં તે દરેકને પોતાનું ઋત તથા પોતાની શકિત પ્રાપ્ત થાય છે, ત્યારે તેઓ સદાને માટે પરિપૂર્ણ અને સુદૃઢ બને છે.]

त्री रोचना वरुण रुत त्रींद्यून् त्रीणि मित्र धारयथो रजांसि ।
वावृधानावर्मतिं क्षत्रियस्याऽनु व्रतं रक्षमाणावजुर्यम् ।।१।।

(૧) હે વરુણ તથા મિત્ર, તમે ત્રણ પ્રકાશના લોકોને, ત્રણ સ્વર્ગોને તથા ત્રણ અંતરિક્ષોને ધારણ કરો છો. તમે યોદ્ધાના બળમાં વૃદ્ધિ કરો છો. અને તમારા કાર્યના અવિનાશી નિયમ વડે તમે તેનું રક્ષણ કરો છો.

इरावतीर्वरुण धेनवो वां मधुमद् वां सिन्धवो मित्र दुहे् ।
त्रयस्तस्थुर्वृषभासस्तिसृणां धिषणानां रेतोधा वि द्युमन्तः ।।२।।

(૨) હે મિત્ર તથા વરુણ, તમારી પોષણ કરતી[૧] ગાયોના પ્રવાહો છે, નદીઓ મધુયુકત દૂધને આપે છે. ત્યાં ત્રણ પ્રકાશયુકત વૃષભો[૨] વિશાળતા-પૂર્વક ખડા છે; તેઓ ત્રણ વિચારોમાં બીજારોપણ કરે છે.

प्रातर्देवीमदितिं जोहवीमि मध्यंदिन उदिता सूर्यस्य ।
राये मित्रावरुणा सर्वतातेले तोकाय तनयाय शं योः ।।३।।

(૩) પ્રાત:કાળમાં હું અનંતતાની દિવ્ય માતા અદિતિનું આવાહન કરું છું, સૂર્યોદય સમયે તેમ જ બપોરે તેનું આવાહન કરું છું. હું મિત્રાવરુણ પાસેથી શાન્તિની, સર્વની રચના કરનાર ગતિની,[૩] સુખની, સર્જનની તથા પ્રારંભની[૪] કામના કરું છું.

या धर्तारा रजसो रोचनस्योतादित्या दिव्या पार्थिवस्य ।
न वां देवा अमृता आ मिनन्ति व्रतानि मित्रावरुणा ध्रुवाणि ।।४।।

(૪) હે અદિતિના (અનંતતાના) દિવ્ય પુત્રો, મિત્ર તથા વરુણ, તમે પ્રકાશયુકત અંતરિક્ષને તથા પ્રકાશયુકત પૃથ્વીને ધારણ કરો છો; તેથી અમર દેવો તમારાં સદાકાળ સ્થિર રહેનારાં[૫] કાર્યોને બગાડી નાખતા નથી.

---

૧. धेनवः, ઋતની નદીઓ છે; गावः પ્રકાશયુકત ગાયો, તે પ્રકાશનાં કિરણો છે.

૨. વૃષભ પુરુષ છે, જીવાત્મા, સચેતન અસ્તિત્વ છે. ગાય તે પ્રકૃતિ છે, ચેતનાની શકિત છે. ઋતનો પ્રકાશયુકત ત્રિવિધ આત્મા પ્રકાશયુકત ત્રિવિધ ચેતનામાં બીજારોપણ કરે છે, તેથી દેવરૂપ પુત્રનું સર્જન થાય છે, જેને પરિણામે માનવમાં ઉચ્ચતર ચેતના સક્રિય, ફળદ્રૂપ, સર્જનાત્મક બને છે.

૩. યજ્ઞનું કાર્ય વૈશ્વિક અસ્તિત્વના વિસ્તારની રચના માટે છે (सर्वताति), દિવ્ય અસ્તિત્વનાં વિસ્તારની રચના માટે છે (देवताति).

૪. માનવતામાં સર્જાયેલા દેવરૂપી પુત્ર માટે.

૫. આપણી સામાન્ય પ્રાણિક ભૂમિકા તથા શારીરિક ભૂમિકા પ્રકાશ-રહિત, અજ્ઞાનમય, ન્યૂનતાપૂર્ણ હોય છે; તેથી આપણા દિવ્ય અનંત અસ્તિત્વનો નિયમ બગડી જાય છે, મર્યાદાઓમાં તથા વિકૃતિઓમાં કાર્ય કરે છે. જ્યારે વરુણ—મિત્રની વિશુદ્ધ વિશાળતા તથા સંવાદમયતા આપણામાં આદર્શ, પારમાનસિક, ઋત—ભૂમિકાને ધારણ કરે છે, ત્યારે તે નિયમ પરિપૂર્ણ, સુસ્થિર, ભૂલચૂક વગર, કાર્ય કરે છે, અને પ્રાણિક તથા શારીરિક ચેતનાને પોતાનાં પ્રકાશમાં તથા શકિતમાં સ્વીકારી લે છે.

૫, ૭૦

અસ્તિત્વમાં વૃદ્ધિ કરનાર તથા મુક્તિદાતા દેવો

[ઋષિ આપણા અસ્તિત્વના વિશાળ અનેકવિધ પોષણની તથા તેની શકિતઓની કામના કરે છે, કે જેમને મિત્ર તથા વરુણ આપે છે; તેઓ આપણા બળને દિવ્ય અવસ્થાના પરિપૂર્ણ પાયા પ્રત્યે સંપૂર્ણ આવેગ આપે છે. દૈત્યો આપણા વિવિધ કોશોમાં—શરીરોમાં દેવની વૃદ્ધિને, તેમનો વિરોધપૂર્ણ કબજો લઈને અટકાવે છે; તેમનાથી રક્ષણ કરવા માટે તથા મુકત કરવા માટે, ઋષિ મિત્રની તથા વરુણની પ્રાર્થના કરે છે.]

पुरूरुणा चिद्धयस्त्यवो ननं वां वरुण ।
मित्र वंसि वां सुमतिम् ।।१।।

(૧) હે વરુણ, તમે અમારા અસ્તિત્વનું પોષણ[1] વિશાળતા વડે અનેક રીતે કરો છો. હે મિત્ર, હું તમારા બન્નેની મનની પરિપૂર્ણતાને ભોગવું.

ता वां सम्यगद्रुहवाणेषमश्याम धायसे ।
वयं ते रुद्रा स्याम ।।२।।

(૨) તમે કદી દ્રોહ કરતા નથી,[2] હાનિ થવા દેતા નથી; અમારી પ્રતિષ્ઠા માટે અમે તમારી પૂર્ણ આવેગયુકત શકિતને પ્રાપ્ત કરીએ. હે ઉગ્ર દેવો, અમે તે બનીએ.

---

૧. અનંત ઋત-ભૂમિકાની વિશાળતા, તથા તેમાં રહેલી અનેકવિધ આધ્યાત્મિક સમૃદ્ધિ. તે દિવ્ય સ્વભાવમાં હોય છે તેવી, વિચાર-મનની તથા ચૈત્યમય માનસની પરિપૂર્ણતા વડે જ પ્રાપ્ત થાય છે; તે દેવોની કૃપાથી માનવને મળે છે. (सुमति)

૨. દસ્યુઓ વડે કરાતી હાનિ, જેઓ આપણા અસ્તિત્વનો નાશ કરે છે, તેના દિવ્ય વિકાસના શત્રુઓ છે, મર્યાદિતતાના તથા અજ્ઞાનના પુત્રો છે.

पातं नो रुद्रा पायुभिरुत त्रायेथां सुत्रात्रा ।
तुर्याम दस्यून् तनूभिः ।।३।।

(૩) હે ઉગ્ર દેવો,[1] તમારાં રક્ષણો વડે અમારું રક્ષણ કરો; પરિપૂર્ણ મુકિત વડે અમને મુકત કરો. અમારાં શરીરો વડે અમે દસ્યુઓને હરાવીએ.

मा कस्याद्भुतक्रतू यक्षं भुजमा तनूभिः ।
मा शेषसा मा तनसा ।।४।।

(૪) હે પરમ સંકલ્પ-શકિતવાળા દેવો, શરીરોમાં અમે કોઈના[2] નિયમનને વશ ન થઈએ, અમારા સર્જનમાં તથા પુત્રોત્પત્તિમાં પણ નહિ.

---

૧. રુદ્ર ઉગ્રતા વડે તથા યુદ્ધ વડે આપણી ઉત્ક્રાન્તિનો સ્વામી છે. તે અંધકારના પુત્રોનો તથા માનવમાં તેઓ જે પાપ પેદા કરે છે તેનો વિનાશ કરે છે. દસ્યુઓ સાથેના સંઘર્ષમાં માનવને ઊર્ધ્વ ગતિમાં સહાય કરતા મિત્ર તથા વરુણ રુદ્રત્વને ધારણ કરે છે.

૨. અર્થાત્, કોઈ પણ દસ્યુના, વિનાશક અંધકારમય શકિતના.

૫, ૭૧

યજ્ઞ માટે આવાહન

[ઋષિ સોમયાગમાં મિત્રનું તથા વરુણનું શત્રુઓનો નાશ કરનારાઓ તરીકે, આપણા અસ્તિત્વમાં વૃદ્ધિ કરનારાઓ તરીકે, તેમના પ્રભુત્વ તથા જ્ઞાન વડે આપણા વિચારોમાં મદદ કરનારાઓ તરીકે, આવાહન કરે છે.]

आ नो गन्तं रिशादसा वरुण मित्र बर्हणा ।
उपेमं चारुमध्वरम् ।।१।।

(૧) હે શત્રુનો નાશ કરનાર મિત્ર તથા વરુણ, તમારી વૃદ્ધિઓ[1] સાથે તમે અમારા આ આનંદપ્રદ યજ્ઞમાં પધારો.

विश्वस्य हि प्रचेतसा वरुण मित्र राजथः ।
ईशाना पिप्यतं धियः ।।२।।

(૨) હે વરુણ તથા મિત્ર, તમે દરેક માણસનું શાસન કરો છો, અને જ્ઞાનયુકત વિચારકો છો. તમે શાસનકર્તા છો, અમારા વિચારોને પુષ્ટ કરો.

उप नः सुतमा गतं वरुण मित्र दाशुषः ।
अस्य सोमस्य पीतये ।।३।।

(૩) હે વરુણ તથા મિત્ર, તમે દાતાના યજ્ઞમાં, સોમયાગમાં પધારો, જેથી તમે સોમપાન કરી શકો.

---

૧. શત્રુઓનો, હાનિ પહોંચાડનારાઓનો, આપણા અસ્તિત્વને, સંકલ્પને તથા જ્ઞાનને ન્યૂન તથા વિકૃત બનાવનારાઓનો નાશ કરીને, તે દેવો આપણામાં વિશાળ ઋતની વૃદ્ધિ કરે છે. જ્યારે તેઓ શાસન કરે છે, ત્યારે દસ્યુઓનો કાબૂ ચાલ્યો જાય છે, અને આપણામાં ઋતનું જ્ઞાન વૃદ્ધિ પામે છે.

૫, ૭૨

યજ્ઞ માટે આવાહન

[ઋષિ મિત્રનું તથા વરુણનું ઋતના નિયમ અનુસાર માનવને માર્ગ ઉપર દોરનારા, અને તેનાં કાર્યો દ્વારા આપણી આધ્યાત્મિક સંપત્તિઓને સુસ્થિર કરનારા, દેવો તરીકે યજ્ઞમાં આવાહન કરે છે.]

आ मित्रे वरुणे वयं गीर्भिर्जुहुमो अत्रिवत् ।
नि बर्हिषि सदतं सोमपीतय ।।१।।

(૧) અમે અત્રિની પેઠે, શબ્દો વડે મિત્રને તથા વરુણને આહુતિઓ આપીએ છીએ. સોમપાન કરવા માટે વિશાળ આસન ઉપર બિરાજો.

व्रतेन स्थो ध्रुवक्षेमा धर्मणा यातयज्जना ।
नि बर्हिषि सदतं सोमपीतये ।।२।।

(૨) તમારાં કાર્યો વડે તમે કલ્યાણ-પ્રાપ્તિને સુસ્થિર બનાવો છો; તમે તમારા નિયમ અનુસાર માનવોને માર્ગ ઉપર ચલાવો છો. સોમપાન કરવા માટે વિશાળ આસન ઉપર બિરાજો.

मित्रश्च नो वरुणश्च जुषेतां यज्ञमिष्टये ।
नि बर्हिषि सदतं सोमपीतये ।।३।।

(૩) મિત્ર તથા વરુણ અમારા યજ્ઞ વડે આનંદ માણો, જેથી અમારી કામના પરિપૂર્ણ થાય. સોમપાન કરવા માટે વિશાળ આસન ઉપર બિરાજો.

બીજાં સૂક્તો

ઇન્દ્રની સ્તુતિ કરતું સૂક્ત

૧, ૫

आ त्वेता नि षीदतेन्द्रमभि प्र गायत । सखायः स्तोमवाहसः ।।१।।

"હે સ્તુતિના ભારને વહન કરનાર મિત્રો, આવો, બેસો, ઇન્દ્રનું ગાન કરો" સ્તોમ શબ્દ સ્તુ ધાતુમાંથી બન્યો છે, તેનો અર્થ થાય છે—દૃઢતાપૂર્વક સ્થાપન કરવું. સ્તોમ એટલે સ્તુતિ, પ્રશંસાનું સૂકત. તેમાં માનસિક શકિતના સ્વામી ઇન્દ્રની, અથવા અસ્તિત્વના બીજા ગમે તે કોઈ સ્વામીની, તેના ગુણોની સ્તુતિ, વાણી-શકિતની અભિવ્યકિત દ્વારા, કરવામાં આવે છે, કે જેને સાધક મદદ માટે અથવા પોતાની ક્રિયામાં તથા અસ્તિત્વમાં પ્રગટ થવા માટે બોલાવે છે. પહેલાં જે ગુણ પોતાના સ્વભાવમાં અપ્રગટ અથવા અનિશ્ચિત હતો, તેને પ્રગટ કરીને પોતાના રોજિંદા કાર્યમાં સ્થાપિત કરવા માટે, તેને પ્રેરણામય તથા છંદોમય વાણીમાં પ્રગટ—અભિવ્યકત કરવાથી તે મંત્રના તાત્ત્વિક સ્વભાવને ધારણ કરે છે. આ કારણથી તે ગાન સ્તોમ છે, સ્થાપિત કરનાર તથા સુસ્થિર કરનાર સૂકત છે; પ્રાર્થના ઉક્થ છે, કારણ કે તેમાં પ્રાર્થના કે કામના સંકલ્પ-પૂર્વક અભિવ્યકત થાય છે; સાદું સૂકત ગાયત્ર છે, જે પ્રગટ કરીને ગતિમાં મૂકનાર છે અથવા તો શંસ છે, કે જે અભિવ્યકત કરે છે.

पुरूतमं पुरूणामीशानं वार्याणाम् । इन्द्रं सोमे सचा सुते ।।२।।

"જ્યારે સોમરસ કાઢવામાં આવે છે, ત્યારે હું સૌથી બળવાન, ખૂબ અભીષ્ટ પદાર્થોના સ્વામી, ઇન્દ્રને મિત્ર તરીકે બોલાવું છું."

पुरूतमं पुरूणाम्—સાયણ આનો અર્થ મારીચમડીને કરે છે "ઘણા શત્રુ-ઓનો નાશ કરનાર, અનેક સમૃદ્ધિઓનો સ્વામી;" તે શબ્દોના સાદા સીધા અર્થ પર બળાત્કાર છે. તેનો એક જ સીધો અર્થ તથા વ્યાકરણીય સંબંધ હોઈ શકે—બધા પુરુઓમાં સૌથી વધારે પુરુ, જેવી રીતે ईशानं वार्याणाम् નો અર્થ છે—બધી શ્રેષ્ઠ વસ્તુઓનો સ્વામી. वार्य એટલે વરણ કરવા યોગ્ય વસ્તુ. वर, વરદાનમાં પણ તે જ ધાતુ રહેલો છે. પણ ईशान શબ્દ સાથે 'પરમ, શ્રેષ્ઠ' અર્થ

વધારે બંધબેસતો છે.

सचा શબ્દને વ્યાકરણશાસ્ત્રીઓ વિશેષણ ગણે છે, અને તેનો અર્થ 'સાથે' કરે છે, તે सच् ધાતુમાંથી બન્યો છે, જેનો અર્થ થાય છે—સાથે હોવું, વળગવું, ચીટકવું. પણ વેદમાં તે ધાતુનો બીજો કોઈ અર્થ નથી, એ વાત નિશ્ચિત છે ખરી? શબ્દોની આ પંકિતમાં રચના નહિ તો ગોઠવણી અનિવાર્ય રીતે इन्द्र તથા सोमे सुते નો સંબંધ જોડવા માટે ક્રિયાપદની માંગ કરે છે. તેને પ્રથમ ઋચાના પ્રગાયત સાથે સંબંધિત કરવું, તે બેહૂદું છે. सचा, सच् ધાતુનું આજ્ઞાર્થ બીજો પુરુષ એકવચન હોઈ શકે. પ્રથમ તથા ચોથી ઋચાઓમાંના બહુવચનને બદલે એકવચન વપરાય, અને તે બીજાઓને પણ લાગુ પાડી શકાય. ચોથા સૂકતમાં વપરાયેલા पृच्छा માટે મેં એવું સૂચન કર્યું છે કે તે ઈચ્છાદર્શક પહેલો પુરુષ એકવચનનું રૂપ છે. જો सचस्वनો અર્થ—મૈત્રી બાંધવી, મિત્ર તરીકે હમેશાં સાથે રહેવું (જુઓ સાતમું સૂકત) એવો કરીએ, તો सचानो અર્થ—હું મિત્ર અથવા સાથીદાર તરીકે સાથે રાખું છું, એવો થઈ શકે. તેમ કરવાથી વાકય સ્વાભાવિક, સરલ અને સીધુંસટ બને છે, અને અર્થ માત્ર આ ઋચામાં જ નહિ, પણ આગળની તથા પાછળની ઋચા સાથે બંધબેસતો થાય છે. વૈદિક શૈલીનું જે સતત લક્ષણ છે, તે મુજબ આપણને પરિપૂર્ણ તર્કયુકત સંબંધ તથા અર્થાન્તર-પ્રાપ્તિ મળી રહે છે. પ્રથમ ઋચામાં ઋષિ તેના મિત્રોને અથવા જીવન-સાથીઓને ઈન્દ્રની સ્તુતિ કરવા માટે નિમંત્રે છે; બીજી ઋચામાં તેમના ગાનના હેતુનું વર્ણન થયું છે; તે હેતુ વસ્તુઓના આ બળવાન પરમ સ્વામીને મિત્ર તરીકે પ્રાપ્ત કરવાનો છે; તે સાધકોના આ સમૂહના આગેવાન, મધુચ્છંદસ્ ઋષિનો ખાસ હેતુ છે; ત્રીજી ઋચામાં ઈન્દ્રની મૈત્રી વિશ્વસનીય છે, તેની મદદ પરિપૂર્ણ છે—એવું કથન કરીને તે બળવાન દેવની પસંદગી કરવા માટેનું કારણ આપવામાં આવ્યું છે.

स घा नो योग आ भुवत् स राये स पुरंध्याम् ।
गमद्वाजेभिरा स नः ॥३॥

"તે જ અમારાં અભીષ્ટોના યોગમાં (પ્રાપ્તિમાં) હમેશાં હાજર હતો; તે અમારા સુખમાં, અમારા નગરને ધારણ કરવામાં હાજર હતો; તે હમેશાં સમૃદ્ધિઓ સાથે જ આવે છે."

આમાં सः ઉપર ભાર મૂકવામાં આવ્યો છે, અને તેથી તેનું દરેક પદમાં પુનરાવર્તન કરવામાં આવ્યું છે. घा નિપાત ઋષિના તે શબ્દ પર ભાર મૂકવાના આશયને પ્રગટ કરે છે. ઈન્દ્રની સ્તુતિ શા માટે કરવી જોઈએ, તેનાં કારણો તે સ્પષ્ટ કરે છે; કારણ કે ઈન્દ્ર જ હમેશાં અભીષ્ટોની પ્રાપ્તિમાં હાજર

હોય છે; આપણી સક્રિય ચેતના જ્યારે સુખરૂપ પરિણામ લઈ આવે છે ત્યારે ઈન્દ્ર જ હમેશાં હાજર હોય છે; જ્યારે દસ્યુઓ, લૂંટારાઓ, શત્રુઓ આપણાં નગર પર આક્રમણ કરે છે, આપણી સમૃદ્ધિને તથા સુખને લૂંટી જવાનો પ્રયત્ન કરે છે, ત્યારે ઈન્દ્ર જ હાજર રહી તેમને બચાવે છે. भुवत्, गमत् રૂપો भू તથા गम् ધાતુના લ્યસ્તન ભૂતકાળનાં રૂપોમાંથી બનેલાં છે. में रायेन ચતુર્થી એકવચનના રૂપ તરીકે લીધું છે. મને લાગે છે કે रायः, रामे–योगेन તથા पुरंध्याम्‌ની પેઠે સપ્તમી એકવચનના અર્થમાં પણ વપરાયાં હોય.

योग—વૈદિક અર્થમાં યોગ એટલે આપણા અસ્તિત્વનો વિસ્તાર કરીતેને બીજા માણસોના, પદાર્થોના, શકિતઓના અસ્તિત્વ સાથે જોડવું તે; તેમાં પ્રયત્ન, ચેતનાનો સંબંધ, અભીષ્ટ પદાર્થોની પ્રાપ્તિ એ બધા અર્થો આવી જાય છે.

पुरंध्याम्—સાયણ આનો અર્થ કરે છે સ્ત્રીમાં, અનેક પ્રકારની બુદ્ધિમાં. હું તેમાંનો એકકેય અર્થ સ્વીકારી શકતો નથી. તે पुरम—पुरु, બહુ धि (ધી), બુદ્ધિ-એવો અર્થ બેહૂદી રીતે કાઢે છે. पुरम એટલે સમાવેશ કરનાર, રક્ષણ કરનાર (पृ ધાતુમાંથી) પુરી, નગરી, આપણો આધાર—નવ દ્વારોવાળી નગરી, જેમાં આપણે આપણી સમૃદ્ધિઓનું રક્ષણ કરીએ છીએ અને સુખને માણીએ છીએ. धि (धा ધાતુમાંથી) એટલે ધારણ કરવું તે, દસ્યુઓ, દૈત્યો, રાક્ષસો, વૃત્રો, પણિઓ—આપણા આધ્યાત્મિક શત્રુઓ હમેશાં દેહ-નગરી પર હુમલો કરતા હોય છે; આપણે દેવોની મદદ વડે તેનું રક્ષણ કરવાનું હોય છે; તેમાં ઈન્દ્ર પ્રથમ હોય છે, સૌને મોખરે હોય છે.

यस्य संस्थेन वृण्वते हरी समत्सु शत्रवः। तस्मा इन्द्राय गायत ॥४॥
"જેના અશ્વોનો સામનો યુદ્ધોમાં—સંઘર્ષમાં શત્રુઓ કરી શકતા નથી તેવા ઈન્દ્રની સ્તુતિનું ગાન કરો."

संस्थे—સાયણ यस्य रथे (युक्तौ) हरी, જેના રથને જોતરેલા બે અશ્વો, એવો અર્થ કરે છે. મને તે મારી-મચડીને બેસાડેલો લાગે છે. જો संस्थे નો અર્થ કરવામાં આવે અને वृण्वन्ते નો અર્થ संभजन्ते કરવામાં આવે, તો 'ઈન્દ્રના રથમાં ઈન્દ્રના શત્રુઓ તેના અશ્વને પસંદ કરતા નથી' એવો થાય, એટલે આપણે संस्थ નો વધારે બુદ્ધિયુકત અર્થ કાઢવો જોઈએ. યુદ્ધો સાથે તેનો પ્રયોગ થયો છે, એટલે તેનો અર્થ—શત્રુઓ સાથે મિલન તથા સંઘર્ષ, વધારે સયુકિતક લાગે છે. वृण्वते નો અર્થ ઘણી વાર થાય છે—અટકાવે છે, વિજયપૂર્વક સામનો કરે છે. જ્યારે ઈન્દ્ર અને તેના શત્રુઓ યુદ્ધના સંઘર્ષમાં સામસામી ઊભા રહે છે, ત્યારે તેઓ તેના રથની ગતિને અટકાવવામાં સફળ થતા નથી; તે રથ હમેશાં રુકાવટને ફગાવી દઈને લક્ષ્ય તરફ આગેકૂચ કરેછે. આગલી ઋચાના आ भुवत् पुरंध्याम् શબ્દો અને પ્રથમના વિચારને

દોહરાવતો અંતનો ભાગ गायत શબ્દ સાથે યોગ્યતાપૂર્વક સમાપ્ત થાય છે; વૈદિક શૈલીની ઝીણવટભરેલી પરિપૂર્ણતા સાથે, प्र गायत શબ્દોથી શરૂ કરાયેલા વિચારો અને इन्द्रं સચા શબ્દો સાથે પ્રબળતાથી અભિવ્યકત થયેલા વિચારો યોગ્યતાપૂર્વક વિરામ પામે છે.

सुतपाव्ने सुता इमे शुचयो यन्ति वीतये । सोमासो दध्याशिरः ।। ५ ।।
" આ સોમરસો વિશુદ્ધ કરવામાં આવેલા છે, તારા આવિર્ભાવ માટે નિયુકત થયેલા છે, તેમના પોતાના વેગને વહન કરવા સમર્થ છે."

सुतपाव्ने—સાયણ એનો અર્થ કરે છે—સોમપાન કરનાર માટે. તે અર્થ સારો છે. પાછલા સમયના સંસ્કૃતમાં पावन—પાન કરનાર, કારક નામ બને છે. પણ યુરોપીય વિદ્વાનોએ શોધી કાઢયું છે કે પ્રાચીન આર્ય ભાષામાં અને કારક માટે તથા ક્રિયાને વ્યકત કરવા માટે વપરાતું હતું; ગ્રીક હેત્વર્થ કૃદંત nai, enai (નૈ, એનૈ)માં તે દેખાય છે, જયારે વધારે ટૂંકું રૂપ, अन् ચતુર્થી કે પ્રથમા વિભકિતનું ટૂંકું રૂપ સામાન્ય ગ્રીક હેત્વર્થ કૃદંત ein (એન) તરીકે જોવામાં આવે છે. પ્રાચીન આર્ય असन् (હોતું) ગ્રીકમાં einai (ઈનાઈ), હોવું—રૂપે દેખાય છે; दावन् (આપતું) dounai (ડોનાઈ, આપવું) રૂપે દેખાય છે; भुवन् (થવું) phuein (ફુઈન, થવું) રૂપે દેખાય છે; આપણે श्रुवन् (સાંભળતું) kluein (કલુઈન, સાંભળવું) રૂપે દેખાય છે. આપણે એમ માની શકીએ કે આ પ્રાચીન આર્ય રૂપે, पावन, दावने જેવાં રૂપોમાં, વેદમાં ટકી રહ્યું હતું? એ માન્યતા સ્વીકારી શકાય તેવી છે. પણ તેમ કરીએ, તો આપણી ઋચાની પંકિતનો અર્થ વિચિત્ર થાય—" આ સોમરસો સોમપાન માટે કાઢવામાં આવ્યા છે!" જો આપણે पावन् નો અર્થ 'પીવું' કરવાનો હોય, તો સાયણનો અર્થ સ્વીકારવો તે બહેતર છે. दावन्‌ની પેઠે, पावन् માં पा ધાતુને अन् લગાડવામાં આવ્યો છે, અને વચ્ચે ઉચ્ચારણ માટે व સરકાવી દેવામાં આવ્યો છે, જે તામિલમાં જોવા મળે છે, અને સંસ્કૃતમાં बुवन्, स्तुवे વગેરે રૂપોમાં નજરે પડે છે; છતાં पावन् શબ્દ पू ધાતુમાંથી પણ આવેલો હોઈ શકે, ત્યારે તેનો અર્થ 'પવિત્ર કરવા માટે' થાય. ધાતુનો ऊ વૃદ્ધિ થવાથી आव् થયો છે, જેમ કે पावक માં, पावन માં. જો આપણે सुतपावने નો આ અર્થ લઈએ; તો મધુચ્છંદસ્‌નાં સૂકતોની સૂક્ષ્મ, સૂચનાત્મક, અર્થ ગર્ભ શૈલી સાથે તે ગહન, ફળરૂપ વિચાર બરાબર સંવાદિતામાં આવે. વિશુદ્ધીકરણની પ્રક્રિયામાં નિતારેલા સોમરસને શુદ્ધ કરવામાં આવે છે. જયારે તે શુદ્ધ બને છે (शुचयः) ત્યારે તે ઉપયોગમાં લેવાય છે (यन्ति वीतये), કારણ કે ત્યારે તે दध्याशिरः બને છે. આ અર્થ લેવાથી शुचयः વિશેષણનો અર્થ બોધગમ્ય બને છે; નહિ તો તે બિન-જરૂરી અલંકાર-રૂપ રહે છે; પણ આ અર્થ લેતાં તે વિશેષણ બહુ જ અગત્યનું

બની જાય છે, સંદર્ભ માટે અનિવાર્ય બની જાય છે. दध्याशिर: સ્વાભાવિક રીતે शुचय: વિશેષણ તરફ દોરી જાય છે, અને વાકયના તથા વિચારના શિખર રૂપે-ટોચ રૂપે અનિવાર્ય, આવશ્યક બને છે.

वीतये સાયણ એનો અર્થ કરે છે—ભક્ષણ માટે; પણ તે બીજા અર્થો પણ આપે છે, કારણ કે वी ધાતુના અર્થો થાય છે— ગતિ, વ્યાપ્તિ, પ્રજનન, કાન્તિ, અસન, ખાદન. ગમનનો અર્થ સામાન્ય રીતે વપરાય છે; वीत वि+इનું કર્મણિ ભૂતકૃદંતનું રૂપ છે. પણ वी ધાતુ बिનું દીર્ઘ રૂપ છે; તેનો અર્થ થાય છે—પ્રગટ કરવું, ખોલવું, પ્રકાશવું, જન્મવું, દેખાવું, પેદા કરવું, વધવું, વિસ્તરવું, વિસ્તારવું, ગતિ કરવી; वयस्, वियत्, वयुनम् માં તે જ મૂળ ધાતુ છે. મને લાગે છે કે खादनનો અર્થ પાછળથી યજ્ઞવિધિપરક અર્થ કરનાર લોકોએ આ અગત્યના વૈદિક શબ્દમાં પોતાના યજ્ઞવિધિના ખ્યાલને ભરવા માટે ઉમેર્યો છે. હું વેદમાં તેનો અર્થ તેના સ્વાભાવિક રૂપમાં—આવિર્ભાવ, પ્રગટીકરણ, વિસ્તાર, એવો કરું છું. वीति શબ્દ વૈદિક યોગની મુખ્ય પ્રક્રિયાને વર્ણવે છે—આપણામાં અપ્રગટ, અનિશ્ચિત અથવા અક્રિય રહેલાં વસ્તુનું, રચના માટે અથવા ક્રિયા માટે, પ્રગટીકરણ અથવા આવિર્ભાવ. આ वीति અથવા देववीतये (દેવોના આવિર્ભાવ માટે)— તે દેવો જેના પ્રતિનિધિઓ છે તે શકિતઓ તથા ક્રિયાઓના આવિર્ભાવ માટે વૈદિક યજમાનને દીક્ષા આપવામાં આવે છે; બાહ્ય રીતે તે વિષયગત પૂજા અને આહુતિ છે, આંતરિક રીતે તે વિષયીગત ધ્યાન—ધારણા અને સમર્પણ છે. વિશુદ્ધ થયેલા સોમરસો यन्ति वीतये—પ્રગટીકરણ માટે જાય છે, આવિર્ભાવ માટે ખરચાય છે (પછીની ઋચામાં वृद्धो अजायथा:, તું વૃદ્ધિને પામ્યો, જન્મ્યો, એ શબ્દો આ અર્થને પુષ્ટિ આપે છે); આ સૂકતમાં, માનસિક શકિતના દેવ ઈન્દ્રના આવિર્ભાવ માટે તે સોમરસો ખરચાય છે.

दधि—आशिर: । આ બે શબ્દોથી दध्याशिर: બનેલો હોઈ શકે, કે જેમને પાછળથી પદપાઠમાં ભૂલથી જોડી દેવામાં આવ્યા હોય, અથવા સાયણ લે છે તેમ તે સમાસ હોય અને सोमास: (સોમરસો)નું વિશેષણ હોય. પહેલો અર્થ લઈએ, તો दधि એટલે દહીં, અને आशिर: એટલે દૂધ; અનેક વાર દૂધ રેડવાનું હોય છે તે સૂચવવા તે બહુવચનમાં વપરાયો છે. તો પછી યજ્ઞવિધિપરક અર્થ મુજબ આપણે તેનો અર્થ આમ કરવો જોઈએ—સોમપાન કરનાર માટે આ સોમરસો નીતારેલા છે, તે વિશુદ્ધ બનાવેલા છે, અને અહીં ભક્ષણ કરવા માટે દહીં તથા દૂધો છે. જેમને તેવો અર્થ કરવો હોય, તે ભલે કરે, અને આગલી ઋચાની ભવ્યતા અને પાછળની ઋચાની સૂક્ષ્મતા સાથે આ અર્થની બાલિશતાને મારીમચડીને ઠોકી બેસાડે. પણ શબ્દોની રચના તથા ગોઠવણી પરથી એમ સ્પષ્ટ લાગે છે કે दध्याशिर: सोमास: નું વિશેષણ છે. સાયણનો અર્થ આશ્ચર્ય-

કારક રીતે જટિલ છે અને તેથી સ્વીકાર્ય નથી. दधि-आशिरः નો અર્થ दधि-आशिरयुक्तः કરી શકાય તેમ નથી. તે સમાસનું એક પદ ક્રિયાપદ હોય, અને બીજું નામ હોય; વેદમાં સમાસમાં પહેલું પદ ક્રિયાપદ હોય અને બીજું પદ તેનું કર્મ હોય—તેવું બની શકે છે. તો પછી दधि એ धि—ધાતુનો દ્વિર્ભાવ છે—સરખાવો दधिष्व, વિશેષણ दधि, ધારણ કરતું, ધારણ કરવા સમર્થ; आशिरः નો અર્થ થાય—ખૂબ ગરમી, શકિત, ઉત્કટતા; મધુચ્છંદસે आशु (વેગવાન) શબ્દને અનેક વાર વિશેષણ તરીકે વાપર્યો છે. એ રીતે લેતાં તેનો અર્થ આ પ્રમાણે થાય—વિશુદ્ધ થયેલા હોવાને કારણે, તેમની પોતાની ઉત્કટતાના કાર્યને ધારણ કરવા સમર્થ (સોમરસો), કારણ કે પછી તેઓ ઝડપપૂર્વક ક્ષીણ નહિ થઈ જાય, કે જેને પરિણામે તે સોમરસો ઈન્દ્રના કાર્ય માટે જરૂરી આનંદ અને શકિતનો પાયો બનવા માટે અસમર્થ નીવડે.

त्वं सुतस्य पीतये सद्यो वृद्धो अजायथाः ।
इन्द्र ज्यैष्ठ्याय सुक्रतो ।।६।।

"હે મહાન બળવાળા ઈન્દ્ર, સોમપાન કરવા માટે તું સીધો વૃદ્ધિને પ્રાપ્ત થયેલો, જ્યેષ્ઠતા માટે, પ્રગટ થયો."

अजायथाः—"પ્રગટ થયો." નિયમ મુજબ, અહીં પણ ભૂતકાળ વપરાયો છે.

આ ઋચાનો વિચાર આગલી ઋચામાં આવેલાં સૂચનોની પાછળ તર્કયુકત ક્રમમાં સ્વાભાવિક રીતે આવે છે. આ ચાર ઋચાઓમાં ઋષિએ ઈન્દ્રની સ્તુતિ કરવા માટેનાં, તે દેવની પસંદગીનાં કારણો આપ્યાં છે. પછી તે અમૃતત્વ આપનાર સોમરસની, આનંદ-પૂર્ણ પ્રાણિકતામાં મૂર્તિમંત થયેલા આનંદની વાત કરવા આગળ વધે છે; પ્રથમ તો તે સોમ આનંદવાચક તથા પ્રાણશકિતવાચક શબ્દોમાં અભિવ્યકત થયો છે; પછી તે સોમ વિશુદ્ધ કરવામાં આવ્યો છે, વિશુદ્ધ કરાયા પછી તેને દિવ્ય મનરૂપ ઈન્દ્રના આવિર્ભાવ માટે, માનસિક શકિતના વિનિયોગ દ્વારા ખર્ચવામાં આવ્યો છે. ઈન્દ્ર તરત પ્રગટ થાય છે—सद्यः अजायथाः । પણ તે વૃદ્ધિ પામેલો પ્રગટ થાય છે; યોગની અથવા જીવનની ભૂતકાળની અવસ્થાઓ કરતાં તે મહત્તર માનસિક શકિત રૂપે પ્રગટ થાય છે. ઈન્દ્ર આ રીતે વૃદ્ધિ પામેલો—એક તો सुतस्य पीतये—નીતારેલાં આનંદનું તથા પ્રાણશકિતનું પાન કરવા પ્રગટ થાય છે, અને બીજું તે આનંદને તથા પ્રાણશકિતને સક્રિય માનસિક ચેતનામાં સ્વીકારવાને પરિણામે, જ્યેષ્ઠતા-પ્રભુતા માટે પ્રગટ થાય છે, અર્થાત્ ઈન્દ્રનો આવિર્ભાવ પરિપૂર્ણ શકિતમાં પ્રગટ થાય છે, જેથી તે દિવ્ય યુદ્ધમાં હમેશાં નેતા તરીકેનો ભાગ ભજવે છે, અને યુદ્ધ કરતા દેવોમાં સૌથી મહાન, રાજા જેવો બને છે. તેથી सुक्रतो સંબોધન ज्यैष्ठ्याय નો

અર્થ પ્રગટ કરવા અંત ભાગમાં મૂકવામાં આવ્યું છે. માનસિક શકિતનો સ્વામી ખૂબ બળવાન દેવ છે; તેથી જ્યારે તે પરિપૂર્ણ રૂપે પ્રગટ થાય છે, ત્યારે તેની શકિત આપણી ક્રિયાઓમાં આગળ પડતો—આગેવાનીભર્યો ભાગ લે છે. આ બે ઋચાઓમાં રૂપકમય ખ્યાલોને સંપૂર્ણ તર્કયુકત ક્રમમાં મૂકવામાં આવ્યા છે; તે ક્રમ આ નિમ્ન ભૌતિક ક્રિયામાં દિવ્ય આવિર્ભાવની સર્વ પ્રક્રિયાનાં, એક પછી એક આવતાં, પગથિયાં સૂચવે છે (देवताति)—अध्वर यज्ञ, ગતિ કરતો યજ્ઞ સૂચવે છે.

आ त्वा विशन्त्वाशवः सोमास इन्द्र गिर्वणः ।
शं ते सन्तु प्रचेतसे ।।७।।

"હે શબ્દમાં આનંદ માણનાર ઈન્દ્ર, વેગપૂર્ણ સોમરસો તારામાં પ્રવેશ કરો; તારી આગળ કાર્ય કરતી સભાનતામાં તેઓ તેને શાન્તિરૂપ બનો."

आशवः । સાયણ તેનો અર્થ વ્યાપ્તિવાળા કરે છે. પણ તે વિશેષણ અસંબદ્ધ બની જાય છે. आशुनો અર્થ आशिर ની પેઠે થાય છે—ભક્ષક, અગ્નિમય, ઉત્કટ, વેગપૂર્ણ, ઝડપી; आशिर ના અર્થો સરખાવો—અગ્નિ, સૂર્ય, દૈત્ય. આનંદે અને પ્રાણશકિતએ માનસિક શકિતને વ્યાપ્ત કરવાની છે; અને આ કામ મંત્રની (गिरः) ની શકિતથી, શબ્દની શકિતથી કરવાનું છે, એટલે ઈન્દ્રને गिर्वणः સંબોધન કરવામાં આવ્યું છે, કે જે શબ્દ, વેદની શૈલીની રીત પ્રમાણે, પછીની ઋચાના વિષય સાથે કડી રૂપ બને છે.

प्रचेतसे । આ શબ્દ અલંકાર રૂપે વાપરવામાં નથી આવ્યો. જો તેમ હોત તો તેને સંબોધન-વિભકિતમાં મૂકવામાં આવ્યો હોત. તે ચતુર્થી વિભકિતમાં વપરાયો છે, તે બતાવે છે કે તે અભીષ્ટ શાન્તિની સ્થિતિને વ્યકત કરે છે. સાધક માટે બહુ ગંભીર મુશ્કેલી એક છે, અને તે શાન્તિના પાયા ઉપર ક્રિયા કરવી તે. જ્યારે ઉત્કટ શકિત આધારમાં પ્રવેશ કરે છે અને તેનો વિનિયોગ ક્રિયામાં થાય છે, ત્યારે ઉત્સુકતા, વિક્ષેપ, વેદના, ક્રિયાનો ઉશ્કેરાટ, થાક અને પછડાટ પરિણમે છે. અશાન્તિ, शम्નો અભાવ જન્મે છે. જ્યારે શાન્તિમાં રહેવાનું હોય છે, અને આનંદનો ઉપભોગ માણવાનો હોય છે, તેનો ઉપયોગ કરવાનો નથી હોતો, ત્યારે એ બધાં પરિણામો દૂર રાખી શકાય છે. પણ માનસિક શકિતરૂપ ઈન્દ્રે प्रचेतस् બનવાનું છે, સભાનપણે સક્રિય બનવાનું છે, પોતાની ચેતનાને વિચારમાં તથા ક્રિયામાં મૂકવાની છે; તેણે સોમરસને અંદર સમાવવાનો છે અને તેની ઉત્કટતામાં ન્યૂનતા આવવા દેવાની નથી, મુકત જીવાત્માની શાન્તિ જાળવી રાખવાની છે. સક્રિય મન માટે સોમરસોને અધિક શાન્તિ લઈ આવવાની છે, અને સાથે સાથે અધિક શકિત.

त्वां स्तोमा अवीवृधन् त्वामुक्था शतक्रतो ।
त्वां वर्धन्तु नो गिरः ।।८।।

"સૂકતોએ તારી વૃદ્ધિ કરી છે; પ્રાર્થનાઓએ હે સો બળોવાળા ઈન્દ્ર, તારી વૃદ્ધિ કરી છે; અમારા શબ્દો તારી વૃદ્ધિ કરો."

अवीवृधन्—નિયમ મુજબ, અહીં ભૂતકાળ વપરાયો છે. ભૂતકાળમાં, એક નિયમ તરીકે, ઈન્દ્રની સ્તુતિએ તથા પ્રાર્થનાએ માનસિક શકિતમાં વૃદ્ધિ કરી છે, અને અત્યારે પણ કરે છે; હવે આ મંત્રના શબ્દો પણ ઈન્દ્રની શકિતમાં વૃદ્ધિ કરો.

गिरः શબ્દ પાછલી ઋચાના गिर्वणः શબ્દના અનુસંધાનમાં છે. મંત્રે સોમને ઈન્દ્રની વૃદ્ધિ કરવામાં અસરકારક બનવાનું છે. એટલે વિચાર પહેલી ઋચાના પ્રગાયત શબ્દને ઉપાડી લે છે, અને તેને ઈન્દ્રે જે કાર્ય કરવાનું છે તેને માટે લાગુ કરવામાં આવ્યો છે, જેને માટે તેને સોમરસ આપવામાં આવ્યો છે; એ આ આવાહન-સૂકતનો સામાન્ય હેતુ છે, સોમ આહુતિના અગ્નિમય બળની દિવ્ય વૃદ્ધિનો ઉપયોગ તેનો હેતુ છે.

अक्षितोतिः सनेदिमं वाजमिन्द्रः सहस्रिणम् ।
यस्मिन्विश्वानि पौंस्या ।।९।।

"અન્યૂન વિસ્તારવાળો ઈન્દ્ર આ (મનની) હજાર સમૃદ્ધિઓનું રક્ષણ કરો, જેમના ઉપર અમારાં સઘળાં બળો પ્રતિષ્ઠિત થયેલાં છે."

अक्षितोतिः । આ નવમી ઋચાનો અર્થ યજ્ઞવિધિપરક અર્થ કરનાર સાયણે તદ્દન બેહૂદી રીતે અને અર્થશૂન્ય રીતે કર્યો છે. તે वाजना અર્થ અન્ન કરે છે, અને તે સોમ-વાચક છે, એમ સાયણ કહે છે. તે આવો અર્થ કરે છે—અન્યૂન રક્ષણો આપનાર ઈન્દ્ર આ હજારો અન્નોનો સ્વાદ માણો, જે અન્નોમાં સર્વ બળો રહેલાં છે. આમાં આપણને મંત્રોના અર્થથી અનભિજ્ઞ તથા યજ્ઞવિધિપરક અર્થના પૂર્વગ્રહવાળી પરંપરાગત બુદ્ધિનું પ્રદર્શન જોવા મળે છે. રૂપકમય અર્થ લઈએ, તો દરેક બીજી ઋચાની પેઠે આ ઋચાનો અર્થ તદ્દન સરળ, સીધો તર્કયુકત, સુવ્યવસ્થિત અને સંપૂર્ણ કૌશલપૂર્ણ, સૂક્ષ્મ ભાવને અભિવ્યકત કરતો બની જાય છે. ऊति એટલે વિસ્તાર; ઈન્દ્ર સાધકની અનુભૂતિ અનુસાર, તેની માનસિક શકિતમાં વૃદ્ધિ કરે છે—वृद्धो अजायथाः । તે ઋષિની પ્રાર્થનાના (त्वां वर्धन्तुनो गिरः) પ્રત્યુત્તર-રૂપે વૃદ્ધ બને છે. ઋષિ પ્રાર્થના કરે છે કે તે વૃદ્ધિ પામેલી માનસિક શકિત અન્યૂન બની રહે (अक्षित), અને શકિતના વિકાસમાં સચવાઈ રહેલો, માનસિક શકિતનો સ્વામી તેના મનની, ઈન્દ્ર-શકિતથી

પરિપૂર્ણ, સમૃદ્ધિનું રક્ષણ કરે, જેમાં બધાં માનવ-બળો અસરકારક અને સુસ્થિર બની રહે છે. (सहस्त्रिणम्).

सनेद् । साः, सातिः, सन्, सनयः, सनः, सनिः, सानसिः—આ બધા શબ્દો વેદમાં ખૂબ અગત્યના છે. સાયણ તેમના જુદા જુદા અર્થો કરે છે. તે પોતાને પ્રિય યજ્ઞવિધિપરક અર્થો આપે છે—આપવું તે, કૃપા, સંતાન, ભોજ્ય વગેરે. હું હમેશાં તેમનો અર્થ કરું છું—દ્રવ્ય, સ્થિરતા, સલામતી, રક્ષણ, સાચવણી. स કુટુંબના ધાતુના મૂળ અર્થો છે—ધન, સ્થિરતા, ધનતા. साः ગ્રીક Sws (સ્વસ્)—સલામત છે; सातिः ગ્રીક Sosis, સલામતી છે; सन લૅટિન Sanas—સ્વસ્થ, ડાહ્યો—એ શબ્દના પાયામાં છે. બધા સંસ્કૃત શબ્દો सनत् सना, सनात्, सनातन તેમાંથી બન્યા છે. આપણે જોઈશું કે આ અર્થ લઈએ, તો તે શબ્દો જે જે ઋચામાં આવે છે તેનો અર્થ સુસ્પષ્ટ બને છે, તેમાં ખેંચાતાણી કરવી પડતી નથી, બધે તે જ અર્થ લેવાથી અર્થ પ્રકાશી રહે છે.

सहस्त्रम् નો અર્થ છે હજાર. જો તે જ એક અર્થ તે શબ્દનો હોય, તો सहस्त्रिणम् નો અર્થ હજારની સંખ્યાવાળું, અનંત-ગુણ, વિવિધ—એવો કરવો પડે. મારી દૃઢ માન્યતા છે કે—મૂળ सहस्त्र વિશેષણનો અર્થ—બળવાન, શકિત-શાળી, પ્રચુર હતો. એટલે सहस्त्रिणम् નો અર્થ—પ્રચુરતાપૂર્વક સમૃદ્ધ, શકિતમાં સમૃદ્ધ—એવો થાય. ગમે તેમ પણ, તે વિશેષણ આપણી સર્વ પૌરુષ-પૂર્ણ, મર્દાનગીભરેલી ક્રિયાઓ, વ્યવહારુ પ્રભુત્વોના પાયારૂપ માનસિક શકિતની અનેકવિધ સમૃદ્ધિઓનું વર્ણન કરે છે (यस्मिन् विश्वानि पौंस्या). આપણે ઈચ્છીએ, તો તેનો અર્થ—હજારો મુદ્રાઓ, હજારો પશુઓ, જેમાં સર્વ માનવી બળો અને મહત્તાઓ રહેલાં છે, એવો લઈ શકીએ. પણ હું પ્રાચીન યુગના લોકોને લક્ષ્મી-પૂજકો માનવા તૈયાર નથી; તેઓ મર્દાનગીની, બળની, કૌશલની, માનસિક શકિતની વધારે કિંમત આંકતા, કારણ કે તેથી લક્ષ્મી મેળવી શકાતી હતી અને તેનું રક્ષણ કરી શકાતું હતું. પાછળના અમીર યુગમાં લક્ષ્મીને આરામનું કારણ માનવામાં આવ્યું. વૈદિક ઋષિઓ પ્રાથમિક યુગના ઋષિઓ હશે; પણ પ્રાથમિક યુગના જંગલી લોકોના વિચારો આ પ્રકારના ન હતા; તેઓ બળની તથા કૌશલની વધારે કિંમત આંકતા, લક્ષ્મી તો તેમને તે બળથી તથા કૌશલથી ફળ રૂપે મળતી.

मा नो मर्ता अभि द्रुहन् तनूनामिन्द्र गिर्वणः ।
ईशानो यवया वधम् ।।१०।।

"હે મંત્રમાં આનંદ માણનારા ઈન્દ્ર; મર્ત્ય લોકો અમને ઈજા ન પહોંચાડે, અમારાં શરીરોનો સ્વામી એવો તું, મૃત્યુનો સામનો કરવાનું, તેને દૂર રાખવાનું સામર્થ્ય આપ."

मर्ताः, ગ્રીક brotos, મરણશીલ. ઋષિએ આધ્યાત્મિક શત્રુઓ તેની આધ્યાત્મિક સમૃદ્ધિ લઈ ન લે, તેની પ્રાર્થના તો કરી છે; હવે તે માનવીઓ તેના શરીર પર પ્રહારો ન કરે, તેવી પ્રાર્થના કરે છે. હું ધારું છું કે વેદમાં ઘણી વાર मर्त નો અર્થ—મૃત્યુ લાવનાર, વધ કરનાર, એવો થાય છે (સરખાવો લૅટિન Mors). ગમે તેમ પણ હું સાયણ तनूनां અભિ સાથે લઈને અર્થ કરે છે કે મર્ત્યો અમારાં શરીરો પ્રત્યે દ્રોહ ન કરો, તેની સાથે સંમત થતો નથી. હું तनूनां ईशानः ભેગા લઈને, અર્થ કરું છું—અમારાં શરીરોનો સ્વામી. મને તે અર્થ વધારે સારો લાગે છે. गिर्वणः સંબોધન બતાવી આપે છે કે વૈદિક મંત્રના પરિણામ-રૂપે, ઋષિ માનવ પ્રહારોથી પણ રક્ષણ માગે છે. મૃત્યુ લાવનાર લોકો અમને ઈજા ન પહોંચાડે; હે માનસિક શકિતના સ્વામી ઈન્દ્ર, મંત્રના બળ વડે, અમારાં શરીરોનું નિયમન કર; જ્યારે અમારી પ્રત્યે પ્રહાર આવે, ત્યારે તેને દૂર કરવાની (यवय—પ્રેરકરૂપ છે) શકિત અમને આપ." મને લાગે છે કે અહીં ભારતીય યોગી જેમાં હમેશાં માને છે, તેવી માનસિક શકિતનો ઉલ્લેખ છે, કે જેના વડે તે નિષ્ક્રિય, નિઃસહાય, ભેદ્ય શરીર-ક્રિયાને બદલે દિવ્ય માનસિક કાર્ય કરે છે અને માનવના શરીરને ઈજા પહોંચાડવાના ભૌતિક કે અભૌતિક સર્વ પ્રયાસોને વ્યર્થ બનાવે છે. જો મારો અર્થ સાચો હોય, તો આપણે જોઈ શકીશું કે સ્તોમ અથવા સ્તોત્ર કવચ (માનસિક બખ્તરરૂપ) બને છે અને દુઃખ, વિપત્તિ, રોગો, પ્રહારો અથવા મૃત્યુના હુમલાઓને અટકાવી શકે છે—એ તાંત્રિક વિચારનું બીજ અહીં પ્રાપ્ત થાય છે. જો तनूनाम् मर्ताः સાથે લઈએ, તો આવો અર્થ થાય—શરીરોને હણનારા અમને ઈજા ન પહોંચાડો. ગમે તે અર્થ લઈએ પણ ईशानः સાથે तनूनाम्નો ભાવાર્થ તો લેવો જ પડવાનો. સાયણ જે અર્થ કરે છે 'તું પ્રહારને દૂર કર, કારણ કે તું તેમ કરવા સમર્થ છે,' એમાં નકામી અધિકતા છે; તેવા અર્થનો વિચાર પંડિતને કે વિદ્વાનને ભલે યોગ્ય અને કૌશલપૂર્ણ લાગે, પણ તે કવિના મનમાં કદી ન ઉદ્‌ભવે—ખાસ કરીને મધુચ્છંદસ્ જેવા શૈલીના સ્વામીને તો નહિ જ.

ઇન્દ્રનું સૂક્ત

૧, ૭

इन्द्रमिद् गाथिनो बृहदिन्द्रमर्केभिरर्किणः । इन्द्रं वाणीरनूषत ।।१।।

(૧) ઉદ્‌ગાથીઓએ, ઋચાના સ્વામીઓએ, વાણીઓએ પોતાના સમૃદ્ધિશાળી વિચારો વડે ઇન્દ્રની કામના કરી.

इन्द्र इद्धर्योः सचा संमिश्ल आ वचोयुजा । इन्द्रो वज्री हिरण्ययः ।।२।।

(૨) વાણીને જોતરાયેલા, બે પ્રકાશયુકત અશ્વોના પ્રેમ વડે વજ્ર ચલાવનાર, પ્રકાશમય ઇન્દ્ર અમારા અસ્તિત્વ સાથે એકરૂપ બનાવાયો છે.

इन्द्रो दीर्घाय चक्षस आ सूर्यं रोहयद् दिवि । वि गोभिरद्रिमैरयात् ।।३।।

(૩) દીર્ઘ દર્શના માટે ઇન્દ્રે દ્યુલોકમાં સૂર્યને આરોહણ કરાવ્યું, તે કિરણો વડે તેણે અદ્રિને બધી બાજુઓથી પ્રકાશિત કર્યો.

इन्द्र वाजेषु नोऽव सहस्रप्रधनेषु च । उग्र उग्राभिरूतिभिः ।।४।।

૪. હે ઉગ્ર આનંદો વડે (અસ્તિત્વનાં કંપનો વડે) ઉગ્ર ઇન્દ્ર, અમારાં બળોમાં તથા બળવાન ધનોમાં, તું અમારું રક્ષણ કર.

इन्द्र वयं महाधन इन्द्रमर्भे हवामहे । युजं वृत्रेषु वज्रिणम् ।।५।।

(૫) મહાન ધનમાં તથા સ્વલ્પ ધનમાં, અમે વૃત્રો પર આક્રમણ કરનાર, ગર્જનાયુકત ઇન્દ્રનું આવાહન કરીએ છીએ.

स नो वृषन्नमुं चरुं सत्रादावन्नपा वृधि । अस्मभ्यमप्रतिष्कुतः ।।६।।

(૬) માટે હે પરમ ઇન્દ્ર, અમારા અસ્તિત્વમાંથી આ આવરણને હટાવી દે, અમારે માટે પ્રગટ થા.

तुञ्जे तुञ्जे य उत्तरे स्तोमा इन्द्रस्य वज्रिणः ।
न विन्धे अस्य सुष्टुतिम् ।।७।।

(૭) એક સ્તર (ઊંચાઈ) પરથી બીજા સ્તર (ઊંચાઈ) પર જનારાં—ગર્જનાયુકત ઇન્દ્રનાં સ્તોત્રો છે; હું ઇન્દ્ર માટે કોઈ પરિપૂર્ણ સ્તુતિ જોઈ શકતો નથી.

वृषा यूथेव वंसगः कृष्टीरियर्त्योजसा । ईशानो अप्रतिष्कुतः ।।८।।

(૮) સાથીદાર સાથે જોતરાયેલા વૃષભ જેવો, તે પોતાના બળ વડે, આપણા ઉપર કાર્ય કરતી શકિતઓ પ્રત્યે ગતિ કરે છે; પ્રગટ એવો તે શાસન કરે છે.

य एकश्चर्षणीनां वसूनामिरज्यति । इन्द्रः पञ्च क्षितीनाम् ।।९।।

(૯) જે એકલો ઇન્દ્ર સર્વ કાર્યોની તથા ધનોની પાંચેય ભૂમિકાઓ પર વ્યવસ્થા કરે છે.

इन्द्रं वो विश्वतस्परि हवामहे जनेभ्यः । अस्माकमस्तु केवलः।।१०।।

(૧૦) અમે તમને લાગતી-વળગતી બધી બાબતોમાં, માણસો માટે, ઇન્દ્રને બોલાવીએ છીએ; તે અમારે માટે જ સંપૂર્ણપણે મુકત રહે.

ઇન્દ્ર-સૂક્ત

૧, ૮

ऐन्द्र सानसिं रयिं सजित्वानं सदासहम् । वर्षिष्ठमूतये भर ।।१।।

(૧) હે ઇન્દ્ર, અમારામાં સ્વસ્થતા, વિજયી તથા સહનશકિતવાળી ગતિને (અથવા આનંદને), અમારી કામના માટે પરિપૂર્ણ (અમારા વિસ્તાર માટે) ગતિને ભર.

नि येन मुष्टिहत्यया नि वृत्रा रुणधामहै । त्वोतासो न्यर्वता ।।२।।

(૨) હે શત્રુને હણનાર ઇન્દ્ર, તારા પ્રબળ કાર્ય વડે અમે અવરોધ કરનાર શકિતઓના વિનાશનો તથા અવરોધનો સફળતાપૂર્વક સામનો કરી શકીએ છીએ.

इन्द्र त्वोतास आ वयं वज्रं घना ददीमहि । जयेम सं युधि स्पृधः ।।३।।

(૩) હે હથોડાનો પ્રહાર કરનાર ઇન્દ્ર, અમે પ્રહાર માટે વજ્રને ઘુમાવીએ છીએ; અમે યુદ્ધમાં સ્પર્ધા કરનાર શત્રુઓ પર સંપૂર્ણ વિજય મેળવીએ.

वयं शूरेभिस्तृभिरिन्द्र त्वया युजा वयम् । सासह्याम पृतन्यतः ।।८।।

(૪) હે ઇન્દ્ર, આયુધોવાળા દેવો વડે અને યોગમાં અમારી સાથે જોડાયેલા તારી વડે, અમે યુદ્ધમાં સતત અમારા બળને પ્રગટ કરીએ.

महाँ इन्द्र परश्च नु महित्वमस्तु वज्रिणे । द्यौर्न प्रथिना शवः ।।५।।

(૫) સાચે જ ઇન્દ્ર મહાન અને બળવાન છે; જેવી રીતે આકાશ તેની વિશાળતા વડે અનેક રીતે પ્રકાશયુકત છે, તેમ મહાન એવા તારું બળ વીજળી ચમકાવનારની સાથે પ્રકાશયુકત બનો.

समोहे वा य आशत नरस्तोकस्य सनितौ । विप्रासो वा धियायवः ।।६।।

(૬) કારણ કે તે માણસોમાં, બાળકના રક્ષણમાં અથવા વિચારશીલબુદ્ધિશાળી લોકોના રક્ષણમાં—સરખી રીતે આનંદ માણે છે.

यः कुक्षिः सोमपातमः समुद्रइव पिन्वते । उर्वीरायो न काकुदः ।।७।।

(૭) જે સોમરસનું પાન કરવામાં સૌથી અધિક છે; સમુદ્રની પેઠે જાણે તે નાનાં ખાબોચિયાં હોય તેમ, આ વિશાળ જળોનું પાન કરી જાય છે.

एषा ह्यस्य सूनृता विरप्शी गोमती मही । पक्वा शाखा न दाशुषे ।।८।।

(૮) તેથી જીવાત્માની પ્રકાશયુકત, પ્રબળ કાર્યોવાળી, સત્ય સ્તુતિ દાતા માટે પાકી શાખા જેવી છે.

एवा हि ते विभूतय ऊतय इन्द्र मावते । सद्यश्चित् सन्ति दाशुषे ।।९।।

(૯) હે ઇન્દ્ર, તેથી તારાં બળો તથા વિસ્તારો તેમને સમાવી શકવાની શકિતવાળા દાતા માટે સભાનપણે સક્રિય બને છે.

एवा ह्यस्य काम्या स्तोम उक्थं च शंस्या । इन्द्राय सोमपीतये ।।१०।।

(૧૦) તેથી ઇન્દ્ર માટે આત્માની અભીષ્ટ વસ્તુઓ, તેનું સૂકત તથા પ્રાર્થના ઇન્દ્ર માટે હો, જેથી તે સોમપાન કરે.

ઇન્દ્ર-સૂક્ત

૧, ૯

इन्द्रेहि मत्स्यन्धसो विश्वेभिः सोमपर्वभिः । महाँ अभिष्टिरोजसा ।।१।।

(૧) હે ઇન્દ્ર, આવ; તું આ પદાર્થના સર્વ શારીરિક ભાગો વડે આનંદ માણે છે. તારી શકિત વડે તેમાં નિયુકત થતો તું મહાન છે.

एमेनं सृजता सुते मन्दिमिन्द्राय मन्दिने । चक्रिं विश्वानि चक्रये ।।२।।

(૨) તારા બળમાં વૃદ્ધિ કર; જ્યારે સોમરસનો આનંદ પ્રગટ થાય છે, ત્યારે આનંદ માણનાર ઇન્દ્ર માટે આનંદ સર્જાવ; અમારાં કાર્યો કરનાર માટે ક્રિયા સર્જાવ.

मत्स्वा सुशिप्र मन्दिभिः स्तोमेभिर्विश्वचर्षणे । सचैषु सवनेष्वा ।।३।।

(૩) હે વેગયુકત મિજાજવાળા, હે સર્વ કર્મો કરનાર, ઇન્દ્ર, આનંદ આપનાર સ્તુતિઓ વડે આનંદ પામ; આ સ્તોત્રનાં સ્રવણોમાં આસકત બન.

असृग्रमिन्द्र ते गिरः प्रति त्वामुदहासत । अजोषा वृषभं पतिम् ।।४।।

(૪) હે ઇન્દ્ર, જ્યારે તું તેમના પ્રત્યે આવતો નથી, ત્યારે તારી વાણીઓ તારા પ્રત્યે હસે છે, પોતાના બળવાન પતિને પ્રાપ્ત ન કરતી વાણીઓ હસે છે.

सं चोदय चित्रमर्वाग् राध इन्द्र वरेण्यम् । असदित् ते विभु प्रभु ।।५।।

(૫) હે ઇન્દ્ર, વૈશ્વિક અસ્તિત્વવાળા, પરમ, અનેક પ્રકારના, તારા શ્રેષ્ઠ આનંદને અહીં નીચે સંપૂર્ણપણે પ્રેર.

अस्मान्त्सु तत्र चोदयेन्द्र राये रभस्वतः । तुविद्युम्न यशस्वतः ।।६।।

(૬) હે ઇન્દ્ર, અમને પણ સંપૂર્ણપણે આનંદમાં પ્રેર; હે સુસ્થિર શકિતમાં પ્રકાશયુકત ઇન્દ્ર, અમને બળવાન આનંદ વડે તથા વિજયી શકિત વડે પરિપૂર્ણ કર.

सं गोमदिन्द्र वाजवदस्ये पृथु श्रवो बृहत् । विश्वायुर्धेह्यक्षितम् ।।७।।

(૭) હે ઈન્દ્ર, પ્રકાશપૂર્ણ, સમૃદ્ધિયુકત, વિશાળ, આખી જિંદગી સુધી ચાલે તેવા, ન્યૂનતા વગરના, વિશાળ જ્ઞાનને અમારામાં મૂકી આપ.

अस्मे धेहि श्रवो बृहद् द्युम्नं सहस्रसातमम् । इन्द्र ता रथिनीरिषः ।।८।।

(૮) હે ઈન્દ્ર, તું અમારામાં વિશાળ જ્ઞાનને, ખૂબ શકિતશાળી પ્રકાશને, અને આનંદપૂર્ણ પ્રભુત્વોને મૂકી આપ.

वसोरिन्द्रं वसुपतिं गीर्भिर्गृणन्त ऋग्मियम् । होप गन्तारमूतये ।।९।।

(૯) વાણી વડે તમે દ્રવ્યોના પતિ, ધનના માલિક, ઋચાઓથી પરિપૂર્ણ ઈન્દ્રની સ્તુતિ કરો; ગતિ કરતા ઈન્દ્રને અમે અમારા અસ્તિત્વના વિસ્તાર માટે બોલાવીએ છીએ.

सुते सुते न्योकसे बृहद् बृहत एदरिः । इन्द्राय शूषमर्चति ।।१०।।

(૧૦) શકિત માટે દરેક સોમ-સ્રવણમાં, મહાન ઈન્દ્રની વૃદ્ધિ કરનાર, મહાન સોમ ઈન્દ્ર માટે ગતિ કરે છે.

ઇન્દ્ર-સૂક્ત

૧, ૧૦

गायन्ति त्वा गायत्रिणोऽर्चन्त्यर्कमर्किणः ।
ब्रह्माणस्त्वा शतक्रत उद् वंशमिव येमिरे ।।१।।

(૧) ગાયત્રીઓ (અથવા મનના દેવતાઓ) તારું ગાન કરે છે; અર્કીઓ (ઋચા ગાનારાઓ, અથવા મનના દેવતાઓ) પોતાનું કાર્ય શરૂ કરે છે; હે શતક્રતુ, મનની ગતિઓ, જાણે તે વૃક્ષના થડ પર ચઢતી હોય તેમ, તારા વડે પ્રયત્નશીલ બને છે.

यत् सानोः सानुमारुहद् भूर्यस्पष्ट कर्त्वम् ।
तदिन्द्रो अर्थं चेतति यूथेन वृष्णिरेजति ।।२।।

(૨) જ્યારે એક શિખર પરથી બીજા શિખર પર સાધક આરોહણ કરે છે, જ્યારે એક સમૃદ્ધ ક્રિયા પ્રગટ થાય છે, ત્યારે ઇન્દ્ર વિચારની સમૃદ્ધિને ચેતનામાં લઈ આવે છે, તે સાથીદાર[1] સાથેના પ્રેમી[2] પેઠે ગતિ કરે છે.

युक्ष्वा हि केशिना हरी वृषणा कक्ष्यप्रा ।
अथा न इन्द्र सोमपा गिरामुपश्रुतिं चर ।।३।।

(૩) હે સોમપાન કરનાર ઇન્દ્ર, તારા કેશવાળી-વાળા અશ્વોને જોતર; સમાવેશ કરનાર આત્માને પ્રભુત્વ વડે ભરી દે; પછી અમારા શબ્દો પ્રત્યે શ્રુતિ વડે પ્રત્યુત્તર આપ.

एहि स्तोमाँ अभि स्वराभि गृणीह्या रुव ।
ब्रह्म च नो वसो सचेन्द्र यज्ञं च वर्धय ।।४।।

---

૧. અથવા, 'પોતાની ક્રિયાની શકિત વડે તથા પ્રભુત્વ વડે, આંદોલિત થાય છે.' યૂથ, જોડેલો સાથીદાર, જોતરેલી શકિત અથવા બળ.

૨. અથવા, સ્વામી

(૪) આવ, અમારી સ્તુતિઓનો પ્રત્યુત્તર આપ, સ્તુતિઓ પ્રગટે તેમ તું ઉચ્ચારણ કર, તારા જવાબનું ઉચ્ચારણ કર. હે રાજા, હે ઈન્દ્ર, તું તારી જાતને અમારા મન સાથે જોડ, અમારામાં યજ્ઞની વૃદ્ધિ કર.

उक्थमिन्द्राय शंस्यं वर्धनं पुरुनिष्षिधे ।
शक्रो यथा सुतेषु णो रारणत् सख्येषु च ।।५।।

(૫) ઈન્દ્રની કરવા યોગ્ય વૃદ્ધિ આપનાર સ્તુતિની હું પરિપૂર્ણ રચના કરું છું, જેથી શકિતશાળી ઈન્દ્ર અમારા સોમરસોમાં તથા મૈત્રીઓમાં આનંદ લે.

तमित् सखित्व ईमहे तं राये तं सुवीर्ये ।
स शक्र उत नः शकदिन्द्रो वसु दयमानः ।।६।।

(૬) મૈત્રી માટે અમે તેની કામના કરીએ છીએ, આનંદમાં તથા બળવાન શકિતમાં અમે તેની કામના કરીએ છીએ; તેથી દયાપૂર્ણ, સબળ ઈન્દ્રમાં અમને તેની સમૃદ્ધિ આપવાની શકિત છે.

सुविवृतं सुनिरजमिन्द्र त्वादातमिद्यशः ।
गवामप व्रजं वृधि कृणुष्व राधो अद्रिवः ।।७।।

(૭) હે ઈન્દ્ર, વિશાળ અને અંધકાર-રહિત (અથવા દુઃખ-રહિત) વિજય પ્રાપ્ત થયો છે. હે અદ્રિ પર વસનાર, પ્રકાશોના સમૂહને પ્રગટ કર, આનંદને સર્જાવ.

नहि त्वा रोदसी उभे ऋघायमाणमिन्वतः ।
जेषः स्वर्वतीरपः सं गा अस्मभ्यं धूनुहि ।।८।।

(૮) જ્યારે તું સીધો ઊર્ધ્વમાં જાય છે, ત્યારે બે અવરોધ કરનાર પૃથ્વી-આકાશને તારી પર કોઈ સત્તા નથી; વિજયી તું અમારે માટે પૃથ્વી ઉપર સ્વર્લોકનાં જળોને વરસાવ—રેલાવ.

आश्रुत्कर्ण श्रुधी हवं नू चिद्दधिष्व मे गिरः ।
इन्द्र स्तोममिमं मम कृष्वा युजश्चिदन्तरम् ।।९।।

(૯) સાવધાન કાન વડે શ્રવણ કર, મારા આવાહનને સાંભળ, મારા શબ્દો પર ધ્યાન આપ; હે ઈન્દ્ર, મારી આ સ્તુતિને તારી યોગસ્થિતિના અંતરતમ ભાગમાં ખેંચી જા.

विद्मा हि त्वा वृषन्तमं वाजेषु हवनश्रुतम् ।
वृषन्तमस्य हूमह ऊतिं सहस्रसातमाम् ।।१०।।

(૧૦) અમે તને અસ્તિત્વનાં બળવાન દ્રવ્યોવાળો, અમારા અવાજને સાંભળનારો, પરમ દેવ જાણીએ છીએ; તું શ્રેષ્ઠ દેવ છે, એટલે બળવાન સ્થિરતાવાળા, અસ્તિત્વના વિસ્તાર માટે, તને બોલાવીએ છીએ.

आ तू न इन्द्र कौशिक मन्दसानः सुतं पिब ।
नव्यमायुः प्र सू तिर कृधी सहस्रसामृषिम् ।।११।।

(૧૧) હે કોશો વડે યુકત ઈન્દ્ર, આનંદમાં સ્થિર બનીને સોમપાન કર; અમને સંપૂર્ણપણે નવીન અસ્તિત્વ આપ, અમારા બળને સંપૂર્ણપણે સાચવે તેવું જ્ઞાન અમારે માટે સર્જ.

परि त्वा गिर्वणो गिर इमा भवन्तु विश्वतः ।
वृद्धायुमनु वृद्धयो जुष्टा भवन्तु जुष्टयः ।।१२।।

(૧૨) હે અમારા શબ્દોમાં આનંદ માણનાર, આ અમારી વાણીઓ તારી આસપાસ રહો; સર્વ વૃદ્ધિઓ અમારા અસ્તિત્વની વૃદ્ધિની પાછળ પાછળ જાઓ, સર્વ પ્રેમો તેને વળગી રહો.

ઇન્દ્ર-સૂક્ત

૧, ૧૧

इन्द्रं विश्वा अवीवृधन्त् समुद्रव्यचसं गिरः ।
रथीतमं रथीनां वाजानां सत्पतिं पतिम् ।।१।।

(૧) સર્વ શબ્દોએ સમુદ્રને ચીરનાર, અસ્તિત્વના સૌથી વધારે આનંદપૂર્ણ સ્વામી, સ્થિર બળોના પતિ, ઇન્દ્રની વૃદ્ધિ કરી.

सख्ये त इन्द्र वाजिनो मा भेम शवसस्पते ।
त्वामभि प्र णोनुमो जेतारमपराजितम् ।।२।।

(૨) હે વિવિધ તેજના સ્વામી ઇન્દ્ર, તારી મૈત્રીમાં અમને કોઈ ભય નથી, તું સ્થિર અને બળવાન છે; અપરાજિત, વિજયી એવા તારા તરફ અમે આગળ ગતિ કરીએ છીએ.

पूर्वीरिन्द्रस्य रातयो न वि दस्यन्त्यूतयः ।
यदी वाजस्य गोमतः स्तोतृभ्यो मंहते मघम् ।।३।।

(૩) ઇન્દ્રના પ્રથમ આનંદો, તેના પહેલાંના વિસ્તારો કદી નાશ પામતા નથી કારણ કે તે પોતાના સ્તુતિકારો માટે પ્રકાશયુકત બળની સમૃદ્ધિને એકઠી કરે છે.

पुरां भिन्दुर्युवा कविरमितौजा अजायत ।
इन्द्रो विश्वस्य कर्मणो धर्ता वज्री पुरुष्टुतः ।।४।।

(૪) નગરોને ભેદનાર, યુવાન, કવિ, અમાપ તેજવાળો, સર્વકર્મને ધારણ કરનાર, ખૂબ સ્તુતિ કરાયેલો, વજ્રવાળો, ઇન્દ્ર પ્રગટ થયો.

त्वं वलस्य गोमतोऽपावरद्रिवो बिलम् ।
त्वां देवा अबिभ्युषस्तुज्यमानास आविषुः ।।५।।

(૫) હે અદ્રિ પર વસનાર, તેં પ્રકાશયુકત વલના છિદ્રને ઉઘાડી નાખ્યું; શકિતપૂર્વક રક્ષણ કરાયેલા, ભય વગરના, દેવોએ તારામાં પ્રવેશ કર્યો.

तवाहं शूर रातिभिः प्रत्यायं सिन्धुमावदन् ।
उपातिष्ठन्त गिर्वणो विदुष्टे तस्य कारवः ।।६।।

(૬) હે શૂર, તારા આનંદો વડે ઉચ્ચારણ કરતો હું સમુદ્ર પ્રત્યે ગયો; મારી વાણીમાં આનંદ લેનાર તેના જ્ઞાન વડે, કર્મ કરનારાઓ તેની પાસે પહોંચ્યા.

मायाभिरिन्द्र मायिनं त्वं शुष्णमवातिरः ।
विदुष्टे तस्य मेधिरास्तेषां श्रवांस्युत्तिर ।।७।।

(૭) હે ઈન્દ્ર, તારાં સમાવેશક બળો વડે તું બળવાન અને સમાવેશક (શુષ્ણ) પ્રત્યે નીચે ઊતર્યો; તેના આવિષ્કારમાં પરિપૂર્ણ બનેલો તું તેમની પ્રેરણાઆને પરિપૂર્ણ કર, ઊર્ધ્વ બનાવ.

इन्द्रमीशानमोजसाभि स्तोमा अनूषत ।
सहस्रं यस्य रातय उत वा सन्ति भूयसीः ।।८।।

(૮) અમારી સ્તુતિઓ બળ વડે શાસન કરનાર ઈન્દ્રની કામના કરે છે, જે ઈન્દ્ર પાસે હજાર—અરે, તેથી પણ અધિક આનંદો છે.

ઇન્દ્ર-સૂક્ત

૮, ૫૪

एतत् त इन्द्र वीर्यं गीर्भिर्गृणन्ति कारवः ।
ते स्तोभन्त ऊर्जमावन् घृतश्चुतं पौरासो नक्षन् धीतिभिः ।।१।।

(૧) હે ઇન્દ્ર, આ તારું તે વીર્ય છે કે જેની કર્મ કરનારાઓ પોતાના શબ્દો વડે સ્તુતિ કરે છે; તેઓ પ્રકાશ-ઝરતી તારી શકતિનું રક્ષણ કરે છે; નગરના લોકો પોતાના વિચારો વડે તારી પાસે આવે છે.

नक्षन्त इन्द्रमवसे सुकृत्यया येषां सुतेषु मन्दसे ।
यथा संवर्ते अमदो यथा कृश एवास्मे इन्द्र मत्स्व ।।२।।

(૨) જેમના સોમરસોમાં તું આનંદ પ્રાપ્ત કરે છે, તેઓ સારા કૃત્ય વડે તેને—ઇન્દ્રને પ્રાપ્ત કરે છે, તેનું રક્ષણ મેળવે છે. હે ઇન્દ્ર, હું આનંદ રહિત, મારી કૃશતાથી યુકત, તારી પાસે આવું છું; તેવા અમારામાં આનંદ લે.

यदिन्द्र राधो अस्ति त माघोनं मघवत्तम ।
तेन नो बोधि सधमाद्यो वृधे भगो दानाय वृत्रहन् ।।५।।

(૫) હે વૃત્રનો સંહાર કરનાર ઇન્દ્ર, હે ખૂબ પ્રાચુર્યોવાળા ઇન્દ્ર, તારા સમૃદ્ધ આનંદ સાથે, અમારી વૃદ્ધિમાં આનંદ લેનાર સાથીદાર તરીકે, ઉપભોગ આપવા માટે, તું અમારામાં જાગ્રત થા.

आजिपते नृपते त्वमिद्धि नो वाज आ वक्षि सुक्रतो ।
वीती होत्राभिरुत देववीतिभिः ससवांसो वि श्रृण्विरे ।।६।।

(૬) હે યુદ્ધોના સ્વામી, દેવોના રાજા, હજાર સંકલ્પ-શકિતઓવાળા, અમારામાં પ્રજ્વલિત થા, અમારે માટે પ્રાચુર્ય લઈ આવ. માર્ગ વડે, આહુતિઓ વડે, દેવોના પ્રગટીકરણ વડે, અમે શાન્તિ પ્રાપ્ત કરી છે અને પ્રેરણાયુકત જ્ઞાન મેળવ્યું છે.

सन्ति ह्यर्य आशिष इन्द्र आयुर्जनानाम् ।
अस्मान् नक्षस्व मघवन्नुपावसेन्नुक्षस्व पिप्युषीमिषम् ।।७।।

(૭) આ તેની યોદ્ધાની આશિષો છે; ઈન્દ્ર માણસોનું આયુષ છે; હે પ્રાચુર્યોના સ્વામી, અમારી પાસ આવ, અમારું રક્ષણ કર; અમારે માટે પોષણ કરતી શકિતનું દોહન કર.

ઈન્દ્ર-સૂક્ત

૧૦, ૫૪

[આ સૂકત જ્યારે બૃહદુકથ વામદેવ્ય મનથી પર જઈને મહસ્‌માં દાખલ થયા હતા, અને છતાં નિમ્ન આકાશ-પૃથ્વીને તે ટકાવી રાખતા હતા,— જ્યારે તેમણે પરમ પુરુષ સાથે એકતાનો સાક્ષાત્કાર કર્યો હતો, ત્યારે માનસિક શકિતના સ્વામી ઈન્દ્રને ઉદ્દેશીને તેમણે રચ્યું છે.]

तां सु ते कीर्तिं मघवन् महित्वा यत् त्वा भीते रोदसी अह्वयेताम् ।
प्रावो देवाँ आतिरो दासमोजः प्रजायै त्वस्यै यदशिक्ष इन्द्र ।।१।।

(૧) હે પરિપૂર્ણતાવાળા મઘવન્, જ્યારે તેં તારી કીર્તિને આદર્શમય પરિપૂર્ણતા સમર્પી હતી, જ્યારે ભયભીત આકાશ-પૃથ્વીએ તને પોકાર્યો હતો, ત્યારે હે ઈન્દ્ર, તેં દેવોનું રક્ષણ કર્યું હતું, આત્મબળનો બોધ કરાવીને આ વૃષ્ટિ માટે તેં શત્રુને વીંધી નાખ્યો હતો.

यदचरस्तन्वा वावृधानो बलानीन्द्र प्रब्रुवाणो जनेषु ।
मायेत् सा ते यानि युद्धान्याहुर्नाद्य शत्रुं ननु पुरा विवित्से ।।२।।

(૨) જ્યારે શારીરિક બળમાં વૃદ્ધિ પામેલો, અને લોકોમાં તે બળની ઘોષણા કરતો, તું વિચર્યો હતો, ત્યારે હે ઈન્દ્ર, લોકો જેમને તારાં યુદ્ધો કહે છે તેમને માટે તારી શકિત પૂરતી હતી; તેં, આજે કે પહેલાં, કોઈ શત્રુને જાણ્યો નથી.

क उ नु ते महिमनः समस्यास्मत् पूर्व ऋषयोऽन्तमापुः ।
यन्मातरं च पितरं च साकमजनयथास्तन्वः स्वायाः ।।३।।

(૩) અમારી પહેલાંના કયા ઋષિઓ સમાન એવા તારા મહિમાનો પાર પામી શકયા છે? કારણ કે તેં તારા પોતાના શરીરમાંથી તારાં માતાપિતાને એકીસાથે પેદા કર્યાં.

चत्वारि ते असुर्याणि नामादाभ्यानि महिषस्य सन्ति ।
त्वमङ्ग तानि विश्वानि वित्से येभिः कर्माणि मघवञ्चकर्थ ।।४।।

(૪) વિશાળતામાં વસતા એવા તારા ચાર, નાથી ન શકાય તેવા, મહિમાઓ છે; હે મઘવન્, તું તે બધાને જાણે છે, જેમના વડે તેં તારાં કર્મો કર્યાં છે.

त्वं विश्वा दधिषे केवलानि यान्याविर्या च गुहा वसूनि ।
काममिन्मे मघवन् मा वि तारीस्त्वमाज्ञाता त्वमिन्द्रासि दाता ।।५।।

(૫) તું સર્વ કેવળ અસ્તિત્વોને ધારણ કરે છે; તું અસ્તિત્વનાં ગૂઢ સ્થાનોમાં રહેલા પદાર્થોને પ્રગટ કરે છે; હે મઘવન્, મારી કામનાનો નાશ ન કર; તું તેની આજ્ઞા કરનાર તથા દાતા છે.

यो अदधाज्ज्योतिषि ज्योतिरन्तर्यो असृजन्मधुना सं मधूनि ।
अध प्रियं शूषमिन्द्राय मन्म ब्रह्मकृतो बृहदुक्थादवाचि ।।६।।

(૬) જ્યારે બૃહદુક્થે પોતામાં બ્રહ્મનો સાક્ષાત્કાર કર્યો, ત્યારે તેણે જ્યોતિની અંદર બીજી જ્યોતિ મૂકનાર, મધુરતાઓને મધુરતા સાથે સંયુકત કરનાર ઈન્દ્ર પ્રત્યે આ પ્રેમ, શકિત, વિચાર પ્રગટ કર્યા.

વૈદિક સૂક્ત

૧, ૩

अश्विना यज्वरीरिषो द्रवत्पाणी शुभस्पती ।
पुरुभुजा चनस्यतम् ।।१।।

(૧) હે અશ્વિનો, આનંદના ઝડપી-પગોવાળા સ્વામીઓ, ખૂબ ઉપભોગ કરનારા દેવો, યજ્ઞ[૧] માટે પ્રયત્ન કરનાર[૨] માણસ માટે આનંદરૂપ બનો.

अश्विना पुरुदंससा नरा शबीरया धिया ।
धिष्ण्या वनतं गिरः ।।२।।

(૨) હે બળવાન, ખૂબ સંહાર કરનારા[૩], અશ્વિનો, સુસ્થિર તથા પ્રકાશ-યુકત[૪] બુદ્ધિ વડે મારા શબ્દોમાં આનંદ માણો.

दस्रा युवाकवः सुता नासत्या वृक्तबर्हिषः ।
आ यातं रुद्रवर्तनी ।।३।।

(૩) હે નાશ કરનારા (અથવા, આપનારા), નસતના પુત્રો, ઉગ્ર કર્મ કરનારા, અશ્વિનો, પધારો, કારણ કે મેં મારી જાતને[૫] યોગમાં જોડી છે. મેં જવાળાને[૬] પ્રગટાવી છે.

---

૧. યજ્ઞના આ અર્થો થઈ શકે—(૧) સ્વામી, (૨) યોગ, (૩) કર્મ, (૪) યજ્ઞ

૨. ऋष् ધાતુના આ અર્થો છે—પ્રયત્ન કરવો, ઈજા કરવી, વેગપૂર્વક ગતિ કરવી, કંપન અનુભવવું, ધ્રૂજવું, આનંદથી લોથપોથ થઈ જવું.

૩. पुरू (ગ્રીક Polus પુષ્કળ); બીજો અર્થ થાય—ખૂબ આપનારા.

૪. शबीरया—સરખાવો Hailos (ગ્રીક), હેઈલોસ.

૫. युवाकु—यु + अकु; युवन्—यु + अन् ની પેઠે.

૬. वृक्त, પ્રસારી છે; बर्हिस्, પ્રકાશ, શકિત, अग्नि.

इन्द्रा याहि चित्रभानो सुता इमे त्वायवः ।
अण्वीभिस्तना पूतासः ।।४।।

(૪) હે અનેક પ્રકારના પ્રકાશવાળા ઇન્દ્ર, આવ; આ[1] પ્રાણ-રસો તમારે માટે કાઢયા છે; હે વિશુદ્ધ બળવાળા, તેમનો અસ્તિત્વની શકિતઓ વડે વિસ્તાર કરો.

इन्द्रा याहि धियेषितो विप्रजूतः सुतावतः ।
उप ब्रह्माणि वाघतः ।।५।।

(૫) હે ઇન્દ્ર, બુદ્ધિ વડે આજ્ઞા અપાયેલો, આત્મ-ગતિઓ વડે બળપૂર્વક પ્રેરાયેલો, પદાર્થ-તત્ત્વના બળવાળો, આત્મામાં આનંદપૂર્વક આજ્ઞા કરતો, તું આવ.

इन्द्रा याहि तूतुजान उप ब्रह्माणि हरिवः ।
सुते दधिष्व नश्चनः ।।६।।

(૬) હે પ્રકાશમાં વસનાર ઇન્દ્ર, આવેગની શકિત વડે તું આત્મ-ગતિઓ પ્રત્યે આવ; સોમનાં સ્રવણોનાં અમારા આનંદને ધારણ કર.

ओमासश्चर्षणीधृतो विश्वे देवास आ गत ।
दाश्वांसो दाशुषः सुतम् ।।७।।

(૭) હે પ્રેમાળ[2], અમારી ક્રિયાઓને[3] ધારણ કરનારા, વિશ્વેદેવો, પધારો; દાતાના સોમરસને વહેંચી આપો.

विश्वे देवासो अप्तुरः सुतमा गन्त तूर्णयः ।
उस्रा इव स्वसराणि ।।८।।

(૮) હે ક્રિયાશીલ[4] વિશ્વેદેવો, ખૂબ આનંદપૂર્ણ[5] એવા તમે ઝડપથી, પ્રેમીઓ જેમ પોતાનાં સ્થાનોમાં જાય છે તેમ, આવો.

विश्वे देवासो अस्रिधं एहिमायासो अद्रुहः ।
मेधं जुषन्त वह्नयः ।।९।।

---

૧. સોમ વેદમાં સોમવલ્લીનો જ માત્ર રસ ન હતો, પણ અમૃત હતું, તેની આ સાબિતી છે.

૨. ओमासः–મૂળ ધાતુ उम्, પ્રેમ કરવો, પોષણ કરવું છે. (સરખાવો–उमा.)

૩. चर्षणि ના ત્રણ અર્થો છે : (૧) દર્શના, (૨) ગતિ, (૩) ક્રિયા.

૪. अप, ક્રિયા કરવી; અને तुर्. ત્વરા કરવી.

૫. सु+तमाः

(૯) હે બળવાન[1] શકિતવાળા સ્ખલન-રહિત, ઈજા નહિ કરનારા, વિશ્વે-દેવો, ધારણ કરનારા એવા તમે મારી[2] શકિતની પૂર્ણતાને વળગી રહો.

पावका नः सरस्वती वाजेभिर्वाजिनीवती ।
यज्ञं वष्टु धियावसुः ।।१०।।

(૧૦) પવિત્ર કરનારી, અસ્તિત્વનાં પ્રાચુર્યોથી યુકત, બુધ્ધિ વડે ધનવાળી, સરસ્વતી, અમારા યજ્ઞમાં વસો (યજ્ઞની કામના કરો).

चोदयित्री सूनृतानां चेतन्ती सुमतीनाम् ।
यज्ञं दधे सरस्वती ।।११।।

(૧૧) સત્ય પ્રેરણાઓને પ્રગટ કરનારી, સત્ય વિચારોને જગાડનારી, સરસ્વતી યજ્ઞને[3] ધારણ કરે છે.

महो अर्णः सरस्वती प्र चेतयति केतुना ।
धियो विश्वा वि राजति ।।१२।।

(૧૨) સરસ્વતી સંકલ્પ-શકિત[4] વડે મહસ્—સમુદ્રને ચેતનામાં જાગ્રત કરે છે, અને બુધ્ધિની સર્વ ગતિઓમાં આમ-તેમ બધે પ્રકાશે છે.

---

૧. मायासः લૅટિન majores (મેજોરિસ).

૨. મેધમ્‌ના ત્રણ અર્થો છે : (૧) દ્રવ, રસ, (૨) મગજ, (૩) શકિત (સરખાવો–मेधा)

૩. યજ્ઞ એટલે (૧) સ્વામી, (૨) કર્મ.

૪. केतु, અથવા—વિચાર વડે. केत એટલે સંકલ્પ, આંતર-પ્રેરણા, બુધ્ધિ.

વૈદિક સૂક્ત

૧, ૧૫

इन्द्र सोमं पिब ऋतुना ऽऽ त्वा विशन्त्यिन्दवः ।
मत्सरासस्तदोकसः ।।१।।

(૧) હે ઇન્દ્ર, ઋતના નિયમ અનુસાર સોમપાન કર; આનંદપૂર્ણ સોમ-રસો પોતાનું ઘર એવા તારામાં પ્રવેશ કરો.

मरुतः पिबत ऋतुना पोत्राद् यज्ञं पुनीतन ।
यूयं हि ष्ठा सुदानवः ।।२।।

(૨) હે મરુતો, ઋતના નિયમ અનુસાર પાન કરો; પવિત્રીકરણની પ્રક્રિયા પ્રમાણે યજ્ઞને પવિત્ર કરો, કારણ કે તમે સુસ્થિર અને ખૂબ હિંમતવાન છો.

अभि यज्ञं गृणीहि नो ग्नावो नेष्टः पिब ऋतुना ।
त्वं हि रत्नधा असि ।।३।।

(૩) યજ્ઞની આસપાસ તારા અવાજોનું ઉચ્ચારણ કર, અને ઋતના નિયમ અનુસાર પાન કર, કારણ કે તું આનંદને મૂકી આપનાર છે.

अग्ने देवाँ इहा वह सादया योनिषु त्रिषु ।
परि भूष पिब ऋतुना ।। ४ ।।

(૪) હે અગ્નિ, દેવોને અહીં લઈ આવ, તેમને ત્રણ યોનિઓમાં બેસાડ; બધાની આસપાસ વીંટળાઈ રહે, ઋત અનુસાર પાન કર.

ब्राह्मणादिन्द्र राधसः पिबा सोममृतूँरनु ।
तवेद्धि सख्यमस्तृतम् ।।५।।

(૫) હે ઇન્દ્ર, આત્માના આનંદરૂપ સોમનું, વસ્તુઓના ઋત અનુસાર પાન કર, કારણ કે તારી મૈત્રી કદી છેહ દેતી નથી.

युवं दक्षं धृतव्रत मित्रावरुण दूलभम् ।
ऋतुना यज्ञमाशाथे ।।६।।

(૬) હે દુર્લભ દક્ષને ધારણ કરનારા, વ્રતને ધારણ કરનારા, મિત્ર તથા વરુણ, ઋત અનુસાર યજ્ઞનો આનંદ માણો.

द्रविणोदा द्रविणसो ग्रावहस्तासो अध्वरे ।
यज्ञेषु देवमीलते ।। ७ ।।

(૭) દ્રવિણ આપનાર, યજ્ઞમાં પથ્થર હાથમાં લઈ સોમરસ કાઢનાર યજમાન, યજ્ઞોમાં દેવને પ્રસન્ન કરે છે.

द्रविणोदा ददातु नो वसूनि यानि श्रृण्विरे ।
देवेषु ता वनामहे ।।८।।

(૮) દ્રવિણ આપનાર દેવ અમે જે ધનો વિષે સાંભળ્યું છે તે ધનો અમને આપો; અમે દેવો પાસેથી તેમની કામના કરીએ છીએ.

द्रविणोदाः पिपीषति जुहोत प्र च तिष्ठत ।
नेष्ट्रादृतुभिरिष्यत ।।९।।

(૯) દ્રવિણ આપનાર દેવ પાન કરવાની ઇચ્છા રાખે છે, તમે આહુતિ આપો અને ઊભા રહો, ઋતોના નિયમો અનુસાર પ્રક્રિયા વડે યજ્ઞવિધિ કરો.

બ્રહ્મણસ્પતિને સૂક્ત

૧, ૧૮

આત્માનો સ્વામી

सोमानं स्वरणं कृणुहि ब्रह्मणस्पते ।
कक्षीवन्तं य औशिजः ।।१।।

(૧) હે આત્માના સ્વામી, ઉશિજના પુત્ર કક્ષીવાનને મધુર આત્મા, સરસ યોદ્ધો બનાવો.

यो रेवान यो अमीवहा वसुवित् पुष्टिवर्धनः ।
स नः सिषक्तु यस्तुरः ।।२।।

(૨) વેગપૂર્ણ, શત્રુઓને હણનાર, અસ્તિત્વના ધનને જાણનાર, પુષ્ટિની વૃદ્ધિ કરનાર, બળવાન તથા ઝડપ-યુકત, દેવ અમને વળગી રહો.

मा नः शंसो अररुषो धूर्तिः प्रणङ्· मर्त्यस्य ।
रक्षा णो ब्रह्मणस्पते ।।३।।

(૩) હે આત્માના સ્વામી, મર્ત્ય માનવીની—અમારી યુદ્ધમાં અભીપ્સા તથા ઉત્કટતા નાશ ન પામો; અમારું રક્ષણ કરો.

स घा वीरो न रिष्यति यमिन्द्रो ब्रह्मणस्पतिः ।
सोमो हिनोति मर्त्यम् ।।४।।

(૪) ઈન્દ્ર, બ્રહ્મણસ્પતિ અને સોમ જે માનવીની મૈત્રી કરે છે, તે વીર પ્રહાર કરે છે, તેને ઈજા આવતી નથી.

त्वं तं ब्रह्मणस्पते सोम इन्द्रश्च मर्त्यम् ।
दक्षिणा पात्वंहसः ।।५।।

(૫) હે બ્રહ્મણસ્પતિ, કલ્યાણકારી બનેલા સોમ તથા ઈન્દ્ર તે માનવનું પાપમાંથી—હાનિમાંથી રક્ષણ કરો.

सदसस्पतिमद्भुतं प्रियमिन्द्रस्य काम्यम् ।
सनिं मेधामयासिषम् ।।६।।

(૬) મેં ઘરના પતિ, અદ્ભુત, ઇન્દ્રને પ્રિય, કામના કરવા યોગ્ય, બ્રહ્મણસ્પતિ પ્રત્યે આનંદની સ્થિરતા માટે તથા આત્મશકિત માટે ગતિ કરી છે.

यस्मादृते न सिध्यति यज्ञो विपश्चितश्चन ।
स धीनां योगमिन्वति ।।७।।

(૭) જેના સિવાય વિવેકી માણસનો પણ યજ્ઞ સિદ્ધ થતો નથી, તે બુદ્ધિઓની ગતિઓના યોગને આગળ ધપાવે છે.

आदृध्नोति हविष्कृतिं प्राञ्चं कृणोत्यध्वरम् ।
होत्रा देवेषु गच्छति ।।८।।

(૮) તે આહુતિઓને સુસ્થિર કરે છે, યજ્ઞના કાર્યને આગળ ધપાવે છે, હોતા વડે તે દેવોમાં ગતિ કરે છે.

नराशंसं सुधृष्टममपश्यं सप्रथस्तमम् ।
दिवो न सद्ममरवसम् ।।९।।

(૯) બળવાન અભીપ્સાવાળા, ખૂબ હિંમતવાળા, ખૂબ વિશાળ, દ્યુલોકના ધામને ઘેરી વળેલા, બ્રહ્મણસ્પતિને મેં જોયા.

ઉષાનું સૂક્ત

૫, ૭૯

[ઋષિ ઋતના પ્રકાશથી યુકત ઉષાને, તેનાં સર્વ તેજો સાથે, આવવાની પ્રાર્થના કરે છે. ઉષા તેના બધા દેવો તથા ઋષિઓ સાથે, તેના પ્રકાશયુકત વિચારોનાં ધણ સાથે, તેની શકિતના વેગપૂર્ણ અશ્વો સાથે, સર્વ પ્રકાશયુકત આવેગો સાથે, વિજ્ઞાનમય સૂર્યનાં જાજવલ્યમાન કિરણો સાથે આવે. ઉષા આવે, એટલે કાર્ય ઝડપથી, વિલંબ વિના, પતી જશે.]

महे नो अद्य बोधयोषो राये दिवित्मती ।
यथा चिन्नो अबोधयः सत्यश्रवसि वाय्ये सुजाते अश्वसूनृते ।।१।।

(૧) હે ઉષા, તારાં દ્યુલોકનાં સર્વ તેજો સાથે આવ, પહેલાં તેં જેમ કર્યું હતું તેમ આજે અમને મહાન સુખ પ્રત્યે જાગ્રત કર—સત્યની પ્રેરણામય શ્રુતિમાં (સત્યશ્રવસ્ ઋષિ પોતાના નામને આ અર્થમાં વણી લે છે) જાગ્રત કર. હે પરિપૂર્ણ જન્મવાળી ઉષા, તારા અશ્વોની ગતિમાં ઋત છે.

या सुनीथे शौचद्रथे व्यौच्छो दुहितर्दिवः ।
सा व्युच्छ सहीयसि सत्यश्रवसि वाय्ये सुजाते अश्वसूनृते ।।२।।

(૨) હે દ્યુલોકની પુત્રી, પ્રકાશયુકત રથવાળા, સુંદર માર્ગની ગતિવાળા, માનવમાં તું પ્રગટ થાય છે, તે રીતે હે મહાન શકિતશાળી ઉષા, જ્ઞાનના જન્મના પુત્રત્વમાં, સત્યની પ્રેરણામય શ્રુતિમાં પ્રગટ થા. હે પરિપૂર્ણ જન્મવાળી ઉષા, તારા અશ્વોની ગતિમાં ઋત છે.

सा नो अद्याभरद्वसुर्व्युच्छा दुहितर्दिवः ।
यो व्यौच्छः सहीयसि सत्यश्रवसि वाय्ये सुजाते अश्वसूनृते ।।३।।

(૩) હે દ્યુલોકની પુત્રી, ધનના ખજાનાને લઈ આવતી, તું આજે પ્રગટ થા, જે રીતે તું પૂર્વે, હે મહાન શકિતશાળી ઉષા, જ્ઞાનના જન્મના પુત્રત્વમાં,

સત્યની પ્રેરણામય શ્રુતિમાં પ્રગટ થઈ હતી. હે પરિપૂર્ણ જન્મવાળી ઉષા, તારા અશ્વોની ગતિમાં ઋત છે.

अभि ये त्वा विभावरि स्तोमैर्गृणन्ति वह्नयः ।
मघैर्मघोनि सुश्रियो दामन्वन्तः सुरातयः सुजाते अश्वसूनृते ।।४।।

(૪) હે વિશાળ પ્રકાશયુકત ઉષા, સ્તુતિઓ વડે તારી અભિવ્યકિત કરનારા, યજ્ઞને વહન કરનારા છે[1]; તેઓ હે રાણી, મહાન ધનોને છુટ્ટે હાથે આપનારી, તારાં આપેલાં પ્રાચુર્યો વડે સમૃદ્ધિશાળી છે, તેમનાં વરદાનો પરિપૂર્ણ હોય છે. હે પરિપૂર્ણ જન્મવાળી ઉષા, તારા અશ્વોની ગતિમાં ઋત છે.

यच्चिद्धि ते गणा इमे छदयन्ति मघत्तये ।
परि चिद् वष्टयो दधुर्ददतो राधो अहयं सुजाते अश्वसूनृते ।।५।।

(૫) જ્યારે આ ગણો તારી સમૃદ્ધિઓને પ્રાપ્ત કરવાની આશાથી તને પ્રસન્ન કરવા પ્રયત્ન કરે છે, ત્યારે તેઓ પોતાની કામનાઓને બધે પ્રસરાવે છે. તેઓ તારા અભંગ સુખને રેલાવે છે. હે પરિપૂર્ણ જન્મવાળી ઉષા, તારા અશ્વોની ગતિમાં ઋત છે.

एषु धा वीरवद् यश उषो मघोनि सूरिषु ।
ये नो राधांस्यह्रया मघवानो अरासत सुजाते अश्वसूनृते ।।६।।

(૬) આ તારા ઋષિઓ છે; હે પ્રાચુર્યોવાળી રાણી ઉષા, તારી વીરત્વ-ભરી શકિતઓનાં તેજોને તેમનામાં મૂકી આપ; તારાં પ્રાચુર્યોના સ્વામીઓ એવા તે અમને ભરપટ્ટે તારી અભંગ સમૃદ્ધિઓ આપશે. હે પરિપૂર્ણ જન્મવાળી ઉષા, તારા અશ્વોની ગતિમાં ઋત છે.

तेभ्यो द्युम्नं बृहद् यश उषो मघोन्या वह ।
ये नो राधांस्यश्व्या गव्या भजन्त सूरयः सुजाते अश्वसूनृते ।।७।।

(૭) હે પ્રાચુર્યોની રાણી ઉષા, તેમને માટે તારો પ્રકાશ, તારો વિશાળ યશ લઈ આવ; તે ઋષિઓ અમને તારા અશ્વોનાં તથા ગાયોનાં સુખોના ઉપભોગો આપશે. હે પરિપૂર્ણ જન્મવાળી ઉષા, તારા અશ્વોની ગતિમાં ઋત છે.

---

૧. માનવ પુરોહિતો નહિ, પણ દિવ્ય શકિતઓ, ઉષાના ગણો, જેઓ એકીસાથે પુરોહિતો, ઋષિઓ, આંતર યજ્ઞના આશ્રયદાતાઓ, દિવ્ય સમૃદ્ધિને જીતીને આપનારાઓ છે.

उत नो गोमतीरिष आ वहा दुहितर्दिवः ।
साकं सूर्यस्य रश्मिभिः शुक्रैः शोचद्भिरर्चिभिः सुजाते अश्वसूनृते ।।८।।

(૮) હે દ્યુલોકની પુત્રી, તારા પ્રકાશોથી યુકત આવેગની શકિતઓ અમારે માટે લઈ આવ; સૂર્યનાં જાજવલ્યમાન પ્રકાશતાં વિશુદ્ધિવાળાં કિરણો સાથે તેઓ ભલે આવે. હે પરિપૂર્ણ જન્મવાળી ઉષા, તારા અશ્વોની ગતિમાં ઋત છે.

व्युच्छा दुहितर्दिवो मा चिरं तनुथा अपः ।
नैत् त्वा स्तेनं यथा रिपुं तपाति सूरो अर्चिषा सुजाते अश्वसूनृते ।।९।।

(૯) હે દ્યુલોકની પુત્રી, પ્રગટ થા; તું કાર્યમાં બહુ વિલંબ ન કર. સૂર્ય જેમ તેના શત્રુને અને ચોરને[1] પોતાનાં જાજવલ્યમાન કિરણો વડે તપાવે છે, તેમ તને તપાવતો નથી. હે પરિપૂર્ણ જન્મવાળી ઉષા, તારા અશ્વોની ગતિમાં ઋત છે.

एतावद् वेदेषस्त्वं भूयो वा दातुमर्हसि ।
या स्तोतृभ्यो विभावर्युच्छन्ती न प्रमीयसे सुजाते अश्वसूनृते ।।१०।।

(૧૦) આટલું તારે આપવું જોઈએ—વધારે પણ આપવું જોઈએ, કારણ કે તારી સ્તુતિ કરનાર લોકો માટે તું તારા પ્રકાશોની પૂર્ણ વિશાળતામાં પ્રગટે છે, તારા પ્રકાશોમાં કોઈ ન્યૂનતા આવતી નથી. હે પરિપૂર્ણ જન્મવાળી ઉષા, તારા અશ્વોની ગતિમાં ઋત છે.

---

૧. ઋતના અસ્તિત્વને પ્રાપ્ત કરવાનો પરિશ્રમ બહુ લાંબો અને ખેદકારક હોય છે, કારણ કે અંધકારની તથા ભેદમયતાની શકિતઓ, આપણા અસ્તિત્વની નિમ્ન શકિતઓ જ્ઞાનના લાભોને ઝૂંટવી લે છે, તેમને કાર્યહીન બનાવી મૂકે છે, અથવા તેમનો દુરુપયોગ કરે છે. તેઓ યજ્ઞનું વહન કરનાર નહિ, પણ બગાડી મૂકનાર હોય છે. સૂર્યના પૂર્ણ કિરણથી તેઓ ઈજા પામે છે. પણ આ જ્ઞાનની ઉષા તેના પૂર્ણ પ્રકાશને ધારણ કરી શકે તેમ છે, તે મહાન કર્મને જલ્દી સમાપ્ત કરવાની તાકાત ધરાવે છે.

ઉષાનું સૂકત

૫, ૮૦

[ઋષિ દિવ્ય ઉષાની દ્યુલોકની પુત્રી તરીકે, ઋતને લાવનાર, આનંદને તથા સ્વર્ગના પ્રકાશને લાવનાર, પ્રકાશની સર્જક, દર્શના આપનાર, દર્શનાનું નિર્માણ કરનાર—અનુસરણ કરનાર, ઋતના માર્ગોની આગેવાન, અંધકારને દૂર કરનાર, પ્રભુ પ્રત્યેની આપણી યાત્રાની સનાતન સદા-યુવાન દેવી તરીકે, પ્રાર્થના કરે છે.]

द्युतद्यामानं बृहतीमृतेन ऋतावरीमरुणप्सुं विभातीम् ।
देवीमुषसं स्वरावहन्तीं प्रति विप्रासो मतिभिर्जरन्ते ।।१।।

(૧) જાજવલ્યમાન માર્ગવાળી, ઋતની રાણી, ઋત વડે વિશાળ, ચમકતાં લાલ અંગોની શોભાવાળી, સ્વર્લોકના પ્રકાશને લઈ આવતી, દેવી ઉષાની સ્તુતિ ઋષિઓ પોતાના વિચારો વડે કરે છે.

एषा जनं दर्शता बोधयन्ती सुगान् पथः कृण्वती यात्यग्रे ।
बृहद्रथा बृहती विश्वमिन्वोषा ज्योतिर्यच्छत्यग्रे अह्नाम् ।।२।।

(૨) તે દર્શના-શકિત આપે છે, માનવને જગાડે છે, તેના માર્ગોને સુગમ બનાવે છે, પોતે આગળ ચાલે છે. વિશાળ રથવાળી, સર્વવ્યાપક, સર્વને ગતિ આપતી, ઉષા દિવસોના અગ્રભાગમાં પ્રકાશને આપે છે.

एषा गोभिररुणेभिर्युजानास्रेधन्ती रयिमप्रायु चक्रे ।
पथो रदन्ती सुविताय देवी पुरुष्टुता विश्ववारा वि भाति ।।३।।

(૩) તે લાલ-ગુલાબી ગાયોને જોતરે છે, તેની યાત્રા અચૂક હોય છે, તે અવિનાશી સમૃદ્ધિને આપે છે; તે સુખ પ્રત્યે આપણા માર્ગોની રચના કરે છે; અનેક લોકો વડે સ્તુતિ કરાતી, સર્વ વરદાનોને આપતી, દિવ્ય ઉષા પ્રકાશે છે.

एषा व्येनी भवति द्विबर्हा आविष्कृण्वाना तन्वं पुरस्तात् ।
ऋतस्य पन्थामन्वेति साधु प्रजानतीव न दिशो मिनाति ।।४।।

(૪) આકાશ-પૃથ્વી રૂપ દ્વિવિધ શકિતવાળી તે આપણી સમક્ષ તેના શરીરને ખુલ્લું કરતી, શ્વેત રૂપમાં આવે છે. તે સંપૂર્ણપણે ઋતના માર્ગનું અનુસરણ કરે છે; બધું જાણતી હોય તેમ તે આપણા પ્રદેશોને મર્યાદિત કરતી નથી.

एषा शुभ्रा न तन्वो विदानोर्ध्वेव स्नाती दृशये नो अस्थात् ।
अप द्वेषो बाधमाना तमांस्युषा दिवो दुहिता ज्योतिषागात् ।।५।।

(૫) પ્રગટ થતી ઉષાનું શરીર પ્રકાશયુકત છે; આપણે જોઈ શકીએ તે રીતે, ઊર્ધ્વમાં—પ્રકાશમાં સ્નાન કરતી તે ઊભી રહે છે. બધા શત્રુઓનો તથા અંધકારોનો નાશ કરતી, દ્યુલોકની પુત્રી, ઉષા જ્યોતિ વડે આવી ગઈ છે.

एषा प्रतीची दुहिता दिवो नॄन् योषेव भद्रा नि रिणीते अप्सः ।
व्यूर्ण्वती दाशुषे वार्याणि पुनर्ज्योतिर्युवतिः पूर्वथाकः ।।६।।

(૬) દ્યુલોકની પુત્રી, સુખપૂર્ણ નારીની પેઠે દેવોને મળવા ગતિ કરે છે, તેનું રૂપ તેમની નજીક ને નજીક આવે છે. યજમાન માટે બધાં વરણ કરવા યોગ્ય વરદાનોને ખુલ્લાં કરતી, સદા-યુવાન દેવીએ, સૃષ્ટિના પ્રારંભ કાળની પેઠે, ફરી જ્યોતિનું સર્જન કર્યું છે.

સવિતૃનું સૂક્ત

૫, ૮૧

[ઋષિ સવિતૃ-દેવની દિવ્ય જ્ઞાનના ઉદ્‌ગમસ્થાન તરીકે તથા આંતર જગતોના સ્રષ્ટા તરીકે સ્તુતિ કરે છે. પ્રકાશના શોધકો પોતાના મનને તથા વિચારોને તે ઋષિ સાથે જોતરે છે; જ્ઞાનનાં સર્વ સ્વરૂપોનો જાણકાર તે યજ્ઞનો પરમ વિધાતા છે. તે પોતાના અસ્તિત્વના ઝભ્ભા તરીકે તથા સર્જનાત્મક દર્શના તરીકે, બધાં સ્વરૂપોને ધારણ કરે છે. અને લોકોમાં દ્વિવિધ જીવન માટે પરમ કલ્યાણનું તથા સુખનું સર્જન કરે છે. તે દિવ્ય જ્ઞાનની ઉષાના માર્ગમાં પ્રકાશતા સ્વર્ગ લોકને પ્રગટ કરે છે. બીજા દેવો તે માર્ગે તેનું અનુસરણ કરે છે, તેઓ તેના પ્રકાશના મહિમાને પોતાની શકિતઓનું લક્ષ્ય બનાવે છે. પોતાના મહિમા વડે તથા શકિત વડે, આપણા પાર્થિવ લોકોને તેણે માપી લીધા છે; પણ પ્રકાશના ત્રિવિધ લોકમાં, દિવ્ય સૂર્યનાં કિરણોમાં, તે પોતાના આવિર્ભાવ-ના વાસ્તવિક મહિમાને પ્રાપ્ત કરે છે; ત્યારે તે આપણા અંધકારની રાત્રિની આસપાસ પોતાના અસ્તિત્વ વડે તથા પ્રકાશ વડે ઘેરી વળે છે, ત્યારે તે મિત્ર બનીને, પોતાના નિયમો વડે, આપણા ઉચ્ચતર તથા નિમ્ન લોકોની પ્રકાશયુકત સંવાદિતાનું સર્જન કરે છે. આપણાં બધાં સર્જનોનો તે જ એક સર્જનહાર છે, તેની આગેકૂચો વડે તે તેમાં વૃદ્ધિ કરે છે, અને છેવટે આપણું સમગ્ર અસ્તિત્વ તેના પ્રકાશથી પરિપૂર્ણ બની જાય છે.]

युञ्जते मन उत युञ्जते धियो विप्रा विप्रस्य बृहतो विपश्चितः ।
वि होत्रा दधे वयुनाविदेक इन्मही देवस्य सवितुः परिष्टुतिः ।।१।।

(૧) પ્રકાશયુકત વિદ્વાનો પોતાના મનને તથા વિચારોને પ્રકાશમય, વિશાળ, ચેતનામાં પ્રકાશવાળા, દેવ સાથે જોતરે છે; જ્ઞાનના આવિર્ભાવના એક માત્ર જ્ઞાતા એવો તે એકલો યજ્ઞની વસ્તુઓની વ્યવસ્થા કરે છે. સર્જનકર્તા સવિતૃ દેવની સ્તુતિ મહાન છે.

विश्वा रूपाणि प्रति मुञ्चते कविः प्रासावीद् भद्रं द्विपदे चतुष्पदे ।
वि नाकमख्यत् सविता वरेण्योऽनु प्रयाणमुषसो वि राजति ।।२।।

(૨) કવિ (દ્રષ્ટા) સવિતૃ બધાં રૂપોને ઝભ્ભા તરીકે ધારણ કરે છે, કે જેથી તે બેપગાં તથા ચોપગાં[1] પ્રાણીઓ માટે કલ્યાણનું તથા આનંદનું સર્જન કરી શકે. સવિતૃ સ્વર્ગ લોકની સીમાઓ નિશ્ચિત કરે છે, તે વરણ કરવા યોગ્ય છે; ઉષાની પાછળ પાછળ જતા તે અનેક રીતે પ્રકાશે છે.

यस्य प्रयाणमन्वन्य इद् ययुर्देवा देवस्य महिमानमोजसा ।
यः पार्थिवानि विममे स एतशो रजांसि देवः सविता महित्वना ।।३।।

(૩) બીજા દેવો આ દેવના મહિમાની પાછળ પાછળ, તેમના બળ વડે, ગતિ કરે છે. આ પ્રકાશયુકત સવિતૃ દેવે, પોતાની શકિત વડે તથા મહિમા વડે, આપણી પૃથ્વીના પ્રકાશયુકત પ્રદેશોને માપી લીધા છે.

उत यासि सवितस्त्रीणि रोचनोत सूर्यस्य रश्मिभिः समुच्यसि ।
उत रात्रीमुभयतः परीयस उत मित्रो भवसी देव धर्मभिः ।।४।।

(૪) હે સવિતૃ, તું સ્વર્ગના ત્રણ પ્રકાશયુકત લોકો પ્રત્યે ગતિ કરે છે, સૂર્યનાં કિરણો વડે તું પ્રગટ થાય છે, તું બંને બાજુએથી રાત્રિને આવરી લે છે; હે દેવ, તું ઋતના નિશ્ચિત નિયમો વડે મિત્ર બને છે.

उतेशिषे प्रसवस्य त्वमेक इदुत पूषा भवसि देव यामभिः ।
उतेदं विश्वं भुवनं वि राजसि श्यावाश्वस्ते सवितः स्तोममानशे ।।५।।

(૫) સર્જનની શકિત માત્ર તારામાં જ છે; હે દેવ, તું માર્ગમાં આગેકૂચો વડે પુષ્ટિ કરનાર પૂષા બને છે. તું આ સર્વ ભુવનને પ્રકાશિત કરે છે. હે સવિતૃ, શ્યાવાશ્વ ઋષિએ તારી સ્તુતિને પ્રાપ્ત કરી છે.

---

૧. અક્ષરાર્થ છે—બેપગાં તથા ચોપગાં પ્રાણી. પણ પદ્ શબ્દનો અર્થ પગલું પણ થાય છે, જેમના પર આત્મા પોતાને પ્રતિષ્ઠિત કરે છે. તેનો આંતરિક અધ્યાત્મ અર્થ આ છે—નિમ્ન લોકના ચતુર્વિધ તત્ત્વમાં રહેનારાં, તથા દિવ્ય તેમ જ માનવ—એ દ્વિવિધ તત્ત્વમાં રહેનારા.

વરુણ-સૂક્ત

૫, ૮૫

[આ સૂકતમાં પહેલેથી છેલ્લે સુધી બે અર્થો છે. બાહ્ય અર્થમાં, વરુણની સર્વજ્ઞ તથા સર્વશકિતમાન અસુર તરીકે—દેવ તથા સ્રષ્ટા તરીકે, લોકની રચના કરતા તથા આકાશ—પૃથ્વી—અંતરિક્ષમાં વસ્તુઓના નિયમને ટકાવી રાખતા સર્જનાત્મક જ્ઞાનવાળા તથા શકિતવાળા દેવ તરીકે, સ્તુતિ કરવામાં આવી છે. આંતર અર્થમાં, ભૌતિક બાહ્ય દૃશ્યો રૂપકો બની જાય છે; તે અર્થમાં આ અનંત દેવની સર્વવ્યાપક જ્ઞાન તથા વિશુદ્ધિ વડે આપણા અસ્તિત્વના ત્રણ લોકોને જ્ઞાનના સૂર્ય પ્રત્યે ખુલ્લા કરતો, ઋતના પ્રવાહોને નીચે વરસાવતો, પ્રાણને નિમ્ન અસ્તિત્વના પાપમાંથી તથા અનૃતમાંથી પવિત્ર બનાવતો, વર્ણવવામાં આવ્યો છે. આ સૂકતમાં બાહ્ય તથા આંતર—આધ્યાત્મિક, બંને અર્થો વણી લેવામાં આવ્યા છે.]

(૧)

સર્વજ્ઞ સ્રષ્ટા

प्र सम्राजे बृहदर्चा गभीरं ब्रह्म प्रियं वरुणाय श्रुताय ।
वि यो जघान शमितेव चर्मोपस्तिरे पृथिवीं सूर्याय ।।१।।

(૧) જેણે પશુનાં ચામડાં ચીરનારની પેઠે, સૂર્ય માટે ચર્મસમાન પૃથ્વીને ફાડીને પાથરી, તે સમ્રાટ, વિખ્યાત, વરુણ પ્રત્યે તું વિશાળ, ગહન, પ્રિય શબ્દનું ગાન કર.

वनेष व्यन्तरिक्षं ततान वाजमर्वत्सु पय उस्रियासु ।
हृत्सु क्रतुं वरुणो अप्स्वग्निं दिवि सूर्यमदधात् सोममद्रौ ।।२।।

(૨) તેણે વનોમાં અંતરિક્ષને વિસ્તાર્યું; તેણે અશ્વોમાં બળ, ગાયોમાં દૂધ, હૃદયમાં સંકલ્પ-શકિત, જળોમાં અગ્નિ, દ્યુલોકમાં સૂર્ય, અને અદ્રિ ઉપર સોમવલ્લી મૂકયાં.

नीचीनबारं वरुणः कबन्धं प्र ससर्ज रोदसी अन्तरिक्षम् ।
तेन विश्वस्य भुवनस्य राजा यवं न वृष्टिर्व्युनत्ति भूम ।।३।।

(૩) વરુણે આકાશ-પૃથ્વી-અંતરિક્ષ ઉપર નીચે ઊધડતી બારીઓવાળા જળોને ધારણ કરનારને મુકત કર્યો–રેલાવ્યો. વૃષ્ટિ જેમ ધાન્યના ક્ષેત્રને પરિપ્લાવિત કરે, તેમ તે કબંધ વડે ભુવનનો રાજા પૃથ્વીને પરિપ્લાવિત કરે છે.

उनत्ति भूमिं पृथिवीमुत द्यां यदा दुग्धं वरुणो वष्ट्यादित् ।
समभ्रेण वसत पर्वतासस्तविषीयन्तः श्रथयन्त वीराः ।।४।।

(૪) વરુણ વિશાળ આકાશ-પૃથ્વીને પરિપ્લાવિત કરે છે, જ્યારે તે સ્વર્ગના દૂધની ઇચ્છા કરે છે, ત્યારે તે વૃષ્ટિ વરસાવે છે; પર્વતો વાદળ રૂપી વસ્ત્રો વડે આવેષ્ટિત થાય છે, બળવાન વીરો (તુફાનના દેવો, મરુતો) તેમના બળને પ્રગટ કરે છે, બધાને જમીનદોસ્ત કરી નાખે છે.

इमामू ष्वासुरस्य श्रुतस्य महीं मायां वरुणस्य प्र वोचम् ।
मानेनेव तस्थिवाँ अन्तरिक्षे वि यो ममे पृथिवीं सूर्येण ।।५।।

(૫) મેં વિખ્યાત, મહાન, વરુણના સર્જનાત્મક જ્ઞાનને (માયાને) વર્ણવ્યું; જે વરુણે, અંતરિક્ષમાં માપદંડ લઈને ઊભા રહી, સૂર્ય વડે પૃથ્વીને માપી લીધી.

इमामू नु कवितमस्य मायां महीं देवस्य नकिरा दधर्ष ।
एकं यदुद्ना न पृणन्त्येनीरासिञ्चन्तीरवनयः समुद्रम् ।।६।।

(૬) આ શ્રેષ્ઠ કવિ, વરુણદેવની મહાન માયાનો સામનો કરવાની હિંમત કોઈ કરી શકે તેમ નથી; આ બધી વહેતી નદીઓ પોતાનાં જળ વડે એક સમુદ્રને પરિપૂર્ણ કરી શકતી નથી.

अर्यम्यं वरुण मित्र्यं वा सखायं वा सदमिद् भ्रातरं वा ।
वेशं वा नित्यं वरुणारणं वा यत् सीमागश्चकृमा शिश्रथस्तत् ।।७।।

(૭) અમે અર્યમાના નિયમની વિરુદ્ધ, મિત્રના નિયમની વિરુદ્ધ, ભાઈની વિરુદ્ધ, ભાઈબંધની વિરુદ્ધ, સતત પડોશીની વિરુદ્ધ, શત્રુની (અથવા —અજાણ્યાની) વિરુદ્ધ—જે કોઈ પાપ કર્યું હોય, હે વરુણ, તે દૂર કર.

कितवासो यद् रिरिपुर्न दीवि यद् वा घा सत्यमुत यन्न विद्म ।
सर्वा ता वि ष्य शिथिरेव देवाधा ते स्याम वरुण प्रियासः ।।८।।

(૮) જુગાર ખેલતા લુચ્ચા જુગારીઓ પેઠે અમે જે પાપ કર્યું હોય, સત્યની વિરુદ્ધ કે અજાણતાં અમે જે પાપ કર્યું હોય, હે વરુણ દેવ, તે સર્વ પાપોને શિથિલ ફળોની પેઠે તું દૂર કર; અમે તને પ્રિય બનીએ.

(૨)

અનંત જ્ઞાનનો શકિતશાળી સ્વામી

[ઋષિ વરુણને અનંત વિશુદ્ધિના અને જ્ઞાનના સ્વામી તરીકે આવાહન કરે છે, જે દેવ આપણા પાર્થિવ અસ્તિત્વને જ્ઞાનના સૂર્યના વાદળ-રહિત પ્રકાશ પ્રત્યે ખુલ્લું કરે છે, આપણા માનસિક—પ્રાણિક—શારીરિક ત્રિવિધ અસ્તિત્વ ઉપર ઋતનાં જળોને રેલાવે છે, અને પોતાની શકિત વડે આપણાં જીવનમાંથી સર્વ પાપોને તથા અનૃતોને દૂર કરે છે. તે આપણી કામનાઓના આનંદપ્રદ પદાર્થોની ભાંગી-તૂટી શોધથી પર, આપણા પ્રાણિક અસ્તિત્વની મુકત વિશાળતાનું સર્જન કરે છે, આપણી ઝઘડતી પ્રાણશકિતઓમાં પ્રાચુર્યને મૂકી આપે છે, આપણાં વિચારોનાં પ્રકાશયુકત ધણોમાં સ્વર્ગની દેણ સ્થાપી આપે છે; તેણે આપણા હૃદયોમાં સંકલ્પ મૂકી આપ્યો છે, અસ્તિત્વનાં જળોમાં અગ્નિરૂપી દિવ્ય શકિતને મૂકી આપી છે, મનના ઉચ્ચતમ સ્વર્ગમાં દિવ્ય જ્ઞાનનો સૂર્ય મૂકી આપ્યો છે; અને આપણા અસ્તિત્વના અનેક ભૂમિકાઓવાળા અદ્રિ પર આનંદપૂર્ણ સોમ રસની ઓષધિને મૂકી આપી છે. આ બધાં સાધનો દ્વારા આપણે અમૃતત્વની પ્રાપ્તિ કરીએ છીએ. તે આપણા સમગ્ર શારીરિક અસ્તિત્વમાં, પોતાના જ્ઞાન સૂર્યના ઋત-પ્રકાશ અનુસાર, પોતાના જ્ઞાન વડે બધી યોજનાઓનો નકશો તૈયાર કરે છે, અને પોતાના અનંત અસ્તિત્વની તથા ચેતનાની એકતાનું સર્જન, ઋત-ભૂમિકાની સાત નદીઓ વડે, કરે છે, જે નદીઓ પોતાના જ્ઞાન-પ્રવાહોને તે ભૂમિકામાં, તેની અનંતતાને પરિપૂર્ણ કર્યા સિવાય, રેલાવે છે.]

(૧) ખૂબ પ્રસિદ્ધ પ્રેરણાઓવાળા, સર્વના શાસક[૧] વરુણ પ્રત્યે પ્રેરણામય વિશાળ, ગહન, આનંદપૂર્ણ, પ્રકાશયુકત આત્મ-શબ્દની સ્તુતિ કરો; કારણ કે પૃથ્વી પર, પ્રકાશમય સૂર્યની નીચે, તેણે ચર્મકાર જેમ ચર્મને પ્રસારે તેમ, અંધકારને દૂર કરીને પ્રકાશ પ્રસાર્યો છે.[૨]

---

૧. આ બે વિશેષણો દિવ્ય અસ્તિત્વની બે બાજુઓનું—સર્વજ્ઞતા તથા સર્વ-શકિતમત્તાનું વર્ણન કરે છે—मायामसुरस्य श्रुतस्य । પોતાનું દિવ્યીકરણ કરતા, માનવે, દેવની પ્રતિકૃતિ રૂપે, ઋષિ અને રાજા બનવાનું છે.

૨. ભૌતિક મનની મર્યાદાઓ દૂર થઈ જાય છે, અને વિજ્ઞાનના પ્રકાશના આવિષ્કારોને તથા પ્રેરણાઓને ઝીલવા માટે, તે મહાન વિશાળતામાં વિસ્તૃત બને છે.

(૨) પાર્થિવ આનંદનાં વનો ઉપર[1], અંતરિક્ષમાં, તે વિશાળતાપૂર્વક વિસ્તર્યા છે; તેણે પ્રાણના અશ્વોમાં પ્રાચુર્ય મૂકયું છે, જ્ઞાનની[2] ગાયોના ધણમાં સ્વર્ગીય દૂધ મૂકયું છે, તેણે આપણાં હૃદયોમાં સંકલ્પ (ક્રતુ, યજ્ઞમય સંકલ્પશકિત) મૂકયો છે,[3] જળોમાં અગ્નિ[4] મૂકયો છે, આપણાં સ્વર્ગોમાં પ્રકાશમય સૂર્યને મૂકયો છે, આપણા અસ્તિત્વના અદ્રિ[5] ઉપર આનંદની સોમવલ્લી મૂકી છે.

(૩) વરુણે આપણા આકાશ-પૃથ્વી-અંતરિક્ષ ઉપર નીચે ઊઘડતી બારીઓ-વાળા, જ્ઞાનને ધારણ કરનારને[6] રેલાવ્યો છે; તેના વડે આપણા અસ્તિત્વનો રાજા, વૃષ્ટિને જેમ ધાન્યના ક્ષેત્રને આપ્લાવિત કરે તેમ, આપણી પૃથ્વીને આપ્લાવિત કરે છે.

(૪) જ્યારે વરુણ તે દૂધની[7] કામના કરે છે, ત્યારે તે પોતાની વિશાળતા વડે આપણાં પૃથ્વી-આકાશને આપ્લાવિત કરે છે, વૃષ્ટિ વરસાવે છે; પર્વતો પર વાદળ છવાઈ જાય છે, તેના[8] ગણો પોતાના બળને પ્રગટ કરે છે અને બધાંને અસ્ત-વ્યસ્ત કરી મૂકે છે.

---

૧. વાયુ—પ્રાણમય ભૂમિકાના દેવના પ્રદેશરૂપ, આપણા પ્રાણમય લોકનો—અંત-રિક્ષનો પાયો છે. વનો—પૃથ્વીની આનંદપ્રદ વૃદ્ધિઓ (વનનો અર્થ 'આનંદ' પણ થાય છે). તે કામનાઓની સંતુષ્ટિનો લોક છે. જ્ઞાન તથા ઋતના નિયમ વડે, પ્રાણમય ભૂમિકા પર પૂર્ણ વિસ્તારમાં પ્રસારિત થઈ છે, તે મર્યાદાથી મુકત બની છે, જેથી તે દિવ્ય આનંદને પ્રાપ્ત કરી શકે.

૨. उस्त्रिया, પ્રકાશયુકત તથા ગાય.

૩. અસ્તિત્વનો સમુદ્ર; અથવા ઊર્ધ્વમાંથી અવતીર્ણ થતાં, ઋતનાં જળો.

૪. દિવ્ય સંકલ્પ-શકિતનો અગ્નિ, જે યજ્ઞનો સ્વીકાર કરે છે, તેનો પુરોહિત બને છે.

૫. આપણા અસ્તિત્વને હમેશાં અદ્રિ સાથે સરખાવવામાં આવ્યું છે; તેનાં શિખરો તે અસ્તિત્વની ભૂમિકાઓ છે.

૬. વિજ્ઞાન, અનંતનાં સંકલ્પને તથા જ્ઞાનને ઝીલવા માટે ઊર્ધ્વમાં ખુલ્લું હોય છે; અહીં તેની બારીઓ, નિમ્ન અસ્તિત્વ પર પોતાની સમૃદ્ધિને રેલાવવા માટે, નીચે ખુલ્લી છે.

૭ અનંત ચેતનારૂપ અદિતિ ગાયનું દૂધ.

૮. મરુતો પરિપૂર્ણ વિચાર-જ્ઞાનને પ્રાપ્ત થયેલી પ્રાણ-શકિતઓ છે. તેઓ આવરણ કરનાર વાદળરૂપ વૃત્રનો સંહાર કરવામાં ઈન્દ્રને મદદ કરે છે. ઋતનાં જળોને રેલાવવામાં, વલ વડે નિગૂઢ સૂર્યને પ્રગટ કરવામાં મદદ કરે છે. તે બે વિચારોને અહીં જુદા રૂપકમાં સંયુકત કરવામાં આવ્યા છે.

(૫) ખૂબ વિખ્યાત; શકિતશાળી દેવ, વરુણનું આ જ્ઞાન (માયા) મહાન છે, જેની હું સ્તુતિ કરું છું; કારણ કે તે માપ-દંડ લઈને આપણા અંતરિક્ષમાં ખડો છે, અને તેના પ્રકાશક સૂર્ય[૧] વડે આપણી પૃથ્વીને માપી લે છે.

(૬) સૌથી શ્રેષ્ઠ ઋષિ એવા વરુણનું આ જ્ઞાન (માયા) મહાન છે, કારણ કે કોઈ તેમાં ન્યૂનતા લાવી શકતું નથી. સમુદ્રરૂપ તેનામાં પ્રકાશયુકત પોષક નદીઓ[૨] પોતાનાં જળોને રેડે છે, પણ તે ભરાતો નથી.

(૭) તારી વિરુદ્ધ, આર્યમાની વિરુદ્ધ, મિત્રની વિરુદ્ધ, ભાઈની વિરુદ્ધ, ભાઈબંધની વિરુદ્ધ, સનાતન પડોશીની વિરુદ્ધ, યોદ્ધાની (દસ્યુની) વિરુદ્ધ— જાણ્યે-અજાણ્યે અમે જે કોઈ પાપ કર્યું હોય, તેને હે વરુણ, દૂર કર.

(૮) જુગાર ખેલતા કપટી જુગારીઓની પેઠે, અમે ઋત સામે, અજાણતાં જે કોઈ પાપ કર્યું હોય, તેને શિથિલ ફલોની પેઠે, દૂર કર. હે વરુણ, અમે તને પ્રિય બનીએ.

---

૧. માનવ શારીરિક અસ્તિત્વમાં જીવે છે. વરુણ તેમાં વિજ્ઞાનના પ્રકાશને લાવે છે; વિજ્ઞાન-સૂર્ય વડે આલોકિત મન દ્વારા, ઋતનાં પાપોમાં, તે આપણા પાર્થિવ અસ્તિત્વને માપી લે છે—ઘડે છે; તે આપણી પ્રાણિક ભૂમિકા પર, માનસિક તથા શારીરિક ભૂમિકાઓની કડીરૂપ ભૂમિકા પર, પ્રકાશને ઝીલવા ઊભો રહે છે, અને તે પ્રકાશને, સર્જનાત્મક તથા નિર્ણાયક શકિત રૂપે, પૃથ્વીમાં મોકલી આપે છે.

૨. ઋત-ભૂમિકા પરથી અવતીર્ણ થતી, સાત નદીઓ. અહીં તેને अवनय: કહી છે, જેનો અર્થ, धेनव: ની પેઠે, 'પોષક ગાયો' થાય છે.

વૈદિક સૂક્ત

૭, ૬૦

હે સૂર્ય, હે પ્રકાશ, આજે ઉદય-કાલે તેં પ્રેમના દેવ મિત્રને તથા વિશુદ્ધિના દેવ વરુણને નિર્દોષ ઋત પ્રગટ કર્યું છે, એટલે અમે તને પ્રિય; હે માતા અદિતિ, તને પ્રિય; હે બળના સ્વામી, તને પ્રિય દેવત્વમાં શબ્દ વડે અસ્તિત્વને ધારણ કરીએ. હે મિત્ર તથા વરુણ, આ આત્માને શોધે છે, વ્યાપક વિશાળતામાં આકાશ-પૃથ્વી પર ઊગતો સૂર્ય છે, તે સર્વ સ્થાવર-જંગમનું રક્ષણ કરે છે, કારણ કે તે મર્ત્યોમાં રહેલી સરળતાઓને તથા વક્રતાઓને જુએ છે. આ પ્રકાશમય સૂર્યે આજે, અમારી સિદ્ધિના લોકમાં, સાત પ્રકાશયુકત શકિત-ઓને જોતરી છે; તેઓ તેને પોતાની સ્પષ્ટતા ઉપર (ઘૃત) વહન કરે છે; ગોવાળિયો જેમ ગાયોની દેખભાળ કરે તેમ તે આત્માનાં ઘરોની તથા તેનાં જન્મસ્થાનોની દેખભાળ કરે છે.

તમારી મધુયુકત સંતુષ્ટિઓ ઊર્ધ્વમાં ગતિ કરે છે, કારણ કે અમારા સૂર્યે વિશુદ્ધ પ્રકાશના સમુદ્રમાં આરોહણ કર્યું છે; તેને માટે અનંતતાના પુત્રો માર્ગનું નિર્માણ કરે છે—પ્રેમનો સ્વામી મિત્ર, બળનો સ્વામી અર્યમા, તથા વિશુદ્ધિનો સ્વામી વરુણ, એક સંવાદમયતામાં, તે માર્ગનું નિર્માણ કરે છે. આ દેવો વિવેચના-શકિતવાળા છે, તેઓ અમારા ઘણા અનૃતને દૂર કરે છે—આ પ્રેમના, બળના વિશુદ્ધિના સ્વામીઓ. અનંતના બળવાન, અપરાજિત, આ પુત્રો ઋતના ઘરમાં વૃદ્ધિ પામે છે. આ પ્રેમ અને વિશુદ્ધિને દબાવી શકાય તેમ નથી; તેઓ જ્ઞાન વગરનાને, પોતાની વિવેચનાઓ વડે, જ્ઞાન આપે છે; તેને તેઓ સત્ય દર્શનાવાળા સંકલ્પના આવેગો આપે છે; તેઓ તેને પાપ-રહિત માર્ગે પાર લઈ જાય છે. નિદ્રા-રહિત આંખોવાળા, આ દેવો અજ્ઞાની માણસની પૃથ્વીમાં બધું જુએ છે અને જાણે છે; તેઓ તેને દોરવણી આપે છે; યાત્રામાં તે માણસ નદીમાં એક અમાપ ઊંડાણવાળા ખાડા પાસે આવે છે, પણ તે દેવો તેને કુશળ-ક્ષેમ સામે કિનારે વિશાળતામાં પાર લઈ જાય છે. અદિતિ—અનંત માતા અને પ્રેમના તથા વિશુદ્ધિના દેવો યજમાનને જે શાંતિ, રક્ષણ અને સુખ આપે છે, તેમના પર

અમને અમારાં સર્વ સર્જનોનો તથા રચનાઓનો પાયો ચણવા દો; હે ઝડપી યાત્રીઓ, અમે દેવો સામે કોઈ પાપ ન આચરીએ.

જેને વિશુદ્ધિનો સ્વામી વરુણ ધારણ કરે છે, તે યજ્ઞના સામર્થ્ય વડે, સર્વ હાનિકારક શકિતઓને હાંકી કાઢે છે. હે બળના સ્વામી અર્યમા, યજમાનની હાનિઓને તથા ભેદમયતાને દૂર કર; હે પ્રાચુર્યના દાતાઓ, તેને માટે વિશાળ બીજા લોકનું નિર્માણ કરો. આ બે દેવો એકઠા મળીને આવે, કે તરત જાજ્વલ્ય-માન શકિત અને પ્રકાશનો લોક પ્રગટ થાય છે; તેઓ પાસે આવતાં, પોતાના બળ વડે સર્વનો પરાભવ કરે છે. અમે તમારા ભયથી ધ્રૂજીએ છીએ; તમારી વિવેચનાના મહિમા વડે અમને સ્વસ્થ બનાવો. જ્યારે માનવ યજ્ઞ વડે સત્ય મનોમયતાને, પરમ સુખની પ્રાપ્તિ કરવા માટે, જીતે છે, ત્યારે બળવાન યોદ્ધાઓ ખજાનાના સ્વામીઓ તેના લાગણીવશ હૃદયને ચોંટી જાય છે, અને તે હૃદયને પરિપૂર્ણ સ્વભાવવાળું, તેના નિવાસ-સ્થાનરૂપ, વિશાળ ઘર બનાવે છે. અમે તને આ દિવ્ય પ્રભુના કાર્યમાં, અમારા યજ્ઞોમાં પુરોહિત બનાવ્યો છે, દિવ્ય પ્રતિનિધિ બનાવ્યો છે; અમને મુશ્કેલીભર્યાં સ્થાનોમાંથી સલામત દોરી જા. અમને સદા સ્થિર સુખો—આનંદો આપ.

यदद्य सूर्य ब्रबोऽनागा उद्यन् मित्राय वरुणाय सत्यम् ।
वयं देवत्रादिते स्याम तव प्रियासो अर्यमन् गृणन्तः ।।१।।

एष स्य मित्रावरुणा नृचक्षा उभे उदेति सूर्यो अभि ज्मन् ।
विश्वस्य स्थातुर्जगतश्च गोपा ऋजु मर्तेषु वृजिना च पश्यन् ।।२।।

अयुक्त सप्त हरितः सधस्थाद् या ईं वहन्ति सूर्यं घृताचीः ।
धामानि मित्रावरुणा युवाकुः सं यो यूथेव जनिमानि चष्टे ।।३।।

उद् वां पृक्षासो मधुमन्तो अस्थुरा सूर्यो अरुहच्छुक्रमर्णः ।
यस्मा आदित्या अध्वनो रदन्ति मित्रो अर्यमा वरुणः सजोषाः ।।४।।

इमे चेतारो अनृतस्य भूरेर्मित्रो अर्यमा वरुणो हि सन्ति ।
इम ऋतस्य वावृधुर्दुरोणे शग्मासः पुत्रा अदितेरदब्धाः ।।५।।

इमे मित्रो वरुणो दूलभासोऽचेतसं चिच्चितयन्ति दक्षैः ।
अपि क्रतुं सुचेतसं वतन्तस्तिरश्चिदंहः सुपथा नयन्ति ।।६।।

इमे दिवो अनिमिषा पृथिव्याश्चिकित्वांसो अचेतसं नयन्ति ।
प्रव्राजे चिन्नद्यो गाधमस्ति वारं नो अस्य विष्पतस्य पर्षन् ।।७।।

यद् गोपावददितिः शर्म भद्रं मित्रो यच्छन्ति वरुणः सुदासे ।
तस्मिन्ना तोकं तनयं दधाना मा कर्म देवहेलनं तुरासः ।।८।।

अव वेदिं होत्राभिर्यजेत रिपः काश्चिद् वरुणध्रुतः सः ।
परि द्वेषोभिरर्यमा वृणक्तूरुं सुदासे वृषणा उ लोकम् ।।९।।

सस्वश्चिद्धि समृतिस्त्वेष्येषामपीच्येन सहसा सहन्ते ।
युस्मद् भिया वृषणो रेजमाना दक्षस्य चिन्महिना मृलता नः ।।१०।।

यो ब्रह्मणे सुमतिमायजाते वाजस्य सातौ परमस्य रायः ।
सीक्षन्त मन्युं मघवानो अर्य उरु क्षयाय चक्रिरे सुधातु ।।११।।

इयं देव पुरोहितिर्युवभ्यां यज्ञेषु मित्रावरुणावकारि ।
विश्वानि दुर्गा पिपृतं तिरो नो यूयं पात स्वस्तिभिः सदा नः ।।१२।।

રહસ્યમય સોમનો દેવ[1]

(૧)

૯, ૪૨

जनयन् रोचना दिवो जनयन्नप्सु सूर्यम् ।
वसान्नो गा अपो हरिः ।।१।।

(૧) દ્યુલોકના[2] પ્રકાશમય લોકોનું સર્જન કરતો, જળોનાં[3] સૂર્યને જન્માવતો, પ્રકાશયુક્ત સોમ[4] ગાયો તથા જળો રૂપી વસ્ત્રોને ધારણ કરે છે.

एष प्रत्नेन मन्मना देवो देवेभ्यस्परि ।
धारया पवते सुतः ।।२।।

(૨) પ્રાચીન વિચાર વડે, દેવોની આસપાસ વીંટાઈને રહેલો દેવ, સોમ-રસ, વાટીને નીતારાયેલો, ધારામાં વહે છે.

वावृधानाय तूर्वये पवन्ते वाजसातये ।
सोमाः सहस्रपाजसः ।।३।।

(૩) વૃદ્ધિ પામતા, વેગપૂર્વક ગતિ કરતા,[5] માનવ માટે, પ્રાચુર્યોની પ્રાપ્તિ થાય તે હેતુથી, હજાર બળવાળા સોમરસો વહે છે.

---

૧. આ બે સૂક્તોનો મેં અક્ષરશઃ અનુવાદ કર્યો છે, માનસશાસ્ત્રીય પર્યાયોનો ઉપયોગ તેમાં નથી કર્યો, જેથી વેદની મૂળ રૂપકમયતાનો વાચકને ખ્યાલ આવે.

૨. સ્વર્‌ના ત્રણ લોકો.

૩. અગ્નિ, સૂર્ય અને સોમ જળોમાં—સાત નદીઓમાં દેખાય છે.

૪. પ્રકાશો.

૫. બધાં વિઘ્નોને ભેદીને માર્ગમાં આગળ વધતા; યજ્ઞ માનવની વૃદ્ધિના તથા યાત્રાના રૂપકમાં વર્ણવાયો છે.

दुहानः प्रत्नमित् पयः पवित्रे परि षिच्यते ।
क्रन्दन् देवाँ अजीजनत् ।।४।।

(૪) દોહન કરતા પ્રાચીન અન્નરૂપ સોમ પવિત્ર કરનાર ગળણીમાં રેડાય છે; અવાજ કરતો તે દેવોને જન્માવે છે.

अभि विश्वानि वार्याऽभि देवाँ ऋतावृधः ।
सोमः पुनानो अर्षति ।।५।।

(૫) પોતાને પવિત્ર કરતો સોમ બધાં અભીષ્ટ વરદાનો પ્રત્યે, ઋતમાં વૃદ્ધિ કરતા દેવો પ્રત્યે, ગતિ કરે છે.

गोमन्नः सोम वीरवदश्वावद्वाजवत् सुतः ।
पवस्व बृहतीरिषः ।।६।।

(૬) હે સોમ, જ્યારે તને વાટવામાં આવે, ત્યારે તું અમારે માટે ગાયોથી યુકત, વીરોથી યુકત, અશ્વોથી યુકત, પ્રાચુર્યોથી યુકત સમૃદ્ધિને તથા વિશાળ આવેગોને[1] વહી લાવ.

(૨)

૯, ૭૫

अभि प्रियाणि पवते चनोहितो नामानि यह्वो अधि येषु वर्धते ।
आ सूर्यस्य बृहतो बृहन्नधि रथं विष्वञ्चमरुहद्विचक्षणः ।।१।।

(૧) આનંદમાં મુકાયેલો તે સોમ પ્રિય નામો તરફ વહે છે, જે નામોમાં તેને વૃદ્ધિ પ્રાપ્ત થાય છે. વિશાળ તથા જ્ઞાનયુકત સોમ વિશાળ સૂર્યના વૈશ્વિક ગતિવાળા રથમાં આરોહણ કરે છે.

ऋतस्य जिह्वा पवते मधु प्रियं वक्ता पतिर्धियो अस्या अदाभ्यः ।
दधाति पुत्रः पित्रोरपीच्यं नाम तृतीयमधि रोचने दिवः ।।२।।

(૨) ઋતની જીભ, પ્રિય મધુ (સોમરસ), વકતા, આ વિચારનો અપરાજિત

---

૧. સાયણ એનો અર્થ 'વિશાળ અન્નો' કરે છે. અહીં અન્નવાચક બે શબ્દો છે—ઇષ્ અને વાજ; એટલે તે વાજના અર્થ સમૃદ્ધિ કરે છે—અમને ગાયો, યોદ્ધાઓ, અશ્વો, અન્નોની સાથે સાથે સમૃદ્ધિ આપ.

સ્વામી, સોમ વહે છે. પુત્ર દ્યુલોકના પ્રકાશમય ધામમાં માત-પિતાનું[1] ગૂઢ નામ મૂકી આપે છે.

अव द्युतानः कलशाँ अचिक्रदन्नृभिर्येमानः कोश आ हिरण्यये ।
अभीमृतस्य दोहना अनूषताऽधि त्रिपृष्ठ उषसो वि राजति ।।३।।

(૩) પ્રકાશમાં પ્રગટ થતો, તે માણસો વડે દોરવાતો, સુવર્ણમય કોશમાં કળશોમાં અવાજ કરે છે; તેનામાં ઋતનાં દૂધ પ્રગટ થાય છે,[2] તે ઉષાના ત્રિવિધ પૃષ્ઠ ઉપર વિશાળતાપૂર્વક પ્રકાશે છે.

अद्रिभिः सुतो मतिभिश्चनोहितः प्ररोचयन् रोदसी मातरा शुचिः ।
रोमाण्यव्या समया वि धावति मधोर्धारा पिन्वमाना दिवेदिवे ।।४।।

(૪) પથ્થરો વડે પીસાયેલો, વિચારો વડે આનંદમાં મુકાયેલો, વિશુદ્ધ, આકાશ-પૃથ્વીરૂપ બે માતાઓને પ્રકાશિત કરતો, તે બધાં ઘેટાનાં રોમોમાંથી[3] ગળાઈને સમતાપૂર્વક વહન કરે છે; તેના મધુની ધારા રોજ રોજ વૃદ્ધિ પામે છે.

परि सोम प्र धन्वा स्वस्तये नृभिः पुनानो अभि वासयाशिरम् ।
ये ते मदा आहनसो विहायसस्तेभिरिन्द्रं चोदय दातवे मघम् ।।५।।

(૫) હે સોમ, અમારા સુખ માટે સર્વત્ર વહન કર; માણસો વડે પવિત્ર કરાયેલો તું મિશ્રણોનાં વસ્ત્રોને ધારણ કર. પ્રહાર કરનારા, વિશાળ વિસ્તારવાળા, તારા આનંદો વડે ઇન્દ્રને અમને પ્રાચુર્ય આપવા પ્રેરણા કર.[4]

---

૧. આકાશ તથા પૃથ્વી. ત્રણ આકાશો તથા ત્રણ પૃથ્વી છે; તેમના શિખર પર ત્રિવિધ સ્વર્લોક છે; તેને ઉષાની ત્રિવિધ નિમ્ન લોકની ભૂમિકાઓ તરીકે વર્ણવ્યો છે. સ્વર્લોક વિશાળ સૂર્ય છે, સત્ય—ઋત—બૃહત્ છે.

૨. અથવા, ઋતને દોહનારા તેને માટે સ્તુતિ ઉચ્ચારે છે.

૩. ગળણી ઘેટીની રુંવાંટીના વાળો વડે બનાવેલી હોય છે. ઇન્દ્ર ઘેટો છે; એટલે ઘેટી ઇન્દ્રની શકિત છે, દિવ્યી કૃત ઇન્દ્રિય—મન છે (इन्द्रियम्)

૪. સોમમાં જળ, દૂધ તથા જવનું મિશ્રણ કરવામાં આવતું. સોમે જળરૂપી, તથા પ્રકાશમય ઉષાનાં—ગાયનાં તેજરૂપી વસ્ત્રો ધારણ કરવાનાં છે.

વિચાર-દેવોનું સૂક્ત

૫, ૫૨—૫૮ સૂકતોના આધારે

મારા આત્મામાં વિચાર-દેવોનો પ્રકાશયુકત ગણ ઉદય પામ્યો છે, અને તેમની આગેકૂચમાં તે હૃદયના પ્રકાશનું ગીત ગાય છે. હે આત્મા, આગેકૂચ કર, તેમના ઉગ્ર અને બળવાન ગીત સાથે વેગપૂર્વક આગળ વધ. કારણ કે તે અનૃત પ્રત્યે છેહ ન દેનારી પ્રેરણા વડે મદોન્મત્ત બન્યા છે, કારણ કે સનાતન પ્રકૃતિનું ઋત તેમને દોરી રહ્યું છે. તેઓ સુસ્થિર અને જાજ્વલ્યમાન પ્રકાશના સાથીદારો છે; તેઓ તેમનાં ઉચ્ચ આક્રમણોનું કાર્ય પ્રકાશની શકિત વડે કરે છે; વિજયી એવા તે માર્ગમાં ઉગ્રતાપૂર્વક આગેકૂચ કરે છે; આત્મ-રક્ષક તેઓ આત્માનું અનૃતની સામે રક્ષણ કરે છે; કારણ કે અનેક એવા તે પ્રકાશમય હારબંધ ઊભા રહી સતત આગેકૂચ કરી રહ્યા છે. આગળ દોડતા વૃષભોની હાર પેઠે, તે ઉગ્ર છે; તેમની સામે રાત્રિઓ આવે છે, પણ તે રાત્રિઓને ટપી જાય છે; આપણા વિચારો દ્વારા તે આપણી પૃથ્વીનો કબજો લે છે, અને તે વિચારો સાથે તેઓ સ્વર્ગો પ્રત્યે ઊર્ધ્વમાં ગતિ કરે છે. તેઓ શકિત-વિહોણા અર્ધપ્રકાશો નથી, પણ આક્રમણ કરવામાં બળવાન છે, સિદ્ધિ પ્રાપ્ત કરવા સમર્થ છે. તેઓ પ્રકાશના ભાલાને ધારણ કરે છે, અને અંધકારના પુત્રો ઉપર તેમના વડે પ્રહાર કરે છે; વિચાર-દેવોની ચમકતી વીજળીઓ રાત્રિને ભેદે છે, અને તેમના યુદ્ધ-લલકારથી આપણા આત્મામાં સ્વર્ગનો પ્રકાશ ઉદય પામે છે. ઋત તેમનું પ્રકાશયુકત બળ છે; વિચાર-દેવોનો ગણ આત્માના ઘડનારા છે; તેઓ તેના અમૃતત્વનું નિર્માણ કરે છે; તેઓ તેમના રથના ઘોડાને આપણા જીવનને જોતરે છે, અને પોતાના લક્ષ્યરૂપ આનંદ પ્રત્યે તેઓ ઘોડાને આગળ દોડાવે છે.

તેમણે અનેક પ્રવાહોવાળી પરુષ્ણિમાં પોતાનાં અંગોને સ્નાન કરાવ્યું છે, તેમણે નવીન દિવ્ય વસ્ત્રો ધારણે કર્યાં છે. હવે પોતાના રથોનાં ચક્રો વડે તેમણે પ્રકૃતિની ગૂઢ ગુહાઓને ખોલી નાખી છે. કેટલીક વાર તેઓ હજાર ફંટાતા માર્ગો પર આગેકૂચ કરે છે, કેટલીક વાર તેઓ સીધા લક્ષ્ય પ્રત્યે દોડી જાય છે; કેટલીક વાર તેમના માર્ગો અંદર હોય છે, કેટલીક વાર તેઓ પ્રકૃતિના

હજાર બાહ્ય માર્ગોનું અનુસરણ કરે છે; તેમના દેવત્વનાં અનેક નામો વડે, તેમની સદા-વિસ્તૃત આગેકૂચ વડે, વિશ્વયજ્ઞ પરિપૂર્ણ બને છે. કેટલીક વાર તેઓ આપણી પ્રાણ-શકિતઓ રૂપે ઝડપી ગતિ કરે છે; કેટલીક વાર તેઓ દેવો, આત્માની શકિતઓ બની જાય છે; છેવટે તેઓ પરમ લોકનાં સ્વરૂપોને, દર્શનાનાં તથા પ્રકાશનાં સ્વરૂપોને ધારણ કરે છે. તેમણે લક્ષ્યની પ્રાપ્તિ કરી છે, તે લોકની છંદોમયતાઓને ધારણ કરે છે—ટેકવે છે; ગાતા-ગાતા તેઓ વસ્તુઓના મૂળ સ્રોતની આસપાસ પોતાનું પ્રકાશમય નૃત્ય રચે છે; તેઓ પરમ સ્વરૂપોના સ્રષ્ટા છે, તેઓ આત્માની દર્શનાને વિસ્તૃત કરે છે, અને આત્માને દિવ્ય પ્રકાશની જવાળા બનાવી દે છે. કારણ કે તે ઋતના વેગપૂર્ણ શોધકો છે; તેમની વીજળીઓ ઋતને વીંધી નાખે છે, શોધી કાઢે છે; તેઓ દ્રષ્ટાઓ છે, સ્રષ્ટાઓ છે, વિધાતાઓ છે; સ્વર્ગની શકિત તેમનાં આક્રમણોને પ્રેરે છે; તેથી આપણા વિચારોમાં સ્તુતિ કરાયેલા મરુતો આપણને વિશ્વાસપૂર્વક તેમને માર્ગે આગળ ધપાવે છે. જ્યારે મન તેમના વડે પૂર્ણ થઈ જાય છે, ત્યારે તે લક્ષ્ય પ્રત્યે ગતિ કરે છે, કારણ કે તેમની પાસે માર્ગની પ્રકાશયુકત પ્રેરણા છે.

તેમના જન્મસ્થાનને કોણે જાણ્યું છે? તેમનાં ઉચ્ચ આનંદધામોમાં કોણ બેઠું છે? કોણ પરમાં પોતાના મિત્રની કામના કરે છે, તેને શોધે છે? માતાએ અનેક વર્ણોવાળા તેમને પોતાના આત્મામાં જન્મ આપ્યો, તેઓ સાધકને તે માતા વિષે કથન કરે છે; એક ઉગ્ર સત્ તેમનો પિતા હતો, તેનો આવેગ બધાં જન્મેલાં પ્રાણીઓને પ્રેરે છે, અને તેઓ તે પિતાને પ્રગટ કરે છે. ઓગણપચાસ વિચાર-દેવો મારી પાસે આવ્યા, અને સો પ્રકારે, સાત વાર તેમણે મને સમૃદ્ધિ આપી. તેમણે આપેલા મારા વિચારોના પ્રકાશયુકત ધણને હું યમુનામાં સ્નાન કરાવીશ; હું મારા આત્માની નદીમાં મારા વેગને પવિત્ર કરીશ.

જુઓ, તેમનો ગણ આગેકૂચ કરી રહ્યો છે; આપણે આપણા વિચારોની ગતિ વડે તેમને અનુસરીએ. કારણ કે તેમની પાસે સૃષ્ટિનું અવિનાશી બીજ છે, અમર્ત્ય સ્વરૂપોનું બીજ છે; જો તેઓ તે બીજને આત્માનાં ક્ષેત્રોમાં વાવે, તો તેમાંથી વૈશ્વિક જીવનનો અને પરાત્પર આનંદનો પાક ઊતરે. તેઓ આપણી અભીપ્સાની હાંસી કરનાર સર્વ વસ્તુઓને દૂર કરી દે છે, અને આપણને મર્યાદિત કરનાર વસ્તુઓને વટાવી જાય છે; તેઓ બધા દોષોનો, મૂકતાનો, આત્માનાં દારિદ્યોનો નાશ કરશે. કારણ કે તેઓ દ્યુલોકનાં પ્રાચુર્યોને વરસાવે છે, તેમનાં તુફાનો જીવનની નદીઓને વહેતી બનાવે છે; તેમની ગર્જનાઓ દેવોની સ્તુતિ છે, ઋતની ઘોષણાઓ છે. તેઓ આપણને સુખમય માર્ગે દોરનારી આંખ છે; તેમને અનુસરનાર માણસ સ્ખલન નહિ કરે, તેને ઈજા કે હાનિ નહિ થાય, તે અજર-અમર બની જશે; તેમનાં પ્રાચુર્યો અવિનાશી છે,

તેમનાં સુખો અક્ષય છે; તેઓ માનવને ઋષિ અને રાજા બનાવે છે. તેમની વિશાળતા દિવ્ય સૂર્યનો પ્રકાશ છે; તેઓ આપણને અમૃતત્વનાં ધામોમાં મૂકી આપશે. સર્વ પ્રાચીન તથા નવીન વસ્તુઓના, આત્મામાંથી પ્રગટતી બધી વસ્તુઓના, અભિવ્યકિતની કામના કરતી બધી વસ્તુઓના, તેઓ પ્રેરક છે. તેઓ આકાશ-પૃથ્વી-અંતરિક્ષમાં ખડા છે; તેઓ ઉચ્ચતમ પરમમાંથી અવતીર્ણ થયા છે. તેઓ ઋતમાંથી જન્મ્યા છે; તેઓ મનના પ્રકાશયુકત નેતા છે; તેઓ આનંદના સોમરસનું પાન કરશે અને આપણને પરમ પ્રેરણાઓ આપશે. દિવ્ય નારી તેમની સાથે છે, તે આપણી ન્યૂનતાને, તૃષાને, કામનાને દૂર કરશે, અને માનવના મનને દેવના સ્વરૂપમાં ઘાટ આપશે. મરુતો ઋતના જ્ઞાતાઓ છે, ઋત વડે પ્રેરાયેલા ઋષિઓ છે, તેમની અભિવ્યકિત વિશાળ છે, તેમનું પ્રસારણ વિશાળ છે, તેઓ સદા યુવાન અને અમર છે.

વેદનું અર્થ-ઘટન

પહેલાંની ટીકાનો જવાબ

[આ પત્ર તારીખ ૨૭-૮-૧૯૧૪ના 'હિંદુ' (મદ્રાસ)માં છપાયો હતો.]

તમે 'આર્ય'ની સુંદર સમાલોચના કરી, તે માટે હું તમારો આભાર માનું છું. અત્યારે યુરોપમાં મહાન વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું છે, તેવે સમયે તમે મારા 'વેદનું રહસ્ય' પર જે ટીકા કરી હતી, તેનો આ જવાબ તમે છાપો, તેવી હું માગણી કરું છું. મારું દૃષ્ટિબિંદુ મારે સમજાવવું છે, કારણ કે તમારી ગેર-સમજના મૂળમાં આર્યમાં મારા લેખમાં મારી અભિવ્યકિતની ન્યૂનતા અને મારા લેખનું ટૂંકાપણું કારણ રૂપે રહેલાં છે.

ખરેખર, મેં એવું તે લેખમાં કયાંય કહ્યું નથી કે પૂર્વનાં સ્રોતોમાં જે જ્ઞાનનું મૂળ ન શોધી શકાય, તે જ્ઞાનની અવગણના કરવી જોઈએ અથવા તેનો અસ્વીકાર કરવો જોઈએ. એ વિધાન તો ભયંકર ગણાય ! મેં તો એમ કહ્યું હતું કે વિકસિત તત્ત્વચિંતન કે માનસશાસ્ત્રને પ્રગટ કરતા જ્ઞાન માટે ઐતિહાસિક સંશોધનની—સ્પષ્ટતાની જરૂર છે; એ તો તદ્દન જુદા જ પ્રકારનું વિધાન છે. એક યુરોપીય ખ્યાલ એવો છે કે માનવમાં જ્ઞાન ધીમે ધીમે વિકાસ સાધતું જાય છે, ઉત્ક્રાંત થતું જાય છે; તે વિધાનનો પાયો લઈને, મેં દલીલ કરી હતી. મેં એમ કહ્યું હતું કે કાં તો બ્રહ્મવાદના ઉદ્‌ગમ માટે આપણે કોઈ દ્રાવિડિયન સંસ્કૃતિ જેવું બાહ્ય સ્રોત શોધવું રહ્યું—કે જે સિદ્ધાંત મને માન્ય નથી, કારણ કે હું આર્યોને તથા દ્રવિડોને એક જ જાતિના માનું છું, અથવા તો તે બ્રહ્મવાદ પૂર્વના કોઈ ચિંતનમાંથી ફળ રૂપે નીપજ્યો હોવો જોઈએ, જે ચિંતનની સામગ્રી ઉપલબ્ધ નથી, અથવા તો તેનાં મૂળ વેદમાં હોવાં જોઈએ. મારી આ દલીલમાં અનંત પીછેહઠનો દોષ કયાં આવ્યો? તો તો પછી ઉત્ક્રાન્તિવાદનો સમગ્ર વિચાર, વિકાસશીલ કારણવાદનો વિચાર અનંત પીછેહઠના આરોપનો ભોગ થઈ પડે. વૈદિક ધર્મનાં ઉદ્‌ગમ-સ્થાનોનો પ્રશ્ન ઉકેલવા માટે આપણી પાસે પૂરતી સાધન-સામગ્રી ઉપલબ્ધ નથી. તેનો અર્થ એવો નથી કે તેને કોઈ ઉદ્‌ગમ-

બીજો જ ન હતાં, અથવા તો તે ધર્મગ્રંથના પરિણામ માટે, માનવજાતિની વિકાસશીલ આધ્યાત્મિક અનુભૂતિ દ્વારા પૂર્વ-તૈયારી થઈ જ ન હતી.

વળી, ઉપનિષદોના વર્ણનમાં મેં એવો વિચાર રજૂ નથી કર્યો કે વેદોના યજ્ઞવિધિપરક ભૌતિકવાદ સામે બળવા રૂપે તત્ત્વચિંતક મનવાળા ઋષિઓએ ઉપનિષદોની રચના કરી હતી. જો હું તે વિચારનો સ્વીકાર કરું, તો હું પહેલાંની શ્રુતિને પ્રેરણાયુકત ધર્મશાસ્ત્ર ન ગણી શકું અથવા ઉપનિષદોને વેદાંત ન ગણી શકું, અને તો તો પછી મેં વેદનું રહસ્ય શોધવાની માથાકૂટ કરી જ નહોત. તે સિદ્ધાંત યુરોપીય વિદ્વાનોનો છે, અને જો ભારતીય અથવા યુરોપીય વિદ્વાનોનાં સૂકતોનાં સામાન્ય અર્થ-ઘટનોને સ્વીકારવાનાં હોય, તો તેને તર્કયુકત પરિણામ રૂપે મેં સ્વીકાર્યો. જો યુરોપીય વિદ્વાનોના અભિપ્રાય મુજબ, વૈદિક સૂકતો આનંદપૂર્ણ અને તાકાતવાન જંગલી લોકોની યજ્ઞવિધિપરક રચનાઓ હોય, તો ઉપનિષદોને આપણે વેદોની યજ્ઞવિધિપરક ભૌતિકતા સામે બળવા રૂપે સ્વીકારવાં રહ્યાં. મારો મત તો તે મૂળભૂત માન્યતાથી તથા તેમાંથી તારવેલા નિગમનથી ભિન્ન છે; અને પરિણામે મેં ઉપનિષદોને તેમ જ ત્યાર પછીનાં બધાં સ્વરૂપોને વૈદિક ધર્મના વિકાસમાંથી નિષ્પન્ન થતાં ગણાવ્યાં છે, વૈદિક ધર્મના સિદ્ધાંતોના વિરોધમાં બળવા રૂપે નહિ. એક ભારતીય સિદ્ધાંત બીજી રીતે એ મુશ્કેલીમાંથી છટકી જાય છે; તે વેદનો અર્થ યજ્ઞવિધિપરક સૂકતોના ગ્રંથ રૂપે ઘટાવે છે, અને તેને જ્ઞાન-ગ્રંથ રૂપે પણ સાથે સાથે પૂજે છે. અસરકારક રીતે તે બંનેનો સમન્વય સાધ્યા વગર જ, તે બે પ્રાચીન સત્યોને સાથે સાથે મૂકે છે. મારા અભિપ્રાય મુજબ, સૂકતોના બાહ્ય અર્થમાં માત્ર યજ્ઞવિધિપરક ભૌતિકતા જ ન જોતાં, તેમાં રૂપકમય યજ્ઞવિધિપરકતા જોવી, જેથી તે સમન્વય સાધી શકાશે. આત્મજ્ઞાનના અનિવાર્ય પ્રથમ પગથિયા તરીકે—સાધન તરીકે કર્મકાંડને ગણવામાં આવતો હતો, તે વાત નિઃશંક છે. તે તેમની શ્રદ્ધાનો સિદ્ધાંત હતો, અને ધાર્મિક શ્રદ્ધાના વિષય તરીકે હું તેની સામે વિરોધ નથી કરતો. પણ બૌદ્ધિક સંશોધના માટે બુદ્ધિયુકત તર્કગમ્ય સાધનોનો જ ઉપયોગ કરવો જોઈએ; જો કર્મકાંડનો એવી રીતે અર્થ ઘટાવવામાં આવે કે તેના અનુષ્ઠાન વડે ઉચ્ચતર જ્ઞાનમાં મદદ મળે છે અથવા તે અનુષ્ઠાન જ્ઞાનપ્રાપ્તિની પૂર્વ-ભૂમિકા રચી આપે છે, તો જ બુદ્ધિને સંતોષ આપી શકાય. નહિ તો, વેદને, સિદ્ધાંતની દૃષ્ટિએ, ગમે તેટલો પૂજ્ય ગણવામાં આવે, પણ વ્યવહારમાં તે અનિવાર્ય કે મદદ રૂપ નહિ ગણાય, અને પરિણામે વેદને બાજુએ મૂકી દેવામાં આવશે—જે વાત બની હતી.

કેટલાંક સૂકતોનો અર્થ યજ્ઞવિધિપરક કરવામાં નથી આવ્યો, તેની મને ખબર છે; વેદનાં પાછલાં સૂકતોમાં યુરોપીય વિદ્વાનોએ પણ ઉચ્ચતર, ધાર્મિક અથવા આધ્યાત્મિક વિચારો છે, એમ સ્વીકાર્યું છે. મને ખબર છે કે તત્ત્વ-

ચિંતનના સિદ્ધાંતો માટે જુદા જુદા મંત્રો ટાંકવામાં આવ્યા છે. પણ મારો કહેવાનો ભાવાર્થ એ હતો કે આપણને જે સૂક્તોનું અર્થ-ઘટન પ્રાપ્ય છે, તેના સામાન્ય ભાવમાં તથા ધ્વનિમાં તેથી કોઈ ફરક નથી પડતો. તે અર્થઘટનો વડે, આપણે જેમ ઉપનિષદોના સમગ્ર ભાગને ઉચ્ચ આધ્યાત્મિક તત્ત્વચિંતનના પાયા તરીકે વર્ણવી શકીએ છીએ, તેમ સમગ્ર ઋગ્વેદને ન વર્ણવી શકીએ. મારો આશય હવે સમગ્ર વેદનું તે રીતે અર્થઘટન કરવાનો છે. હું કબૂલ કરું છું કે સમગ્ર વેદનો આધ્યાત્મિક અર્થ કરવાના વલણનો એક આડ-પ્રવાહ હમેશાં વિદ્યમાન રહેલો છે. જો આવા અધ્યાત્મ-પ્રધાન માનસવાળા દેશમાં તેવા પ્રયત્નો ન થયા હોત, તો તે એક આશ્ચર્યકારક ઘટના ગણાત. પણ છતાં યે તે માત્ર આડ-પ્રવાહો છે; અને સામાન્ય સ્વીકૃતિને પામ્યા નથી. ભારતીય બુદ્ધિશાળી લોકો માટે માત્ર બે જ અર્થ-ઘટનો ઉપલબ્ધ છે—એક સાયણનું અને બીજું યુરોપીય વિદ્વાનોનું. તે સર્વ-સાધારણ અભિપ્રાયને લક્ષમાં રાખીને, હું વ્યવહારમાં એ બે અર્થ-ઘટનોને જ રજૂ કરવા માગું છું.

મારો હજી પણ એવો અભિપ્રાય છે કે પહેલાંના વેદાંતીઓની પદ્ધતિ તથા પરિણામો સાયણની પદ્ધતિ તથા પરિણામો કરતાં ભિન્ન હતાં; તેનાં કારણો હું 'આર્ય'ના બીજા તથા ત્રીજા અંકોમાં આપીશ. સૈદ્ધાંતિક રીતે નહિ, પણ વ્યવહારમાં સાયણ-ભાષ્યનું પરિણામ શું ? તે મન પર કયી જાતની સામાન્ય છાપ મૂકી જાય છે? તે, વેદ એક મહાન ધર્મનું આવિષ્કરણ છે, ઉચ્ચતમ જ્ઞાનનો ગ્રંથ છે, એવી છાપ મૂકી જાય છે? યુરોપીય વિદ્વાનોએ સાયણ-ભાષ્યને સ્વીકારીને, એવું ચિત્ર રજૂ નથી કર્યું કે વૈદિક ઋષિઓ પ્રાથમિક અવસ્થાના પૂજકો હતા, જે મિત્ર તરીકે ભાગ ભજવતા અને છતાં શંકાસ્પદ મિજાજવાળા અગ્નિ—વૃષ્ટિ—વાયુ—ઉષા—રાત્રિ—પૃથ્વી—આકાશના દેવોની પ્રાર્થના કરતા, અને સમૃદ્ધિ—અન્ન—ગાયો—ઘોડા—સુવર્ણ—શત્રુઓનો તથા તેમના પોતાના નિંદકોનો સંહાર—યુદ્ધમાં વિજય—પરાજિત લોકોના દ્રવ્યની લૂંટ માટે પ્રાર્થનાઓ કરતા? જો તેમ હોય, તો એવાં સૂક્તો બ્રહ્મવિદ્યા માટેની પૂર્વ-તૈયારીરૂપ કેવી રીતે બની શકે ? તે તો તો જ બની શકે, કે જો તેઓ વિરુદ્ધ વસ્તુઓ દ્વારા, ખૂબ ભૌતિક અને અહંતાપ્રધાન વલણોની થકાવટ દ્વારા અથવા સમર્પણ દ્વારા પૂર્વ-તૈયારી રચતાં હોય—જેવી રીતે ભીષણ પ્રાચીન હિબ્રુ પેન્ટાટયુકે ઈસુ ખ્રિસ્તના નમ્ર ધર્મ-સિદ્ધાંતની પૂર્વ તૈયારી રચી હતી તેમ. મારો સિદ્ધાંત એ છે કે તેઓ યજ્ઞમાં રહેલા કોઈ યાંત્રિક ગુણને લીધે અનિવાર્ય ન હતા, પણ જે અનુભૂતિઓ પ્રાપ્ત કરવામાં તે સૂક્તો ચાવી રૂપ બની શકે તેમ છે, જે અનુભૂતિઓનું વર્ણન યજ્ઞવિધિની ક્રિયાઓનાં રૂપકોમાં કરવામાં આવ્યું છે, તે પૂર્ણ જ્ઞાન માટે, વિશ્વમાં બ્રહ્મના સાક્ષાત્કાર માટે, પરાત્પર બ્રહ્મના જ્ઞાન

તથા સાક્ષાત્કાર માટેની તૈયારી કરવા માટે, અનિવાર્ય હતાં. શંકરાચાર્યના શબ્દોમાં કહીએ તો, તે ચેતનાની સર્વ ભૂમિકાઓના જ્ઞાનની ખાણરૂપ છે, અને અસ્તિત્વમાં રહેલાં દિવ્ય પરમાત્મા, માનવી—પશુનાં તત્ત્વોની અવસ્થાઓને તથા સંબંધોને નિશ્ચિત રૂપ આપે છે.

હું વેદના આધ્યાત્મિક અર્થ-ઘટનમાં પહેલ કરું છું, એવો મારો દાવો નથી. તે પહેલો હોય કે સોમો પ્રયત્ન હોય, પણ તે ખૂબ આધુનિક વિવેચનાત્મક સંશોધનાના પાયા પર, વેદના આંતરિક તથા માનસશાસ્ત્રીય અર્થને આપવાનો પ્રયત્ન છે. તે અર્થ-ઘટનનો પ્રયાસ તુલનાત્મક શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રના મોટા ભાગની પુનઃ ચકાસણી કરે છે અને નવા પાયા પર વેદના અર્થની રચના કરે છે, કે જે આપણને સાચા ભાષાશાસ્ત્રની વધારે નજીક લઈ જશે એવી હું આશા સેવું છું. આ વિષયને હું 'આર્ય ભાષાનાં ઉદ્‌ગમસ્થાનો' નામના* લેખમાં વધારે વિસ્તારપૂર્વક ચર્ચવા માગું છું. પ્રાચીન રૂપકો અને કથાનકો જેનાં સૂચનો આપે છે, તે પ્રાચીન આધ્યાત્મિક ખ્યાલોના અર્થને પણ હું ફરી સજીવન કરવાની આશા રાખું છું; હું માનું છું કે એક સમયે તે ખ્યાલો, પૃથ્વીના વિશાળ ભાગ પર, સર્વ-સાધારણ સંસ્કૃતિ રૂપે વિસ્તરેલા હતા, અને ભારત વર્ષ તેનું કેન્દ્ર હતું. આ પદ્ધતિપૂર્વકના પ્રયાસમાં જ માત્ર 'વેદનું રહસ્ય' ગ્રંથની મૌલિકતા રહેલી છે.

---

*'આર્ય ભાષાનાં ઉદ્‌ગમ-સ્થાનો' એ લેખના પ્રકરણનો હસ્ત-લિખિત ખરડો શ્રી અરવિંદનાં હસ્ત-લિખિત લખાણોમાં મળી આવ્યો છે, કે જેને અહીં તરત જ પાછળ છાપવામાં આવ્યો છે.

આર્ય ભાષાનાં ઉદ્ગમ-સ્થાનો

પ્રાસ્તાવિક

ઓગણીસમી સદીની શરૂઆતમાં જે અનેક આશાસ્પદ પ્રવૃત્તિઓના પ્રારંભ આપણને જોવા મળ્યા હતા, તેમાં સૌથી વધારે ઉત્કટતાપૂર્વક આવકાર સંસ્કૃતિનાં તથા વિજ્ઞાનનાં ક્ષેત્રોએ આપ્યો છે. તુલનાત્મક શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રના વિજયને પણ તેના જેટલું નિરાશાજનક પરિણામ બીજી કોઈ પ્રવૃત્તિને નથી સાંપડયું. શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રકારો, પોતાના, અભ્યાસના વિષયનું મૂલ્ય બહુ મોટું આંકે છે, અને તેને 'વિજ્ઞાન' કહેતાં અટકતા નથી—અચકાતા નથી; પણ વૈજ્ઞાનિકોનો અભિપ્રાય તેમનાથી જુદો છે. વિજ્ઞાનની તથા શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રની રાજધાની એવા જર્મનીમાં શબ્દવ્યુત્પત્તિશાસ્ત્ર એ શબ્દ નિરાશાવાચક શબ્દ બની ગયો છે; અને શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રીઓ તેને એવા જર્મનીમાં શબ્દવ્યુત્પત્તિશાસ્ત્ર જવાબ આપી શકવાની સ્થિતિમાં નથી. પદાર્થ વિજ્ઞાને ખૂબ પ્રમાણભૂત અને ઝીણવટભરેલી પદ્ધતિઓ વડે વિકાસ સાધ્યો છે, અને એવાં વિવાદાસ્પદ પરિણામોના સમૂહને જન્માવ્યો છે કે જેણે પોતાની વિશાળતા વડે તથા દૂરગામી પરિણામો વડે જગતમાં ક્રાન્તિને આણી છે, અને યોગ્ય રીતે આ આશ્ચર્યકારક સદીને વિજ્ઞાન-યુગનું માનવંતું નામ અપાવ્યું છે. તુલનાત્મક શબ્દવ્યુત્પત્તિશાસ્ત્ર પોતાનાં ઉદ્ગમ-સ્થાનો-માંથી ભાગ્યે જ એક ડગલું આગળ વધ્યું છે; બાકી તો બધું એક અનુમાનોનો તથા કુશળ કલ્પનાઓનો જથ્થો છે, જેનો ચળકાટ તેની અનિશ્ચિતતા અને અપ્રામાણિકતા સાથે જ માત્ર સરખામણી કરી શકે તેમ છે. રેનન એક મહાન શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રી હતો; મોટી મોટી આશાઓ સાથે તેણે પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી; જે કાર્યમાં તેણે પોતાના જીવનનાં અનેક વર્ષોની શકિત ખર્ચી હતી, તેને જિંદગીના અંતિમ સમયમાં તેને 'ક્ષુદ્ર અનુમાન-મૂલક શાસ્ત્ર'—એ શબ્દોમાં વર્ણવવાની ફરજ પડી હતી. ઓગણીસમી સદીના, શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રનાં સંશોધનોના પ્રારંભ-કાળમાં, જ્યારે સંસ્કૃત ભાષા તરફ તેમનું ધ્યાન ખેંચાયું હતું, જ્યારે મેક્ષમુલર "પિતા, પેટર, પૅટર, વેટર, ફાધર" એ શબ્દ-સાદૃશ્યોના જોખમ-કારક આનંદમાં થનગની રહ્યો હતો, ત્યારે ભાષા-વિજ્ઞાન જાણે કે આત્મ-પ્રગટી-

કરણની અણી પર હોય એમ લાગતું હતું; સદીના પરિશ્રમ પછી વિખ્યાત વિચારકો એમ કહી શકે તેમ છે કે ભાષાના વિજ્ઞાનનો ખ્યાલ મૃગજળવત્ છે! બેશક, તુલનાત્મક શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રની વિરુદ્ધના આ આરોપમાં અતિશયોકિત છે. જો તેણે ભાષા-વિજ્ઞાનને શોધી કાઢયું નથી, તો તેણે કમથી કમ, આપણા પૂર્વજોના કાલ્પનિક, મનસ્વી, કાયદાહીન શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રને અસ્તિત્વમાંથી ભૂંસી નાખ્યું છે તો ખરું. તેણે આપણને વિદ્યમાન ભાષાઓના તથા પ્રકિયાઓના સંબંધોના અને ઈતિહાસના વધારે ન્યાય્ય ખ્યાલો આપ્યા છે, કે જે પ્રક્રિયાઓ વડે પ્રાચીન ભાષાઓ પ્રાકૃત અને વિકૃત બની ગઈ અને તેમાંથી ભાષાનું એક નવીન સ્વરૂપ ઘડાય છે. સૌથી વધારે મહત્ત્વની વાત તો એ છે કે તેણે એક ખ્યાલને સુસ્થાપિત કર્યો છે કે આપણે ભાષાનાં સંશોધનો દ્વારા નિયમોની અને કાયદાઓની શોધ કરવી જોઈએ, નહિ કે વ્યકિતગત શબ્દોની વ્યુત્પત્તિઓમાં નિર્મુકત અને સ્વચ્છંદી કૂદકા. માર્ગ તૈયાર થયો છે; માર્ગમાંથી ઘણી મુશ્કેલીઓને દૂર કરવામાં આવી છે. છતાં હજી વૈજ્ઞાનિક શબ્દવ્યુત્પત્તિશાસ્ત્ર અસ્તિત્વમાં આવ્યું નથી; ભાષા-વિજ્ઞાનની શોધ માટે તો હજી પ્રાથમિક પ્રયત્ન પણ થયો નથી.

શું તેનો અર્થ એવો છે કે ભાષાનું વિજ્ઞાન શોધવું અશકય છે? ભારતમાં તો માનસશાસ્ત્રીય પદ્ધતિઓની શોધ ખૂબ પ્રાગૈતિહાસિક પ્રાચીન કાળમાં થઈ હતી; તેવા દેશોમાં ધ્વનિ તથા ભાષા—વાણીનાં દૃશ્યોના પાયામાં પ્રકૃતિની પદ્ધતિપૂર્વકની વ્યવસ્થિત પ્રક્રિયાઓ છે એવી વિચારણા થઈ ન હોય, તે માની શકાય તેવું નથી. યુરોપીય શબ્દવ્યુત્પત્તિશાસ્ત્ર સત્ય માર્ગને બદલે ખોટે માર્ગે ચઢી ગયું, કારણ કે વધારે પડતો અતિ-ઉત્સાહ તથા ઉત્સુક ત્વરા તેને અપૂર્ણ, ગૌણ અને ઘણી વાર ગેરમાર્ગે દોરનારી ફૉર્મ્યુલાઓની અતિશયોકિત કરવા તરફ ઘસડી ગયો છે; તેવા આડ-માર્ગોમાં વિશ્રાન્તિસ્થાન ન મળી શકે; પણ ગમે ત્યાં પણ રસ્તો તો છે જ. જો તે હોય, તો તેને ખોળી કાઢી શકાય. તેમાં જરૂર છે માત્ર સાચી ચાવીની, સ્વતંત્ર મનની, કે જે પૂર્વગ્રહોના બોજા તળે ચગદાયા વગર, પંડિતોની રૂઢ માન્યતાઓમાં ફસડાઈ પડયા વગર, તે માર્ગને શોધી કાઢવા પ્રયત્ન કરે. રેનનને પણ શબ્દ-વ્યુત્પત્તિશાસ્ત્રને 'ક્ષુદ્ર, અનુમાન-મૂલક વિજ્ઞાન' માં ગણવું પડયું, તેમાંથી જો તે વિજ્ઞાને મુકત થવું હોય,—અને અનુમાનમૂલક વિજ્ઞાન એટલે મિથ્યા-વિજ્ઞાન, કારણ કે નિશ્ચિત, પ્રામાણિક, અનુમાન પર આધાર ન રાખતા, સાબિત કરી શકાય તેવા પાયાઓ અને રીતો વિજ્ઞાનની પ્રાથમિક શરત છે, તો ઉતાવળથી સામાન્યીકરણો દોરવાં તે, કાલ્પનિક અવિશ્વાસ્ય અનુમાનો તારવવાં તે, માત્ર કુતૂહલપૂર્ણ પાંડિત્યપૂર્ણ કલ્પનાઓની સંતુષ્ટિ અને કૌશલ્યો પાછળ દોટ મૂકવી. તે બધાને કડકાઈથી તિલાંજલિ આપવી પડશે; તેમને માનવ-જાતિની કચરાપેટીમાં નાખી દેવાં પડશે; તેમને

પહેલાં જરૂરી એવાં રમકડાં ગણીને, હવે તેમને બાળમંદિરમાંથી કાઢીને સામાન રાખવાના ખંડમાં મૂકી દેવાં પડશે—અભરાઈ પર ચઢાવી દેવાં પડશે, કારણ કે તે બધાં વાણીના પાંડિત્યનાં ભયસ્થાનો છે, જેમાં પડી જવાય તેવા ખાડાઓ છે. જ્યાં સાબિતી પૂરતી ન હોય, અથવા બે વિરોધી ઉકેલોમાં સમાન શકયતા હોય, ત્યાં વિજ્ઞાન શોધના પ્રાથમિક પગલા તરીકે અનુમાનને પૂર્વ-સ્વીકૃત વિધાન તરીકે સ્વીકારે છે. પણ માનવી અજ્ઞાનને આ આપેલી છૂટ-છાટનો દુરુપયોગ, લઘુ અનુમાનોને જ્ઞાનના નક્કર સલામત લાભો માની લેવાની ટેવ શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રનો શાપ છે. માનવ પ્રગતિને અત્યારને તબક્કે, જેનો નવ-દશાંશ ભાગ માત્ર અનુમાન પર નિર્ભર છે, તેને માનવજાતિના મન પર અત્યાચાર કરી, સત્ય તરીકે—વિજ્ઞાન તરીકે, આસન જમાવવાનો અધિકાર નથી. નમ્રતા તેનું સાચું વલણ હોવું જોઈએ; વધારે નિશ્ચિત પાયા-ઓને તથા પોતાના અસ્તિત્વ માટે વધારે સારાં કારણો શોધવાં તે તેનું મુખ્ય કાર્ય હોવું જોઈએ.

આ કાર્યનો હેતુ તેવા વધારે બળવાન અને નિશ્ચિત પાયાને શોધવાનો છે. તે પ્રયાસ સફળ બને તેટલા માટે, પ્રથમ ભૂતકાળમાં જે ભૂલો થઈ ગઈ છે તેમને શોધી કાઢીને, તેમને દૂર કરવાની જરૂર છે. શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રીઓની પ્રથમ ભૂલ એ હતી કે તેમણે સંસ્કૃત ભાષાને શોધ્યા પછી તેમની પ્રથમની સંશોધના-ઓને બહુ અગત્ય આપી દીધી. પ્રથમ દૃષ્ટિ ઉપરચોટિયા હોવાનો પૂરો સંભવ છે; પ્રાથમિક શોધનાં દર્શનોને હમેશાં સુધારવાની જરૂર રહે છે. જો આપણે તેમનાથી અંજાઈ જઈએ, અને તેમને ભાવિ જ્ઞાનની ચાવી—કેન્દ્રસ્થ આધાર—પાટિયું બનાવીએ-તેનું પાયાનું પ્લેટફૉર્મ બનાવીએ, તો આપણે આપણે માટે ભયંકર નિરાશાઓની પૂર્વ-તૈયારી કરી ગણાય. આ ભૂલનો દોષ કરનાર, આધુ-નિક તુલનાત્મક શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રે ગૌણ ચાવીને મુખ્ય ચાવી ગણવાની ભૂલ કરી. જ્યારે મેક્ષમુલરે ડંકો વગાડીને, દુનિયા સમક્ષ તેનાં આકર્ષક અધ્યયનો સંબંધી ઘોષણા કરી, અને પિતા, પેટર, વેટર, ફાધરનાં શબ્દ-સાદૃશ્યોને આગળ ધર્યાં, ત્યારે તે વધારે સાચી ચાવીઓથી, પાછળ રહેલા વિશાળતર પ્રદેશોથી તે શાસ્ત્રને ગેરમાર્ગે દોરી ગયો. તે કમનસીબ, સંકુચિત ફૉર્મ્યુલાના પાયા ઉપર તેણે ખૂબ આશ્ચર્યકારક ભવ્ય પણ પોલી ઈમારતને ચણી. પ્રથમ તો, પ્રાચીન અને આધુનિક ભાષાઓના શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રીય વર્ગીકરણ ઉપર, સંસ્કૃત માનવજાતિના આર્યો, સેમિટિક, દ્રાવિડિયન અને તુરાનિયન એવા ઝીણવટ-ભરેલા ભેદો ઊભા કરવામાં આવ્યા. વધારે સમજણભરેલી અને કાળજીપૂર્ણ તપાસ પછી આપણને માલૂમ પડ્યું છે કે ભાષાનું સામ્ય એ કાંઈ લોહીના સામ્યની અથવા જાતીય વંશિકતાના તાદાત્મ્યની સાબિતી નથી; ફ્રેન્ચ લોકો

પ્રાકૃત-અપભ્રષ્ટ અને અનુનાસિક-યુકત લૅટિન બોલે છે, તેથી કાંઈ તેઓ લૅટિન જાતિના નથી; બલ્ગર લોકો, ઉગ્રો-ફિનિશ જાતિઓ સંસ્કૃતિમાં તથા ભાષામાં તદ્દન સ્લાવ જેવા છે એટલા માટે, લોહીમાં સ્લાવો બની જતા નથી. બીજા પ્રકારની વૈજ્ઞાનિક શોધોએ આ ઉપયોગી તથા સમયસરના નિષેધને પુષ્ટિ આપી છે. દાખલા તરીકે, શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રીઓએ, ભાષાકીય ભેદોના આધારે, ભારતીય રાષ્ટ્રીયતાને ઉત્તરની આર્ય જાતિ અને દક્ષિણની દ્રાવિડિયન જાતિ—એમ બે વિભાગોમાં વહેંચી નાખી છે; પણ ઝીણવટભરેલા નિરીક્ષણથી એમ માલૂમ પડયું છે કે કેપ કોમોરિનથી માંડીને અફઘાનિસ્તાન સુધી, સમગ્ર ભારતમાં, ગૌણ ફેરફારો સાથે, એક જ શારીરિક ટાઈપ વ્યાપીને રહેલી છે. એટલે વંશિક જાતિનો નિર્ણય કરવામાં ભાષા ઉપયોગ ભૂલભરેલો સાબિત થયો છે. ભારતની બધી જાતિઓ શુદ્ધ દ્રાવિડિયનો હોઈ શકે—જો દ્રાવિડિય જાતિ એક એકમ તરીકે વિદ્યમાન હોય કે પહેલાં હતી તો; અથવા તો ભારતની બધી જાતિઓ શુદ્ધ આર્યો હોઈ શકે—જો આર્ય જાતિ એક એકમ તરીકે વિદ્યમાન હોય કે પહેલાં હતી તો; અથવા તો તેઓ મિશ્ર જાતિ હોઈ શકે, જેમાં એક જાતિના અંશો પ્રાધાન્ય ભોગવતા હોય; પણ તે પ્રશ્નનો નિર્ણય કરવામાં ભારતની ભાષાઓનું સંસ્કૃત અને તામિલ—એવા ભાગોમાં વિભાગીકરણ કોઈ મહત્ત્વનો ભાગ ભજવતું નથી. પણ આકર્ષક સામાન્યીકરણોનું અને વિશાળતાપૂર્વક લોકપ્રિય બનેલી ભૂલોનું બળ એવું મહાન હોય છે કે આખું વિશ્વ તે ભૂલને સતત ચાલુ જ રાખે છે, અને ઇન્ડો-યુરોપિયન જાતિઓની વાત કર્યે જાય છે, આર્યો સાથેના સંબંધને કાં તો સ્વીકારે છે કે કાં તો તેનો અસ્વીકાર કરે છે, અને તે અસત્યના પાયા ઉપર ખૂબ દૂરગામી રાજકીય, સામાજિક અથવા અસત્ય-વૈજ્ઞાનિક નિગમનોની રચના કરે છે.

પણ જો ભાષાને વંશિક જાતિઓના સંશોધન માટે પ્રમાણભૂત તત્ત્વ ગણવામાં ન આવે, તો એમ તો કહી શકાય કે તે સાધારણ સંસ્કૃતિની સાબિતી છે, અને તે પ્રાચીન સંસ્કૃતિઓનાં દૃશ્યો માટે એક ઉપયોગી અને વિશ્વસનીય માર્ગદર્શક અથવા તો ભોમિયો છે. આર્ય જાતિઓ જુદી પડી અને જુદી જુદી દિશાઓમાં વિખરાઈ ગઈ ત્યાર પહેલાંની આર્ય સંસ્કૃતિનું ચિત્ર દોરવા માટે, શબ્દોમાંથી અર્થો કાઢવાની બાબતમાં ખૂબ મહાન પરિશ્રમવાળા, કૌશલપૂર્ણ પ્રયત્નો થયા છે, વેદના વિદ્વાનોએ શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રના અનુમાન-મૂલક વિજ્ઞાનના પાયા ઉપર, વેદોના ખૂબ કુશળ—આકર્ષક પણ તદ્દન અનુમાન-મૂલક અને અવિશ્વસનીય અર્થ-ઘટનના પાયા ઉપર, ભારતમાંની પ્રાચીન અર્ધ-જંગલી આર્ય સંસ્કૃતિનું એક ધ્યાન ખેંચે તેવું, ઝીણવટભરેલું, આકર્ષક ચિત્ર દોર્યું છે. આ આંજી નાખે તેવી રચનાઓને આપણે કેટલું મહત્ત્વ આપીશું ? જરા યે નહિ,

કારણ કે તેમને કોઈ નિશ્ચિત વૈજ્ઞાનિક પાયો નથી. તે સત્ય અને આખરી હોઈ શકે; તે આંશિક સત્ય હોઈ શકે, અને તેમાં ધરમૂળના ફેરફારો કરવાની જરૂર પડે; તે તદ્દન અસત્ય હોઈ શકે, અને તે વિષયના માનવીના જ્ઞાનનાં આખરી નિગમનોમાં તેમની એક રેખા પણ અવશિષ્ટ ન રહે; આ ત્રણ શકયતાઓમાંથી શું બનશે તેનો નિર્ણય કરવા માટે આપણી પાસે કોઈ આધારભૂત માહિતી નથી. અત્યાર સુધી વેદનો જે અર્થ પ્રચલિત છે અને પ્રભાવ ધરાવે છે, કારણ કે તેની ઝીણવટભરેલી, વિવેચનાયુકત તપાસ હાથ ધરાઈ નથી, તેને માટે થોડા જ સમયમાં શંકાઓ ઊભી થવાની છે, તેના પર બળવાન આક્રમણ થવાનું છે. એક વાત વિશ્વાસપૂર્વક કહી શકાય કે ઉત્તરમાંના સૂર્યના તથા અગ્નિના પૂજકોએ ભારત પર આક્રમણ કર્યું હોય, તેમાં વસાહત કરી હોય, તેને સંસ્કૃતિ આપી હોય, છતાં ઋગ્વેદમાંથી શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રના વિદ્વાનોએ તે આક્રમણનું જે સમૃદ્ધ રંગોવાળું ચિત્ર ખડું કર્યું છે, તે પ્રાચીન ઇતિહાસ તરીકે નહિ સ્વીકારાય, પણ એક આધુનિક પરી-કથા બની જશે; અને જો પ્રાચીન કાળમાં ભારતમાં અર્ધ-જંગલી આર્ય સંસ્કૃતિ વિદ્યમાન હશે, તો પણ વૈદિક ભારતનાં અત્યારે અપાતાં આશ્ચર્યકારક રીતે ઝીણવટભરેલાં વર્ણનો શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રનું એક મૃગજળ બની રહેશે, કોરી કલ્પના સાબિત થશે. જ્યાં સુધી આપણને વધારે પ્રામાણિક સામગ્રી ઉપલબ્ધ ન થાય, ત્યાં સુધી આપણે પ્રાચીન આર્ય સંસ્કૃતિના વિશાળતર પ્રશ્નને બાજુએ રાખવો જોઈએ. અત્યારનો સિદ્ધાંત તદ્દન ભ્રાન્તિપૂર્ણ છે; કારણ કે તે એમ માનીને ચાલે છે કે સાધારણ શબ્દો સાધારણ સંસ્કૃતિના અસ્તિત્વને સૂચવે છે; તે માન્યતામાં અધિકતાનો તેમ જ ન્યૂનતાનો, બંને દોષો રહેલા છે. તેનો અધિકતાનો દોષ આમ રજૂ કરી શકાય; દાખલા તરીકે, રોમન લોકો તેમ જ ભારતીય લોકો પાસે અમુક વાસણ માટે એક સાધારણ શબ્દ છે, માટે તેમના પૂર્વજો એકબીજાથી છૂટા પડયા ત્યાર પહેલાં તેમની પાસે એ વાસણ હોવું જોઈએ, એવી દલીલ આપણે ન કરી શકીએ. પ્રથમ તો આપણે તે બંને જાતિઓના પૂર્વજોના સંપર્કનો ઇતિહાસ જાણવો જોઈએ; આપણે નક્કી કરી લેવું જોઈએ કે અત્યારનો રોમન શબ્દ મૂળ લૅટિન શબ્દની જગ્યાએ નથી આવ્યો, કે જે લૅટિન શબ્દ ભારતીયો પાસે ન હતો; આપણે એ પણ નકકી કરવું જોઈએ કે રોમન લોકોને તે શબ્દ ગ્રીક કે કેલ્ટ પાસેથી પ્રાપ્ત નથી થયો, અને તેમને આપણા આર્ય પૂર્વજો સાથે તાદાત્મ્યનો કે સંપર્કનો કોઈ સંબંધ ન હતો; આપણે અનેક શકય ઉકેલોની ખાતરી કરી લેવી જોઈએ, કે જે બાબતની ખાત્રી-વિધ્યાત્મક કે નિષેધાત્મક ખાત્રી શબ્દવ્યુત્પત્તિશાસ્ત્ર આપી શકતું નથી. ભારતીય સુરંગ—ટનેલ મૂળ ગ્રીક Surinx (સુરિંકસ)માંથી આવેલો હોવાનું મનાય છે. તે ઉપરથી આપણે એવી દલીલ ન કરી શકીએ કે તેઓ

છૂટા પડયા ત્યાર પહેલાં ગ્રીક લોકો તથા ભારતીય લોકો ટનેલ બનાવવાની કારીગરી જાણતા હતા, અથવા તો ભારતીયોએ એ શબ્દ ગ્રીસ દેશમાંથી લીધો, અને તેથી તેઓ મેસિડોનિયન ઇજનેરો પાસેથી ટનેલ બનાવવાનું શીખ્યા ત્યાર પહેલાં ભારતીયોને જમીન તળે સુરંગ ખોદવાનું આવડતું ન હતું. દૂર-દર્શક યંત્ર માટે બંગાલી શબ્દ દૂરબિન છે; તે શબ્દ યુરોપીય નથી. તેથી આપણે એવી દલીલ ન કરી શકીએ કે યુરોપના લોકો સાથે સંપર્કમાં આવ્યા પહેલાં બંગાલીઓએ દૂરબિનની શોધ કરી હતી. છતાં જો આપણે શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રીઓ લુપ્ત થયેલી સંસ્કૃતિઓને અનુમાન વડે પુનઃ સ્થાપિત કરવામાં જે સિદ્ધાંતોનો—રીતરસમોનો ઉપયોગ કરે છે, તેમનો ઉપયોગ કરીએ, તો આપણે બરાબર દૂર-બિનની બાબતમાં તે જ નિગમન તારવવું પડે. અહીં આપણી કલ્પનાને સુધારવા માટે, આપણને ઐતિહાસિક ઘટનાનું સત્ય જ્ઞાન પ્રાપ્ત થાય છે; પણ પ્રાગૈતિહાસિક યુગોની બાબતમાં તેવા પ્રકારનું જ્ઞાન મળવું સંભવિત નથી. ઐતિહાસિક સાધન-સામગ્રી બિલકુલ અપ્રાપ્ય છે, અને તેથી આપણે શબ્દો તથા તેમનાં ગેરમાર્ગે દોરી જતાં સૂચનો ઉપર જ આધાર રાખવો પડે છે. પણ જો આપણે ભાષાઓ જે કટોકટીઓમાં પસાર થઈ છે તેનો વિચાર કરીએ, અંગ્રેજી ભાષાના આગમન પછી ભારતની સાહિત્યિક ભાષાઓ ઉપર તેના જે આઘાત પડયા છે તે વિશિષ્ટ ભાષાકીય દૃશ્યોનું અધ્યયન કરીએ, વાતચીતમાં તથા પત્ર-લેખનમાં અંગ્રેજી શબ્દો જે રીતે પ્રાંતીય ભાષાઓના શબ્દોની જગ્યાએ આવી જતા હતા અને હવે પ્રાંતીય ભાષાઓ જે રીતે નવીન વિચારોને વ્યકત કરવા માટે સંસ્કૃત ભાષાના શબ્દોને અપનાવે છે તેનો વિચાર કરીએ, તો વિચારશીલ મનને ખાતરી થશે કે આ શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રીઓનાં અનુમાનો તથા નિગમનો કેટલાં બધાં ઉતાવળિયાં અને અનિશ્ચિત તથા ભૂલભરેલાં છે. પણ તેમનામાં ન્યૂનતાનો દોષ પણ રહેલો છે. તેઓ એક વાત તદ્દન ભૂલી જાય છે કે પ્રાગૈતિહાસિક સમયમાં પ્રાથમિક ભાષાઓના શબ્દકોશો દરેક સદીએ બદલાતા રહેતા હશે; આપણે આધુનિક સાહિત્યિક ભાષાઓના નિશ્ચિત અર્થવાળા શબ્દોથી એટલા બધા ટેવાઈ ગયા છીએ કે આપણને તે પરિસ્થિતિનો ખ્યાલ જ ન આવે. હું માનું છું કે નૃવંશશાસ્ત્રનો એક સુસ્થાપિત સિદ્ધાંત છે કે જંગલી લોકોની ભાષાઓના શબ્દો દર પેઢીએ બદલાતા રહે છે. એટલે એ તદ્દન સંભવિત છે કે જે સંસ્કૃતિનાં ઓજારો માટે અથવા વિચારો માટે બે આર્ય ભાષાઓમાં સાધારણ શબ્દ ન હોય, તે ઓજારો તથા વિચારો, તે બે જાતિઓ છૂટી પડી ત્યાર પહેલાં પણ, તે બંને પાસે હોય, કારણ કે છૂટા પડયા પછી તેમાંની એક જાતિએ તે મૂળના સાધારણ શબ્દને વાપરવો છોડી દીધો હોય અને પોતાને માટે એક નવો જ શબ્દ બનાવી લીધો હોય. ભાષાની આશ્ચર્યજનક વાત તેમણે

સાચવી રાખેલા સાધારણ શબ્દો છે, નહિ કે તે શબ્દોની ગેરહાજરી.

તેથી હું યોગ્ય રીતે જ શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રના ક્ષેત્રમાંથી બધાં વંશજાતિઓનાં નિગમનોને, શબ્દોમાંથી તારવેલાં સંસ્કૃતિ અને માનવોની અથવા જાતિઓની સભ્યતાઓનાં નિગમનોને—તે ગમે તેટલાં આકર્ષક, પ્રલોભનકારી, રસપ્રદ અને શકય હોય તો પણ, તેમાંથી તારવેલાં અનુમાનોને આપણા અભ્યાસમાંથી બાકાત રાખું છું. શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રીને વંશ-જાતિના શાસ્ત્રીય અભ્યાસી સાથે કોઈ લેવા-દેવા નથી. શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રીને સમાજશાસ્ત્ર સાથે, નૃવંશવિદ્યા સાથે અને પ્રાચીન-સંશોધનશાસ્ત્ર સાથે કોઈ નિસ્બત નથી. તેનું મુખ્ય કાર્ય છે અને હોવું જોઈએ શબ્દોનો ઈતિહાસ, અને તે શબ્દો જેના પ્રતિનિધિ છે, તે ધ્વનિનાં સ્વરૂપો સાથે વિચારોનું સાહચર્ય આ ક્ષેત્રમાં જ સીમિત રહેવાથી, અસંબદ્ધ વિક્ષેપોને અને તેના કંઈક શુષ્ક અને ધૂલિમય માર્ગમાં મળતા આનંદોને દૂર રાખવાથી, તે તેના પોતાના કાર્ય પર ધ્યાનને વધારે કેન્દ્રિત કરી શકશે, અને માનવજાતિ આ જ્ઞાનની જે મહાન શોધો માટે પ્રતીક્ષા કરી રહી છે, તે આ ખોટી રીતે સંશોધાયેલા જ્ઞાન-પ્રદેશ પરથી તેને દૂર લઈ જનારાં પ્રલોભનોને તે દૂર કરીને આપી શકશે.

પણ ભાષાઓના પારસ્પરિક સંબંધો શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રના પરિશ્રમનું યોગ્ય ક્ષેત્ર છે. પણ મને લાગે છે કે આ બાબતને શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રનો મુખ્ય હેતુ બનાવવામાં યુરોપીય વિદ્વાનોએ ભૂલ કરી છે. એકબીજાથી ભિન્ન ભાષાઓ—જેવી કે લૅટિન અને સંસ્કૃત, સંસ્કૃત અને તામિલ, તામિલ અને લૅટિન, વચ્ચે ઉદ્ભવની સમાનતા અથવા વિભિન્નતાને કયી વસ્તુ વર્જ્ય છે, તે શું આપણે ચોક્કસ જાણીએ છીએ ખરા ? લૅટિન ગ્રીક અને સંસ્કૃત ભગિની આર્ય-ભાષાઓ ગણાય છે; તામિલ દ્રાવિડિયન ઉદ્ભવવાળી છે એમ ગણી તેને જુદી પાડવામાં આવે છે. જો આપણે આ ભિન્ન અને વિરોધી વર્તાવનું મૂળ તપાસીશું, તો આપણને માલૂમ પડશે કે ઉત્પત્તિની સમાનતા માટે બે મૂળ સાબિતીઓ આપવામાં આવે છે; એક તો સામાન્ય અને પરિચિત શબ્દોના સમૂહની સાધારણતા, અને બીજી વ્યાકરણીય રૂપોની તથા રૂઢિઓની વધારે પ્રમાણમાં મળી આવતી સાધારણતા. આપણે પ્રારંભની ફૉર્મ્યુલા—પિતા, પેટર, પેટેર, વેટર, ફાધર લઈએ. એમ પૂછી શકાય કે ભાષાકીય સંબંધનો નિર્ણય કરવા માટે બીજી કોઈ પરીક્ષા છે ખરી ? ઘણું કરીને, નથી. પણ મને લાગે છે કે જો આપણે જરાક તટસ્થ વિચાર કરીશું, તો આપણે ભાષાઓનું વર્ગીકરણ આ નબળા પાયા પર વિશ્વાસપૂર્વક કરતાં અટકી જઈશું, અને લાંબા સમય સુધી ઊંડો વિચાર કરતા થઈ જઈશું. એ વાત તો સ્વીકારાઈ છે કે સાધારણ શબ્દો વધારે પ્રમાણમાં હોય, એટલે બે ભાષાઓ વચ્ચે સંબંધ હોવો જોઈએ, તે પૂરતી સાબિતી નથી;

તેથી તો એમ પણ ફલિત થઈ શકે કે તે બે ભાષાભાષી લોકો વચ્ચે સંપર્ક અથવા સહવાસ હોવો જોઈએ. તામિલના સમૃદ્ધ શબ્દકોશમાં ઘણા સંસ્કૃત શબ્દો હાજર છે; પણ તેથી તે સંસ્કૃતિક ભાષા નથી બની જતી. તે સાધારણ શબ્દો સામાન્ય અને પરિચિત વિચારોના તથા વસ્તુઓના વાચક હોવા જોઈએ—જેમ કે કૌટુંબિક સંબંધો, સંખ્યાવાચક શબ્દો, સર્વનામો, આકાશીય પદાર્થો, હોવાના તથા માલિકીની વસ્તુઓ પાસે હોવાના વિચારો વગરે, કે જે શબ્દો વારંવાર માણસોના મુખે સાંભળવા મળે—ખાસ કરીને પ્રાથમિક યુગના માનવીઓના મુખે; અને તેથી શું આપણે એમ કહી શકીશું કે તે શબ્દોમાં ઓછામાં ઓછા ફેરફારો થાય? સંસ્કૃતમાં પિતાનું સંબોધન છે પિતર્, ગ્રીકમાં પેટેર, લૅટિનમાં પેટર, અંગ્રેજીમાં ફાધર; પણ તામિલમાં અપ્પા છે; સંસ્કૃતમાં માતાનું સંબોધન છે માતર્, ગ્રીકમાં મેટર, લૅટિનમાં માટર; પણ તામિલમાં અમ્મા છે; સંખાવાચક સાત માટે સંસ્કૃતમાં સપ્તન્ અથવા સપ્ત છે, ગ્રીકમાં હેપ્ટા છે, લૅટિનમાં સેપ્ટા છે; પણ તામિલમાં એળુ છે. ઉત્તમ પુરુષ એકવચન માટે સંસ્કૃતમાં અહમ્ છે, ગ્રીકમાં એગો અથવા એગોન છે, લૅટિનમાં ઈગો છે; પણ તામિલમાં નાન છે. સૂર્ય માટે સંસ્કૃતમાં સૂર અથવા સૂર્ય છે, ગ્રીકમાં હેલિઓસ છે, લૅટિનમાં સોલ છે; પણ તામિલમાં ણાયિર છે. 'હોવું' માટે સંસ્કૃતમાં અસ્ છે, અસ્મિ છે; ગ્રીકમાં ઈનાઈ અને ઈમી છે; લૅટિનમાં એસ્સે અને સુમ છે; પણ તામિલમાં ઈરુ છે. એટલે ભેદનો પાયો ધ્યાન ખેંચે તેવી સ્પષ્ટતાપૂર્વક દેખાઈ આવે છે. તેમાં કોઈ શંકાને સ્થાન નથી. આપણે સંસ્કૃતને, ગ્રીકને તથા લૅટિનને એક ભાષાકીય કુટુંબની ગણી શકીએ, પછી અગવડ ખાતર આપણે તેમને આર્યન અથવા ઈન્ડો—યુરોપિયન ભાષાઓ કહીએ; આપણે તામિલને બીજા કુટુંબની ગણી શકીએ, અને બીજા કોઈ વધારે યોગ્ય નામના અભાવમાં, તેને દ્રાવિડિયન ભાષા કહીએ.

એ તો બરાબર છે. ત્યાં સુધી તો આપણે નક્કર જમીન 'પર ઊભા છીએ, આપણી પાસે એવો કોઈ નિયમ છે કે જેને આપણે વૈજ્ઞાનિક ચોક્કસતાથી લાગુ પાડી શકીએ. પણ આપણે જરાક આગળ વધીએ, એટલે સ્વચ્છ આકાશમાં વાદળો ઘેરાય છે, આપણા દૃષ્ટિ-ક્ષેત્ર ઉપર શંકાનું ધુમ્મસ છવાતું જાય છે, આપણને માતા-પિતા તો છે; પણ બીજા કૌટુંબિક સંબંધો પણ છે. પ્રાથમિક યુગની ગાય દોહનારી દુહિતાની, ઘરની પુત્રીની બાબતમાં, ભગિની આર્ય-ભાષાઓ એકબીજા સાથે ઓછી સંમત થતી દેખાય છે. સંસ્કૃતમાં પુત્રી માટે દુહિતર્ (ગાય દોહનારી) શબ્દ છે, ગ્રીકમાં તેને થુગેથર કહે છે, જર્મનમાં તેને ડૉકટર કહે છે, અંગ્રેજીમાં ડૉટર કહે છે; પણ લૅટિન શબ્દમાં આહીરી અર્થ રહ્યો નથી અને પુત્રીને ફિલિઆ કહે છે, જે શબ્દને દૂધની દહોણી સાથે કોઈ સંબંધ નથી તથા બીજી સંબંધિત ભાષાઓ સાથે કોઈ સંબંધ નથી.

ત્યારે શું આપણે એમ માનવું કે લૅટિન એક મિશ્ર ભાષા હતી, અને તેણે અનાર્ય કુટુંબની ભાષામાંથી તે શબ્દ લીધો હતો? પણ આ એક જ ઉપેક્ષણીય ફેરફાર છે. જ્યારે આપણે પુત્રવાચક શબ્દ માટે તપાસ કરીએ છીએ, ત્યારે આ આર્ય ભાષાઓમાં નિરાશાજનક ફેરફારો આપણને માલૂમ પડે છે, તેમનામાં પરસ્પર કોઈ એકતા કે સાદૃશ્ય નજરે પડતું નથી. સંસ્કૃતમાં પુત્ર છે, ગ્રીકમાં હુઈઓસ છે, લૅટિનમાં ફિલિઅસ છે; એ ત્રણ શબ્દોમાં કોઈ પારસ્પરિક સંબંધ નથી. આપણે એવું નિગમન તો ન જ તારવી શકીએ, કે આ ભાષાઓનો પિતૃત્વનો તથા માતૃત્વનો ખ્યાલ આર્ય હતો, પણ પુત્રત્વનો ખ્યાલ દ્રાવિડિયન હતો—જેમ કેટલાક આધુનિક વિદ્વાનોના મત પ્રમાણે સ્થાપત્યના, અદ્વૈતવાદના તથા બીજા સંસ્કારયુકત ખ્યાલોમાં બન્યું છે તેમ; કારણ કે સંસ્કૃતમાં સાહિત્યિક શબ્દ છે સૂનુ, જેને આપણે જર્મન સોહન શબ્દ સાથે, અંગ્રેજી સન સાથે અને દૂરતાપૂર્વક જર્મન ગ્રીક હુઈઓસ સાથે સંબંધિત કરી શકીએ. તો પછી આપણે એવા નિગમન પર આવીએ કે આ ભાષાઓમાં મૂળ પુત્રવાચક એક શબ્દ હતો—સૂનુ, જેને પાછળથી ઘણીખરી તે ભાષાઓએ વાતચીત સમયે છોડી દીધો, સંસ્કૃતે તેને સાહિત્યિક ભાષામાં વપરાવા આપી દીધો, ગ્રીકે તે જ ધાતુમાંથી બનેલો બીજો જ શબ્દ અપનાવ્યો, લૅટિને તે તદ્દન ગુમાવી દીધો અને—પુત્રી માટે જેમ તેણે ફિલિયા શબ્દ સ્વીકાર્યો હતો તેમ, પુત્ર માટે ફિલિઅસ શબ્દ સ્વીકાર્યો. આ ખૂબ સાધારણ વપરાશના શબ્દોમાં પણ આવી અનિશ્ચિતતા-પ્રવાહિતા નજરે પડે છે; ગ્રીકે ભ્રાતૃવાચક મૂળ ફ્રેટોર શબ્દ ગુમાવી દીધો છે, પણ તે શબ્દને બહેન માટે રાખ્યો અને ભાઈ માટે એડેલ્ફોસ શબ્દ મૂકયો, કે જેની સદૃશતા બીજી ભાષાઓમાં કોઈ શબ્દમાં નથી. સંસ્કૃતે યુનસ, એઈન, વન માટે—સંખ્યાવાચક 'એક' માટે બીજી કોઈ આર્ય ભાષામાં નહિ મળતો 'એક' શબ્દ લીધો. ત્રીજા પુરુષના સર્વનામમાં તો બધી ભાષાઓ જુદા જુદા શબ્દો વાપરે છે. ચન્દ્ર માટે ગ્રીકમાં સેલીન છે, લૅટિનમાં લ્યુના છે, સંસ્કૃતમાં ચન્દ્ર છે. જ્યારે આપણે આ બધી હકીકતો સ્વીકારીએ છીએ, ત્યારે આપણો વૈજ્ઞાનિક પાયો ડગી જાય છે અને આખી ઈમારત પડું પડું થઈ જાય છે. કારણ કે આપણને આ હકીકત માલૂમ પડે છે કે તદ્દન સામાન્ય રોજિંદા વપરાશના શબ્દો પણ પ્રાચીન ભાષાઓમાં એક સરખા નથી; જો સમયસર સાહિત્ય-સર્જનમાં તેમનો રૂઢ વપરાશ ચાલુ ન થયો હોત, તો તે ભાષાઓમાં પરસ્પર કોઈ સંબંધ હતો તે વાત જ લુપ્ત બની ગઈ હોત. મૂળ સતત સર્જાતા સંસ્કૃત સાહિત્યના અકસ્માત વડે જ આપણે આર્ય ભાષાઓની મૂળ એકતાને સ્થાપિત કરી શકીએ છીએ. જો પ્રાચીન સંસ્કૃત ગ્રન્થો અસ્તિત્વમાં ન હોત, જો માત્ર બોલીમાં વપરાતા સામાન્ય સંસ્કૃત શબ્દો જ વિદ્યમાન રહ્યા હોત, તો આ પરસ્પર

સંબંધ માટે કોણ નિશ્ચયપૂર્વક કહી શકત ? વાતચીતમાં વપરાતા બંગાળી શબ્દોને, કુટુંબ માટે વપરાતા શબ્દોને લૅટિનના, તેલુગુના કે તામિલના તે પ્રકારના શબ્દો સાથે કોઈ સંબંધ છે, એવો નિર્ણય કેવી રીતે કરી શકાય ? તો પછી આપણે એ વાત નિશ્ચયપૂર્વક કેવી રીતે કહી શકીએ કે આર્ય ભાષાઓ સાથેની તામિલમાં જોવા મળતી ભિન્નતા ખૂબ જૂના પ્રાચીન સમયમાં તે લોકો છૂટા પડયા તેને કારણે નથી, અને સાહિત્યિક યુગ બેઠો ત્યાર પહેલાંના સમયના શબ્દોમાં ખૂબ ભિન્નતા જોવામાં આવે છે ? હું આ લેખમાં જ પુરવાર કરીશ કે તામિલના સંખ્યાવાચક શબ્દો મૂળ આર્ય ભાષામાં હતા, કે જેમને સંસ્કૃતે ત્યજી દીધા હતા, પણ હજી જેમનું પગેરું આપણે વેદના શબ્દોમાં કાઢી શકીએ તેમ છીએ, અને કેટલાક જુદી જુદી આર્ય ભાષાઓમાં મળી આવે છે; તે જ રીતે તામિલનાં સર્વનામો ખૂબ પ્રાથમિક અવસ્થાની આર્ય ભાષાઓમાં જડે છે. હું તે વાત પણ સિદ્ધ કરીશ કે જેમને શુદ્ધ તામિલ કહેવામાં આવે છે તેવા અનેક શબ્દો, તેમનાં પૃથક્, અંગોમાં નહિ તો પૂર્ણરૂપ તરીકે, આર્ય કુટુંબની ભાષાઓમાં જડે છે. એટલે આપણે તર્ક સંગત રીતે આ નિગમન પર આવવું પડે છે કે સામાન્ય વિચારો તથા પદાર્થોના વાચક શબ્દો બે ભાષાઓમાં એક-સરખા નથી તે કોઈ તેમની ભિન્ન ભિન્ન ઉત્પત્તિની સાબિતી નથી. વ્યાકરણીય રૂપોની ભિન્નતાનું શું ? આપણે ખાતરીપૂર્વક કહી શકીએ તેમ છીએ કે તામિલ રૂપો પ્રાચીન આર્ય ભાષાનાં રૂપો નથી—અલબત્ત તામિલ પ્રાકૃત ભાષાઓની ઢીલાશથી થોડાક વિકૃત સ્વરૂપમાં ? તેમાંનાં કેટલાંક રૂપો આધુનિક આર્ય બોલી-ઓમાં મળે છે, પણ સંસ્કૃતમાં નથી જડતાં; અને તે પરથી કેટલાક લોકોએ એવું નિગમન તારવ્યું છે કે આર્ય પ્રાંતીય ભાષાઓ મૂળ અનાર્ય ભાષાઓ હતી, પણ પરદેશી આક્રમણકારોએ ભાષાકીય રીતે તેમના પર ખૂબ પ્રબળ અસર મૂકી છે. જો આપણે આ બધું માની લઈએ, તો અનિશ્ચિતતાના કેવા કીચડમાં આપણે ફસાઈ જઈશું ? વૈજ્ઞાનિક પાયાનો આપણો પડાછાયો, આપણે ભાષા-કુટુંબોનું કરેલું વર્ગીકરણ ચલાયમાન શૂન્યમાં આથમી જાય.

શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રીઓના પ્રસ્થાપિત સિદ્ધાંતોને આ રીતે હચમચાવી મૂકીને, વધારે પ્રૌઢ સંશોધન અટકી જતું નથી. આપણે સામાન્ય તામિલ શબ્દોમાં અને આર્ય ભાષાઓમાં ઉપલભ્ય શબ્દોમાં ખૂબ ભિન્નતા જોઈ શકયા; પણ ચાલો આપણે આ ભિન્નતાને જરાક ઝીણવટથી તપાસીએ. તામિલમાં પિતાને અપ્પા કહે છે, પિતા નહિ. તેને માટે કોઈ સમાન કે સદૃશ શબ્દ સંસ્કૃતમાં નથી, પણ તેનાથી ઊલટો સંતાનવાચક અપત્ય શબ્દ સંસ્કૃતમાં મળી આવે છે, જેને માટે અપ્ત્ય અને અપ્ન શબ્દો પણ મળે છે. તે ત્રણ શબ્દો બતાવે છે કે મૂળ ઋપ્ ધાતુનો અર્થ પેદા કરવું છે. તેને માટે બીજા પણ ઘણા પુરાવાઓ

મળી શકે તેમ છે. તો પછી તામિલ અપ્પા શબ્દ એ ધાતુમાંથી કેમ ન બન્યો હોય ? જેમ અપત્ય શબ્દમાં કર્મણિ પ્રયોગનો અર્થ છે, તેમ અપ્પા શબ્દમાં કર્તરિ પ્રયોગનો અર્થ છે. તામિલમાં માતાને અમ્મા કહે છે, માતા નહિ. પણ સંસ્કૃતમાં ભલે અમ્મા શબ્દ ન હોય, પ્રસિદ્ધ અંબા—શબ્દ તો છે ને ? अम्ब જન્મ આપવો, એ ધાતુમાંથી અંબા, અંબક (પિતા), અંબિકા તથા અંબિ (માતા), અંબરીષ (વછેરો) વગેરે શબ્દો બન્યા છે. સોદર શબ્દ સંસ્કૃત છે, તેનો અર્થ થાય છે—સમાન ઉદરમાં જન્મેલો, સગો ભાઈ. તામિલમાં ભાઈ માટે તે શબ્દ વપરાય છે, ભાઈ કે ભ્રાતા નહિ. તામિલમાં મોટી બેનને અક્કા કહે છે; તે સંસ્કૃત શબ્દ છે જેના ઘણા અર્થો થાય છે. આમ આપણે જોયું કે સંસ્કૃતમાં વપરાતા બંધ થઈ ગયેલા અથવા માત્ર સાહિત્યમાં જ વપરાતા, અનેક શબ્દો તામિલમાં છે, જેમ સંસ્કૃત સૂનુ શબ્દ અંગ્રેજીમાં સન તથા જર્મનમાં સોહ્ન છે, ગ્રીક ભ્રાતૃવાચક શબ્દ અદેલ્ફોસ માટે આપણે સાહિત્યિક સંસ્કૃત શબ્દ अदल्भ (અવિભકત)ને સમાન કે સદૃશ ગણી શકીએ. આ અને આવા અનેક શબ્દો, જેમને હું પાછળથી આપીશ, ઉપરથી આપણે શું નિગમન તારવીશું ? શું તામિલ ગ્રીક તથા જર્મનની પેઠે આર્ય ભાષાઓમાંની એક છે ? ના, ચોકકસ નહિ; તેને માટે પૂરતી સાબિતી નથી. તેમાંથી તો એટલું જ તારવી શકાય કે અનાર્ય ભાષા આર્ય ભાષામાંથી અનેક શબ્દો લઈ શકે, ખૂબ સામાન્ય અને રોજિંદા વપરાશના કુટુંબવાચક શબ્દો પણ, અને પોતાની ભાષાના તે તે મૂળ શબ્દોને ગુમાવી બેસે. પણ આપણે આ નિગમન પરથી એક બીજો નિશ્ચય કરી શકીએ કે સાધારણ કુટુંબવાચક શબ્દોની ગેરહાજરી એકબીજાથી ભિન્ન ભાષાઓની ઉત્પત્તિ બતાવે છે, તેમ તેવા શબ્દોની બે ભાષાઓમાં હાજરી હોવી તે એક સાધારણ ઉત્પત્તિની સાબિતી ન ગણી શકાય. બહુ બહુ તો ઘનિષ્ઠ સંપર્ક બતાવે છે, અથવા તો બંને ભાષાઓએ સ્વતંત્ર રીતે શબ્દોને વિકસાવ્યા હોય; તેથી વધારે તે કશું જ સિદ્ધ કરી શકે નહિ. તો પછી આપણે કયા પાયા પર ભાષાઓના ભેદો પારખીશું અને તેમનું વર્ગીકરણ કરીશું ? આપણે શું ખાતરીપૂર્વક કહી શકીશું કે તામિલ અનાર્ય ભાષા છે, અને ગ્રીક, લૅટિન, જર્મન આર્ય ભાષાઓ છે ? વ્યાકરણીય રૂપો અને રૂઢિઓ પરથી, શબ્દોની અદૃશતા અથવા ભિન્નતા વડે ઊભી કરાયેલી છાપ પરથી, આપણે તે નક્કી કરી શકીશું ? આમાંની પ્રથમ સાબિતી સ્વલ્પ અને અનિર્ણાયક છે, બીજી સાબિતી છેહ દે તેવી, અનિશ્ચાયક અને બાહ્ય છે, બંને અવૈજ્ઞાનિક છે, આપણને ખૂબ મૌલિક ભૂલો પ્રત્યે દોરી જાય તેવી છે. આવી સાબિતીઓ પરથી નિગમનો તારવવા કરતાં તો, નિગમનો તારવવાં જ નહિ અને વધારે લાભદાયી પ્રાથમિક પરિશ્રમ બીજી દિશામાં કરવો તે વધારે યોગ્ય છે.

હું એવો સિદ્ધાંત તારવું છું કે હજી સુધી શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રના ઇતિહાસમાં જે સંશોધનો થયાં છે તેમના સ્થૂલ અને સ્વલ્પ પાયા પર વૈજ્ઞાનિક નિયમોની તથા વૈજ્ઞાનિક વર્ગીકરણોની ઇમારત રચવી તે કવખતનું છે, તેમાં ઉતાવળ થાય છે. વાણીમાં, સાહિત્યમાં કે દસ્તાવેજમાં વિદ્યમાન ભાષાઓ માનવ-ભાષાઓનું નિશ્ચિત અને સુસ્થિર વર્ગીકરણ હજી આપણે કરી શકીએ તેવી સ્થિતિમાં નથી. આપણે એ કબૂલ કરવું જોઈએ કે આપણે કરેલાં વર્ગીકરણો લોકપ્રિય છે પણ વૈજ્ઞાનિક નથી, તે ઉપરચોટિયાં તાદાત્મ્યોના પાયા પર રચાયેલાં છે, વૈજ્ઞાનિક ચોક્કસ પાયા પર નહિ; તેવા પાયા માટે તો આપણે તે ભાષાઓના શબ્દોનો મૂળ બીજથી માંડીને તે પરિપૂર્ણ સ્વરૂપો સુધીનો, તેમના વિકાસનો, તેમની વિવિધ જાતોનો સાંગોપાંગ અભ્યાસ કરવો જોઈએ, અને જો જરૂરી સાધન-સામગ્રી ન મળે તો પરિપૂર્ણ રૂપોથી શરૂ કરીને આપણે તે શબ્દોના મૂળ બીજનું પગેરું શોધી કાઢવા, ભાષાઓનાં નિગૂઢ ગર્ભબીજોને ખોદી કાઢવા પ્રયત્ન કરવો જોઈએ. સાચો વૈજ્ઞાનિક 'શબ્દવ્યુત્પત્તિશાસ્ત્ર એક ક્ષુદ્ર અનુમાન-મૂલક મિથ્યા વિજ્ઞાન છે' એવો જે આક્ષેપ કરે છે, તે સાચો છે. તેને આપણે વધારે નિશ્ચિત પદ્ધતિ અપનાવીને, વધારે આત્મસંયમ અપનાવીને, ચળકતાં ઉપરચોટિયાં નિગમનોને બદલે વધારે કાળજીભર્યાં, ઝીણવટભરેલાં, ધીરજયુકત નિગમનોનેની સંશોધન-પદ્ધતિ અપનાવીને, દૂર કરવો જોઈએ, તેથી મારા અભ્યાસમાં હું ઉપરચોટિયા અભ્યાસમાંથી નીપજેલાં બધાં પ્રલોભનોને જતાં કરીશ; ભિન્ન ભિન્ન ભાષાઓનાં પારસ્પરિક તાદાત્મ્યો તથા સંબંધોની કલ્પનાઓને દૂર રાખીશ, પ્રાથમિક અવસ્થાની માનવીય સંસ્કૃતિઓનાં, મારા વિષય સાથે સીધો સંબંધ ન રાખનાર બધા વિષયોનાં, ચરિત્રોને તથા ઇતિહાસને, શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રની માહિતી પર ઊભાં કરાયેલાં તે તે ચિત્રોને દૂર રાખીશ. હું તો માત્ર સંસ્કૃત અને ત્રણ પ્રાચીન ભાષાઓના ઉદ્‌ગમને, વિકાસને તથા માનવ-ભાષાની પ્રગતિને જ ચર્ચીશ; તે ત્રણ ભાષાઓમાંની લૅટિન અને ગ્રીક મૃત ભાષાઓ છે, તામિલ એકલી પ્રચલિત છે. મેં મારા પ્રકરણને 'આર્ય ભાષામાં ઉદ્‌ગમ-સ્થાનો' નામ આપ્યું છે, કારણ કે તે સગવડભર્યું છે; પણ તેથી હું તે ચાર ભાષાઓના પારસ્પરિક સંબંધ વિષે કોઈ અભિપ્રાય આપવા નથી માગતો, અથવા તે ભાષાભાષી લોકોની જાતિની ઉત્પત્તિ વિષે, સંસ્કૃતભાષી લોકોની જાતીય ઉત્પત્તિ વિષે પણ કાંઈ કહેવા નથી માગતો. સંસ્કૃતનો અર્થ થાય છે સંસ્કારવાળી, શુદ્ધ, સાફ કરાયેલી ભાષા; પ્રાચીન ભારતની તે સાહિત્યિક ભાષા હતી, જેને સ્ત્રીઓ તથા સામાન્ય લોકો બોલતા ન હતા; મારો હેતુ ઉત્તર હિંદના લોકો જે કલાસિકલ ભાષા બોલતા હતા, તેના કરતાં વધારે વિશાળ છે. હું સંસ્કૃત શબ્દોની તથા તેની સાથે

સંબંધિત ગ્રીક, લૅટિન અને તામિલ ભાષાના શબ્દોની માહિતી પર મારાં નિગમનોને તારવીશ; આર્ય ભાષાનાં ઉદ્‌ગમસ્થાનો એટલે હું 'માનવ ભાષાનાં ઉદ્‌ગમ સ્થાનો' સમજું છું, જે લોકો આ શબ્દ-કુટુંબોનો પ્રયોગ કરતા હતા, તેમની શાળાઓમાંથી અથવા ધાતુઓમાંથી નિષ્પન્ન થયેલા શબ્દોનો પ્રયોગ કરતા હતા, તેમણે માનવ-ભાષાને કેવી રીતે વિકસાવી, તે મારો અભ્યાસનો વિષય છે. આર્ય શબ્દનો મારો પ્રયોગ તેથી વધારે આગળ જતો નથી.

એ વાત સ્પષ્ટ છે કે આ પ્રકારના અભ્યાસમાં ભાષાકીય ગર્ભાવસ્થાનું એક પ્રકારનું વિજ્ઞાન પ્રથમ જરૂરિયાત છે. બીજા શબ્દોમાં કહીએ તો, જેટલા પ્રમાણમાં આપણે રચાયેલી માનવ-ભાષાની ટેવો, ખ્યાલો તથા દેખીતી હકીકતોથી દૂર રહીશું, આધુનિક સુધરેલા લોકો તે ભાષાનો જે ઉપયોગ કરે છે તેના અત્યારના સ્વરૂપથી દૂર રહીશું, અને વધારે પ્રાચીન, પ્રાથમિક અવસ્થાની ભાષાઓનાં મૂળ ધાતુઓની, બંધારણનાં પ્રાથમિક તત્ત્વોની વધારે નજીક જઈશું, તેટલા પ્રમાણમાં આપણે વાસ્તવિક ફળદાયી સંશોધનો પ્રાપ્ત કરી શકીશું. બાહ્ય માનવ, પશુ, છોડના સ્વરૂપના અભ્યાસ પરથી આપણે ઉત્ક્રાન્તિનાં મહાન સત્યોને શોધી શકતા નથી, શોધી શકીએ તો પણ તેમને નિશ્ચયપૂર્વક સુસ્થિર કરી શકતા નથી; પણ નિર્માણ થયેલા તેમના સ્વરૂપ પરથી હાડપિંજર તરફ જવાથી, અને હાડપિંજરમાંથી તેમના ગર્ભ સુધી જવાથી, આપણે એક મહાન સત્યને સ્થાપી શકીએ છીએ કે પદાર્થતત્ત્વમાં પણ મહાન વેદાંતિક ફૉર્મ્યુલા છે, એક બીજમાંથી વૈશ્વિક સત્‌ના સંકલ્પ વડે અનેક રૂપો વિકાસ પામ્યાં છે અને આ સૃષ્ટિની રચના થઈ છે—एकं बीजं बहु धाय: करोति ।; ભાષામાં પણ આપણે તે જ પદ્ધતિને અપનાવવી પડશે. જો માનવ ભાષાની ઉત્પત્તિને અને એકતાને શોધી શકાય, પ્રસ્થાપિત કરી શકાય, જો એમ સિદ્ધ કરી શકાય કે નિશ્ચિત નિયમો અને પ્રક્રિયાઓએ તેના વિકાસનું નિયમન કર્યું હતું, તો તે માત્ર ભાષાનાં પ્રાચીન રૂપોનો અભ્યાસ કરવાથી જ તેની શોધ થઈ શકશે, અને તેની સાબિતીઓ પ્રતિષ્ઠિત કરી શકાશે. આધુનિક ભાષા મોટે ભાગે નિશ્ચિત અને કૃત્રિમ સ્વરૂપવાળી છે, તે તદ્દન જડ અસ્થિ નથી બની ગઈ, પણ અટકી ગયેલા વિકાસવાળું, જડ અસ્થિ બનવા તરફ ગતિ કરતું, એક યંત્ર છે. તેના અભ્યાસમાંથી પરિણમતા વિચારો આપણને તદ્દન ગેરમાર્ગે દોરી જાય તેવો પાકો સંભવ છે. આધુનિક ભાષામાં દરેક શબ્દ એક નિશ્ચિત રૂઢિ પ્રાપ્ત પ્રતીક છે, આપણે તેનો અર્થ અમુક જ થાય તેવી રૂઢિને સ્વીકારવી જ પડે છે. વરુને આપણે અમુક પ્રકારનું પશુ જાણીએ છીએ, પણ આપણે તે ધ્વનિથી તે જ પશુનો અર્થ કેમ કરીએ છીએ તે જાણતા હોતા નથી, આપણે તેવો વિચાર કરવાની દરકાર જ કરતા નથી, તેને એક ઐતિહાસિક

વિકાસની કાયદા-હીન હકીકત તરીકે આપણે સ્વીકારી લઈએ છીએ. જો આપણું ટેવાયેલું મન સંમતિ આપે, તો બીજો કોઈ પણ શબ્દ વરુનો ખ્યાલ આપણા મનમાં પેદા કરી શકે. જો આપણે પ્રાચીન ભાષાનો આશ્રય લઈએ, અને સંસ્કૃતમાં વૃક શબ્દનો અર્થ 'ફાડી ખાનાર' થાય છે તે જાણીએ, તો આપણને ભાષાના વિકાસનો, કમથી કમ, એક નિયમ સમજાય છે. બીજું, આધુનિક ભાષામાં તેનાં અંગો નકકી થયેલાં જોવા મળે છે—નામ, વિશેષણ, ક્રિયાપદ, ક્રિયાવિશેષણ; તેમનાં રૂપો તેનાં તે જ હોય, તો પણ આપણે તેમને ભિન્ન ભિન્ન શબ્દો સમજીએ છીએ. જ્યારે આપણે પ્રાચીન ભાષાઓનો અભ્યાસ કરીએ છીએ, ત્યારે આપણને તે આશ્ચર્યજનક પ્રકાશક હકીકત સમજાય છે કે મૂળનાં પાયાભૂત રૂપોમાં એક જ સ્વરવાળો શબ્દ નામ તરીકે, વિશેષણ તરીકે, ક્રિયાપદ તરીકે, ક્રિયાવિશેષણ તરીકે સેવા બજાવતો, અને પ્રાચીન માનવ શબ્દના આ વિવિધ ઉપયોગોનો ભેદ સભાનપણે કરતો નહિ. અત્યારની સંસ્કૃત ભાષામાં वृक નામ તરીકે વપરાય છે; વેદમાં તે 'ફાડી ખાનાર' અર્થમાં જ માત્ર વપરાતો; તે નામ તરીકે, વિશેષણ તરીકે પણ વપરાતો; નામ તરીકે વપરાય ત્યારે પણ આ વિશેષણનો અર્થ તેમાં હાજર રહેતો; અને તે શબ્દ વરુને, દૈત્યને, શત્રુને, ચીરી નાખનાર કોઈ પણ શકિતને કે વસ્તુને લાગુ પાડવામાં આવતો. આપણે વેદમાં જોઈએ છીએ કે લૅટિન ક્રિયાવિશેષણના અંતે 'એ' અને 'તે' હોય છે તેમ વૈદિક સંસ્કૃતમાં ક્રિયાવિશેષણો હોવા છતાં પણ, વિશેષણને શુદ્ધ વિશેષણ તરીકે વાપરવામાં આવતું, સાથે સાથે ક્રિયા-વિશેષણ તરીકે પણ વાપરવામાં આવતું, અને ઉપસર્ગયુકત શબ્દસમૂહમાં અથવા ગૌણ ક્રિયાવિશેષણ રૂપ પેટા વાકયમાં પણ વાપરવામાં આવતું. તેથી પણ વધારે આશ્ચર્યની વાત તો એ છે કે નામો તથા વિશેષણોને ઘણી વાર બીજી વિભકિતમાં મૂકેલાં કર્મો સાથે ક્રિયાપદો તરીકે વપરાયેલાં જોવા મળે છે, અને તેમાં રહેલા ધાતુને આપણે ક્રિયાપદ સમજવાનું રહે છે. એટલે આપણે એવી માન્યતા સ્વીકારવી જોઈએ કે આર્ય ભાષાના ખૂબ સરળ રૂપોમાં શબ્દનો પ્રયોગ ખૂબ પ્રવાહી હતો; દાખલા તરીકે चित् શબ્દના અર્થો—જાણવું, જાણતું, જાણે છે, જાણનાર, જ્ઞાન—જાણ, જ્ઞાનપૂર્વક—એ બધા થતા. અને તેનો પ્રયોગ કરનાર જાણતો નહિ કે તે ભાષાના કયા અંગ તરીકે તેનો પ્રયોગ કરે છે. વળી આધુનિક ભાષાઓની નિશ્ચિતતા, શબ્દોને વિચારોનાં નિશ્ચિત પ્રતીકો તરીકે વાપરવાનું વલણ, શબ્દો પોતે જીવંત વસ્તુઓ છે અને વિચારના જનક છે એ વાત ભૂલી જવાનું વલણ, એક શબ્દને એક જ અર્થમાં મર્યાદિત કરવાના વલણનું, અથવા અનેક શબ્દોનો એક જ અર્થ અભિવ્યકત કરવાની શકિતને મર્યાદિત કરવાના વલણનું સર્જન કરે છે. જ્યારે આપણે To Strike શબ્દનો

અર્થ 'મજૂરોનું વ્યવસ્થિત હડતાલ પર જવું' કરીએ છીએ, ત્યારે આપણે સંતોષ માની લઈએ છીએ; આપણે જો તે જ અર્થને પ્રગટ કરતાં, પંદર બીજા શબ્દોમાંથી એક બીજા શબ્દને પસંદ કરવાનો આવે, તો આપણે ગૂંચવાઈ જઈએ; જો તે જ શબ્દના અર્થ-પ્રહાર સૂર્યનું કિરણ, ક્રોધ, મૃત્યુ, જીવન, અંધકાર, આશ્રયસ્થાન, ઘર, અન્ન પ્રાર્થના—એ બધા થાય તો આપણે તેથી પણ વધારે ગૂંચવાઈ જઈએ, છતાં ભાષાના પ્રાચીન ઈતિહાસમાં આપણને તે જ આશ્ચર્યકારક અને પ્રકાશક ઘટના નજરે પડે છે. પાછળના સંસ્કૃતમાં પણ એક જ શબ્દના અનેક, દેખીતી રીતે અસંબંધિત, અર્થો ખૂબ ધ્યાન ખેંચે તેવા હોય છે; પણ વૈદિક સંસ્કૃતમાં તો તે અનેક ગણું ધ્યાન ખેંચે તેવા છે, અને પરિણામે આધુનિક લોકો આર્ય સૂકતોનો ચોક્કસ અશંકાસ્પદ અર્થ કાઢવામાં ખૂબ મુશ્કેલી અનુભવે છે. હું પાછળ એવાં પ્રમાણો આપીશ કે તેનાથી પણ પ્રાચીન ભાષામાં આ છૂટછાટ તેથી પણ વધારે પ્રમાણમાં લેવામાં આવતી હતી, દરેક શબ્દના અનેક અર્થો સ્વાભાવિક રીતે જ થતા, અને એક પદાર્થ કે વિચારને વ્યકત કરવા માટે અનેક શબ્દો—કેટલીક વાર તો પચાસ શબ્દો મળી રહેતા, કે જેમાંનો દરેક શબ્દ જુદા-જુદા ધાતુમાંથી બન્યો હતો. આપણા માનસને તે વસ્તુસ્થિતિ નિયમ—વિહોણો ગૂંચવાડો જ લાગે, તેથી આપણને એમ જ લાગે કે ભાષાના કોઈ નિયમનો ખ્યાલ સરખો કરવો તે અર્થશૂન્ય છે, ભાષાકીય વિજ્ઞાનની શકયતા જ અશકય લાગે. પણ હું હમણાં જ બતાવીશ કે માનવ ભાષાના પ્રારંભિક સ્વભાવમાંથી જ, તેના પ્રાથમિક વિકાસનું નિયમન કરતા કાયદાઓને લીધે જ, આ અસાધારણ સ્વતંત્રતા અને પ્રવાહિતા અનિવાર્ય રીતે પ્રાપ્ત થઈ હતી.

આ રીતે આધુનિક ભાષામાં, વિકસિત વાણીના કૃત્રિમ ઉપયોગથી પાછા હટીને આપણે જો આપણા પૂર્વજો જે પ્રાથમિક અવસ્થાની વાણીનો કુદરતી ઉપયોગ કરતા હતા તેની વધારે નજીક જઈશું, તો આપણને અગત્યના મુદ્દા નજરે પડશે. એક તો ધ્વનિ અને તેના રૂઢિબદ્ધ નિશ્ચિત અર્થ સાથેના સંબંધથી આપણે મુકત થઈશું, અને બીજું આપણને સમજાશે કે અમુક પદાર્થના અર્થને અમુક શબ્દ પ્રગટ કરે છે, કારણ કે ધ્વનિ પ્રાચીન માનવ મનને, તેની ધ્યાન યોગ્ય ક્રિયા વડે અથવા લાક્ષણિકતા વડે, તે પદાર્થનું દ્યોતન કરતો હતો. અત્યારનો સુધરેલો માણસ કરે છે તેમ, પ્રાચીન માનવ પોતાના મનમાં આમ કહેતો ન હતો કે 'અહીં માંસભક્ષી, ચાર પગવાળું, કુતરાની જાતિનું, શિકારી પશુ છે, જે ટોળાબંધી શિકારે નીકળે છે; મારા મનમાં તે રશિયા સાથે સંબંધિત છે, શિયાળો—બરફ—ડુંગરની ભૂમિકાઓ સાથે સંબંધિત છે; ચાલો, આપણે તેને માટે યોગ્ય વાચક શબ્દ શોધી કાઢીએ, "તેના મનમાં વરુ વિષે બહુ થોડા

ખ્યાલો હતા, વૈજ્ઞાનિક વર્ગીકરણનો કોઈ વિચાર તેના મનને ગૂંચવતો નહિ, તેને તો વરુ સાથેના સંપર્કનો માત્ર શારીરિક ખ્યાલ જ મુખ્ય હતો. તે મુખ્ય, ખૂબ અગત્યની, શારીરિક વાસ્તવિકતાને લીધે, તે તેના સાથીને એમ કહેતો ન હતો કે, 'અહીં વરુ છે', પણ માત્ર એટલું જ પોકારી ઊઠતો કે, "આ ફાડી ખાનાર—અયંવૃક: !" હવે એ સવાલ ઊઠે છે કે ફાડી ખાવાની ક્રિયા માટે તેને વૃક શબ્દ જ કેમ સૂચિત થયો, બીજો કોઈ શબ્દ કેમ નહિ? સંસ્કૃત ભાષા આપણને એક પગલું પાછળ લઈ જાય છે—જો કે છેલ્લે પગલે નહિ; તે આ છે—આપણે સંપૂર્ણ વૃક શબ્દનો વિચાર નથી કરવાનો, પણ વૃક ધાતુનો, જેમાંથી અનેક શબ્દો બન્યા છે અને વૃક તેમાંનો એક છે. જો બીજો કોઈ પૂર્વગ્રહ આવે, તો આપણે આધુનિક મનવાળા લોકો તે વિકસિત શબ્દનો જે અમુક પ્રકારની, નિશ્ચિત અર્થ-છાયાવાળા પદાર્થ સાથે સંબંધ જોડે છે તેમાં ફસડાઈ પડત. અંગ્રેજીમાં Lilimitation એટલે મર્યાદિત કરવું—શબ્દ છે. તેનો અર્થ સમજતાં આપણને તે યાદ કરવાની જરૂર નથી પડતી કે તેમાં મૂળ શબ્દ Limes—સીમા, મર્યાદા છે, તે તેની કરોડરજ્જુ છે. પણ વૈદિક સમયમાં વૃક શબ્દને વાપરનારા લોકોના મનમાં 'વૃક્—ચીરી નાખવું' ધાતુ પ્રાધાન્ય ભોગવતો, તે જ ભાવ તેમના મનમાં, નિશ્ચિત કઠોર અર્થ સાથે, પ્રગટ થતો, કારણ કે પૂર્ણ શબ્દ હજી પ્રવાહી હતો, તેમાં રહેલા મૂળ ધાતુના અર્થનાં સાહચર્યોને તે પ્રગટ કરતો. પરિણામે તે શબ્દ બોલનારના મનમાં તે ધાતુ-ધ્વનિ જે જુદા જુદા વિચારોને જાગ્રત કરતો, તે પ્રમાણે તે શબ્દ પ્રવાહી અને અનેક અર્થ-છાયાઓવાળો બનતો આપણે જોઈ શકીશું કે, તે ધાતુ માત્ર તેના અર્થોમાં જ પ્રવાહી ન હતો, પણ તેના ઉપયોગમાં પણ તે પ્રવાહી હતો. તે વિકસિત રચાયેલો શબ્દ નામ તરીકે, વિશેષણ તરીકે, ક્રિયાપદ તરીકે, ક્રિયાવિશેષણ તરીકે વપરાતો; વેદના સમય જેટલા, ભાષાવિકાસના પાછળના કાળમાં પણ તે વિધવિધ ઉપયોગો ચોક્કસ, વિભિન્ન, પૂર્ણ ભેદોવાળા ન હતા, તેઓ એક-બીજામાં ભળી જતા. ભાષાના એકમનું નિર્ણાયક તત્ત્વ ધાતુ હતું. ભાષાના વિજ્ઞાનના પાયા માટે આ એક મહત્ત્વની શોધ છે. આપણે એ શોધ કરવાની જરૂર નથી કે વૃક્‌નો અર્થ ફાડી ખાનાર, કેમ છે; આપણે એ શોધવાની જરૂર છે કે વૃક્ ધ્વનિનો અર્થ આર્ય-ભાષી જાતિઓ માટે શો હતો, અને તેવો અર્થ તેમના મન પર શા માટે ઉત્પન્ન થતો હતો, આપણે એ પૂછવાની જરૂર નથી કે લૅટિનમાં દોલાબ્રાનો અર્થ કુહાડી શા માટે થાય છે, સંસ્કૃતમાં દલ્મિનો અર્થ ઈન્દ્રનું વજ્ર શા માટે થાય છે, દલપ અને દલ આયુધવાચક શબ્દો શા માટે છે, દલનમ્‌નો અર્થ દળી નાખવું તે શા માટે થાય છે, ગ્રીકમાં દેલ્ફી શબ્દનો અર્થ ગુહા શા માટે થાય છે? આપણે તો મૂળ ધાતુ દલ્‌ના સ્વભાવનું

સંશોધન કરવાની જરૂર છે, કે જે ધાતુમાંથી આ બધા જુદા પણ સંબંધિત શબ્દો નીકળ્યા છે. તે અર્થોના ફેરફારો અગત્યના નથી એવું નથી, પણ તેમની અગત્ય ગૌણ અને નાની છે. આપણે ભાષાની ઉત્પત્તિને બે વિભાગોમાં વહેંચી નાખી શકીએ—મૂળ ગર્ભાવસ્થાની, જેની સંશોધના પ્રથમ અગત્યની છે, અને રચનાની કે જે ઓછી અગત્યની છે, અને તેથી તેનો અભ્યાસ પાછળથી થઈ શકે તેમ છે. પ્રથમ સંશોધનામાં આપણે ભાષાના ધાતુઓનો અભ્યાસ કરીએ છીએ, વૃક્નો અર્થ ચીરી નાખવું, દલ્નો અર્થ દળી નાખવું—શા માટે થયો, તે સ્વેચ્છાપૂર્વક થયો કે તેમાં કોઈ કુદરતી કાનૂન કામ કરી રહેલો છે તે તપાસવું તે છે. બીજી સંશોધનામાં, આપણે તે ધાતુઓમાં કયા ફેરફારો થવાથી, કયા પ્રત્યયો ઉમેરવાથી, તે એ શબ્દ-સ્વરૂપોમાં પરિણત થયા—શબ્દ-સમૂહો રૂપે, શબ્દ-કુટુંબો રૂપે, શબ્દ-જાતિઓ રૂપે પરિણત થયા; તે ફેરફારો અને પ્રત્યયો શા માટે શબ્દના ઉપયોગ તથા અર્થ પર અમુક અસર કરે છે; दल् ધાતુને अन लगाडवाथी શા માટે તે નામ બને છે, અને आन्न, भि, भ (dedphoi) ડેલ્ડોઈ, (દલ) ભા:, આન્ (ગ્રીક—ઑન) અને अन प्रत्ययोनुं मूळ शुं छे तथा અર્થ શો છે, તેની શોધ કરવાની છે.

પ્રાચીન ભાષામાંના શબ્દના રૂપમાં રહેલા આ ધાતુની અગત્ય લુપ્ત થઈ અને તેના પ્રત્યેની બેદરકારીથી શબ્દવ્યુત્પત્તિશાસ્ત્ર વિજ્ઞાન તરીકે વંધ્ય રહ્યું છે; તે તેનું એક મુખ્ય કારણ છે. જ્યારે પૂર્વના શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રઓએ રચાયેલા શબ્દના સ્વરૂપને અગત્ય આપી, અને તેમણે પિતર્, પેટેર, પેટર, વેટર અને ફાધર શબ્દોને સંબંધિત કર્યા, ત્યારે તેમણે એક ભયંકર ભૂલ કરી, અને તેને આધારે તેમણે પ્રામાણિત અને અપ્રામાણિત નિગમનો તારવ્યાં, તારવવાનો પ્રારંભ કર્યો તે પણ મોટી ભૂલ હતી. મૂળ તો તેમણે દલ્ભિ, દલન, દોલાબ્રા, દોલોન (દોલોસ, છળકપટ; દોલોન, ખંજર; દુલોસ, ગુલામ), દેલ્ફી વગેરે શબ્દોના માતૃ—ધાતુનો સંબંધ શોધવાનો હતો, અને તેમાંથી શબ્દ-કુટુંબોને, શબ્દ-જાતિઓનાં જૂથોને, સંબંધિત શબ્દ-રાષ્ટ્રોને અથવા ભાષાઓને તારવવાનાં હતાં. જો તેમણે એ વાત પર ધ્યાન આપ્યું હોત કે આ બધી ભાષાઓમાં दल् ધાતુનો અર્થ છળ-કપટ અથવા બહાનું પણ થાય છે, અને તેની સાથે સંબંધિત બીજા અર્થો પણ થાય છે, તો તેઓ ભાષાઓના સાચા વિજ્ઞાનનો પાયો રચી શકયા હોત. તો આપણે કદાચ પ્રાચીન ભાષાઓનાં સાચા સંબંધોને તથા કહેવાતા આર્ય લોકોના માનસના સામાન્ય તથા સાચા સંબંધોને ખોળી શકયા હોત. આપણને ગ્રીકમાં દોલાબ્રા શબ્દ કુહાડી માટે મળે છે, પણ ગ્રીક કે સંસ્કૃતમાં કુહાડી માટે તેનો સંબંધિત શબ્દ મળતો નથી. તે ઉપરથી એવી દલીલ કરવી કે તે જાતિઓ છૂટી પડી ત્યાર પહેલાં આર્ય પૂર્વજોએ કુહાડીની શોધ કરી ન હતી

અથવા કુહાડીનો આયુધ તરીકે તેઓ ઉપયોગ કરતા ન હતા, તે એક નિરર્થક, અનિશ્ચિત, સાહસપૂર્ણ અનુમાન ગણાય. પણ જો આપણે એટલું ધ્યાન રાખ્યું હોત કે લૅટિનમાં દોલાબ્રા, ગ્રીકમાં દોલોન, સંસ્કૃતમાં દલ—દલપ અને દલ્મિ દલ્ (ચીરવું) ધાતુમાંથી જુદી જુદી રીતે વ્યુત્પન્ન થયેલા શબ્દો છે, અને તે બધા અમુક પ્રકારના આયુધના વાચક છે, તો આપણને એક ફળદ્રૂપ, નિશ્ચિત, પ્રકાશપૂર્ણ શોધ પ્રાપ્ત થઈ હોત. એમાં આપણને એક સાધારણ અથવા મૌલિક માનસ કાર્ય કરતું માલૂમ પડે છે, આપણે દેખીતી રીતે મુકત અને શિથિલ, પણ વાસ્તવિક નિયમિત પ્રક્રિયાઓને જોઈ શકીએ છીએ કે જેમના વડે શબ્દો રચાયા હતા; આપણે એ હકીકત પણ જોઈ શકીએ છીએ કે એક જ પ્રકારે રચાયેલાં શબ્દ-સ્વરૂપો ભલે તે આર્ય ભાષાઓમાં ન મળતાં હોય, પણ એક ધાતુની પસંદગી કરી, તેમાંથી બનેલાં અનેક શબ્દ-સંતાનોમાંથી એક શબ્દને પસંદ કરી, તે અમુક વિચાર કે વસ્તુને અભિવ્યકત કરતા; અને તેને પરિણામે આપણને આર્ય ભાષાઓમાં સંબંધિત શબ્દોમાં એક-સાધારણ તત્ત્વ મળે છે અને છતાં તેમાં મુકત ફેરફારો પણ થયેલા છે.

હું આ ગ્રંથમાં જે શોધ કરવા માગું છું, તેના પ્રકાર વિષે મેં ઘણું બધું કહી નાખ્યું છે. આ પ્રકાર આપણે હાથ ધરેલા પ્રશ્નના સ્વભાવમાંથી જ ઉદ્‌ભવે છે, જે પ્રક્રિયાઓમાંથી ભાષા જન્મે છે અને રચાય છે તે પ્રક્રિયાઓ-માંથી જ તે પ્રકાર ઉદ્‌ભવે છે. ભૌતિક વિજ્ઞાનોમાં આપણે એક, એક જ પ્રકારના વસ્તુ-વિષયનો અભ્યાસ કરવાનો હોય છે; કારણ કે તેમાં બંધારણીય શકિતઓ ગમે તેટલી જટિલ હોય અને એકઠી મળીને કાર્ય કરતી હોય, પણ તે બધી એક જ સ્વભાવની હોય છે અને એક જ વર્ગના નિયમોનું પાલન કરતી હોય છે; બધા ઘટક દ્રવ્યો ભૌતિક આકાશનાં આકંપનો વડે વિકસેલાં સ્વરૂપો છે; બધી શકિતઓ આ આકાશીય આકંપનોની શકિતઓ છે, કે જે તે ઘટક દ્રવ્યોના પરમાણુઓમાં સંગઠિત થઈ છે, અથવા હજી બહારથી તે પદાર્થ ઉપર કાર્ય કરી રહી છે. પણ માનસિક વિજ્ઞાનોમાં આપણી સમક્ષ ભિન્ન ભિન્ન પદાર્થ-દ્રવ્ય હોય છે, અને તેમાં કાર્ય કરતી શકિતઓ પણ ભિન્ન ભિન્ન હોય છે; તેમાં પ્રથમ આપણે ભૌતિક માધ્યમ સાથે, તેના સ્વભાવ સાથે તથા ક્રિયા સાથે કામ પાડવાનું રહે છે; તે પોતે બહુ સરળ અને ક્રિયામાં નિયમિત હોય છે; પણ તે ભૌતિક માધ્યમ ઉપર, પદાર્થ-દ્રવ્ય ઉપર તથા તેમાં કાર્ય કરી રહેલું માનસ તત્ત્વ જટિલ અને અસ્થિર હોય છે, આપણે હવામાં ગતિ કરતો એક ક્રિકેટ-બૉલ જોઈએ છીએ. આપણે ક્રિયા કરતાં તત્ત્વો જાણીએ છીએ, તેના ઉડ્ડયન પર કાર્ય કરી રહેલું ગણિત પણ જાણીએ છીએ, અને પરિણામે આપણે તે દડો કયી દિશામાં કયાં અને કયારે પડશે, તે ગણિતથી અથવા

નિર્ણય-શકિત વડે પહેલેથી કહી શકીએ છીએ. આપણે હવામાં ઊડતા એક પંખીને જોઈએ છીએ; તે ભૌતિક આકાશમાં તે જ માધ્યમમાં ગતિ કરતું એક ભૌતિક તત્ત્વ છે; અમુક પ્રમાણમાં, શકિત પણ સમાન છે—આપણા તત્ત્વ-જ્ઞાનમાં જેને શારીરિક પ્રાણ-શકિત કહેવામાં આવે છે કે જે પદાર્થદ્રવ્યમાં અંતર્ભૂત હોય છે. પણ અહીં તે ભૌતિક શકિત પર બીજી અભૌતિક શકિતએ પકડ જમાવી છે, તેના પર અને તેનામાં કાર્ય કરી રહી છે, અને ભૌતિક માધ્યમ તેને છૂટ આપે તે અનુસાર તે પોતાનું કાર્ય પરિપૂર્ણ કરવા ગતિ કરે છે. તે શકિત તે માનસિક શકિત છે, અને તેની હાજરી ક્રિકેટ-દડાની અણુમય અથવા શુદ્ધ પ્રાણિક શકિતને પક્ષીની મિશ્ર અથવા જ્ઞાનતંતુમય પ્રાણિક શકિતમાં પલટી નાખે છે–જો આપણે આપણી માનસિક દર્શનાને એટલી બધી વિકસાવી હોય કે નિર્ણાયક-શકિત દ્વારા અથવા ગણિત દ્વારા, આપણે ઉડ્ડયન કરતી વખતની ક્ષણમાં પક્ષીમાં કાર્ય કરી રહેલી જ્ઞાનતંતુઓની પ્રાણિક શકિતનો અંદાજ કાઢી શકીએ, તો પણ તે પક્ષી કયી દિશામાં, કયાં જઈને, કયારે બેસશે તે કહી શકાય નહિ. તેનું કારણ એ છે કે માત્ર શકિતમાં જ ફેર નથી, પણ કારકમાં પણ ફેર છે અહીં કારક માત્ર શારીરિક પદાર્થમાં રહેલી માનસિક શકિત છે, માનસિક સંકલ્પ-શકિત છે, જે માત્ર પક્ષીના દેહમાં અંતર્ભૂત જ નથી, પણ સ્વતંત્ર છે. પક્ષીના ઉડ્ડયનમાં આશય રહેલો છે; જો આપણે તે આશયને જાણી શકીએ, તો તે કયી બાજુ ઊડશે, કયાં ઊતરીને બેસશે તે કહી શકીએ-અને તે પણ, જો તે પક્ષી પોતાના આશયને બદલી નાખે તો. ક્રિકેટ-દડાને પણ એક માનસિક કારક આશયપૂર્વક ફેંકે છે; પણ તે કારક બહારનો છે, અંદર નથી રહેતો; એટલે એક વાર દડો અમુક દિશામાં, અમુક બળપૂર્વક ફેંકાયો, એટલે પછી તે દિશાને બદલી શકતો નથી, તે બળમાં વધઘટ કરી શકતો નથી, સિવાય કે કોઈ બીજો પદાર્થ તેની ઉડ્ડયનની ગતિ બદલે અથવા તેને આગળ ધક્કો મારે. તે પોતે સ્વતંત્ર નથી. પક્ષીને પણ માનસિકકારક ગતિ આપે છે અને તે પણ આશયપૂર્વક, તે ગતિ અમુક દિશામાં અને જ્ઞાનતંતુઓની શકિતના અમુક બળપૂર્વક. જો તેમાં ઉડ્ડયન દરમિયાન તેના માનસિક સંકલ્પમાં કોઈ ફેરફાર ન થાય તો ક્રિકેટ-બૉલની પેઠે તે કયાં, કયારે, કયી દિશામાં જશે તેનો અંદાજ કાઢી શકાય. રસ્તામાં કોઈ વૃક્ષ આવે, કોઈ જોખમ આવે, કોઈ આકર્ષક પદાર્થ આવે, તો તેને વિષે કરેલો અંદાજ ખોટો પડે. તે માનસિક શકિત પક્ષીમાં જ રહે છે, એટલે તે રસ્તામાં આગળ વધે કે નહિ, તે એક બાજુએ ઊડવા લાગે કે નહિ, તે નક્કી કરવામાં તે સ્વતંત્ર છે. પણ કોઈ બાહ્ય કારણો સિવાય પણ, તે પોતાના આશયમાં ધરખમ ફેરફાર કરી શકે છે, પોતાની પ્રાણિક શકિતમાં વધઘટ કરી શકે છે, મૂળના લક્ષ્ય કરતાં કોઈ બીજા

જ લક્ષ્ય પ્રત્યે ઉડ્ડયન કરી શકે છે. આપણે પક્ષી જેનો ઉપયોગ કરે છે તે ભૌતિક તથા પ્રાણિક શકિતઓનો અભ્યાસ કરી શકીએ, અંદાજ કાઢી શકીએ; પણ જ્યાં સુધી આપણે પદાર્થ-દ્રવ્યની તથા પદાર્થ–દ્રવ્યની ભૌતિક શકિતની પીઠમાં રહેલા આ સચેતન કારકના સ્વભાવનો તથા તેને નિશ્ચિત કરતા, ફગાવી દેતા, દેખીતી સ્વતંત્રતાને મર્યાદિત કરતા નિયમોનો અભ્યાસ ન કરીએ, ત્યાં સુધી આપણે પક્ષીના ઉડ્ડયનનું વિજ્ઞાન રચી શકીએ નહિ.

શબ્દવ્યુત્પત્તિશાસ્ત્ર એવા માનસિક વિજ્ઞાનને રચવાનો પ્રયત્ન કરે છે—કારણ કે ભાષાને બે બાજુઓ છે; તેની વસ્તુ-સામગ્રી ભૌતિક છે, તે આકાશીય અને હવાનાં આકંપનો ઉપર કાર્ય કરતી માનવ-જિહ્વા વડે રચાયેલા ધ્વનિઓ છે; જે શકિત તેમનો ઉપયોગ કરે છે તે જ્ઞાનતંતુઓની અણુમય પ્રાણિક ક્રિયા છે, વાચાનાં કારકોનો ઉપયોગ કરતું મગજ તે ક્રિયાને પ્રગટ કરે છે, અને તે મગજનો ઉપયોગ માનસિક શકિત કરે છે, તેમાં તે ફેરફાર પણ કરે છે, સંવેદનાની અસંસ્કૃત દ્રવ્ય-સામગ્રીમાંથી તે જ્ઞાનતંતુઓનો આવેગ વિચારની સ્પષ્ટતાને તથા ચોક્કસતાને વ્યકત કરવા પ્રયત્ન કરે છે; તેનો ઉપયોગ કરતું કારક માનસિક સંકલ્પ છે, આપણને તે સ્વતંત્ર લાગે છે, પણ ભૌતિક દ્રવ્ય-સામગ્રીની મર્યાદાઓમાં રહીને તે તેનો ઉપયોગ, અમુક હેતુ માટે, વાચિક ધ્વનિની, ક્ષેત્ર-મર્યાદામાં કરવા અને તેમાં ફેરફાર કરવા તે સ્વતંત્ર છે. માનવ ભાષાની રચનાના નિયમોને પ્રાપ્ત કરવા માટે અને મારો હેતુ સામાન્ય રૂપમાં માનવ ભાષાનાં ઉદ્‌ગમ-સ્થાનોનો અભ્યાસ કરવાનો નહિ, પણ આર્ય ભાષાનાં ઉદ્‌ગમ-સ્થાનોનો અભ્યાસ કરવાનો છે,—આપણે પ્રથમ તો એ તપાસવાની જરૂર છે કે કારક વાચિક ધ્વનિના કરણને કેવી રીતે નિશ્ચિત કરી, તેનો ઉપયોગ કરે છે; અને બીજું, કેવી રીતે અમુક, વ્યકત કરવાના વિચારો તેના અભિવ્યંજક ધ્વનિ કે ધ્વનિઓ સાથે સંબંધ ધરાવે છે, તે તપાસવાનું છે. તેમાં હમેશાં આ બે તત્ત્વો હોવાં જોઈએ—એક તો ભાષાની રચના, તેનાં બીજો, ધાતુઓ, સ્વરૂપ-નિર્માણો અને વિકાસ; અને બીજું તે રચનાના ઉપયોગનું માનસશાસ્ત્ર.

બધી આર્ય ભાષાઓમાં, માત્ર સંસ્કૃત ભાષાનું અત્યારનું કલેવર હજી સુધી આર્ય રચનાની મૂળની ભૂમિકાને જાળવી રાખી શકયું છે. આ એકલી પ્રાચીન ભાષામાં આપણે સમગ્રમપણે માત્ર મૂળનાં રૂપો જ નહિ, પણ મૌલિક તાત્ત્વિક ભાગોમાં અને રચનાના નિયમોમાં, તેનું હાડપિંજર, અંગો, આ યંત્રનાં આંતરડાં જોઈ શકીએ છીએ. બીજી વધારે નિયમિત અને સમૃદ્ધ કલેવર-વાળી આર્ય ભાષાઓ જે પ્રકાશ ફેંકે તે પ્રકાશની મદદ વડે, સંસ્કૃતના અભ્યાસ દ્વારા, આપણે તેનાં ઉદ્‌ગમ-સ્થાનોને શોધી શકીશું. તે કલેવર અસાધારણ પ્રારંભિક રચનાવાળું છે, અને રચનાની અસાધારણ ગણિતીય તથા વૈજ્ઞાનિક

નિયમિતતાવાળું છે. સંસ્કૃતમાં ચાર ખુલ્લા ધ્વનિઓ અથવા શુદ્ધ સ્વરો છે—अ, इ, उ, ऋ, જેમનાં દીર્ઘ રૂપો છે आ, ई, ऊ અને ॠ (વ્યવહારુ હેતુઓ માટે આપણે વિરલ વપરાતા ऌ ની ગણતરી કરતા નથી). તેમાં વ્યાકરણશાસ્ત્રીઓએ યોગ્ય રીતે બે અશુદ્ધ સ્વરો ઉમેર્યા છે—ए અને ओ, જેમનાં દીર્ઘ રૂપો છે. ऐ અને औ. પછી પાંચ વર્ગોમાં બંધ ધ્વનિઓ અથવા વ્યંજનો છે. क्, ख्, ग्, घ्, અને ङ्, કંઠ્ય છે, च्, छ्, ज्, झ् તાલવ્ય છે, ट्, ठ्, ड्, ढ् અને ण् મૂર્ધન્ય છે (જે લગભગ અંગ્રેજી તાલવ્ય જેવા છે); त्, थ्, द्, ध्, न् શુદ્ધ દંત્ય છે, જે કેલ્ટિક અને યુરોપીય દંત્યોને મળતા આવે છે, અને જેમને આપણે આઈરિશમાં, ફ્રેન્ચમાં, સ્પેનિશમાં અથવા ઈટાલિયનમાં જોઈએ છીએ; प्, फ्, ब्, भ्, म्, ઓષ્ઠ્ય છે. આ દરેક વર્ગનો પહેલો વર્ણ क्, च्, ट्, त्, અને प्, ઘોષ વ્યંજન છે, જેમના એસ્પિરેટ વર્ણો છે ख्, छ्, ठ्, थ् અને फ्, ग्, ज्, ड्, य्, અને ब् ના એસ્પિરેટ વર્ણો છે घ्, झ्, ढ्, ध् અને भ्. દરેક વર્ગના અનુનાસિક છે ङ्, ञ्, ण्, न्, म्.

આ અનુનાસિકોમાંના છેલ્લા ત્રણને જ સ્વતંત્ર અસ્તિત્વ અથવા અગત્ય છે, બીજા અનુનાસિકો સામાન્ય અનુનાસિક ધ્વનિ म् અને न् ના ફેરફારો છે. જે પોતાના વર્ગના વ્યંજનો સાથે જોડાક્ષર તરીકે વપરાય છે અને તે રીતે જ અસ્તિત્વમાં આવે છે. મૂર્ધન્ય વર્ગ એક વિશિષ્ટ વર્ગ છે; તે દંત્યવર્ગ સાથે, ધ્વનિમાં તેમ જ ઉપયોગમાં, ખૂબ સંબંધ ધરાવે છે; તેથી તેમને સ્વતંત્ર વ્યંજનો ગણવા કરતાં ફેરફારોવાળા દંત્ય અક્ષરો ગણવા તે વધારે યોગ્ય છે. આ સ્વરો તથા વ્યંજનો ઉપરાંત, ચાર પ્રવાહી અર્ધ સ્વરો છે—य्, र्, ल्, व्, य् इ નો અર્ધસ્વર છે, व् उ નો અર્ધસ્વર છે, र् ऋ નો અર્ધસ્વર છે, ल् ऌ નો અર્ધસ્વર છે—र् તથા ल् અર્ધસ્વરો હોવાને કારણે, લૅટિન છંદઃશાસ્ત્રમાં તેમનું મૂલ્ય પૂર્ણવ્યંજન જેટલું ગણાતું નથી; દાખલા તરીકે Volueris (વોલ્યુએરિસ)માં उ વિકલ્પે દીર્ઘ કે હ્રસ્વ ગણાય છે. श्, स् અને ष् ત્રણ સકાર-વાચક છે, જેમાં श् તાલવ્ય છે, स् દંત્ય છે, અને ष् મૂર્ધન્ય છે. શુદ્ધ એસ્પિરેટ ह् છે. મૂર્ધન્ય વર્ગને તથા પરિવર્તનીય અનુનાસિકને બાદ કરીએ, તો મને લાગે છે કે સંસ્કૃતિ વર્ણમાલા, નિઃશંક રીતે, આર્ય ભાષાનું મૂળનું વાચિક કરણ છે. તે નિયમબદ્ધ છે, પદ્ધતિયુકત છે, પ્રમાણ-પુરઃસર છે, એ વાત સ્પષ્ટ જોઈ શકાય તેવી છે. જો આપણે એ હકીકત ન જાણતા હોત કે પ્રકૃતિનાં શુદ્ધ ભૌતિક કાર્યોમાં આ નિયમબદ્ધતા, પ્રમાણ-પુરઃસરતા અને નિશ્ચિતતા છે, અને બહુ બુદ્ધિયુકત નહિ બનેલું, પૂર્વ યુગના માનવીનું મન વધારે પ્રમાણમાં સંવેદનાથી, આવેગથી અને ત્વરિત દર્શનાથી દોરવાય છે, અને પરિણામે પોતાનાં કાર્યોમાં અનિયમિતતાનું તથા સ્વચ્છંદિતાનું તત્ત્વ લઈ

આવે છે, તેમાં બહુ પદ્ધતિ અને પ્રમાણ-પુરઃસરતા હોતી નથી, તો આપણે આ વર્ણમાલાને કોઈ વૈજ્ઞાનિક બુદ્ધિનું સર્જન ગણત. આપણે એમ પણ કહી શકીએ કે આપણને પ્રાપ્ય ભાષાકીય હકીકતોના તથા સમયોના ક્ષેત્રમાં, જેમ પ્રમાણ-પુરઃસરતા અને ભાનરહિત નિયમબદ્ધતા વધારે, તેમ તે ભાષાની અવસ્થા વધારે પ્રાચીન. જેમ જેમ ભાષા વિકાસ પામતી જાય છે, તેમ તેમ તેમાં વધારે છૂટછાટ, નિષ્પ્રાણતા, સ્વચ્છંદી પરિવર્તન, ઉપયોગી ધ્વનિઓની હાનિ; કેટલીક વાર થોડા સમય માટે તો કેટલીક વાર સ્થાયી રીતે, સ્વલ્પ બિનજરૂરી ધ્વનિ-પરિવર્તનોને સ્વતંત્ર અક્ષરનું સ્થાન અપાવું તે, જોવામાં આવે છે. તેવું પરિવર્તન અઘોષ મૂર્ધન્ય વ્યંજન ड् વેદમાં થોડો સમય માટે પ્રવાહી મૂર્ધન્ય ळ् નું રૂપ ધારણ કરે છે, તે ઘટનામાં આપણે જોઈ શકીએ છીએ. તે ळ् પછીના સંસ્કૃતમાં અદૃશ્ય થઈ ગયો છે, પણ તામિલમાં તથા મરાઠીમાં તે દેખા દે છે. આ સાદા કરણમાંથી સંસ્કૃત ભાષાની ભવ્ય અને અભિવ્યંજક સંવાદિતાઓ રચાઈ છે.

પ્રાચીન આર્યો એ શબ્દોની રચના માટે જે કરણનો ઉપયોગ કર્યો હતો, તે પણ તેટલું જ પ્રમાણયુકત, પદ્ધતિપૂર્વકનું, અને વાચિક અભિવ્યકિતની શારીરિક હકીકતોના નિકટના સંપર્કવાળું છે. આ અક્ષરો એટલાં ધ્વનિ-બીજો તરીકે વાપરવામાં આવ્યા છે; તેમાંથી માત્ર ચાર સ્વરોના સાદા સંયોગ વડે, અથવા કેટલાક ધાતુ-ધ્વનિઓ વ્યંજનને પરિવર્તિત સ્વરો લગાડીને, બે આધાર-યુકત અનુનાસિકો ङ અને ञ् ને જોડીને (ण् મૂર્ધન્ય અનુનાસિકનો તેવો ઉપયોગ કરવામાં નથી આવ્યો), ધાતુ-ધ્વનિઓ ઊપજાવવામાં આવ્યા છે. આ રીતે પ્રાચીન આર્યોએ द् ને મૂળ-ધ્વનિ લઈને, અનેક ધાતુ-ધ્વનિઓ બનાવ્યા, કે જેમને તેઓ નામ તરીકે, વિશેષણ તરીકે, ક્રિયાપદ તરીકે, ક્રિયાવિશેષણ તરીકે, ધાતુ-વિચારોને વ્યકત કરવા માટે વાપરતા—द, दा, दि, दी, दु, दू, दृ, दॄ, આ બધા ધાતુઓ સ્વતંત્ર શબ્દો તરીકે ચાલુ ન રહ્યા, પણ જે ચાલુ રહ્યા તેમણે એટલાં બળવાન સંતાનો પાછળ મૂકયાં, કે જે તેમના જનકના અસ્તિત્વની સાબિતીને પોતાનામાં જાળવી રાખે છે. ખાસ કરીને अ લગાડીને બનાવેલા ધાતુઓ, એક પણ અપવાદ સિવાય, વપરાતા બંધ થઈ ગયા છે. આ ઉપરાંત, આર્યોને ઠીક લાગે, તો તેમણે दे, दै, दो, दौ પરિવર્તિત ધાતુ-ધ્વનિઓ બનાવ્યા. સ્વર-પાયાઓનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો, કારણ કે ભાષાનો સ્વભાવ તેમને ધાતુ-ધ્વનિઓ તરીકે વાપરવા માટે તથા ધાતુ-શબ્દો તરીકે વાપરવા માટે છૂટ આપે તેવો હતો. તે બધા ધાતુઓ પ્રાથમિક શરૂઆત માટે ભલે પૂરતા હોય, પણ માનવ ભાષાના આત્મ-વિસ્તારક વલણ માટે પર્યાપ્ત ન હતા. એટલે આપણે મૂળ ધાતુને વ્યંજન—ધ્વનિઓ—જરૂર લાગે ત્યાં ઉમેરીને,

અથવા મૂળ વિદ્યમાન ધાતુ-વિચારમાં સ્વાભાવિક ફેરફાર કરીને, ઉત્પન્ન કરાયેલા ગૌણ ધાતુ-ધ્વનિઓ અને ધાતુ-શબ્દો જોઈએ છીએ. આમ હવે ન વપરાતા, પ્રાથમિક દ ધાતુમાંથી ચાર કંઠય ગૌણ ધાતુઓ બનેલા જોઈએ છીએ દક્, દખ્, દગ્ અને દઘ તથા ચાર દીર્ઘ અકારવાળા ધાતુઓ જોઈએ છીએ– દાક્, દાખ્, દાગ્ અને દાઘ્, જેમને આપણે સ્વતંત્ર શબ્દો અથવા હ્રસ્વ ધાતુનાં દીર્ઘ રૂપો માની શકીએ. તે રીતે આઠ તાલવ્ય, આઠ મૂર્ધન્ય, દણ્ અને દાણ્ બે અનુનાસિક રૂપો-એમની સાથે દશ, દશ દંત્ય, દશ ઓષ્ઠય પ્રવાહી, છ સકાર-વાચક, અને બે ગૌણ એસ્પિરેટ ધાતુઓ પ્રાપ્ત કરી શકીએ છીએ. આ બધાં સ્વરૂપોને અનુનાસિક યુકત બનાવી શકાય તેમ હતું, દાખલા તરીકે દંક્, દંખ્, દંગ્ અને દંઘ્. એમ માનવું સયુકિત છે કે આર્ય ભાષાનાં પ્રાચીન સ્વરૂપોમાં આ બધા ધાતુઓ હતા; પણ આપણા પ્રારંભિક સાહિત્યિક ગ્રંથોના સમય સુધીમાં તેમાંના ઘણાખરા લુપ્ત થયા હતા, કેટલાકનાં સ્વલ્પ અથવા અનેક સંતાનો દૃષ્ટિગોચર થાય છે, જ્યારે કેટલાક તેમનાં નબળાં સંતાનો સાથે લુપ્ત થઈ ગયા છે. આપણે દાખલા તરીકે મૂલ પાયા–ધાતુ મ, ને લઈએ, મ મરી પરવાર્યો છે, પણ નામ–સ્વરૂપોમાં તે મ, મા, મન્, મતઃ, મતમ્માં વિદ્યમાન છે. મન્ અનુનાસિક–યુકત મંક્ રૂપમાં તથા તેના વંશજો મકર, મકુર, મકુલ વગેરેમાં જોવા મળે છે; એક અવાન્તર સ્વરૂપે મક્ક્, મક્ષ્ માં જોવા મળે છે; મક્ક્ મખ્માં તથા મંખ્ માં નજરે પડે છે; મગ્ તેના વંશજોમાં તથા અનુનાસિક-યુકત સ્વરૂપોમાં–મંગ્, મઘ્ તથા મંઘ્ માં દેખા દે છે; મચ્ હજી વિદ્યમાન છે, પણ મંચ્ સિવાય તેનું કોઈ સંતાન જોવા મળતું નથી; મછ્ પોતે તથા તેમાં સંતાનો મરી પરવાર્યાં છે; મજ્ માત્ર વંશજોમાં અને અનુનાસિકયુકત રૂપ મંજ્ માં જોવા મળે છે, મઝ્ લુપ્ત થઈ ગયું છે. મા, માક્ષ્, માઘ્, માચ્ અને માછ્–દીર્ઘ રૂપોમાં પહેલા બે સ્વતંત્ર ધાતુઓ છે અને બાકીના ત્રણ સ્વરને દીર્ઘ કરીને બનાવેલા ધાતુઓ છે. તે ઉપરાંત અવાંતર ધાતુઓ, કેટલીક છૂટછાટ સાથે, ઓછી નિયમિતતાપૂર્વક, મૂળ ધાતુ-ધ્વનિને અર્ધસ્વરો ઉમેરવાથી બનાવેલા જોવામાં આવે છે, દાખલા તરીકે ધ્યૈ, ધ્વન, સ્નુ, હ્લાદ્; જ્યાં જરૂર પડી ત્યાં બીજા વ્યંજનો જોડીને ધાતુઓ બનાવવામાં આવ્યા છે, દાખલા તરીકે સ્તુ, શ્યુ, હ્રૅદ્ વગેરે. કેટલીક વાર ગૌણ ધાતુના છેલ્લા વ્યંજનમાં બીજો વ્યંજન ઉમેરીને ધાતુઓ બનાવવામાં આવ્યા છે, દાખલા તરીકે વલ્લ, મજ્જ વગેરે. આ બધાં શુદ્ધ ધાતુ–રૂપો છે. પણ કેટલીક વાર સ્વરનો ગુણ અથવા વૃદ્ધિ કરીને ધાતુઓ બનાવવામાં આવ્યા છે–ऋ નો અર્, અને આર્ કરીને, દાખલા તરીકે, ऋच् નો અર્ચ્ અથવા અર્ક્. चष् અને चृ હવે વપરાતા નથી, તેમને બદલે चर्ष् અને चर् જોવામાં આવે છે; मृज् નો મર્જ થાય છે, વગેરે. કેટલીક વાર

વ્યંજનમાં ફેરફાર કરવાની વૃત્તિ જોવામાં આવે છે; च्, छ्, ज् અને झ् ને બદલે क् કે ग् મૂકવામાં આવે છે, કે જે વલણ લૅટિનમાં પૂર્ણ રૂપે ખીલ્યું, પણ સંસ્કૃતમાં અડધે રસ્તે લુપ્ત થઈ ગયું. ભાષાના શારીરિક ઘડતરમાં આ ગુણનું તત્ત્વ બહુ અગત્ય ધરાવે છે, ખાસ કરીને તેના માનસશાસ્ત્રીય વિકાસમાં, કારણ કે તેથી તેની રચનાની સંપૂર્ણ સ્પષ્ટતામાં તથા યાંત્રિક નિયમબદ્ધતામાં શંકાનું તથા ગૂંચવાડાનું તત્ત્વ દાખલ થાય છે. इ નો ગુણ ए થાય છે, उ નો ગુણ ओ થાય છે; પરિણામે वि માંથી આપણને वेस, वेः પ્રાપ્ત થાય છે (વિભક્તિ-રૂપ), जनु માંથી जनोः પ્રાપ્ત થાય છે. વળી શુદ્ધ અર્ધસ્વરના ધ્વનિ વડે इ નો य्, उ નો व्, ऋ નો र् (કેટલીક વાર અશુદ્ધ રીતે रा) થઈ જાય છે. પરિણામે वि માંથી આપણને ક્રિયાપદનું રૂપ व्यन्तः મળે છે, शु માંથી ક્રિયા-પદનું રૂપ अश्वः મળે છે, वृ અથવા वृह् માંથી નામનું રૂપ व्रह् મળે છે. વળી તેમાં અર્ધસ્વરના ધ્વનિનો इ ના अय्, उ નો अव्, ऋનો अर्, लृ નો अल् થાય છે. પરિણામે वि ધાતુમાંથી वयस् નામ બને છે, श्रु ધાતુમાંથી श्रवस् નામ બને છે, सृ ધાતુમાંથી सरस् નામ બને છે, क्लृप् ધાતુમાંથી कल्प બને છે. આ રૂપોનાં હ્રસ્વ સ્વર-ધ્વનિઓનો સાદો ગુણ થયેલો છે—अ, इ, उ, ऋ અને लृ નો. વળી ગુણ કરતાં પણ વધારે દીર્ઘ સ્વરને આપતી વૃદ્ધિ પણ થાય છે; તેનાથી इ નો ऐ અથવા आय् થાય છે, उ નો औ અથવા आव् થાય છે, ऋ નો आर्, ऌ નો आल् થાય છે, अ નો માત્ર आ જ થાય છે. ધ્વનિ-વિકાસની સરળતામાંથી પ્રાથમિક રીતે છટકી જવાને લીધે, મુખ્ય ગરબડ એ થાય છે કે નિયમિત ગૌણ ધાતુ અને અનિયમિત, ગુણ વડે બનેલા ધાતુનો ભેદ પારખી શકાતો નથી. દાખલા તરીકે, મૂળ अ ધાતુમાંથી નિયમિત ધાતુ अर् બન્યો છે, અને વળી મૂળ ऋ ધાતુમાંથી અનિયમિત ધાતુ પણ अर् બન્યો છે. क्लृ અથવા कल् ધાતુમાંથી આપણને कल અને काल બે શબ્દો બનેલા જોવા મળે છે. अ કે आ અથવા उ અને इ માંથી આપણને अयुस् અને आयुस् બે શબ્દો મળે છે. સંસ્કૃતમાં વ્યંજનીય ફેરફારો થાય છે, કાં તો બે સમાન વ્યંજનોની સંધિ થવાથી, અઘોષ વ્યંજન સાથે જોડાતાં ઘોષ વ્યંજન અઘોષ બની જાય છે તેથી, ઘોષ વ્યંજન સાથે જોડાતાં અઘોષ વ્યંજન બની જાય છે તેથી, એસ્પિરેટ સંધિમાં અનએસ્પિરેટ બની જાય છે તેથી અને પોતાના સંયુક્ત અક્ષરમાં ફેરફાર કરે છે તેથી. દાખલા તરીકે, लभ् ધાતુમાંથી लप्स्यते (लभ् + स्यत), लब्धुम् (लभ + तुम्), व्यूह् ધાતુમાંથી व्यूढ (व्यूह् + त). આ બધી સંધિઓ બહુ શંકાઓ ઊભી નથી કરતી, મૂળ ધાતુને આપણે પકડી શકીએ છીએ; પણ સંસ્કૃતમાં તાલવ્ય શબ્દો લુપ્ત

બનતા જતા હતા—જો કે તે અપભ્રંશ-કારક વલણને રોકવામાં આવ્યું હતું. તે વાત તેટલી હદે ગઈ હતી કે ભારતીય વૈયાકરણીઓ કેતુ શબ્દને चित्-માંથી બનેલો માનતા; कित् માંથી નહિ કે જે તેનો સાચો અને સ્વાભાવિક જનક છે. વાસ્તવિક રીતે, તાલવ્યના સાચા ફેરફારો માત્ર સંધિમાં થાય છે તે જ છે, જેના च् નો क्, ज् નો ग् થઈ જાય છે, દાખલા તરીકે लजन (लजृन ને બદલે) वच्तृ ને બદલે वक्त्, वच्च ને બદલે वच्च, वक्व, वच् ધાતુમાંથી નામ वाक्य, કિ ધાતુમાંથી પરોક્ષ ભૂતકાળનાં રૂપો चिकाय તથા चिक्ये. આ પરિવર્તનકારી સંધિ સિવાય, આપણને નિયમિત રૂપો પણ મળે છે, દાખલા તરીકે यज्ञ, वाच्य, चिचाय, चिच्ये. કદાચ चिकाय અને चिक्ये રૂપો કિ ધાતુમાંથી પણ બન્યાં હોય, અને પાછળથી તેમણે चि ધાતુના માળામાં આશ્રય શોધ્યો હોય.

આ ફેરફારોનાં તત્ત્વોનો અભ્યાસ કર્યા પછી, હવે આપણે ભાષા-વિકાસના બીજા તબક્કામાં પ્રવેશ કરી શકીશું; ધાતુઓમાંથી તેના કલેવરના ઘડતરનો અભ્યાસ કરીશું. અત્યાર સુધી આપણે જોયું કે ભાષા ખૂબ સીધાં નિયમિત તત્ત્વોમાંથી બનેલી છે. આઠ સ્વરો અને તેમના ચાર ફેરફારો કે જે બીજ-ધ્વનિઓ છે; વ્યંજનોના તથા અનુનાસિકોના પાંચ વર્ગો; ચાર પ્રવાહી વર્ણો અથવા અર્ધસ્વરો; ત્રણ સકાર-વાચક વર્ણો, એક એસ્પિરેટ; તેમના પ્રાથમિક વિકાસરૂપ મૂળ ધાતુઓ —દાખલા તરીકે મૂળ બીજધ્વનિ व् માંથી व, वा, वि, वी, वृ, वृ તથા સંભવત: वु, वू, वे, वै, वो वौ; દરેક મૂળ ધાતુમાંથી ગૌણ ધાતુઓનું કુટુંબ— દાખલા તરીકે व નું કુટુંબ वक्, वख्, वग्, वघ्, वच्, वछ्, वज्, वझ्, वट्, वठ्, वड्, वढ्, वण्, वत्, वथ्, वद्, वध्, वन्, वप्, वफ्, वब्, वभ्, वम् સંભવત: वय्, वर्, वल्, वव् તથા वश्, वष्, वस् અને वह्; આ જૂથનાં આઠ કુટુંબો એક ધાતુવંશ પેદા કરે છે તે—જેમાં કેટલાંક આધીન, પરિવર્તનીય ધાતુરૂપો છે, દાખલા તરીકે वञ्च्, वङ्ग्, वन्द्, वल्ग्, वंस्, वङ्क्, व्रज् વગેરે. આવા ચાલીસ ધાતુ-વંશો પ્રાથમિક અવસ્થાની ભાષાનું ઘડતર કરતા હતા. માનવસમાજના પ્રાથમિક યુગના બંધારણમાં જેમ દરેક વ્યકિતએ અનેક ફરજો બજાવવાની હોય છે, તેમ ભાષાના પ્રાથમિક યુગમાં દરેક શબ્દે નામ— ક્રિયાપદ—વિશેષણ—ક્રિયાવિશેષણ તરીકે અનેક ફરજો બજાવવાની રહેતી; તે ઉપરાંત અવાજનો આરોહ-અવરોહ, હાવભાવનો ઉપયોગ, ભાષાની અર્થછાયા-ઓમાં ચોક્કસતા તથા સૂક્ષ્મતા ન હોવાને કારણે આવેગની ત્વરિતતા—આ બધુ શબ્દે કરવાનું રહેતું. એ વાત સ્પષ્ટ છે કે એવી ભાષાનું કદ નાનકડું હોય, પણ તેમાં સરળતા, પ્રકૃતિની સ્વયંભૂ પદ્ધતિઓ વડે સંપૂર્ણ રચનાની યાંત્રિક નિયમબદ્ધતા હોય, કે જે માનવ-જાતિની પ્રાથમિક શરીરની તથા

લાગણીઓની જરૂરિયાતોને પૂરતા પ્રમાણમાં અભિવ્યકત કરી શકે. પછી જેમ જેમ બુદ્ધિની માંગો વધતી જાય, તેમ તેમ તે ભાષાને નવીન વિકાસ-વૃદ્ધિઓ સાધવાની, નવાં જટિલ શબ્દસ્વરૂપોનું નિર્માણ કરવાની ફરજ પડે. તે પ્રકારના વિકાસમાં, પ્રાથમિક જરૂરની—અગત્યની વસ્તુ આવે છે ક્રિયા-કર્તા-કર્મના ભેદોને વ્યકત કરવાનો આવેગ, અને પરિણામે પ્રથમ તે ગમે તેટલો અસ્પષ્ટ હોય છતાં નામ તથા ક્રિયાપદના વિચારોનો ભેદ. એક જ કુટુંબનાં ધાતુ-સ્વરૂપો વપરાતાં હોવાને કારણે, તેની સાથે જ—અથવા થોડા સમય પછી બીજી જરૂરિયાત ઊભી થાય છે, તેમની ક્રિયાઓને તથા લાઈનદોરીને નક્કી કરવાની, અત્યારના શબ્દોમાં વર્ણવીએ તો—ક્રિયાપદના કાળભેદોની, કર્તરિ—કર્મણિ પ્રયોગોની, ક્રિયાની મનોદશા બતાવતા moods ની (મૂડ્ઝની). ત્રીજો આવેગ થાય વિવિધ વિશેષણોના ભેદનો, એકવચન-દ્વિવચન-બહુવચનનો, લિંગોનો, કર્તા-કર્મના ક્રિયા સાથેના સંબંધોનો, વિભકિતઓનાં રૂપોનો. તે ભાષા-કલેવરના બંધારણમાં વિશેષણો તથા ક્રિયાવિશેષણોનો વિચાર છેલ્લો આવે છે—ખાસ કરીને ક્રિયાવિશેષણોના ભેદોનો વિચાર, કારણ કે તેવા ભેદોની જરૂર પ્રારંભિક માનસને બહુ પડતી નથી.

જ્યારે આપણે પ્રાચીન ભાષાભાષી આર્યોએ તેમની જરૂરિયાતોને કેવી રીતે પૂરી કરી, અને આ ભાષાના છોડને કેવી રીતે વિકસાવ્યો તેનો વિચાર કરીએ છીએ, ત્યારે આપણને માલૂમ પડે છે કે તેમનામાં પ્રકૃતિ પોતાનાં પ્રાથમિક કાર્યોના નિયમોને ખૂબ વફાદાર રહી હતી, અને તે પ્રકૃતિની મૌલિક ગતિના સ્વલ્પ વિસ્તાર ઉપર સંસ્કૃત ભાષાની સમગ્ર ભવ્ય ઈમારતનું ચણતર થયું હતું. આ વિસ્તાર अ, इ, उ, ऋ સ્વરો તથા તેમનાં દીર્ઘ રૂપોના આધાર પર, કેટલીક વાર ધાતુને ઉપસર્ગ આગળ મૂકીને, પણ પ્રથમ તો વધારાના ધ્વનિઓ તરીકે મુકાયેલા ઉપસર્ગોને આગળ મૂકીને, કરવામાં આવ્યો હતો. આર્યોએ જે રીતે ધાતુ-શબ્દોની રચના કરી હતી, તે જ રીતે મૂળ ધાતુ-ધ્વનિ-ઓને વ્યંજન ધ્વનિઓ લગાડીને તેમણે તેમનો વિસ્તાર કર્યો, દાખલા તરીકે व ને द् કે ल् લગાડીને તેમણે वद् અને वल् ધાતુઓ ઉપજાવ્યા હતા, તે પ્રમાણે હવે તે બનાવેલા ધાતુમાં તેમણે વ્યંજન-ધ્વનિઓને ઉમેર્યા, જરૂર પડી ત્યાં વચ્ચે સ્વર-ધ્વનિઓનો ઉપયોગ કર્યો, અને નવાં શબ્દ-સ્વરૂપોનું નિર્માણ કર્યું. દાખલા તરીકે वद् ધાતુમાંથી તેમણે वदत्, वदित्, वदुत्, वदत् અથવા वदत, वदित, वदुत, वद्दत અથવા वदति, वदिति, वदुति, वद्दति અથવા वदतु, वदितु, वदुतु, वद्दतु અથવા वदत्रि, वदित्रि, वदुत्रि, वद्दत्रि વગેરે શબ્દ-રૂપોનું નિર્માણ કર્યું; તેમણે માત્ર એક જ સ્વર લગાડીને वद, वदि, वदु, वद्द બનાવ્યાં; અથવા તો त्र्, त्य्, त्व्, त्म्, त्न् લગાડીને वदत्र, वदत्य, वदत्व, वदत्म, वदत्न જેવાં રૂપો બનાવ્યાં. દરેક શબ્દનાં આ રીતે બનાવેલાં

બધાં રૂપોનો ઉપયોગ થતો આપણે જોતા નથી, આપણે તેવી આશા રાખવી પણ ન જોઈએ. બૌદ્ધિક સમૃદ્ધતાની તથા ચોક્કસતાની વૃદ્ધિ સાથે માનસિક સંકલ્પ-શકિતની વૃદ્ધિ થાય છે, અને મનની યાંત્રિક પ્રક્રિયાઓને દૂર કરવામાં આવે છે, અને તેમને સ્થાને વધારે સ્પષ્ટતાપૂર્વક અને સભાનપણે પસંદગી કરતી, મનની પ્રક્રિયાઓ આવે છે. છતાં આર્ય શબ્દ-રાષ્ટ્રના ધાતુ-વંશોમાં અને ધાતુ-કુટુંબોમાં આ બધાં રૂપો વહેંચાઈ ગયેલાં આપણી નજરે પડે છે. સાદાં નામ-સ્વરૂપો, જે માત્ર એક સ્વર ઉમેરવાથી બનાવેલાં છે, તે તો સમૃદ્ધ રીતે સાર્વત્રિક ઉપયોગમાં લીધેલાં દેખાય છે. સ્વરૂપોની સમૃદ્ધિ પ્રાચીન આર્ય ભાષામાં પાછળના સાહિત્ય કરતાં ઘણી વધારે છે. દાખલા તરીકે सन् ધાતુમાંથી આપણને વેદમાં सन, सनि सनु (સંકુચિત રૂપ स्नु) મળે છે; પણ પાછળના સંસ્કૃતમાં તે બધાં લુપ્ત થઈ ગયાં છે. વેદમાં આપણને વૈકલ્પિક રૂપો મળે છે—જેવાં કે चरथ અને चरुथ, रह અને राह; પણ પાછળના સંસ્કૃતમાં चरथ લુપ્ત થયું છે, रह અને राह સચવાયાં છે, પણ તદ્દન જુદા જુદા અર્થોમાં. આપણને કેટલાંક નામોના અંતમાં म મળે છે, કેટલાકમાં इ,કેટલાકમાં उ મળે છે. સાદા ઘોષ વ્યંજનને એસ્પિરેટ કરતાં વધારે પસંદગી મળી છે; फ् અને भ् કરતાં નામરૂપોમાં प् વધારે વપરાયો છે, જો કે फ् અને भ् જોવા મળે છે; ब् કરતાં म् નો વપરાશ વધારે છે, જો કે ब् પણ જોવા મળે છે. फ्, त्, न्, स् એકલા અથવા જોડાક્ષર રૂપે બીજાં વ્યંજનો કરતાં વધારે વપરાયા છે. अस्, इफ्, अन्, अत्, त्रि, बत्, वन् નામના તથા ક્રિયાપદના પ્રત્યયો બની ગયાં છે. કેટલીક વાર બે અક્ષરો પાછળ ઉમેરેલા જોવા મળે છે—जित्व ની સાથે સાથે जित्वर, जित्वन् વગેરે જોવા મળે છે. અત્યારના સંસ્કૃત પાછળ રચના માટે સ્વતંત્ર સ્વાભાવિક પરિશ્રમ ખૂબ લેવાયો હોય તેમ લાગે છે, અને તેમ કર્યા પછી સંકોચકારક અસ્વીકારની અને પસંદગીની પ્રક્રિયા પણ થયેલી નજરે પડે છે. પણ બધે એક જ મૂળ સિદ્ધાંતનો ઉપયોગ થયો છે—સાદી રીતે કે જટિલ રીતે; અને તે ધાતુ-સ્વરો અને વ્યંજનોનો, ફેરફારો સાથે કે ફેરફાર વિના, ઉપયોગ; નામોનાં સ્વરૂપોના નિર્માણનો તે પાયો છે.

ક્રિયાપદના રૂપના ફેરફારમાં, વિભકિતનાં રૂપોની રચનામાં, તે જ સિદ્ધાન્ત નજરે પડે છે. मि, सि, ति, વગેરે પ્રત્યયો ધાતુને લગાડીને ક્રિયાપદનાં રૂપો બનાવવામાં આવ્યાં છે; म्, य्, ह्, त्, व् (નામ—સ્વરૂપો બનાવવમાં પણ એ વપરાયાં છે)—કાં તો એકલા કે अ, इ, (વિરલ પ્રસંગોમાં उ—) હ્રસ્વ કે દીર્ઘની મદદ લઈને, ક્રિયાપદનાં રૂપો બનાવવામાં આવ્યાં છે; દાખલા તરીકે वच्मि वक्षि, बदसि, बदासि, वदत् वदति, वदाति. ક્રિયાપદોનાં રૂપોમાં બીજી એક પ્રયુકિતનો ઉપયોગ કરાયો છે, અને તે સાદા સ્વરને બદલે न्, ना, नु, नि ને

વચ્ચે ઘુસાડી દેવાનો; કાળભેદો બતાવવા અ ને આગળ મૂકવામાં આવ્યો છે, ધાતુના મુખ્ય ભાગની દ્વિરુકિત કરવામાં આવી છે. આ બાબતમાં પણ, આપણે જોઈ શકીએ છીએ કે વૈદિક સંસ્કૃત વધારે સમૃદ્ધ છે. સંસ્કૃત હજી પણ ખૂબ સંકુચિત, કડક અને પસંદગી કરનાર ભાષા છે; વેદમાં વિકલ્પ રૂપો ખૂબ વપરાયાં છે, જેમ કે भवति, भवः, भवते, પાછળના સંસ્કૃતમાં માત્ર भवति જ રાખવામાં આવ્યું છે. વિભકિતનાં રૂપો સિદ્ધાંતની બાબતમાં નહિ, પણ માત્ર પ્રત્યયોની બાબતમાં ક્રિયાપદનાં રૂપોથી થોડાક ફેરફારો ધરાવે છે; अस्, अम्, आस्, औस्, आम् ક્રિયાપદોનાં તથા નામોનાં રૂપોમાં—બંનેમાં નજરે પડે છે. પણ સમગ્ર ભાષાની રચનામાં, પ્રત્યયો લગાડવાની બાબતમાં આપણે માનવમાં રહેલી પ્રકૃતિએ એક જ સાદી સમૃદ્ધ પ્રયુકિતને બતાવેલી જોઈ શકીએ છીએ, તેમાં આશ્ચર્યકારક રીતે બહુ થોડા ફેરફારો છે, તે પ્રયુકિત અસાધારણ નિશ્ચિતતાથી, લગભગ અત્યાચારયુકત નિયમબદ્ધતાથી લાગુ કરાઈ છે, અને છતાં તેમાં મુકત, વધારે પડતું, મૂળનું પ્રાચુર્ય છે. આર્ય ભાષામાં વપરાતા વધારે પ્રત્યયો અકસ્માત નથી, પણ અનિવાર્ય પરિણામ છે, ધ્વનિ-પ્રક્રિયાની પ્રાથમિક બીજ-પસંદગીની ભૌતિક રીતે અનિવાર્યતા છે; પ્રકૃતિ વિવિધ રીતે અનંત નિયમિતતાઓથી સભર ભરેલી છે, માનવનો કાયદો તેમાં નહિ જેવી તુચ્છ પસંદગીઓ કરે છે. એક વાર પસંદ કરાયેલા તત્ત્વને વફાદાર રહેવાય, એટલે બાકીનું બધું ધ્વનિ-કરણની જરૂરિયાતો પ્રમાણે, તેના નિયમ અનુસાર, આપોઆપ પ્રગટ થાય છે. પરિણામે, પ્રકૃતિ જેમ ભૌતિક જગતમાં શાકભાજી ઉગાડવા માટે અથવા પશુ-પ્રાણીની જાતિનું સર્જન કરવા માટે, એક ચોક્કસ નિયમનું પાલન કરે છે, તેમ ભાષાના બાહ્ય કલેવરની રચનામાં પણ એક ચોક્કસ નિયમ પ્રવર્તે છે.

ભાષાની ઉત્પત્તિને તથા વિકાસને નિયમિત કરતા કાયદાઓનું નિરીક્ષણ કરવામાં આપણે એક પગલું આગળ ભર્યું છે; પણ જ્યાં સુધી આપણે તેની માનસશાસ્ત્રીય બાજુમાં, અમુક ધ્વનિને અમુક અર્થ સાથે શો સંબંધ છે તેનો નિર્ણય કરવામાં એટલી જ નિયમબદ્ધતા ન શોધી શકીએ, ત્યાં સુધી તે પગલું બહુ ઉપયોગી નીવડે નહિ. સાદા અથવા સંયુકત ધ્વનિઓના વિકાસમાં—તેમના જૂથો તથા કુટુંબોના વિકાસમાં એક સ્વાભાવિક પસંદગીએ નિર્ણાયક ભાગ ભજવ્યો છે; તેમાં કંઈ સ્વચ્છંદે કે બૌદ્ધિક પસંદગીએ ભાગ નથી ભજવ્યો. તે ધ્વનિઓના અર્થો શેના વડે નક્કી કરાયા છે—સ્વચ્છંદી અથવા બૌદ્ધિક પસંદગીએ કે સ્વાભાવિક પસંદગીના નિયમે? જો બીજી વાત સાચી હોય અને તે જ સાચી હોવી જોઈએ, જો ભાષાનું વિજ્ઞાન શકય હોય, તો આ અર્થયુકત ધ્વનિઓની વિશિષ્ટ ગોઠવણીની પાછળ અમુક સત્યો અનિવાર્ય રીતે કાર્ય

કરી રહેલાં હોવાં જોઈએ. દાખલા તરીકે, व् બીજ-ધ્વનિમાં કોઈક એવું અંતર્ભૂત તત્ત્વ હોવું જોઈએ કે જેણે મૂળ અવસ્થામાં–માનવના મન સાથે, તેની પ્રાથમિક સ્વાભાવિક ભાષા-અવસ્થામાં, તેમાંથી બનેલા મૂળ ધાતુઓના અર્થોને જોડયા–व, वा, वि, वी, वु, वू, वृ वॄ. બીજી વાત એ છે કે આ ધાતુઓના અર્થોમાં જે ફેરફારો થયા, તેમનો નિર્ણય તેના પરિવર્તનીય સ્વર-તત્ત્વમાં રહેલા, અર્થના અંતર્ભૂત વલણે કરેલો હોવો જોઈએ—अ, आ, इ, ई, उ, ऊ, ऋ, ॠ એ. ત્રીજી વાત એ છે કે—व, वच्, वख्, वञ्ज्, वम्, वल् वप्, वह्, वश्, वस् વગેરે ગૌણ ધાતુઓમાં તેમના અર્થોમાં એક સાધારણ તત્ત્વ હોવું જોઈએ, અને તે અર્થોમાં જે ફેરફારો થયા છે, તે વ્યંજન પ્રત્યયોના ફેરફારના તત્ત્વને લીધે થયેલા હોવા જોઈએ—જે અનુક્રમે च्, ख्, ज्, म्, ल्, प्, ह्, श् અને स् છે. છેલ્લી વાત એ છે કે સભાન પસંદગીની વધતી જતી શકિતને પરિણામે, ભાષાની રચનાની બાબતમાં, અમુક શબ્દોના અમુક અર્થોની પસંદગીની બાબતમાં બીજાં નિર્ણાયક તત્ત્વો પ્રવેશ્યાં હશે, પણ મૂળ તત્ત્વ તદ્દન અક્રિય તો નહિ જ બન્યું હોય, અને वदन, वदत्र, वद, વગેરે રૂપોના અર્થોનો વિકાસ તેમના મુખ્ય ધ્વનિ-તત્ત્વ વડે નિયમિત થયો હોવો જોઈએ, થોડાક પ્રમાણમાં તેમના પરિવર્તનીય ગૌણ તત્ત્વ વડે પણ. સંસ્કૃત ભાષાની તપાસ દ્વારા હું એમ પુરવાર કરવા પ્રયત્ન કરીશ કે આર્ય ભાષાની બાબતમાં આ બધા નિયમો સાચા છે, ભાષાની હકીકતોએ તેમને નિઃશંક રીતે પ્રસ્થાપિત કર્યા છે.

પરિશિષ્ટ

શ્રી અરવિંદનાં લખાણોની જૂની હસ્તપ્રતમાંથી આ લખાણો મળી આવ્યાં છે; તેથી અમે તે અત્રે રજૂ કરીએ છીએ. શ્રી અરવિંદ આ લખાણોને ફરી તપાસી ગયા હોય એમ જણાતું નથી.

ઋગ્વેદની પ્રથમ ઋચા

મધુચ્છંદસ્ વૈશ્વામિત્રના અગ્નિ પ્રત્યેના સૂકતની, ગાયત્રી છંદમાં રચાયેલી પ્રથમ ઋચા દેવભાષામાં આ છે:

अग्निमीले पुरोहितं यज्ञस्य देवमृत्विजम् ।
होतारं रत्नधातमम् ।।१।।

"પરમાત્માની સામે ઊભા રહેનાર, ઋતનું દર્શન કરનાર, ખૂબ આનંદને આપનાર, યોદ્ધા અગ્નિની હું સ્તુતિ કરું છું."

ઋગ્વેદનો પ્રારંભ વિશુદ્ધ, બળવાન, પ્રકાશમય, દેવ અગ્નિની સ્તુતિથી થાય છે. ઋષિ કહે છે—હું (બધાથી અધિક અને શકિતશાળી) અગ્નિની સ્તુતિ કરું છું. બીજા બધા દેવો કરતાં પ્રથમ અગ્નિની સ્તુતિ કેમ? કારણ કે વસ્તુઓના દિવ્ય સ્વામી યજ્ઞની આગળ ઊભો રહે છે; કારણ કે તે દેવની જાજવલ્યમાન આંખો સત્ય પ્રત્યે, વિજ્ઞાન પ્રત્યે સીધી નજર માંડે છે—જે સત્ય ઋષિનું પોતાનું લક્ષ્ય છે, અને જેના ઉપર સમગ્ર વેદ પ્રતિષ્ઠિત થયેલો છે; કારણ કે તે યોગીના માર્ગમાં સતત અવરોધ કરનાર અવિદ્યાનાં તથા મર્યાદિતતાનાં સર્વ વક્ર આકર્ષણો સાથે યુદ્ધ કરી તેમને દૂર કરનાર વીર યોદ્ધો છે (अस्मज्जुहु राणमेनः) કારણ કે અવ્યકત પરાર્ધમાંથી (ઉચ્ચતર અસ્તિત્વના ગોલાર્ધમાં નિગૂઢ) વહેતી, વિશુદ્ધ, દિવ્ય, પાર-ચેતન શકિતરૂપ તપનું વાહન છે; બીજા કોઈ પણ દેવ કરતાં તે દિવ્ય આનંદનો વિકાસ કરવામાં અને તેને વ્યવસ્થિત કરવામાં વધારે સમર્થ છે. આ ઋચાનો એ ભાવાર્થ છે.

આ યજ્ઞ કોણ છે? આ અગ્નિ કોણ છે? વિશ્વનો સ્વામી યજ્ઞ જીવંત વૈશ્વિક બુદ્ધિ છે, જે તેના લોકનું નિયમન કરે છે—તેનો નિયામક પ્રભુ છે, પરમાત્માના કાર્યને કરવા માટે, તેની શકિતના પ્રતિનિધિરૂપ અગ્નિ પરમાત્મા વ્યકિતત્વમાંથી સૃષ્ટ છે (બહાર પ્રગટ કરાયેલો છે); તે પણ જીવંત બુદ્ધિ છે—વિજ્ઞાન છે. ભૌતિક બુદ્ધિને પરમાત્માનાં, દેવોનાં, યજ્ઞનાં કે અગ્નિનાં દર્શન થતાં નથી; તે તો માત્ર પંચ મહાભૂતોને, તેમની રચનાઓને, તે આભાસોમાં થતી અથવા તે આભાસોની ગતિઓને અને ભૌતિક દૃશ્યોને જોઈ શકે છે. તે

અગ્નિને જોઈ શકતી નથી, તે તો માત્ર ભૌતિક આગને જોઈ શકે છે; તે પરમાત્માને જોઈ શકતી નથી, તે તો માત્ર લીલીછમ પૃથ્વીને, આકાશમાં જાજ્વલ્યમાન સૂર્યને જોઈ શકે છે, તેને તો માત્ર વાતા વાયુનું અને વહેતાં જળોનું જ ભાન હોય છે. તે રીતે, તે માણસના શરીરને અથવા આભાસને જ માત્ર જોઈ શકે છે, માણસને પોતાને નહિ. તે નજરને કે હાવભાવને જોઈ શકે છે, પણ તે નજર કે હાવભાવની પીઠમાં રહેલા વિચારને જોઈ કે જાણી શકતી નથી. તે રીતે આગમાં અગ્નિ વિદ્યમાન છે, વિશ્વમાં પરમાત્મા વિદ્યમાન છે. તેઓ આગની અંદર તેમ જ બહાર, વિશ્વની અંદર તેમ જ બહાર રહેલા છે.

તેઓ આગમાં તથા વિશ્વમાં કેવી રીતે રહેલા છે? માણસ જેમ શરીરમાં રહે છે, વિચાર જેમ નજરમાં કે હાવભાવમાં રહે છે, તેમ. શરીર કંઈ માણસ નથી, હાવભાવ કંઈ વિચાર પોતે નથી; તે માનવનો આવિર્ભાવ છે, વિચારનો આવિર્ભાવ છે. તે જ રીતે આગ અગ્નિ પોતે નથી, પણ અગ્નિનો આવિર્ભાવ છે; વિશ્વ પરમાત્મા પોતે નથી, પણ પરમાત્માનો આવિર્ભાવ છે. માણસ માત્ર શરીરમાં—શરીર વડે પ્રગટ થયો નથી, પણ તે વધારે સંપૂર્ણ રીતે તેનાં કર્મ-ક્રિયામાં, તેમની મારફતે પ્રગટ થાય છે. નજર અને હાવભાવ વડે જ માત્ર વિચાર પ્રગટ થતો નથી, પણ વધારે સંપૂર્ણ રીતે તે ક્રિયા તથા વાણી વડે પ્રગટ થાય છે. તે રીતે, અગ્નિ માત્ર આગ વડે પ્રગટ થતો નથી, પણ વધારે સંપૂર્ણ રીતે વિશ્વમાં બધાં કાર્યો દ્વારા, સૂક્ષ્મ તથા સ્થૂલ ભૌતિક કાર્યો દ્વારા, ઉષ્મા—પ્રકાશ—શકિત દ્વારા પ્રગટ થાય છે. પરમાત્મા માત્ર આ ભૌતિક વિશ્વ દ્વારા પ્રગટ થતો નથી, પણ વધારે સંપૂર્ણ રીતે ભૌતિક દૃશ્યોને ટકાવતી અને તેમાં અંતર્ભૂત રહેલી ચેતનાનાં કાર્યની સર્વ ગતિઓ વડે તથા સંવાદમયતાઓ વડે પ્રગટ થાય છે.

તો પછી વાસ્તવિક રીતે યજ્ઞ અને અગ્નિ કોણ છે? યજ્ઞ સત્ છે, ભાન છે, આનંદ છે; તે ચિત્ તથા આનંદથી યુકત સત્ છે, કારણ કે ચિત્ અને આનંદ સત્માં અનિવાર્ય રીતે વિદ્યમાન હોય છે જ, જ્યારે પોતાનાં સત્-ચિત્ આનંદમાં પરમાત્મા ગુણને નિગૂઢ રાખે છે, ત્યારે તે નિર્ગુણ સત્ છે—બિન-અંગત સત્ છે, જેમાં ચિત્ અને આનંદ એકત્રિત રૂપમાં નિષ્ક્રિય—નિવૃત્ત બનીને રહેલાં છે, તે પોતે પણ નિવૃત્ત છે; અથવા પોતાના બિનઅંગત સત્માં તટસ્થ રહીને ક્રિયા કરે છે, ત્યારે ચિત્ તથા આનંદ પ્રવૃત્ત થાય છે, પણ પોતે તો નિવૃત્ત જ છે, ત્યારે તે યજ્ઞ કહેવાતા નથી, કારણ કે ત્યારે તેમને પોતે સાક્ષીરૂપ છે તેવું ભાન હોય છે, ક્રિયાના સ્વામી તરીકેનું નહિ. પણ જ્યારે તે પોતાના અસ્તિત્વમાં ગુણને પ્રગટ કરે છે, ત્યારે તે સગુણ સત્ છે, વ્યકિતરૂપ સત્ છે. ત્યારે પણ તે નિવૃત્ત હોઈ શકે, તેમને પોતાની સક્રિય

સભાનતા સાથે અથવા આનંદ સાથે કશો સંબંધ ન હોય, તે માત્ર તટસ્થ ક્રિયાના સાક્ષી જ હોય. પણ પરમાત્મા પોતાની શકિત વડે તેમની ક્રિયામાં પ્રવેશ કરે, પોતાના વિશ્વમાં પ્રવેશ કરે—તેના અધિષ્ઠાતા બને, ત્યારે તે પ્રવૃત્ત કહેવાય, અને ચિત્ તથા આનંદ પણ પ્રવૃત્ત થયાં કહેવાય. ત્યારે તે પોતાને પ્રભુ-સ્વામી તરીકે જાણે છે, અને ત્યારે તેમને આપણે યોગ્ય રીતે યજ્ઞ કહી શકીએ. તે જ માત્ર યજ્ઞ નથી કહેવાતા, પણ દરેક ક્રિયા યજ્ઞ કહેવાય છે, યોગ-જેની દ્વારા જ દરેક કાર્યની પ્રક્રિયા શકય બને છે, તે પણ યજ્ઞ કહેવાય છે. ભૌતિક ક્રિયારૂપ યજ્ઞ, યજ્ઞનો એક પ્રકાર છે; જ્યારે માનવ ફરી વાર ભૌતિક બન્યો, ત્યારે તે પ્રકારનો યજ્ઞ મુખ્ય અને બહુ અગત્યનો ગણાવા લાગ્યો, અને બધાં કર્મોની પરિસમાપ્તિરૂપ ગણાવા લાગ્યો, પણ પરમાત્મા આપણાં બધાં કર્મોના સ્વામી છે, તે બધાં તેમને માટે છે, તેમની આરાધના માટે કરવામાં આવે છે; જ્ઞાનપૂર્વક કે અજ્ઞાનપૂર્વક (अविधिपूर्वकम्), આપણે આપણાં કર્મો હમેશાં તેમના સ્રષ્ટાને—પ્રભુને સમર્પિત કરતા હોઈએ છીએ. એટલે દરેક કર્મ પ્રભુને સમર્પિત થયેલી આહુતિ છે, અને આપણા જીવન પર્યંતના યજ્ઞમાં વિશ્વ એ વેદિ છે. આ વિશ્વમય કર્મકાંડમાં વેદના મંત્રો ઋત-કાર્યના ઉપદેશક છે. તેથી વેદમાં પરમાત્માને બીજા કોઈ નામ વડે નહિ, પણ યજ્ઞ કહેવામાં આવ્યો છે.

આ યજ્ઞ, જે સગુણ સત્ છે, તે સત્ વડે—પોતે જ કાર્યો નથી કરતો; પણ તે પોતામાં—સત્માં પોતાની ચિત્-શકિત વડે કાર્યો કરે છે. તે પોતામાં ચિત્ની કોઈક પ્રક્રિયા વડે સભાન બને છે, તેથી વસ્તુઓનું સર્જન થાય છે, અર્થાત્ પોતાના સર્વ-સમાવેશક અપ્રગટ સત્માંથી પોતાના આત્મામાં તે વસ્તુ-ઓને પ્રગટ કરે છે. શકિત અને સભાનતા, ચિત્ અને શકિત એકરૂપ છે; જો કે આપણે સગવડની ખાતર 'ચિત્ની શકિત' એવો પ્રયોગ કરીએ છીએ, પણ તેનો અર્થ આપણે 'શકિતરૂપ ચિત્' કરવો જોઈએ. સર્વ સભાનતા શકિત છે; દરેક શકિતમાં સભાનતા છુપાયેલી રહી છે. જ્યારે શકિતરૂપ ચિત્ કાર્ય કરવાનો પ્રારંભ કરે છે, ત્યારે તે તપ રૂપે પ્રગટ થાય છે અને તેને સર્વ ક્રિયાનો પાયો બનાવે છે. વિષયીગત રીતે સર્વ શકિત ચિત્ છે, એટલે વિષયગત રીતે સર્વ-શકિતની સાથે પ્રકાશ વિદ્યમાન હોય છે જ. પણ ચિત્ના આવિર્ભાવો અનેક પ્રકારના હોય છે, એટલે પ્રકાશ અનેક પ્રકારનો હોય છે. અંતિમ વિનાશથી પર, અંતિમ સત્ના સૂર્ય સમાન રહેલી સનાતન પ્રકાશમયતામાંથી સાત રશિમ-ઓએ—કિરણોએ આ સર્વ દૃષ્ટિગોચર વિશ્વને બહાર પ્રગટ કર્યું છે. (आदित्यवत् तमसः परस्तात्). તે સાત રશિમઓ વડે વિષયીગત રીતે વિષયીગત લોક, તથા વિષયગત રીતે દૃશ્ય જગત પ્રગટ થયું છે. સત્, ચિત્, આનંદ, વિજ્ઞાન, મન, પ્રાણ અને અન્ન—આ સાત જ્યોતિર્મય બ્રહ્મની સમવિધ વિષયીગતતા

છે. પ્રકાશ, અગ્નિ, વિદ્યુત, જ્યોતિ, તેજ, દોષ અને છાયા—આ સાત તેની વિષયગતતા છે. અગ્નિ તપના વાહનનો સ્વામી છે. અગ્નિ જેનો સ્વામી છે તે તપનું વાહન શું છે ? તે અગ્નિમય પ્રકાશ છે. અગ્નિ તપનો પ્રકાશ છે, તેનું વાહન છે, તેનો સમાવેશક છે. રાજા તેના રાજ્યના નામ વડે ઓળખાય છે. શકિત, ઉષ્મા (ગરમી), પ્રકાશમયતા, વિશુદ્ધિ, જ્ઞાનની પ્રભુતા અને નિષ્પક્ષતા તેના ગુણો છે. તે તપના પ્રકાશના સ્વામી તરીકે, યજ્ઞ રૂપે પ્રગટ થયેલો છે, જેના દ્વારા ચેતનાની, વિચારની, લાગણીની અથવા કાર્યની સક્રિય શકિત આ વિશ્વમાં પ્રગટ થાય છે. આ વિશ્વનું સર્જન અગ્નિએ પોતાના સત્ માંથી કર્યું છે. તેથી તે યજ્ઞની આગળ ઊભો રહેલો (પુરોહિત) કહેવાય છે. અગ્નિ અથવા વિદ્યુત અથવા તેનાથી પરિપૂર્ણ સૂર્ય પ્રકાશની જ્વાળા છે, જેમાં યોગીઓ દિવ્ય દર્શના વડે પરમાત્માનાં દર્શન કરે છે. તે વૈશ્વિક ક્રિયાનું કરણ છે, જેમાં યજ્ઞ એકીસાથે તેના સત્ને પ્રગટ કરે છે અને નિગૂઢ પણ રાખે છે.

અગ્નિ પ્રકાશમાન, પ્રકાશના સ્વામી દેવોમાંનો એક દેવ છે. તે દેવો વિશ્વલીલામાં રમનારાઓ છે—તેના ઓછી શકિતવાળા સ્વામીઓ છે; જ્યારે યજ્ઞ આપણો સર્વશકિતમાન સ્વામી, મહેશ્વર છે. તે અગ્નિ છે, બંધન-રહિત છે, અથવા માત્ર લીલામાં તે પોતાને બંધનયુકત કરે છે. સાહજિક રીતે તે વિશુદ્ધ છે, તે જેમનું ભક્ષણ કરે છે તે અશુદ્ધિઓ વડે તે અસ્પૃષ્ટ છે, નિર્લેપ છે. તે પુણ્ય-પાપની લીલામાં આનંદ માણે છે, અને પાપને પુણ્ય તરફ દોરે છે, ઉન્નત બનાવે છે, બળપૂર્વક રૂપાંતર કરાવે છે. પાવન કરવા માટે જ તે પ્રજ્વલિત થાય છે. બચાવવા માટે જ તે સંહાર કરે છે. જ્યારે સાધકનું શરીર તપની ઉષ્માથી બળી જાય છે, ત્યારે ગર્જના કરતો અગ્નિ તેનામાં રહેલી અશુદ્ધિને તથા વિરોધોને બાળી નાખે છે, તેમનું ભક્ષણ કરી જાય છે. તે ભીષણ, શકિતશાળી, આનંદપૂર્ણ, નિર્દય, પ્રેમી દેવ છે; તેની મૈત્રીનું શરણ લેનાર સર્વ ચોકોનો તે દયાળુ ભયંકર સહાયક છે.

અગ્નિને જન્મ સાથે જ જ્ઞાન પ્રાપ્ત થયેલું હોય છે. તેથી તે જાતવેદસ કહેવાય છે.

પૃથક્કરણ

अग्निम्—અગ્નિ બુદ્ધિશાળી મનની, દેવતાઓમાં સૌથી વધારે પ્રકાશમાન અને શકિતશાળી સ્વામી છે. વૈદિક માનસશાસ્ત્ર પ્રમાણે, માનવ જ્ઞાનતત્ત્વોનો બનેલો છે, જેમાં આત્મા પોતાના કોશો રૂપે રહેલો છે. અન્ન, સ્થૂલ પ્રદાર્થ તત્ત્વ; પ્રાણ, પ્રાણિક શકિત; મન, બુદ્ધિયુકત મન; વિજ્ઞાન, આદર્શમય મન;

આનંદ, વિશુદ્ધ અથવા તાત્ત્વિક આનંદ; ચિત્, વિશુદ્ધ અથવા તાત્ત્વિક સભાનતા; સત્, વિશુદ્ધ અથવા તાત્ત્વિક અસ્તિત્વ. આપણી સામાન્ય માનવતાના વિકાસમાં, આ તબક્કે, રોજિંદા ઉપયોગ માટે આપણે અન્નનો—પ્રાણનો અને મનનો વિકાસ સાધ્યો છે. વધારે સારી રીતે વિકાસ પામેલા માણસો શકિતપૂર્વક-વિજ્ઞાનનો ઉપયોગ કરી શકે છે — પણ તે તેના પોતાના ઘરમાં (સ્વેદયે) નહિ, પોતાના મૂળ રૂપમાં નહિ, પણ મનમાં તર્કશકિત રૂપે, બુદ્ધિ રૂપે. અસાધારણ મનુષ્યો મન તથા બુદ્ધિનાં કાર્યોને મદદ કરવા માટે, બુદ્ધિશાળી મનમાં વિજ્ઞાનના કાર્યને લાવી શકે છે—તેના પોતાના કાર્યક્ષેત્રમાંથી તેને લાવી શકે છે; પણ આદર્શમય ચેતના તરીકે તેના પોતાના રૂપમાં. આ માનસિક અને વૈજ્ઞાનિક કાર્યના સંમિશ્રણને પ્રતિભા કહેવામાં આવે છે; તે ઉચ્ચતર આદર્શીકરણ પ્રત્યે મનનો પ્રકાશયુકત પ્રત્યુત્તર છે, તેનું પ્રતિબિંબ છે. યોગી તેનાથી પર વિજ્ઞાન-માં જાય છે; જો તે યાજ્ઞવલ્કય સમાન મહાન ઋષિ હોય, તો આનંદમાં પણ જઈ શકે છે. જાગ્રત અવસ્થામાં, સામાન્ય સમયમાં, કોઈ આનંદની પાર જઈ શકતું નથી, કારણ કે ચિત્ અને સત્ માત્ર સુષુપ્તિમાં જ પ્રાપ્ય છે, કારણ કે પાંચ કોશોનો જ પર્યાપ્ત વિકાસ થયો છે; જેને પરિણામે તે દૃષ્ટિગોચર બની શકે. માત્ર સત્યયુગના લોકો જ તેમનાથી પર જઈ શકે છે, અને તેઓ પણ ઉપલા બે કોશોને પરિપૂર્ણ રીતે જોઈ શકતા નથી. વિજ્ઞાનથી અન્ન સુધીના કોશોને અપરાર્ધ અથવા અસ્તિત્વનો નિમ્ન ગોળાર્ધ કહે છે, જેમાં વિદ્યા કરતાં અવિદ્યાનો પ્રભાવ અધિક હોય છે. આનંદથી માંડીને સત્ સુધીના કોશોને પરાર્ધ અથવા ઊર્ધ્વ ગોળાર્ધ કહે છે, જેમાં અવિદ્યા કરતાં વિદ્યાનો પ્રભાવ અધિક હોય છે, જેમાં અજ્ઞાન—દુ:ખ—મર્યાદિતતા હોતાં નથી.

અત્યાર સુધી જેટલો વિકાસ થયો છે તેવા માનવમાં બુદ્ધિયુકત મન ખૂબ અગત્યની માનસશાસ્ત્રીય શકિત છે; વેદનાં સૂકતો તે બુદ્ધિયુકત મનમાં ઉચ્ચતમ વિશુદ્ધિનો તથા શકિતનો વિકાસ સાધવા માટે રચાયાં છે. આ મનમાં અનુક્રમે નીચેનાં તત્ત્વો હોય છે : સૂક્ષ્મ અન્ન, સ્થૂલ અન્નનું સંસ્કરણ, જેમાંથી મનોમય કોશનો ભૌતિક ભાગ અથવા સૂક્ષ્મ દેહ રચાય છે; સૂક્ષ્મ પ્રાણ, મનમાં રહેલી પ્રાણશકિત જે સૂક્ષ્મ દેહની નાડીઓમાં અથવા જ્ઞાનતંતુઓમાં કાર્ય કરે છે અને કામનાઓ ઉત્પન્ન કરે છે; ચિત્ત અથવા ગ્રહણ કરતી ચેતના, જે તામસિક પ્રતિકાર્ય વડે બહારના તથા અંદરના સર્વ સંસ્કારોને ઝીલે છે, પણ તામસિક હોવાને કારણે તે તેમને સાત્ત્વિક ચેતના અથવા બુદ્ધિયુકત સભાનતામાં પહોંચાડી શકતું નથી કે જેને આપણે જ્ઞાન કહીએ છીએ, પરિણામે ચિત્ત વડે આપણે બધી જોયેલી કે ન જોયેલી વસ્તુઓની સ્મૃતિ કરી શકીએ છીએ, પણ તે જ્ઞાન તમસ્ વડે આચ્છાદિત હોવાથી આપણા જીવન માટે નિરુપયોગી હોય છે; હૃદ્

અથવા સંસ્કારો પ્રત્યે રાજસિક પ્રતિકાર્ય, જેને આપણે લાગણી અથવા ઊર્મિ કહીએ છીએ, અને જ્યારે તે ટેવરૂપ બની જાય છે ત્યારે આપણે તેને ચારિત્ર્ય કહીએ છીએ; મન અથવા સક્રિય નિશ્ચિત સંવેદનામય ચેતના, જે બધા સંસ્કારોને સાત્ત્વિક પ્રતિકાર્ય વડે—જેને બુદ્ધિ અથવા વિચાર કહેવામાં આવે છે, અને જે માનવોમાં તેમ જ પશુઓમાં હોય છે, ખ્યાલના અથવા સંસ્કાર-પિંડના રૂપમાં પલ્ટી નાખે છે; બુદ્ધિ જે તર્કયુકત, કલ્પનાશીલ અથવા વિચારયુકત શકિત છે, જે અવલોકન કરે છે, અવલોકેલી વસ્તુના સંસ્કારને સંધરી રાખે છે, તુલના કરે છે, તર્ક કરે છે, સમજે છે, સંયોગીકરણ કરે છે, સર્જન કરે છે—જે બધી ક્રિયાઓના સંમિશ્રણને આપણે બુદ્ધિ કહીએ છીએ; માનસ આનંદ, અસ્તિત્વનો વિશુદ્ધ આનંદ, જે અપવિત્ર-અશુદ્ધ મન શરીર-પ્રાણ દ્વારા અશુદ્ધ રીતે પ્રગટ થાય છે અને અનેક પ્રકારનાં દુ:ખોથી યુકત બને છે, પણ જે પોતે અહૈતુક હોવાથી વિશુદ્ધ છે; માનસ તપ અથવા વિશુદ્ધ સંકલ્પ-શકિત, જે જ્ઞાન-લાગણી-ક્રિયા પ્રત્યે કાર્ય કરે છે, જે અશુદ્ધ મન-શરીર-પ્રાણ દ્વારા અશુદ્ધ રીતે કાર્ય કરવાથી નિર્બળતા-જડતા-અજ્ઞાન-સ્ખલન વડે સંમિશ્રિત બની જાય છે. પણ જે અહૈતુક હોવાથી પોતે જાતે વિશુદ્ધ છે અને જેને કોઈ અંગત હેતુ, પૂર્વગ્રહ હોતો નથી કે જે વિચાર-કર્મ-લાગણીના સત્યમાં ખલેલ પહોંચાડે; અહૈતુક સત્ અથવા અસ્તિત્વનો વિશુદ્ધ (કેવલ) સાક્ષાત્કાર, જે અશુદ્ધ કરણો દ્વારા અહંકાર-ભેદ-મર્યાદિતતાના રૂપમાં પ્રગટ થાય છે, પણ જે પોતે સ્વાર્થ-રહિત અથવા અમુક નામરૂપ માટે આસકિત વગરનું હોવાથી વિશુદ્ધ છે અને ભેદમાં અભેદના ભાનથી યુકત છે; અને છેલ્લું તત્ત્વ મનમાં બેઠેલો આત્મા છે. આ આત્મા સત્ તથા અસત્ છે, વિધ્યાત્મક તથા નિષેધાત્મક છે, સદ્‌બ્રહ્મ તથા શૂન્ય બ્રહ્મ છે. વાસુદેવમાં (સ: માં) તથા પરબ્રહ્મમાં (તત્‌માં) વિધ્યાત્મક તથા નિષેધાત્મક બંને અંતર્ભૂત છે; અને સ: અને તત્ એક જ છે. બુદ્ધિના ત્રણ ભેદો છે : (૧) મેધા, જે સંવેદનાએ આપેલા જ્ઞાનનો માત્ર ઉપયોગ કરે છે, અને જે મન-ચિત્ત-હૃદ્-પ્રાણની પેઠે અધીન છે, અનીશ છે, સંવેદનાને અધીન છે; (૨) બુદ્ધિ (સ્મૃતિ, ધી, પ્રજ્ઞા), જે સંવેદના કરતાં ઉચ્ચતર છે, ઉચ્ચતર જ્ઞાનના પ્રકાશ વડે તેનો વિરોધ કરે છે; (૩) સત્ય, સીધું જ્ઞાન, સત્ત્વ, જે ઉચ્ચતર જ્ઞાનનો પ્રકાશ છે. આ દરેક શકિતને પોતાની એક અથવા વધારે દેવતા અથવા દેવતાઓ હોય છે, જે દરેક દેવતાના ખાસ ગણો અથવા ગૌણ સચિવો હોય છે. આ શકિતઓનો ઉપયોગ કરતો જીવ હંસ કહેવાય છે, જે ઉડ્યન કરે છે અથવા ઊર્ધ્વમાં વિકાસ સાધે છે; જ્યારે તે મનમાં નિમ્ન કોશોનો ત્યાગ કરીને સચ્ચિદાનંદમાં ઊર્ધ્વ ગતિ કરે છે, સત્-ચિત્ અને આનંદનો જ માત્ર ઉપયોગ કરે છે, માત્ર સદાત્મામાં અથવા વાસુદેવમાં જ

આશ્રય લે છે, ત્યારે તે પરબ્રહ્મ કહેવાય છે, ઉત્ક્રાન્તિની ઉચ્ચતમ અવસ્થાને–પરમ પદને પહોંચેલો ગણાય છે. વેદમાં આ પાયાનું જ્ઞાન રહેલું છે; તેને ગુમાવી દીધાથી, નિરુક્તની અશુદ્ધિઓને પરિણામે, અત્યારનો ગૂંચવાડો અને વેદના અર્થનું અધઃપતન થયાં છે.

સ્મૃતિ અથવા પ્રજ્ઞાની દેવતા ચન્દ્ર છે; સૂર્ય સત્યની દેવતા છે; બુદ્ધિની તથા મનની દેવતા ઇન્દ્ર છે; સૂક્ષ્મ પ્રાણની દેવતા વાયુ છે; મિત્ર, વરુણ, અર્યમા અને ભગ લાગણીમય મનના અથવા ચારિત્ર્યના ચાર સ્વામીઓ છે; બૃહસ્પતિ સહેતુક ચિત્ અથવા જ્ઞાનના તપના સ્વામી છે; બ્રહ્મા સહેતુક સત્‌ના સ્વામી છે; અગ્નિ સહેતુક તપના સ્વામી છે વગેરે. આ તો માત્ર સૂચન રૂપે ગણાવ્યા છે. વેદનું પોતાનું અધ્યયન કરવાથી દેવતાઓનાં અનેક સ્વરૂપોનો તથા શકિતઓનો બરાબર ખ્યાલ આવે છે. દેવો પ્રભુ અથવા યજ્ઞ માટે, ઈશ માટે, આધાર અથવા આવિર્ભાવના સપ્તવિધ માધ્યમ માટે, પરિપૂર્ણ રીતે કાર્ય કરવાનો પ્રયત્ન કરે છે. તેટલા જ દિવ્ય રાક્ષસો અથવા દૈત્યો આ પરિપૂર્ણ કાર્યમાં વિક્ષેપ નાખવા પ્રયત્ન કરે છે. માણસને નીચે ઢસેડી પાડવા માટે, સ્થાપિત વસ્તુમાં વિક્ષેપ નાખવો એ દૈત્યોનું કાર્ય છે; અથવા સારી અને સંવાદમય, છતાં અપૂર્ણ વસ્તુને તોડી નાખીને ઉચ્ચતર ભૂમિકામાં જવા માટે તેને તક આપવાનું તેમનું કાર્ય છે, ટૂંકમાં પરિપૂર્ણતાથી ન્યૂન એવી દરેક વસ્તુ માટે અસંતોષ પેદા કરવાનું અને અનંત પ્રત્યે સતત તેને ધક્કેલવાનું કાર્ય છે—પછી તે વાસુદેવ પ્રત્યે ઉત્તમ ગતિ દ્વારા, અથવા જો માનવ તે ન સ્વીકારે, તો પ્રકૃતિમાં અધમ ગતિ દ્વારા. વૈદિક આર્યો દેવોની મદદ વડે દૈત્યો અથવા દસ્યુઓ પર વિજય મેળવવા માટે મથતા હતા; છેવટે તેમણે દેવોથી પણ પર જવાનું રહેતું, જેને પરિણામે માનવ તેના લક્ષ્યને પામે.

ભૌતિક શકિતઓના પ્રદેશમાં અગ્નિ તેજનો સ્વામી છે; વૈદિક વિજ્ઞાનને જ્ઞાત પાંચ તત્ત્વોમાં તેજ ત્રીજું, મધ્યસ્થ, ભૌતિક તત્ત્વ છે. તેજ પોતે સાત પ્રકારનું છે: (૧) અન્નકોશનું જે તત્ત્વ છે, તે છાયા અથવા નિષેધાત્મક તેજ; (૨) દોષા અથવા સંધ્યાનું તેજ, પ્રાણકોશનો પાયો, તેજ-છાયાનું મિશ્રણ; (૩) કેવળ સ્પષ્ટતા અને પ્રકાશરૂપ તેજ, જે મનઃકોશનો પાયો છે; (૪) જ્યોતિ અથવા સૂર્ય–પ્રકાશ, જે વિજ્ઞાન કોશનો પાયો છે; (૫) અગ્નિ અથવા અગ્નિ-મય પ્રકાશ, જે ચિત્-કોશનો પાયો છે; અને (૬) વિદ્યુત્ અથવા વીજળી-પ્રકાશ, જે આનંદ-કોશનો પાયો છે; અને (૭) પ્રકાશ, જે સત્કોશનો પાયો છે. આ સાતમાં તેજોમાંના દરેકને પોતાની ખાસ શકિત હોય છે, કારણ કે શકિત એ તાત્ત્વિક વાસ્તવિકતા છે, જ્યારે પ્રકાશ તેનો અનુસંગત ગુણમાત્ર છે. આ બધાં તેજોમાં અગ્નિ વિશ્વમાં સૌથી મહાન છે, વિદ્યુત્ કરતાં પણ મહાન–

જો કે વિદ્યુત શકિતની દેવતા વિષ્ણુ પોતે છે જે આનંદના સ્વામી છે, ઉપનિષદોમાં જેમને वैद्युतो मानवः—વિદ્યુતમય માનવ કહેલા છે. વિજ્ઞાનમાં સૂર્ય તેમ જ વિષ્ણુ અગ્નિ કરતાં મહાન છે; પણ અહીં તે બંને ઇન્દ્રના સંતોષ ખાતર—ઉપનિષદોમાં વિષ્ણુને ઉપેન્દ્ર, ઇન્દ્રના નાના ભાઈ કહ્યા છે—અગ્નિની પ્રધાન શકિતની હકૂમત નીચે કાર્ય કરે છે. પદાર્થ-વિજ્ઞાનની ભાષામાં કહીએ તો, ગરમી તથા ઠંડી પર શાસન કરતો અગ્નિ પ્રકાશનાં તથા ઉષ્માનાં સર્વ દૃશ્યોની પીઠમાં પાયાભૂત સક્રિય શકિત તરીકે રહેલો છે. સૂર્ય પ્રકાશની તથા ગરમીની ટાંકી માત્ર છે; સૂર્યની વિશિષ્ટ જાજવલ્યમાનના તેજનો જ એક પ્રકાર છે; આપણે જેને સૂર્યનો પ્રકાશ કહીએ છીએ, તે સત્કોશના પાયારૂપ તાત્ત્વિક પ્રકાશની સ્થિર શકિતનો બનેલો છે, તે વૈદ્યુત શકિતમાં તથા અગ્નિ તેજમાં સૂર્યનો સ્વભાવ જે ફેરફારો કરે છે અને પ્રકાશનાં બીજાં સ્વરૂપોનું નિર્માણ કરે છે, તેનો બનેલો છે. જ્યારે પ્રકાશ અને વૈદ્યુત અગ્નિમાં પ્રવેશ કરે છે અને તેના અસ્તિત્વની શરતોનું પાલન કરે છે, ત્યારે તે બન્ને સક્રિય બની શકે છે; અગ્નિ સૂર્યને તેજ પૂરું પાડે છે, તે જ્યોતિનું સર્જન કરે છે, તેજનું સર્જન કરે છે, નિષેધાત્મક રીતે તે છાયાનું સર્જન કરે છે. સાચું કે ખોટું—પણ વેદનું આ પદાર્થ-વિજ્ઞાન છે. તેને માનસશાસ્ત્રની ભાષામાં કહીએ તો, અત્યારે પ્રાધાન્ય ભોગવતા બુદ્ધિયુકત મનમાં, જ્ઞાનનો તથા આનંદનો પૂર્ણ વિકાસ કરી શકાય તેમ નથી—જો કે તે બન્ને તાત્ત્વિક રીતે મનથી ઉચ્ચતર છે. તર્કયુકત બુદ્ધિરૂપ સોમ પણ શાસન કરી શકે તેમ નથી; પણ સોમથી પૂર્ણ ઇન્દ્ર—ઇન્દ્રિયો પર પ્રતિષ્ઠિત થયેલી તથા બુદ્ધિ વડે બળ પામેલી સમજશકિત પરમ નિયામક છે; તેના સંતોષ માટે સોમ, સૂર્ય, અગ્નિ અને પરમ વિષ્ણુ પણ કાર્ય કરી રહેતા હોય છે. માણસ જેને માટે મગરૂર છે તે તર્કશકિત મનમાંથી વિજ્ઞાન પ્રત્યે થતા વિકાસમાં એક કડીમાત્ર છે, તેણે કાં તો ઇન્દ્રિયોની અથવા આદર્શમય જ્ઞાનની સેવા કરવાની રહે છે; જો તે પોતાને માટે જ કાર્ય કરે, તો તે વૈશ્વિક નાસ્તિકતામાં, તત્ત્વચિંતનીય શંકામાં, અને સર્વ જ્ઞાનની રુકાવટમાં પરિણમે. આપણે એમ ન માની લેવું જોઈએ કે વેદ આ નામોને માનસશાસ્ત્રીય અથવા ભૌતિક શકિતઓનાં મૂર્તિકરણો તરીકે જ માત્ર નથી વાપરતો; તે આ દેવતાઓને માનસશાસ્ત્રીય તથા ભૌતિક કાર્યોની પીઠમાં રહેલી વાસ્તવિકતાઓ ગણે છે, કારણ કે કોઈ શકિત એકલી જ સ્વતંત્ર રીતે કાર્ય કરી શકતી નથી, તેને કોઈ સચેતન કેન્દ્ર કે કેન્દ્રોની જરૂર રહે છે, જેમાંથી અથવા જેની દ્વારા તે પ્રવૃત્ત થાય. અહીં એક શંકા સ્વાભાવિક રીતે જ થાય છે કે પરમ દેવ વિષ્ણુ વેદોના ઉપેન્દ્ર કેવી રીતે બન્યા ? તેનો જવાબ એ છે કે વિકાસના અમુક તબક્કામાં જે જે શકિત પરમ અગત્યની હોય છે, તેની વિષ્ણુ-

વિરાટ ખાસ દરકાર રાખે છે. આપણે જોઈ ગયા કે વિકાસ પામેલી ઉત્ક્રાંતિમાં અત્યારે આનંદ ઉચ્ચતમ છે. એટલે અત્યારે વિષ્ણુ પ્રધાનપણે આનંદના સ્વામી છે; જ્યારે તે ભૌતિક જગતમાં અવતીર્ણ થાય છે, ત્યારે તે અગ્નિમાં અંતર્ભૂત અને તેનામાંથી વિકાસ પામતી, પરમ વિદ્યુત્-શકિતરૂપ સૂર્યમાં સ્થિતિ કરે છે, કે જે સૂર્ય આનંદનું ભૌતિક સ્વરૂપ છે, જેના સિવાય વિશ્વનું કોઈ પણ કાર્ય પ્રવૃત્ત થઈ શકતું નથી. વિષ્ણુ ઊતરતી કોટિના દેવ નથી, તે સેવા કરવાનો ડોળ કરીને પોતાને ગૌણ બનાવે છે, જ્યારે સાચી રીતે સેવા દ્વારા તે શાસન-કર્તા હોય છે. પણ ઉપેન્દ્રતા વિષ્ણુના આવિર્ભાવની ઉચ્ચતમ ભૂમિકા નથી–પરમ ધામ નથી; ઊલટું તે અહીં નિમ્નતમ ધામનું વિશિષ્ટ કાર્ય છે. ઉપેન્દ્રત્વ એ વિષ્ણુત્વ નથી, પણ તેમનાં કાર્યોમાંનું એક કાર્ય માત્ર છે.

એટલે અગ્નિ તેજનો—ખાસ કરીને અગ્નિમય તેજનો સ્વામી છે, મનમાં સહૈતુંક તપનો કારક છે. અત્યારના માનસશાસ્ત્રની ભાષામાં કહીએ તો, આ સહૈતુક તપ કાર્યાન્વિત સંકલ્પ છે–કામના નહિ, પણ કામનાને આલિંગતો, તેનાથી અધિક બની પર રહેલો સંકલ્પ છે તે પસંદગી, ઇચ્છા કે આશય પણ નથી. વેદના વિચાર અનુસાર, સંકલ્પ તાત્ત્વિક રીતે શકિતનું રૂપ ધારણ કરતું જ્ઞાન છે. એટલે અગ્નિ સર્વ પ્રકારના ધ્યાન માટે આવશ્યક, કેવળ માનસિક શકિત છે. એક વાર આપણને આ વૈદિક વિચારનો ખ્યાલ આવી જાય, એટલે આપણે અગ્નિના ખૂબ મહત્ત્વને સમજી શકીએ, અને આપણે જે સૂકતનું અધ્યયન કરી રહ્યા છીએ તેને સમજી શકીએ.

અગ્નિ શબ્દ अग् ધાતુને ति પ્રત્યય લગાડવાથી બન્યો છે. अग् ધાતુ अ એટલે 'હોવું'માંથી બન્યો છે, જે આપણે અનેક ભાષાઓમાં જોવા મળે છે. ग् અક્ષર શકિતવાચક છે. એટલે अग्નો અર્થ થાય છે—શકિતપૂર્વક હોવું, સુંદર હોવું, બળવાન હોવું. अग्निનો અર્થ થાય છે—બળવાન, પરમ, સુંદર, શકિતશાળી, પ્રકાશયુકત. ગ્રીક ભાષામાં agathos (એગેથોસ)માં આપણે તે જ ધાતુને જોઈ શકીએ છીએ. તેનો મૂળ અર્થ છે—બળવાન, ઉદાત્ત, બહાદુર; agan (અગન), ખૂબ પ્રમાણમાં; ago (અગો), હું દોરું છું; લૅટિનમાં ago (અગો), age (અગે), ગ્રીકમાં aglaos (એગ્લેઓસ)—નો અર્થ થાય છે 'પ્રકાશમાન'. Agis (એગિસ). Agamemnon (એગેમેમ્નોન) નામો તથા સંસ્કૃતમાં अग्र, अगस्ति શબ્દો તે ધાતુમાંથી બન્યા છે. તેની સમાન ધાતુ છે अज्, જેની સાથે તેની અદલાબદલી થઈ શકે તેમ છે, જેમાંથી ગ્રીક શબ્દ ago (અગો)ના કેટલાક અર્થો પ્રાપ્ત છે. તેનો અર્થ 'પ્રેમ કરવો' પણ થાય છે—સરખાવો ગ્રીક શબ્દ agape (ભેટવું); પણ આ અર્થ સૂચવવા માટે પ્રાચીન સંસ્કૃતમાં अङ्ग છે. अग् તથા अङ्ग વચ્ચેના સંબંધ માટે સરખાવો अङ्गति (અગ્નિ), अङ्गिराः (અગ્નિનું એક નામ), अङ्गरः

(બળતો કોલસો.)

ઈલે—સાદાં સંસ્કૃત ધાતુઓની પેઠે આ ધાતુ બે સ્વરૂપોમાં જોવા મળે છે—ઈલ્ અને ઈડ્. મૂળ ધાતુ ઇલ્ (પ્રેમ કરવો, ભેટવું, ખુશામત કરવી, સ્તુતિ કરવી, પૂજા કરવી) હતો. ल અક્ષર પાછળથી આવ્યો છે; દ્વાપર યુગની કેટલીક મુખ્ય જાતિઓની તે ભાષાકીય વિશિષ્ટતા છે. પણ તે ल् લાંબો સમય ચાલ્યો નહિ, અને પાછો ल્ના રૂપમાં સરી પડયો. તે ल्ની જગ્યાએ ड् આવ્યો, જેની સાથે તેની અદલાબદલી થઈ શકે તેમ છે. એટલે આપણને તે જ અર્થમાં ઈડ્ ધાતુ પ્રાપ્ત થયો, તેમાં અધિકની પૂજાનો અર્થ સમાવિષ્ટ નથી; મુખ્ય અર્થ છે—પ્રેમ, સ્તુતિ, કામના. અહીં આ ઋચામાં સ્તુતિનો કે પૂજાનો અર્થ નથી, પણ કામનાનો, ઉત્કટ ઇચ્છાનો અર્થ છે.

पुरोहितम्—આમાં બે શબ્દો છે, એક નહિ. પાછળથી તેનો અર્થ વેદનો યજ્ઞવિધિપરક અર્થ કરનાર લોકોએ 'પુરોહિત, કર્મકાંડ કરનાર બ્રાહ્મણ' કર્યો; પણ આ સૂકતમાં તે અર્થ નથી. पुरः શબ્દ મૂળ તો पुर्નું ષષ્ઠી વિભક્તિનું એકવચનનું રૂપ છે; પાછળથી તે ક્રિયાવિશેષણ તરીકે વપરાવા લાગ્યો. पुर्ના અર્થો છે—દ્વાર, દરવાજો, આગલો ભાગ, દીવાલ; પાછળથી તેના અર્થ થયા—ઘર, નગર. સરખાવો ગ્રીક શબ્દો Pule (પુલે) દરવાજો; Pulos (પુલોસ) કોટવાળું નગર, કિલ્લો; Polis (પોલિસ), નગરી. એટલે पुरःનો અર્થ થયો—આગળ. हितम् हि ધાતુનું કર્મણિ ભૂત કૃદંતનું રૂપ છે. हि નો અર્થ થાય છે—નીચે મૂકવું, રોપવું, સ્થાપવું. ગ્રીકમાં eheo—હિયો (હું રેડું છું) છે. हयाः, અશ્વો—શબ્દ તેમાંથી બન્યો છે. એટલે पुरोहितम्નો અર્થ થાય છે—આગળ મુકાયેલો.

यज्ञस्य—વેદમાં યજ્ઞ શબ્દ બહુ જ અગત્યનો છે. યજ્ઞવિધિપરક અર્થમાં યજ્ઞ એટલે યજ્ઞ; બીજો કોઈ અર્થ સ્વીકારવામાં આવ્યો નથી. જો આ ભૌતિક અર્થ સ્વીકારવામાં આવે, તો વેદ ભારતીય આધ્યાત્મિકતાનું તથા દિવ્ય જ્ઞાનનું ઉદ્‌ગમ-સ્થાન કદી બની શકે નહિ. વાસ્તવિક રીતે, યજ્ઞ પરમ વિષ્ણુ ભગવાનનું જ નામ છે; તેનો અર્થ ધર્મ અથવા યોગ પણ થાય છે. પાછળથી તેનો અર્થ માત્ર યજ્ઞ જ થયો, કારણ કે દ્વાપર યુગમાં યજ્ઞ જ ધર્મરૂપ તથા યોગરૂપ બની રહ્યો, જે અર્થે દોર જમાવ્યો અને બીજા બધા અર્થોને હાંકી કાઢયા. નિરુકત દ્વારા આપણે આ અગત્યના શબ્દનો અર્થ ફરી પ્રાપ્ત કરવો તે જરૂરી છે, અને તેમ કરવા માટે આપણે નિરુકતના સિદ્ધાંતનું ટૂંકમાં નિરૂપણ કરવું જોઈએ.

સંસ્કૃત ભાષા દેવભાષા છે, મન્વંતરના આદિમાં ઉત્તર મેરુના લોકો વડે બોલાતી તે મૂળ-ભાષા છે, પણ તેના શુદ્ધ રૂપમાં તે દ્વાપર અથવા કલિયુગમાં બોલાતી સંસ્કૃત ભાષા નથી; તે वाक् (વાણી) તથા અર્થના પરિપૂર્ણ, સત્ય સંબંધ પર પ્રતિષ્ઠિત, સત્યયુગની ભાષા છે. તેના દરેક સ્વરમાં તથા વ્યંજનમાં

એક વિશિષ્ટ સ્વાભાવિક શકિત છે, જે માનવની પસંદગીના વિકાસમાંથી નથી આવી, પણ વસ્તુઓના સ્વભાવથી જ તેમાં વિદ્યમાન છે. આ પાયાભૂત ધ્વનિઓ છે, જે તાંત્રિક બીજમંત્રોના મૂળમાં રહેલા છે, અને તેમાં જ મંત્રની પોતાની અસરકારકતા રહેલી છે. મૂળ ભાષાના દરેક સ્વરમાં તથા વ્યંજનમાં અમુક મૌલિક અર્થો હતા, જે આ તાત્ત્વિક શકિતમાંથી પ્રગટ થયા હતા, અને તેમાંથી બીજા અર્થો વિકસ્યા હતા. સ્વરનાં મિશ્રણોથી, વ્યંજનનાં મિશ્રણોથી, કોઈ પણ મિશ્રણ કે સંયોગીકરણ સિવાય કેવળ સ્વરોમાંથી ઘણા મૂળ ધાતુઓ રચાયા હતા, જેમાંથી બીજાં વ્યંજનો ઉમેરીને આનુષંગિક અથવા ગૌણ ધાતુઓની રચના કરવામાં આવી હતી. બધા શબ્દો આ ધાતુઓમાંથી બનાવવામાં આવ્યા હતા, તે સાદા શબ્દોની રચના ધાતુઓને કેવળ અથવા મિશ્રિત સ્વરોરૂપી અથવા વ્યંજનોરૂપી પ્રત્યયો લગાડીને કરવામાં આવી હતી, કે જેમાં મૂળ ધાતુમાં કશો ફેરફાર થતો નહિ; વધારે જટિલ શબ્દોની રચના સંયોગીકરણ તથા ફેરફાર વડે કરવામાં આવી હતી. આ ભાષા ધીમે ધીમે, વધતા જતા પ્રમાણમાં, અર્થમાં તેમ જ ધ્વનિમાં દૂષિત બની, અને ત્રેતા-દ્વાપર-કલિયુગની પાછળની સંસ્કૃત ભાષા બની ગઈ. તેના કેટલાક ભાગોને ફરી વિશુદ્ધ કરવામાં આવતા; વળી પાછા તે દૂષિત બની જતા, વળી પાછા તેમને વિશુદ્ધ કરવામાં આવતા; જેને પરિણામે તેના મૂળ સ્વરૂપ અને કલેવર સાથેનો દૃષ્ટિગોચર સંબંધ તદ્દન નાશ પામ્યો નહિ. ગમે તેટલી પ્રાચીન હોય, પણ દરેક બીજી ભાષા પ્રાકૃત બની છે, પ્રાકૃતની પણ પ્રાકૃત બની છે અને અશુદ્ધિના વધતા જતા તબક્કાઓને પ્રાપ્ત થઈ છે. ભારતીય ભાષામાં સૌથી વધારે વિશુદ્ધિ જળવાઈ રહી છે; તેથી તેને સંસ્કૃત કહેવામાં આવે છે; તેને કોઈ સ્થાનિક નામ આપવામાં આવ્યું નથી, કારણ કે તેનો પાયો વૈશ્વિક અને સનાતન છે. સંસ્કૃત ભાષાની મૂળ ભાષા તરીકેની પુનઃ શોધથી બે વસ્તુઓ મળી છે—એક તો માનવીની ભાષાની સાચી સમજ, અને બીજી સંસ્કૃત ભાષાની પોતાની નવીન વિશુદ્ધિ.

यज्ञ શબ્દ यज् ધાતુમાંથી બન્યો છે, કે જે ધાતુ य માંથી બન્યો છે. તે ધાતુના ગુણો છે બળ, કોમળતા કે જે ક્રિયામાં, ગતિમાં, રચનામાં તથા સંપર્કમાં પ્રગટ થાય છે. મૂળ ધાતુઓ य, यि અને यु છે, જેનાં દીર્ઘ રૂપો या, यी અને यू છે. મૂળ દેવ ભાષામાં ત્રણ જ શુદ્ધ સ્વરો છે; બાકીના સ્વરો સ્વરોના ફેરફારો અથવા મિશ્રણો છે. यज् ધાતુમાં મૂળ ધાતુ य છે, જેનો અર્થ થાય છે—શાન્ત રીતે, સતત જવું; શાન્ત રીતે, શકિતપૂર્વક સતત પ્રયત્ન કરવો; સ્થિર પ્રયત્ન દ્વારા (જ્ઞાનને, વ્યકિતને અથવા કોઈ પણ વસ્તુને) મેળવવું—તેના પર પ્રભુતા પ્રાપ્ત કરવી; પ્રેમપૂર્વક-કોમળતાપૂર્વક અસરકારક રીતે સંપર્કમાં લાવવું; સ્પષ્ટતાપૂર્વક રચના અથવા અભિવ્યકિત કરવી વગેરે. તેના દીર્ઘીકૃત રૂપમાં પ્રથમ

અર્થ, રંગ ભૂંસાઈ ગયો હોય તે રીતે, પ્રગટ થાય છે—યા, યક્ષ્ તથા યમ્ના એક અર્થમાં; બીજો અર્થ યત્ અને યશ્ માં પ્રગટ થાય છે; ત્રીજો અર્થ યજ્, યમ્ અને યન્ત્ર્ માં પ્રગટ થાય છે; ચોથો અર્થ યજ્ અને યાચ્ (જે યચ્—'આપવું' નું પ્રેરક રૂપ છે, અને અત્યારે વપરાતું નથી) માં પ્રગટ થાય છે; પાંચમો અર્થ યમ્—'બતાવવું'માં પ્રગટ થાય છે. યચ્ સિવાય, યલ્ ધાતુ છે, જેનો અર્થ થાય છે—શોધવું, પ્રેમ કરવો, કામના કરવી (ગ્રીક iallo-ઈઆલો); યશ્ ના પણ તે જ અર્થો છે, જેમાંથી યશ: શબ્દ બને છે. યશ: મૂળ વિશેષણ હતું; તેનો અર્થ હતો—રમણીય, મનોહર; યશ: નામના અર્થો થાય છે—પ્રેમનું અથવા કામનાનું પાત્ર, સૌન્દર્ય, મહત્ત્વાકાંક્ષા, કીર્તિ વગેરે, અથવા પ્રેમ, કૃપા, પક્ષપાત. મૂળ ભાષામાં શબ્દોના જે ભિન્ન ભિન્ન અર્થો, અર્થચ્છાયાઓ, એકબીજામાં ભળી જતા અર્થ-રંગો પ્રગટતા હતા, તેને આ શબ્દ એક દાખલો પૂરો પાડે છે.

યજ્ ધાતુમાંના જ્ વ્યંજનની શકિત તેના અર્થને નિશ્ચિત કરે છે. તેના અર્થો છે—ઝડપ, નિશ્ચિતતા, વેગયુકત તેજોમયતા અને અજંપો. એટલે તેમાં પૌન: પૌન્યવાચક, ઉત્કટતાવર્ધક શકિત છે. તેનો અર્થ થાય છે—ટેવ રૂપે અને ઉત્કટતાપૂર્વક પ્રેમ કરવો, પૂજવું; પરિપૂર્ણ રીતે સતત સમર્પણ કરવું. આ અર્થોમાંથી યજ્ઞનો અર્થ નિષ્પન્ન થયો છે. તેનો અર્થ થાય છે—પ્રભુતાની ક્રિયાને વારંવાર સતત કરવાથી સંપૂર્ણ પ્રભુત્વ પ્રાપ્ત કરવું. યત્ ધાતુનો અર્થ થાય છે—પ્રયત્ન કરવો; પણ યજ્ ધાતુનો અર્થ કદી તેવો નથી. તેનો અર્થ નિશ્ચિત અને વિજયી રીતે 'કાબૂ મેળવવો, પ્રભુત્વ પ્રાપ્ત કરવું,' પરિણામ તથા ક્રિયા બંનેના અર્થો તેમાં તે રીતના અભિપ્રેત છે. એટલે તેનો અર્થ થાય છે—શાસન કરવું, નિયમન કરવું, વ્યવસ્થા કરવી, સ્વામિત્વ મેળવવું. તેથી તો યજ્ઞ વિષ્ણુ છે, કારણ કે તે સર્વશકિતમાન શાસક છે, માણસનાં ક્રિયા—શરીર—વિચારનો સ્વામી છે, માનવના પરાર્ધમાંથી શાસન કરતી ઉચ્ચતર શકિત છે, સચ્ચિદાનંદ છે.

યજ્ ધાતુને ન પ્રત્યય લગાડવાથી યજ્ઞ શબ્દ બન્યો છે. ન પ્રત્યય ક્રિયા-વાચક છે. તે વિશેષણ તરીકે તથા નામ તરીકે, બંને રીતે વપરાય છે. તેનો અર્થ યજનની ક્રિયા કરનાર, તે ક્રિયાનું કરણ, તેની રીત અથવા પદ્ધતિ, તે ક્રિયાનું કર્મ બતાવે છે. એટલે યજ્ઞનો અર્થ થયો—શાસનકર્તા, નિયામક, સ્વામી; પ્રેમ કરતો, પૂજા કરતો; પ્રેમપાત્ર, પૂજ્ય; પ્રભુત્વ પ્રાપ્ત કરવાનું સાધન પ્રક્રિયારૂપ યોગ—સાક્ષાત્કારરૂપ, સિદ્ધિરૂપ યોગ નહિ; પ્રભુત્વ મેળવવાની રીત, અર્થાત્ ધર્મ, આત્મનિયમનનો કાયદો અથવા નિયમ; પૂજાનું કર્મ—જો કે આને માટે યજુ: (આપવું, સમર્પણ કરવું, યજ્ઞ) શબ્દ વપરાતો. વિષ્ણુના નામ તરીકે, તેનો મુખ્ય અર્થ થતો—નિયન્તા સ્વામી, શાસક. પણ તેમાં પ્રેમીનો,

પ્રેમપાત્રનો, આપનારનો, સર્વ કર્મોના કર્મનો, પૂજાનો, પૂજાવિધિનો—આ બધા અર્થો તેમાં દાખલ થયા છે; કેટલીક વાર તે બધા અર્થોનો સમુદાય પ્રાધાન્ય ભોગવે છે.

વિષ્ણુ-પુરાણમાં કહ્યું છે કે **સત્યયુગમાં વિષ્ણુ યજ્ઞ રૂપે અવતાર લે છે,** ત્રેતામાં વિજેતા અને રાજા તરીકે **અવતાર લે છે,** દ્વાપર યુગમાં એકત્રિત કરનાર, ધર્મો આપનાર, સ્મૃતિકાર વ્યાસ તરીકે અવતાર લે છે. તેનો અર્થ એવો નથી કે તે યજ્ઞ તરીકે જ અવતાર લે છે. સત્યયુગ માનવની પરિપૂર્ણતાનો યુગ છે, જ્યારે સંવાદમય વ્યવસ્થા સ્થપાય છે, જ્યારે ધર્મ ચતુષ્પાદ્ (ચારેય પગવાળો) હોય છે; તેની પ્રાપ્તિ પરિપૂર્ણ રીતે, વૈશ્વિક રીતે યોગ સાધવાથી, પરમાત્મા સાથે સીધો સંબંધ સ્થાપવાથી થાય છે; તે સાધના પૂજ્ય અવતીર્ણ વિષ્ણુની સતત હાજરી ઉપર, ધર્મના તથા યોગના સ્વામી તથા કેન્દ્રરૂપ વિષ્ણુની સતત હાજરી ઉપર નિર્ભર છે. ચતુષ્પાદ્ ધર્મમાં બ્રાહ્મણ—ક્ષત્રિય-વૈશ્ય-શૂદ્રના ચારેય ધર્મોમાં પરિપૂર્ણ સંવાદમયતા સ્થપાયેલી હોય છે; આ કારણે સત્યયુગમાં ચાર ભિન્ન વર્ણો અસ્તિત્વમાં હોતા નથી. ત્રેતાયુગમાં બ્રાહ્મણ્ય ક્ષીણ બને છે અને માનવ-જાતિ પર શાસન કરતા ક્ષત્રને મદદ કરનારી, ગૌણ શકિત તરીકે રહે છે. માનવજાતિ સાહજિક બ્રહ્મજ્ઞાન વડે ટકી રહેતા વીર્ય કે તપ વડે આધારિત હોતી નથી, પણ મુશ્કેલીપૂર્વક બ્રહ્મજ્ઞાનને ટકાવી રાખતા અને તેને ભાંગી પડતું અટકાવતા વીર્ય વડે ટકી રહે છે. વિષ્ણુ ક્ષત્રિય તરીકે, વીર્યના તથા તપના અવતીર્ણ કેન્દ્ર રૂપે અવતાર લે છે. દ્વાપરયુગમાં બ્રાહ્મણ્ય હજી પણ વધારે ક્ષીણ બને છે, અને માત્ર પરોક્ષ જ્ઞાન અથવા બૌદ્ધિકતા બની જાય છે; ક્ષત્ર પણ વૈશ્યને ટકાવતી, ગૌણ શકિત બની રહે છે, અને વૈશ્યતા પ્રાધાન્ય ભોગવે છે. વૈશ્યના મુખ્ય ગુણો છે કૌશલ (વ્યવસ્થા અને પદ્ધતિ); એટલે દ્વાપરયુગમાં સ્મૃતિઓ (ધર્મના કાયદાઓ), વિધિશાસ્ત્ર, બાહ્ય કરણો ક્ષીણ બનતી જતી આંતરિક આધ્યાત્મિકતાને ટકાવી રાખવા પ્રયત્ન કરે છે. વૈશ્યનો બીજો ગુણ છે ધન; એટલે આતિથ્ય, દાન, યજ્ઞ અને દક્ષિણા બીજા ધર્મોને ગળી જવાની શરૂઆત કરે છે; તે યજ્ઞીય યુગ હોય છે. વૈશ્યનો ત્રીજો ગુણ છે ભોગ; એટલે વેદનો ઉપયોગ આ લોકમાં તથા પરલોકમાં ઉપભોગનાં સાધનો મેળવવા થાય છે (भोगैश्वर्यगतिंप्रति). વિષ્ણુ બુદ્ધિ—અભ્યાસ—બૌદ્ધિક જ્ઞાનની મદદ વડે, ધર્મનાં જ્ઞાન તથા આચારને સાચવી રાખવા માટે, સ્મૃતિકાર તરીકે, યજ્ઞવિધિ—કર્મકાંડ કરાવનાર તરીકે, શાસ્ત્રકાર તરીકે, વ્યાસ રૂપે અવતાર લે છે. કલિયુગમાં પ્રેમ અને સેવા સિવાયના બધા ધર્મો ભાંગી પડે છે; તે બે શૂદ્રનો ધર્મ છે—જેના વડે માનવજાતિ ટકી રહે છે અને વારંવાર તેનું વિશુદ્ધીકરણ થાય છે. જ્ઞાન તૂટી પડે છે, અને તેની જગ્યાએ દુન્યવી, વ્યવહાર, તર્ક આવે

છે. વીર્ય ભાંગી પડે છે, અને તેની જગ્યાએ ઓછામાં ઓછી મહેનતથી નિષ્પ્રાણ કાર્યોને કરનાર, આલસ્યમય, યાંત્રિક સાધનો આવે છે; દાન, યજ્ઞ અને શાસ્ત્ર ભાંગી પડે છે, અને તેની જગ્યાએ ગણતરીપૂર્વક અપાયેલું દાન, અર્થશૂન્ય વિધિ, તામસિક સામાજિક સ્વરૂપો અને એટિકેટ આવે છે. જગતને પુનર્જીવન મળે, નવી વ્યવસ્થા અને નવા સત્યયુગનો ઉદય થાય, તેટલા માટે આ નિષ્પ્રાણ ખોખાંને ભાંગી નાખવા માટે અવતારો પ્રેમતત્ત્વને લઈ આવે છે. ફરી સત્યયુગ આવશે, ત્યારે પરમાત્મા યજ્ઞ રૂપે, જ્ઞાન—વીર્ય—ભોગ—પ્રેમના ચાર પાદવાળા ધર્મના સંપૂર્ણ આવિર્ભાવ રૂપે, પરમ વિષ્ણુ રૂપે અવતાર લેશે.

એમ કહેવાયું છે કે ઉત્ક્રાન્તિની આપણી આધુનિક સ્થિતિમાં વિષ્ણુ મુખ્યત્વે આનંદના સ્વામી છે; પણ તે સન્મય તથા તપોમય બ્રહ્મ પણ છે. સન્મય તરીકે તે યજ્ઞ છે, ચિત્ અથવા તપ અને આનંદનો સમાવેશ કરતું સત્ છે. આપણે યાદ રાખવું જોઈએ કે અપરાર્ધમાં આપણે બ્રહ્મને વિચાર—લાગણી—કર્મ વગેરે દ્વારા જાણીએ છીએ, જ્યારે પરાર્ધમાં આપણે તેને વિચાર—લાગણી—કર્મથી પર, તાત્ત્વિક સાક્ષાત્કાર દ્વારા જાણીએ છીએ. આનંદમાં આપણે તાત્ત્વિક આનંદનો સાક્ષાત્કાર કરીએ છીએ; ચિત્માં આપણે તાત્ત્વિક શકિત-બુદ્ધિ-સંકલ્પનો સાક્ષાત્કાર કરીએ છીએ; સત્માં આપણે તાત્ત્વિક ઋતનો અથવા સત્તાનો સાક્ષાત્કાર કરીએ છીએ. તેથી સત્ મહાસત્ય અને મહાબ્રહ્મ કહેવાય છે, જે આવિર્ભાવના મહત્તમ સત્યમાંથી દરેક વસ્તુનું સર્જન થાય છે. સામાન્ય સત્ય અથવા કારણને વિષયગત રીતે મહત્ કહેવામાં આવે છે, અને વિષયીગત રીતે વિજ્ઞાન કહેવામાં આવે છે, તે સાતમાંની ચોથી ભૂમિકા છે. તેનાથી ભિન્ન, આ મહાસત્ય વડે, યજ્ઞ તરીકે રહેલા વિષ્ણુ સત્યયુગમાં ધર્મને તથા યોગને ધારણ કરે છે. તે આવિર્ભાવમાં રહેલું સદ્બ્રહ્મ છે. જ્યારે આપણે ઋત્વિજમ્ શબ્દનો વિચાર કરીશું, ત્યારે અગ્નિ કેવી રીતે—કયા અર્થમાં પરમાત્મા આગળ ઊભો રહે છે તે જોઈશું.

દેવમ્—દેવ્ ધાતુમાંથી આ શબ્દ બન્યો છે. તે ધાતુના અર્થો છે—ચમકવું, પ્રકાશવું, આકંપન થવાં, લીલા કરવી. દ વ્યંજનના ગુણો છે શકિત, ઉગ્ર સંવેગ, સંઘટ્ટતા, ઘટ્ટ વીંધવું તે, ઘટ્ટ ગતિ. તેના પાયા પર બનેલા દા ધાતુનો અર્થ છે—કાપવું; દિ નો અર્થ છે—આકંપન થવું; દુ, પીડા આપવી. દિમાંથી બનેલા દ્યુ, દિવ્ અથવા દીવ્ ના અર્થો થાય છે—પ્રકાશમય રીતે આકંપન થવું, ચળકવું, ચમકવું, લીલા કરવી. દેવો પ્રકાશમાં લીલા કરનારા હોય છે; તેમનું મુખ્ય ઘર છે વિજ્ઞાનમાં, મહર્લોકમાં, કારણ જગતમાં, જ્યાં પદાર્થ-તત્ત્વ જ્યોતિર્મય હોય છે, બધી વસ્તુઓ પ્રકાશમય હોય છે અને તે પણ સ્વેન ધામ્ના, તેમના સાહજિક તેજ વડે, જ્યાં જીવન વ્યવસ્થિત લીલારૂપ હોય છે. એટલે જ્યારે ભાગવત સ્વર્ગમાં

દેવોના જીવનને જોવાની શકિતની વાત કરે છે, ત્યારે તે 'દેવક્રીડાનું દર્શન' નામની ખાસ સિદ્ધિની વાત કરે છે, કારણ કે દેવો માટે સર્વ જીવન લીલા અથવા ક્રીડા છે. છતાં દેવો આપણે માટે નિમ્ન સ્વર્લોકમાં, અર્થાત્ ચન્દ્રલોકમાં વાસ કરે છે, જેનું શિખર કૈલાસ છે અને પાયો સ્વર્ગ છે; પિતૃલોક તરત સ્વર્ગની ઉપર આવેલો છે. પણ ત્યાંયે તેઓ તેમના જ્યોતિર્મય અને લીલામય સ્વભાવને, તેમનાં તેજોમય શરીરોને, તથા મૃત્યુ અને ચિંતાથી મુકત, સ્વયંભૂ આનંદના લોકોને કાયમ રાખે છે.

ऋत्विजम्—યજ્ઞવિધિપરક અર્થ-ઘટનમાં આ શબ્દનો અર્થ યજ્ઞનો ઋત્વિક્ કરવામાં આવ્યો છે. તેની વ્યુત્પત્તિ ऋतु+इज् માંથી કરવામાં આવી છે—ઋતુ અનુસાર યજ્ઞ કરનાર. વાસ્તવિક રીતે, ऋत्विज् શબ્દ પ્રાચીન સંસ્કૃતનો સમાસ છે, જ્યારે સંધિના આધુનિક નિયમો અસ્તિત્વમાં ન હતા. ऋत्(સત્ય) અને विज् (આનંદ), એ બે શબ્દોનો સમાસ છે. તેનો અર્થ થાય છે—સત્યના આનંદથી યુકત.

ऋत् ऋ ધાતુમાંથી બનેલું, ભાવવાચક નામ છે. ऋનો તાત્ત્વિક અર્થ છે—આકંપન થવું, હલાવવું, વેગપૂર્વક ગતિ કરવી, સીધાસટ જવું. તેના ગૌણ અર્થો છે—પહોંચવું, મેળવવું, અથવા હુમલો કરવો, ઈજા કરવી, હાનિ પહોંચાડવી, અથવા ટટ્ટાર હોવું, ઊઠવું, ઉઠાવવું; પ્રકાશવું, વિચારવું, સત્યનો સાક્ષાત્કાર કરવો વગેરે. તેના ગૌણ ધાતુ ऋज् (સીધા જવું) માંથી ऋजु (સીધું, સરલ) વિશેષણ બન્યું છે; (સરખાવો—લૅટિન rego (રેગો), rectus (રેકટસ)—પ્રામાણિક). ऋत સીધું, સાચું, સત્ય; ऋतम्, સત્ય, સ્થાપિત નિયમ અથવા કાયદો, પરમ બ્રહ્મને લાગુ કરાતું સત્ય અથવા મહાકારણ. ऋतु, નિયમ, નિશ્ચિત વ્યવસ્થા, નિશ્ચિત સમય અથવા ઋતુ ऋषि, વિચારક, સત્યનો સીધો દ્રષ્ટા; સરખાવો લૅટિન recor (રેકોર), હું વિચારું છું, ratio (રેશિયો), પદ્ધતિ, વ્યવસ્થિતક્રમ, તર્ક, તર્કયુકત નિગમન વગેરે. લુપ્ત થયેલા ऋत् શબ્દનો અર્થ છે—સીધાપણું, સત્ય, નિયમ, વિચાર, सत्यम्.

विज् ધાતુમાંથી विज् નામ અથવા વિશેષણ બન્યું છે. તે ધાતુનો અર્થ થાય છે—હલાવવું, હાલવું, પીડા પામવી, ઉત્તેજિત થવું, ધ્રૂજવું, આનંદપૂર્ણ થવું, આનંદપૂર્ણ શકિતથી પૂર્ણ થવું. સરખાવો લૅટિન vigeo (વિજિયો) અને vigor (વિગર), જેમાંથી અંગ્રેજી rigour (વિગર, બળ, ઉત્સાહપૂર્ણ શકિત) શબ્દ આવ્યો છે. એટલે ઋત્વિજ્નો અર્થ થયો—પરિપૂર્ણ સત્યના આનંદથી યુકત. એ વાત કહેવાઈ ગઈ છે કે અગ્નિ બૌદ્ધિક ભૂમિકા પર નિઃસ્વાર્થપણે કાર્ય કરતા તપની અથવા શકિતની દેવતા છે. તે નિમ્નતર ભૂમિકા પર, નિમ્નતર દેવોમાંના એક દેવ ઈન્દ્રની સેવામાં કાર્ય કરતો, દેવ છે. તે चित् માંથી સીધો

પ્રગટ થાય છે; જ્યારે ચિત્ સક્રિય બને છે ત્યારે તે મહા-તપસ્ અથવા ચિચ્છકિત સદ્બ્રહ્મમાં, યજ્ઞમાં, વિષ્ણુમાં રહેલી તાત્ત્વિક બુદ્ધિની શકિત કહેવાય છે. શાન્ત સદાત્મામાં ક્ષોભ (આનંદપૂર્ણ આકંપન) પેદા કરીને, શકિત સૃષ્ટિની શરૂઆત કરે છે. આ વિજ્, વેગ, આનંદપૂર્ણ આકંપન વેગ—શકિત—ઉષ્મા તરીકે પ્રગટ થાય છે, જીવનના તથા અસ્તિત્વના પાયારૂપ તપ તરીકે, અગ્નિ તરીકે, પ્રગટ થાય છે. ચિચ્છકિત (શકિત, દેવી, કાળી, પ્રકૃતિ) માંથી પ્રગટ થયેલું આ તપ પોતાનો આવિર્ભાવ કરતા સત્ અથવા મહાસત્યની આનંદપૂર્ણ ગતિથી સભર ભરેલું હોય છે. આ કારણથી અગ્નિને ઋત્વિજ્ (સત્ય વડે આનંદપૂર્ણ આ-કંપનોથી યુકત) કહેવામાં આવ્યો છે. તે જ કારણથી તેને जातवेदा: (જેનામાંથી ઉચ્ચતર જ્ઞાન પ્રગટયું છે તેવો) કહેવાથી આવ્યો છે, કારણ કે તે પોતાનામાં વેદને અથવા સત્યને ધારણ કરે છે અને તેને પ્રગટ કરે છે. તપ ચિત્ના સર્વ ધ્યાનનો, સભાનતાનો (પતંજલિ જેને સંયમ કહે છે તેનો), પાયો છે. ધ્યેય વસ્તુ પર સંયમ એ રાજયોગ છે; પોતા પર—આત્મા પર સંયમ (ચિત્ની એકાગ્રતા) એ જ્ઞાનયોગ છે; તે બેમાંથી એક દ્વારા યોગીને સત્ય અને વેદ સ્વયં-પ્રકાશ અથવા પ્રત્યક્ષ થાય છે. સંયમ વિના યોગ શકય નથી, કોઈ પણ પ્રકારની અસરકારક ક્રિયા શકય નથી. જ્યારે બ્રહ્મા સૃષ્ટિ માટે અભિમુખ બન્યા, ત્યારે કારણ-સમુદ્રનાં (મહાકારણ અથવા સદ્-બ્રહ્મનાં) જળો ઉપર તેમને 'તપ તપ' શબ્દ સંભળાયો. આ ઉપરથી યોગી માટે, અગ્નિની ઋત્વિજ્ તરીકેની ખૂબ જરૂર, મહાન અગત્ય સમજાય છે. અગ્નિ યજ્ઞનો પુરોહિત કેમ છે તે પણ સમજાય છે, કારણ કે આપણે સત્ને પ્રાપ્ત કરીએ, ત્યાર પહેલાં આપણે સત્ય આગળ ઊભા રહેલા તપને પ્રાપ્ત કરવું પડે છે. ચિચ્છકિત આપણને સત્ પાસે લઈ જાય છે, દેવી—શકિત—કાલી બ્રહ્મ પાસે અથવા વાસુદેવ પાસે લઈ જાય છે. અગ્નિ મનમાં રહેલા તપ માટે ચિચ્છકિતનો ખાસ દૂત છે, જે વિષ્ણુરૂપ યજ્ઞ તથા આપણી વચ્ચેનો ખાસ દુભાષિયો છે; સચ્ચિદાનંદમાં અથવા પરાર્ધમાં બૌદ્ધિક ભૂમિકા પર (માણસ અત્યાર સુધી જેને પ્રાપ્ત થયો છે તે) વાસુદેવ અથવા બ્રહ્મની તથા આપણી વચ્ચે અગ્નિ સંદેશવાહક છે. તેથી ઋષિને મન અગ્નિ આટલો મહાન દેવ હતો. યજમાનો તથા વિધિ-પૂજકો માટે તે યજ્ઞમાં અનિવાર્ય અગ્નિના દેવ તરીકે જ મહાન હતો. પણ યોગી માટે તેનું મહત્ત્વ પ્રકાશના સ્વામી સૂર્યના જેટલું, અમૃતના સ્વામી સોમના જેટલું મહાન છે. વેદ જે પ્રક્રિયાઓને પ્રકાશિત કરે છે, મદદ-રૂપ બને છે, તેમાં અગ્નિ ખૂબ અનિવાર્ય સહાયક દેવોમાંનો એક છે.

होतारम्—વેદમાં આ બીજો શબ્દ છે, કે જે ખૂબ અગત્યનો છે, યજ્ઞ-વિધિપરક અર્થ-ઘટનમાં હોતા એટલે હવિને હોમનાર, આહુતિ આપનાર. हु

ધાતુનો અર્થ થાય છે—હોમ કરવો—વેદના બધા અગત્યના શબ્દોનો હજારો વર્ષોથી જે યજ્ઞવિધિપરક અર્થ કરવામાં આવ્યો છે, તેના પ્રાધાન્યથી આ રૂઢ વિચાર એવો જડ ઘાલીને બેસી ગયો છે કે બીજો અર્થ કરવો એ લગભગ અશકય મનાયું છે. પણ મૂળ વેદમાં હોતા નો અર્થ 'આહુતિ આપનાર' ન હતો, હવિ: નો અર્થ હોમ-દ્રવ્ય ન હતો. અગ્નિને રૂપકમય ભાષામાં યજ્ઞનો પુરોહિત કહી શકાય, જો કે તેમાં સંસ્કૃત ભાષાની ખૂબ નિશ્ચિતતા છે એમ તો ન જ કહેવાય; પણ તેને આહુતિ આપનાર હોતા તો ન જ કહી શકાય. અગ્નિ તો હોમદ્રવ્યનું ભક્ષણ કરી જાય છે, તે તેનો હોમ કરતો નથી. માટે હોતા શબ્દનો બીજો કોઈ અર્થ હોવો જોઈએ, જે હકીકત અને સામાન્ય બુદ્ધિ પર અત્યાચાર કર્યા સિવાય અગ્નિને લાગુ કરી શકાય.

હા અને હિ ધાતુઓની પેઠે, હુ ધાતુના મૂળમાં હ્ વ્યંજન રહેલો છે, જેના મુખ્ય ગુણો આક્રમણ, ઉગ્ર કાર્ય, વેગ, મોટેથી શ્વાસ લેવો તે અર્થાત્ પડકાર, આહ્વાન વગેરે છે. હ્, હા, હિ ની પેઠે, હુ ધાતુનો અર્થ થાય છે—પ્રહાર કરવો, નીચે ફેંકી દેવું, આક્રમણ કરવું, સંહાર કરવો; ઉ સ્વર તેમાં વ્યાપકતાનો અર્થ ઉમેરે છે, જેથી તે યુદ્ધના અર્થને ઉત્પન્ન કરે છે. એટલે આપણે જોયું કે આ ધાતુનો અર્થ થાય છે—યુદ્ધ કરવું, હુમલો કરવો, જેમ કે आहवः (યુદ્ધ); બીજો અર્થ થાય છે—બોલાવવું, બૂમ પાડવી, જેમ કે ह्वे (બોલાવવું, જે મૂળ હતું હવે) વગેરે; ત્રીજો અર્થ થાય છે—નીચે ફેંકી દેવું; સંહાર કરવો, રેડવું, અર્પણ કરવું. આ છેલ્લો અર્થ હોતા શબ્દમાં હાજર છે. યુદ્ધના અર્થમાંથી યજ્ઞના અર્થમાં સંક્રાન્તિ આપણને ગ્રીક શબ્દ mache (મશે) માં જાવા મળે છે, જે સંસ્કૃત यख (યજ્ઞ) શબ્દ જ છે. આપણે યાદ રાખવું જોઈએ કે પ્રાચીન આર્યોને મન યોગ દેવો તથા દૈત્યો વચ્ચે યુદ્ધરૂપ હતો; તેમાં દેવો માનવ માટે દૈત્યો સામે લડતા, અને ક્રિયા અથવા, યોગના અસરકારક અભ્યાસ વડે તેઓ બળવાન બની વિજયને પ્રાપ્ત કરતા. દૈત્યો દસ્યુઓ હતા, યજ્ઞના તથા યોગના શત્રુઓ હતા. આપણે જેમ આગળ વધીશું, તેમ આ વાત વધારે ને વધારે સ્પષ્ટ બનતી જશે. જીવન તથા યોગનું આ દૃષ્ટિબિંદુ—અને યોગ જીવનનું જ માત્ર ઊર્ધ્વીકરણ છે, દેવો તથા દૈત્યો વચ્ચે થતા યુદ્ધનું દૃષ્ટિબિન્દુ વેદોનો, પુરાણોનો, તંત્રનો અને હિંદુધર્મની દરેક વ્યવહારમય પદ્ધતિનો ખૂબ પાયાભૂત સિદ્ધાંત છે. અગ્નિ પરિપૂર્ણ યોદ્ધો છે, જેનાથી દૈત્યો ડરે છે, કારણ કે તે અહૈતુક તપથી સભર ભરેલો છે; જો અહૈતુક તપનો બરાબર ઉપયોગ કરવામાં આવે અને યજમાન યોગી તેને ટેકો આપે, તો તેની સામે કોઈ પાપમય શકિત ફાવતી નથી. અહૈતુક તપ તે બધાનો નાશ કરે છે. તે એવી બળવાન અને અસરકારક શકિત છે, કે એક વાર તેનું આવાહન કરવામાં આવે,

તો તે પરિપૂર્ણ સિદ્ધિ અપાવે છે, આપણા સ્વભાવ તથા પરિસ્થિતિ ઉપર સર્વશકિતમાન પ્રભુત્વ અપાવે છે. અશુદ્ધ હોય છે, ત્યારે પણ તપ તમસ્, રૂપી શત્રુ સામે ઝઘડે છે; જયારે શુદ્ધ હોય છે, અગ્નિનું પોતાનું કાર્ય હોય છે, ત્યારે તે જ્ઞાનને, આનંદને, મુકિતને લઈ આવે છે. એટલે હોતારમ્ નો અર્થ થાય છે—યુદ્ધ કરનાર, દૈત્યોનો સંહાર કરનાર, अग्नि जात वेदाः, हविः અને હવનો અર્થ થાય છે—ઉગ્ર કાર્યમાં બળ અથવા યુદ્ધ (हु, યુદ્ધ કરવું)

रत्नधातमम्—

આ રત્નધા (આનંદ આપનાર) નું શ્રેષ્ઠતાવાચક રૂપ છે. મૂળ ધાતુ ર માંથી રત્ ધાતુ બન્યું છે. ર માંથી ર, રિ અને રુ ધાતુઓ બન્યા છે. ર્ નો તાત્ત્વિક અર્થ છે સતત ધ્રૂજતું આકંપન. ર્ નો અર્થ છે—ધ્રૂજવું, હાલવું; તેમાંનો अ વિશાળતા, પરિપૂર્ણતાનો, મર્યાદાના અભાવનો સૂચક છે. તેથી વિરુદ્ધ इ અમુક બિંદુ સાથે સંબંધ, તેના પ્રત્યે નિશ્ચિત ગતિનો વાચક છે. આ તાત્ત્વિક અર્થમાંથી ગૌણ અર્થો આવે છે—રમવું અને પ્રકાશવું, જેમ કે रतम्, रत्न, रति, रम्, रञ्ज्, रजतम् (ચાંદી), रजः (ધૂળ), रजनी, રાત્રિ વગેરેમાં. પ્રથમ અર્થવાળા—રાજી કરવું, આનંદ આપવો, ચહાવું, પૂજવું વગેરે-માંથી रामा, रामः राध्, रज्, रजः, रजगुणः વગેરે શબ્દો બન્યા છે. रत् ધાતુમાંથી બનેલા रत्न ના બે પ્રાચીન અર્થ-ગુચ્છો છે—આનંદ, ક્રીડા, રતિ, સંભોગ, રમણીય વસ્તુ, પ્રિયતમા વગેરે, અને તેજ, પ્રકાશ, રત્ન (કે જે આધુનિક અર્થ છે). પ્રથમ દૃષ્ટિએ એમ લાગે કે પ્રકાશ અથવા તેજનો અર્થ અગ્નિને બરાબર લાગુ પડે છે, મનના અંધકારનો નાશ કરનાર વીર યોદ્ધા અગ્નિ માટે તે અર્થ અનુકૂળ છે પણ સૂકતનો કેન્દ્રવર્તી વિચાર પ્રકાશના સ્વામી અગ્નિ વિષે નથી—પ્રકાશનો સ્વામી તો સૂર્ય છે; પણ અહીં અગ્નિ શકિતનો, તપનો સ્વામી છે, જે તપમાંથી આનંદ પ્રગટે છે. પરાર્ધનાં ત્રણ તત્ત્વો છે સત્, ચિત્ અને આનંદ. ચિત્ સતમાં રહે છે, અને સત્માંથી પ્રગટ થાય છે. તે પ્રગટે છે કે તરત તે ચિચ્છકિતને ઉત્પન્ન કરે છે, જે વિશ્વમાં સર્વમાં સર્વત્ર લીલા કરી રહી છે. આ લીલા—ક્રીડા—રત્ન ચિત્નો આનંદ છે, અને તે ચિત્માંથી પ્રગટ થાય છે. એટલે સર્વ તપ આનંદને ઉત્પન્ન કરે છે, અને કેવળ સહૈતુક તપ વિશુદ્ધ સહૈતુક આનંદને ઉત્પન્ન કરે છે, જે વૈશ્વિક, સ્વયંભૂ અને સ્વભાવથી જ શોકના સંમિશ્રણ માટે અયોગ્ય હોવાથી, વધારેમાં વધારે નિશ્ચયાત્મક, વિશાળ અને ઉત્કટ હોય છે. તેથી અગ્નિ વધારેમાં વધારે આનંદ-દાયક છે. धा નો અર્થ થાય છે—મૂકવું, સર્જન કરવું, આપવું, ગોઠવવું; અહીં પ્રાચીન આર્ય ભાષામાં તે નામ-કારકનો વાચક છે; ઘણી વાર તે વિશેષણ તરીકે વપરાય છે.

મધુચ્છંદસ્‌ની ઋચાઓ

અનુવાદ અને નોંધ-ટિપ્પણી ૧, ૧, ૧-૫

अग्निमीले पुरोहितं यज्ञस्य देवमृत्विजम् ।
होतारं रत्नधातमम् ।।१।।

ઈલે-હું સ્તુતિ કરું છું; એ અર્થ યજ્ઞવિધિપરક અર્થ-ઘટનમાં કર્યો છે, પણ ઈ ના ગૌણ ધાતુ તરીકે ઈલ્, નો અર્થ થાય છે—શોધવું, ના પ્રત્યે જવું, પ્રાપ્ત કરવું, કામના કરવી, પૂજવું, પ્રાર્થના કરવી, માગણી કરવી (સરખાવો—मातरमन्नमैट्ट ૩, ૪૮, ૩, માતા પાસે અન્નની માગણી કરી. પ્રારંભના અર્થો લુપ્ત થયા છે, અને પાછળના સંસ્કૃતમાં માત્ર 'કામના કરવી, પ્રાર્થના કરવી, અથવા માગણી કરવી' એ અર્થો જ રહ્યા છે. પણ બીજા અર્થો પહેલાં વિદ્યમાન હોવા જોઈએ, કારણ કે કોઈ પણ ધાતુનો મૂળ અર્થ કામનાનો કે માગણીઓનો હોઈ શકે નહિ, પણ મૂળ ભૌતિક અર્થ (જવું, શોધવું, નજીક જવું) માંથી રૂપકમય રીતે તે ગૌણ રૂપે બન્યો હોય. એટલે આપણે ઈલે નો અર્થ કરીશું—શોધવું, કામના કરવી, પૂજવું અથવા પ્રાર્થના કરવી.

पुरोहितम्—સાયણના અર્થ પ્રમાણે તેનો અર્થ છે—પુરોહિત અથવા આહ્વનીય અગ્નિ તરીકે યજ્ઞની આગળ મુકાયેલો, વેદનો પુરોહિત યજ્ઞમાં પ્રતિનિધિ શકિત છે; જે ચેતનામાં તથા કામમાં આગળ ઊભો રહે છે અને દોરવણી આપે છે. સૂકતોમાં વારંવાર આવતા 'આગળ મૂકવાના' વિચારનો આ મર્મ છે. સામાન્ય રીતે આ સ્થાન અગ્નિનું છે, કે જે અગ્નિ યજ્ઞને દોરવણી આપે છે.

देवम्—સાયણ અર્થ કરે છે दानादिगुणयुक्तम्, દાન વગેરે ગુણોથી યુકત, સાયણ દેવ શબ્દના વિચિત્ર અર્થો કરે છે. કેટલીક વાર તે દેવ એવો અર્થ કરે છે; કેટલીક વાર તે ધાતુની અર્થ—મૂલ્યવત્તા આપે છે જેમ કે દાન, દેવને (પ્રકાશવું તે); કેટલીક વાર તે તેનો પુરોહિત એવો અર્થ કરે છે. વેદમાં એક, પણ મંત્ર એવો નથી, કે જ્યાં સામાન્ય અર્થ 'દેવ, દિવ્ય સત્ત્વ' સર્વોત્તમ રીતે, પર્યાપ્ત રીતે લાગુ ન થતો હોય. બેશક, વેદના કવિઓએ ધાતુના અર્થ તરફ

કદી આંખમીંચામણાં નથી કર્યાં. જેમ દસ્યુઓ કાળા છે, અંધકારના પુત્રો છે, તેમ દેવો પ્રકાશમય છે, પ્રકાશના પુત્રો છે.

ऋत्विजम्,—યોગ્ય ઋતુઓમાં યજન કરનાર, એવો યજ્ઞવિધિપરક અર્થ છે. પણ વેદમાં આપણે જોઈશું કે ઋતુ ઋતનો ક્રમ છે, વ્યવસ્થા છે, તેનો કાયદો નિયમ છે, યોગ્ય સમય અને પરિસ્થિતિ છે. અગ્નિ એવો પ્રતિનિધિ પુરોહિત છે કે જે ઋતના કાયદા પ્રમાણે, વ્યવસ્થા પ્રમાણે, યોગ્ય સમયે યજન કરે છે.

होतारम्—સાયણ અર્થ કરે છે કે તે ભણે છે કે अहं होता स्तौमि। હોતા એવો હું સ્તુતિ કરું છું. પણ કેટલીક વાર તે અર્થ કરે છે—આહ્વાતા, બોલાવનાર; કેટલીક વાર होमनिष्पादकः (હોમ, આહુતિ કરનાર), કેટલીક વાર તે બેમાંથી ગમે તે એક અર્થ વિકલ્પે સૂચવે છે. બેશક, હોતા હુ ધાતુમાંથી બન્યો છે, તે આહુતિ કરનાર છે, અને હૂ, બોલાવવું—ધાતુમાંથી તે નથી બન્યો આહુતિ વખતે આ સૂકત બોલવાનું હોય છે, એટલે તે સ્તુતિમાં હોતા તેનું ગાન કરે; પણ ઋગ્વેદની પદ્ધતિ પ્રમાણે મંત્રનું ગાન બ્રહ્મા કરે છે, અગ્નિ હોતા છે, બૃહસ્પતિ બ્રહ્મા છે.

रत्न—સાયણ કહે છે કે યોગના ફલરૂપ રત્નોનું અતિશય ધારણ અથવા પોષણ કરનાર. धा ધાતુનો અર્થ થાય છે—ધારણ અથવા પોષણ કરવું, દાખલા તરીકે धात्री, ધાઈ, નર્સ, પણ બીજા મંત્રોમાં સાયણ રત્નનો અર્થ 'રમણીય ધન' કરે છે. તે બતાવી આપે છે કે સાયણ તેનો અક્ષરશઃ અર્થ કરે છે—આનંદ આપનાર ધન, જેવી રીતે તે द्युम्नનો અર્થ કરે છે—પ્રકાશયુકત ધન. આપણે તે અર્થ સ્વીકારવાની જરૂર નથી. रत्न નો અર્થ થાય છે આનંદ (સરખાવો—रम्, रति, रण्, रण्व, राध्, रञ्ज् વગેરે); द्युम्नનો અર્થ પ્રકાશ થાય છે. धा ધાતુનો અર્થ—ધારણ કરવું, મૂકવું થાય છે.

યજ્ઞવિધિપરક અનુવાદ : યજ્ઞના પુરોહિત (આગળ મુકાયેલા), દેવ (દાન આપનાર), ઋત્વિક્, હોતા, ખૂબ ધનને ધારણ કરનાર, અગ્નિની હું સ્તુતિ કરું છું.

માનસશાસ્ત્રીય અનુવાદ : આપણા યજ્ઞમાં આગળ મુકાયેલા, દિવ્ય હોતા, ઋતના નિયમ પ્રમાણે યજન કરનાર, ખૂબ આનંદને આપનાર, દેવ-સંકલ્પની હું શોધ કરું છું.

अग्निः पूर्वेभिर्ऋषिभिरीड्यो नूतनैरुत ।
स देवां एह वक्षति ॥२॥

ऋषि—અક્ષરશઃ—શોધ કરનાર, પ્રાપ્ત કરનાર (ऋष्, ગતિ કરવી). એટલે ઋષિનો અર્થ જાણનાર, જ્ઞાની થયો. इह देवान्, મર્ત્ય જીવનમાં દિવ્ય શકિત-

ઓને વક્ષતિ—વહ્‌+સ+તિ। આમાં સ પૌનઃપૌન્યવાચક છે—તે ટેવ પ્રમાણે સતત દેવોને લઈ આવે છે; અથવા સ ઉત્કટતાવાચક છે—તે પરિપૂર્ણ રીતે દેવોને લઈ આવે છે; અથવા સ ઈચ્છાદર્શક છે—તે દેવોને લઈ આવવાની ઈચ્છા અથવા સંકલ્પ કરે છે. પાછળના સંસ્કૃતમાં સ્‌ ભવિષ્ય કાળનો વાચક છે, જેમ કે ની પરથી નેષ્યામિ, હું લાવીશ. (સરખાવો ગ્રીક luo, (લુઓ) હું શિથિલ કરું છું; luso (લુસો), હું શિથિલ કરીશ. અંગ્રેજીમાં will (વિલ) સામાન્ય ભવિષ્ય કાળ સૂચવે છે.)

અનુવાદ: દેવસંકલ્પ જેમ પ્રાચીન ઋષિઓને અભીષ્ટ હતો, તેમ નવીન ઋષિઓને પણ છે, કારણ કે તે દેવોને અહીં લઈ આવે છે.

अग्निना रयिमश्नवत् पोषमेव दिवेदिवे ।
यशसं वीरवत्तमम् ।।३।।

अश्नवत्—સાયણ અર્થ કરે છે, प्राप्नोति પ્રાપ્ત કરે છે; પણ આ ક્રિયા-પદનું રૂપ અર્ધ-આજ્ઞાર્થવાચક છે, નિયમનો અર્થ બતાવે છે, ઘટનાનો કાયદો દર્શાવે છે. अश्, પ્રાપ્ત કરવું, મેળવવું, (ગ્રીક echo (એશો), મારી પાસે છે.) એટલે अश्नवत्, તે પ્રાપ્ત કરશે.

यशसम्—સાયણ અર્થ કરે છે दानादिना यशोयुक्तम्, દાન વગેરે વડે યશવાળો, કીર્તિશાળી; પણ "યશસ્વી તથા ખૂબ માણસોવાળું ધન" અર્થ બરાબર ઘટતો નથી. यश्, જવું, ને માટે પ્રયત્ન કરવો, પ્રાપ્ત કરવું, અહીં તેનો અર્થ થાય છે—વિજય, કીર્તિ. यश् ધાતુનો બીજો અર્થ છે—પ્રકાશવું. તે પરથી यशस् એટલે તેજ. આ અર્થમાં તે ધાતુ या, यत्, यश् સાથે સંબંધિત છે. વેદમાં આપણે ઘણી વાર रयि (ધન અથવા આનંદ) ને 'વિસ્તૃત, વ્યાપક, માર્ગમાંના અવરોધોનો નાશ કરનાર' વર્ણવાયેલો જોઈએ છીએ. એટલે આપણે यशसम्‌નો અર્થ-પ્રાપ્તિ કરનાર ઉપભોગ અથવા વિજયી ધન કરીએ, તો તેમાં કશું અયોગ્ય નથી.

वीरवत्तमम्—સાયણ अतिशयेन पुत्रभृत्यादि वीर पुरुषोपेतम्—ખૂબ પુત્રો-નોકરો વગેરે વીર પુરુષોથી યુકત, એવો અર્થ કરે છે. આ સાયણનો અર્થ, वीर એટલે પુત્ર લેવો તે અશકય છે. તેનો અર્થ છે—માણસો, અશ્વો, બળો; તે नृ નો પ્રર્યાય શબ્દ છે. ઋગ્વેદમાં नृ શબ્દ કદી નોકરો માટે વપરાયો નથી.

रयिम्-रि જવું. ધાતુમાંથી એક रयि શબ્દ બન્યો છે; रि, મેળવવું, ઉપભોગ માણવો—ધાતુમાંથી બીજો रयि શબ્દ બન્યો છે. બીજા रयि શબ્દનો અર્થ થાય છે—ઉપભોગ, ભોગવાથી વસ્તુઓ, આનંદ, સમૃદ્ધિ, પહેલા શબ્દનો

અર્થ થાય છે—ગતિ અથવા પદાર્થ તત્ત્વ, જે ઉપનિષદોમાં प्राणના વિરોધી શબ્દ તરીકે વપરાયો છે.

યજ્ઞવિધિપરક અનુવાદ : અગ્નિ વડે માણસ રોજ વૃદ્ધિ પામતા, યશસ્વી, માણસોથી ખૂબ ભરપૂર, ધનને પ્રાપ્ત કરે છે.

માનસશાસ્ત્રીય અનુવાદ : દેવ-સંકલ્પ વડે માણસ રોજ–રોજ વૃદ્ધિ પામતા, વિજયી, વીરશકિતઓથી ખૂબ પરિપૂર્ણ, આનંદને ભોગવશે.

अग्ने यं यज्ञमध्वरं विश्वतः परिभूरसि ।
स इद् देवेषु गच्छति ।।४।।

अध्वरम्—સાયણ તેનો અર્થ કરે છે—હિંસારહિત, કારણ કે રાક્ષસો તેનો નાશ કરતા નથી. अ, નહિ; ध्वर (ध्वृ, ઈજા કરવી), હિંસા; પણ अध्वर શબ્દ યજ્ઞના અર્થમાં એકલો પણ વપરાયો છે; તે વખતે 'હિંસા-રહિત' એટલા જ શબ્દનો અર્થ યજ્ઞ થાય તે શકય લાગતું નથી. એટલે अधर શબ્દ યજ્ઞનો કોઈ અગત્યનો ગુણ દર્શાવતો હોવો જોઈએ; નહિ તો તે જ 'શબ્દને ખાસ પસંદ કરવામાં ન આવ્યો હોત. જ્યારે જ્યારે 'દેવો પ્રત્યે ગતિ કરતો યજ્ઞ' એ ભાવ દેખાડવો હોય છે, ત્યારે अध्वर શબ્દ યજ્ઞ માટે સતત વાપરવામાં આવ્યો છે, એ એક નોંધપાત્ર હકીકત છે. अध् ધાતુનો અર્થ થાય છે—ગતિ કરવી (જેમાંથી अध्वन्, માર્ગ શબ્દ બન્યો છે); એટલે अध्वरનો અર્થ થાય છે—આગેકૂચ કરતો યજ્ઞ, કારણ કે યજ્ઞને આત્માની દેવો પ્રત્યે કરાતી યાત્રા માનવામાં આવી છે.

યજ્ઞવિધિપરક અનુવાદ : હે અગ્નિ, તું જે હિંસા-રહિત યજ્ઞને બધી બાજુએથી વ્યાપ્ત કરે છે, તે યજ્ઞ દેવો પ્રત્યે ગતિ કરે છે (તેમને પહોંચે છે).

માનસશાસ્ત્રીય અનુવાદ : હે દેવ-સંકલ્પ, જે આગેકૂચ કરતા યજ્ઞને માર્ગમાં તું બધી બાજુએથી તારા અસ્તિત્વ વડે વ્યાપ્ત કરે છે, તે દેવોને સાચે જ પ્રાપ્ત થાય છે.

अग्निर्होता कविक्रतुः सत्यश्चित्रश्रवस्तमः ।
देवो देवेभिरा गमत् ।।५।।

कविक्रतु : સાયણ અહીં कवि નો અર્થ ક્રાન્ત કરે છે, અને क्रतु નો અર્થ જ્ઞાન અથવા કર્મ કરે છે. એટલે તેનો અર્થ થાય છે—જેનું જ્ઞાન અથવા કર્મ ગતિ કરે છે તેવો હોતા. પણ कवि નો અર્થ હમેશાં થાય છે ઋષિ, દિવ્ય અથવા પાર-માનસિક જ્ઞાનવાળો, તે અર્થ તદ્દન સ્વાભાવિક છે. એટલે તેનો બીજો અર્થ કરવો તે યોગ્ય નથી. क्रतु શબ્દ कृ અથવા પ્રાચીન क्र ધાતુમાંથી

બન્યો છે. તેનો અર્થ થાય છે—વિભકત કરવું, કરવું, બનાવવું, રચવું, ઘાટ ઘડવો. 'વિભકત કરવું' અર્થમાંથી ક્રતુ નો અર્થ થાય છે વિવેચનાયુકત મન, સાયણ જેને પ્રજ્ઞાન કહે છે તે (સરખાવો ગ્રીક kritos (ક્રિટોસ), ન્યાયાધીશ). તામિલના કરુથી શબ્દનો અર્થ મન થાય છે, પણ 'કરવું' અર્થમાંથી ક્રતુ નો અર્થ થાય છે—કર્મ, (૨) કર્મ કરવાનું બળ (સરખાવો ગ્રીક kratos (ક્રેટોસ), બળ) (૩) મનની સંકલ્પશકિત. ઈશોપનિષદ્‌માં ક્રતો કૃતં સ્મર (હે ક્રતુ, કરેલા કર્મનું સ્મરણ કર) મંત્રમાં ક્રતો અને કૃતં સાથે-સાથે વપરાયા છે. તે પરથી નિશ્ચિત થાય છે કે ક્રતુ એટલે કર્મ કરવાની મનની શકિત. અગ્નિ પરિપૂર્ણ પાર-માનસિક જ્ઞાન વડે કાર્ય કરનાર દિવ્ય ઋષિ-સંકલ્પ છે.

सत्य : સાયણ અર્થ કરે છે—ફળો આપવામાં સત્ય. પણ આ શબ્દની સાથે ક્રતુ (ઋષિ-સંકલ્પ) અને શ્રવસ્‌ (પ્રેરણાયુકત જ્ઞાન) વપરાયા છે. એટલે सत्य નો અર્થ થાય છે.—અસ્તિત્વમાં સત્ય, અર્થાત્‌ જ્ઞાનમાં સત્ય, શ્રવસ્‌ માં તથા ક્રતુ માં સત્ય. શ્રવસ્‌ એટલે પાર-માનસિક જ્ઞાન, ઋત, ઉપનિષદોમાં કહેલું વિજ્ઞાન. कविक्रतुः એટલે તે જ્ઞાનથી પૂર્ણ સંકલ્પ, વિજ્ઞાનમય સંકલ્પ, દિવ્ય આજ્ઞાન. सत्य એટલે પદાર્થ-દ્રવ્યમાં વિજ્ઞાનમય.

चित्रश्रवस्तम : સાયણ અર્થ કરે છે—અનેક પ્રકારની ખૂબ કિર્તીવાળો. દેવ માટે વપરાયેલું તે વિશેષણ તદ્દત નીરસ અને અર્થહીન છે. શ્રુતિ ની પેઠે શ્રવસ્‌ નો અર્થ પ્રેરણાયુકત સૂકત છે. એટલે શ્રવસ્‌ નો અર્થ પ્રેરણાયુકત જ્ઞાન થઈ શકે. પાર-માનસિક જ્ઞાન બે પ્રકારનું હોય છે—દૃષ્ટિ અને શ્રુતિ, આંતર-દર્શના અને આંતરપ્રેરણા. શ્રવસ્‌ નો અર્થ હમેશાં થાય છે—પાર-માનસિક શકિતઓ વડે પ્રાપ્ત થયેલું જ્ઞાન.

યજ્ઞવિધિપરક અનુવાદ : જ્ઞાનને (અથવા કર્મને) ગતિમાન કરનાર, ફળો આપવામાં સત્ય, અનેક પ્રકારની ખૂબ કિર્તીવાળો, હોતા, અગ્નિ દેવો સાથે અહીં આવો.

માનસશાસ્ત્રીય અનુવાદ : આપણી આહુતિનો હોતા, અસ્તિત્વમાં સત્ય ઋષિના સંકલ્પવાળો, અનેક પ્રકારનાં સમૃદ્ધિશાળી પ્રેરણાયુકત જ્ઞાનવાળો, દેવ-સંકલ્પ દિવ્ય શકિતઓ સાથે અમારી પાસે આવો.

વામદેવનાં અગ્નિ-સૂક્તો

પ્રસ્તાવના

ઋગ્વેદનું અર્થ-ઘટન એ આજના વિદ્વાનોએ ઉકેલવાનો સૌથી મુશ્કેલ અને ચર્ચાસ્પદ પ્રશ્ન છે. તે મુશ્કેલી આજની વિવેચનાનું પરિણામ નથી; ઘણા પ્રાચીન સમયથી તે ભિન્ન ભિન્ન રૂપોમાં રહેલી હતી. તે અનિશ્ચિતતાનું કારણ શું છે? અલબત્ત, તેનું એક કારણ તો એ છે કે વેદની ભાષા ખૂબ પ્રાચીન છે અને અત્યારે તેમાંના ઘણા શબ્દો લુપ્તપ્રાય બની ગયા છે; એટલે જ્યારે પ્રાચીન ભારતીય વિદ્વાનોએ વેદની પરંપરાગત વિદ્યાને પદ્ધતિમાં ગોઠવવાનો પ્રયત્ન કર્યો, ત્યારે તેમને પણ મુશ્કેલી નડી હતી; વળી પ્રાચીન સંસ્કૃત શબ્દોમાંના ઘણાખરા શબ્દોના અનેક અર્થો થાય છે, તેથી તે મુશ્કેલીમાં વધારો થયો. પણ તે પ્રશ્નમાં એક બીજી વધારે અગત્યની મુશ્કેલી રહેલી છે. એટલી વાત તો ચોક્કસ છે કે વેદનાં સૂક્તોમાં પ્રતીકો તથા રૂપકોનો પ્રયોગ થયેલો છે. હવે પ્રશ્ન એ ઊઠે છે કે આ રૂપકો તથા પ્રતીકો શેનું પ્રતિનિધિત્વ કરે છે? તેમનો ધાર્મિક અથવા બીજો કોઈ અર્થ કયો હોઈ શકે? શું તે કેવળ પૌરાણિક આકૃતિઓ છે, જેમની પીઠમાં કોઈ ગહન અર્થ રહેલો નથી? શું તે પ્રાચીન પ્રકૃતિ-પૂજાનાં કાવ્યમય દૃશ્યો કે વર્ણનો છે? શું ભૌતિક દૃશ્યોનાં કાર્યોનાં પૌરાણિક, ખગોળ-શાસ્ત્રીય, પ્રાકૃતિક રૂપકોને દેવોનાં કાર્યો તરીકે વર્ણવવામાં આવ્યાં છે? અથવા તેમનામાં બીજો કોઈ વધારે ગૂઢ અર્થ રહેલો છે? જો આ પ્રશ્ન શંકારહિત નિશ્ચયપૂર્વક ઉકેલી શકાય, તો ભાષાની મુશ્કેલી કોઈ મહાન અવરોધરૂપ બની શકે તેમ નથી; કેટલાંક સૂક્તોનો અર્થ અસ્પષ્ટ રહે, પણ પ્રાચીન સૂક્તોના સામાન્ય અર્થને, મર્મને ભાવાર્થને સ્પષ્ટ કરી શકાય. પણ વેદની વિચિત્રતા એ છે કે અત્યાર સુધી અપાયેલા એક પણ ઉકેલનું પરિણામ સુસ્થિર અને સંતોષપ્રદ આવી શક્યું નથી. સૂક્તો હજી ગૂંચવાડાભરેલાં, અસંબદ્ધ અને સામાન્ય રહ્યાં છે, અને વિદ્વાનોને એવી માન્યતાનો આશ્રય લેવો પડે છે કે—અસંબદ્ધતાનું કારણ વેદના કેન્દ્રસ્થ અર્થનું

તેમનું પોતાનું અજ્ઞાન નથી, પણ મંત્રોનો સ્વભાવ જ—ભાષા જ એવી છે કે તે અસંબદ્ધ બની રહે. પણ જ્યાં સુધી આપણે આ પરિસ્થિતિને પાર ન કરીએ ત્યાં સુધી શંકા અને ચર્ચા ચાલ્યા કરવાની.

થોડાંક વર્ષો પૂર્વે મેં એક લેખમાળામાં વેદના સંદિગ્ધ દ્વિ-અર્થી અર્થની સમજૂતી આપી હતી. મેં તેમાં એક કેન્દ્રસ્થ વિચાર રજૂ કર્યો હતો કે આ સૂકતો લખાયાં ત્યારે ધાર્મિક સંસ્કૃતિની એવી એક અવસ્થા હતી, કે જે તે યુગમાં ગ્રીસમાં તેમ જ બીજા પ્રાચીન દેશોમાં પણ પ્રવર્તતી હતી. હું એમ સૂચવવા નથી માગતો કે તે સંસ્કૃતિ અને વિચારસરણી સમકાલીન અને એકરૂપ હતી. તે એવી એક અવસ્થા હતી, કે જ્યારે પ્રચલિત ધર્મને બે બાજુઓ હતી—એક બાજુ સામાન્ય અસંસ્કૃત લોકો માટે, અને બીજી બાજુ દીક્ષિતો માટે. તે રહસ્યોનો પ્રાથમિક યુગ હતો. વૈદિક ઋષિઓ રહસ્યવાદીઓ હતા, જે પોતાના આંતરિક જ્ઞાનને માત્ર દીક્ષિતો માટે જ સાચવી રાખતા. તેને તેઓ અસંસ્કારી લોકો પાસેથી ગૂઢ રાખવા માટે રૂપકોની પરિભાષા વાપરતા, જેનો મર્મ દીક્ષા લીધા સિવાય જલદી સમજી શકાય તેવો ન હતો; પણ એક વાર તેમની ચાવીઓ જડે એટલે તે સૂકતો તદ્દન સ્પષ્ટ અને પદ્ધતિ-યુકત બની જતાં. આ રૂપકો યજ્ઞનાં વિચાર તથા રૂપોની આસપાસ ગોઠવાયેલાં હતાં, કારણ કે તે સમયમાં યજ્ઞ-સંસ્થા સર્વત્ર પ્રચલિત હતી. તે સંસ્થાની આસપાસ સૂકતો રચાયાં હતાં. અસંસ્કૃત લોકો તેમને ઈન્દ્ર, અગ્નિ, સૂર્ય સવિતૃ, વરુણ, મિત્ર, ભગ, અશ્વિનો, ઋભુઓ, મરુતો, રુદ્ર, વિષ્ણુ, સરસ્વતી વગેરે પ્રકૃતિ-દેવોની સ્તુતિરૂપ સમજતા. તે સૂકતોનું ગાન કરવામાં લોકોનો આશય યજ્ઞ દ્વારા એ દેવો પાસેથી ગાયો, ઘોડા, સુવર્ણ અને આહીરી લોકોની બીજી સંપત્તિ પ્રાપ્ત કરવાનો, શત્રુઓ પર વિજય મેળવવાનો, યાત્રામાં સહીસલામતી મેળવવાનો, પુત્રો—નોકરો—સમૃદ્ધિ—દરેક જાતનું ભૌતિક ધન મેળવવાનો હતો, એમ તે માનતા. પણ આ પ્રાથમિક અવસ્થાની તથા ભૌતિક પ્રકૃતિ-પૂજાના અંચળા હેઠળ બીજો એક માધ્યાત્મિક અર્થ છુપાયેલો હતો, જે આપણે એક વાર વૈદિક રૂપકોના અર્થને વીંધીને પ્રાપ્ત કરીએ, તો પ્રગટ થાય એવો છે. તે વૈદિક રૂપકોના મર્મને એક વાર સમજી લેવાય, તો પછી સમગ્ર ઋગ્વેદ એક સ્પષ્ટ, સુસંગત, સુંદર રીતે વણાયેલો, સરળ, તંતુ બની રહે છે.

મારા સિદ્ધાન્ત અનુસાર આ બાહ્ય યજ્ઞની પીઠમાં, આ ગૂઢ શબ્દોમાં સંતાડાયેલો, આત્મ-સમર્પણનો તથા દેવો સાથેના વ્યવહારનો એક આંતરિક યજ્ઞ છે. આ દેવો બાહ્ય રીતે ભૌતિક શકિતઓ છે; પણ આંતરિક રીતે ચૈત્યમય સ્વભાવવાળી શકિતઓ છે. આ રીતે અગ્નિ બાહ્ય રીતે ભૌતિક અગ્નિતત્ત્વ છે; પણ આંતરિક રીતે ચૈત્યમય, દેવ પ્રત્યે ગતિ કરતી, જ્વાળાનો—શકિતનો—

સંકલ્પનો—તપસ્‌નો દેવ છે. સૂર્ય બાહ્ય રીતે સૂર્યનો પ્રકાશ છે; પણ આંતરિક રીતે પ્રકાશક, આંતર-દર્શનાવાળા જ્ઞાનનો દેવ છે. સોમ બાહ્ય રીતે ચંદ્ર છે, સોમવલ્લી અથવા અમૃતમય ચંદ્રવલ્લી છે; પણ આંતરિક રીતે તે આધ્યાત્મિક આનંદનો દેવ છે. આંતરિક વૈદિક ધર્મ-ભાવનાનો મુખ્ય ચૈત્યમય ખ્યાલ હતો સત્ય, ઋત-નિયમ, બૃહત્ (વિશાળ)નો વિચાર. પૃથ્વી, અંતરિક્ષ અને આકાશ (અથવા સ્વર્ગ) શારીરિક—પ્રાણિક—માનસિક અસ્તિત્વનાં રૂપકો હતાં. પણ આ ઋત વૈદિક ઋચાઓમાં સ્પષ્ટપણે ઉલ્લેખ કરાયેલી, ત્રિવિધ અનંતતા પર, મહત્તર સ્વર્ગમાં પ્રતિષ્ઠિત હતું, અને તેથી તે આધ્યાત્મિક તથા પાર-માનસિક પ્રકાશની અવસ્થારૂપ હતું. આપણા પૂર્વના પિતૃઓએ (पूर्वे पितरः) વેદ-ધર્મને સ્થાપનાર સાત અંગિરસ્ ઋષિઓએ તે આકાશ-પૃથ્વીની પર સ્વર્‌માં જઈ—સૂર્યલોકમાં જઈ, પ્રકાશના ધામમાં—દેવોના ઘરમાં—ઋતના ધામમાં, પ્રતિષ્ઠામાં જઈ, સિદ્ધિને પ્રાપ્ત કરી હતી. સૂર્યના, અનંતતાના (અદિતિના) પુત્રો આદિત્યો ઋતમાં જન્મ્યા હતા, અને ઋત તેમનું ઘર હતું. પણ તે નિમ્નતર ભૂમિકાઓમાં અવતીર્ણ થયા હતા; તે દરેક ભૂમિકાને અનુ-રૂપ તેમનાં કાર્યો ત્યાં હતાં, તેમની માનસિક—પ્રાણિક—શારીરિક વૈશ્વિક ગતિઓ હતી. તેઓ માનવમાં ઋતના રક્ષકો હતા, ઋતની વૃદ્ધિ કરનાર હતા; ઋત વડે (ऋतस्य पथा) તેઓ માનવને આનંદ પ્રત્યે—અમૃતત્વ પ્રત્યે દોરી જતા. માનવ અસ્તિત્વમાં તેમને બોલાવવા પડતા, તેમના કાર્યમાં તેમની વૃદ્ધિ કરવી પડતી, માનવમાં તેમની રચના કરવી પડતી, તેમને જન્માવવા પડતા (देवताति) તેમને વિસ્તૃત કરવા પડતા, અને તેમની વૈશ્વિકતામાં તેમને એકરૂપ કરવા પડતા (वैश्वदेव्य).

યજ્ઞ એકીસાથે સમર્પણ-રૂપે, પૂજા-રૂપે, યુદ્ધ-રૂપે, અને યાત્રા-રૂપે વર્ણવવામાં આવતો. તે યુદ્ધમાં આર્યો એક બાજુએ આર્યો વડે મદદ કરાતા દેવો હતા, અને બીજી બાજુએ સંહારક રાક્ષસો, દસ્યુઓ, વૃત્રો, પણિઓ, પાછળથી જેમને દૈત્યો તથા અસુરો કહેવામાં આવ્યા તે રાક્ષસો હતા; તે યુદ્ધ ઋત તથા પ્રકાશની શકિતઓ તથા અનૃત-ભેદમયતા—અંધકારની શકિતઓ વચ્ચેનું યુદ્ધ હતું. યજ્ઞ એક યાત્રા હતી, કારણ કે યજ્ઞ પૃથ્વી પરથી સ્વર્ગના દેવો પાસે ગતિ કરતો હતો, અને તેના વડે માનવ પોતાને માટે ઋતના ઘર પ્રત્યે જવાના માર્ગનું નિર્માણ કરતો હતો. તે આગેકૂચમાં દસ્યુઓ લૂંટારુઓ, ચોરો, ફાડી ખાનારાઓ, ઘેરો ઘાલનાર વૃત્રો અવરોધ કરતા હતા, તેથી યજ્ઞ એક પ્રકારનું યુદ્ધ હતો. આમાં જે આહુતિઓ અપાતી, તે આંતર-સમર્પણ હતું. બાહ્ય યજ્ઞમાં આહુતિ અપાતાં ગાયો, અશ્વો, ગાયનાં ઘી—દૂધ, સોમ આંતર શકિતઓનું તથા અનુભૂતિઓનું ઋતના સ્વામીઓને કરાતાં સમર્પણનાં પ્રતીકો—રૂપકો હતાં. બાહ્ય યજ્ઞનાં ફળોરૂપ દિવ્ય

વરદાનો પણ આંતર દિવ્ય સમૃદ્ધિઓનાં રૂપકો હતાં. દિવ્ય પ્રકાશવાળી ગાયો સૂર્યનાં ધણ હતાં; અશ્વ બળનું–સામર્થ્યનું પ્રતીક હતો; યજ્ઞ વડે નિર્માણ થતો પુત્ર તે આંતર દેવતાનો પુત્ર અથવા દિવ્ય માનવ હતો વગેરે. વૈદિક શબ્દો ટ્રિઅર્થી હોવાથી આ રૂપકોનો પ્રયોગ સહેલાઈથી થતો. ગાયો માટેના गो શબ્દના બે અર્થો છે–ગાય અને કિરણ. ઉષાની તથા સૂર્યની ગાયો આંતરદર્શનાના સ્વામી સૂર્યદેવનાં કિરણો છે, જેવી રીતે ગ્રીક પુરાણશાસ્ત્રમાં ઍપોલો સૂર્યદેવ છે, પણ સાથે સાથે કવિતાનો તથા ભાવિ કથનનો સ્વામી પણ છે, તેમ દ્યુતના અર્થ બે છે—ધી અને પ્રકાશમય વસ્તુ. સોમના બે અર્થ છે. ચંદ્રવલ્લીનો સોમ-રસ અને આનંદ, મધુ, મધુરતા. આ વિચાર કેન્દ્રસ્થ છે, મુખ્ય છે; તેનાં બીજાં બધાં અંગો ગૌણ છે. આ સૂચન મને તદ્દન સ્વાભાવિક લાગે છે; પ્રાચીન માનવોના મનને તેમાં કશું અસાધારણ, અયોગ્ય કે અસ્વાભાવિક લાગતું ન હતું.

આ સિદ્ધાંત સામે કેટલાક પ્રથમ દર્શનીય વાંધા ઉઠાવી શકાય તેમ છે. એક વાંધો પાશ્ચાત્ય વિદ્વાનો ઉઠાવી શકે તેવો છે. એમ કહી શકાય કે આ બધી ગૂઢવાદિતાની કશી જરૂર નથી, વેદમાં તેનું કોઈ ચિહ્ન દેખાતું નથી, પ્રાથમિક પુરાણશાસ્ત્રનો આપણે તેવો અર્થ કરવાનું પસંદ કરીએ તો જ તેવો અર્થ નીકળી શકે તેમ છે, ધર્મનો ઈતિહાસ અથવા વૈદિક ધર્મનો ઈતિહાસ તે માન્યતાને સમર્થન આપતો નથી, પ્રાચીન જંગલી મન માટે તે પ્રકારની સૂક્ષ્મ વિચારણા શક્ય ન હતી. ખરું પૂછો તો, આ વાંધાઓ તદ્દન વજૂદ વગરના છે. ઈજિપ્તનાં, ગ્રીસનાં, બીજા દેશોનાં ગૂઢ રહસ્યો ખૂબ પ્રાચીન સમયથી ચાલ્યાં આવે છે; તે બધાં આ રૂપકના તત્ત્વને સ્વીકારીને જ આગળ વધ્યાં હતાં; તેમાં બાહ્ય પુરાણકથાઓ, વિધિઓ, સંપ્રદાયના પદાર્થો આંતરિક જીવનનાં તથા જ્ઞાનનાં રહસ્યોને સૂચવવા માટે વપરાયાં હતાં. એટલે આપણે એવી દલીલ ન કરી શકીએ કે એ પ્રકારનું માનસ પ્રાચીન કાળમાં અસંભવિત હતું, વિદ્યમાન ન હતું; જો તે ઈજિપ્તમાં અને ગ્રીસમાં સંભવી શકે, તો ઉપનિષદોનું સર્જન કરનાર ભારતમાં તેને અસંભવિત કેવી રીતે માની શકાય? પ્રાચીન ધર્મનો ઈતિહાસ બતાવી આપે છે કે ભૌતિક પ્રકૃતિ-દેવોનું રૂપાંતર ચૈત્યમય શકિતઓ-માં થયું છે, અથવા તેમનાં ભૌતિક કાર્યોમાં ચૈત્યમય કાર્યોનો ઉમેરો થયો છે; પણ બીજા વિકલ્પમાં તે કાર્યો ઓછાં ભૌતિક બનતાં ગયાં. હેલિઓસને સ્થાને પાછળથી ઍપોલો આવ્યો, તે દાખલો મેં ટાંકયો છે. તે રીતે વૈદિક ધર્મમાં સૂર્ય ચોક્કસ આંતર પ્રકાશનો દેવ બની જાય છે. પ્રસિદ્ધ ગાયત્રી-મંત્ર અને તેનો આધ્યાત્મિક અર્થ તેનો પુરાવો છે. વળી ઉપનિષદોના ઋષિઓ વારંવાર વૈદિક ઋચાઓને અથવા વૈદિક રૂપકોને માનસશાસ્ત્રીય અને આધ્યાત્મિક અર્થમાં ઘટાવે છે, તે પણ તેનો પુરાવો છે, દાખલા તરીકે ઈશ-ઉપનિષદ્‌ના છેલ્લા ચાર મંત્રો.

કલાસિકલ પુરાણશાસ્ત્રમાં હર્મિસનાં તથા એથિનાનાં કાર્યો ચૈત્યમય છે, પણ મૂળમાં તેઓ પ્રકૃતિ-દેવતાઓ હતા. એથિના મોટે ભાગે ઉષાની દેવતા હતી. મારો એવો દાવો છે કે વેદમાં આપણે ઉષાના તે રૂપાંતરની આરંભ દશા જોઈ શકીએ છીએ. સુરાના દેવ ડાયોનિસસ રહસ્યો સાથે ઘનિષ્ઠ સંબંધો ધરાવતો હતો; તેનું કાર્ય વેદમાંના મધુરસના દેવ સોમ જેવું હતું.

પણ પ્રશ્ન એ છે કે વેદમાં આ કાર્યોના દ્વિગુણીકરણ માટે કોઈ પ્રમાણ છે ખરું? પ્રથમ તો આપણે એ વિચારવું જોઈએ કે વેદોની કહેવાતી, કેવળ ભૌતિક પ્રકૃતિ-પૂજા પ્રાચીન કાળના અતિશય સૂક્ષ્મ અને ભવ્ય, ઉપનિષદોમાં જોવામાં આવતા, અસાધારણ, માનસશાસ્ત્રીય અને આધ્યાત્મિક જ્ઞાનમાં કેવી રીતે રૂપાંતર પામી? તેની ત્રણ સમજૂતીઓ આપી શકાય તેમ છે. આ ઓચિંતી આવેલી આધ્યાત્મિકતા બહારથી લાવવામાં આવી હોય. કેટલાક વિદ્વાનોએ એવું ઉતાવળિયું સૂચન કર્યું છે કે તે આધ્યાત્મિકતા ઉચ્ચતર આધ્યાત્મિક અનાર્ય સંસ્કૃતિમાંથી લેવામાં આવી હતી. પણ આ બિન-પાયાદાર માન્યતા માટે કોઈ પ્રમાણ આપવામાં આવ્યું નથી. તે પાયા વગર, હવામાં અધ્ધર લટકતું અનુમાન માત્ર છે. બીજી સમજૂતી એ આપી શકાય કે મેં સૂચવ્યું છે તેમ તે રૂપાંતર અંદરથી ઊગ્યું હોય, પણ તે છેલ્લાં રચાયેલાં વૈદિક સૂક્તોની પછી. પણ છતાં યે તે વૈદિક સૂક્તોના પાયા પર રચાયું હોવું જોઈએ. ઉપનિષદો વૈદિક જ્ઞાનનો વિકાસ છે એમ તેઓ પોતે કહે છે, તેથી તે વેદાન્ત કહેવાય છે, ઉપનિષદો વારંવાર વેદના મંત્રોને ઉદ્ધત કરે છે, વેદને જ્ઞાનનો ગ્રંથ માને છે. વેદાન્તનું જ્ઞાન આપનાર લોકો વેદના ઉપદેશકો મનાયા છે. તો પછી આપણે એમ શા માટે માનવું કે આ વિકાસ વેદના મોટા ભાગના મંત્રોની રચના થઈ ગયા પછી થયો? ત્રીજી સમજૂતીએ આપી શકાય કે તે વિકાસની ભૂમિકા વેદના ગૂઢવાદીઓએ સભાનતાપૂર્વક રચી હતી. હું એમ નથી કહેતો કે વેદનું આંતરિક જ્ઞાન બ્રહ્મવાદ સાથે એકરૂપ છે. તેના પારિભાષિક શબ્દો ભિન્ન હતા; તેનો સારભાગ ખૂબ વિકસાવવામાં આવ્યો હતો; ઘણો ભાગ લુપ્ત થયો હતો અથવા તેનો અસ્વીકાર કરવામાં આવ્યો હતો, ઘણી વસ્તુનો ઉમેરો કરવામાં આવ્યો હતો, જૂના વિચારોનો ત્યાગ કરવામાં આવ્યો હતો, નવું અર્થઘટન કરવામાં આવ્યું હતું, રૂપકમય તત્ત્વને બને તેટલું ઘટાડી દેવામાં આવ્યું હતું, અને તેની જગ્યાએ સ્પષ્ટ, ખુલ્લા, તત્ત્વચિંતનીય, પારિભાષિક શબ્દો અને ખ્યાલો મૂકવામાં આવ્યા હતા. ચોક્કસ, વૈદિક મંત્રો બ્રાહ્મણોના સમયમાં અસ્પષ્ટ તથા ગેરસમજથી પૂર્ણ બની ચૂકયા હતા. અને છતાં યે શરૂઆતના સમયથી જ તેમાં ભૂમિકાનું કાર્ય તૈયાર થઈ ગયેલું હતું. છેવટે તો તે હકીકતરૂપ છે. પણ મારું અત્યારે કહેવું એમ છે કે તે માન્યતામાં કશી

અસંભવિતતા નથી, ઊલટું મારા સૂચનની પ્રબળ શકયતા છે. હું મારી દલીલને આ રીતે રજૂ કરીશ. પાછળનાં સૂક્તોમાં ચોક્કસ બ્રહ્મવાદનો પ્રારંભ છે. તે કેવી રીતે શરૂ થયો? પહેલાંના મંત્રોમાં તેનાં બીજ ન હતાં? એ વાત ચોક્કસ છે કે વરુણ, સરસ્વતી જેવી કેટલીક દેવતાઓનાં કાર્યો માનસશાસ્ત્રીય તેમ જ ભૌતિક હતાં. મારે એ કહેવું છે કે વેદના બીજા દેવોની બાબતમાં પણ આ દ્વિવિધ કાર્ય-પ્રણાલીનું પગેરું સર્વત્ર જડી શકે તેમ છે, દાખલા તરીકે અગ્નિ તથા મરુતોની બાબતમાં. તો પછી તેને પગલે-પગલે શોધને આગળ કેમ ન ચલાવવી, અને તે કયાં દોરી જાય છે તે કેમ જોઈ ન લેવું? તેની વિચારણા માટે પ્રથમ-દર્શનીય ભૂમિકા છે; હું તેથી વધારેની માગણી કરતો નથી. સૂક્તોના મંત્રોનું નિરીક્ષણ જ તે શોધ કેટલી પ્રમાણપુરઃસર છે તે વાતને સાબિત કરશે, અને બહુ અગત્યનાં પરિણામો લાવી આપશે.

બીજો વાંધો રૂઢિવાદી પરંપરા તરફથી ઉઠાવાય છે. તેઓ સાયણે જે અર્થ કર્યો છે તેનાથી પર જવાનો ઇન્કાર કરે છે. સાયણ વેદ પછી બે-ત્રણ હજાર વર્ષે થઈ ગયા. તેઓ પ્રાચીન વેદ-શબ્દોના કોશકાર યાસ્કે કરેલા અર્થોથી બીજો અર્થ કરવાનો ઇન્કાર કરે છે. વળી તેમની દલીલ એવી છે કે વેદ પ્રચલિત રીતે કર્મકાંડનો ગ્રંથ ગણાય છે, જ્યારે વેદાંત જ્ઞાનકાંડ ગણાય છે. કટ્ટર રૂઢિવાદી પરંપરાવાળા લોકો એમ પણ કહે છે કે વેદનો અર્થ કરવામાં તર્કને, વિવેચક-શકિતને, ઐતિહાસિક દલીલને કોઈ સ્થાન નથી; વેદ એવી બધી કસોટીઓથી પર છે, તેમનું સ્વરૂપ અને ભાવાર્થ સનાતન છે, તેનો અર્થ રૂઢિગત પરંપરાને પ્રમાણભૂત ગણીને જ કરવાનો હોય છે. તે વલણ સાથે મારે લેવા-દેવા નથી. હું તો વેદનો સત્ય અર્થ શોધું છું. અને પરંપરાથી વિરુદ્ધ અર્થની શોધ કરવાના મારા અધિકારનો કોઈ ઇન્કાર કરે તેથી હું અટકી જવા માગતો નથી. જો આધુનિક ઢબથી એવી દલીલ કરવામાં આવે કે જ્યાં અવિચ્છિન્ન, પ્રાચીન, સુસંગત પરંપરા ચાલી આવે છે, ત્યાં તેનાથી કોઈ ભિન્ન અર્થ કરવો તે બિન-જરૂરી છે, તો હું જવાબ આપું છું કે એવી કોઈ પરંપરા નથી. સાયણ અનિશ્ચિતતાઓમાં સતત ભ્રમણ કરે છે, અનેક શકય અર્થો આપે છે, તે અર્થોમાં તે હાલન-ડોલન વૃત્તિવાળો છે. એટલું જ નહિ, પણ યજ્ઞવિધિપરક અર્થ કરવામાં વફાદારીવાળો તે, વેદના અર્થઘટન માટે પ્રસંગોપાત અનેક પ્રાચીન અર્થો કરતી શાખાઓનું ઉદ્ધરણ કરે છે, જેમાંની એક આધ્યાત્મિક અને તત્ત્વચિંતનાત્મક છે અને વેદમાં ઉપનિષદોના અર્થને જુએ છે. બહુ વિરલ પ્રસંગોએ તેને તે અર્થને અનુસરવાની ફરજ પડે છે. આપણે ખૂબ પ્રાચીન ગ્રંથોને તપાસીએ, તો માલૂમ પડે છે કે બ્રાહ્મણો વેદનું ગૂઢવાદી રીતે યજ્ઞવિધિપરક અર્થઘટન કરે છે, ઉપનિષદો ઋચાઓને કર્મકાંડનો ગ્રંથ

નહિ પણ આધ્યાત્મિક વિદ્યાનો ગ્રંથ માને છે. એટલે ઋગ્વેદનો માનસશાસ્ત્રીય તથા આધ્યાત્મિક અર્થ કરવાનો પ્રયત્ન તદ્દન વિચિત્રતાપૂર્વક નવીન કે ક્રાન્તિકારક નથી.

એક છેલ્લો વાંધો એવો ઉઠાવાય છે કે વેદનો અર્થ કરવામાં ખૂબ અસાધારણ ચાતુર્યનો પ્રયોગ કરવામાં આવ્યો છે, તેમાંનો દરેક પ્રયત્ન ભિન્ન ભિન્ન પરિણામો આપે છે, અને મારો પ્રયત્ન પણ તેવો જ એક વધારે ચાતુર્ય-પૂર્ણ પ્રયત્ન છે. જો તેમ હોય, તો મને અનેક સારા સાથીદારો છે એવું સિદ્ધ થાય છે. સાયણનું અર્થઘટન ખૂબ પ્રયાસ-સાધ્ય, મારી-મચડીને ચતુરાઈપૂર્વક કરેલું અર્થઘટન છે; તેમાં ઘણી વાર વ્યાકરણ, વાકયરચના, ક્રમ, સંબદ્ધતા, ઋષિઓ આ વસ્તુઓથી બંધાયેલા ન હતા એ વિચાર પર અત્યાચાર કરવામાં આવ્યો છે. યાસ્કના શબ્દવ્યુત્પત્તિમૂલક અર્થો ચતુરાઈપૂર્ણ અને ખૂબ આશ્ચર્ય પમાડે તેવા છે. યુરોપના વિદ્વાનોએ ચતુરાઈપૂર્ણ અનુમાનો અને નિગમનો વડે, નવીન જ અર્થ કર્યો છે, અને સાચો કે કલ્પનામય ઈતિહાસ ઋતાઓમાંથી તારવ્યો છે, જે ઈતિહાસમાં એવી માન્યતા પણ છે કે આર્ય લોકોએ દ્રાવિડિયનો પર આક્રમણ કર્યું હતું અને તે બે જાતિઓ વચ્ચે સંઘર્ષ જામ્યો હતો, કે જે માન્યતા વેદના અર્થઘટનના લાંબા સમયના ઈતિહાસમાં કદી પણ જોવા મળતી નથી. સ્વામી દયાનંદના ભાષ્ય સામે પણ તેવો જ આક્ષેપ કરવામાં આવ્યો છે. છતાં પદ્ધતિની વૈશ્વિકતા તેને પ્રામાણિક બનાવતી નથી; મારે આ બહાનાનો આશ્રય લેવાની જરૂર નથી, કારણ કે તે પ્રામાણિક નથી. જો મારા અર્થઘટનમાં મૂલ મંત્રોનો અર્થ મારી-મચડીને કરવામાં આવે, તેમાં વિચિત્ર પ્રકારની છૂટછાટ લેવામાં આવે અથવા બહારની વસ્તુ અંદર ઘુસાડી દેવામાં આવે, તો તેનું કોઈ વાસ્તવિક મૂલ્ય ન રહે. આ ગ્રંથમાં હું મારી પદ્ધતિ કેવી રીતે અર્થઘટનનું કાર્ય કરે છે, તે બતાવવા માગું છું, હું હજી તેવા બીજા ગ્રંથો લખવાનો આશય રાખું છું, અને આ વાંધાને પ્રમાણો આપીને રદ-બાતલ કરવા માગું છું.

મારો મત છે કે વેદનો સાચો અર્થ કરવા માટે ત્રણ પ્રક્રિયાઓ જરૂરની છે પ્રથમ તો એ કે મૂળ મંત્રોના શબ્દોના—દરેક શબ્દનો સીધો, સાદો, સરળ અર્થ બધે જ કરવો જોઈએ, પછી તેનું પરિણામ ગમે તે આવે તેની પરવા ન હોવી જોઈએ. પછી તે પરિણામનો શો વાસ્તવિક મર્મ નીકળે છે તે તપાસવું જોઈએ. તે અર્થ સુસંગત, પોતાની સાથે સુસંબદ્ધ હોવો જોઈએ; દરેક સૂકત એક એકમ છે અને એક વિચાર પછી બીજો વિચાર સુસંગત રીતે પ્રગટ કરે છે, તે વિચારો કડીબદ્ધ એકબીજા સાથે સંકળાયેલા છે—તે હકીકત તે અર્થમાંથી નિષ્પન્ન થવી જોઈએ. નહિ તો તે મંત્રો પાગલ

લોકોએ રચ્યા છે, તે માત્ર અસંબદ્ધ બૂમ-બરાડાની હારમાળા છે એવું ફલિત થાય. શકિતમાન છંદોરચના કરનાર, ખૂબ શકિતશાળી તથા ગતિમાન શૈલીવાળા, આ ઋષિઓએ વિચારોના ક્રમને ખ્યાલમાં રાખ્યા સિવાય મંત્રો રચ્યા હશે એમ માનવું અશકય છે. વિચારોના ક્રમને સાચવવો તે દરેક સાચા સાહિત્યિક સર્જનની નિશાની છે. જો આપણે ઋષિઓમાં દિવ્ય પ્રેરણા હતી એમ માનીએ, તે સનાતન બ્રહ્મનું મુખ હતા એમ માનીએ, તો તે દિવ્ય જ્ઞાન માનવ મન કરતાં વધારે અસંબદ્ધ શબ્દો વાપરે એમ માની શકાય નહિ; ઊલટું તેમની વાણી સમગ્ર રૂપે માનવ વાણી કરતાં વધારે પ્રકાશમય અને સંતોષપ્રદ હોવી જોઈએ. છેલ્લું, કે જો મંત્રોમાંના કેટલાકનો આપણે રૂપકમય અર્થ કરીએ, તો તે વેદની ભાષામાંથી તથા તેમાં કરાયેલાં સૂચનોમાંથી સીધોસટ અને સ્પષ્ટ રીતે ઊગવો જોઈએ; તેને બહારથી લાવીને અંદર ઘુસાડવો જોઈએ નહિ.

આ દરેક મુદ્દા પર થોડુંક લખવું તે યોગ્ય ગણાશે. હું જેનું અનુસરણ કરું છું તે પ્રથમ નિયમ એ છે કે ઋચાના શબ્દનો સીધોસટ, સરળમાં સરળ અર્થ કરવો, તે માર-મચડીને ન કાઢવો. વૈદિક શૈલી અર્થ-સઘન છે, પણ તે સ્વાભાવિક છે. તેમાં બળવાન અલ્પાક્ષરતા અને કેટલાક અધ્યાહૃત અર્થો હોય છે, છતાં તે સીધીસટ રીતે પોતાના અર્થ પ્રત્યે-વાચ્ય પ્રત્યે ગતિ કરે છે. જ્યાં આપણને તે અસ્પષ્ટ ભાસે છે, ત્યાં કારણ એ હોય છે કે આપણે શબ્દોનો અર્થ જાણતા નથી હોતા, અથવા તેની ચાવી આપણને પ્રાપ્ત થયેલી હોતી નથી. જો એકાદ-બે જગ્યાએ તે અર્થ મારી-મચડીને પ્રાપ્ત થયો હોય, તો તેથી કાંઈ આપણે સમગ્ર વેદને અભરાઈ પર ચઢાવી દેવાનું કારણ નથી, અથવા વધારે બળજબરીનો પ્રયોગ કરી કોઈ અર્થ કાઢવાની જરૂર નથી. જ્યાં જ્યાં શબ્દનો અર્થ કરવામાં આ મુશ્કેલી નડે છે, ત્યાં કાં તો આપણને તે અર્થની ચાવી જડી હોતી નથી, અથવા તો તે શબ્દના અનેક અર્થો થતા હોય છે, બીજા વિકલ્પમાં મેં કેટલાક નિશ્ચિત નિયમોનું અનુસરણ કર્યું છે, પ્રથમ, જો તે શબ્દ વેદમાં વારંવાર વપરાયેલો હોય અને તેની ધાર્મિક પદ્ધતિ સાથે ઘનિષ્ઠ રીતે સંકળાયેલો હોય, તો હું તે શબ્દ જ્યાં જ્યાં વપરાતા હોય ત્યાં બધે જ જે અર્થ લાગુ કરી શકાય તેવા એક અર્થને શોધી કાઢું છું; મને તે શબ્દના અર્થો મારી મરજી પ્રમાણે બદલવાનો, અથવા તે સંદર્ભમાં લાગુ કરી શકાય તેવો અર્થ ત્યાં જ માત્ર કરવાનો અધિકાર નથી. જો હું કોઈ અસ્પષ્ટ ખ્રિસ્તી ધર્મના ગ્રંથને સમજાવતો હોઉં, તો તેમાં વારંવાર વપરાતા graca (ગ્રેઈસ-કૃપા) શબ્દનો અર્થ મારી મરજી પ્રમાણે કરું તે ન ચાલે. જો હું એક વાર તેનો અર્થ પ્રભુની કૃપા કરું, બીજી વાર ત્રણ કૃપાઓમાંની એક-એવો અર્થ કરું, ત્રીજી વાર સૌન્દર્યની મનોહરતા કરું, ચોથી વાર પરીક્ષા માંઅપાતા ગ્રેઈસ—

માકર્સનો અર્થ કરું, પાંચમી વાર ગ્રેસ નામની છોકરી—એવો કરું, તો તે ન ચાલે. જો અમુક જગ્યાએ તેનો અમુક જ અર્થ થતો હોય, બીજો અર્થ સંભવતો જ ન હોય, જો તેને સામાન્ય અર્થ સાથે કોઈ સંબંધ જ ન હોય, તો તે જુદી વાત છે. પણ જ્યાં સાધારણ અર્થ બરાબર બંધબેસતો હોય, ત્યાં પણ હું આ પાંચમાંથી ગમે તે એક અર્થ લાગુ કરી દઉં તે ન ચાલે. બીજી જગ્યાઓએ હું વધારે છૂટછાટ લઈ શકું છું; પણ તે છૂટ સ્વચ્છંદતામાં ન પરિણમવી જોઈએ. આ રીતે, આપણને કહેવામાં આવ્યું છે કે ऋत શબ્દના અર્થો થાય છે-સત્ય, યજ્ઞ, જળ, ગતિ વગેરે. સાયણ કોઈ સ્પષ્ટ નિયમનું અનુસરણ કર્યા સિવાય, મનસ્વીપણે ગમે તે એક અર્થ લે છે અને વિકલ્પ આપતા નથી. કેટલીક વાર તો એક જ સૂક્તમાં તે તે શબ્દના ત્રણ જુદા જુદા અર્થો કરે છે; અરે કોઈક વાર તો એક પંક્તિમાં જ તે ત્રણ જુદાજુદા અર્થો કરે છે. મારો મત છે કે આ અયોગ્ય છે, અન્યાય છે. ऋत વેદમાં વારંવાર વપરાતો અગત્યનો શબ્દ છે, અને મારે તેનો એક જ અર્થ સુસંગત રીતે કરવો જોઈએ. જો તેનો 'સત્ય' અર્થ સર્વત્ર લાગુ પડતો હોય તો, મારે હમેશાં તે જ અર્થ કરવો જોઈએ—સિવાય કે તે સંદર્ભમાં તેનો અર્થ જળ કે યજ્ઞ અથવા ગયેલો માણસ જ લેવો પડતો હોય, અને 'સત્ય' અર્થ લાગુ જ ન કરી શકાતો હોય. ऋतस्य पन्थाः જેવા અગત્યના શબ્દસમૂહનો એક જગ્યાએ સત્યનો માર્ગ—એવો અર્થ કરવો, બીજી જગ્યાએ યજ્ઞનો માર્ગ—એવો કરવો, ત્રીજી જગ્યાએ જળનો માર્ગ—એવો કરવો, ચોથી જગ્યાએ ચાલ્યા ગયેલા માણસનો માર્ગ—એવો કરવો, એ તો સ્વચ્છંદતા કહેવાય. તો તો પછી આપણે વેદનો અર્થ કરી જ ન શકીએ, માત્ર આપણો મનસ્વી અર્થ કરીએ છીએ. देव શબ્દ, સોમાંથી નવ્વાણું જગ્યાએ પ્રકાશયુકત, દેવ—અર્થ ધરાવે છે. આ શબ્દ ऋत શબ્દ જેટલો મહત્ત્વનો નથી. પણ જ્યાં તેનો અર્થ 'દેવ' લઈ શકાતો હોય ત્યાં પણ હું તેનો અર્થ પુરોહિત કે બુદ્ધિશાળી માણસ કે બીજો કોઈ અર્થ કરું તે ન ચાલે, સિવાય કે આપણે સિદ્ધ કરી શકીએ કે ઋષિઓના મુખમાં તેનો તે બીજો અર્થ અભિપ્રેત અને યોગ્ય છે. તેથી ઊલટું अरि શબ્દના અનેક અર્થો થાય છે, જેમ કે, યુદ્ધ કરનાર, આપણો સહાયક; કેટલીક વાર તેનો અર્થ છે—વિરોધી યોદ્ધો, શત્રુ, આક્રમણ કરનાર; કેટલીક વાર વિશેષણ રૂપે તેનો અર્થ થાય છે—अर्य અથવા आर्य. પણ આ ત્રણેય અર્થો પરસ્પર સંબંધિત છે, તે ધ્યાનમાં રાખો. દયાનંદ સંદર્ભ—અનુસાર, અર્થઘટન કરવામાં આથી પણ વધારે છૂટછાટ લેવાનો આગ્રહ સેવે છે. તે કહે છે કે सैन्धव શબ્દનો અર્થ અશ્વ અથવા મીઠું છે. જ્યાં ખાવાનો સંદર્ભ હોય ત્યાં આપણે તેનો અર્થ મીઠું કરવો જોઈએ, સવારીનો સવાલ હોય ત્યાં આપણે તેનો અર્થ ઘોડો કરવો જોઈએ

એ વાત યોગ્ય છે. પણ વેદમાં તો સમગ્ર પ્રશ્ન એ છે કે સંદર્ભનો મર્મ શો છે, તેના સંબંધો કયા છે ? આપણે આપણા માની લીધેલા સંદર્ભ તથા સંબંધો પ્રમાણે અર્થ કરીએ, તો આપણે રેતી પર ઇમારતનું ચણતર કરીએ છીએ. સલામત નિયમ એ છે કે વેદમાંના પ્રચલિત અર્થને સ્વીકારવો; અને જ્યાં સંદર્ભ અનુસાર બીજો અર્થ કરવાનું અનિવાર્ય બનતું હોય, ત્યાં જ બીજો અર્થ કરવો. સામાન્ય અર્થ જ્યાં બરાબર લાગુ પડતો હોય ત્યાં મારે તે જ અર્થ લેવો રહ્યો, પછી તે મને ગમે છે કે નહિ, તે વેદના મારા અર્થઘટન માટે યોગ્ય છે કે નહિ, તે વિચારવાની મારે જરૂર નથી, પણ તેનો અર્થ કેવી રીતે નક્કી કરવો ? અલબત્ત, જે જે મંત્રોમાં તે શબ્દ વપરાયો હોય, તે બધામાં જે અર્થ સારી રીતે લાગુ પડતો હોય, અને વેદના સમગ્ર સામાન્ય અર્થ સાથે જે સુસંગત હોય, તે અર્થને માટે સ્વીકારવો જોઈએ. જો હું એમ બતાવી શકું કે ऋतनो સત્ય એવો અર્થ બધા મંત્રોમાં લાગુ પડી શકે છે, યજ્ઞ—એવો અર્થ બધા મંત્રોમાં લાગુ પાડી શકતો નથી, થોડા જ મંત્રોમાં તેનો જળ એવો અર્થ લઈ શકાય તેમ છે, કોઈક જ વિરલ મંત્રમાં ગતિ એવો અર્થ લઈ શકાય તેમ છે, અને વેદના સમગ્ર સામાન્ય અર્થ સાથે 'સત્ય' એ અર્થ સુસંગત છે, તો પછી તે અર્થ ऋतनो કરવો તેને માટે પૂરતાં પ્રમાણો મળી ગયાં છે એમ સ્વીકારી શકાય. ઘણા શબ્દની બાબતમાં આ કહી શકાય તેમ છે; બીજા શબ્દોની બાબતમાં આપણે સમતુલા જાળવવી પડે છે. છતાં કેટલાક એવા શબ્દો રહે છે કે જેમનો અર્થ આપણે જાણતા નથી. તેમની બાબતમાં આપણે વ્યુત્પત્તિશાસ્ત્રની ચાવી વાપરી, તે શબ્દ જે મંત્રોમાં વપરાયો હોય ત્યાં તેના શક્ય અર્થોની અથવા અર્થની કસોટી કરી, છૂટક ઋચાઓ નહિ પણ આસપાસના સંદર્ભને લક્ષમાં લઈ, વેદ સમગ્રમાં સામાન્ય ભાવને લક્ષમાં રાખી, નિર્ણય કરવાનો રહે છે. કેટલાક વિરલ શબ્દો એટલા બધા અસ્પષ્ટ હોય છે કે તેમનો અનુમાનમૂલક અર્થ જ લઈ શકીએ.

મૂલમંત્રનો અર્થ કર્યા પછી, તેમાંથી શો ભાવ નીકળે છે તેનો આપણે વિચાર કરવો જોઈએ. એ બાબતમાં આપણે તે ઋચામાં વ્યકત કરાયેલા વિચારોનો પરસ્પર સંબંધ, પૂર્વગામી તથા અનુગામી ઋચાઓમાં વ્યકત કરાયેલા વિચારો સાથે તે વિચારનો સંબંધ, સૂકતનો સર્વ-સામાન્ય વિચાર અથવા વિચારો, સમાન્તર મંત્રો, વિચારો તથા સૂકતો અને છેવટે સમગ્ર વેદના વિચારોની પદ્ધતિમાં તે શબ્દના અર્થનું તથા વિચારનું સ્થાન—આ બધી બાબતોનો વિચાર કરવો જોઈએ. ૪, ૭ માં આ પંકિત આવે છે—अग्ने कदा त आनुषग् भुवद् देवस्य चेतनम् । હું તેનો ભાવાર્થ આમ કરું છું—હે જ્વાળારૂપ અગ્નિ, સતત ચાલુ ધારામાં, પ્રકાશમાન એવા તારી જ્ઞાન અથવા ચેતના પ્રત્યે જાગૃતિ કયારે

બનશે? તે બાબતમાં મારે આ પ્રશ્ન પૂછવાનો રહે છે—આ વેદિમાં સતત પ્રજ્વલિત થતા ભૌતિક અગ્નિની અને ભૌતિક યજ્ઞના વ્યવસ્થિત ક્રમની વાત છે? કે તે માનવમાં રહેલી દિવ્ય જ્વાળાના જ્ઞાનની, સતત વિકસતા જ્ઞાનની તથા બે જ્ઞાનના વ્યવસ્થિત સચેતન કાર્યની વાત છે? ત્રીજી ઋચામાં અગ્નિને ઋતના સ્વામી તરીકે, સંપૂર્ણ જ્ઞાનયુક્ત તરીકે (ऋतावानं विचेतसम्—ઋચા ૪) જ્ઞાનની દર્શના તરીકે, પ્રાણી માત્રમાં પ્રકાશતી દર્શના તરીકે (केतुं...भृगवाणं विशेविशे-ઋચા-૫), જ્ઞાનયુક્ત હોતા તરીકે (होतारं...चिकित्वांसम्-ઋચા-૬) પરિપૂર્ણતા જ્ઞાનવાળા, નિગૂઢ દેવ તરીકે (चित्रं...गुहा हितं सुवेदम्—ઋચાઓ ૭ અને ૮), જ્યારે દેવો ઋતના ધામમાં આનંદ માણતા હોય છે ત્યારે યજ્ઞ માટે ઋતયુક્ત બની દૂત તરીકે આવનાર (ऋतस्य धामन् रणयन्त देवाः...वेरध्वराय सदमिदतावा...दूत ईयसे) વર્ણવવામાં આવ્યો છે. આ બધાં પ્રમાણો પરથી એમ સિદ્ધ થાય છે કે આ માત્ર વેદિમાં પ્રજ્વલિત થતો ભૌતિક અગ્નિ નથી, પણ યજ્ઞને દોરવણી આપનો, માનવ તથા દેવો વચ્ચે દૂતકર્મ કરતો, દિવ્ય જ્ઞાનનો અગ્નિ છે. આ સમતુલા પરથી એમ પણ ફલિત થાય છે કે બાહ્ય રૂપકોના અંચળા હેઠળ, આ આંતરિક યજ્ઞનું વર્ણન છે; જો તે માત્ર ભૌતિક ફલો માટે કરાયેલો ભૌતિક યજ્ઞ જ હોય, તો દિવ્ય જ્ઞાન ઉપર આટલો બધો ભાર મૂકવાની ક્યાં જરૂર હતી? હું જાણું છું કે અગ્નિ હોતા છે, ઋષિ છે, દૂત છે, ભક્ષણ કરનાર છે, ઝડપી મુસાફરી કરનાર છે, યોદ્ધો છે. વેદમાં પરસ્પર સંકળાયેલા—ગૂંથાયેલા આ વિચારો એકબીજા સાથે કેવી રીતે સુસંબદ્ધ કરાયા છે? આ બધી વસ્તુઓરૂપ અગ્નિ શું માત્ર ભૌતિક અગ્નિ છે? કે પછી તે આંતર જ્વાળારૂપ, પાવન અગ્નિ છે? આંતર અગ્નિનો અર્થ લેવા માટે આપણને પૂરતાં કારણો મળી રહે છે. પણ પાકો નિર્ણય કરવા માટે મારે આ એક જ ઋચા પર આધાર ન રાખવો જોઈએ. મારે બીજાં સૂક્તોમાં તે જ વિચારોના વિકાસ પર ધ્યાન આપવું જોઈએ, અગ્નિ પ્રત્યે રચાયેલાં બધાં સૂક્તોનું અધ્યયન કરવું જોઈએ, જેમાં અગ્નિનો ઉલ્લેખ થયો છે તેવાં સૂક્તો જોવાં જોઈએ, કે જેથી તે આંતર અગ્નિ જ છે તેવું સિદ્ધ થાય, અગ્નિના સમગ્ર કલેવર ઉપર પ્રકાશ પડે. ત્યાર પછી જ હું વેદના અગ્નિ વિષે નિશ્ચિત નિર્ણય લઈ શકું.

વૈદિક રૂપકોની બાબતમાં, તેમના અર્થઘટનની બાબતમાં મેં જે પદ્ધતિનો આશ્રય લીધો છે, તે આ દાખલા પરથી સ્પષ્ટ થશે. સૂક્તોમાં અનેક રૂપકો અને આકૃતિઓ છે, તે વાત તો નિઃશંક છે. ૪, ૭ સૂક્તના આ દાખલા પરથી તે રૂપકો તથા આકૃતિઓ કેવો મહત્ત્વનો ભાગ ભજવે છે તે પણ સ્પષ્ટ થશે. ઋષિઓ તેમનો શો અર્થ ઘટાવતા હતા તે બાબતમાં આપણને કોઈ પ્રમાણ મળતું નથી, તેવી પરિસ્થિતિમાં આપણે વેદમાંથી જ

તેમના અર્થ-ઘટન માટે પ્રમાણો મેળવવાં જોઈએ. એ વાત તો સ્પષ્ટ છે કે જ્યાં આપણી પાસે ચોક્કસ જ્ઞાન નથી, ત્યાં આપણે પૂર્વસ્વીકૃત માન્યતા લઈને જ આગળ વધવું પડે છે. મારી પૂર્વ સ્વીકૃત માન્યતા એ છે કે આ બાહ્ય ભૌતિક રૂપ એ આંતર આધ્યાત્મિક અર્થનું અર્થપૂર્ણ રૂપક છે. પણ જો આ કે આવી કોઈ બીજી માન્યતાને બહારથી અંદર લઈ આવવામાં આવે, જો વેદના પોતાના શબ્દોમાંથી તથા સૂચનોમાંથી તે પ્રગટ ન થતી હોય તો તેનું વાસ્તવિક મૂલ્ય કાંઈ ન રહે. બ્રાહ્મણોમાં ખૂબ ચતુરાઈનો ઉપયોગ કરવામાં આવ્યો છે; તે મૂળ મંત્રોમાં નથી તેવો અર્થ સ્વેચ્છાપૂર્વક કાઢે છે. ઉપનિષદોમાંથી આપણને વધારે પ્રકાશ પ્રાપ્ત થાય છે; પાછળના ગ્રંથોમાંથી, સાયણ તથા યાસ્ક પાસેથી પણ, આપણને સૂચનો મળી રહે છે. પણ આ ખૂબ પ્રાચીન ગ્રંથનો અર્થ પાછળના માનસના વિચારનું અક્ષરશઃ અનુસરણ કરીને કાઢવો તે જોખમરૂપ છે. વેદના અર્થઘટન માટે આપણે વેદથી જ પ્રારંભ કરવો જોઈએ, તેનો જ આશરો લેવો જોઈએ. પ્રથમ તો આપણે તે તપાસવું જોઈએ કે વેદમાં જ સ્પષ્ટ માનસ-શાસ્ત્રીય અને આધ્યાત્મિક વિચારો વિદ્યમાન છે કે નહિ, હોય તો તે કેવા પ્રકારના છે, તે આપણને શી ચાવી આપે છે. બીજું આપણે એ તપાસવું જોઈએ કે ભૌતિક રૂપકો માટે માનસશાસ્ત્રીય અર્થોનાં સૂચનો વેદમાં છે કે નહિ, અને તે બાહ્ય ભૌતિક બાજુને આંતર માનસશાસ્ત્રીય બાજુ સાથે કેવી રીતે સંબદ્ધ કરવામાં આવી છે. દાખલા તરીકે, અગ્નિને ઋષિ અને જ્ઞાનયુકત કેમ કહેવામાં આવ્યો છે? નદીઓને જ્ઞાનયુકત જળો કેમ કહેવામાં આવી છે? તે નદીઓ મન ઉપર ઊર્ધ્વમાં આરોહણ કરે છે, એવું વર્ણન શા માટે કરવામાં આવ્યું છે? આવા અનેક પ્રશ્નો ઉદ્‌ભવશે. આમનો ઉત્તર પણ આપણે સૂકતોના સૂક્ષ્મ તુલનાત્મક અધ્યયનમાંથી જ ખોળવો પડશે. આ ગ્રંથમાં હું વિકાસની પદ્ધતિથી આગળ વધું છું. હું દરેક સૂકતનો પ્રથમ અર્થ કરું છું. પછી હું જોઉં છું કે તેમાં કોઈ માનસશાસ્ત્રીય સૂચનો છે કે નહિ; હોય તો તેમનું બળ કેટલું છે; આસપાસના વિચારો સાથે તેમની ગૂંથણી તથા સંબંધ કેવા પ્રકારનાં છે. આમ હું એક સૂકત પરથી બીજા સૂકત પર જાઉં છું, તેમના સમાન કે એકરૂપ વિચારો—આકૃતિઓ—અભિવ્યકિતઓ પરથી હું તેમને કડીબદ્ધ કરું છું. આ રીતે વેદના સ્પષ્ટ સુસંબદ્ધ અર્થને પ્રાપ્ત કરવો, તે શકય બનશે.

આ પદ્ધતિ એવું માનીને આગળ ચાલે છે કે સમગ્ર ઋગ્વેદ અનેક ઋષિઓ વડે તાત્ત્વિક રીતે એકરૂપ અથવા સમાન જ્ઞાનના, તથા આકૃતિઓના અને રૂપકોના પાયા પર રચાયેલો છે. મને લાગે છે કે આ હકીકત વેદની સપાટી ઉપર પણ સ્પષ્ટ રીતે જણાઈ આવે છે. તેમાં અપવાદરૂપ દશમા મંડળનાં કેટલાંક સૂકતો છે, જે પાછળના વિકાસના સમયને સૂચવે છે, જેમાંનાં કેટલાંક

લગભગ યજ્ઞવિધિપરક જ છે; બીજાં બીજી ઋચાઓ કરતાં વધારે જટિલ અને વિકસિત રૂપકવાળાં છે; બીજાં કેટલાકમાં જરા પણ રૂપક સિવાય તત્ત્વ-ચિંતનના વિચારોને સ્પષ્ટપણે અભિવ્યકત કરવામાં આવ્યા છે, અને જે ઉપ-નિષદોના આગમનની ઉદ્‌ઘોષણા કરતાં પ્રથમ અવાજો છે. કેટલાંક સૂકતો ઘણાં પ્રાચીન છે, બીજાં સ્પષ્ટપણે આધુનિક પ્રકારનાં છે. પણ મોટે ભાગે બધાં જ સૂકતોમાં આપણને તે જ વિચાર-સામગ્રી, તે જ રૂપકો, આકૃતિઓ, વિચારો, વારંવાર વપરાતા શબ્દો, શબ્દ-ગુચ્છો અને અભિવ્યંજક શબ્દપ્રયોગો મળે છે. નહિ તો આ પ્રશ્ન વણ-ઊકલ્યો જ રહે. પણ વસ્તુસ્થિતિ એ છે કે વેદ પોતે જ વેદના અર્થને ઉકેલવાની ચાવી આપે છે.

મેં અગ્નિને ઉદ્દેશીને લખાયેલાં, વામદેવનાં પંદર સૂકતોને પ્રારંભ તરીકે પસંદ કર્યાં છે. મને અનુકૂળ પડે તેવા ક્રમમાં મેં તેમને લીધાં છે, કારણ કે પ્રથમનાં થોડાંક સૂકતો ખૂબ રૂપકમય છે, અને પરિણામે અસ્પષ્ટ અને કઠિન છે. સાદામાંથી કઠિન સૂકતો પ્રત્યે જવું તે વધારે સારું છે, કારણ કે તેમ કરવાથી આપણને પહેલાંનાં સૂકતોની અસ્પષ્ટતાને વીંધીને, તેમનો અર્થ સમજવાની ચાવી મળી રહેશે.

આગનો સ્વામી અગ્નિ ભૌતિક રીતે યજ્ઞની જવાળાનો દેવ છે, જે અરણિ-કાષ્ઠમાં, ઓષધિઓમાં, જળોમાં, વિદ્યુત્‌માં, સૂર્યમાં, ઉષ્માામાં, પ્રકાશમાં, જ્યાં જ્યાં તપ કે તેજ હોય તેમાં, દેખાય છે, પ્રશ્ન એ છે કે તે શું ચૈત્યમય લોકમાં પણ તે જ તત્ત્વ છે? જો હોય, તો તે પાછળથી જેને તપ કહેવામાં આવ્યું છે તે માનસશાસ્ત્રીય તત્ત્વ હોવું જોઈએ. વેદના અગ્નિનાં બે લક્ષણો છે—જ્ઞાન અને જાજવલ્યમાન શકિત, પ્રકાશ અને અગ્નિમય શકિત. આમાંથી એમ સૂચિત થાય છે કે તે વિશ્વ-દેવની જ્ઞાનયુકત, સભાન, સંકલ્પ-શકિત હોવી જોઈએ કારણ કે તે તપનો સ્વભાવ છે, જે શકિત જગતમાં વ્યાપ્ત છે અને તેનાં સર્વ કાર્યોની પીઠમાં રહેલી છે. એટલે અગ્નિ, તેનાં કાર્યોના ચૈત્યમય તથા આધ્યામિક અર્થમાં, પોતાના સાહજિક અંતર્ભૂત જ્ઞાનનાં કાર્યોને કરનાર સંકલ્પનો અગ્નિ હોવો જોઈએ તે કવિ છે, વિચારનો પરમ સંચાલક (प्रथमो मनोता) છે, વાણીનો તથા શબ્દનો પણ સંચાલક-પ્રેરક છે (उपवक्ता जनानाम्), હૃદયમાં કાર્ય કરતી શકિત છે (हृदिस्पृशं क्रतुम्), કાર્યનો તથા ગતિનો પ્રેરક છે, યજ્ઞ કાર્યમાં માનવનો દિવ્ય નેતા છે. તે યજ્ઞનો હોતા છે, તે દેવોને બોલાવી લાવે છે અને તેમને આહુતિ આપે છે, યોગ્ય વ્યવસ્થાપૂર્વક યોગ્ય ઋતુમાં યજન કરનાર ઋત્વિજ્ છે, પાવન કરનાર પોત્રી છે, પુરોહિત છે—યજમાનનો આગળ ઊભો રહેલો પ્રતિનિધિ છે, યજ્ઞનો નિર્વાહક છે—અધ્વર્યુ છે; તેનામાં બધાં યજ્ઞીય કાર્યો સંયુકત થયો છે. એ વાત સ્પષ્ટ સમજી શકાય તેવી છે કે

આ બધાં કાર્યો આંતર યજ્ઞમાં જાગ્રત થનાર, માનવની સભાન શકિતનાં અથવા દિવ્ય સંકલ્પનાં છે. આ અગ્નિએ બધા લોકોનું નિર્માણ કર્યું છે; આ સર્જનાત્મક શકિત (અગ્નિ જાતવેદસ્) બધા જન્મોને, લોકોમાં રહેલી સર્વ વસ્તુઓને જાણે છે; તે પૃથ્વીને જાણનાર, સ્વર્ગના કઠિન ઢોળાવ પર આરોહણ કેમ કરવું તે જાણનાર (आरोधनं दिवः), ઋતના માર્ગને જાણનાર છે, તે દેવ તથા માનવ વચ્ચે દૂતકર્મ કરે છે. આ વસ્તુઓ ભૌતિક અગ્નિને લાગુ કરવી તે કઠિન છે. જો આપણે અગ્નિ દેવનાં દિવ્ય કાર્યોનો તથા સ્વભાવનો વધારે વિશાળ અર્થ લઈએ, તો તે યોગ્ય રીતે લાગુ પડે છે. તે પૃથ્વીનો દેવ છે, ભૌતિક અસ્તિત્વની શકિત છે (अवमः); પણ કામનાના સંકલ્પની, ભક્ષણ કરતી, ધુમાડામાં પ્રજ્વલિત થતી, પ્રાણિક શકિત છે; વળી તે માનસિક શકિત પણ છે. માનવો તેને તારા-જડિત આકાશ જેવો (द्यामिव स्तृभिः) જુએ છે; આકાશ—અંતરિક્ષ—પૃથ્વી તેના પ્રદેશોનો ભાગ છે. પણ તે સ્વર્નો દેવ છે, સૂર્ય—દેવતાઓમાંનો એક છે; તે સૂર્ય રૂપે પ્રગટ થાય છે; તે ઋતમાં જન્મે છે, ઋતનો સ્વામી છે, ઋતનો તથા અમૃતનો રક્ષક છે, પ્રકાશયુકત ધણોને લાવી આપનાર તથા તેમનો રખેવાળ છે, સનાતન યુવાન છે, તે આગૂઢમય પશુઓને નવ-યૌવન અર્પે છે, અનંતતામાં તે ત્રિવિધ રીતે વિસ્તૃત છે. આ બધાં કાર્યો ભૌતિક અગ્નિ માટે કરવાં અશકય છે, પણ માનવમાં તથા વિશ્વમાં રહેલી, સચેતન, દિવ્ય સંકલ્પશકિતનાં તે યોગ્ય વિશેષણો છે. તે યુદ્ધનો વેગયુકત અશ્વ છે, વળી તે શ્વેત અશ્વને આપે છે; તે પુત્ર છે અને માનવ માટે તે પુત્રનું સર્જન કરે છે. તે યોદ્ધો છે, અને માનવ માટે તે યુદ્ધના વીરોને લાવી આપે છે. તે પોતાની જવાળા વડે દસ્યુઓનો તથા રાક્ષસોનો સંહાર કરે છે, તે વૃત્રનો નાશ કરે છે. આપણે આનો અર્થ માત્ર મર્ત્ય દ્રાવિડિયનોનો સંહાર કરનાર લઈશું કે યજ્ઞમાં વિરોધ કરનાર રાક્ષસોનો નાશ કરનાર લઈશું ? તે હજાર પ્રકારે જન્મે છે; ઓષધિઓમાંથી, કાષ્ઠમાંથી, જળોમાંથી તેનાં જનક બે અરણી—કાષ્ઠો છે; પણ આકાશ-પૃથ્વી પણ તેનાં પિતા તથા માતા છે; માનવો માટે ભૌતિક જીવન પર કરાયેલા, દિવ્ય માનસિક કાર્યમાંથી અગ્નિ જન્મે છે. દશ બહેનો તેની માતાઓ છે. યજ્ઞવિધિપરક અર્થઘટન કરનાર લોકો તેનો અર્થ દશ આંગળીઓ કરે છે. પણ વેદ તેમને દશ વિચાર-શકિતઓ (दहा धियः) રૂપે વર્ણવે છે. સ્વર્ગની મહીઓ, સાત નદીઓ, જ્ઞાનયુકત જળો, સ્વર્નાં જળો પણ તેની માતાઓ છે. આ રૂપકમયતાનો શો અર્થ છે ? શું આપણે આને પ્રાકૃતિક દૃશ્યોનું, ભૌતિક તત્ત્વનું, અગ્નિનાં કાર્યોનું માત્ર રૂપકમય વર્ણન છે, એવો અર્થ કરીશું ? તદ્દન હળવી ભાષામાં કહીએ, તો અહીં અગ્નિના ગહનતર માનસશાસ્ત્રીય કાર્યના વર્ણનની પ્રબળ શકયતા જણાઈ આવે છે. મૂળ પ્રશ્નના ઉકેલ

માટે આ મુખ્ય મુદ્દાઓ છે. અગ્નિનું કલેવર ઋચાઓમાંથી કેવી રીતે વિકાસ પામે છે તે આપણે જોઈએ. મનને તદ્દન ખુલ્લું રાખીને આપણે તપાસીએ કે અગ્નિ વૈદિક રહસ્યોના દેવોમાંનો એક દેવ છે કે નહિ. તેના પરથી એ વાતનો નિર્ણય આપણે કરી શકીશું કે વેદ યજ્ઞવિધિપરક સૂકતોનો અર્ધ-જંગલી ગ્રંથ, પ્રાથમિક દશાની પ્રકૃતિ-પૂજાનો એક ગ્રંથ છે કે પછી તે ઋષિઓનો અને ગૂઢવાદીઓનો એક ધર્મ-ગ્રંથ છે ?

મંડળ ૪, સૂક્ત ૭, મંત્રો ૧-૩

अयमिह प्रथमो धायि धातुभिर्होता यजिष्ठो अध्वरेष्वीड्यः ।
यमप्नवानो भृगवो विरुरुचुर्वनेषु चित्रं विभ्वं विशे विशे ॥१॥

अयं—આ (તમારી સમક્ષ). होता—આહુતિ આપનાર. प्रथमः પ્રથમ અથવા પરમ. यजिष्ठ (यष्टतमः), યજન કાર્ય માટે સૌથી વધારે બળવાન. अध्वरेषु ईड्यः યાત્રી યજ્ઞોમાં પૂજા-યોગ્ય इह धायि, અહીં મૂકવામાં સ્થાપવામાં આવ્યો છે. धातृभिः—વસ્તુઓનું વિધાન કરનારાઓ વડે. यम्—જેને. अप्नवानः भृगवः—અપ્નવાને તથા ભૃગુઓએ. विरुरुचुः—પ્રકાશિત કર્યો છે. वनेषु चित्रं—વનોમાં (અથવા કાષ્ઠોમાં) પ્રકાશયુકત (અથવા અનેક પ્રકારનો). विभ्वं—વ્યાપક. विशे-विशे—દરેક પ્રાણી અથવા માનવ માટે.

વિવેચનાત્મક નોંધ :

धातुभिः—સાયણ અર્થ કરે છે કે યજ્ઞ માટે કાર્ય કરનાર પુરોહિતો વડે. પણ વધારે સ્વાભાવિક અર્થ છે—દેવો, સ્રષ્ટાઓ, વસ્તુઓનું વિધાન કરનારાઓ વડે—જો કે તેનો અર્થ યજ્ઞ કાર્યની ગોઠવણી કરનારાઓ—એવો લઈ શકાય તેમ છે. દેવો સૃષ્ટિના ક્રમને ગોઠવે છે, દરેક વસ્તુને તેને યોગ્ય સ્થાને મૂકી આપે છે, દરેકના નિયમ પ્રમાણે તેના કાર્યમાં વ્યાપૃત કરે છે. તેમણે અગ્નિને અહીં (इह) મૂકયો છે. અહીં શબ્દનો અર્થ યજ્ઞમાં લઈ શકાય; પણ તેનો વધારે સાધારણ અર્થ છે—આ પૃથ્વી પર.

होता—સાયણ આ શબ્દનો અર્થ કેટલીક વાર કરે છે—દેવોને બોલાવનાર; કેટલીક વાર કરે છે—હોમ કરનાર, આહુતિ આપનાર. ખરી રીતે, તે શબ્દમાં આ બંને અર્થો રહેલા છે. અગ્નિ, હોતા તરીકે, મંત્ર વડે દેવોને યજ્ઞમાં બોલાવે છે, અને જ્યારે તેઓ આવે છે ત્યારે તેમને તેમનો ભાગ આપે છે.

अध्वरेषु—નિરુકતમાં આનો અર્થ કર્યો છે—હિંસા ન કરનાર (अ+ध्वर; ध्वृ, હિંસા કરવી); અર્થાત્ હિંસા-રહિત યજ્ઞ. જરૂર, તે યજ્ઞના વિશેષણ તરીકે વપરાય છે—अध्वरो यज्ञः । એટલે તે યજ્ઞના કોઈ સાહજિક લક્ષણને સૂચવતો હોવો જોઈએ. પણ 'હિંસા-રહિત' એટલો જ શબ્દ યજ્ઞને કેવી રીતે સૂચવી શકે?

असुर શબ્દ सुर નો નિષેધ વાચક નથી; પણ તે શબ્દ असु માંથી બન્યો છે. અને તેનો અર્થ થાય છે—બળવાન, શકિતશાળી. તે રીતે अध्वर શબ્દ अध्वन् (માર્ગ, યાત્રા)માંથી બન્યો છે. તેનો અર્થ થાય છે—આગેકૂચ કરતો, પૃથ્વીમાંથી સ્વર્ગ પ્રત્યે ગતિ કરતો, દેવોના માર્ગે અગ્નિ વડે દોરવણી અપાતો, યજ્ઞ. જો તે શબ્દને ધૃ ધાતુમાંથી બનેલો લેવો હોય તો તેનો અર્થ કરવો જોઈએ—વક્ર નહિ, સરળ. પછી अध्वर નો અર્થ થશે—દેવોના માર્ગે સીધીસટ, આડ—માર્ગે ફંટાયા વગર, ગતિ કરતો યજ્ઞ (ऋजु, पन्था अनृक्षरः).

ईडयः—સાયણનો અર્થ છે—ઋત્વિજો વડે સ્તુતિ કરવા યોગ્ય, ईड्, ईल् ના મૂળ અર્થ હોવો જોઈએ—ગતિ કરવી; પાસે જવું. પછી તેનો અર્થ થયો—માગણી કરવી, પ્રાર્થના કરવી. મેં તેનો અર્થ કર્યો છે—પૂજવા યોગ્ય, કામના કરવા યોગ્ય.

वनेषु—વેદમાં वन નો અર્થ વૃક્ષ, वन થાય છે; પણ તેનો અર્થ કાષ્ઠ પણ છે. चित्रम्—સાયણ કેટલીક વાર આનો અર્થ કરે છે—चायनीयं, પૂજ્ય; કેટલીક વાર વિચિત્ર, આશ્ચર્યકારક, જાત-જાતનો—એવો અર્થ કરે છે. અહીં તેનો અર્થ છે—અનેક પ્રકારે સુંદર. હું વેદના બધા મંત્રોમાં તે શબ્દનો તે જ અર્થ કરું છું, જેમ કે इन्द्र चित्रभानो (હે અનેક પ્રકારના તેજવાળા ઇન્દ્ર). તેનો અર્થ 'પૂજનીય' કરવાનું મને કોઈ કારણ જડતું નથી.

विभ्वं—સાયણ અર્થ કરે છે—વિભુ, સ્વામી. પણ વેદમાં विभु નો અર્થ ચોક્કસ છે— વિશાળ રીતે અસ્તિત્વને ધારણ કરતો, અથવા અસ્તિત્વમાં વિશાળ, અથવા વ્યાપક, પ્રચુર, સમૃદ્ધિશાળી. પાછળનાં સંસ્કૃતમાં તેનો અર્થ 'સ્વામી' થાય છે; પણ વેદના કોઈ પણ મંત્રમાં તેવો અર્થ થતો નથી. विभ्व અને विभु સમાનાર્થક છે.

અનુવાદ : વિધાતા વડે હોતાને, પરમ, યજ્ઞમાં સૌથી વધારે બળવાન, યાત્રી—યજ્ઞોમાં પૂજ્ય, જેને અપ્નવાને અને ભૃગુઓએ વ્યાપક રીતે પ્રકાશિત કર્યો હતો તેથી, સમૃદ્ધ રંગોવાળા અગ્નિને વનોમાં પ્રત્યેક માનવ માટે મૂકવામાં આવ્યો છે.

આ પ્રથમ ઋચા છે. બેશક, તેમાં કોઈ માનસશાસ્ત્રીય અર્થ નથી. બાહ્ય અર્થની દૃષ્ટિએ, આમાં અગ્નિના, યજ્ઞના હોતા તરીકેના ગુણોનું વિધાન છે. વેદિમાં પ્રજ્વલિત કરેલા અગ્નિ તરફ આંગળી ચીંધીને, પુરોહિતો વડે મુકાયેલા, અગ્નિનું આમાં કથન થયું છે. આ ઋચામાં કહ્યું છે કે પાવક અગ્નિ યજ્ઞ માટે, મહાન શકિત છે, તે દેવોમાં મુખ્ય દેવ છે, તે પૂજવા યોગ્ય છે, અપ્નવાને તથા બીજા ભૃગુઓએ અગ્નિને યજ્ઞના ઉપયોગ માટે શોધી કાઢયો હતો, અને પછી બીજા માનવો તેનો ઉપયોગ કરતા થયા હતા. જો આપણે એમ ન માનીએ કે તે ઋષિઓએ દાવાગ્નિ જોયો ન હતો, વૃક્ષોની શાખાઓના

સંઘર્ષ વડે ઉત્પન્ન થયેલા દાવાગ્નિને જોયા પછી તેમણે અગ્નિની શોધ કરી, અથવા તેમણે પ્રથમ દાવાગ્નિ રૂપે તેને પ્રજ્વલિત કર્યો, તો આ વિશાળ રીતે જાજ્વલ્યમાન વનોના અગ્નિનું વર્ણન આપણને અસંભવિત લાગે, તે આપણને માત્ર આલંકારિક અને વધુ પડતું લાગે.

પણ જો આપણે એમ માની લઈએ કે આ રૂપકની પીઠમાં, આંતર યજ્ઞના હોતા રૂપ અગ્નિનું સૂચન કરવામાં આવ્યું છે, તો પછી આ દૃશ્યોના વર્ણનની પીઠમાં શો અર્થ રહેલો છે તે વિચાર માગી લે છે. પ્રથમ શબ્દો આપણને કહે છે કે આ સચેતન સંકલ્પની જ્વાળા, આપણામાં રહેલી આ મહાન વસ્તુ (अयमिह), વિશ્વની વ્યવસ્થા કરનાર સ્રષ્ટારૂપ દેવોએ આપણામાં શકિત બનવા માટે મૂકેલી આ વસ્તુ—જે શકિત વડે માનવ પોતાના અસ્તિત્વમાં બીજી દિવ્ય શકિતઓને બોલાવે છે અને પોતાનાં જ્ઞાન—સંકલ્પ—આનંદ—આંતર જીવનની બધી સમૃદ્ધિને, યજ્ઞ કર્મ તરીકે, ઋતના સ્વામીઓને સમર્પિત કરે છે, તેવી એ મહાન શકિત છે. આ પ્રથમ શબ્દો દીક્ષિતને વૈદિક રહસ્યોના પાયાભૂત વિચારનું, યજ્ઞના અર્થનું, માનવમાં રહેલા દેવ-સંકલ્પના વિચારનું મર્ત્યોમાં રહેલા અમર્ત્યનું (अमर्त्यं मर्त्येषु) કથન કરે છે. આ જ્વાળાને પ્રથમ અથવા પરમ શકિત કહેવામાં આવી છે. દેવ-પરમાત્મા પ્રત્યે ગતિ કરતી સંકલ્પ-શકિત બીજી દેવ-ગામી શકિતઓને દોરવણી આપે છે; તેની હાજરી ઋત તથા અમૃત પ્રત્યેની ગતિની શરૂઆત છે, આગેકૂચનો અગ્રભાગ છે. રહસ્ય-વાદી સાધનામાં તે સૌથી મહાન શકિત છે, યજન માટે તે સૌથી વધારે બળવાન છે (यजिष्ठ). માનવનો યજ્ઞ યાત્રા છે, અને દિવ્ય સંકલ્પ તેનો નેતા છે. માટે આપણે પ્રથમ તેની પૂજા—સ્તુતિ કરવી જોઈએ, દરેક યજ્ઞકાર્યમાં તેની હાજરીની માગણી કરવી જોઈએ.

ઋચાની બીજી પંકિતમાં માનવોમાં આ જ્વાળાના જન્મનું—પ્રથમ શોધનું વર્ણન છે. વેદમાં તથા ઉપનિષદ્‌માં કહ્યા પ્રમાણે, આત્મા માનવના અસ્તિત્વની આંતર ગુહામાં નિગૂઢ છે (गुहा हित); તેનો સંકલ્પ દિવ્ય સંકલ્પ છે, આધ્યા-ત્મિક સંકલ્પ છે, જે આત્મામાં નિગૂઢ છે, આપણાં સર્વ બાહ્ય અસ્તિત્વમાં તથા કાર્યમાં હાજર છે, કારણ કે બધું અસ્તિત્વ તથા કાર્ય આત્માનું હોય છે; છતાં તેનો સત્ય સ્વભાવ, તેનું સાહજિક કાર્ય આધ્યાત્મિક શકિતના સાચા સ્વભાવ રૂપે પ્રગટ થતાં નથી, તે નિગૂઢ છે, તેમાં ફેરફાર થઈ જાય છે. વૈદિક વિચારણાનો આ પાયાનો વિચાર છે; જો આપણે તેનો બરાબર ખ્યાલ રાખીશું, તો આપણે વેદની લાક્ષણિક આકૃતિઓને સમજવા શકિતમાન બનીશું. પૃથ્વી ભૌતિક અસ્તિત્વની આકૃતિ છે; ભૌતિક જીવન—આનંદ—કાર્ય વગેરે પૃથ્વીની વૃદ્ધિઓ છે; તેથી તેમની આકૃતિઓ, વનો, વૃક્ષો, છોડ, સર્વ ઓષધિઓ છે.

અગ્નિ વૃક્ષોમાં તથા ઓષધિઓમાં નિગૂઢ છે; તે પૃથ્વીમાં ઊગતી બધી વસ્તુઓમાં (वनेषु) રહેલી ગૂઢ ઉષ્મા છે, અગ્નિ છે. જો આત્માની નિગૂઢ જ્વાળા તેમાં હાજર ન હોય, તો આપણે જે ભૌતિક જીવનમાં આનંદ લઈએ છીએ તેવી વસ્તુઓની વૃદ્ધિ ન થાય. બે અરણિ-કાષ્ઠોના સંઘર્ષણ વડે અગ્નિને પ્રગટ કરી શકાય છે; બીજા મંત્રોમાં તેને અંગિરસ્ ઋષિઓએ પ્રગટ કર્યો તેવો ઉલ્લેખ છે. આ ઋચામાં તે કાર્ય અપ્નવાને અને ભૃગુઓએ કર્યું એવું વર્ણન છે; પણ અગ્નિને પોતાના રૂપમાં પ્રકાશિત કરવાની પદ્ધતિનું વર્ણન કરવામાં નથી આવ્યું. માત્ર એટલું જ સૂચવવામાં આવ્યું છે કે તેમણે અગ્નિને વનોમાં વિચિત્ર પ્રકાશ વડે—સૌન્દર્ય વડે, વ્યાપક હાજરી રૂપે પ્રકાશમાન બનાવ્યો (वनेष् चित्रं विभ्वम्). આધ્યાત્મિક રૂપકમયતામાં આનો અર્થ થાય—માનવના ભૌતિક જીવનમાં દિવ્ય સંકલ્પ તથા જ્ઞાનની જ્વાળાનો આવિર્ભાવ, જે માનવની વૃદ્ધિઓને, તેના સમગ્ર અસ્તિત્વને—કાર્યને—આનંદને પકડીને પોતાનું ભક્ષ્ય બનાવે છે (अन्नम्) અને તેનું ભક્ષણ કરીને આધ્યાત્મિક અસ્તિત્વની સામગ્રીમાં રૂપાન્તર કરે છે. પણ દરેક માનવના ભૌતિક જીવનમાં આ આત્માનો આવિર્ભાવ ભૃગુઓએ કર્યો હતો (विशे विशे)—આપણે માની લેવું જોઈએ કે તેમણે યજ્ઞની વ્યવસ્થા વડે તે કાર્ય સિદ્ધ કર્યું હતું. તેમણે આ અગ્નિને, દિવ્ય સંકલ્પ-શકિતની સાધારણ જ્વાળાને યજ્ઞનો હોતા બનાવી હતી.

પ્રશ્ન એ છે કે અપ્નવાન જેમનો મુખ્ય હતો તેવા આ ભૃગુઓ કોણ છે ? અંગિરસ્ ઋષિઓની પેઠે ભૃગુઓ વૈદિક આધ્યાત્મિક જ્ઞાનના તથા સાધનાના સંસ્થાપકો હતા, એ ઐતિહાસિક પરંપરાને જાળવી રાખવા માટે જ શું તેમના નામનો અહીં ઉલ્લેખ થયો છે ? પણ ચોથી ઋચામાં આવેલો (भृग वाणम्) વિશેષણ—શબ્દ પ્રથમ ઋચા સાથે સંબંધિત છે, અને તે વિશેષણ આ માન્યતાનો વિરોધ કરે છે. સાયણ તેનો અર્થ કરે છે—ભૃગુની પેઠે કાર્ય કરતો; અને ભૃગુની પેઠે કાર્ય કરવું એટલે પ્રકાશવું. આમાંથી એક વાત સિદ્ધ થાય છે, કે જેનો સ્વીકાર યજ્ઞવિધિપરક અર્થઘટન કરનારાઓએ પણ કર્યો છે, અને તે એક પરંપરાગત કેટલાક ઋષિઓ તથા તેમનાં કુટુંબો રૂપકમય છે. વેદમાં ભૃગુઓ (भृज्, પ્રકાશવું) સ્પષ્ટ રીતે જ્ઞાનના સ્વામી સૂર્યની પ્રજ્વલન-શકિતઓ છે, જેવી રીતે અંગિરસ્ ઋષિઓ અગ્નિનાં સાત તેજો છે (सप्त धामानि) તેમ સાયણ તેનો અર્થ કરે છે—અગ્નિના સાત અંગારા; પણ તે તો માત્ર વ્યુત્પત્તિશાસ્ત્રનું ચાતુર્ય છે. વેદમાં મારા કથનનાં અનેક સૂચનો મળી આવે છે, પણ દશમા મંડળમાં તો તે વાત સ્પષ્ટપણે કહેવાઈ છે. આ રીતે સમગ્ર વિચાર ખાતરી કરાવી આપે તેવી સ્પષ્ટતાપૂર્વક પ્રગટ થાય છે. ભૃગુઓ આંતર-દર્શનાયુકત જ્ઞાનની, ઋષિજ્ઞાનની શકિતઓ હતા, જેમણે આધ્યાત્મિક

સંકલ્પ-શકિતની શોધ કરી તેને દરેક માનવ માટે સુલભ બનાવી હતી. अप्नवान्નો અર્થ થાય છે કર્મ કરનાર, પ્રાપિ કરનાર. ભૃગુઓએ જેના વડે શોધ કરી તે આંતર-દર્શનાના પ્રકાશમાં આરોહણ કરી પ્રાપ્તિ કરનાર ઋષિ-જ્ઞાન તે આપ્નવાન્ છે. આ ઋચાના અર્થને પરિપૂર્ણ કરે છે.

તરત એવી દલીલ કરવામાં આવશે કે આવું કશું તો ઋચામાં સ્પષ્ટ રીતે કહેવામાં આવું નથી, તેવો અર્થ કરવાની કોઈ ચાવી તેમાં મળી આવતી નથી. હા, સાચી વાત છે; કોઈ વાસ્તવિક ચાવી નથી મળી આવતી, પણ માત્ર ગૂઢ સૂચનો મળે છે, જેમના તરફ દુર્લક્ષ સેવવું અથવા જેમને ગણતરીમાં ન લેવાં તે બહુ સહેલું છે. પણ તે સૂચનોને અદીક્ષિતો—અદીક્ષિત પંડિતો પણ ન સમજે તેવો જ ઋષિઓનો આશય હતો. હું આ સૂચનોને વેદના બાકીના ભાગમાં કરાયેલાં સૂચનોમાંથી લઈ આવું છું. આ પ્રથમ ઋચાનો તદ્દન યજ્ઞવિધિપરક અર્થ કરવો એ શકય છે. પણ તે એકલી જ વિચારવામાં આવે તો. આપણે તેના પરથી વેદની બીજી ઋચાઓનું અધ્યયન કરવા માંડીએ, કે તરત આપણને અનેક માનસશાસ્ત્રીય સૂચનોનો સમૂહ પ્રાપ્ત થાય છે. અરે, બીજી ઋચામાં જ આપણને તેવાં સૂચનો મળી રહે છે.

अग्ने कदा त आनुषग् भुवद् देवस्य चेतनम् ।
अधा हि त्वा जगृभ्रिरे मर्तासो विक्ष्वीड्यम् ।।२।।

अग्ने, હે અગ્નિ. कदा, ક્યારે. ते देवस्थ चेतनम्—દેવ એવા તારા જ્ઞાન (ચેતના) પ્રત્યે જાગૃતિ. आनुषग् भुवत्—સતત બનતી રહે. अधा हि, કારણ કે ત્યારે. मर्तासः, મર્ત્યોએ. त्वा जगृभ्रिरे—તારું ગ્રહણ (ધારણ) કર્યું. विक्षु ईड्यम—માનવોમાં પૂજા યોગ્ય.

વિવેચનાત્મક નોંધ :

देवस्य —સાયણ કેટલીક વાર देवનો અર્થ દેવ કરે છે, અને કેટલીકવાર વિશેષણ રૂપે માત્ર 'પ્રકાશતો' એમ કરે છે. દેવો, દેવો કહેવાય છે, કારણ કે તે પ્રકાશમાન છે, પ્રકાશના પુત્રો છે. ઋષિઓના મનમાં તે શબ્દ તેની સ્મૃતિ ઉત્પન્ન કરતો હતો. પણ મારું માનવું છે કે देव શબ્દ વેદમાં માત્ર રંગ-વિહોણું વિશેષણ નથી. બધા મંત્રોમાં તેનો અર્થ દેવ અથવા દિવ્ય, સરસ રીતે લાગુ પડે છે. તો પછી આપણે શા માટે તેનો બીજો અર્થ કરવો તે મને સમજાતું નથી.

चेतनम्—સાયણ આનો અર્થ તેજ કરે છે. પણ चित् ધાતુનો અર્થ પ્રકાશવું નથી થતો. તેનો હમેશાં અર્થ થાય છે—સભાન થવું, જાણવું, જ્ઞાન પ્રાપ્ત

કરવું. चेतयति, चेतति—જ્ઞાન આપે છે, જાણે છે. चेतस्, હૃદય, મન, જ્ઞાન, चैतन्यम् ચેતના. चित्तम् હૃદય, મન, ચેતના. અહીં તેનો માનસશાસ્ત્રીય અર્થ ન લેતાં પ્રકાશ—તેજનો અર્થ લેવો તે પ્રશ્નમાંથી છટકી જવા બરાબર છે.

अधा—આ રીતે અથવા તે રીતે; ત્યારે અથવા અત્યારે. સાયણ તેનો અર્થ કરે છે—તેટલા માટે, અને તેને भुवत् સાથે સંબંધિત કરી हि (કારણ કે) ના અર્થની તૈયારી કરે છે. શા માટે તારું તેજ સતત હોવું જોઈએ ? કારણ કે..... આમાં અસ્વાભાવિક મચડવાપણું છે; તે અર્થના સીધા ક્રમની ગતિથી વિરુદ્ધ છે.

जगृभ्रिरे—આ વૈદિક રૂપ છે. વૈયાકરણિઓ તેને ગ્રહ્ (ह् નો भ् થઈ જાય છે), ગ્રહણ કરવું, પકડવુંમાંથી બનેલું રૂપ કહે છે. કદાચ પ્રાચીન गृभ् ધાતુ પણ હોઈ શકે.

અનુવાદ : હે જવાળા, જ્ઞાન પ્રત્યે તારી જાગૃતિ સતત ક્યારે બની રહેશે ? કારણ કે, ત્યારે માણસો માટે પૂજ્ય એવા તારું ગ્રહણ થયું હશે.

અહીં આપણને चेतनम् શબ્દમાં માનસશાસ્ત્રીય અર્થનું સૂચન સ્પષ્ટ રીતે મળે છે. પણ અગ્નિનું આ સતત જ્ઞાન અથવા જ્ઞાન પ્રત્યે જાગૃતિ એ શું છે ? માનસશાસ્ત્રીય અર્થને દૂર રાખવા માટે આપણે चेतनम्નો અર્થ ચેતના કરી શકીએ, અને ચેતના એ પ્રજ્વલનનું કાવ્યમય રૂપકમાં વર્ણન છે, એમ કહી શકીએ. પણ આ आनुषग् चेतनं ની પુનરાવૃત્તિ પાંચમી ઋચાના अग्निर्देवस्य आनुषक् चिकित्वांसम् શબ્દોમાં થાય છે. તેમાં તેનો અર્થ—સચેતન જ્ઞાન છે, માત્ર પ્રજ્વલન નથી, એ વાત સ્પષ્ટ છે. પછીની ત્રીજી ઋચામાં चेतनम् ના અર્થને વળી પાછો ઋષિએ ऋतावानं विचेतसं (ઋતથી યુકત, પરિપૂર્ણ જ્ઞાનવાળો) શબ્દોમાં પ્રતિધ્વનિત કર્યો છે. આ નિશ્ચિત સૂચન તરફ આંખ-મીંચામણાં કરવાં, અને चेतनंનો અર્થ માત્ર પ્રજ્વલન કરવો, એ તો માત્ર પ્રશ્નમાંથી છટકબારી શોધવા જેવું છે. ત્યારે શું એનો અર્થ એવો લેવો કે આ ભૌતિક યજ્ઞના અગ્નિનું સતત પ્રજ્વલન છે, તેની જવાળાઓ તે દેવનું શરીર છે, અને તે શરીરમાં સચેતન દેવતા રહેલી છે ? તો પછી અગ્નિના જ્ઞાનની વાતનું શું ? એમ ઉત્તર આપી શકાય કે તે માત્ર હોતા તરીકે જ્ઞાનયુકત છે, તે સ્વર્ગના માર્ગને જાણનાર (कवि-ઋચા ૮) છે. તો પછી ऋतावानं विचेतसं નું શું ? તે વિશેષણો એમ સ્પષ્ટ બતાવે છે કે અગ્નિ પાસે કોઈ મહત્તર જ્ઞાન છે, કોઈ મહાન ઋત છે. શું તે કેવળ ભૌતિક અગ્નિ-દેવનું વર્ણન છે ? કે પછી તે માનવમાં રહેલી, માનવના જગતમાં રહેલી, પરમાત્માની સંકલ્પ-શકિતની આંતરજવાળાના જ્ઞાનનું વર્ણન છે, અતિથિનું, કવિનું, પ્રકાશમય દેવનું વર્ણન છે ?

હું તેનો અર્થ આવો કરું છું. ઋષિ આ આંતરજવાળાને ઉદ્દેશીને કહે

છે 'તું મારામાં, મારા યજ્ઞની વેદિમાં, સતત ક્યારે પ્રકાશીશ ? તું અવિક્ષિપ્ત ક્રમ-સંબંધ-વ્યવસ્થા-જ્ઞાનના આવિર્ભાવોની પરિપૂર્ણતા આપવા માટે જ્ઞાનની શકિત-રૂપ ક્યારે બની રહીશ, ક્યારે સંપૂર્ણ રીતે તેના શબ્દોનું (काव्यानि) ઉચ્ચારણ કરતો રહીશ ?' જો તેનો અર્થ આંતરજ્વાળા લઈએ, તો આવો અર્થ થાય. આપણે યાદ રાખવું જોઈએ કે વૈદિક રૂપકમયતા અનુસાર, આખા રૂપકમય વર્ષ સુધી, અંગિરસોના યજ્ઞના નવ કે દશ મહિના સુધી, સતત યજ્ઞ કરવા વડે, અંધકારની ગુહામાં સંતાડેલા, ઋતના સ્વામી સૂર્યને પુનઃ પ્રાપ્ત કરવામાં આવ્યો હતો. પ્રત્યેક યજ્ઞની પુનરાવૃત્તિ આ આવિષ્કારક અગ્નિના સાતત્ય માટેની તૈયારી-રૂપ છે. ત્યારે જ માણસો અગ્નિને અવાર-નવાર અરણિનું મંથન કરીને (વારંવાર દબાણ દ્વારા) પ્રગટ નથી કરતા, પણ સંકલ્પની તથા જ્ઞાનની આંતર જ્વાળાનું સતત ધારણ કરે છે, તે દેવને સતત પ્રત્યક્ષ બતાવે છે, તેનું સર્વ સચેતન, વિચાર કરતાં, પ્રાણીઓમાં દર્શન તથા પૂજન કરે છે. જો આપણે અધા-નો અર્થ 'અત્યારે' કરીએ, તો તેનો અર્થ આવો થાય—અત્યારના માણસોમાં આ જ્વાળા સતત નથી, પણ તેઓ યજ્ઞના પ્રયાસ વડે, તેટલા ગાળા માટે જ તેનું ગ્રહણ કરે છે. પણ એ અર્થ સરળ અને શબ્દોમાંથી સ્વાભાવિક રીતે પ્રગટ થતો નથી. અગ્નિ સતત પ્રગટ થાય ત્યાર પહેલાં, અત્યારની સ્થિતિમાં અગ્નિનું જે કાર્ય થાય છે, તેનું વર્ણન પછીની ત્રીજી અને ચોથી ઋચાઓમાં કરવામાં આવ્યું છે. પાંચમી ઋચામાં ઋષિ જ્ઞાનની મહત્તાર સતત જ્વાળાના વિચાર પર ફરી પાછા આવે છે, આનુષક ચેતનં માંના વિચારને આનુષક चिकित्वांसं શબ્દો દ્વારા વધારે અર્થવત્તાપૂર્વક વ્યકત કરે છે. મને આ સૂકતમાં આવેલા વિચારનો આ સ્વાભાવિક, સ્પષ્ટ ક્રમ લાગે છે.

ऋतावानं विचेतसं पश्यन्तो द्यामिव स्तुभिः ।
विश्वेषामध्वराणां हस्कर्तारं दमे दमे ॥३॥

पश्यन्तः—તેને જોતા. ऋतावानं (ऋत्वन्तम्)—ઋતવાળો. विचेतसम्—સંપૂર્ણરીતે જ્ઞાનયુકત. द्यामिव स्तुभिः—તારાજડિત આકાશ જેવો. हस्कर्तारम्—પ્રકાશિત કરનાર. विश्वेषां अध्वराणां—બધા યાત્રી—યજ્ઞોનો. दमेदमे (गृहेगृहे)—દરેક ઘરમાં.

વિવેચનાત્મક નોંધ :

ऋतावानम् (ऋत्+वन्) વેદમાં वन् પ્રત્યય પાછળના સંસ્કૃતના वन् પ્રત્યયની પેઠે સ્વામિત્વવાચક છે. ऋत શબ્દ ऋ, ગતિ કરવી એ ધાતુમાંથી બન્યો છે. (જેથી તેનો અર્થ જળ થાય છે.) ऋषि શબ્દ પણ તે ધાતુમાંથી બન્યો છે. જેના પ્રત્યે આપણે ગતિ કરીએ, શોધ કરીએ, જેને પ્રયત્નપૂર્વક

શીખીએ, તે ऋत છે, સત્ય છે. પણ તે ऋजु, સરલતા (સરખાવો લૅટિન rechtm-રેકટમ) માંથી પણ આવ્યો હોય. (ऋजु પણ ऋ ધાતુમાંથી બન્યો છે.) તેનો અર્થ યજ્ઞ કેવી રીતે થયો, તે બરાબર સ્પષ્ટ નથી. કદાચ rite (રાઈટ, વિધિ, નિયમ)માંથી, અનુસરાતી લીટી (સરખાવો લૅટિન regula (રેગ્યુલા) નિયમ, કાર્ય) માંથી તે આવ્યો હોય, યજ્ઞનું કાર્ય એવો અર્થ લેવાયો હોય. ગતિવાચક ધાતુઓ ઘણી વાર કર્મવાચક પણ હોય છે, દાખલા તરીકે चरितम्, वृत्तम्. સાયણ કહે છે કે ऋतावानो અર્થ થાય છે—ऋतથી અથવા યજ્ઞથી મુકત. પણ અહીં તે અર્થ કરે છે સત્યમય, છળકપટથી રહિત, અમાયાવી. બીજે જ્યાં અગ્નિને सत्य કહ્યો છે, ત્યાં તે સત્યફલ, યજ્ઞના સાચા ફળને આપનાર, એવો અર્થ કરે છે. પણ મોટે ભાગે તે ऋत નો અર્થ યજ્ઞ જ કરે છે. પણ અહીં તો સ્પષ્ટ જ છે કે ऋतावान् એટલે ऋतથી પૂર્ણ, પછી અગ્નિના ऋतને આપણે ગમે તે પ્રકારનું સમજીએ.

विचेतसम्—સાયણ આનો અર્થ કરે છે—विशिष्ट ज्ञानं, ખાસ મહાન જ્ઞાનવાળો. ઉપનિષદોમાં તથા પાછળના સંસ્કૃતમાં જેમ प्रज्ञान અને विज्ञानના અર્થો ભિન્ન ભિન્ન છે, તેમ વેદમાં प्रचेताः અને विचेताः ના અર્થો ભિન્ન ભિન્ન છે. चेतः અથવા चित्ति નો અર્થ છે ज्ञान. ज्ञान શબ્દ પાછળના સંસ્કૃતમાં વપરાય છે, વેદમાં વપરાયો નથી. प्र તે જ્ઞાનને અમુક પદાર્થ પ્રત્યે પ્રયોજાયેલું બતાવે છે. એટલે प्रचेताः નો અર્થ છે— બુદ્ધિશાળી, સામાન્ય અર્થમાં જ્ઞાનયુકત (સાયણ એ રીતે विशिष्ट ज्ञान અર્થ કરે છે, તે બે શબ્દો વચ્ચે અર્થભેદ કરતા નથી.) वि વિશાળતાસૂચક છે, તે વ્યાપકતા તથા ઉત્કૃષ્ટ માત્રા સૂચવે છે, એટલે विचेताः નો અર્થ થાય—પરિપૂર્ણ-સમગ્ર તથા દરેક ભાગના જ્ઞાનવાળો.

हस्कर्तारम् हस् ધાતુનો અર્થ છે પ્રકાશવું (हस्, હસવું, તે ધાતુમાંથી આવ્યું છે). कृ એટલે કરવું. हस्कर्तारम् પ્રકાશમાન. સાયણ આનો અર્થ કરે છે યજ્ઞોનો પ્રકાશક.

दमेदमे—વેદમાં दम નો અર્થ થાય છે ઘર (સરખાવો ગ્રીક domos—ડોમોસ અને લૅટિન domus—ડોમસ). પાછળથી તેનો 'ઈન્દ્રિય નિગ્રહ' અર્થ થયો છે, તે વેદમાં ગેરહાજર છે.

અનુવાદ : તેઓ ऋतના સ્વામીને, તારાજડિત આકાશ પેઠે પરિપૂર્ણ જ્ઞાનવાળા, દરેક ઘરમાં યાત્રી–યજ્ઞોને પ્રકાશિત કરનાર, અગ્નિને જુએ છે.

આ ऋચામાંનો विचेतसं શબ્દ આગલી ऋચામાંના चेतन શબ્દના વિચાર સાથે સંબંધિત છે. તેનો અર્થ છે—પરિપૂર્ણ જ્ઞાનવાળો, અને તેને ऋतवानं—ऋतથી યુકત, શબ્દ સાથે વાપર્યો છે. આ વિશેષણો ભૌતિક અગ્નિને લાગુ

પડી શકે નહિ. તે અગ્નિદેવ માટે વપરાયાં છે. એટલે પાછલી ઋચામાંના તે चेतनम् નો અર્થ થાય--જ્ઞાન પ્રત્યે જાગ્રત થનાર અથવા માનવને જ્ઞાન પ્રત્યે જાગ્રત કરનાર. चेतयति એટલે જાણવું. અથવા જણાવવું; તે ભૌતિક અગ્નિનું પ્રજ્વલન નથી. પણ અગ્નિનાં આ ઋત તથા જ્ઞાન કયા પ્રકારનાં છે? આગામી પંક્તિમાં તેમને તેના યજ્ઞ-પ્રકાશનના કાર્ય સાથે સંબંધિત કરવામાં આવ્યાં છે (अध्वराणां हस्कर्तारम्). તે યજ્ઞને કયા પ્રકારનો પ્રકાશ આપે છે? તે તારાજડિત આકાશ સમાન દેખાય છે–એ કથનનો અર્થ શો? વિદ્વત્તાપૂર્ણ ચતુરાઈથી, પણ સાહિત્યિક નિર્ણય પ્રત્યે તથા સાદી સમજ પ્રત્યે આંખઆડા કાન કરીને, સાયણ કહે છે કે અગ્નિના ઊડતા તણખા તારાઓ જેવા પ્રકાશે છે, અને તેથી અગ્નિને આકાશ સમાન કહ્યો છે, જોકે स्तृभिः ના અર્થ અહીં ઊડતા તારાઓ—ધૂમકેતુઓ છે એમ માનવાને કોઈ કારણ નથી. વેદિમાં બળતા અગ્નિનું વર્ણન કોઈ આંખોવાળો બુદ્ધિશાળી કવિ આ રીતે કરે, તે મારી કલ્પનામાં આવી શકતું નથી. જો તે અર્થ લઈ શકાય તેવો ન હોય, તો આ વર્ણન આલંકારિક છે, અને તે અલંકાર બહુ ખરાબ, અતિશયોકિતપૂર્ણ અને દુષ્ટ છે. તો પછી તે ઋચાનો અર્થ એટલો જ થશે કે માણસો આ જ્ઞાન-યુકત, ઋતયુકત અગ્નિને યજ્ઞના સમગ્ર કાર્ય પર પ્રકાશ પાથરતા, વેદિમાંના ભૌતિક અગ્નિ તરીકે જુએ છે. પછી તો પેલાં બે વિશેષણો પણ બેહૂદા અલંકાર-રૂપ બની જાય છે; પછી તો અગ્નિના જ્ઞાનના વિચારને તારાજડિત આકાશના સાદૃશ્ય સાથે કશો જ સંબંધ નહિ રહે, અથવા આ ઋચાના મુખ્ય વિચાર-રૂપ યજ્ઞના પ્રકાશન સાથે કશો સંબંધ નહિ રહે.

હું એવી ન્યાયી માન્યતા સ્વીકારીને ચાલું છું કે વેદના બીજા ઋષિઓની પેઠે, વામદેવ ઋષિના મનમાં તેના મનમાંના વિચારોના પરસ્પર સંબંધનું વધારે ગાઢ ભાન હતું. પાછલી ઋચામાં વામદેવે તેની પાસે જે નથી તે અગ્નિના સતત જ્ઞાનની કામના કરી છે, કે જ્યારે માણસો તેને પ્રાપ્ત કરી શકે છે અને તેનું ધારણ કરી શકે છે; એ વાત આપણે યાદ રાખવી જોઈએ. પણ ભૃગુઓએ દરેક માણસના ઉપયોગ માટે અગ્નિને સુલભ બનાવ્યો ત્યાર પહેલાં તેઓ તેને સતત કેવી રીતે જોઈ શકે? તેઓ તેને ઋતના સ્વામી તરીકે, પરિપૂર્ણ જ્ઞાનયુકત તરીકે જોઈ શકે. પણ હજી તેમણે તેના પર સંપૂર્ણ સ્વામિત્વ મેળવ્યું નથી, તેને સંપૂર્ણ ઋત તથા જ્ઞાનથી યુકત એવો પ્રાપ્ત કર્યો નથી; તે માત્ર તારાજડિત આકાશ જેવો, યજ્ઞનો પ્રકાશક દેખાય છે. તારાજડિત આકાશ એટલે રાત્રિનું, સૂર્ય-વિહોણું આકાશ. વેદમાં અગ્નિને રાત્રિમાં પ્રકાશતો, ઉષાના આગમન સુધી રાત્રિઓ દરમિયાન પ્રકાશ આપતો વર્ણવ્યો છે, અને ઉષાને પણ તે ઇન્દ્રને તથા અંગિરસોને મદદ કરીને લઈ આવે છે. જો આપણે

અગ્નિનો અર્થ આંતરજ્વાળા લઈએ, તો આપણને ધ્યાન ખેંચે તેવો, યોગ્ય, ગહન અર્થ મળી રહે છે. વેદમાં જેમ દિવસ અને સૂર્ય-પ્રકાશ પ્રકાશયુકત માનસનું રૂપક છે, તેમ અંધકાર અને રાત્રિ અજ્ઞાન માનસનું રૂપક છે. પણ દિવસ અથવા સતત જ્ઞાનનો ઉદય થાય, ત્યાર પહેલાં અગ્નિના પ્રકાશો રાત્રિના આકાશમાંના તારાઓ સમાન હોય છે. પૃથ્વી જેમ શારીરિક અસ્તિત્વ છે, તેમ આકાશ માનસિક અસ્તિત્વ છે; અગ્નિનું સર્વ ઋત તથા જ્ઞાન તેમાં વિદ્યમાન છે, પણ તે રાત્રિના અંધકારથી પ્રચ્છન્ન છે. માણસો જાણે છે કે આ પ્રકાશ આકાશને વ્યાપીને રહેલો છે, પણ તેઓ અગ્નિએ પ્રગટાવેલા તારાઓ રૂપી પ્રકાશોને જ પોતાનાં આકાશોમાં જુએ છે.

મહાન દેવ નિર્મુક્ત થયો છે

મંડળ ૫, સૂક્ત ૧

અનુવાદ અને સમજૂતી :

अबोध्यग्निः समिधा जनानां प्रति धेनुमिवायतीमुषासम्
यह्वा इव प्र वयामुज्जिहानाः प्र भावनः सिस्रते नाकमच्छ ।।१।।

(૧) માણસો વડે સમિધથી પ્રજ્વલિત થયેલો અગ્નિ આવતી સૂર્ય-ધેનુ જેવી ઉષા પ્રત્યે જાગ્રત થયો છે. વિશાળ વહન માટે ધસતાં જળોની પેઠે, તેની જ્વાળાઓ આકાશ (સ્વર્ગ) પ્રત્યે ગતિ કરે છે.

अबोधि होता यजथाय देवानूर्ध्वो अग्निः सुमनाः प्रातरस्थात् ।
समिद्धस्य रुशददर्शि पाजो महान् देवस्तमसो निरमोचि ।।२।।

(૨) દેવોનું યજન કરવા માટે હોતા જાગ્રત થયો છે; પ્રાતઃકાળમાં પરિપૂર્ણ મનવાળો અગ્નિ ઊર્ધ્વમાં ઊભો છે. જ્યારે તેને સંપૂર્ણ રીતે પ્રજ્વલિત કરવામાં આવ્યો, ત્યારે તેની એકત્રિત થયેલી રકતવર્ણી શકિત દેખાઈ હતી. અંધકારમાંથી મહાન દેવ નિર્મુકત થયો છે.

यदीं गणस्य रशनामजीगः शुचिरङ्क्ते शुचिभिर्गोभिरग्निः ।
आद् दक्षिणा युज्यते वाजयन्त्युत्तानामूर्ध्वो अधयज्जुहूभिः ।।३।।

(૩) જ્યારે તેણે પોતાના ગણની જિહ્વાને બહાર કાઢી, ત્યારે પોતાનાં કિરણોનાં વિશુદ્ધ ધણો સાથે, અગ્નિનું કાર્ય વિશુદ્ધ હોય છે; ત્યારે વૃદ્ધિ પામતા પ્રાચુર્યમાં વિવેચના-શકિતની દેવી પોતાનાં કાર્યોમાં જોતરાય છે; છતી સૂતેલી તેના વડે, ઊર્ધ્વમાં રહેલો તે પોતાની જાજવલ્યમાન જ્વાળાઓ વડે, પોષણ પામેલો તે પરિપુષ્ટ બને છે.

अग्निमच्छा देवयतां मनांसि चक्षूषीव सूर्ये सं चरन्ति ।
यदीं सुवाते उषसा विरूपे श्वेतो वाजी जायते अग्रे अह्नाम् ।।४।।

(૪) જ્યારે તેમની આંખો સૂર્યમાં સંચરે છે, ત્યારે દેવત્વના શોધકોનાં મન અગ્નિ પ્રત્યે ગતિ કરે છે. જ્યારે બે ભિન્ન ભિન્ન રૂપોવાળી ઉષાઓ તેને જન્મ આપે છે, ત્યારે તે દિવસોના અગ્રભાગમાં (શકિતઓને મોખરે), અસ્તિત્વના શ્વેત અશ્વ રૂપે જન્મે છે.

जनिष्ट हि जेन्यो अग्रे अहनां हितो हितेष्वरुषो वनेषु ।
दमेदमे सप्त रत्ना दधानोऽग्निर्होता नि षसादा यजीयान् ।।५।।

(૫) સહાયક દેવોમાં સહાયક, આનંદ માણનારાઓમાં સક્રિય, આનંદપૂર્ણ, તે દિવસોના અગ્રભાગમાં જન્મ્યો છે. આપણા દરેક ઘરમાં સાત પ્રકારના આનંદોને સ્થાપિત કરતો, આહુતિ આપતો, યજન કરવામાં શકિતશાળી, અગ્નિ પોતાના આસન પર બેઠો છે.

अग्निर्होता न्यसीदद् यजीयानुपस्थे मातुः सुरभा उ लोके ।
युवा कविः पुरुनिःष्ठ ऋतावा धर्ता कृष्टीनामुत मध्य इद्धः ।।६।।

(૬) યજનમાં શકિતશાળી, હોતા અગ્નિ આનંદપૂર્ણ અંતરિક્ષમાં, માતાના ખોળામાં બેઠો છે. યુવાન, ઋષિ, પોતાના મકાનનાં અનેક ઘરોમાં બેઠેલો, ઋતથી પૂર્ણ, આપણાં કાર્યોને ધારણ કરતો, તે માનવોની મધ્યમાં પ્રજ્વલિત થયો છે.

प्र णु त्यं विप्र मध्वरेषु साधुमग्निं होतारमीलते नमोभिः ।
आ यस्ततान रोदसी ऋतेन नित्यं मृजन्ति वाजिनं घृतेन ।।७।।

(૭) સાચે જ, પ્રકાશયુકત ઋષિ, આપણને આ નિમ્ન ક્રિયાઓમાં પરિપૂર્ણ બનાવતા, હોતા, અગ્નિની તેઓ નમન—સમર્પણ વડે પૂજા કરે છે. ઋત વડે જેણે આકાશ—પૃથ્વીનો વિસ્તાર કર્યો તેવા પદાર્થ-તત્ત્વના સનાતન સ્વામી, અગ્નિની તેઓ સમૃદ્ધ ઝરતાં બિંદુઓ વડે વૃદ્ધિ કરે છે (અથવા, પ્રકાશિત કરે છે).

मार्जाल्यो मृज्यते स्वे दमूनाः कविप्रशस्तो अतिथिः शिवो नः ।
सहस्रशृंगो वृषभस्तदोजा विश्वाँ अग्ने सहसा प्रास्यन्यान् ।।८।।

(૮) સદા બળવાન, આપણામાં પોતાના આસન પર બેઠેલો, આપણો કલ્યાણકારી અતિથિ, અગ્નિ વધારે બળવાન બને છે. હજારો જ્વાળાઓ રૂપી અશ્વોવાળો, તે બળથી યુકત, વૃષભ એવો તું, હે અગ્નિ, તારા બળ વડે તું બીજા સર્વ કરતાં આગળ છે.

प्र सद्यो अग्ने अत्येष्यन्याना विर्यस्मै चारुतमो बभूथ ।
ईलेन्यो वपुष्यो विभावा प्रियो विशामतिथिर्मानुषीणाम् ।।९।।

(૯) હે અગ્નિ, અતિશય મનોહર, પૂજવા યોગ્ય, સુંદર શરીરવાળો, વિશાળ પ્રકાશવાળો, માનવ લોકોનો પ્રિય અતિથિ, તું જેના આગળ પ્રગટ થાય છે, તેને તું બીજા બધા કરતાં આગળ લઈ જાય છે.

तुभ्य भरन्ति क्षितयो यविष्ठ बलिमग्ने अन्तित ओत दूरात् ।
आ भन्दिष्ठस्य सुमतिं चिकिद्धि बृहत् ते अग्ने महि शर्य भद्रम् ।।१०।।

(૧૦) હે ખૂબ યુવાન બળવાન અગ્નિ, પાસેથી તેમ જ દૂરથી બધા માનવો તેમની આહુતિઓ તારામાં અર્પણ કરે છે. હે અગ્નિ, ખૂબ સુખી માનવના પરિપૂર્ણ મનને તું જો; કારણ કે તારી કલ્યાણકારી શાન્તિ વિશાળ અને મહાન છે.

आद्य रथं भानुमो भानुमन्तमग्ने तिष्ठ यजतेभिः समन्तम् ।
विद्वान् पथीनामुर्वन्तरिक्षमेह देवान् हविरद्याय वक्षि ।।११।।

(૧૧) હે પ્રકાશમાન અગ્નિ, યજ્ઞના સ્વામીઓ સાથે, આજે તું તારા પરિપૂર્ણ, પ્રકાશયુકત રથમાં સ્થિતિ કર. તું તે માર્ગોને જાણે છે; વિશાળ અંતરિક્ષમાં થઈને, તું દેવોને અમારી આહુતિઓ ખાવા માટે અહીં લઈ આવ.

अवोचाम कवये मेध्याय वचो वन्दारु वृषभाय वृष्णे ।
गविष्ठिरो नमसा स्तोममग्नौ दिवीव रुक्ममुरुव्यञ्चमश्रेत् ।।१२।।

(૧૨) જ્ઞાનયુકત, શકિતશાળી, યજન કરવા યોગ્ય, અગ્નિ માટે અમે આનંદયુકત શબ્દનું ઉચ્ચારણ કર્યું છે. ગવિષ્ઠિર (તે નામના ઋષિ, પ્રકાશમાં સ્થિર) નમન વડે અગ્નિમાં પોતાની સ્તુતિને સ્થિર કરે છે; આકાશમાં હોય તેમ, અહીં સુવર્ણમય પ્રકાશવાળા, વિશાળતાપૂર્વક વિસ્તૃત બનતા સ્તોમને સ્થિર કરે છે.

સમજૂતી :

આ સૂકતમાં દિવ્ય શકિતની માનવમાં જાગૃતિ તથા તેના કાર્યનું સૂચન કરવામાં આવ્યું છે, વિસ્તૃત વર્ણન કરવામાં નથી આવ્યું. આ સૂકત ઊર્મિગીત છે (वचो वन्दारु), આનંદ તથા પૂજાની અભિવ્યકિત છે, સ્તોમ છે, આત્મામાં અગ્નિના સપ્તવિધ આનંદને સ્થાપિત કરવા માટેનો સ્થાપક મંત્ર છે. (दमेदमे सप्त रत्नानि—ઋચા, ૫), પરિપૂર્ણ તથા સુખમય માનસ, દર્શનામાં વિશુદ્ધિ, લાગણી-તંત્રમાં પ્રકાશ તથા શાન્તિ (भन्दिष्ठस्य), આપણામાં રહેલી દિવ્ય શકિત જે ઋતને સ્થિરતાપૂર્વક સ્થાપે છે તે ઋતનો સાર આપણામાં સ્થાયી રીતે રહે તેને માટેનો આ મંત્ર છે. પહેલી બે ઋચાઓમાં ભૌતિક પ્રાતઃ-

કાળના સમયનું રૂપક ચાલુ રાખવામાં આવ્યું છે, પણ તેના છેલ્લા શબ્દ-ગુચ્છથી (महान् देवस्तमसो निरमोचि) શરૂ કરીને, ઋષિ યજ્ઞવિધિપરક રૂપકને છોડી દે છે, અને પોતાના વિચારના કેવળ માનસશાસ્ત્રીય તત્ત્વને પ્રગટ કરે છે; પ્રસંગોપાત્ત તે અગ્નિનાં ભૌતિક તત્ત્વો પ્રત્યે પાછા વળે છે, પણ તે શિથિલ કાવ્યમય આકૃતિ તરીકે જ. વેદનાં કેટલાંક સૂક્તોમાં નજરે પડે છે તેવી, સઘન, રૂપકમય સમાન્તરતા જરા યે નથી.

ઋચા ૧ : વિશુદ્ધ, પરમ, વૈશ્વિક શકિત માનવમાં જાગ્રત થઈ છે; પદાર્થ-તત્ત્વમાં જન્મેલા પ્રાણીની ચેતનામાં પ્રગટ થયેલી, દિવ્ય શકિત કાર્ય કરી રહી છે (जनानाम्). જ્યારે ઈન્ધનોનો સમૂહ એકત્રિત કરવામાં આવે છે, ત્યારે તે જાગ્રત થાય છે (अबोधि समिधा); સમિધો તે શકિત—પ્રાચુર્ય—આપણા અસ્તિ-ત્વની સમૃદ્ધિ છે; જેના વડે વૈશ્વિક શકિત પરિપુષ્ટ બને છે, અને જે તેનામાં ઉત્કટતા અને પ્રકાશને વધારે છે. પદાર્થ-તત્ત્વના અંધકારમાં કેદ પુરાયેલા અને કાર્ય કરતા આત્મામાં સૂર્યની ગાયરૂપ, આદર્શમય જીવનનો પ્રકાશ પ્રવેશ કરે છે. તે સૂર્ય—ધેનુની પેઠે, આવતી પ્રકાશમય ઉષા પ્રત્યે તે અગ્નિ શકિત જાગ્રત બને છે. આપણામાં થતા દિવ્ય કાર્યની જવાળાઓ સ્વર્ગ પ્રત્યે આરો-હણ કરે છે, નિમ્ન ભૂમિકાઓમાંથી વિશુદ્ધ મનની ઊંચાઈઓ પર ચઢે છે (सिस्रते नाकमच्छा); તેમનું આરોહણ નિગૂઢ જળોના વિશાળ, ધસારાના આવિર્ભાવ જેવું છે. કારણ કે અંધકારમાંથી નિર્મુકત થયેલો આ દેવ મહાન છે (महान देवस्तमसो निरमोचि).

ધેનુ અને યહ્વા (નદી) નાં બે પરિચિત રૂપકો, ઉપમા દ્વારા એકઠાં મળીને એ સૂચવે છે કે દિવ્ય શકિત તથા દિવ્ય પ્રકાશનું દિવ્ય અસ્તિત્વ સાથેનું સાહચર્ય અવિભાજ્ય છે. બધા દેવો સાચે જ उषर्बुधः (ઉષાકાળમાં જાગનારા) છે; આંતરદર્શનાની ઉષામાં, આપણામાં રાતે ઊંઘતી બધી દિવ્ય શકિતઓ જાગે છે. પણ અહીં આવતી ઉષા પ્રત્યે તેમની જાગૃતિ વર્ણવાઈ છે. હજી પ્રકાશે મર્ત્ય-મનનો સ્પર્શ નથી કર્યો, તે હજી આવી રહ્યો છે, દૂરથી પોતાના ચરા પાસે આવતી ગાય જેવો તે છે (आयतीम्); ત્યારે દિવ્ય શકિત પોતાના પાત્રમાં સંચલન કરે છે, પ્રાણીની જાગ્રત ચેતનામાં પ્રાપ્ય સર્વ વસ્તુઓને પકડે છે; અને પ્રજ્વલિત બનીને તે વિશુદ્ધ મનની ઊંચાઈઓ પર, આવતા દિવ્ય જ્ઞાનની સન્મુખ, આરોહણ કરે છે, તે જ્ઞાનને મળવા માટે તે આરોહણ કરે છે. દિવ્ય જ્ઞાન આવિષ્કાર કરીને, દર્શના આપીને, પ્રેરણા આપીને, સૂચનો આપીને, વિવેચના આપીને, આપણામાં આદર્શમય દિવ્ય કર્મને નિમંત્રે છે, જે કર્મ માનવની સામાન્ય ગતિઓ કરતાં અતિશય અધિક છે; તે પોતાના દૂર-સુદૂરના, ક્ષિતિજ પરના ચમકારા વડે તથા સ્પર્શ વડે, તે દિવ્ય જ્ઞાન આવીને આ મર્ત્ય આધારમાં

નિવાસ કરે ત્યાર પહેલાં, તેને જાગ્રત કરે છે. તે રીતે દિવ્ય, પ્રેરણાયુકત, દોષરહિત ક્રિયા આપણામાંથી સ્વર્ગ પ્રત્યે આરોહણ કરે છે, અને પરમાત્માની ઉષાને તેના પ્રાણી ઉપર નીચે અવતીર્ણ કરે છે.

આ શકિતનો ઊર્ધ્વમુખી ધસારો દિવ્ય અસ્તિત્વના મહાન ધસારા જેવો હોય છે, કારણ કે શકિત એ ગતિમાન બનેલું અસ્તિત્વ જ છે. આપણા મર્ત્ય સ્વભાવમાં નિગૂઢ રીતે કેદ પુરાયેલાં જળો, નિર્મુકત બનતાં, પ્રગટ રીતે વિશાળતા-પૂર્વક આગળ ધસે છે, કારણ કે પ્રાણિક બનેલા પદાર્થ-તત્ત્વમાં ભૌતિક પ્રાણિકતામાં ગૂંચવાયેલા મનમાં, આદર્શ અને આધ્યાત્મિક આત્મા હમેશાં નિગૂઢ રહે છે, અને પોતાની નિર્મુકિતની તથા આવિર્ભાવની પ્રતીક્ષા કરે છે; આમર્ત્યમાં તે અમર્ત્ય આવૃત છે; પડદા પાછળ રહીને જીવે છે અને કાર્ય કરે છે (मर्त्येषु देवममर्त्यम्). તેથી તે મહાન નિર્મુકિત-સમયે દિવ્ય શકિતનો ધસારો દિવ્ય અસ્તિત્વના તથા ચેતનાના વિશાળ ધસારા જેવો લાગે છે (यह्वा इव प्र वयामुज्जिहानाः).

ઋચા ૨ : પછી આ જાગૃતિના હેતુ પર ભાર મૂકવામાં આવ્યો છે. માણસો દિવ્ય કાર્ય કરી શકે, તેટલા માટે પરમાત્માની શકિત આપણામાં જાગ્રત થાય છે. તે શકિત પ્રકાશની ઉષામાં હોતા બનીને દરેક દેવને તેનો દિવ્ય આહુતિ-ભાગ આપવા માટે આગળ આવે છે. ઈન્દ્રને તે વિશુદ્ધ દિવ્ય મનનું સમર્પણ કરે છે; વાયુને તે વિશુદ્ધ દિવ્ય પ્રાણિક આનંદ તથા કાર્ય સમર્પિત કરે છે; મહાન ચાર વસુઓને-વરુણ, મિત્ર, ભગ તથા અર્યમાને તે વિશાળતાઓ, મૈત્રીપૂર્ણ સુખમયતાઓ, પરિપૂર્ણ બનેલા જીવનના આનંદના ઉપભોગો તથા સામર્થ્યોને સમર્પિત કરે છે. અશ્વિનોને તે આત્માનું યૌવન અને તેના આનંદો તથા વેગો સમર્પિત કરે છે. દક્ષને, સરસ્વતીને, ઈલાને, સરમાને તથા મહીને તે ઋતની તથા સત્યની ક્રિયાઓ સમર્પિત કરે છે. રુદ્રોને, મરુતોને તથા આદિત્યોને તે શારીરિક—પ્રાણિક—માનસિક અને આદર્શમય ક્રિયાઓની લીલાને સમર્પિત કરે છે. ઉદય પામતા પ્રકાશમાં, પરિપૂર્ણ બનેલા મન સાથે (समिधा), વિશુદ્ધ માનસમાં ઊર્ધ્વ બનીને અગ્નિ ઊભો છે. ઉદય પામતો તે અગ્નિ સ્વભાવને વિશુદ્ધ કરે છે અને તેના ઉપર શાન્તિ તથા આનંદની મુદ્રા લગાવે છે. તે બુદ્ધિને વિશુદ્ધ કરે છે, અને તેનાથી પર રહેલાં પ્રકાશક ઋતની તથા અનંત સત્યની ક્રિયાઓને ધારણ કરવા બુદ્ધિને સમર્થ બનાવે છે. અવિદ્યામાંથી—આપણા અંધ શારીરિક પદાર્થ-તત્ત્વમાંથી, ધૂમ્રથી આચ્છાદિત આપણી પ્રાણિક શકિતમાંથી, આપણા મર્ત્ય મનના, ગૂંચવાયેલા—અર્ધપ્રકાશિત અંધકારમાંથી, ઈન્દ્રિયોની ગુલામી કરતી બુદ્ધિમાંથી નિર્મુકત થયેલો દેવ મહાન છે (महान देव-स्तमसो निरमोचि) હવે તે પરિપૂર્ણ રીતે પ્રજ્વલિત થયો છે, એટલે પરમાત્માના

પ્રકાશો અવાર-નવાર જ આપણા સ્વભાવની મુલાકાત નહિ લે, પણ તેની એકત્રિત થયેલી, પરિપૂર્ણ શકિત (पाजः) આપણાં આકાશોને રકતવર્ણા બનાવતી દેખાય છે.

પ્રથમ ઋચામાં અગ્નિના આત્મ-પ્રકાશનું, પોતાના તાત્ત્વિક સ્વભાવને—જ્ઞાનને પ્રગટ કરતી શકિતની જવાળાઓનું વર્ણન આવે છે. કારણ કે શકિત એ સર્જનાત્મક શકિત રૂપે નિર્માણ થયેલું જ્ઞાન છે, તે શકિતનાં કાર્ય રૂપે તે પ્રગટ થાય છે; જેવી રીતે માનવનો આત્મા તેના જ વડે ઘડાયેલાં મન-શરીર વડે આચ્છાદિત થાય છે, તે શકિત પોતાનાં કાર્યો વડે આચ્છાદિત થાય છે. अबोधि, वयाम, नाकं શબ્દોનો પ્રયોગ કરીને, અગ્નિનો પ્રકાશક ઉષા સાથે-સૂર્યધેનુ તરીકેની ઉષા સાથે સંબંધ જોડીને, આ પ્રકાશની તથા આવિર્ભાવની બાજુ ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. બીજી ઋચામાં દિવ્ય શકિતની સાહજિક બાજુને, પરિપૂર્ણ તથા વિશુદ્ધ કરતા તેના કાર્યની મહાન શકિતને, એટલા જ આગ્રહ તથા ભારપૂર્વક, વર્ણવવામાં આવી છે. અગ્નિ હોતા તરીકે જાગ્રત થાય છે. ઉષાના આગમન-કાળે, પ્રકાશના ઉદય-કાળે, તે બુદ્ધિને તથા ઊર્મિતંત્રને પરિપૂર્ણ અને વિશુદ્ધ બનાવીને ઊભો રહે છે; માનવની બધી બાહ્ય તથા આંતર જીવનની ક્રિયાઓની આહુતિ અપાય તેટલા માટે તે સૂર્ય સમાન પ્રકાશને પાથરે છે; તે આહુતિ દેવોમાં રહેલા પરમાત્માને અપાય છે (यजथा-य देवान्); તેથી ઊર્ધ્વગામી આવેગ પરિપૂર્ણ બને છે—જે પદાર્થતત્ત્વને પ્રાણ પ્રત્યે, પ્રાણને મન પ્રત્યે, મનને આદર્શમયતા તથા આત્મા પ્રત્યે ઊર્ધ્વગામી બનાવે છે; અને આ રીતે તે પ્રાણીમાં રહેલા પરમાત્માના આશયને સફળ બનાવે છે. પછીની ત્રીજી ઋચામાં આ માનવ ઊર્ધ્વીકરણનો, હૃદય તથા બુદ્ધિ-માંથી પસાર થઈને આદર્શમય ઋતને—પ્રેમને—સત્યને પ્રાપ્ત કરવાના પ્રયત્નનો પ્રકાર સૂચવવામાં આવ્યો છે, અને તેનું વર્ણન મહાન કાવ્યમય શકિત તથા ભવ્યતાપૂર્વક કરવામાં આવ્યું છે.

ઋચા ૩ : જ્યારે અગ્નિ પોતાના ગણની જિહ્વાને, તેમના ઉપભોગની ખાતર, આગળ મૂકે છે (यदीं गणस्य रशनामजीगः), ત્યારે અગ્નિ ઊર્ધ્વીકૃત પરિપૂર્ણ ક્રિયા માટે પોતાની શકિતઓનો આવિર્ભાવ કરે છે (रुशददर्शि पाजः); રાતો રંગ રૂપકમય રીતે કાર્યને તથા ઉપભોગને સૂચવે છે. અગ્નિના આ સમૂહ-સૈન્યને, શકિતને (पाजः) ગણોની જીભ તરીકે વર્ણવવામાં આવી છે. બીજી ઋચામાં તેમનું અવિભાજિત ગણ રૂપે વર્ણન હતું, જ્યારે આ ઋચામાં તે ગણની દરેક વ્યકિતનું ખાસ કાર્ય વર્ણવવામાં આવ્યું છે—કારણ કે આ હમેશાં ગણનો અગ્નિ છે; તે ગણમાંની દરેક વ્યકિત-શકિત પોતાની જીભ વડે અંતરિક્ષને માટે છે (सुरभा उ लोके... मध्ये इद्धः, ઋચા ૬), અર્થાત્ તે પ્રાણિક શકિતઓને તથા પ્રાણિક આનંદને (अश्व અને घृत) માણે છે કે જે શકિતઓ તથા

આનંદ આ ઉચ્ચતર કાર્યને ધારણ કરે છે. તે પ્રાણિક શકિતઓ તથા આનંદ વડે ધારણ કરાયેલો અગ્નિ કાર્ય કરે છે (अङ्क्ते अग्निः); પણ તે આનંદ ઉર્ધ્વીકૃત નહિ તેવા, અપ્રકાશિત પ્રાણીના આનંદ જેવો નથી હોતો, પણ તે વિશુદ્ધ રીતે પ્રકાશયુકત (शुचिः) હોય છે; તે પ્રાણિક અશુદ્ધ આવેગોથી ધૂમ્રમય નથી હોતો, પણ તેની ક્રિયા-જવાળાઓ સ્વાભાવિક રીતે જ વિશુદ્ધ, પ્રકાશમય હોય છે (शुचिभिः गोभिः). આધુનિક ભાષામાં કહીએ તો, જયારે આ દિવ્ય શકિતએ આપણને એટલા વિશુદ્ધ બનાવ્યા હોય છે, ત્યારે આપણી ક્રિયાઓ અને ઉપભોગો પ્રયાસમય તથા અંધકારમય નથી હોતાં; લક્ષ્ય પ્રત્યે અસ્પષ્ટતાપૂર્વક પ્રયાસ કરતી, આચ્છાતિક, પ્રાણિક કામનાઓ નથી હોતી, કારણ કે તે ઋતજા નથી હોતી, તેમણે શેની શોધ કરવી, કેવી રીતે તે શોધ કરવી, કયી શકિતઓનો પ્રયોગ કયી રીતે અને કયા ક્રમપૂર્વક કરવો—તેનું તેમને જ્ઞાન નથી હોતું; પણ હવે આપણું કાર્ય વિશુદ્ધ પ્રકાશરૂપ બની જાય છે, આપણો ઉપભોગ વિશુદ્ધ પ્રકાશરૂપ બની જાય છે; દિવ્ય પ્રકાશો આપણાં કાર્યોને તથા ઉપભોગોને સંચાલિત કરે છે, તેમનો સાર-રસ તથા તેમનું કરણ બની જાય છે. અહીં ઋષિએ અગ્નિની જવાળાઓને વર્ણવવા गो શબ્દ વાપર્યો છે, તેમાં આપણને વૈદિક શૈલીની, રૂપકમયતાની, વિચિત્ર સુકોમલ સાહિત્યિક કલાનાં દર્શન થાય છે. પછીની પંકિતમાં भानु કે गो શબ્દ ન વાપરતાં, તે જ જવાળાઓ માટે जुहू શબ્દ વાપર્યો છે; તેમાં પણ તેટલી જ કલાવૃત્તિનાં દર્શન થાય છે.

આ વિશુદ્ધ ક્રિયા અને ઉપભોગની સ્થિતિમાં અગ્નિનું લાક્ષણિક ઊર્ધ્વીકરણનું કાર્ય થઈ શકે છે, કારણ કે ત્યારે (आत्), પોતાની દ્રવ્ય-સામગ્રીમાં વૃદ્ધિ પામતી, (वाजयन) વિવેચના-બુદ્ધિ (दक्षिण) એ સ્થિતિમાં પોતાનું કાર્ય કરવામાં જોતરાય છે. દક્ષિણા—વિવેચના-બુદ્ધિ કાર્યોના પ્રભુ દક્ષની શકિત છે; તે બંનેના ઘટરૂપ महस्‌માં અથવા વિજ્ઞાનમાં, તે સાચી વિવેચના-શકિત કદી સ્ખલન કરતી નથી; તે ધર્મ-અધર્મનાં, સત્યાસત્યનાં માનસિક દ્વંદ્વોથી પર, નિગૂઢ રહેલા સત્યને—ઋતને પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે છે. તે તર્ક બુદ્ધિ રૂપે, વિવેચના બુદ્ધિરૂપે, मनस् ના ધામમાં રહેલો, ऋतं बृहत् નો (વિશાળ ઋતનો) દૂત છે, પ્રતિનિધિ છે. જયારે દિવ્ય શકિતરૂપ અગ્નિ પ્રાણ-મનમાં પ્રગટ થાય છે અને દક્ષિણાને ચેતનાની આદર્શ-ભૂમિકા પર ઊર્ધ્વીકૃત કરે છે, ત્યારે જ દક્ષિણા પોતાનું કાર્ય પરિપૂર્ણ કરી શકે છે. તેથી આ નવીન ક્રિયામાં તેને ઊર્ધ્વમાં જવા પ્રયાસ કરતી (उत्तानाम्) વર્ણવવામાં આવી છે; તે આદર્શમય અસ્તિત્વમાં અગ્નિની જે ઉચ્ચતમ ભૂમિકાઓ રહેલી છે ત્યાં તેને પ્રાપ્ત કરવા માટે અગ્નિનું અનુસરણ કરે છે. ત્યાંથી અગ્નિ નીચે ઝળુંભે છે અને તેનાથી પુષ્ટ બને છે (अघयत्); બુદ્ધિયુકત મનની વિશુદ્ધ બનેલી, ઊર્ધ્વાભિમુખી ક્રિયાઓમાં

પ્રજ્વલિત થતી, દિવ્ય ક્રિયાની જ્વાળાઓમાંથી (जुहूभिः) તે પસાર થઈ ઊર્ધ્વમાં ગતિ કરે છે. ચોથી ઋચામાં આ દિવ્ય શકિત તથા વિશુદ્ધ બનેલા મન વચ્ચેનો સંબંધ રૂપકમય રીતે વર્ણવવામાં આવ્યો છે.

ઋચા ૪ : વેદમાં इव હમેશાં ઉપમાવાચક નથી; તેનો અર્થ થાય છે—સાચે જ, ખરેખર, જાણે કે આ રીતે. તેથી ઘણી વાર તેનો ઉપયોગ ઉભયાન્વયી તરીકે થાય છે--અર્થાત્ અને, અથવા, વળી, જાણે કે અહીં અગ્નિની તથા સૂર્યની, मनस् તથા चक्षुस् ની ખાસ ક્રિયાઓનો ભેદ બતાવવા તે વપરાયું છે; તે બંનેનાં કાર્યક્ષેત્રોને નિશ્ચિત કરવા માટે તેનો ઉપયોગ થયો છે. જ્યારે આપણે માનવતાથી સંતુષ્ટ એવા મર્ત્યો હોઈએ છીએ, ત્યારે આપણાં કાર્યોમાં આપણે ગુંચવાઈ જઈએ છીએ; આપણું ઈન્દ્રિય—મન महस् નું (આદર્શ-મનનું) કાર્ય કરવા પ્રયત્ન કરે છે, મૂળ જ્ઞાનને પ્રાપ્ત કરવા મથે છે, સૂર્યમાં સંચરવાનો પ્રયત્ન કરે છે (સૂર્ય વેદનું બહુ સમર્થ રૂપક છે). આદર્શ-મન પણ ઈન્દ્રિયોમાં ગૂંચવાઈ જાય છે, ઈન્દ્રિય-શકિતઓમાં સંચરે છે; તે વિશુદ્ધપણે પોતાનું કાર્ય કરવામાં વ્યાપૃત થતું નથી. પરિણામે, બાહ્ય જગતના સંપર્કો સાથે ઝઘડતી, માનસિક ક્રિયામાં સ્ખલનો થાય છે, બુદ્ધિમાં ગૂંચવાડા ઊભા થાય છે. પણ જ્યારે આપણે મર્ત્ય-સ્વભાવમાંથી દેવ-સ્વભાવમાં આરોહણ કરીએ છીએ (देवयन्तः, अमृतं सपन्तः) ત્યારે પ્રથમ ફેરફાર એ થાય છે કે આપણી માનવી અશુદ્ધિને સ્થાને અમર વિશુદ્ધિ સ્થપાય છે; વિશુદ્ધિ સ્વાભાવિક રીતે જ સ્પષ્ટ તેજોમય હોય છે, જેમાં આપણાં બધાં અંગો પરમાત્મામાં તથા દેવોમાં પરિપૂર્ણ રીતે કાર્ય કરવા લાગે છે, દરેક અંગ પોતાથી ઉપરનાં તથા નીચેનાં અંગો સાથે સત્ય સંબંધ સ્થાપીને પોતાનું યોગ્ય કાર્ય કરવા લાગે છે. તેથી દેવત્વને પ્રાપ્ત કરનાર (देवयताम्) લોકોનાં ઈન્દ્રિય-મન સત્ય અસ્તિત્વની તથા સત્ય કાર્યની (सत्यं ऋतम्) દિવ્ય શકિતરૂપ અગ્નિને પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે છે; તેઓ સત્ય ભાવને—સ્વભાવને પ્રાપ્ત કરે છે, જેને પરિણામે સાહજિક રીતે ઈન્દ્રિયો સત્ય કાર્ય કરવા લાગે છે; યોગીની દૃષ્ટિ સૂર્યમાં—આદર્શ શકિતઓના દેવમાં સંચરે છે; તે જે કાંઈ જુએ છે, સર્જે છે, ભેદ પારખે છે તે વિશુદ્ધ આદર્શમય માનસનું પરિણામ હોય છે કે જે માનસ પોતાની ચાર શકિતઓનો—આત્મ-દર્શના, આત્મ-પ્રેરણા, આંતર-સૂજ અને આત્મ-વિવેચનાનો ઉપયોગ કરે છે; તેમાં પ્રાણિક કામના કે આવેગ વિક્ષેપ કરતાં નથી, ઈન્દ્રિયોના આવેગો અને ઈન્દ્રિયોનાં પ્રતિકાર્યો ખલેલ પહોંચાડતાં નથી. ત્યારે સંવેદનાયુકત મન નિષ્ક્રિય રીતે બાહ્ય-જગતના ભૌતિક—પ્રાણિક—માનસિક આવેગોને ઝીલે છે, સૂર્યના પ્રકાશોને સ્વીકારે છે અને તેમને આવેગોના પ્રત્યુત્તર રૂપે બહારના જગત પર રેલાવે છે; તે પોતાનાં ઉતાવળિયાં અને વિકૃત પ્રતિકાર્યો કરતું નથી, અગ્નિની વિશુદ્ધ

શકિત અને કાર્યને વહેવા દે છે કે જે અગ્નિ વિશુદ્ધ—યોગ્ય—સ્ખલનરહિત રીતે વિશ્વમાં કાર્ય કરે છે, અને માનવમાં રહેલા ભગવાન માટે સર્વ ગતિઓને સ્વીકારે છે અને માણે છે. પોતાના ઊર્ધ્વ આત્મ-વિસ્તારમાં દક્ષિણા આ લક્ષ્ય-પ્રાપ્તિ માટે પ્રયત્ન કરે છે; તેના પરિણામ રૂપે તે સૂર્યલોકમાં વિવેકનું સ્થાન લે છે; આની શરૂઆત મનના યોગ્ય કાર્યનો મનમાં રહેલા આદર્શના યોગ્ય કાર્યથી ભેદ કરવાથી થાય છે. વિશુદ્ધ બનેલી બુદ્ધિ કામનાની અસ્પષ્ટતામાંથી પ્રાણિક આવેગોની ગુલામીમાંથી, ભૌતિકતાથી ઘેરાયેલી ઈન્દ્રિય-શકિતઓનાં અસત્ય મૂલ્યોમાંથી તથા ખોટા આવેગોથી નિર્મુકત બને છે.

પછી ઋચામાં આ સફળ ભેદ-પરખની મૂળમાં રહેલા, અગ્નિના આવિર્ભાવનો તાત્ત્વિક સ્વભાવ સૂચવવામાં આવ્યો છે. ભિન્ન ભિન્ન રૂપોવાળી રાત્રિ અને ઉષા, બે માતાઓ એકઠી મળીને અગ્નિને જન્મ આપે છે; રાત્રિ અવ્યકત છે, જ્ઞાનની તથા અસ્તિત્વની અપ્રગટ સ્થિતિ છે, અવિદ્યાની શકિત છે; ઉષા વ્યકત છે, જ્ઞાનની તથા અસ્તિત્વની પ્રગટ સ્થિતિ છે, વિદ્યાની શકિત છે. તે બે ઉષાઓ છે, આપણામાં પરમાત્માના આવિર્ભાવ માટે તૈયારી કરતી બે એજન્સીઓ છે; રાત્રિ અવિદ્યાનાં કાર્યો દ્વારા, અપ્રકાશિત મન-પ્રાણ-શરીરનાં કાર્યો દ્વારા, તેમાં નિગૂઢ રહેલા અગ્નિને પોષણ આપે છે; તે કાર્યો વડે આપણામાં રહેલો દેવ પદાર્થ-તત્ત્વમાંથી આત્મા પ્રત્યે વૃદ્ધિને પામે છે, પૃથ્વીમાંથી આકાશ પ્રત્યે ગતિ કરે છે. ઉષા તેને વધારે ને વધારે પ્રગટ કરે છે, જેને પરિણામે તે અગ્નિ પોતાના સતત, વિશુદ્ધ, પરિપૂર્ણ કાર્ય માટે અહીં આપણામાં તૈયાર થાય છે. જ્યારે આપણી યાત્રાનો આ તબક્કો આવે છે, ત્યારે તે શ્વેત અશ્વ-રૂપે દિવસોના અગ્રભાગમાં જન્મે છે. અહીં એક મહાન રૂપક વાપરવામાં આવ્યું છે, જેનાથી વૈદિક ઋષિઓ પોતાના ઉચ્ચ જ્ઞાનને આર્ય મન સમક્ષ પ્રગટ કરતા, અને અનાર્ય મનથી નિગૂઢ રાખતા. દિવસોના અગ્રભાગમાં દોડતા શ્વેત અશ્વનું આ રૂપક બૃહદારણ્યક ઉપનિષદ્‌ના પ્રારંભમાં, વેદાંતના અર્થમાં, અગ્નિ માટે વાપરવામાં આવ્યું છે. પણ અહીં ઉપનિષદ્‌માં વાપરેલો અશ્વ શબ્દ નથી વપરાયો, કારણ કે તેનો અર્થ થાય છે પ્રાણિક તથા ભૌતિક અસ્તિત્વનો, પ્રાણ-શકિતનો અશ્વ. પણ અહીં વા જી, અસ્તિત્વનો સર્વસાધારણ અશ્વ, મન—પ્રાણ—શરીરમાં, અથવા આધ્યાત્મિક અસ્તિત્વના ત્રણ ઉચ્ચતર પ્રવાહોમાં પ્રગટ થયેલા અસ્તિત્વનો અશ્વ—એ શબ્દ વપરાયો છે. અગ્નિ આપણા સમવિધ અસ્તિત્વની પરિપૂર્ણતા—અનંતતા—બૃહત્ રૂપે પ્રગટ થાય છે; પણ હવે તે શ્વેત, પ્રકાશમય વિશુદ્ધિના રંગવાળો બની ગયો છે. આ તબક્કે તે મુખ્યત્વે મહાન વિશાળતા-વિશુદ્ધિ—પ્રકાશરૂપે પ્રગટ થાય છે, જે આપણને યોગમાં પરિપૂર્ણ અને અનાધર્ષ્ય સિદ્ધિનું પ્રદાન કરે છે, સિદ્ધિનો પાયો છે; તે પાયા ઉપર જ

સત્ય જ્ઞાન, સત્ય વિચારણા, સત્ય જીવન અને સત્ય ઉપભોગને સુસ્થિરતાથી, વિશાળતાથી, સતત રીતે સ્થાપિત કરી શકાય છે. તેથી તે દિવસોના અગ્રભાગમાં દેખાય છે; દિવસો એટલે પ્રકાશિત શકિત તથા અસ્તિત્વની મહાન વૃદ્ધિ પામતી સ્થિતિઓ; જ્યારે મર્ત્ય માનવી અમરતાને પ્રાપ્ત કરે છે, ત્યારે તે તેના સનાતન ભાવિને પ્રાપ્ત કરે છે.

પછીની ઋચામાં તે વિચારને લઈને તેનો વિસ્તાર કરવામાં આવ્યો છે, તેની ગતિના ભવ્ય પરિણામને પહોંચાડવામાં આવ્યો છે. વૈદિક શૈલીનું આ પ્રકારની પુનરાવૃત્તિ એ એક લક્ષણ છે.

ઋચા ૫ : આ જન્મેલી દિવ્ય શકિત પોતાની વિશુદ્ધિ તથા અનંતતા વડે બધી વિરોધી શકિતઓ પર, વચ્ચે ખલેલ કરનાર, સિદ્ધ કરેલી સ્વતંત્રતાઓ—શકિતઓ—પ્રકાશો—વિશાળતાઓનો નાશ કરવા પ્રયત્ન કરનાર, વિરોધી બળો પર વિજય પ્રાપ્ત કરે છે. તે વિજય દ્વારા, તે સિદ્ધ માટે વિશાળ દિવસોનો પ્રવેશ કરાવે છે; આપણી માનવ-જીવનની ઉષાઓ તથા રાત્રિઓ તેને જ માટેની તૈયારી રૂપ ગતિઓ હતી. આપણું કલ્યાણ સાધતી, અસરકારક શકિતઓને તે અસરકારક મદદ કરે છે, નિમ્નતર જીવનની ગતિઓને તે અમર સામર્થ્યશકિત પ્રત્યે લઈ જાય છે; તે સક્રિય છે, આનંદપૂર્ણ છે (अरुष:), આ ગતિઓમાં તે આનંદ લે છે, આપણને અમર આનંદ તથા દિવ્ય સ્વભાવની સુખમયતા માટે તે તૈયાર કરે છે. ક્રમિક રીતે તે આનંદને પ્રગટ કરતી, તે પરમાત્માની શકિત આપણા ઘરના દરેક ભાગમાં આપણા પાંચમાંના દરેક કોશમાં, આપણી ચેતનાની સાતમાંની દરેક ભૂમિકા પર, તે આનંદનાં સાત તાત્ત્વિક સ્વરૂપોને સ્થાપિત કરે છે; શરીરના—પ્રાણના—મનના—ઇન્દ્રિયોના—આદર્શમય પ્રકાશના—વિશુદ્ધ દિવ્ય વૈશ્વિક આનંદના—વૈશ્વિક શકિતના—વૈશ્વિક અસ્તિત્વના આનંદને તે સ્થાપિત કરે છે. વર્તમાન ક્ષણમાં આપણું વલણ વિશુદ્ધ વિચાર પ્રત્યે આરોહણ કરવાનું હોય છે; પણ આપણી યાત્રાનું અંતિમ લક્ષ્ય તે નથી, પણ આનંદ છે; આપણી પરિપૂર્ણતાનો નિયમ આ છે કે આપણાં નિમ્નતર અંગોમાં દિવ્ય આનંદનો આવિર્ભાવ કરવો, કે જે આનંદ દિવ્ય શકિત ઉપર તથા અસ્તિત્વ ઉપર પ્રતિષ્ઠિત છે. અગ્નિ આપણને વિશુદ્ધ મનમાં જીવન ગાળવા ઊર્ધ્વમાં લઈ જતો હોય, અથવા શુદ્ધ આદર્શમય અસ્તિત્વનાં ઉચ્ચતર શિખરો પર જીવન ગાળવા લઈ જતો હોય (अधि स्नुना बृहता वर्तमानम्), પણ તે દિવ્ય શકિતરૂપ હોઈને, આપણને આપણા અસ્તિત્વના દરેક ઘરમાં, ચેતનાની દરેક ભૂમિકામાં, આપણા જાગ્રત જીવન—શરીર—મન—વિચારમાં આપણે જે જે લોકોને સર કર્યા હોય તે દરેકમાં સપ્તવિધ દિવ્ય આનંદને સ્થાપે છે અને તેનું ધારણ કરે છે (दमेदमे दधान:). આ રીતે આપણામાં પરમાત્માના આનંદને

પ્રગટ કરતો અગ્નિ તે ઘરોમાં પોતાનું આસન જમાવે છે (दमुना:), અને બીજા દેવો કરતાં વધારે શકિતશાળી હોતા તરીકે, તે માનવ જીવનની આહુતિ-ઓને અમર અસ્તિત્વમાં અર્પણ કરાવે છે (आ दैव्यं जनम्, यजथाय देवान्).

છઠ્ઠી ઋચામાં ઋષિ એક નવીન વિચારને પ્રગટ કરે છે, પાછલી ઋચાના વિચારને તેની પરિપૂર્ણ ટોચે પહોંચાડે છે.

ઋચા ૬ : આ રીતે અગ્નિ આપણામાં તેનું આસન જમાવે છે. તેણે માનવ ક્રિયા દ્વારા યજ્ઞને પૂર્ણ બનાવવાનો છે, હજી આરોહણ કરતી ગતિ પરિપૂર્ણ થઈ નથી, એટલે તે આનંદ-પૂર્ણ અંતરિક્ષમાં તે ગતિને-યજ્ઞને પોતાની માતાના ખોળામાં મૂકી આપે છે, લઈ જાય છે. અંતરિક્ષ (ભુવર્લોક) માં મન તથા પ્રાણ સંયુકત થાય છે, અસ્તિત્વની તે દ્વિવિધ સ્થિતિઓ ત્યાં સંયુકત બને છે, પુરુષ અંતરિક્ષ દ્વારા આકાશને તથા પૃથ્વીને જોડે છે અને ક્રિયા કરે છે; તેથી તે સર્વ માનવ-ક્રિયાઓનું યોગ્ય કેન્દ્ર છે. આ ભૌતિક જગતમાં પણ, પ્રાણિક શકિતઓ સાથે સંયુકત મન આપણું આસન છે. અંતરિક્ષ અથવા ભુવર્લોક આનંદના લોકો છે, કારણ કે ભૌતિક લોકના અવરોધોથી મુકત રહીને, પ્રાણશકિત તથા જીવનનો આનંદ ત્યાં પોતાની પરિપૂર્ણતાને પ્રાપ્ત કરે છે; આ ભૌતિક જગતમાં તો તે જાણે દેશનિકાલ પામેલો હોય તેવો, અથવા પોતાના હેતુઓ સિદ્ધ કરવા માટે બળવાખોર પાર્થિવ તત્ત્વ પર પ્રભુત્વ સ્થાપવા મથતો આક્રમણકાર હોય તેવો છે. ભૌતિક માનવના શરીરતત્ત્વ ઉપર, માતાના ખોળામાં અગ્નિ બેસે છે, માનવની ક્રિયાના વર્તમાન કેન્દ્રરૂપ પ્રાણિક--માનસિક ચેતનામાં તે આસન જમાવે છે, તેમાં અંતરિક્ષના મહત્તર આનંદને તે લઈ આવે છે, અને તેમ કરીને તે પ્રાણિક તથા ભૌતિક ક્રિયાઓને તથા પાર્થિવ જીવનના આનંદોને ધારણ કરે છે, વિસ્તૃત બનાવે છે. તે માનવ યજ્ઞમાં, સનાતન યૌવન તથા શકિતથી પૂર્ણ એવો, આદર્શમય સત્ય તથા જ્ઞાનથી યુકત, નિર્મુકત શુદ્ધ આદર્શમય જીવન તથા ચેતનાના સ્ખલન-રહિત સત્યથી યુકત (कवि: ऋतावा), આસન જમાવે છે; અને તે ઋતને તથા સત્યને અનેક હેતુઓ માટે અનેક ક્રિયાઓમાં નિર્મુકત કરે છે (पुरुनि:ष्ठ:), કારણ કે તે માનવોનાં સર્વ કાર્યોને, પ્રયાસોને, પરિશ્રમોને ટકાવી રાખનાર છે (धर्ता कृष्टीनाम्) પૃથ્વીમાં તથા આપણાં શરીરોમાં રહેલી ભૌતિક ઉષ્માથી માંડીને આપણામાં રહેલા દિવ્ય તપ સુધી, વિશ્વના જીવનને પ્રભુ જે તપ વડે ટકાવી રહ્યા છે ત્યાં સુધી, શકિતનાં સર્વ સ્વરૂપોમાં અગ્નિ રહેલો છે. તે માનવ જીવનનો તથા ક્રિયાઓનો પરમ ધારક છે, તેથી અંતરિક્ષમાં તેને પ્રજ્વલિત કરવામાં આવે છે. વ્યકિતની સાક્ષાત્કાર પામેલી, મન-ચેતનાની પરિપૂર્ણતામાં તેનું આસન છે; વિરાટ્ની પરિપૂર્ણ થયેલી પ્રાણ-શકિતના, આનંદ-પૂર્ણ અંતરિક્ષમાં તેનું આસન છે. માનવમાં ત્યાં પ્રજ્વલિત

કરાયેલો, જાગ્રત બનેલો, પ્રગટ થયેલો અગ્નિ, ઊર્ધ્વમાં આરોહણ કરતી માનવ જાતિ માટે પોતાનું કાર્ય કરે છે (समिधा अबोधि, समिद्धः). इद्ध શબ્દ પાસે પાછા આવીને, ઋષિએ જે વિચારથી પ્રારંભ કર્યો હતો, ત્યાં આવીને, તે પોતાના વિચારની પ્રથમ ગતિ આગળ અટકે છે.

શબ્દ-વ્યુત્પત્તિ

[જેમાંથી ઇન્ડો-આર્યન અને દ્રાવિડિયન ભાષાઓ ઉદ્‌ભવી છે તે પ્રાચીન આર્ય-ભાષાની, પરિપૂર્ણ, શબ્દવ્યુત્પત્તિશાસ્ત્રીયપુનર્રચના માટેની સામગ્રીમાંથી શબ્દ-રચના.]

મર્ત્ય યાત્રામાં પૃથ્વી પરનો આત્મા જે બધી વસ્તુઓનો ઉપયોગ કરે છે તે પૃથ્વીમાંથી નહિ, પણ સ્વર્ગમાંથી તેને પ્રાપ્ત થઈ છે. તે જ રીતે માનવ ભાષા પણ પૃથ્વી પર નહિ, સ્વર્ગમાં રચાઈ છે. સનાતન ઋતની ત્રિવિધ શકિત જે શકિતને પ્રગટ કરે છે અને આનંદને ટકાવી રાખે છે, તેના વડે સર્વ વસ્તુઓનું સર્જન થયું છે. તે સર્વ વસ્તુઓ, પ્રાચીનો જેને મહત્ કહેતા તે વિચારોના લોકની ભૂમિકા હોય છે; તેમાં સ્વયંભૂ અને પરિપૂર્ણ રીતે વ્યવસ્થિત જ્ઞાનનું તત્ત્વ હાજર હોય છે; બુદ્ધિયુકત મનની એજન્સીઓ, પોતાનાં વધારે રઝળતાં અને અનિશ્ચિત પગલાં દ્વારા, તેનો વિવિધ પ્રકારે વિકાસ કરે છે. કલ્પના નવીન વિવિધતાઓ પાછળ દોડે છે; સ્મૃતિ અને સાહચર્ય તેમને દૂષિત કરે છે; સાદૃશ્ય તેમને વિકૃત કરે છે; સંવેદના, લાગણી, સુખપ્રાપ્તિ પોતપોતાના આંશિક સંતોષ માટે તેમના પર પકડ જમાવે છે. પરિણામે, પરિવર્તન, ક્ષય, મૃત્યુ, પુનર્જન્મ વિશ્વનો નિયમ બન્યો છે. આ બધું મનના લોકમાં તથા પદાર્થ-તત્ત્વના લોકમાં અવતરણ થતાં જન્મે છે. એટલે માનવજાતિની પણ એક મૂળ ભાષા છે; તે ધ્વનિના અમુક, સનાતન માળખા પર પ્રતિષ્ઠિત છે; અમુક છંદોમય પરિવર્તનોના નિયમોથી તે વિકાસ પામી છે; તેનું કલેવર અને ઉત્ક્રાન્તિ સંપૂર્ણ સંવાદમય અને અંગસૌષ્ઠવવાળાં હોય છે. આ દેવભાષા છે; તે સત્યયુગમાં બોલાતી હતી. પછી તેમાં પરિવર્તન આવ્યું, ક્ષીણતા આવી, પતન આવ્યું. એટલે અસંખ્ય ભાષાઓ, પ્રાકૃત પ્રાંતીય ભાષાઓનો જન્મ થયો. પવિત્ર ભાષાના રક્ષકો હમેશાં મૂળની વિશુદ્ધિને પાછી લાવવા પ્રયત્ન કરે છે. પણ તેઓ પણ તેમ કરી શકતા નથી. તેઓ વારંવાર તેની પુનર્રચના કરે છે, નવાં વલણો સાથે બાંધછોડ કરે છે, મૂળ હાડપિંજરના અમુક ભાગને બચાવી લે છે, પણ મૂળની શકિતને, આત્માને, માંસને, રુધિરને, સ્નાયુને ગુમાવી બેસે છે. આ પુનર્રચના પામેલી ભાષાને તેઓ સંસ્કૃત કહે છે; બીજી બધી ભાષાઓ પ્રાકૃત છે.

તે અસ્થિ-સંઘાતની કરોડરજ્જુ મૂળ ભાષાનાં, હજી પણ વિદ્યમાન રહેલાં, ધાતુઆ છે; બાકીનું બધું શબ્દ-નિર્માણનાં, અનેક પ્રકારનાં તત્ત્વો છે. એટલે મૂળની નિગૂઢ ભાષાની તદ્દન નિકટની, જગતની ભાષાઓમાં, પ્રાચીન આર્ય-ભાષાઓમાં, એક વસ્તુ સર્વસાધારણ છે, અને તે ધાતુઓ, તે ધાતુઓમાંથી બનેલા તાત્ત્વિક શબ્દો, અને અનેક હેતુઓ માટે અનેક માર્ગે ક્રીડા કરતા, વિવિધ માનસિક વિકાસ પછી પણ જીવંત રહેલા મૌલિક અર્થો. સંસ્કૃત, ગ્રીક, લૅટિન, જર્મન, કેલ્ટિક, તામિલ, ફારસી, એરેબિક જેવી પ્રાચીન ભાષાઓની હકીકતો પરથી એક તર્કયુકત પાયો રચવો, મૂળ દેવભાષાની આંશિક પુનર્રચના નહિ, પણ ઉપર ગણાવેલી પ્રચીન ભાષાઓનાં પરિવર્તન પામેલાં છેવટનાં જે રૂપો સર્વ-સાધારણ રીતે જોવામાં આવે છે, તેમની આંશિક પુનર્રચના કરવી, તે આ લેખનો હેતુ છે. મારી યોજનાના પાયા તરીકે, પ્રથમ હું સંસ્કૃત, ગ્રીક, લૅટિન અને તામિલ— આ ચાર ભાષાઓ લઈશ, અને તેને ટેકો આપવા હું બાકીની ચાર ભાષાઓ લઈશ. હું દલીલોને તથા શકય વાંધાઓને સ્પર્શીશ નહિ, કારણ કે આ લેખ સૂચનાત્મક અને રચનાત્મક માત્ર છે; તેમાં કોઈ માગણી કરવાનો હેતુ નથી. જયારે મારી સ્વીકારેલી મર્યાદાઓ કરતાં વધારે વિશાળ પ્રમાણમાં આ સમગ્ર યોજનાને આગળ ધપાવવામાં આવશે, ત્યારે ચર્ચાનો સમય આવ્યો ગણાશે. અપૂર્ણ સંશોધનો ઉપર ચર્ચા કરવી તે કસમયનું લેખાય.

પ્રથમ હું દેવભાષાના ધાતુઓનું નિર્માણ જે સિદ્ધાંત પર કરવામાં આવ્યું હતું, તેને સૂચવીશ. આકાશમાંથી માતરિશ્વાની મહાન ક્રિયાશીલ, સર્જના-ત્મક શકિતના સામર્થ્ય વડે સર્વ શબ્દ (वाक्) પ્રગટ છે; તે શબ્દને નિર્માણ કરાયેલી વસ્તુઆના (अपस्) પ્રવાહમાં યોગ્ય સ્થાને મૂકવામાં આવે છે, અને તે શબ્દ અમુક નિશ્ચિત અર્થોને પોતાની સાથે લઈ આવે છે. તે અર્થો જે તત્ત્વોમાંથી પસાર થાય છે, તેમના વડે તે નિશ્ચિત કરાય છે. શબ્દ આકાશમાં પ્રગટે છે, વાયુમાં ગતિ કરે છે—જે વાયુ બીજું તત્ત્વ છે, જેમાં સ્પર્શરૂપી આકંપન થાય છે. સ્પર્શનાં આકંપનોથી, તે ત્રીજા તત્ત્વરૂપ તેજમાં અમુક રૂપોનું નિર્માણ કરે છે, અને પરિણામે આ ત્રણ લક્ષણો સહિત, અસ્તિત્વમાં આવે છે—એક, અમુક સંસ્પર્શજન્ય આકંપનો; બીજું, અમુક પ્રકારનું તેજ અથવા શકિત; અને ત્રીજું, અમુક પ્રકારનું રૂપ અથવા આકાર. આ ત્રણ તત્ત્વો ભાવનો અથવા મન પર ઊઠતી સામાન્ય સંવેદનાનો નિશ્ચય કરે છે; અને તે સંવેદનામાંથી સર્જાયેલાં રૂપો અનુસાર તેમના અનેક પ્રકારના નિશ્ચિત અર્થો વિકસે છે.

મધુચ્છંદસ્ વૈશ્વામિત્ર

સૂક્ત ૧

अग्निमीले पुरोहितं यज्ञस्य देवमृत्विजम् । होतारं रत्नधातमम् ।।१।।

(૧) હું યજ્ઞના દિવ્ય ઋત્વિજ, પુરોહિત, આવાહન કરનાર, આનંદને લાવી આપનારાઓમાં શ્રેષ્ઠ અગ્નિ-જવાળાનું પૂજન કરું છું.

अग्निः पूर्वेभिऋषिभिरीड्यो नूतनैरुत ।
स देवाँ एह वक्षति ।।२।।

(૨) પ્રાચીન ઋષિઓ વડે પૂજવા યોગ્ય જવાળા નવીન ઋષિઓ વડે પણ પૂજવા યોગ્ય છે. તે દેવોને અહીં લઈ આવે છે.

अग्निना रयिमश्नवत् पोषमेव दिवेदिवे ।
यशसं वीरवत्तमम् ।।३।।

(૩) અગ્નિ વડે રોજ-રોજ વૃદ્ધિ પામનારા, યશસ્વી, ખૂબ વીરતાવાળા, ખજાનાને માણસ ભોગવે છે.

अग्ने यं यज्ञमध्वरं विश्वतः परिभूरसि ।
स इद् देवेषु गच्छति ।।४।।

(૪) હે જવાળા, જે યાત્રી-યજ્ઞને તું ચારે બાજુઅથી વીંટળાઈ વળે છે, તે સાચે જ દેવોમાં પ્રાપ્ત થાય છે.

अग्निर्होता कविक्रतुः सत्यश्चित्रश्रवस्तमः ।
देवो देवेभिरा गमत् ।।५।।

(૫) આવાહન કરનાર, ઋષિ-સંકલ્પરૂપ, સત્ય, અનેક સમૃદ્ધ શ્રાવણોથી પરિપૂર્ણ, અગ્નિ, દેવો સાથે સાથે દેવ રૂપે આવો.

यदङ्ग दाशुषे त्वमग्ने भद्रं करिष्यसि । तवेत् तत् सत्यमङ्गिरः ।।६।।

(૬) હે અંગિરસ, હે અગ્નિ, તું દાતા માટે જે સુખમય કલ્યાણ કરશે, તે ખરેખર સત્ય હશે, તારું હશે.

उप त्वाग्ने दिवे दिवे दोषावस्तर्धिया वयम् । नमो भरन्त एमसि ।।७।।

(૭) હે અગ્નિ, રોજ-રોજ, રાત-દિવસ, વિચાર વડે નમનને વહન કરતા અમે તારી પાસે આવીએ છીએ.

राजन्तमध्वराणां गोपामृतस्य दीदिविम् । वर्धमानं स्वे दमे ।।८।।

(૮) અમારા યાત્રી-યજ્ઞો પર શાસન કરતા, ઋતના પ્રકાશમાન રક્ષક, તારા પોતાના ઘરમાં વૃદ્ધિ પામતા, તારી પાસે અમે આવીએ છીએ.

स नः पितेव सूनवेऽग्ने सूपायनो भव । सचस्वानः स्वस्तये ।।९।।

(૯) હે અગ્નિ, પુત્ર માટે પિતા જેમ સુગમ છે, તેમ તું અમારે માટે સુગમ બન. અમને સુખમય સ્થિતિ પ્રાપ્ત થાય તેટલા માટે તું અમને વળગી રહે.

મેધાતિથિ કણ્વ

સૂક્ત ૧૨

अग्निं दूतं वृणीमहे होतारं विश्ववेदसम् । अस्य यज्ञस्य सुक्रतुम् ।।१।।

(૧) હોતા, સર્વજ્ઞ, દૂત, આ યજ્ઞના અસરકારક સંકલ્પરૂપ, અગ્નિને અમે પસંદ કરીએ છીએ.

अग्निमग्निं हवीमभिः सदा हवन्त विश्पतिम् । हव्यवाहं पुरुप्रियम् ।।२।।

(૨) યજમાનો દેવોનું આવાહન કરનાર સૂક્તો વડે સદા પ્રત્યેક અગ્નિને બોલાવે છે, જે પ્રાણીઓનો સ્વામી છે, અમારી આહુતિઓને લઈ જનાર છે, ઘણાઓને પ્રિય છે. (અથવા, જેનામાં ઘણી પ્રિય વસ્તુઓ છે.)

अग्ने देवाँ इहा वह जज्ञानो वृक्तबर्हिषे । असि होता न ईड्यः ।।३।।

(૩) હે અગ્નિ, જન્મતો એવો તું, પવિત્ર દર્ભાસન પાથરનાર યજમાન માટે, દેવોને અહીં લઈ આવ; તું અમારો પૂજ્ય હોતા છે.

ताँ उशतो वि बोधय यदग्ने यासि दूत्यम् । देवैरा सत्सि बर्हिषि ।।४।।

(૪) હે અગ્નિ, જ્યારે તું અમારા દૂત તરીકે જાય, ત્યારે અમારી આહુતિની કામના કરતા (દેવોને) જાગ્રત કર. દેવોની સાથે, તું પવિત્ર દર્ભાસન પર બેસ.

घृताहवन दीदिवः प्रति ष्म रिषतो दह । अग्ने त्वं रक्षस्विनः ।।५।।

(૫) હે અગ્નિ, હે પ્રકાશમાન, હે સ્પષ્ટતાની આહુતિઓ વડે આવાહન કરાતા દેવ, સામનો કરીને તું દ્વેષ કરનારાઓને પ્રતિરોધ કરનારાઓને બાળી નાખ.

अग्निनाग्निः समिध्यते कविर्गृहपतिर्युवा । हव्यवाड् जुह्वास्यः ।।६।।

(૬) કવિ, ઘરનો પતિ, યુવાન, આહુતિઓનું વહન કરનાર, આહુતિઓને સ્વીકારનાર મુખવાળો, અગ્નિ અગ્નિ વડે સારી રીતે પ્રજ્વલિત થાય છે.

कविमग्निमुप स्तुहि सत्यधर्माणमध्वरे । देवममीवचातनम् ।।७।।

(૭) કવિ, સત્યરૂપ અસ્તિત્વના ધર્મવાળા, પ્રકાશમાન, સર્વ પાપોનો નાશ કરનાર, અગ્નિની પાસે જઈને યાત્રી-યજ્ઞમાં તેની સ્તુતિ કર.

यस्त्वामग्ने हविष्पतिर्दूतं देव सपर्यति । तस्य स्म प्राविता भव ।।८।।

(૮) હે, પ્રકાશમાન અગ્નિ, જે આહુતિઓનો પતિ દૂત એવા તારી પૂજા કરે છે, તેનો રક્ષક બન.

यो अग्नि देववीतये हविष्माँ आविवासति । तस्मै पावक मृलय ।।९।।

(૯) હે પાવન કરનાર, દેવોના જન્મ માટે, જે હવિષવાળો યજમાન દિવ્ય શકિતરૂપ તારી પાસે આવે છે, તેના પર કૃપા કર.

स नः पावक दीदिवोऽग्ने देवाँ इहा वह । उप यज्ञं हविश्चनः ।।१०।।

(૧૦) હે પાવન કરનાર, પ્રકાશમય, જવાળા, તું દેવોને અમારા યજ્ઞમાં આહુતિ પાસે લઈ આવ.

स नः स्तवान आ भर गायत्रेण नवीयसा । रयिं वीरवतीमिषम् ।।११।।

(૧૧) નવીન ગાયત્રી-છંદ વડે સ્તુતિ કરાયેલો તું અમારે માટે વીરના બળવાળી શકિત તથા આનંદ-સમૃદ્ધિ લઈ આવ.

अग्ने शुक्रेण शोचिषा विश्वाभिर्देवहूतिभिः । इमं स्तोमं जुषस्व नः ।।१२।।

(૧૨) હે જવાળા, તારા શ્વેત તેજ સાથે, દેવોને બોલાવનારાં બધાં દિવ્ય સૂકતો સાથે, તું અમારા આ સ્તોમનો સ્વીકાર કર.

સૂકત ૧૩

सुसमिद्धो न आ वह देवाँ अग्ने हविष्मते । होतः पावक यक्षि च ।।१।।

(૧) હે અગ્નિ, સંપૂર્ણ રીતે પ્રજ્વલિત કરાયેલો તું હવિષવાળા યજમાન માટે દેવોને લઈ આવ; હે પાવન કરનાર હોતા, તું યજન કર.

मधुमन्तं तनूनपाद् यज्ञं देवेषु नः कवे । अद्या कृणुहि वीतये ।।२।।

(૨) હે દેહના પુત્ર, કવિ, દેવો માટે (અથવા, દેવોમાં) આજે યજ્ઞને, તેમના ઉપભોગ માટે, મધુયુકત બનાવ.

नराशंसमिह प्रियमस्मिन् यज्ञ उप ह्वये । मधुजिह्वं हविष्कृतम् ।।३।।

(૩) માનવની અપેક્ષા કરતા (નરાશંસ), પ્રિય, મધુયુકત જિહ્વાવાળા, હવિઓનું નિર્માણ કરનાર, (નરાશંસ) અગ્નિને હું આ યજ્ઞમાં બોલાવું છું.

अग्ने सुखतमे रथे देवाँ ईलित आ वह । असि होता मनुर्हितः ।।४।।

(૪) હે અગ્નિ, પૂજાયેલો એવો તું તારા ખૂબ સુખમય રથમાં દેવોને અહીં લઈ આવ; (કારણ કે) તું માનવ વડે સ્થાપિત હોતા છે.

स्तृणीत बर्हिरानुषग् घृतपृष्ठं मनीषिणः । यत्रामृतस्य चक्षणम् ।।५।।

(૫) હે વિચારકો, જ્યાં અમૃતનું દર્શન છે ત્યાં તમે સતત, યોગ્ય રીતે, સ્પષ્ટ આહુતિઓ વડે (ઘૃતની) છંટાયેલા, પવિત્ર દર્ભાસનને પાથરો.

સૂક્ત ૧૪

ऐभिरग्ने दुवो गिरो विश्वेभिः सोमपीतये । देवेभिर्याहि यक्षि च ।।१।।

(૧) હે વાણીની ક્રિયારૂપ અગ્નિ, સર્વ દેવો સાથે સોમપાન કરવા માટે આવ અને તારું કર્મ કર.

आ त्वा कण्वा अहूषत गृणन्ति विप्र ते धियः । देवेभिरग्न आ गहि ।।२।।

(૨) હે અગ્નિ, કણ્વોએ તારું આવાહન કર્યું છે. હે જ્ઞાનના સ્વામી, તેમની બુદ્ધિની ગતિઓ તારે માટે સ્તુતિ કરે છે; તું દેવો સાથે આવ.

इन्द्रवायू बृहस्पतिं मित्राग्निं पूषणं भगम् । आदित्यान्मारुतं गणम् ।।३।।

(૩) ઇન્દ્રને, વાયુને, બૃહસ્પતિને, મિત્રને, તથા અગ્નિને, પૂષાને, ભગને, આદિત્યોને તથા મરુદ્-ગણને હું બોલાવું છું.

प्र वो भ्रियन्त इन्दवो मत्सरा मादयिष्णवः । द्रप्सा मध्वश्चमूषदः ।।४।।

(૪) તમારે માટે આનંદપૂર્ણ, મત્ત બનાવનારા, મધુ-ઝરતા, સોમરસના પ્રવાહો તેમનાં પાત્રોમાં ભરવામાં આવ્યા છે.

ईलते त्वामवस्यवः कण्वासो वृक्तबर्हिषः । हविष्मन्तो अरंकृतः ।।५।।

(૫) રક્ષણની ઇચ્છાવાળા, દર્ભાસન પાથરેલા, હવિષવાળા, વ્યૂહને ગોઠવેલા, કણ્વો તારી પૂજા કરે છે.

घृतपृष्ठा मनोयुजो ये त्वा वहन्ति वह्नयः । आ देवान्त्सोमपीतये ।।६।।

(૬) પ્રકાશમાન પીઠવાળા, મનને જોતરેલા, વહન કરનારા (અગ્નિઓ) સોમપાન માટે તને અને દેવોને લઈ આવે છે.

तान् यजत्राँ ऋतावृधोऽग्ने पत्नीवतस्कृधि । मध्वः सुजिह्वपायय ।।७।।

(૭) હે અગ્નિ, તેમને યજ્ઞ માટે સક્રિય, ઋત વડે વૃદ્ધિ પામતા, નારી-શક્તિઓથી સંયુક્ત બનાવ. હે સુંદર જિહ્વાવાળા, તેમને મધુરસનું પાન કરાવ.

ये यजत्रा य ईड्यास्ते ते पिबन्तु जिह्वया । मधोरग्ने वषट्कृति ।।८।।

(૮) હે અગ્નિ, જેઓ યજ્ઞમાં સક્રિય છે અને જેઓ સ્તુતિ-યોગ્ય છે, તે બંને તારી જિહ્વા વડે પાન કરે. ઉન્માદકારી સોમરસની મધુરતાનું તેઓ પાન કરે.

आकीं सूर्यस्य रोचनाद् विश्वान्देवाँ उषर्बुधः । विप्रो होतेह वक्षति ।।९।।

(૯) ઋષિ, હોતા (અગ્નિ), સૂર્યના પ્રકાશમાન લોકમાંથી, ઉષા પ્રત્યે જાગ્રત થનારા દેવોને લઈ આવે છે.

विश्वेभिः सोम्यं मध्वग्न इन्द्रेण वायुना । पिबा मित्रस्य धामभिः ।।१०।।

(૧૦) હે અગ્નિ, તે બધા દેવો સાથે, ઇન્દ્ર-વાયુ-મિત્રનાં તેજો સાથે, તું સોમરસની મધુરતાનું પાન કર.

त्वं होता मनुर्हितोऽग्ने यज्ञेषु सीदसि । सेमं नो अध्वरं यज ।।११।।

(૧૧) હે અગ્નિ, હોતા, વિચારક અને મિત્ર એવો તું યજ્ઞોમાં આસન લે છે; માટે તું અમારા યજ્ઞનું યજન કર.

युक्ष्वा ह्यरुषी रथे हरितो देव रोहितः । ताभिर्देवाँ इहा वह ।।१२।।

(૧૨) હે દેવ, ગુલાબી-લીલા-નારંગી રંગવાળા (અશ્વોને) તારા રથમાં જોતરીને, તેમના વડે તું દેવોને અહીં લઈ આવ.

કણ્વ ઘૌર

સૂક્ત ૩૬

प्र वो यह्वं पुरूणां विशां देवयतीनाम् ।
अग्निं सूक्ते भिर्वचोभिरीमहे यं सीमिदन्य ईलते ।।१।।

(૧) દેવત્વ માટે પરિશ્રમ કરનારા, અનેક લોકોના સ્વામી, અમે બીજા લોકો પણ જેની કામના કરે છે તે અગ્નિ પ્રત્યે પરિપૂર્ણ અભિવ્યકિતવાળા શબ્દો વડે ગતિ કરીએ છીએ.

जनासो अग्निं दधिरे सहोवृधं हविष्मन्तो विधेम ते ।
स त्वं नो अद्य सुमना इहाविता भवा वाजेषु सन्त्य ।।२।।

(૨) માણસો અગ્નિને પોતાનામાં બળની વૃદ્ધિ કરનાર તરીકે ધારણ કરે છે, હવિઓવાળા અમે તારે માટે યજ્ઞ કરીએ છીએ. હે અસ્તિત્વના સત્યવાળા, આજે તું સુંદર મનવાળો બનીને અમારી સંપત્તિનો રક્ષક થા.

प्र त्वा दूतं वृणीमहे होतारं विश्ववेदसम् ।
महस्ते सतो वि चरन्त्यर्चयो दिवि स्पृशन्ति भानवः ।।३।।

(૩) વૈશ્વિક જ્ઞાનવાળા, હોતા એવા તને અમે દૂત તરીકે પસંદ કરીએ છીએ. જ્યારે તું તારા અસ્તિત્વમાં મહાન બને છે, ત્યારે તારી જ્વાળાઓ બધે વિચરે છે, તારાં તેજ સ્વર્ગને સ્પર્શે છે.

देवासस्त्वा वरुणो मित्रो अर्यमा सं दूतं प्रत्नमिन्धते ।
विश्वं सो अग्ने जयति त्वया धनं यस्ते ददाश मर्त्यः ।।४।।

(૪) વરુણ, મિત્ર, અર્યમા, દેવો પ્રાચીન દૂત એવા તને સારી રીતે પ્રજ્વલિત કરે છે. હે અગ્નિ, જે માનવીએ તને ધન આપ્યું છે, તે તારા વડે સર્વને જિતે છે.

मन्द्रो होता गृहपतिरग्ने दूतो विशामसि ।
त्वे विश्वा संगतानि व्रता ध्रुवा यानि देवा अकृण्वत ।।५।।

(૫) તું યજ્ઞનો આનંદપૂર્ણ હોતા, આ ઘરનો પતિ, પ્રાણીઓનો દૂત છે. દેવોએ જેમને સ્થિર બનાવ્યાં છે, તેવાં સર્વ વ્રતો તારામાં એકઠાં થયેલાં છે.

त्वे इदग्ने सुभगे यविष्ठ्य विश्वमा हूयते हविः ।
स त्वं नो अद्य सुमना उतापरं यक्षि देवान्त्सुवीर्या ।।६।।

(૬) હે અગ્નિ, યુવાન અને સુભગ એવા તારામાં સર્વ આહુતિઓ અપાય છે. એવો તું આજે અને ભવિષ્યમાં, પરિપૂર્ણ મનવાળો બનીને, દેવોનું પરિપૂર્ણ વીર્યો વડે યજન કર.

तं घेमित्था नमस्विन उप स्वराजमासते ।
होत्राभिरग्निं मनुषः समिन्धते तितिर्वासो अति स्रिधः ।।७।।

(૭) નમનથી યુકત લોકો આત્મ-શાસક એવા તેની ઉપાસના કરે છે. જ્યારે માણસો તેમના વિરોધીઓનો પરાજય કરે છે, ત્યારે તેઓ આહુતિઓ વડે અગ્નિને પરિપૂર્ણ રીતે પ્રજ્વલિત કરે છે.

घ्नन्तो वृत्रमतरन रोदसी अप उरु क्षयाय चक्रिरे ।
भुवत् कण्वे वृषा द्युम्न्याहुतः क्रन्ददश्वो गविष्टिषु ।।८।।

(૮) આવરણ કરનાર વૃત્રનો સંહાર કરતા તેઓ આકાશ-પૃથ્વીની પાર ગયા, અને તેમણે વિશાળ રાજ્યને પોતાનું ઘર બનાવ્યું. મહાન અગ્નિ કણ્વમાં આહુતિઓ વડે પુષ્ટ થયેલી પ્રકાશમય શકિત બનો, ગાયોના ચરાઓમાં હણહણતો, જીવનનો અશ્વ બનો.

सं सीदस्व महाँ असि शोचस्व देववीतमः ।
वि धूममग्ने अरुषं मियेध्य सृज प्रशस्त दर्शतम् ।।९।।

(૯) તારું સ્થિર આસન લે; તું મહાન છે; દેવત્વને સંપૂર્ણપણે પ્રગટ કરતો તું તારી વિશુદ્ધિમાં પ્રકાશી રહે. હે યજન કરવાયોગ્ય, વિશાળતાપૂર્વક પ્રગટ થયેલા, અગ્નિ, તું તારા રાતા, દર્શનાથી પરિપૂર્ણ, વેગરૂપી ધુમાડાને રેલાવ—મુકત કર.

यं त्वा देवासो मनवे दधुरिह यजिष्ठं हव्यवाहन ।
यं कण्वो मेध्यातिथिर्धनस्पृतं यं वृषा यमुपस्तुतः ।।१०।।

(૧૦) હે આહુતિને વહન કરનાર, યજ્ઞ કરવામાં ખૂબ શકિતશાળી તને દેવોએ માનવ માટે અહીં મૂકયો છે, કણ્વ મેધાતિથિએ જેને પોતાના ધનને પકડી લાવનાર તરીકે મૂકયો છે (રાખ્યો છે), જેને બળવાન ઇન્દ્રે તથા તારી સ્તુતિ કરનારાઓએ ઇષ્ટ વસ્તુ પ્રાપ્ત કરનાર તરીકે રાખ્યો છે.

यमग्निं मेध्यातिथिः कण्व ईध ऋतादधि ।
तस्य प्रेषो दीदियुस्तमिमा ऋचस्तमग्निं वर्धयामसि ।।११।।

(૧૧) જેને કણ્વ મેધ્યાતિથિએ ઋતમાંથી ઊર્ધ્વમાં પ્રજ્વલિત કર્યો છે, તેના આવેગો ભભૂકી ઊઠો; આ ઋચાઓ તથા અમે તે અગ્નિની વૃદ્ધિ કરીએ છીએ.

रायस्पूर्धि स्वधावोऽस्ति हि तेऽग्ने देवेष्वाप्यम् ।
त्वं वाजस्य श्रुत्यस्य राजसि स नो मृल महाँ असि ।।१२।।

(૧૨) હે સ્વધાવાન (આત્મ-સ્થિતિવાળા), અમારા આનંદોને પરિપૂર્ણ બનાવ, કારણ કે હે અગ્નિ, દેવોમાં તારી અસરકારકતા છે. તું પ્રેરણાયુકત જ્ઞાનરૂપી ધન પર શાસન કરે છે. એવો તું અમારા પર કૃપા કર, તું મહાન છે.

ऊर्ध्व ऊ षु ण ऊतये तिष्ठा देवो न सविता ।
ऊर्ध्वो वाजस्य सनिता यदञ्जिभिर्वाघद्भिर्विह्वयामहे ।।१३।।

(૧૩) સવિતા દેવની પેઠે, અમારી વૃદ્ધિ માટે પરિપૂર્ણ રીતે ઊર્ધ્વ એવો તું ઊભો રહે. અમે જ્યારે તારું આવાહન કરીએ છીએ, ત્યારે તું તે ઊંચાઈઓ પરથી અમારા ભંડારનું રક્ષણ કરે છે.

ऊर्ध्वो नः पाह्यंहसो नि केतुना विश्वं समत्रिणं दह ।
कृधी न ऊर्ध्वाञ्चरथाय जीवसे विदा देवेषु नो दुवः ।।१४।।

(૧૪) ઊર્ધ્વ એવો તું, વિવેચના-યુકત મન વડે, પાપથી અમારું રક્ષણ કર; અમારા અસ્તિત્વનું ભક્ષણ કરી જનારને સંપૂર્ણપણે બાળી નાખ; કર્મ માટે, જીવન માટે અમને પણ ઊર્ધ્વ બનાવ; અમારા કર્મને દેવોમાં વહેંચ.

पाहि नो अग्ने रक्षसः पाहि धूर्तेरिराव्णः ।
पाहि रीषत उत वा जिघांसतो बृहद्भानो यविष्ठ्य ।।१५।।

(૧૫) હે અગ્નિ, રાક્ષસથી અમારું રક્ષણ કર, આનંદ ન લેનારની હાનિથી અમારું રક્ષણ કર, અમારા પર આક્રમણ કરનારથી તથા અમારી હિંસા કરવા ઇચ્છનારથી, હે વિશાળ તેજવાળા, હે શકિતશાળી યુવાન, અમારું રક્ષણ કર.

घनेव विष्वग्वि जह्यराव्णस्तपुर्जम्भ यो अस्मध्रुक् ।
यो मर्त्यः शिशीते अत्यक्तुभिर्मा नः स रिपुरीशत ।।१६।।

(૧૬) હે શત્રુના સંહારક, નિરાનંદની શકિતઓને, અમારો દ્રોહ કરનારને ઘણા પ્રહારો કરીને ચારે બાજુએ વિખેરી નાખ–સંહાર કર. (અથવા, વાદળોની પેઠે વિખેરી નાખ). જે મર્ત્ય શત્રુ તેનાં કાર્યોની તીક્ષ્ણતા વડે અમારા કરતાં ચઢિયાતો છે, તે અમારા પર પ્રભુત્વ પ્રાપ્ત ન કરે.

अग्निर्वेन्ने सुवीर्यमग्निः कण्वाय सौभगम् ।
अग्निः प्रावन् मित्रोत मेध्यातिथिमग्निः साता उपस्तुतम् ।।१७।।

(૧૭) અગ્નિએ કણ્વ માટે પરિપૂર્ણ શકિતને તથા પરિપૂર્ણ ઉપભોગને જિત્યાં છે; અગ્નિ તેને માટે સર્વ મૈત્રીવાળી વસ્તુઓનું રક્ષણ કરે છે, અગ્નિ સ્તુતિ કરનાર મેધ્યાતિથિને સલામત અસ્તિત્વમાં રાખે છે.

अग्निना तुर्वशं यदुं परावत उग्रादेवं हवामहे ।
अग्निर्नमन्नववास्त्वं बृहद्रथं तुर्वीतिं दस्यवे सहः ।।१८।।

(૧૮) અગ્નિ વડે અમે ઉપરનાં રાજ્યોમાંથી તુર્વશને અને યદુને બોલાવીએ છીએ. દસ્યુની (શત્રુની) સામે શકિતરૂપ અગ્નિ બૃહદ્રથને તથા તુર્વીતિને નવા ઘરમાં દોરી ગયો છે.

नि त्वामग्ने मनुर्दधे ज्योतिर्जनाय शश्वते ।
दीदेथ कण्व ऋतजात उक्षितो यं नमस्यन्ति कृष्टयः ।।१९।।

(૧૯) હે અગ્નિ, સનાતન જન્મ માટે માનવ તને અંદર જ્યોતિ રૂપે સ્થાપિત કરે છે. કર્મ કરનારાઓ જેને નમન કરે છે તેવો, ઋતમાં પ્રગટ થયેલો, અસ્તિત્વમાં વૃદ્ધિ પામેલો, તું કણ્વમાં જાજ્વલ્યમાન બની પ્રજ્વલિત થા.

त्वेषासो अग्नेरमवन्तो अर्चयो भीमासो न प्रतीतये ।
रक्षस्विनः सदमिद् यातुमावतो विश्वं समत्रिणं दह ।।२०।।

(૨૦) હે અગ્નિ, તારી જ્વાળાઓ વેગયુકત, શકિતશાળી, ભયંકર અને પાસે ન જઈ શકાય તેવી છે. અવરોધ કરનારી, દુઃખના પાત્રરૂપ, શકિતઓને, દરેક ભક્ષણ કરનારને, તું હમેશાં સંપૂર્ણપણે બાળી નાખ.

નોધસ્ ગૌતમ

સૂક્ત ૫૯

વૈશ્વિક દિવ્ય શકિત તથા સંકલ્પનું સૂકત

वया इदग्ने अग्नयस्ते अन्ये त्वे विश्वे अमृता मादयन्ते ।
वैश्वानर नाभिरसि क्षितीनां स्थूणेव जनाँ उपमिद् ययन्थ ।।१।।

(૧) હે અગ્નિ, બીજા અગ્નિઓ તારી શાખાઓ છે. બધા અમર્ત્ય દેવો તારામાં આનંદ પ્રાપ્ત કરે છે. હે વૈશ્વિક દેવ (વૈશ્વાનર), તું પૃથ્વીઓની તથા તેના નિવાસીઓની નાભિ છે. બધાં જન્મેલાં પ્રાણીઓને તું, સ્તંભની પેઠે, ધારણ કરે છે અને કાબૂમાં રાખે છે.

मूर्धा दिवो नाभिरग्निः पृथिव्या अथाभवदरती रोदस्योः ।
तं त्वा देवासोऽजनयन्त देवं वैश्वानर ज्योतिरिदार्याय ।।२।।

(૨) અગ્નિ દ્યુલોકનું મસ્તક છે, પૃથ્વીની નાભિ છે, આકાશ—પૃથ્વીમાં (બંને લોકોમાં) તે કાર્ય કરનાર શકિત છે. હે વૈશ્વાનર, દેવોએ, આર્ય માટે પ્રકાશરૂપ થવા માટે, દેવ એવા તને જન્માવ્યો છે.

आ सूर्ये न रश्मयो ध्रुवासो वैश्वानरे दधिरेऽग्ना वसूनि ।
या पर्वतेष्वोषधीष्वप्सु या मानुषेष्वसि तस्य राजा ।।३।।

(૩) જેવી રીતે કિરણો સૂર્યમાં સ્થિરતાપૂર્વક રહે છે, તેવી રીતે બધાં ધનો વૈશ્વિક અગ્નિ દેવમાં રહેલાં છે (મુકાયાં છે). પૃથ્વીની વૃદ્ધિરૂપ ઓષધીઓમાં, પર્વતોમાં, જળોમાં તથા મનુષ્યોમાં જે ધનો મુકાયેલાં છે, તેમનો તું રાજા છે.

बृहती इव सूनवे रोदसी गिरो होता मनुष्यो न दक्षः ।
स्वर्वते सत्यशुष्माय पूर्वीर्वैश्वानराय नृतमाय यह्वीः ।।४।।

(૪) આકાશ—પૃથ્વી, પુત્ર માટે જાણે કે વિશાળ બને છે. તે અમારા યજ્ઞનો હોતા છે, વિવેચક શકિતવાળા મનુષ્યની પેઠે તે અમારા શબ્દોને ગાય

છે. ખૂબ શકિતશાળી પોતાની સાથે સ્વર્લોકના પ્રકાશને તથા તેનાં ખૂબ બળવાન જળોને લાવનાર, સત્યરૂપી બળવાળા, વૈશ્વાનર માટે (હું આ સ્તુતિ કરું છું.).

दिवश्चित् ते बृहतो जातवेदो वैश्वानर प्र रिरिचे महित्वम् ।
राजा कृष्टीनामसि मानुषीणां युधा देवेभ्यो वरिवश्चकर्थ ।।५।।

(૫) હે જન્મેલી બધી વસ્તુઓને જાણનાર, વૈશ્વિક દેવ, તારો મહિમા વિશાળ દ્યુલોક કરતાં પણ અધિક છે. તું પરિશ્રમ કરનાર મનુષ્ય લોકોનો રાજા છે; યુદ્ધ વડે તેં દેવો માટે પરમ કલ્યાણને સિદ્ધ કર્યું છે.

वैश्वानरो महिम्ना विश्वकृष्टिर्भरद्वाजेषु यजतो विभावा ।
शातवनेये शतिनीभिरग्निः पुरुणीथे जरते सूनृतावान् ।।६।।

(૬) આ વૈશ્વિક દેવ પોતાના મહિમા વડે બધા લોકોમાં પરિશ્રમ કરે છે, તે યજ્ઞનો પ્રકાશયુકત સ્વામી છે, સો ખજાનાયુકત જવાળા છે. સત્ય સ્તુતિ કરનારને તે સત્ય–પ્રિય–યુકત અગ્નિ તે ધન આપે છે.

પરાશર શાક્ત્ય

સૂક્ત ૬૫

पश्वा न तायुं गुहा चतन्तं नमो युजानं नमो वहन्तम् ।
सजोषा धीराः पदैरनु ग्मन्नुप त्वा सीदन् विश्वे यजत्राः ।।१।।

(૧) દર્શનારૂપ ગાય સાથે તે પોતાની જાતને ચોરની પેઠે ગુહામાં સંતાડે છે. તે અમારા નમનને સ્વીકારે છે, તે અમારા નમનને લઈ જાય છે. વિચારકો સંયુકત રીતે તેનામાં આનંદ માણે છે, તેનાં પગલાંને તેઓ અનુસરે છે. સર્વ યજ્ઞના સ્વામીઓ રહસ્યમય રીતે તારી પાસે આવે છે.

ऋतस्य देवा अनु व्रता गुर्भुवत्परिष्टिर्द्योर्न भूम ।
वर्धन्तीमापः पन्वा सुशिश्विमृतस्य योना गर्भे सुजातम् ।।२।।

(૨) દેવો તેની પાછળ-પાછળ ઋતનાં વ્રતોને (કાર્યના નિયમોને) અનુસરે છે. આકાશ જેમ પૃથ્વીને વ્યાપ્ત કરે છે, તેમ તે બધાને વ્યાપ્ત કરીને રહ્યો છે. પોતાના પરિશ્રમ વડે (અથવા, સૂકત વડે), જળો વૃદ્ધિ પામતા એવા તેની વૃદ્ધિ કરે છે, કે જે અગ્નિ ઋતની યોનિમાં, તેમના (જળોના) ગર્ભમાં સારી રીતે જન્મ પામે છે.

पुष्टिर्न रण्वा क्षितिर्न पृथ्वी गिरिर्न भुज्म क्षोदो न शंभु ।
अत्यो नाज्मन्त्सर्गप्रतक्तः सिन्धुर्न क्षोदः क ईं वराते ।।३।।

(૩) તે આનંદ-દાયક પુષ્ટિ સમાન છે, તે પૃથ્વી સમાન આપણું વિશાળ નિવાસ-સ્થાન છે, તે પર્વત સમાન ઉપભોગ કરવા યોગ્ય છે, ઝડપથી વહેતા જળ સમાન કલ્યાણકારી છે. તે યુદ્ધમાં વેગપૂર્વક દોડતા અશ્વ સમાન છે, વહેતી નદી સમાન (અથવા ગતિમાન સમુદ્ર સમાન) છે. તેને રોકવા કોણ સમર્થ છે ?

जामिः सिन्धूनां भ्रातेव स्वस्रामिभ्यान्न राजा वनान्यत्ति ।
यद्वातजूतो वना व्यस्थादग्निर्ह दाति रोमा पृथिव्याः ।।४।।

(૪) બહેનોના ભાઈની પેઠે, તે નદીઓનો નિકટનો બંધુ છે. રાજા જેમ શત્રુઓનો સંહાર કરે છે, તેમ તે પૃથ્વીનાં વનોનું ભક્ષણ કરે છે. જ્યારે વાયુ વડે પ્રેરાયેલો તે વનોમાં વિચરે છે, ત્યારે અગ્નિ પૃથ્વીનાં રુવાંટાંને છેદી નાખે છે.

श्वसित्यप्सु हंसो न सीदन् ऋत्वा चेतिष्ठो विशामुषर्भुत् ।
सोमो न वेधा ऋतप्रजातः पशुर्न शिश्वा विभुर्दूरेभाः ।।५।।

(૫) બેઠેલા હંસની પેઠે, તે જળોમાં શ્વાસ લે છે. ઉષા કાળમાં જાગ્રત થતા તેનામાં, પોતાના કાર્યોના સંકલ્પ દ્વારા, લોકોને જ્ઞાન આપવાની ખૂબ શકિત છે. સોમની પેઠે તે ઋતમાંથી જન્મેલો સ્રષ્ટા છે, તે વાછડાથી યુકત ગાય છે. તે વિશાળતાપૂર્વક વિસ્તરે છે, તેનો પ્રકાશ દૂરથી દેખાય છે.

સૂકત ૬૬

रयिर्न चित्रा सूरो न संदृगायुर्न प्राणो नित्यो न सूनुः ।
तक्वा न भूर्णिर्वना सिषक्ति पयो न धेनुः शुचिर्विभावा ।।१।।

(૧) તે ધન સમાન અનેક પ્રકારનો છે, સૂર્ય સમાન સર્વદર્શી છે, તે આપણા અસ્તિત્વના જીવન સમાન, પ્રાણ સમાન છે, તે આપણા સનાતન પુત્ર માન છે. તે આપણું વહન કરનાર અશ્વ સમાન છે. તે વનોને ચીટકી રહે છે, તે દૂધ-સહિત ગાય સમાન છે, તે વિશુદ્ધ પ્રકાશવાળો, વિશાળ તેજવાળો છે.

दाधार क्षेममोको न रण्वो यवो न पक्वो जेता जनानाम् ।
ऋषिर्न स्तुभ्वा दिक्षु प्रशस्तो वाजी न प्रीतो वयो दधाति ।।२।।

(૨) આનંદ-દાયક ઘરની પેઠે તે આપણા કલ્યાણને ધારણ કરે છે, તે પાકેલા અનાજ સમાન છે. સ્તુતિ બોલતા ઋષિની પેઠે, તે માનવો પર વિજય પ્રાપ્ત કરે છે. માણસોમાં તેની પ્રશંસા થાય છે. તે આપણો આનંદયુકત, વેગયુકત અશ્વ સમાન છે. તે આપણી પુષ્ટિને ધારણ કરે છે.

दुरोकशोचिः क्रतुर्न नित्यो जायेव योनावरं विश्वस्मै ।
चित्रो यदभ्राट् छ्वेतो न विक्षु रथो न रुक्मी त्वेषः समत्सु ।।३।।

(૩) જેમાં વાસ કરવો કઠિન છે તેવા ઘરમાં તે પ્રકાશ છે, તે આપણામાં સદા ક્રિયાશીલ સંકલ્પ છે, તે દરેક પુરુષ માટે પર્યાપ્ત એવી, ઘરમાં પત્ની સમાન તે છે. જ્યારે તે આશ્ચર્યકારક અનેક રીતે પ્રજ્વલિત થાય છે, ત્યારે તે લોકોમાં શ્વેત સમાન બને છે. તે સુવર્ણમય રથ સમાન છે, તે યુદ્ધોમાં તેજ છે.

सेनेव सृष्टामं दधात्यस्तुर्न दिद्युत्त्वेषप्रतीका ।
यमो ह जातो यमो जनित्वं जारः कनीनां पतिर्जनीनाम् ।।४।।

(૪) આક્રમણ કરતી સેનાની પેઠે તે આપણામાં બળ મૂકી આપે છે. તે બાણાવળીનું, તીક્ષ્ણ પ્રજ્વલિત અણીવાળું, જાજ્વલ્યમાન બાણ હોય તેવો છે. તે જોડિયા ભાઈ તરીકે જન્મેલો છે, તે જન્મનાર જોડિયો ભાઈ છે, તે કન્યાઓનો પ્રિતમ છે, માતાઓનો પતિ છે.

तं वश्चराथा वयं वसत्यास्तं न गावो नक्षन्त इद्धम् ।
सिन्धुर्न क्षोदः प्र नीचीरैनोन्नवन्त गावः स्वर्दृशीके ।।५।।

(૫) તમારી ગતિ વડે, તમારા વાસ વડે, પ્રજ્વલિત થયેલા અગ્નિ પાસે, ગાયો જેમ તેમના વાડામાં આવે તેમ, અમે આવીએ છીએ. તે નહેરમાં વહેતી નદી સમાન છે, અને અવતીર્ણ થતાં જળોને તે આગળ મોકલે છે. સ્વર્લોક પ્રગટ થાય છે (અથવા, સૂર્ય દેખાય છે), ત્યારે કિરણોરૂપ ગાયો તેના પ્રત્યે ગતિ કરે છે.

સૂક્ત ૬૭

वनेषु जायुर्मर्तेषु मित्रो वृणीते श्रुष्टिं राजेबाजुर्यम् ।
क्षेमो न साधुः क्रतुर्न भद्रो भुवत्स्वाधीर्होता हव्यवाट् ।।१।।

(૧) વનોમાં તે વિજેતા છે, મર્ત્યોમાં તે મિત્ર છે, રાજા જેમ અજર સલાહકારને પસંદ કરે છે તેમ તે પ્રેરણાને પસંદ કરે છે. તે ક્ષેમકારી માણસની પેઠે આપણું કલ્યાણ કરનાર છે, સુખમય સંકલ્પની પેઠે તેના વિચારો વડે ભલું કરનાર છે. તે આપણો હોતા છે, આપણી આહુતિઓનું વહન કરનાર છે.

हस्ते दधानो नृम्णा विश्वान्यमे देवान् धाद् गुहा निषीदन् ।
विदन्तीमत्र नरो धियंधा हृदा यत्तष्टान्मन्त्राँ अशंसत् ।।२।।

(૨) પોતાના હાથમાં તે સર્વ બળોને ધારણ કરે છે. ગુહામાં બેઠેલો તે પોતાના બળમાં દેવોને સ્થાપિત કરે છે. જ્યારે માણસો અહીં હૃદય વડે રચાયેલા મંત્રોનું ઉચ્ચારણ કરે છે, ત્યારે વિચારને પોતાનામાં ધારણ કરનાર તે લોકો તેને જાણી શકે છે.

अजो न क्षां दाधार पृथीवीं तस्तम्भ द्यां मन्त्रेभिः सत्यैः ।
प्रिया पदानि पश्वो नि पाहि विश्वायुरग्ने गुहा गुहं गाः ।।३।।

(૩) અજન્માની પેઠે તેણે વિશાળ પૃથ્વીને ધારણ કરી છે. સત્ય મંત્રો વડે તેણે દ્યુલોકને, સ્તંભ ઉપર હોય તેમ, ટકાવી રાખ્યો છે. હે અગ્નિ, દર્શનાની ગાયનાં પ્રિય પગલાંનું રક્ષણ કર; તું વૈશ્વિક જીવન છે; તું ગુહાની રહસ્યમયતામાં પ્રવેશ કર.

य ईं चिकेत गुहा भवन्तमा यः ससाद धारामृतस्य ।
वि ये चृतन्त्यृता सपन्त आदिद्वसूनि प्र ववाचास्मै ।।४।।

(૪) ગુહામાં રહેલા તેને જેણે જાણ્યો છે, જે ઋતની ધારાને પ્રાપ્ત થયો છે, જે લોકોએ ઋતની વસ્તુઓનો સ્પર્શ કર્યો છે અને તેને પ્રજ્વલિત કર્યો છે, તેને તે સમૃદ્ધિઓનો શબ્દ આપે છે.

वि यो वीरुत्सु रोधन्महित्वोत प्रजा उत प्रसूष्वन्तः ।
चित्तिरपां दमे विश्वायुः सद्मेव धीराः संमाय चक्रुः ।।५।।

(૫) જે પૃથ્વીની વૃદ્ધિઓમાં (ઓષધિઓમાં) પોતાના મહિમાને ધારણ કરે છે, જે જન્મેલી છે અને જે માતાઓના ગર્ભમાં છે તેમને ધારણ કરે છે, જળોના ઘરમાં જે જ્ઞાનરૂપ છે, વૈશ્વિક જીવન છે, તેને વિચારકોએ માપ્યો છે, અને ઘરની માફક તેની રચના કરી છે.

સૂક્ત ૬૮

श्रीणन्नुप स्यादृवं भुरण्युः स्थातुश्चरथमक्तून् व्यूर्णोत् ।
परि यदेषामेको विश्वेषां भुवद्देवो देवानां महित्वा ।।१।।

(૧) વહન કરતો, જાજવલ્યમાન, તે સ્વર્ગમાં પહોંચી જાય છે. તે રાત્રિઓને પ્રકાશિત કરે છે, અને સ્થાવર-જંગમને પ્રગટ કરે છે, કારણ કે તે એક દેવ બધા દેવોના મહિમાઓને વ્યાપ્ત કરે છે.

आदित्ते विश्वे क्रतुं जुषन्त शुष्काद्यदेव जीवो जनिष्ठाः ।
भजन्त विश्वे देवत्वं नाम ऋतं सपन्तो अमृतमेवैः ।।२।।

(૨) જ્યારે તું શુષ્ક વસ્તુમાંથી (પદાર્થ-તત્ત્વમાંથી) જીવતા પ્રાણી રૂપે જન્મે છે, ત્યારે બધાં તારી સંકલ્પશકિતને વળગે છે (અથવા, તેમાં આનંદ માણે છે). બધાં નામમાં, દેવત્વમાં આનંદ માણે છે. તારી ગતિઓ વડે તેઓ ઋતનો તથા અમૃતત્વનો સ્પર્શ કરે છે.

ऋतस्य प्रषा ऋतस्य धीतिर्विश्वायुर्विश्वे अपांसि चक्रुः ।
यस्तुभ्यं दाशाद्यो वा ते शिक्षात्तस्मै चिकित्वान् रयिं दयस्व ।।३।।

(૩) તે ઋતના આવેગો છે, ઋતની વિચારણા છે, વૈશ્વિક જીવન છે જેના વડે બધાં કાર્યો કરે છે. તને જે આપે છે અથવા તારી પાસેથી જે મેળવે છે (અથવા, શીખે છે), તેને જાણકાર એવો તું સમૃદ્ધિને આપે છે.

होता निषत्तो मनोरपत्ये स चिन्वासां पती रयीणाम् ।
इच्छन्त रेतो मिथस्तनूषु सं जानत स्वैर्दक्षैरमूराः ।।४।।

(૪) માનવના પુત્રમાં બેઠેલો તે યજ્ઞનો હોતા છે; સાચે જ, તે આ સમૃદ્ધિઓનો પતિ છે. પોતાનાં શરીરોમાં પરસ્પર રેતસ્ (બીજ)ની કામના કરતા, વિદ્વાન લોકો પોતાની વિવેક-શકિતઓ વડે સંપૂર્ણ જ્ઞાન મેળવે છે.

पितुर्न पुत्राः क्रतुं जुषन्त श्रोषन्ये अस्य शासं तुरासः ।
वि राय और्णोद् दुरः पुरुक्षुः पिपेश नाकं स्तृभिर्दमूनाः ।।५।।

(૫) જે લોકો તેના શાસનને સાંભળે છે, જેઓ ગતિમાં ત્વરાવાળા છે, તેઓ—પુત્રો જેમ પિતાના સંકલ્પને રાજીખુશીથી માથે ચઢાવે તેમ, તેના સંકલ્પને માથે ચઢાવે છે. અનેક સમૃદ્ધિઓના ઘર-રૂપ તે ખજાનાઓનાં દ્વારોને ખોલી નાખે છે. અંદર વસનાર તેણે તારાઓ સહિત આકાશની (સ્વર્ગની) રચના કરી છે.

સૂકત ૬૯

शुक्रः शुशुक्वाँ उषो न जारः पप्रा समीची दिवो न ज्योतिः ।
परि प्रजातः क्रत्वा बभूथ भुवो देवानां पिता पुत्रः सन् ।।१।।

(૧) ઉષાના પ્રિયતમ તરીકે પ્રકાશમય રીતે જાજવલ્યમાન, દ્યુલોકના જ્યોતિની પેઠે બે સમાન લોકોને (અથવા, સાથીઓને) પરિપૂર્ણ કરનાર, તું અમારા સંકલ્પ વડે જન્મ્યો છે, ચારે બાજુએથી અમારા અસ્તિત્વને તેં વ્યાપ્ત કર્યું છે. પુત્ર એવો તું દેવોનો પિતા બની ગયો છે.

वेधा अदृप्तो अग्निर्विजानन्नूधर्न गोनां स्वाद्मा पितूनाम् ।
जने न शेव आहूर्यः सन्मध्ये निषत्तो रण्वो दुरोणे ।।२।।

(૨) જ્ઞાનયુકત અગ્નિ દર્પ-રહિત સ્રષ્ટા (વિધાતા) છે. તે પ્રકાશની ગાયોનું આંચળ છે, સોમરસોને મધુરતા આપનાર (અથવા, બધાં અન્નોનું ભક્ષણ કરનારા) છે. માનવમાં તે આનંદ-રૂપ છે, આવાહન કરવા યોગ્ય છે, ઘરની મધ્યમાં આનંદપૂર્ણ એવો તે બેઠેલો છે.

पुत्रो न जातो रण्वो दुरोणे वाजी न प्रीतो विशो वि तारीत् ।
विशो यदह्वे नृभिः सनीला अग्निर्देवत्वा विश्वान्यश्याः ।।३।।

(૩) તે ઘરમાં આનંદ-દાયક પુત્ર રૂપે જન્મ્યો છે. તે યુદ્ધોમાં માણસોને વેગવાન અશ્વની પેઠે સલામત પાર કરે છે. દેવો સાથે (અથવા માણસો સાથે)

એક ઘરમાં રહેતાં સત્ત્વોને જ્યારે હું બોલાવું છું, ત્યારે અગ્નિ બધાં દેવત્વોને પ્રાપ્ત કરે છે.

नकिष्ट एता व्रता मिनन्ति नृभ्योयदेभ्यः श्रुष्टिं चकर्थ ।
तत्तु ते दंसो यदहन्त्समानैर्नृभिर्यद्युक्तो विवे रपांसि ।।४।।

(૪) જ્યારે આ દેવો માટે (અથવા, માણસો માટે) તું પ્રેરણાયુકત જ્ઞાનનું સર્જન કરે છે, ત્યારે તારાં કાર્યોનાં વ્રતોને કોઈ હાનિ પહોંચાડી શકતું નથી. આ તારું કાર્ય છે કે સમાન દેવો સાથે જોતરાયેલો તું સંહાર કરીને પાપ-શકિતઓને ભગાડી મૂકે છે.

उषो न जारो विभावोस्रः संज्ञातरूपश्चिकेतदस्मै ।
त्मना वहन्तो दुरो व्यृण्वन्नवन्त विश्वे स्वर्दृशीके ।।५।।

(૫) ઉષાના પ્રિયતમ પેઠે તે તેજસ્વી અને પ્રકાશમાન છે. તેના રૂપનું જ્ઞાન થાઓ, તે આ માનવ માટે જ્ઞાન પ્રત્યે જાગ્રત થાઓ. પોતાનામાં તેને વહન કરતા, સર્વ લોકો દ્વારોને ખોલી નાખો, અને સ્વર્લોકની દર્શના પ્રત્યે ગતિ કરો.

સૂકત ૭૦

वनेम पूर्वीरर्यो मनीषा अग्निः सुशोको विश्वान्यश्याः ।
आ दैव्यानि व्रता चिकित्वाना मानुषस्य जनस्य जन्म ।।१।।

(૧) અમે અનેક સમૃદ્ધિઓને પ્રાપ્ત કરીએ. પ્રકાશ વડે જાજવલ્યમાન અગ્નિ, પોતાના વિચારક-મન વડે, સર્વ વસ્તુઓ પર સ્વામિત્વ સ્થાપો. તે દિવ્ય વ્રતોને તથા મનુષ્ય પ્રાણીના જન્મને જાણે છે.

गर्भो यो अपां गर्भो वनानां गर्भश्च स्थानां गर्भश्चरथाम् ।
अद्रौ चिदस्मा अन्तर्दुरोणे विशां न विश्वो अमृतः स्वाधीः ।।२।।

(૨) તે જળોનો પુત્ર છે; વનોનો પુત્ર છે, સ્થાવર-જંગમ વસ્તુઓનો પુત્ર છે. માનવ માટે તે પથ્થરમાં તથા ઘરમાં પણ છે; તે પ્રાણીઓમાં સર્વત્ર છે, અમૃત છે, પરિપૂર્ણ વિચારક છે.

स हि क्षपावाँ अग्नी रयीणां दाशद्यो अस्मा अरं सूक्तैः ।
एता चिकित्वो भूमा नि पाहि देवानां जन्म मताँश्च विद्वान् ।।३।।

(૩) અગ્નિ રાત્રિઓનો સ્વામી છે, પરિપૂર્ણ મંત્રો વડે તેને માટે યજ્ઞ કરનારને તે સમૃદ્ધિઓ આપે છે. જાણકાર એવો તું વિદ્વાન હોઈ, આ લોકોનું, દેવોના જન્મનું તથા મર્ત્ય માનવીઓનું રક્ષણ કર.

वर्धान्यं पूर्वीः क्षपो विरूपाः स्थातुश्चरथमृतप्रवीतम् ।
अराधि होता स्वर्निषत्तः कृण्वन् विश्वान्यपांसि सत्या ।।४।।

(૪) વિવિધ રૂપોવાળી અનેક રાત્રિઓએ તેનામાં વૃદ્ધિ કરી છે, કે જે અગ્નિ ઋતમાંથી પ્રગટયો છે, જે સ્થાવર તથા જંગમરૂપ છે, અમારાં બધાં કાર્યોને સત્ય કરનાર તે હોતા અમને સ્વર્લોકમાં બેઠેલો પ્રાપ્ત થયો છે.

गोषु प्रशस्तिं वनेषु धिषे भरन्त विश्वे बलिं स्वर्णः ।
वि त्वा नरः पुरुत्रा सपर्यन् पितुर्न जिव्रेर्वि वेदो भरन्त ।।५।।

(૫) કિરણરૂપ ગાયોમાં તથા વનોમાં તું શબ્દને સ્થાપિત કરે છે. સર્વ લોકો સ્વર્લોકની જાણે કે આહુતિ આપે છે. માનવો અનેક ભાગો વડે તારી સેવા-પૂજા કરે છે, અને લાંબું જીવનાર પિતા પાસેથી હોય તેમ જ્ઞાનને એકત્રિત કરે છે.

साधुर्न गृध्नुरस्तेव शूरो यातेव भीमस्त्वेषः समत्सु ।।६।।

(૬) તે કાર્યોમાં કુશળ છે, બધાનું ભક્ષણ કરી જવામાં ક્ષુધિત છે, બાણાવળી સમાન શૂરવીર છે, આક્રમણ કરનાર જેવો ભયંકર છે. યુદ્ધોમાં તેજરૂપ છે.

સૂકત ૭૧

उप प्र जिन्वन्नुशतीरुशन्तं पतिं न नित्यं जनयः सनीष्लाः ।
स्वसारः श्यावीमरुषीमजुष्रञ् चित्रमुच्छन्तीमुषसं न गावः ।।१।।

(૧) એક ઘરમાં રહેતી માતાઓ, તેની કામના કરતી, તેમની કામના કરતા તેની પાસે આવી, અને સનાતન પતિની પેઠે તેને આનંદ આપ્યો. જ્યારે શ્યામ વર્ણવાળી; રાતા વર્ણવાળી સમૃદ્ધ અનેક રંગોવાળી ઉષામાં કિરણોરૂપ ગાયો આનંદ લે છે, તેમ બહેનોએ તેમાં આનંદ લીધો.

वीलु चिद् दृल्हा पितरो न उक्थैरद्रिं रुजन्नङ्गिरसो रवेण ।
चक्रुर्दिवो बृहतो गातुमस्मे अहः स्वर्विदुः केतुमुस्राः ।।२।।

(૨) અમારા પિતૃઓએ તેમના શબ્દો વડે મજબૂત અને દઢ સ્થાનોને ભેદ્યાં હતાં; અંગિરસ્-ઋષિઓએ તેમના અવાજ વડે પર્વતને તોડયો હતો. તેમણે અમારામાં મહાન સ્વર્ગ પ્રત્યે જવાનો રસ્તો બનાવ્યો હતો; તેમણે દિવસને, દ્યુલોકને, પ્રેરણામય કિરણને અને પ્રકાશયુકત ગાયોને શોધી કાઢયાં હતાં.

दधन्नृतं धनयन्नस्य धीतिमादिदर्यो दिधिष्वो विभृत्राः ।
अतृष्यन्तीरपसो यन्त्यच्छा देवाञ् जन्म प्रयसा वर्धयन्तीः ।।३।।

(૩) તેમણે ઋતને ધારણ કર્યું હતું, તેમણે આ માનવના વિચારને સમૃદ્ધ બનાવ્યો હતો; પછી ખરેખર તેમને વિશાળ જવાળાને ધારણ કરતી બુદ્ધિ અને પ્રભુત્વ પ્રાપ્ત થયાં હતાં; આનંદ વડે જન્મને વૃદ્ધિ પમાડતી કાર્યશકિતઓ દેવો પ્રત્યે ગતિ કરે છે.

मथीद्यदीं विभृतो मातरिश्वा गृहे गृहे श्येतो जेन्यो भूत् ।
आदीं राज्ञे न सहीयसे सचा सन्ना दूत्यं भृगवाणो विवाय ।।४।।

(૪) જ્યારે વ્યાપક રીતે ધારણ કરાયેલો પ્રાણવાયુ પ્રત્યેક ઘરમાં મંથન કરે છે, ત્યારે તે શ્વેત અને વિજેતા બને છે. ખરેખર, ત્યારે તે જાજ્વલ્યમાન ઋષિ બને છે, અને અમારો સાથીદાર બનીને, ખૂબ બળવાન રાજા માટે હોય તેમ, અમારું દૂતકર્મ કરે છે.

महे यत्पित्र ईं रसं दिवे करव त्सरत्पृशन्यश्चिकित्वान् ।
सृजदस्ता धृषता दिद्युमस्मै स्वायां देवो दुहितरि त्विषिं धात् ।।५।।

(૫) જ્યારે તેણે મહાન દ્યુ-પિતા માટે આ રસ બનાવ્યો, ત્યારે જ્ઞાન-યુકત, નિકટ સ્પર્શ પામતો, તે નીચે સર્યો. બાણાવળીએ વેગપૂર્વક તેના પર વીજળીનું બાણ ફેંકયું, પણ દેવે પોતાની પુત્રીમાં જાજ્વલ્યમાન શકિતને મૂકી.

स्व आ यस्तुभ्यं दम आ विभाति नमो वा दाशादुशतो अनु द्यून् ।
वर्धो अग्ने वयो अस्य द्विबर्हा यासद्राया सरथं ये जुनासि ।।६।।

(૬) જે માણસ તારા માટે તારા પોતાના ઘરમાં પ્રકાશને પ્રગટ કરે છે અને દરરોજ સમર્પણ-નમન આપે છે, અને જેની તું કામના કરે છે, તેની તું બે પ્રકારના સમૂહમાં વૃદ્ધિ કર—જેને તું તારા રથમાં સાથે બેસાડીને વેગ-પૂર્વક ગતિ કરાવે છે, તે સમૃદ્ધિઓ સાથે યાત્રા કરો.

अग्निं विश्वा अभि पृक्षः सचन्ते समुद्रं न स्रवतः सप्त यह्वीः ।
न जामिभिर्वि चिकिते वयो नो विदा देवेषु प्रमतिं चिकित्वान् ।।७।।

(૭) જેમ સાત મહાન નદીઓ સમુદ્રને જઈને મળે છે, તેમ સર્વ સમૃદ્ધિઓ અગ્નિને ચીટકીને રહે છે. તારા સાથીદારો અમારી અસ્તિત્વની વૃદ્ધિને જાણતા નથી, પણ જાણકાર એવો તું તારું જ્ઞાન દેવોને આપ (અથવા, અમારે માટે દેવોમાં જ્ઞાનને પ્રાપ્ત કર).

आ यदिषे नृपतिं तेज आनट् छुचि रेतो निषिक्तं द्यौरभीके ।
अग्निः शर्धमनवद्यं युवानं स्वाध्यं जनयत्सूदयच्च ।।८।।

(૮) જ્યારે પ્રેરણાની શકિત માટે, માણસોના આ રાજા પાસે શકિતની જવાળા આવી, જ્યારે તેમના મિલન-સમયે તેનામાં દ્યુલોકમાં શુદ્ધ રેતસ્ (બીજ) રૂપે મૂકવામાં આવ્યો, ત્યારે અગ્નિએ દોષરહિત, યુવાન, પરિપૂર્ણ વિચારવાળા સામર્થ્યને જન્મ આપ્યો અને તેને પોતાના માર્ગમાં આગળ ધપાવ્યું. (એ સામર્થ્ય મરુદ્-ગણ હોઈ શકે, પ્રાણિક દેવોનો સમૂહ હોઈ શકે.)

मनो न योऽध्वनः सद्य एत्येकः सत्रा सूरो वस्व ईशे ।
राजाना मित्रावरुणा सुपाणी गोषु प्रियममृतं रक्षमाणा ।।९।।

(૯) મનની પેઠે વેગપૂર્વક માર્ગ પર ગતિ કરનાર સૂર્ય ધનનો એક માત્ર સ્વામી છે. સુંદર હાથવાળા મિત્ર અને વરુણ, કિરણો રૂપી ગાયોમાં, આનંદનું તથા અમૃતત્વનું રક્ષણ કરે છે.

मा नो अग्ने सख्या पित्र्याणि प्र मर्षिष्ठा अभि विदुष्कविः सन् ।
नभो न रूपं जरिमा मिनाति पुरा तस्या अभिशस्तेरधीहि ।।१०।।

(૧૦) હે અગ્નિ, તું બાપ-દાદાના વખતથી ચાલી આવતી મૈત્રીઓને ભૂલી ન જતો—તું કે જે જાણકાર ઋષિ તરીકે અમારા પ્રત્યે વલણવાળો છે. જેવી રીતે ધુમ્મસ રૂપને ઝાંખું બનાવે છે, જેમ જરા અમને ક્ષીણ કરે છે; તે હાનિ અમારા ઉપર આવી પડે, ત્યાર પહેલાં અમારા તરફ ધ્યાન આપ.

સૂકત ૭૨

नि काव्या वेधसः शश्वतस्कर्हस्ते दधानो नर्या पुरूणि ।
अग्निर्भुवद्रयिपती रयीणां सत्रा चक्राणो अमृतानि विश्वा ।।१।।

(૧) પોતાના હાથમાં દેવોનાં અનેક સામર્થ્યોને ધારણ કરતો તે અમારી અંદર સનાતન વિધાતાનાં ઋષિજ્ઞાનોનું નિર્માણ કરે છે. સદા અમર વસ્તુઓનું નિર્માણ કરતો અગ્નિ સર્વ સમૃદ્ધિઓનો ધનપતિ બનો.

अस्मे वत्सं परि षन्तं न विन्दन्निच्छन्तो विश्वे अमृता अमूराः ।
श्रमयुवः पदव्यो धियंधास्तस्थुः पदे परमे चार्वग्नेः ।।२।।

(૨) ઇચ્છા કરતા, અમર, સર્વ વિદ્વાનોને અમારામાં ચારે બાજુએ વ્યાપીને રહેલો શિશુ જડયો નહિ. તેના માર્ગ ઉપર પરિશ્રમ કરતા, વિચારને ધારણ કરતા, તેઓ પરમ ભૂમિકા પર સ્થિત થયા, તેમણે અગ્નિના સૌન્દર્યને પ્રાપ્ત કર્યું.

तिस्रो यदग्ने शरदस्त्वामिच्छुचिं घृतेन शुचयः सपर्यान् ।
नामानि चिद्दधिरे यज्ञियान्यसूदयन्त तन्वः सुजाताः ।।३।।

(૩) જ્યારે પવિત્ર એવા તેમણે, હે અગ્નિ, પવિત્ર એવા તારી ત્રણ વર્ષો સુધી પ્રકાશની સ્પષ્ટતા વડે પૂજા કરી, ત્યારે તેમણે પણ યજ્ઞનાં નામો ધારણ કર્યાં, તેમનાં શરીરો પૂર્ણ જન્મને પામ્યાં, અને તેમણે વેગપૂર્વક માર્ગમાં આગળ ગતિ કરી.

आ रोदसी बृहती वेविदानाः प्र रुद्रिया जभ्रिरे यज्ञियासः ।
विदन्मर्तो नेमधिता चिकित्वानग्निं पदे परमे तस्थिवांसम् ।।४।।

(૪) યજ્ઞના સ્વામીઓએ શોધી કાઢયું, અને વેગયુકત સામર્થ્યવાળા તેમણે વિશાળ આકાશ-પૃથ્વીને ધારણ કર્યાં. ત્યારે મર્ત્ય માનવી તેમને જાણી શકયો; અને ઊર્ધ્વમાં ગોલાર્ધને ધારણ કરવા વડે (મહાન દ્યુલોકને ધારણ કરવા વડે), તેમણે પરમ ભૂમિકા પર ઊભેલા અગ્નિને જોયો.

संजानाना उप सीदन्नभिज्ञु पत्नीवन्तो नमस्यं नमस्यन् ।
रिरिक्वांसस्तन्वः कृण्वत स्वाः सखा सख्युर्निमिषि रक्षमाणाः ।।५।।

(૫) તેને સંપૂર્ણપણે જાણતા, પત્નીઓ સાથે, તેઓ આવ્યા, તેને નમન કર્યું, પૂજ્ય એવા તેને ઘૂંટણિયે પડીને પૂજ્યો. તેની દૃષ્ટિમાં રક્ષાયેલા, મિત્રની દૃષ્ટિમાં રક્ષાયેલા મિત્ર સમાન, તેમણે પોતાની જાતને શૂન્ય કરી નાખી, અને પોતાનાં શરીરોનું નિર્માણ કર્યું.

त्रिः सप्त यद् गुह्यानि त्वे इत्पदाविदन्निहिता यज्ञियासः ।
तेभी रक्षन्ते अमृतं सजोषाः पशूञ् च स्थातॄञ्चरथं च पाहि ।।६।।

(૬) જ્યારે યજ્ઞના સ્વામીઓએ તારામાં ગૂઢ રહેલાં એકવીસ ગુહ્ય નામોને શોધી કાઢયાં, ત્યારે એકમનવાળા બનીને, તેમના વડે, તેઓ અમૃતત્વનું રક્ષણ કરે છે. સ્થાવર–જંગમનું તથા પશુઓનું તું રક્ષણ કર.

विद्वाँ अग्ने वयुनानि क्षितीनां व्यानुषक् छुरुधो जीवसे धाः ।
अन्तर्विद्वाँ अध्वनो देवयानानतन्द्रो दूतो अभवो हविर्वाट् ।।७।।

(૭) હે અગ્નિ, તું અમારા વિચારોને જાણે છે; માણસો જીવે તેટલા માટે, તું અવિચ્છિન્ન સામર્થ્યોની પરંપરાનું વિધાન કર. દેવોની મુસાફરીના માર્ગોને અંદર જાણતો એવો તું આળસરહિત દૂત બન્યો છે, આહુતિઓનું વહન કરનાર બન્યો છે.

स्वाध्यो दिव आ सप्त यह्वी रायो दुरो व्युतज्ञा अजानन् ।
विदद् गव्यं सरमा दृह्लमूर्वं येना नु कं मानुषी भोजते विट् ।।८।।

(૮) ગહન વિચારથી યુકત, ઋતને જાણનારી, દ્યુલોકની સાત મહાન નદીઓએ સમૃદ્ધિનાં દ્વારોને જાણ્યાં. સરમાએ કિરણો રૂપી ગાયોને, મજબૂત સ્થાનને, વિશાળતાને શોધી કાઢયાં, જેના વડે હવે મનુષ્ય પ્રાણી આનંદને ભોગવે છે.

आये विश्वा स्वपत्यानि तस्थुः कृण्वानासो अमृतत्वाय गातुम् ।
महना महद्भिः पृथिवी वि तस्थे माता पुत्रैरदितिर्धायसे वेः ।।९।।

(૯) તેમણે સુંદર પરિણામવાળી બધી વસ્તુઓ પર પગલાં મૂકયાં, અમૃતત્વ પ્રત્યે જવાનો માર્ગ બનાવ્યો. મહાનોની સાથે, પૃથ્વીએ મહિમા વડે વિશાળ સ્થિતિ કરી, પુત્રો સાથે અનંત માતા (અદિતિ) તેને ધારણ કરવા માટે આવી.

अधि श्रियं नि दधुश्चारुमस्मिन् दिवो यदक्षी अमृता अकृण्वन् ।
अध क्षरन्ति सिन्धवो न सृष्टाः प्र नीचीरग्ने अरुषीरजानन् ।।१०।।

(૧૦) જ્યારે અમર દેવોએ દ્યુલોકને માટે બે આંખોનું નિર્માણ કર્યું, ત્યારે તેમણે એનામાં તેજ તથા સૌન્દર્ય મૂકયું. પછી નિર્મુકત થયેલી અને વહેતી નદીઓની પેઠે, અગ્નિની રાતી ઘોડીઓ નીચાણ તરફ દોડવા લાગી અને તેમને જ્ઞાન થયું.

સૂકત ૭૩

रयिर्न यः पितृवित्तो वयोधाः सुप्रणीतिश्चिकितुषो न शासुः ।
स्योनशीरतिथिर्न प्रीणानो होतेव सद्म विधतो वि तारीत् ।।१।।

(૧) તે આપણા બળને ધારણ કરનાર, બાપ-દાદાની સમૃદ્ધિ સમાન છે; વિદ્વાનની આજ્ઞા પેઠે તેની દોરવણી પરિપૂર્ણ છે; તે ઘરમાં શયન કરતા, પ્રસન્ન થયેલા અતિથિ સમાન છે; તે હોતા સમાન છે અને પૂજા કરનારના ઘરને વૃદ્ધિ પમાડે છે.

देवो न यः सविता सत्यमन्मा क्रत्वा निपाति वृजनानि विश्वा ।
पुरुप्रशस्तो अमतिर्न सत्य आत्मेव शेवो दिधिषाय्यो भूत् ।।२।।

(૨) તે સત્ય વિચારોવાળો છે, સવિતા સમાન દિવ્ય છે, આપણાં બધાં મજબૂત સ્થાનોનું તે પોતાના સંકલ્પ વડે રક્ષણ કરે છે, તે અનેક પ્રકારે વ્યકત

કરાયેલા તેજ સમાન છે, આત્માની પેઠે તે કલ્યાણકારી છે, તે આપણો આધાર છે (અથવા, ધ્યાન કરવા યોગ્ય છે.)

देवो न यः पृथिवीं विश्वधाया उपक्षेति हितमित्रो न राजा ।
पुरःसदः शर्मसदो न वीरा अनवद्या पतिजुष्टेव नारी ।।३।।

(૩) તે વિશ્વને ધારણ કરનાર દેવ સમાન છે, કલ્યાણકારી મિત્ર રાજાની પેઠે તે પૃથ્વીમાં નિવાસ કરે છે, તે આપણા ઘરમાં આપણી આગળ બેઠેલા વીરોના સમૂહ સમાન છે, તે પતિને પ્રિય તથા દોષ-રહિત પત્ની સમાન છે.

तं त्वा नरो दम आ नित्यमिद्धमग्ने सचन्त क्षितिषु ध्रुवासु ।
अधि द्युम्नं नि दधुर्भूर्यस्मिन्भवा विश्वायुर्धरुणो रयीणाम् ।।४।।

(૪) તારા નિવાસના સ્થાયી લોકોના ઘરમાં નિત્ય પ્રજ્વલિત એવા તને, હે અગ્નિ, લોકો ચીટકી રહે છે. અંદર તેમણે પોતાનામાં મહાન પ્રકાશને સ્થાપિત કર્યો છે. તું વૈશ્વિક જીવન, સમૃદ્ધિઓનો ધારણ કરનાર બન.

वि पृक्षो अग्ने मघवानो अश्युर्वि सूरयो ददतो विश्वमायुः ।
सनेम वाजं समिथेष्वर्यो भागं देवेषु श्रवसे दधानाः ।।५।।

(૫) હે અગ્નિ, જે લોકો પ્રકાશયુકત વિદ્વાનો છે અને તને સમગ્ર જીવન અર્પણ કરે છે તેવા સમૃદ્ધિઓના સ્વામીઓ તારી સંતુષ્ટિઓના આનંદને માણો; પ્રેરણાયુકત જ્ઞાન માટે દેવોમાં અમારા ભાગને ધારણ કરતા અમે યુદ્ધોમાં શત્રુ પાસેથી ધનને જિતીએ.

ऋतस्य हि धेनवो वावशानाः स्मदूध्नीः पीपयन्त द्युभक्ताः ।
परावतः सुमतिं भिक्षमाणा वि सिन्धवः समया सस्रुरद्रिम् ।।६।।

(૬) દ્યુલોકમાં આનંદ માણતી (અથવા, દ્યુલોક વડે ભાગરૂપે સ્વીકારાયેલી), પરિપૂર્ણ આંચળવાળી, અમારી કામના કરતી, ઋતની દૂઝણી ગાયોએ તેમના દૂધ વડે અમને પોષણ આપ્યું છે. પરાત્પર પાસેથી સત્ય બુદ્ધિની ભિક્ષા માગતી નદીઓ અદ્રિ ઉપર વિશાળતાપૂર્વક રેલાઈ રહી છે.

त्वे अग्ने सुमतिं भिक्षमाणा दिवि श्रवो दधिरे यज्ञियासः ।
नक्ता य चक्रुरुषसा विरूपे कृष्णं च वर्णमरुणं च सं धुः ।।७।।

(૭) હે અગ્નિ, તારી પાસે સત્ય બુદ્ધિની ભિક્ષા માગતા, યજ્ઞના સ્વામીઓએ દ્યુલોકમાં પ્રેરણાયુકત જ્ઞાનને મૂકયું છે; તેમણે ભિન્ન ભિન્ન રૂપવાળી રાત્રિને તથા ઉષાને બનાવી, અને કાળા વર્ણને તથા લાલ રંગને મિશ્રિત કર્યા.

यान् राये मर्तान्त्सुषूदो अग्ने ते स्याम मघवानो वयं च ।
छायेव विश्वं भुवनं सिसक्ष्यापप्रिवान् रोदसी अन्तरिक्षम् ।।८।।

(૮) હે અગ્નિ, જે મર્ત્યોને તું સમૃદ્ધિ પ્રત્યે ગતિમાન કરે છે, તેમાંના અમે સમૃદ્ધિશાળી લોકો બનીએ. આકાશ-પૃથ્વીને તથા અંતરિક્ષને પરિપૂર્ણ કરતો તું સમગ્ર વિશ્વને, છાયાની પેઠે, વળગે છે.

अर्वद्भिरग्ने अर्वतो नृभिर्नॄन् वीरैर्वीरान् वनुयामा त्वोताः ।
ईशानासः पितृवित्तस्य रायो वि सूरयः शतहिमानो अश्युः ।।९।।

(૯) હે અગ્નિ, તારા વડે રક્ષાયેલા અમે અમારા અશ્વોને જિતીએ, વીરો વડે વીરોને જિતીએ. અમારા પ્રકાશયુકત વિદ્વાનો બાપદાદાના ધનના સ્વામીઓ બને, અને સો વર્ષ સુધી તેને ભોગવે.

एता ते अग्न उचथानि वेधो जुष्टानि सन्तु मनसे हृदे च ।
शकेम रायः सुधुरो यमं तेऽधि श्रवो देवभक्तं दधानाः ।।१०।।

(૧૦) હે અગ્નિ, હે વિધાતા, આ સૂકતો તને, તારા મનને તથા હૃદયને સ્વીકાર્ય બનો. દેવો વડે ભોગવાયેલા પ્રેરણાયુકત જ્ઞાનને તારામાં ધારણ કરતા અમારામાં દૃઢ ધુરા વડે તારી સમૃદ્ધિઓને કાબૂમાં રાખવાનું બળ આવો.

કુત્સ આંગિરસ

સૂક્ત ૯૪

इमं स्तोममर्हते जातवेदसे रथमिव सं महेमा मनीषया ।
भद्रा हि नः प्रमतिरस्य संसद्यग्ने सख्ये मा रिषामा वयं तव ।।१।।

(૧) સર્વજ્ઞ, અમારા અસ્તિત્વના ધર્મને જાણતા, પોતાનાં કાર્યો માટે પર્યાપ્ત એવા અગ્નિ માટે, અમારી બુદ્ધિ વડે, તેને બેસવાના રથ સમાન આ સૂક્ત રચીએ છીએ. જ્યારે તે અમારી સાથે વસે છે, ત્યારે અમારી સુખમય બુદ્ધિ કલ્યાણકારી બને છે. અમે તારી મૈત્રીને લીધે કદી હાનિને પ્રાપ્ત ન થઈએ.

यस्मै त्वमायजसे स साधत्यनर्वा क्षेति दधते सुवीर्यम् ।
स तूताव नैनमश्नोत्यंहतिरग्ने सख्ये मा रिषामा वयं तव ।।२।।

(૨) જેને માટે તું યજ્ઞનો હોતા બને છે, તે પોતાના પ્રયત્નના પરિણામ-રૂપ પરિપૂર્ણતાને પ્રાપ્ત કરે છે, અસ્તિત્વની ઊંચાઈ પર તે પોતાનું ઘર બાંધે છે, જ્યાં સંઘર્ષ કે શત્રુઓ નથી; તે પોતાનામાં ખૂબ શકિતને સ્થાપે છે, તે પોતાના બળમાં સલામત છે, અનિષ્ટ તેને હાથ અડાડી શકતું નથી. અમે તારી મૈત્રીને લીધે કદી હાનિને પ્રાપ્ત ન થઈએ.

शकेम त्वा समिधं साधया धियस्त्वे देवा हविरदन्त्याहुतम् ।
त्वमादित्याँ आ वह तान् ह्युश्मस्यग्ने सख्ये मा रिषामा वयं तव ।।३।।

(૩) અમને સંપૂર્ણપણે અગ્નિને પ્રજ્વલિત કરવાનું બળ મળો, તે અમારી બુદ્ધિઓને પરિપૂર્ણ કરો. તારે લઈને, દેવો આહુતિ રૂપે અપાયેલા હવિનું ભક્ષણ કરે છે. તું અનંત ચેતનાના પુત્રોને–આદિત્યોને લઈ આવ, અમે તેમની કામના કરીએ છીએ. હે અગ્નિ, અમે તારી મૈત્રીને લીધે કદી હાનિને પ્રાપ્ત ન થઈએ.

भरामेध्यं कृणवामा हवींषि ते चितयन्तः पर्वणापर्वणा वयम् ।
जीवातपे प्रतरं साधया धियोऽग्ने सख्ये मा रिषामा वयं तव ।।४।।

(૪) આપણે તેને માટે ઇન્ધન એકઠાં કરીએ, આપણે તેને માટે હવિઓ તૈયાર કરીએ, આપણે તેના સમયોના તથા ઋતુઓના પર્વ—ભાગોથી સભાન બનીએ. હે અગ્નિ, તું અમારી બુદ્ધિઓને એવી રીતે પરિપૂર્ણ કર કે તે અમારા અસ્તિત્વને વિસ્તૃત કરે. અમે તારી મૈત્રી વડે કદી હાનિને પ્રાપ્ત ન થઈએ.

विशां गोपा अस्य चरन्ति जन्तवो द्विपच्च यदुत चतुष्पदक्तुभिः ।
चित्रः प्रकेत उषसो महाँ अस्यग्ने सख्ये मा रिषामा वयं तव ।।५।।

(૬) આ લોકમાં તથા તેમાં રહેતાં પ્રાણીઓનો રખેવાળ છે, આ બધાં ધણોનો ભરવાડ છે; દરેક જન્મેલું પ્રાણી તેનાં કિરણો વડે ગતિ કરે છે, બધાં બેપગાંને તથા ચોપગાંને તેનાં કિરણો નિયમનમાં રાખે છે. તું અંદર ઉષાનો અનેક રૂપોવાળો, વિચારોને જાગ્રત કરતો, પ્રકાશ છે. હે અગ્નિ, તારી મૈત્રીને લીધે અમે કદી હાનિને પ્રાપ્ત ન થઈએ.

त्वमध्वर्युरुत होतासि पूर्व्यः प्रशास्ता पोता जनुषा पुरोहितः ।
विश्वा विद्वाँ आर्त्विज्या धीर पुष्यस्यग्ने सख्ये मा रिषामा वयं तव ।।६।।

(૬) તું યજ્ઞની આગેકૂચને દોરનારો અધ્વર્યુ છે, પૂર્વનો હોતા છે; તે આજ્ઞા વડે શાસન કરે છે, પાવન બનાવે છે, જન્મથી જ તે યજ્ઞમાં આગળ રહેનાર પુરોહિત છે. હે ધીર, વિદ્વાન એવો તું બધાં દિવ્ય પુરોહિતનાં કાર્યોને પૂર્ણ કરે છે—પોષે છે. હે અગ્નિ, તારી મૈત્રી વડે અમે કદી હાનિને પ્રાપ્ત ન થઈએ.

यो विश्वतः सुप्रतीकः सदृङ्ङसि दूरे चित् सन्तलिदिवाति रोचसे ।
रात्र्याश्चिदन्धो अति देव पश्यस्यग्ने सख्ये मा रिषामा वयं तव ।।७।।

(૭) આ દેવનાં મુખો સર્વત્ર છે, તે સંપૂર્ણ રીતે બધી વસ્તુઓની સન્મુખ ઊભો હોય છે. તેની પાસે આંખ અને દર્શના છે. તે દૂરથી પણ એટલો બધો જાજવલ્યમાન હોય છે કે દૂર રહેલો તે આપણને નજીક દેખાય છે. હે દેવ, તું રાત્રિના અંધકારની પાર જોઈ શકે છે. હે અગ્નિ, તારી મૈત્રી વડે અમે કદી હાનિને પ્રાપ્ત ન થઈએ.

पूर्वो देवा भवतु सुन्वतो रथोऽस्माकं शंसो अभ्यस्तु दूढ्यः ।
तदा जानीतोत पुष्यता वचोऽग्ने सख्ये मा रिषामा वयं तव ।।८।।

(૮) હે દેવો, સોમરસ કાઢતા એવો અમારો રથ હમેશાં આગળ રહો. અમારો સ્પષ્ટ બળવાન શબ્દ અનૃતનો વિચાર કરનાર સર્વ પર વિજય પ્રાપ્ત કરો. હે દેવો, અમારે માટે જાણો, અમારામાં તે ઋતને જાણો, તેને ખોળી

કાઢનાર અને ઉચ્ચરનાર વાણીમાં વૃદ્ધિ કરો. હે અગ્નિ, તારી મૈત્રી વડે અમે કદી હાનિને પ્રાપ્ત ન થઈએ.

वधैर्दु:शंसाँ अप दूढ्यो जहि दूरे वाये अन्ति वा के चिदत्रिण: ।
अथा यज्ञाय गृणते सुगं कृध्यग्ने सख्ये मा रिषामा वयं तव ।।९।।

(૯) અમારા માર્ગમાં અશુદ્ધ વાણીવાળા, લંગડાતા વિચારવાળા, અમારી શકિતનું તથા જ્ઞાનનું ભક્ષણ કરી જનારા, દૂરથી અથવા નજીકથી અમારા પર બાણોને તાકનારા શત્રુઓને પ્રહારો વડે હણીને દૂર કર. યજ્ઞ માટે સૂકતો બોલનારના માર્ગને સુગમ કર. હે અગ્નિ, તારી મૈત્રી વડે અમે કદી હાનિને પ્રાપ્ત ન થઈએ.

यदयुक्था अरुषा रोहिता रथे वातजूता वृषभस्येव ते रव: ।
आदिन्वसि वनिनो धूमकेतुनाग्ने सख्ये मा रिषामा वयं तव ।।१०।।

(૧૦) હે અગ્નિ, તારા રથને તેં પ્રકાશયુકત લાલ અશ્વો જોતર્યા છે, તારા વેગરૂપ વાયુથી તે ઝડપી ગતિ કરે છે, તું વૃષભની પેઠે ગર્જના કરે છે, તું જીવનનાં વનો પર તથા તારા માર્ગમાં અવરોધ કરતાં આનંદદાયક વૃક્ષો પર, વિચાર તથા દર્શનાથી યુકત તારા વેગના ધૂમ વડે, ધસારો કરે છે. તારી મૈત્રી વડે અમે કદી હાનિને પ્રાપ્ત ન થઈએ.

अध स्वनादुत बिभ्यु: पतत्रिणो द्रप्सा यत् ते यवसादो व्यस्थिरन् ।
सुगं तत् ते तावकेभ्यो रथेभ्योऽग्ने सख्ये मा रिषामा वयं तव ।११।।

(૧૧) તારા આવવાના અવાજથી આકાશમાં ઊડનારાં પણ ડરે છે, કારણ કે અન્નનું ભક્ષણ કરનાર તારી જ્વાળાઓ વેગપૂર્વક સર્વત્ર ફેલાઈ જાય છે. તારા રથો માટે તું માર્ગને સુગમ કરે છે. હે અગ્નિ, અમે તારી મૈત્રી વડે કદી હાનિને પ્રાપ્ત ન થઈએ.

अयं मित्रस्य वरुणस्य धायसेऽवयातां मरुतां हेलो अद्भुत: ।
मृला सु नो भूत्वेषां मन: पुनरग्ने सख्ये मा रिषामा वयं तव ।।१२।।

(૧૨) તારો આ ભય અને અવાજ શું અમારામાં અહીં અનંતની વિશુદ્ધિ તથા મિત્રના સંવાદને સ્થાપવા માટે અમારા પર ધસારો કરતા જીવનના દેવોનો અદ્‌ભુત ગુસ્સો નથી ? હે અગ્નિ, અમારા પર કૃપા કર, તેમનું મન અમારા પ્રત્યે ફરી સુખદાયક બનો. તારી મૈત્રી વડે અમે કદી હાનિને પ્રાપ્ત ન થઈએ.

देवो देवानामसि मित्रो अद्भुतो वसुर्वसूनामसि चारुरध्वरे ।
शर्मन्त्स्याम तव सप्रथस्तमेऽग्ने सख्ये मा रिषामा वयं तव ।।१३।।

(૧૩) તું દેવોનો પણ દેવ છે, કારણ કે તું પ્રેમી મિત્ર છે. ધનના સ્વામીઓમાં તું સૌથી વધારે સમૃદ્ધિશાળી છે, કારણ કે તું યાત્રામાં અને યજ્ઞમાં ખૂબ પ્રકાશમાન અને આનંદદાયક છે. ખૂબ વિશાળ અને વ્યાપક, તારાં સુખ-શાંતિમાં અમે રહીએ. હે અગ્નિ, તારી મૈત્રી વડે અમે કદી હાનિને પ્રાપ્ત ન કરીએ.

तत्ते भद्रं यत् समिद्धः स्वे दमे सोमाहुतो जरसे मृलयत्तमः ।
दधासि रत्नं द्रविणं च दाशुषेऽग्ने सख्ये मा रिषामा वयं तव ।।१४।।

(૧૪) જ્યારે ખૂબ કૃપાયુકત અને આનંદદાયક, પ્રજ્વલિત બનેલા તારી પૂજા તારા ઘરમાં સોમની આહુતિઓ વડે (આનંદયુકત વિચારો વડે) કરવામાં આવે છે, ત્યારે તે તારું કલ્યાણ-સ્વરૂપ છે. ત્યારે તું દાતામાં તારી મધુરતા તથા સમૃદ્ધિ મૂકી આપે છે. હે અગ્નિ તારી મૈત્રીને લીધે અમે કદી હાનિને પ્રાપ્ત ન કરીએ.

यस्मै त्वं सुद्रविणो ददाशोऽनागास्त्वमदिते सर्वताता ।
यं भद्रेण शवसा चोदयासि प्रजावता राधसा ते स्याम ।।१५।।

(૧૫) હે અનંત અસ્તિત્વ (અદિતિ), જેને તું સુંદર સમૃદ્ધિઓ આપે છે, તે આત્માની પાપ-રહિત વૈશ્વિકતાઓને યજ્ઞ વડે પ્રાપ્ત કરે છે. જેમને તું તારા કલ્યાણકારી પ્રકાશયુકત સામર્થ્ય વડે પ્રેરણા આપે છે, તારા આનંદની ફલરૂપ સંપત્તિઓ આપે છે, તેમાંના અમે પણ થઈએ.

स त्वमग्ने सौभगत्वस्य विद्वानस्माकमायुः प्र तिरेह देव ।
तन्नो मित्रो वरुणो मामहन्तामदितिः सिन्धुः पृथिवी उत द्यौः ।।१६।।

(૧૬) હે અગ્નિ, તું સુભગતાનો જાણકાર છે. હે દેવ, અમારા જીવનને અહીં દીર્ઘ બનાવ, ઉત્કૃષ્ટ બનાવ. મિત્ર, વરુણ, અદિતિ, સિંધુ, પૃથ્વી દ્યુલોક અમારે માટે મહત્તાને પ્રાપ્ત કરો.

સૂકત ૯૭

अप नः शोशुचदघमग्ने शुशुग्ध्या रयिम् । अप नः शोशुचदघम् ।।१।।

(૧) હે અગ્નિ, અમારા પાપને બાળી નાખ, અમારે માટે સમૃદ્ધિને પ્રજ્વલિત કર. અમારામાંથી પાપને બાળી નાખ.

सुक्षेत्रिया सुगातुया वसूया च यजामहे । अप नः शोशचदघम् ।।२।।

(૨) સુંદર ક્ષેત્રમાં જવા માટેના સુખમય માર્ગ માટે, ખૂબ સમૃદ્ધ ખજાના માટે અમે યજ્ઞ કરીએ છીએ. અમારા પાપને બાળી નાખ.

प्र यद् भन्दिष्ठ एषां प्रास्माकासश्च सूरयः । अप नः शोशुचदघम् ।।३।।

(૩) આ દેવોમાંનો સૌથી સુખદાયક દેવ અમારામાં પ્રગટે, અમારા વિચારોમાં ઋષિઓ જન્મે, તેટલા માટે અમારાં પાપ બાળી નાખ.

प्र यत्ते अग्ने सूरयो जायेमहि प्र ते वयम् । अप नः शोशुचदघम् ।।४।।

(૪) હે દિવ્ય જવળા તારા ઋષિઓ અમે બનીએ, તારા બનીને અમે નવ-જન્મ પામીએ, તેટલા માટે અમારાં પાપ બાળી નાખ.

प्र यदग्नेः सहस्वतो विश्वतो यन्ति भानवः । अप नः शोशुचदघम् ।।५।।

(૫) અગ્નિના સામર્થ્યનાં જાજવલ્યમાન કિરણો સર્વત્ર ચારે બાજુએ પ્રસરી જાય છે. તે અમારાં પાપને બાળી નાખો.

त्वं हि विश्वतोमुख विश्वतः परिभूरसि । अप नः शोशुचदघम् ।।६।।

(૬) હે સર્વત્ર મુખવાળા દેવ, તારા અસ્તિત્વ વડે તું અમને ચારે બાજુએ વ્યાપીને રહ્યો છે. અમારા પાપને બાળી નાખ.

द्विषो नो विश्वतोमुखाति नावेव पारय । अप नः शोशुचदघम् ।।७।।

(૭) હે સર્વત્ર મુખવાળા, અમારા શત્રુઓથી તું, નૌકામાં હોય તેમ, અમને સલામત પાર લઈ જા. અમારા પાપને બાળી નાખ.

स नः सिन्धुमिव नावयाति पर्षा स्वस्तये । अप नः शोशुचदघम् ।।८।।

(૮) જાણે નૌકા વડે સિંધુને પાર કરીએ તેમ તું અમને સલામત રીતે તારા આનંદ પ્રત્યે પાર લઈ જા. અમારાં પાપને બાળી નાખ.

પરુચ્છેપ દૈવોદાસિ

સૂક્ત ૧૨૭

अग्निं होतारं मन्ये दास्वन्तं
वसुं सूनुं सहसो जातवेदसं विप्रं न जातवेदसम् ।

य ऊर्ध्वया स्वध्वरो देवो देवाच्या कृपा ।
घृतस्य विभ्राष्टिमनु वष्टि शोचिषा जुह्वानस्य सर्पिषः ।।१।।

(૧) હોતા, સમૃદ્ધિને આપનાર, બળના પુત્ર, સર્વ જન્મેલી વસ્તુઓને જાણનાર, વિપ્ર—પ્રકાશયુકત ઋષિ સમાન, અગ્નિનું હું ધ્યાન કરું છું. તે યાત્રાયજ્ઞમાં પરિપૂર્ણ છે; તે ઊર્ધ્વીકૃત, દેવો પ્રત્યે જતી, ઉત્કંટ જવાળા વડે આહુતિ રૂપે અપાયેલા ઘૃતના (પ્રકાશના) તેજની—તેના પ્રવાહની કામના કરે છે.

यजिष्ठं त्वा यजमाना हुवेम
ज्येष्ठमङ्गिरसां विप्र मन्मभिर्विप्रेभिः शुक्र मन्मभिः ।

परिज्मानमिव द्यां होतारं चर्षणीनाम् ।
शोचिष्केशं वृषणं यमिमा विशः प्रावन्तु जूतये विशः ।।२।।

(૨) યજન કરતા અમે યજ્ઞ માટે ખૂબ શકિતશાળી, અંગિરસોમાં સૌથી મોટા, પ્રકાશયુકત તને બોલાવીએ છીએ; હે પ્રકાશયુકત તેજસ્વી અગ્નિ, અમારા પ્રકાશયુકત વિચારો વડે અમે તને બોલાવીએ છીએ. દ્યુલોકની પેઠે સર્વ-વ્યાપક મનુષ્યોના હોતા, જાજવલ્યમાન પ્રકાશરૂપ કેશવાળા, સામર્થ્યશાળી વૃષભ-રૂપ અગ્નિને બોલાવીએ છીએ, જેની મનુષ્યો વેગ માટે ઇચ્છા—કામના કરે છે.

स हि पुरू चिदोजसा विरुक्मता
दीद्यानो भवति द्रुहंतरः परशुर्न द्रुहंतरः ।

वीलु चिद्यस्य समृतौ श्रुवद्वनेव यत्स्थिरम् ।
निष्षहमाणो यमते नायते धन्वासहा नायते ।।३।।

(૩) વિશાળતાપૂર્વક પ્રકાશતા તેજ વડે અનેક વસ્તુઓને પ્રકાશિત કરતો, તે અમને હાનિ કરનાર તત્ત્વોને કુહાડીની પેઠે કાપી નાખે છે. તેના પ્રહાર આગળ મજબૂત વસ્તુ પણ વૃક્ષોની પેઠે કપાઈને નીચે પડે છે. ધનુર્ધારી યોદ્ધાઓની પેઠે, તે સર્વને ઊથલાવી નાખતો આગળ વધે છે, પાછો પડતો નથી.

दृल्हा चिदस्मा अनु दुर्यथा विदे
तेजिष्ठाभिररणिभिर्दाष्टचवसेऽग्नये दाष्टचवसे ।

प्र यः पुरूणि गाहते तक्षद् वनेव शोचिषा ।
स्थिरा चिदन्ना नि रिणात्योजसा नि स्थिराणि चिदोजसा ।।४।।

(૪) જ્ઞાનીને આપે તેમ સ્થિર વસ્તુઓ પણ લોકો તેને આપે છે. તે રક્ષણ કરે, ખૂબ તેજસ્વી ગતિ-શકિતઓ વડે રક્ષણ કરે, તેટલા માટે લોકો અગ્નિને સ્થિર વસ્તુઓ પણ આપે છે. અનેક વસ્તુઓમાં પ્રવેશ કરીને, તેમને તે પોતાના તેજ વડે, વૃક્ષોની પેઠે કાપી નાખે છે; તે પોતાનાં તેજ વડે સ્થિર વસ્તુઓને પણ પોતાનું અન્ન બનાવી દઈને તેમનો નાશ કરે છે.

तमस्य पृक्षमुपरासु धीमहि
नक्तं यः सुदर्शतरौ दिवातरादप्रायुषे दिवातरात् ।

आदस्यायुर्ग्रभणवद् वीलु शर्म न सूनवे ।
भक्तमभक्तमवो व्यन्तो अजरा अग्नयो व्यन्तो अजराः ।।५।।

(૫) અમે ઉપલી ભૂમિકાઓ પર તેની પૂર્ણતાનું ધ્યાન કરીએ છીએ (અથવા, ધારણ કરીએ છીએ.) દિવસ કરતાં રાત્રે તે વધારે સુંદર પ્રકાશવાળો છે, કારણ કે તેનું જીવન ત્યારે પણ ચાલી જતું નથી. ત્યારે દૃઢ મકાન જેમ પુત્રને આશ્રય આપે, તેમ તેનું જીવન અમને રક્ષે છે અને ટકાવે છે. તેના અજર અગ્નિ આ ભોગવેલા તેમ જ નહિ ભોગવેલા સુખ પ્રત્યે ગતિ કરે છે.

स हि शर्धो न मारुतं तुविष्वणि-
रप्नस्वतीषूर्वरास्विष्टनिरार्तनास्विष्टनिः ।

आदद्धव्यान्यादर्दिर्यज्ञस्य केतुरर्हणा ।
अध स्मास्य हर्षतो
हृषीवतो विश्वे जुषन्त पन्थां नरः शुभे न पन्थाम् ।।६।।

(૬) આપણા પરિશ્રમથી પૂર્ણ ફળરૂપ પ્રદેશો પર તથા અફળરૂપ પ્રદેશો

પર વેગપૂર્વક વાતા, તુફાન—વાયુઓના સમૂહની પેઠે[1] અનેક અવાજો કરતો, તે આપણાં હવ્યોનું ભક્ષણ કરે છે; યજ્ઞની—તેના સત્ય કાર્યની તે પ્રેરણાચક્ષુ છે. એટલે આનંદપૂર્ણ તથા આનંદદાયક અગ્નિને માર્ગે બધા માણસો, સુખ તરફ લઈ જતા માર્ગની પેઠે, અનુસરે છે.

द्विता यदीं किस्तासो अभिद्यवो
नमस्यन्त उपवोचन्त भृगवो मथ्नन्तो दाशा भृगवः ।

अग्निरीशे वसूनां शुचिर्यो धर्णिरेषाम् ।
प्रियाँ अपिधींर्वनिषीष्ट मेधिर आ वनिषीष्ट मेधिरः ॥७॥

(૭) જ્યારે પ્રકાશયુકત સૂકતકારો, નમન કરતા તથા સ્તોત્રો ગાતા ભૃગુઓ (જ્વાળામય ઋષિઓ) પૂજા વડે તેનું મથન કરીને તેને પ્રગટ કરે છે, ત્યારે અગ્નિ સમૃદ્ધિઓનો સ્વામી બને છે, જે વિશુદ્ધ રૂપે તેમને પોતાની અંદર ધારણ કરે છે. જ્ઞાનયુકત તે તેને અર્પણ થયેલી પ્રિય વસ્તુઓનો ઉપભોગ કરે છે, તેમના આનંદને માણે છે.

विश्वासां त्वा विशां पतिं हवामहे
सर्वासां समानं दम्पतिं भुजे सत्यगिर्वाहसं भुजे ।

अतिथिं मानुषाणां पितुर्न यस्यासया ।
अमी च विश्वे अमृतास आ वयो हव्या देवेष्वा वयः ॥८॥

(૮) સર્વ મનુષ્યોના—પ્રાણીઓના પતિ, ઉપભોગ માટે સર્વ પ્રાણીઓનાં ઘરોનો સમાન પતિ, ઉપભોગ માટે સત્ય શબ્દને વહન કરનાર, મનુષ્યોના અતિથિ—જેની હાજરીમાં બધા અમર દેવો, પિતાની હાજરીમાં હોય તે પ્રમાણે ઊભા રહે છે અને અમારાં હવ્યોનું ભક્ષણ કરે છે.

त्वमग्ने सहसा सहन्तमः
शुष्मिन्तमो जायसे देवतातये रयिर्न देवतातये ।

शुष्मिन्तमो हि ते मदो द्युम्निन्तम उत क्रतुः ।
अध स्मा ते परि चरन्त्यजर श्रुष्टीवानो नाजर ॥९॥

(૯) હે અગ્નિ, તું ખૂબ અપ્રતિધર્ષ્ય બળવાળો છે. દેવોના જન્મ માટે, ખૂબ શકિતશાળી એવો તું પ્રગટ થયો છે, જાણે દેવોના જન્મ માટે તું સમૃદ્ધિ-

---

૧. આધ્યાત્મિક અર્થમાં, તે ફળરૂપ બનાવતી વૃષ્ટિઓ સાથે, આપણા ખેડેલા તથા બિન-ખેતીલાયક પ્રદેશો પર વાતી—ગતિ કરતી જીવન-શકિતઓનો સમૂહ છે.

રૂપ ન હોય! તારો આનંદ વધારેમાં વધારે વેગવાળો છે, તારો સંકલ્પ વધારેમાં વધારે પ્રકાશયુકત છે. હે અજર અગ્નિ, તારો શબ્દ સાંભળનાર ઋષિઓ તારી પરિચર્યા (સેવા) કરે છે—સેવા કરે છે.

प्र वो महे सहसा सहस्वत
उषर्बुधे पशुषे नाग्नये स्तोमो बभूत्यग्नये ।
प्रति यदीं हविष्मान् विश्वासु क्षासु जोगुवे ।
अग्रे रेभो न जरत ऋषूणां जूर्णिर्होत ऋषूणाम् ।।१०।।

(૧૦) તમારી સ્તુતિ મહાન, બળવાન, ઉષા-સમયે જાગનાર, દર્શનાયુકત ઋષિ સમાન, અગ્નિ માટે ઉચ્ચારાઓ. જ્યારે હવિઓથી યુકત યજમાન બધી ભૂમિકાઓ ઉપર તેના પ્રત્યે મંત્ર ઉચ્ચારે છે, ત્યારે જ્ઞાની ઋષિઓની આગળ તે અમારા મંત્ર ઉચ્ચારે છે, તે પ્રેરણા આપનાર હોતા જ્ઞાની ઋષિઓ આગળ તેમના મંત્રને ઉચ્ચારે છે.

स नो नेदिष्ठं ददृशान आ भराग्ने
देवेभिः सचनाः सुचेतुना महो रायः सुचेतुना ।
महि शविष्ठ नस्कृधि संचक्षे भुजे अस्यै ।
महि स्तोतृभ्यो मघवन्त्सुवीर्यं मथीरूग्रो न शवसा ।।११।।

(૧૧) હે અગ્નિ, દૃષ્ટિગોચર બનીને, ખૂબ નિકટ આવીને, તારી પરિપૂર્ણ ચેતના વડે, દેવો સાથે હમેશાં રહેનારી, મહાન સમૃદ્ધિઓને લઈ આવ. હે ખૂબ શકિતશાળી અગ્નિ, અમારી દર્શના માટે તથા ઉપભોગ માટે મહાન વસ્તુનું સર્જન કર. હે સમૃદ્ધિશાળી અગ્નિ, તારી સ્તુતિ કરનારાઓ માટે, ઉગ્ર દેવની પેઠે, તારા બળ વડે સુંદર વીર્યને મથન કરીને પેદા કર.

દીર્ઘતમસ્ ઔચથ્ય

સૂક્ત ૧૪૦

वेदिषदे प्रियधामाय सुद्युते धासिमिव प्र भरा योनिमग्नये ।
वस्त्रेणेव वासया मन्मना शुचिं ज्योतीरथं शुक्रवर्णं तमोहनम् ।।१।।

(૧) વેદિ ઉપર બેસનાર, આનંદરૂપ ધામવાળા, સુંદર પ્રકાશવાળા, અગ્નિ માટે સ્થિર આસન સમાન યોનિને તૈયાર કરો. અંધકારને હણનાર, વિશુદ્ધ, જ્યોતિરૂપી રથવાળા, શ્વેત પ્રકાશમાન વર્ણવાળા, અગ્નિને વસ્ત્ર સમાન વિચાર પહેરાવો—વસ્ત્ર સમાન વિચાર વડે તેને આવૃત કરો.

अभि द्विजन्मा त्रिवृदन्नमृज्यते संवत्सरे वावृध जग्धमी पुनः ।
अन्यस्यासा जिह्वया जेन्यो वृषा न्यन्येन वनिनो मृष्ट वारणः ।।२।।

(૨) બે વખત જન્મેલો અગ્નિ તેના ત્રિવિધ અન્ન પ્રત્યે ગતિ કરે છે; તે ખવાઈ ગયેલું હોવા છતાં એક વર્ષમાં તે ફરી ઊગ્યું છે, એકની જીભ તથા મુખ વડે, તે વિજયી વૃષભ ઉપભોગ કરે છે; બીજા વડે તે વ્યાપી જઈને પોતાની પ્રિય વસ્તુઓને ભેટે છે—આલિંગે છે.

कृष्णप्रुतो वेविजे अस्य सक्षिता उभा तरेते अभि मातरा शिशुम् ।
प्राचाजिह्वं ध्वसयन्तं तृषुच्युतमा साच्यं कुपयं वर्धनं पितुः ।।३।।

(૩) સમાન નિવાસ-સ્થાનમાં, તેની બંને માતાઓને તેમના કૃષ્ણવર્ણા માર્ગમાં ગતિ કરવાનું બળ તે આપે છે, અને બંને માતાઓ ઊંચી કરાયેલી જીભવાળા, વિનાશ કરતા, બળપૂર્વક વસ્તુઓને નીચે ફેંકી દેતા, સમાગમ કરવા યોગ્ય, પિતાની વૃદ્ધિ કરનારા, બાળક પ્રત્યે, ગતિ કરે છે. [૧]

---

૧. સમજૂતી: ભૌતિક વિશ્વમાં સાથે રહેતાં આકાશ-પૃથ્વી, એક જ શરીરમાં સાથે રહેતાં મન-શરીર અવિદ્યાના અંધકારમાં ગતિ કરે છે. તેમનાં કાર્યો વડે જન્મેલા—પ્રગટેલા દિવ્ય શકિતરૂપ શિશુનું (અગ્નિનું) અનુસરણ કરવાથી, તે તેની ઉપર થઈને ચાલ્યાં જાય છે. કુપ્ય નો અર્થ શંકાસ્પદ છે. પિતા તે ઉચ્ચતર આધ્યાત્મિક અસ્તિત્વનો—દ્યુલોકનો પુરુષ છે.

मुमुक्ष्वो मनवे मानवस्यते रघुद्रुवः कृष्णसीतास ऊ जुवः ।
असमना अजिरासो रघुष्यदो वातजूता उप युज्यन्त आशवः ।।४।।

(૪) માનવ બનતા વિચારક માટે, તેના કૃષ્ણ તથા શ્વેત, વેગયુકત આવેગો મુકિતની કામના કરે છે. સક્રિય, ઝડપી, સ્પંદન કરતા, તેમને વેગીલા અશ્વોની પેઠે કાર્યોમાં જોતરવામાં આવે છે, અને વાયુ (પ્રાણ) તેમને ધક્કેલે છે.

आदस्य ते ध्वसयन्तो वृथेरते कृष्णमभ्वं महि वर्पः करिक्रतः ।
यत् सीं महीमवनिं प्राभि मर्मृशदभिश्वसन् स्तनयन्नेति नानदत् ।।५।।

(૫) તેના કાળા સઘન અસ્તિત્વનું તથા પ્રકાશમય બળવાન રૂપનું સર્જન કરતા, ધ્વંસ કરતા, તેઓ, રમતમાં હોય તેમ, આગળ વધે છે. જ્યારે તે મહાન વિશાળ અસ્તિત્વનો સ્પર્શ કરે છે, ત્યારે તે હાંફતો હાંફતો, ગર્જન કરતો આગળ વધે છે અને મોટેથી ગર્જે છે.

भूषन् न योऽधि बभ्रूषु नम्नते वृषेव पत्नीरभ्येति रोरुवत् ।
ओजायमानस्तन्वश्च शुम्भते भीमो न शृंगा दविधाव दुर्गृभिः ।।६।।

(૬) જ્યારે તે ભૂખરી ગાયોમાં (अरुणिमां, મર્ત્ય મનમાં આવતા પ્રકાશોમાં) પહોંચે છે, ત્યારે તે નીચે નમીને, પત્નીઓ પ્રત્યે ગતિ કરતા વૃષભની પેઠે, ગર્જના કરે છે; પોતાની શકિતનાં તેજ પ્રગટ કરતો તે તેમનાં શરીરોને આનંદ આપે છે, અને ભયંકર, ન પકડી શકાય તેવા, પશુની પેઠે શીંગડાં ઉછાળે છે.

स संस्तिरो विष्टिरः सं गृभायति जानन्नेव जानतीर्नित्य आ शये ।
पुनर्वर्धन्ते अपि यन्ति देव्यमन्यद् वर्पः पित्रोः कृण्वते सचा ।।७।।

(૭) સંકોચાઈને તથા વિસ્તૃત બનીને, જ્ઞાનવાળા, સનાતન અગ્નિ તેમને પકડે છે અને પરિચિત એવી તેમની સાથે શયન કરે છે (તેમને ભોગવે છે). પછી તેઓ ફરીને વૃદ્ધિ પ્રાપ્ત કરે છે અને દિવ્ય સ્થિતિને પ્રાપ્ત કરે છે. ભેગાં મળીને (સમાગમ કરીને) તેઓ માતા-પિતાના બીજા રૂપનું નિર્માણ કરે છે.

तमग्रुवः केशिनीः सं हि रेभिर ऊर्ध्वास्तस्थुर्मम्रुषीः प्रायवे पुनः ।
तासां जरां प्रमुञ्चन्नति नानददसुं परं जनयञ्ञ् जीवमस्तृतम् ।।८।।

(૮) ઊડતા પ્રકાશયુકત કેશવાળી તેઓ તેનાથી પરિપૂર્ણ આનંદને ભોગવે છે. લગભગ નિર્જીવ થઈ ગયેલી તેઓ, તેના આવવાથી, ફરી પાછી ટટાર ઊભી રહે છે; તે તેમની જરાને દૂર કરે છે, અને નિનાદ કરતો તે તેમની પ્રત્યે ગતિ કરે છે, તે પરમ શકિત અને અજેય જીવનનું સર્જન કરે છે.

अधीवासं परि मातू रिहन्नह तुविग्रेभिः सत्त्वभिर्याति वि ज्रयः ।
वयो दधत् पद्वते रेरिहत् सदाऽनु श्येनी सचते वर्तनीरिह ।।९।।

(૯) બીજાને સંતાડતા માતાના વસ્ત્રને ચીરી નાખતો, તે શકિતને પ્રગટ કરતાં-વિશુદ્ધ અસ્તિત્વનાં પ્રાણીઓ સાથે આનંદ પ્રત્યે ગતિ કરે છે; યાત્રી માટે તે લક્ષ્ય પર બળજબરીથી પહોંચી જાય છે; શકરા-બાજની પેઠે વેગયુકત હોવા છતાં તે પોતાના માર્ગોને વળગી રહે છે.

अस्माकमग्ने मघवत्सु दीदिह्यध श्वसीवान् वृषभो दमूनाः ।
अवास्या शिशुमतीरदीदेर्वर्मेव युत्सु परिजर्भुराणः ।।१०।।

(૧૦) હે અગ્નિ, ધનયુકત અમારામાં પ્રબળતાપૂર્વક પ્રકાશ-પ્રજ્વલિત બન, હવેથી બળવાન સ્વામી બન અને બહેનો સાથે અમારામાં નિવાસ કર.[1] બાલિશ મનવાળાઓને દૂર ફેંકી દઈને, યુદ્ધોમાં બખ્તર સમાન તું અમને વ્યાપ્ત કરીને પ્રજ્વલિત બન.

इदमग्ने सुधितं दुर्धितादधि प्रियादु चिन्मन्मनः प्रेयो अस्तु ते ।
यत्ते शुक्रं तन्वो रोचते शुचि तेनास्मभ्यं वनसे रत्नमा त्वम् ।।११।।

(૧૧) હે અગ્નિ, આ સૂકત સારી રીતે રચાયેલું છે, ખરાબ રીતે રચાયેલા સૂકત કરતાં વધારે સારું છે, તે તને પ્રિય વિચારવાળા સૂકત કરતાં પણ વધારે પ્રિય બનો. તારા શરીરમાંથી જે પવિત્ર તેજ પ્રકાશે છે, તેના વડે તું અમારે માટે આનંદને જીતી લાવે છે.

रथाय नावमुत नो गृहाय नित्यारित्रां पद्वतीं रास्यग्ने ।
अस्माक वीराँ उत नो मघोनो जनाँश्च या पारयाच्छर्म या च ।।१२।।

(૧૨) હે અગ્નિ, તું રથ માટે તથા ઘર માટે અમને નૌકા આપે છે, જે સદા આગેકૂચ કરતી રહે છે, જે અમારા બળવાન પરિપૂર્ણ આત્માઓને જન્મોની પેલે પાર લઈ જશે અને શાન્તિ પ્રાપ્ત કરાવશે.

अभी नो अग्न उक्थमिज्जुगुर्या द्यावाक्षामा सिन्धवश्च स्वगूर्ताः ।
गव्यं यव्यं यन्तो दीर्घाहेषं वरमरुण्यो वरन्त ।।१३।।

(૧૩) હે અગ્નિ, અમારા સૂકતને આધાર-શિલા બનાવીને તું અમારે માટે દ્યુલોકને; પૃથ્વીને તથા આત્મ-પ્રગટ નદીઓને પ્રકાશિત કર. રાતી (ગાયો) જ્ઞાનને, બળને, પ્રકાશયુકત લાંબા દિવસોને પ્રાપ્ત કરો; તે શકિતને તથા પરમ કલ્યાણરૂપી વરને વરો.

---

૧. શ્વસી ગ્રીક ભાષામાં kasis (કેસિસ) છે. શ્વસૃ પ્રાચીન શબ્દ છે, તેનો અર્થ પત્ની અથવા બહેન થાય છે. તેથી તેને વૃષભ સાથે વાપરવામાં આવ્યો છે.